વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૮મું
એપ્રિલ - ૨૦૨૩
અંક : ૫૩૯

મંગલ મંદિર ● માર્ચ-૨૦૨૩ ● ૧
(કુલ પાના : ૨૫૨)


શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

2023

૬૦

## ષષ્ઠી પૂર્તિ વર્ષ


: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005

Email : kjssmangalmandir@gmail.com • website : www.kutchijainahd.org

● શુભેચ્છા સહ ●



**પ્રભુલાલ એમ. સંઘવી**

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

**Stainless Steel Re-Rollers**

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

*Bharat B. Gala*
M. : 93270 05460

SHREE **Raju** ENTERPRISE

RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in



**SKYBLUE STATIONERY MART**

EVERY THING THAT YOU THINK

**South Bopal :** 35, Gala Magnus, Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara :** GF Shop No. 26, Maple Trade Centre, SAL Hospital Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



**ફ્યુઝન કિડની કેર પ્રા. લી.** FUSION KIDNEY INSTITUTE *Full UroNephro Solutions*



**ડો.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦ ,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

● શુભેચ્છા સહ ●



**અનિલ પાસુભાઈ શાહ નંદ**

૮૯, યોગેશ્વરનગર સોસાયટી,
અંજલી ચાર રસ્તા, ભટ્ટા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. ૯૪૨૬૦ ૫૫૪૪૮, ૯૩૨૭૦ ૬૩૩૫૫


સાચા સંબંધને તોડવાની ભૂલ ના કરતા,
ઝાડ પરથી તૂટેલા પાંદડા ફરીથી
લીલા નહીં થાય.



સૌંદર્યનું આયુષ્ય માત્ર જુવાની સુધી
અને ગુણોનું આયુષ્ય આજીવન
સુધી સાથે રહે છે.



# શ્રી કચ્છી જૈન સેવા સમાજને ષષ્ઠી પૂર્તિ વર્ષ નિમિત્તે

## સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

## હાર્દિક શુભેચ્છાઓ

ન આવે કદી તને દુઃખ
તેવો હું ચાર બની જાઉં
તારી આંખમાં આવે આંસુ તો,
લૂછવા રૂમાલ બની જાઉં

લાગણી છલકાય જેની વાતમાં,
એક બે જણ હોય એવા લાખમાં
શબ્દ સમજે એ સગા,
મન સમજે એ મિત્ર

**સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર**

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

# 'નવનીત'નાં જનરલ નૉલેજ માટેનાં પ્રકાશનો




શૈક્ષણિક, વૈજ્ઞાનિક, વ્યાપારિક, રાજકીય, માનવીય, શારીરિક, માનસિક, બૌદ્ધિક, વ્યાવસાયિક, સ્વાસ્થ્યલક્ષી, વાસ્તુલક્ષી, ખેચર-ભૂચર-જળચર, પશુ-પંખી-જીવ-જંતુ-કીટાણુ, વાનસ્પતિક, જૈવિક, ભૌગોલિક, ખગોળીય, બ્રહ્માંડીય/વૈશ્વિક–તમામ વિષયો માટે "ગાગરમાં સાગર' સમાં ને જ્ઞાનના ખજાના જેવાં આ પ્રકાશનો દરેક ઘરમાં અવશ્ય હોવાં જ જોઈએ. આજે જ વસાવી લેશો. આબાલ-વૃદ્ધ સૌ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે !

દરેક બુકસેલરને ત્યાં મળે છે.

NAVNEET

# "મંગલ મંદિર"

## આ વિશેષાંકના દાતાશ્રીઓ

• સૌજન્ય •

**નવનીત પબ્લિકેશન લિમિટેડ**

**અમદાવાદ / મુંબઈ**

• શુભેચ્છક •

**ગૂર્જર પ્રકાશન / ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**અમદાવાદ**

**મંજુલાબેન હરખચંદ સાવલા**

**ગાંધીનગર**

• સહ શુભેચ્છક •

**ગાર્ગીબેન વસાવડા, આયુર્વેદ વૈદ્ય – અમદાવાદ**

# "મંગલ મંદિર"

## એપ્રિલ-૨૦૨૩ ● વિશેષાંક

## આ અંકમાં....

*પાના નં.*


- 'મંગલ મંદિર' વિશેષાંક : સૌજન્ય દાતાશ્રીઓ ........ ૫
- શુભેચ્છા સંદેશ ........ ૭ – ૧૯
- 'મંગલ મંદિર' માસિકના જાહેરાતના દરો ........ ૨૦
- 'મંગલ મંદિર'નું લવાજમ ........ ૨૦
- અનુક્રમણિકા ........ ૨૫ – ૨૭
- તંત્રી લેખ ........ ૨૮
- સંપુટ-૧ ........ ૩૦ – ૧૪૯
- સંપુટ-૨ ........ ૧૫૧ – ૨૨૪
- સંપુટ-૩ ........ ૨૨૫ – ૨૪૮

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શુભેચ્છા સંદેશાઓ



**ભૂપેન્દ્ર પટેલ**

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા. ૨૮/૦૨/૨૦૨૩

*સસ્નેહ નમસ્કાર.*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેની સ્થાપનાના ષષ્ઠીપૂર્તિ અવસરની ઉજવણી અનુસંધાને ગત, ૬૦ વર્ષમાં થયેલ કામગીરી દર્શાવતો પત્ર મળ્યો.

જાણીને આનંદ થયો કે સંસ્થાએ સેવા તથા સહયોગની સફરમાં અમદાવાદ શહેરમાં આરોગ્યલક્ષી સેવા અને આવાસ યોજના જેવી સગવડો ઊભી કરવામાં, જન સામાન્યને ઉપયોગી એવી પ્રવૃત્તિઓને પ્રાધાન્ય આપ્યું છે. સ્થાપનાના ઉદ્દેશ્યને અનુસરતા રહી આપની રાહબરી નીચે **શ્રી કચ્છી જૈન સેવા સમાજ,** તેના માસિક મુખપત્ર **મંગલ મંદિર**ને ખૂબ જ પ્રેરક સ્વરૂપમાં પ્રગટ કરે તેવી શુભકામના પાઠવું છું.

આપનો,

(ભૂપેન્દ્ર પટેલ)

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

**DR. NIMABEN ACHARYA**
(M.D., D.G.O.)
**Ex. Speaker - Gujarat Legislative Assembly**
**Ex. M.L.A., Gujarat**

Navjivan Hospital, Plot No. 267, Ward 12-B,
Gandhidham, Kutch - 370201, Gujarat.
Mob: 9825226700
Email: drnimabenacharyabjp@gmail.com

તા. ૨૮/૦૨/૨૦૨૩

## શુભેચ્છા સંદેશ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેની સ્થાપનાના ૬૦ વર્ષ પૂર્ણ કરી ૬૧મા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે તે જાણી ખૂબ જ ખુશીની લાગણી અનુભવું છું.

સંસ્થા વર્ષોથી સામાજિક, લોક કલ્યાણના કાર્યો કરે છે. હું સંસ્થાની દરેક પ્રવૃત્તિથી સંપૂર્ણ જ્ઞાત છું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા મેડિકલ સેન્ટર, મેડિકલ ચેક-અપ સેન્ટર, સાંસ્કૃતિક સેન્ટર, અતિથિ ભવન, સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર તેમજ કચ્છથી આવતા દર્દીઓના સગા સંબંધીઓને રહેવા માટેની સગવડ જેવા ઉમદા કાર્યો કરવામાં આવે છે જે ખૂબ જ સરાહનીય છે. સંસ્થા દ્વારા કિડનીના દર્દીઓ માટે ડાયાલિસિસ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે જેનાથી જરૂરતમંદ દર્દીઓને ખૂબ જ ફાયદો થાય છે.

આ અનેરા પ્રસંગને વધુ ઉજાગર કરવા સંસ્થા દ્વારા એક અંક "મંગલ મંદિર" સ્વરૂપે બહાર પાડી રહ્યા છો તે જાણી આનંદની લાગણી અનુભવી. કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહેલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સૌ હોદેદારો, કાર્યકરોને મારી શુભેચ્છા પાઠવી કાર્યક્રમની સફળતા ઇચ્છું છું.

**ડૉ. નીમા આચાર્ય**
**પૂર્વ અધ્યક્ષ - ગુજરાત વિધાનસભા**
**પૂર્વ ધારાસભ્ય – ભુજ (કચ્છ)**

**પ્રદ્યુમનસિંહ એમ. જાડેજા**
(ધારાસભ્યશ્રી, ૧-અબડાસા)
વિધાનસભા-ગુજરાત સરકાર
મો. ૯૪૨૭૭ ૬૭૦૦૭
http://pmjadeja.com

विधानसभा
गुजरात

**Pradhyumansinh M. Jadeja**
(M.L.A. 1-Abdasa)
Leg. Assembly, Gov. of Gujarat
M. 94277 67007
E-Mail : pmjadeja7007@gmail.com

*તા. ૦૭/૦૩/૨૦૨૩*

## શુભેચ્છા સંદેશ

*સ્નેહી શ્રી,*

સહવિનય જણાવવાનું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની માનવસેવાની યાત્રા આ વર્ષે ૬૦ વર્ષ પૂર્ણ કરી ૬૧મા વર્ષમાં મંગળ પ્રવેશ કરી તેની આખું વર્ષ ષષ્ઠીપૂર્તિ તરીકેની ઉજવણી કરવા જઈ રહી છે તે જાણીને હર્ષોલ્લાસની લાગણી અનુભવી રહ્યો છું.

આ સંસ્થા જ્ઞાતિગત સંસ્થા હોવા છતાં તેનો ઉદ્દેશ અને ધ્યેય હંમેશાં ભારતભરના જન સમુદાયને લક્ષમાં રાખીને સતત માનવ સેવાનાં કાર્યો થકી વિકાસ કરવાનો રહ્યો છે. આ સંસ્થા સાથે અને તેના ટ્રસ્ટીઓ સાથે હું સહૃદય સતત જોડાયેલો છું. આ સંસ્થાના સેવાકીય કાર્યક્રમોમાં પણ મેં હંમેશાં ઉત્સાહ - ઉમંગના દર્શન કર્યા છે.

સંસ્થા આ વર્ષે ષષ્ઠીપૂર્તિ પ્રસંગે સંસ્થાનાં માસિક મુખપત્ર "મંગલ મંદિર"નો વિશેષાંક સ્વરૂપે બહાર પાડવા જઈ રહી છે તે જાણીને ઘણો આનંદ થયો. જેનાં દ્વારા ટ્રસ્ટીશ્રીઓના સુંદર વિચારોની ગાથા આ પુસ્તકમાં પ્રકાશિત થશે. આ સંદર્ભે આ સંસ્થાને તેમજ સંસ્થા સંચાલક મંડળની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવતાં આ પ્રસંગે મારી હૃદયપૂર્વકની શુભેચ્છાસહ શુભકામનાઓ પાઠવું છું.

આપનો સ્નેહાધીન,

પ્રજાડેજા

(પ્રધ્યુમનસિંહ જાડેજા)

**રહેણાંક :** દરબાર ગઢ, મુ.પો. વિરાણી મોટી, તા. નખત્રાણા-કચ્છ. ૩૭૦૬૬૫
**ઓફિસ :** જાડેજા રોડવેઝ, વિશ્વકર્મા માર્કેટ, નખત્રાણા-કચ્છ. ૩૭૦૬૧૫
**ગાંધીનગર સરનામું :** સેકટર ૨૧, બ્લોક ૯/૫, સદસ્ય નિવાસ, ગાંધીનગર

# શુભેચ્છા સંદેશાઓ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેની સફરના ૬૦ વર્ષ પૂર્ણ કરી આગળ વધે છે ત્યારે તેને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ એ જ્ઞાતિગત સંસ્થા હોવા છતાં તેણે જન સામાન્યના જે કામો હાથ પર લીધેલ છે તે માટે ધન્યવાદ આપવા ઘટે છે.

ભારતભરના કચ્છીઓની જ્ઞાતિગત સંસ્થાઓની વાત કરીએ તો આ સમાજે એક અનેરો ચીલો ચાતરેલ છે અને તે પ્રકારના કાર્યો કરતી સંસ્થાઓ ખૂબ જ જૂજ પ્રમાણમાં જોવા મળશે.

આ સંસ્થાના મુખ્ય કાર્યોની વાત કરીએ તો તેનું લીસ્ટ નીચે મુજબ બનાવી શકાય.

- બહુ જ કિફાયતી ધોરણે મેડિકલ સેન્ટર અને મેડિકલ ચેક-અપ સેન્ટર ચલાવવા.
- બહુ જ કિફાયતી ધોરણે ડાયાલિસિસ સેન્ટર ચલાવવા.
- આયુર્વેદ અને હોમિયોપેથ વિભાગો ચલાવવા.
- ફિઝિયોથેરાપી વિભાગ ચલાવવા.
- વિશ્રાંતિ ગૃહો અને અતિથિ ભવનો કાર્યરત કરવા.
- આવાસ યોજના બનાવી નજીવી કિંમતે જરૂરિયાતવાળા પરિવારોને તેનું વિતરણ કરવું.
- અલગ અલગ સ્થળે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ઊભા કરી, ૪-૬ મહિનામાં યુવક-યુવતીઓને તૈયાર કરી, તેઓને કામે લગાડી, આમદાની ઉત્પન્ન કરાવવી.
- હાયર એજ્યુકેશન માટે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપી, તેઓને યોગ્ય અભ્યાસ તરફ ગાઈડ લાઈન આપવી.
- કચ્છની ધરોહરને ઉજાગર કરી 'કચ્છ સાંસ્કૃતિક મ્યુઝિયમ' જેવા વિભાગો ઉભા કરવા.
- ઉપરોક્ત વિગત જૂજ કાર્યોની છે. આ પ્રકારના કાર્યોનું અન્ય લીસ્ટ પણ બની શકે.

આ સંસ્થાના કાર્યકરોને હું વર્ષોથી ઓળખું છું. અવારનવાર તેઓ સાથે આદાન-પ્રદાન પણ થાય છે. આ સંસ્થાના અનેક કાર્યોમાં હું સહભાગી રહ્યો છું તેનું મને ગૌરવ છે.

આ પ્રસંગે હું આ સંસ્થાના અગ્રણીઓને ફરીથી ધન્યવાદ આપી અહીં વિરમું છું.

***ચંદ્રકાંત ગોગરી***

***આરતી ગ્રૂપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ***

★

ભારતભરમાં કચ્છીઓની અનેક સંસ્થાઓ છે પરંતુ મોટાભાગની સંસ્થાઓ જ્ઞાતિગતના ધોરણે કાર્યરત રહેવા પામે છે. જ્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વાત કરીએ તો આ સમાજ જ્ઞાતિગત ધોરણના કામ ઉપરાંત જન સમુદાયને ઉપયોગી થાય તેવા અનેકવિધ કાર્યો કરતી રહેલ છે.

અમદાવાદમાં વિવિધ સ્થળે સ્થાપિત મેડિકલ સેન્ટરો, ડાયાલિસિસ સેન્ટરો, વિશ્રાંતિ ગૃહો, સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરો, કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ વગેરે પ્રકારના કાર્યો રાષ્ટ્રીય લેવલે કરવામાં આવેલ છે અને તેનો લાભ કોઈપણ વ્યક્તિ લઈ શકે છે.

હું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને વર્ષોથી ઓળખું છું અને તેના કાર્યોમાં સહભાગી થવાનો અવસર મને પણ પ્રાપ્ત થયેલ છે.

અખિલ ભારતીય સમાજની સેવા કરવાની ભાવના, જન સામાન્યનું જીવન ઊંચું લાવવાના પ્રયાસો, બીમારીના સમયે ખૂબ જ કિફાયતી દરે પૂરી પાડવામાં આવતી સેવાઓ, સમગ્ર કચ્છને ઉજાગર કરતી કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમની રચના, નર્મદા નદીના પાણી થકી કચ્છના ખેડૂતો નિર્ભર બને તે અંગેના પ્રયાસો, કચ્છમાં પર્યાવરણની જાળવણી માટે વિશાળ પાયામાં ઊભી કરવામાં આવેલ વનરાજીઓ, વર્ષ ૨૦૦૧ના ધરતીકંપના સમયે કચ્છ માટે કરવામાં આવેલ રાહતના કાર્યો અને કચ્છમાં વધુ ને વધુ ઉદ્યોગો સ્થાપિત થાય તે માટે અમદાવાદ, મુંબઈ અને ગાંધીધામમાં યોજવામાં આવેલ સેમિનારો વગેરે કાર્યોની નોંધ લઇએ તો કોઇને પણ આ સંસ્થા માટે ગૌરવ ઉપજે અને તેના કાર્યોમાં સહભાગી થવાની ઇચ્છા ઉત્પન્ન થાય તે સ્વાભાવિક છે. મને પણ આ સંસ્થાના સહભાગી બનવાનો મોકો પ્રાપ્ત થયેલ છે એ બદલ હું ગૌરવ અનુભવું છું.

સંસ્થા જ્યારે ૬૦ વર્ષ પૂર્ણ કરી ૬૧મા વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે હું હૃદયપૂર્વકથી આ સંસ્થાને, તેના ટ્રસ્ટીગણને, તેની કારોબારીના સભ્યોને અને તેના અન્ય વિવિધ કાર્યકરોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને ભવિષ્યમાં આ સંસ્થા વધુને વધુ સેવાના કાર્યો કરતી રહે તેવી અભિલાષા વ્યક્ત કરું છું.

***દીપકભાઈ ધારશી ભેદા***

***કેન ફીન રીઆલ્ટી***

***મો. ૯૮૨૦૨ ૭૧૫૧૩***

★

## *"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ની ૬૦ વર્ષની સુહાની સફરની ઝલક... એક પલકમાં...*

તા. ૧૪-૪-૧૯૬૩ના મંગલ દિનની એક સુભાગી પળે 'શ્રી જૈન વીસા ઓસવાળ મિત્ર મંડળ'નું બીજ રોપાયું. પછી ધીમે ધીમે સત્કાર્યોના જળ સિંચન અને દાતાઓના સહયોગથી આજે તે 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ'ના નામે એક ઘેઘુર અને ઘટાદાર છ દાયકાનું પરિપક્વ વટવૃક્ષ બની ગયું છે. જેની શીતળ છાયામાં અનેક સેવાકાર્યો થઈ રહ્યા છે જેનો હું સાક્ષી છું.

સૌ પ્રથમ તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પોતાના અસ્તિત્વના ૬૦ વર્ષ પરિપૂર્ણ કર્યા એ બહુ ગર્વ અને ગૌરવની વાત છે. માટે હું તેમના ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, મેનેજિંગ ટ્રસ્ટી અને માનનીય પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ તથા માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખને અંતરના ઓવારેથી અભિનંદન આપી આપના કાર્યોની ભૂરિ ભૂરિ અનુમોદના કરું છું.

કહેવાય છે કે... "સત્કાર્યો, એ માનવ હૃદયમાં ઊભા કરેલા કીર્તિ મંદિરો છે."

એવો જ ભાવ ભીતરમાં રાખીને આપ સૌ સમાજસેવાનો યજ્ઞ નિઃસ્વાર્થભાવે કરી રહ્યા છો અને એ દ્વારા આપ અનેક સેવાકાર્યો કરો છે એ બદલ હું શ્રી અશોકભાઈને વંદન કરું છું... ચંદન કરું છું અને અભિનંદન આપું છું. આપે ગુજરાતથી કચ્છ સુધીની પાણીની સમસ્યાનો નિકાલ લાવી પાણીની ચળવળ સફળતાપૂર્વક પાર પાડી. જે માટે અમે સૌ આપના આભારી છીએ.

આપનું માસિક મેગેઝીન "મંગલ મંદિર", કે જેનો હું વર્ષોથી મેમ્બર છું, જે હાથમાં આવતા જ જાણે મન મંદિરમાં દેવ દર્શનનો પવિત્ર ભાવ જાગે છે. વળી તેમાં કચ્છના રાજા-મહારાજાઓથી શરૂ કરીને આધુનિક પેઢીને જાણવી અને માણવી ગમે તેવી દુનિયાભરની રસપ્રદ માહિતી આપ પૂરી પાડો છો.

કોરોનાકાળ દરમિયાન ક્યાં કોરોનાના કેટલા દર્દીઓ તેમજ અન્ય માહિતી ઝીણવટપૂર્વક આપીને આપે માત્ર કચ્છી સમાજનું નહીં પરંતુ સમગ્ર ભારતનું નામ વિશ્વભરમાં રોશન કર્યું છે.

"મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરો... શુભ થાઓ આ સકળ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહો..." આ – પંક્તિઓ ચરિતાર્થ કરીને આપે 'લેન્ડમાર્ક' જેવા અનેક સેવાકાર્યો કર્યા છે. જેવા કે –

- પાલડી ખાતે શ્રી કચ્છી જૈન ભવનનું ઉદ્‌ઘાટન કરીને ત્યાં મેડિકલ સેન્ટર, સાંસ્કૃતિક કેન્દ્ર તથા અતિથિ ભવન શરૂ કર્યા.
- બહેરામપુરા ખાતે નવનીત આવાસ યોજના હેઠળ ૩૮ જરૂરતમંદ પરિવારોને ફ્લેટ આપી સુંદર સેવાકાર્યનું ઉદાહરણ પૂરું પાડ્યું.
- શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરનું શાહીબાગ ખાતે ઉદ્‌ઘાટન કર્યું.
- સોનામાં સુગંધ સ્વરૂપે તેમાં 'કચ્છ સાંસ્કૃતિક મ્યુઝીયમ' દ્વારા કચ્છની ભાતીગળ અસ્મિતાને ઉજાગર કરી.
- બોપલ ખાતે બીજા મેડિકલ સેન્ટર તથા ગીતા મંદિર ખાતે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની સ્થાપના કરી.

કોઈપણ સંસ્થા કે સમાજના વિરાટ કાર્યોમાં સહયોગી દાતાઓનો સિંહફાળો રહેલો હોય છે. દાતાઓના અનુદાન વિના ભગીરથ કાર્યો પૂરા નથી થતા. માટે દરેક કાર્યો માટે ઉદારદિલે દાનની ગંગા વહેવડાવનાર ઉદારદિલ દાતાઓને હું અભિનંદન આપું છું. આપે પરસેવાથી ઊભી કરેલી લક્ષ્મી પર-સેવામાં વાપરીને આપની લક્ષ્મીનું મહાલક્ષ્મીમાં રૂપાંતર કર્યું છે.

આવનારા વર્ષોમાં પણ આપના અનેક પ્રોજેક્ટ હાથ પર છે જેવા કે ડાયાલિસિસ સેન્ટર, અતિથિ ભવન, સાંસ્કૃતિક કેન્દ્ર, મેડિકલ સેન્ટર, સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર વગેરે... જે બહુ આનંદની વાત છે.

આપ આવા રૂડા કાર્યો પરમાત્માના નિમિત્ત બનીને કરતા રહો. આદિનાથ દાદા એ માટે આપને ભક્તિ અને શક્તિ પ્રદાન કરે... એ જ મારી પ્રભુ પ્રત્યે નમ્રભાવે પ્રાર્થના છે.

*આપના સત્કાર્યોને...*

*આપની સખાવતને...*

*મારા સો... સો... સલામ...!*

**પ્રભુલાલ મોહનલાલ સંઘવી**

★

*જય જિનેન્દ્ર - પ્રણામ.*

આપણી આ સંસ્થા આજે તેની છ દાયકાની, ઝળહળતી, પ્રવૃત્તિ અને પ્રગતિ દ્વારા યાદગાર સફરની ષષ્ઠી પૂર્તિની ઉજવણી કરી રહેલ છે. તે મારા માટે ખૂબ જ આનંદદાયક અને યાદગાર સમય છે. કારણકે આ છ દાયકા દરમિયાન થોડાં વર્ષો માટે સંસ્થાના માનદ્ મંત્રી અને સંસ્થાના મુખપત્ર 'મંગલ મંદિર'ના પ્રથમ 'પ્રેરણા' અને પછી 'મંગલ મંદિર'ના આદ્ય સ્થાપક તરીકે યાદગાર સંસ્મરણોનું સાક્ષી રહ્યો છું. જેનો આજે મને ખૂબ જ આનંદ અને ગૌરવ છે.

પરિવારને એક સાંકળરૂપ જોડી રાખનાર 'મંગલ મંદિર' માસિક આજે આટલા દાયકા પછી વિશાળ કાયા સ્વરૂપ પ્રગટ થઈ રહેલ છે તે અન્ય સમાજ / સંસ્થાને માટે પ્રેરણારૂપ છે.

સમાજ અને તેના પરિવારને ઉપયોગી વિવિધ સામાજિક,

શૈક્ષણિક, ધાર્મિક, આરોગ્યલક્ષી પ્રવૃત્તિ દ્વારા આજે આપણી સંસ્થા અમદાવાદમાં જે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમાજની સેવા કરી રહેલ છે, તે ખૂબ જ ધન્યવાદ અને અભિનંદનને પાત્ર છે. આ માટે આપની તમામ ટીમ, કાર્યકરો અને સ્વયંસેવકોને લાખ લાખ અભિનંદન સાથે ધન્યવાદ.

મેડિકલ સેન્ટર, વિવિધ સ્થળે ડાયાલિસિસ સેન્ટરો, અતિથિ ભવનો, કચ્છ સાંસ્કૃતિક મ્યુઝીયમ, વિશ્રામ ગૃહ, સમાજના નાના જરૂરિયાતમંદ પરિવારો માટે આવાસ યોજના, સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, બાળકો / વિદ્યાર્થીઓને શિક્ષણ - અભ્યાસમાં ઉપયોગી એપ્ટીટ્યુડ ટેસ્ટ, શૈક્ષણિક વાર્ષિક પ્રોત્સાહન - ઈનામ વિતરણ, તપસ્વીઓનું બહુમાન, નર્મદા કેનાલનો કચ્છને કેમ વધારે લાભ મળે તેવા પ્રયત્નો, કચ્છના ગામડે ગામડે વિશાળ એકરમાં સુંદર વનરાજીનું સર્જન, વિવિધ વિષયો અને કચ્છના પ્રશ્નોને વધુ ફલક સુધી પહોંચાડવા ગાંધીધામ, મુંબઈ અને અમદાવાદમાં સેમિનારોનું આયોજન, કચ્છ જિલ્લાના ચૂંટાયેલા રાજકીય પ્રતિનિધિઓનું સન્માન વગેરે વિવિધ જાતનાં આયોજનો કરી કચ્છ પ્રદેશને વધુમાં વધુ સારી રીતે ઉજાગર કરવા - કચ્છની સંસ્કૃતિ અને કચ્છના પ્રશ્નોને વાચા આપવા વિવિધ પ્રકારે નવા નવા આયામો દ્વારા જે જાગૃતિ આપણી સંસ્થાએ આદરી છે અને પ્રવર્તમાન સમયમાં આદરી રહેલ છે, તે ખૂબ જ અનુમોદનીય છે.

અને... હમણાં હમણાં સાંભળવા મુજબ અમદાવાદમાં સ્લમ વિસ્તારમાં ડાયાલિસિસ સેન્ટરો અને મેડિકલ પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવાનો આપની ટીમનો નિર્ણય અભિનંદનને પાત્ર છે. તેમાંય વળી એક સુંદર હોસ્પિટલની ભેટ ધરવાનો આપનો નિર્ણય ખૂબ જ આનંદદાયક છે. અમને આશા છે કે આ નિર્ણયને આપ જલ્દીથી મૂર્ત સ્વરૂપ આપીને જ ઝંપશો તેવી મને ખાત્રી નહીં પૂર્ણ વિશ્વાસ છે.

આમ, સંસ્થાની પ્રવૃત્તિ અને પ્રગતિ માટે આપની ટીમના પોઝીટીવ નિર્ણયો અને સફળતા માટે સૌને અભિનંદન.

આપ સૌની આ હિંમત, જહેમત અને પ્રયત્નોમાં પરમ કૃપાળુ પરમાત્મા અથાગ બળ, અઢળક લક્ષ્મી અને સૌના અપ્રતિમ સાથ-સહકાર બક્ષે એ જ પ્રાર્થના... અભ્યર્થના... શુભેચ્છા...

***પ્રભુલાલ કે. સંઘવી - આદિપુર, કચ્છ***
***ભૂતપૂર્વ માનદ્ મંત્રી***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***
***મો. ૯૯૭૯૮ ૮૧૭૨૦***

★

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને ષષ્ઠીપૂર્તિ (હીરક મહોત્સવ)ની ઉજવણીના અમૂલ્ય અવસરે અઢળક અભિનંદન...***

નવનીત પ્રકાશનનો સને ૧૯૬૬માં ગુજરાતમાં પ્રારંભ થયો. અમદાવાદના સુખરામ નગરમાં કાર્યક્ષેત્ર અને ગોમતીપુરમાં રહેઠાણની શરૂઆત કરી, ત્યારથી અમે આજ પર્યંત શ્રી કચ્છી જૈન સેવા સમાજના વિકાસાત્મક આવર્તનની દીર્ઘકાલીન લક્ષ્ય નિર્ધારીત સફર અને પ્રગતિના સાક્ષી રહ્યા છીએ. ૮૦ના દાયકામાં અને ત્યાર પછી આજ દિન સુધી તેની ઉડાન બેમિસાલ રહેવા પામેલ છે. સેવા ક્ષેત્રની તેની પ્રવૃત્તિઓ આદરને પાત્ર છે. જ્ઞાતિબંધુઓ માટેનું જ 'અતિથિ ભવન' માત્ર નહીં, પરંતુ અમદાવાદમાં આવનાર કોઈ પણ વ્યક્તિ માટે વિશ્રામગૃહ, જરૂરિયાતવાળા પરિવારો માટે આવાસ યોજના, અનેકવિધ પ્રવૃત્તિઓ માટેનું સાંસ્કૃતિક કેન્દ્ર, શાહીબાગમાં ઊભું કરવામાં આવેલ કચ્છ સાંસ્કૃતિક મ્યુઝીયમ, વધુ ને વધુ સંખ્યામાં ચાલુ કરવામાં આવતાં સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર્સ તેમજ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટેનું સચોટ માર્ગદર્શન મળી રહે તે માટેનાં યુવા શક્તિઓના નહેરીકરણ (Canalization) માટેનાં અનેકવિધ કાર્ય શ્રી કચ્છી જૈન સેવા સમાજે હાથ પર લીધેલ છે. એટલું જ નહીં, ખૂબ જ કિફાયતી ધોરણે ચલાવવામાં આવતા ત્રણ મેડિકલ સેન્ટર અને ત્રણ ડાયાલિસિસ સેન્ટર ચાલુ કરીને આરોગ્ય ક્ષેત્રે ઉદાત્ત સેવાઓ પૂરી પાડીને માનવતાની જ્યોતને અવિરત જલતી રાખી છે.

ભારતના જનસમુદાયને નજર સમક્ષ રાખીને મક્કમ પગલે આગળ ધપાવવામાં આવતી આ માનવતાનું સંવર્ધન કરનારી પ્રવૃત્તિઓ બિરદાવવાને લાયક અને અભિનંદનને પાત્ર છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની છ દાયકાની ઉત્તરોત્તર પ્રગતિ સાધતી સફરમાં નવનીત અને ગાલા પરિવાર આજ દિન સુધી જે રીતે સહભાગી થયો છે, એ જ રીતે અનાગત કાળમાં પણ સેવા પ્રવૃત્તિઓમાં સહભાગી થતો રહેશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રગતિશીલ સફરને તેના ષષ્ઠીપૂર્તિ મહોત્સવના મંગલ ટાણે નવનીત અને ગાલા પરિવાર અઢળક અભિનંદન પાઠવીને અંતરનો રાજીપો વ્યક્ત કરે છે અને આપના થકી આ જ પ્રકારનાં માનવતાપૂર્ણ સેવાકાર્યો નિરંતર ચાલુ રહે તેવી અભિલાષા વ્યક્ત કરે છે....

***સંદીપ ગાલા***
***નવનીત પ્રકાશન / નવનીત ફાઉન્ડેશન***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ષષ્ઠીપૂર્તિ ઉજવવાનું જે આયોજન વિચારેલ છે તે ખરેખર પ્રશંસનીય છે. આ

સંસ્થાએ જે શૂન્યમાંથી આટલું જબરદસ્ત સર્જન કરેલ છે, તેનો લગભગ હું ૪૫ વર્ષથી સાક્ષી છું. આ સંસ્થાના પાયાના કાર્યકરોમાંના કેટલાક જ દિવંગત અને બાકી અત્યારે આપ જેવા અન્ય વિદ્યમાન કાર્યકરોને અતિ હર્ષની લાગણી સાથે પ્રણામ કરું છું.

આ સંસ્થાએ કચ્છી જૈનોના બધા ફિરકાઓનો સ્નેહ અને સમજણપૂર્વક સમાવેશ કરેલ છે, તે ખરેખર પ્રશંસનીય છે. આ સમાજે શરૂઆતમાં કેટલાક વર્ષો, કોઈપણ સ્થિર જગ્યા વગર જે કાર્ય કર્યું કે જેનાથી અમુક વર્ષો બાદ એક ભવનનું નિર્માણ કરવામાં આવ્યું તે ખરેખર પ્રશંસનીય છે.

તે પછીનાં લગભગ છેલ્લા ૪૦ વર્ષોથી અવિરત અનેક સમાજની કલ્યાણકારક પ્રવૃત્તિઓની વણઝાર ચાલુ રહે છે અને હજી પરમાત્માની કૃપાથી બીજી ઘણી પ્રવૃત્તિઓ થવાની છે એના આપણે બધા સાક્ષી રહીશું. એમાંય ખાસ કરીને સંસ્થાની આટલી વિશાળ પ્રવૃત્તિઓનો જે લાભ અન્ય દરેક જ્ઞાતિઓને લાભ લેવાનો સમાવેશ કરવામાં આવ્યો છે એના માટે આપ સહુ કાર્યકરોની અનુમોદના કરું છું.

અમદાવાદનો આપણો સમાજ ફક્ત અતિથિ ભવન બનાવીને અટક્યો નથી પણ સમાજની બીજી ઉપયોગી પ્રવૃત્તિઓ જેવી કે હોસ્પિટાલિટી, મેડિસીન, આવાસ યોજના, શિક્ષણ યોજના, સાધુસંતોના વૈયાવચ્ચ ઉપરાંત યુવા વર્ગ માટે ટેકનિકલ શિક્ષણ યોજના જેવી બીજી અનેક પ્રવૃત્તિઓ માટે આપ સહુ કાર્યકરોની દીર્ઘદષ્ટિનું ઉદાહરણ ભારતમાં આપણા સમાજમાં ફેલાયેલા શહેરોમાંના સમાજને દાખલારૂપ થઈ શકે.

આ સંસ્થામાં વધારેમાં વધારે યુવા વર્ગ જોડાય અને સંસ્થાને ઉચ્ચ શિખરે લઇ જાય એવી આશા રાખું છું. આ સિવાય પ્રશંસનીય બાબત એ છે કે શરૂઆતથી કોઈ દિવસ આ સંસ્થામાં મતભેદ થયા નથી અને ક્યારેક સામાન્ય મતભેદ થયા હો, પણ મનભેદ થયા નથી.

છેલ્લે, આપણી અમદાવાદની સંસ્થા અત્યંત ફૂલેફાલે અને તે માટે સતત દાનનો પ્રવાહ વહે અને યુવા કાર્યકરો મોટી સંખ્યામાં જોડાય એવી પરમાત્માને વિનંતી કરું છું.

***બિપીનચંદ્ર કાનજી જૈન - મુંબઈ***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને ૬૦ વર્ષ પૂરા થતાં, આ સંસ્થાના સેવાકીય કાર્યો બદલ આ સંસ્થાના તમામ ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સમિતિના સભ્યશ્રીઓ, આગેવાનો અને તેના દાનવીર ગ્રૂપને પરમકૃપા ચેરીટેબલ ફાઉન્ડેશન તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ.

આપશ્રીની સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે અને વધુને વધુ જન સામાન્યની સેવા કરતી રહે તેવી અભિલાષા સાથે આપશ્રીને શુભેચ્છા પાઠવીએ છીએ.

'પરમકૃપા ચેરીટેબલ ફાઉન્ડેશન'નું સૌભાગ્ય છે કે અમારું જોડાણ આપશ્રી જેવી સેવાકીય સંસ્થા સાથે થયેલ છે અને અમને વિશ્વાસ છે કે ચાંગોદર ખાતેના મેડિકલ સેન્ટરનો આપશ્રી સાથેના સહયોગ થકી ઉત્તરોત્તર વિકાસ થતો રહેશે.

ચાંગોદરના ઔદ્યોગિક વિસ્તારમાં આપશ્રીના સહયોગથી સ્થાપવામાં આવેલ મેડિકલ સેન્ટર ભવિષ્યમાં પણ આ વિસ્તારની જનતાને મેડિકલ ક્ષેત્રે ખૂબ જ ઉપયોગી નીવડશે તેવી અભિલાષા વ્યક્ત કરીએ છીએ.

***જયેશ એ. મજમુદાર***
***ડાયરેક્ટર, પરમકૃપા ચેરીટેબલ ફાઉન્ડેશન***

★

### *સમાજસેવાની સાથે કચ્છના પ્રશ્નોનીયે ચિંતા*

અમદાવાદ સ્થિત શ્રી કચ્છી જૈન સેવા સમાજને ષષ્ઠીપૂર્તિ વર્ષ પ્રવેશે લાખ લાખ વધાઈ. વીતેલા સાંઇઠ વર્ષની પ્રવૃત્તિઓ પર નજર કરીએ તો સહેજે કહી શકાય કે, સમાજસેવાની આપણી સદીઓ જૂની મહાજન પરંપરા અમદાવાદ સંગઠને ઉજાગર કરી છે. માત્ર જ્ઞાતિ જ નહીં, સમગ્ર સમાજના હિતને ધ્યાનમાં રાખીને આરોગ્ય સહિતના ક્ષેત્રોમાં સાર્વજનિક પ્રવૃત્તિઓ છ દાયકામાં સતત થતી રહી છે, પણ કચ્છના નર્મદાનાં પાણી જેવા પ્રશ્ને ન્યાય અપાવવા અમદાવાદ કચ્છી જૈન સમાજે એકધારી મથામણ કરી છે જેનો જોટો જડવો મુશ્કેલ છે. ખરું પૂછો તો, કચ્છ પ્રત્યેની આ નિસ્બતે મહાજન પરંપરામાં નવું પરિમાણ ઉમેર્યું છે. કચ્છમાં નર્મદા નહેરના કામોમાં વિલંબ સામે અમદાવાદ સમાજે નર્મદા નિગમના અધિકારીઓ અને કચ્છના પ્રતિનિધિઓથી માંડી પ્રધાનો સુધી રજૂઆત કરી છે. નર્મદા નિગમ સાથે સતત ફોલોઅપ પણ સમાજના મોભીઓ લેતા રહ્યા છે. આજે નર્મદા નહેરના કામો હાથ ધરાઈ રહ્યા છે તેમાં આ ભૂમિકાએ નિઃશંક ભાગ ભજવ્યો છે. વિનાશકારી ભૂકંપ પછીના નવસર્જન માટે અને ખાસ તો ઉદ્યોગોને આકર્ષવા માટેની નીતિઓ સંદર્ભે અમદાવાદ, ગાંધીધામ અને મુંબઈમાં કેન્દ્ર - રાજ્યના પ્રધાનોની હાજરી વચ્ચે સેમિનારો યોજવાની પહેલ પણ આજે યાદ આવે છે. તો કચ્છના કેટલાક ગામડામાં વૃક્ષારોપણ કાર્યક્રમ ત્રણ-ત્રણ વર્ષની દેખરેખ સાથે સફળતાપૂર્વક હાથ ધરીને સમાજે નવો રાહ ચિંધ્યો છે. આજે ષષ્ઠીપૂર્તિ નિમિત્તે શ્રી કચ્છી જૈન સેવા સમાજ કચ્છ પ્રત્યેની નિસ્બત જારી રાખે એવી શુભેચ્છા સાથે અભિનંદન.

***કીર્તિ ખત્રી – વરિષ્ઠ પત્રકાર***
***પૂર્વ મુખ્યતંત્રી – કચ્છમિત્ર***

★

## *અમદાવાદમાં કચ્છીઓને હૂંફ*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ કારકિર્દીના ૬૦ વર્ષ પૂરા કરી ૬૧મા વર્ષમાં પ્રવેશ કરે છે. અમદાવાદમાં રહીને કચ્છીજનોને અલગ અલગ રીતે મદદ કરવાના સંસ્થાના પ્રયાસો કાબિલે તારીફ છે. ૧૯૬૩માં 'શ્રી કચ્છી જૈન વીસા ઓસવાળ મિત્ર મંડળ' તરીકે સ્થપાયા પછી ૧૯૭૦માં 'શ્રી કચ્છી જૈન સમાજ' અને ૧૯૮૪માં આ સંસ્થા 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ' બની. ખાસ તો અમદાવાદ આવતા કચ્છી લોકોને રાહત દરે ઉતારો અને દર્દીઓ સાથે આવેલા સગા-સંબંધીઓને મદદ કરવાની ભાવના સાથે અતિથિ ભવન, મેડિકલ સેન્ટર તો ખરું જ. સાથે વર્તમાન જરૂરિયાતની નજરે અલગ અલગ જગ્યાએ ડાયાલિસિસ સેન્ટરો ઊભા કરવાની સંસ્થાની પહેલ આવકારદાયક છે. સંસ્થા હજી પણ ભવિષ્યમાં મેડિકલ સેન્ટરો અને સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપવાની જે યોજના ધરાવે છે તેને શુભેચ્છા. કચ્છના જનસામાન્યને ઉપયોગ થાય તેવા વિવિધ પ્રકલ્પો ચલાવતી અને 'મંગલ મંદિર' જેવું લબ્ધ પ્રતિષ્ઠિત સામાયિક બહાર પાડતી સંસ્થા કચ્છી માડુના હિતમાં વધુને વધુ કાર્યરત રહે એવી લાગણી વ્યક્ત કરું છું.

*દીપક માંકડ, તંત્રી – કચ્છમિત્ર*

★

## *શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની અત્યાર સુધીની સફર અંગેના પ્રતિભાવ*

નાના એવા પાયે સેવાના બીજરૂપે શરૂ થયેલા શ્રી કચ્છી જૈન સેવા સમાજની કામગીરી હવે વડવાઈઓની જેમ ફૂલીફાલી છે અને આરોગ્ય તથા વિવિધ સેવાલક્ષી આયામોને લીધે માત્ર જૈન જ્ઞાતિ નહીં પણ સર્વ સમાજના લોકોને સેવાની માળાના મોતી બનાવાયા છે. જૂના અમદાવાદથી માંડીને આધુનિક મહાનગર અમદાવાદના પરિઘમાં સમયાંતરે ઊભા કરાયેલા ભવનો અને તેમાં સાંસ્કૃતિક, સામાજિક પ્રવૃત્તિઓને ચલાવવા એ નાની બાબત નથી. સંસ્થાના મોવડીઓ હોય કે કાર્યકરો, સૌ એકબીજાના માર્ગદર્શન અને કાંઈક કરી છૂટવાની ભાવના સાથે કાર્યરત રહ્યા છે. 'મંગલ મંદિર' હોય કે 'કચ્છશ્રુતિ' જેવા મુખપત્રોના માધ્યમથી પણ પ્રવૃત્તિઓનો વેગ વધાર્યો છે. નિયમિત અંકોમાં દેશના શૂરવીરો, સેનાનીઓ અને સામાજિક આગેવાનોને મુખપૃષ્ઠ પર સ્થાન આપીને તેમનું મહત્ત્વ જાળવી રાખવાનો ઉમદા પ્રયાસ થાય છે. આ ઉપરાંત રોજગારીના આયામોમાં સ્કીલ ડેવલપમેન્ટ ક્ષેત્ર હોય કે કચ્છના દૂર દરાજના ગામોમાંથી સારવાર કરાવવા આવતા દર્દીઓને અને બરદાસીઓ માટે રહેવાના અતિથિ ભવનની સગવડ રાહતરૂપ બને છે. સમાજના સેવાના સિદ્ધાંતો સદાય સફળ રહે તેવી શુભ કામનાઓ.

*ભાવિન વોરા - વરિષ્ઠ યુવા પત્રકાર, ભુજ, કચ્છ*

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પોતાની યશગાથાની યાત્રાના શાનદાર ૭૦ વર્ષો પૂર્ણ કરવાના અવસરે ખરેખર ખૂબ જ ગર્વ અને આનંદની અનુભૂતિ કરી રહ્યો છું અને આ યાત્રાના દરેક સહભાગીઓને ખૂબ ખૂબ અભિનંદન. આ એક ખરેખર પ્રભાવશાળી સિદ્ધિ છે. આવનારા સમયમાં વિચાર, નવી આશા અને નવા સંકલ્પની સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સમગ્ર પરિવારને સુખ, શાંતિ અને સમૃદ્ધિ તેમજ સૌના જીવનને નિત્ય નવ્ય ઉર્જાથી ભરપૂર કરે અને સદ્‌ભાવનાની અવિરત જ્યોત પરિવારજનોના જીવનમાં ઝગમગતી રહે અને પરિવાર સંપૂર્ણ વૈભવથી પરિપૂર્ણ થાય તેવી અનેક અનેક શુભકામનાઓ પાઠવું છું.

સાથે સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓમાં ખૂબ ખૂબ સફળતાઓ મળે તેમજ વિવિધ સેવા પ્રવૃત્તિઓની જ્યોત વધારે ને વધારે પ્રજ્વલિત થતી રહે તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

કોરોનાના વિકટ કાળ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ભજવેલ ભૂમિકા અને હાથ ધરાયેલ વિવિધ કાર્યો ખાસ કરીને અન્ય સમગ્ર સમાજો across the spectrum ને એક તાંતણે એક સૂત્રમાં પરોવીને કરેલ વિવિધ કાર્યો અને પ્રવૃત્તિઓ ખાસ કરીને દરેક સમાજોમાં હાથ ધરેલ વિવિધ પ્રવૃત્તિઓની પણ ખાસ કરીને લોકડાઉનના સમય દરમિયાનની નોંધ લઇ બિરદાવેલ, જે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને તેના શ્રેષ્ઠીઓ / લીડર્સ ખરેખર એક magnanimous, omnipresent with idealistic and visionary હોવાનો દાખલો બેસાડેલ છે. જે ખરેખર સોશિયલ એન્જિનિયરીંગનો નવો બેન્ચ માર્ક પણ કહી શકાય. આ ઉપરાંત અન્ય એક Out of box thinking જેવું ઉમદા કાર્ય — કોરોના પેન્ડેમિકના statistical આંકડાઓનું કમ્પાઈલેશન અને એનાલીટીકલ માહિતીઓનું કરેલ સુંદર અને મેજેસ્ટીક કાર્ય અને તેને લઈને 'કચ્છશ્રુતિ'ના ખાસ વિશેષાંકો બહાર પાડેલ. જે ખરેખર આવનારી પેઢીઓ માટે રીસર્ચ માટે એક એનસાઈક્લોપીડિયા સમો પ્રેરણા તેમજ જ્ઞાનનો પ્રચૂર ભંડાર - ડેટા બેન્ક બની રહેશે. જે બદલ 'કચ્છશ્રુતિ'ના તંત્રીઓ તેમજ સમગ્ર ટીમને અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને પણ ખૂબ ખૂબ અભિનંદનના હક્કદાર છે અને આ કાર્યો અને પ્રવૃત્તિઓ અવિરત ચાલુ રહે તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

*દીપક વોરા, M.D., CEO*
*The iOSys Pvt. Ltd., Gandhidham, Kutch.*
*M. 98252 72257*

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૬૦ વર્ષ પૂર્ણ કરી ૬૧મા વર્ષમાં પ્રવેશ કરવા જઇ રહ્યું છે ત્યારે શ્રી બીદડા સર્વોદય ટ્રસ્ટ આપને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે. આપની સંસ્થાના ટ્રસ્ટીગણે દિવસ રાત જોયા વગર સંસ્થાના કાર્યો તન-મન-ધનથી કર્યા છે અને તેમની દૂરદર્શિતાથી સંસ્થા પરિપક્વતા તરફ આગળ વધી રહી છે. આ ૬ દાયકાઓની સિદ્ધિઓમાં તે દરેક વ્યક્તિની સહભાગીતા છે જેણે તનતોડ મહેનત કરીને સંસ્થાના કાર્યોમાં પોતાનો સિંહફાળો આપેલ છે.

સંસ્થાની કાર્ય યાત્રા વિશે વાત કરીએ તો સંસ્થાએ પ્રથમ માસિક મુખપત્ર 'પ્રેરણા' શરૂ કર્યું જેનું નામ પરિવર્તન કરી 'મંગલ મંદિર' રાખવામાં આવ્યું. આજ દિવસ સુધી 'મંગલ મંદિર' માસિક દરેક કાર્યો અને ખબરોને આવરીને લોકો સુધી પહોંચાડે છે.

કચ્છના લોકો અમદાવાદ કાર્ય અર્થે આવેલ હોય અથવા અમદાવાદની હોસ્પિટલોમાં સારવાર અર્થે આવેલ દર્દીઓ અને બરદાસીઓને રહેવા-જમવાની તકલીફો ના પડે તે માટે વિવિધ જગ્યાએ ૩ અતિથિ ભવનની શરૂઆત કરી. પરંતુ સેવાના કાર્યો અવિરત ચાલુ રાખવાની ભાવનાને લક્ષ્યમાં રાખીને સંસ્થાએ બે મેડિકલ સેન્ટર અને ૩ ડાયાલિસિસ સેન્ટરની શરૂઆત કરી. સંસ્થા નાતજાતના ભેદભાવ વગર કેટલાય દર્દીઓની સેવાઓ કરી રહી છે.

૬૦ વર્ષ જૂની અને પરિપક્વ સંસ્થા અનુભવોના નિચોડ સાથે કાર્ય કરતી હોય ત્યારે તે ભવિષ્યનો વિચાર પહેલો કરે છે. સંસ્થાના ભવિષ્યના કાર્યોની ગણના કરીએ તો સંસ્થા ત્રીજું મેડિકલ સેન્ટર અને યુવાનો માટે ૨ નવા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની શરૂઆત કરશે.

શ્રી બીદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા જ્યારે પણ જરૂરતમંદ દર્દીઓને અમદાવાદ મેજર સર્જરી માટે મોકલવામાં આવે છે ત્યારે આપની સંસ્થા, એ દર્દી અને બરદાસીની સંપૂર્ણ રહેવા જમવાની અને સર્જરી માટેની સગવડો પૂરી પાડે છે. તે બદલ શ્રી બીદડા સર્વોદય ટ્રસ્ટ આપનો ખૂબ ખૂબ આભારી છે. ભવિષ્યમાં પણ જરૂરતમંદ દર્દીઓની વધુમાં વધુ સેવા કરશો એવો વિશ્વાસ છે.

આપ આપના ભવિષ્યના દરેક પ્રોજેક્ટ અને કાર્યોમાં સફળતા મેળવો એવી શુભેચ્છા સહ, શ્રી બીદડા સર્વોદય ટ્રસ્ટ આપની સંસ્થાને હંમેશાં સાથ સહકાર આપતું રહેશે.

***શ્રી બીદડા સર્વોદય ટ્રસ્ટ વતી***
***વિજય છેડા - ચેરમેન***

★

કચ્છી અસ્મિતા અને કચ્છ દર્શનને વિશ્વ ફલક ઉપર પ્રતિસ્થાપિત કરતો જે સમાજ છે એ સમાજોમાંથી કચ્છી જૈન સમાજે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે અને કચ્છથી બહાર કચ્છીયત - સેવાનાં કામ હોય, વિકાસના કામ હોય યા સહકારના કામ હોય તો અમદાવાદનો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - પાલડીનું નામ શ્રેષ્ઠત્તમ છે. આજે જ્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ એમની વિકાસ અને વિશ્વાસ યાત્રાના ૬૦ વર્ષ પૂરા કરી રહ્યા છે ત્યારે જો હું એક કચ્છી રીતે બિરદાવી ના શકું તો મારી ખોડ ગણાય. પાછલા ૨૫ વર્ષથી હું પોતે સંસ્થાના વિવિધ સેવાકીય કાર્યોનો સાક્ષી રહ્યો છું. પછી એ સ્વાસ્થ્ય સંબંધિત સેવાઓ હોય કે શિક્ષણ સંબંધિત સેવાઓ હોય કે પછી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગનું કામ હોય, સાથે સાથે કચ્છની સંસ્કૃતિ, સંસ્કાર, લોકજીવન, કચ્છી કલાકારોને પ્રોત્સાહન સંબંધિત કામ ઘણુંબધું કર્યું તો છે જ પણ સાથે સાથે કચ્છની જીવાદોરી સમાન નર્મદાના નીરને કચ્છ સુધી પહોંચાડવા સંસ્થાનો સિંહફાળો રહ્યો છે. સમય સમય પર રહેલા સંસ્થાના પ્રમુખોની કાર્યશૈલી અને સમજણ એમની જાતને એક વિશ્વ વિદ્યાલયના સ્વરૂપમાં સમાજને અનુભવ કરાવે છે. રાષ્ટ્ર ભક્તિ, રાષ્ટ્ર નિર્માણ તથા રાષ્ટ્ર સેવામાં અડીખમ રહેલી આ સંસ્થાના પૂર્વ પ્રમુખો તથા હોદ્દેદારોને જ્યારે હું યાદ કરું છું તો મને નિઃસ્વાર્થ સેવાની પ્રતીતિ થાય છે. આજે જ્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ એમની અવિરત સેવાનાં ૬૦ વર્ષ પૂર્ણ કરે છે ત્યારે બધા નામી અનામી સ્વર્ગસ્થ યા હયાત બધા જ ને નતમસ્તકે વંદન કરું છું અને શુભકામના પાઠવું છું કે આ સેવાની ભાગીરથી પૂર્વનાં ૬૦ વર્ષની જેમ ભવિષ્યના વર્ષોમાં પણ ચાલુ રહેશે.

***CA કૈલાસદાન કે. ગઢવી***
***પૂર્વ પ્રમુખ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***
***કાર્યકારી પ્રમુખ, આમ આદમી પાર્ટી - ગુજરાત***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ૬૦ વર્ષે ષષ્ઠીપૂર્તિ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે ત્યારે હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. શ્રી કચ્છી જૈન સેવા સમાજની વિકાસયાત્રા અને સેવા યાત્રાનો હું છેલ્લા ૨૦ વર્ષથી સાક્ષી છું. દરેક સમાજ કે જ્ઞાતિ પોતપોતાના પરિવારો માટે તો કંઈક ને કંઈક કરી જ છૂટે છે પરંતુ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેના મોટાભાગના પ્રકલ્પોમાં સર્વ સમાજની ચિંતા કરી અને સર્વજન સુખાય, સર્વજન હિતાયની વિભાવના સાથે મહાવીર સ્વામીની કરુણાને સાચા અર્થમાં ચરિતાર્થ કરી છે તેવું હું સ્પષ્ટપણે માનું છું. કોઈપણ કાર્ય કે પ્રોજેક્ટ આરંભે શૂરા હોય પરંતુ તેને લક્ષ સુધી પહોંચવા માટે અનેક વડીલોની સૂઝ, યુવાનોની મહેનત અને કૌશલ્ય અને દાતાઓની દિલેરી એક સાથે કામે લાગે ત્યારે કચ્છી જૈન સેવા સમાજ જેવી સેવાની

સરવાણીઓ ઊભી થતી હોય છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજની આ વણથંભી યાત્રા વિશે વિગતે લખવું હોય તો પુસ્તકો લખાય. પરંતુ આ પુણ્ય ઘડીએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ એક વિશેષાંક સ્વરૂપે શબ્દોમાં કંડારાઈ રહ્યો છે ત્યારે આ સંસ્થાને અહીં સુધી પહોંચાડવામાં જે જે લોકો સર્વ પ્રકારે યતકિંચિત રીતે સહયોગી બન્યા છે તે તમામને નતમસ્તકે વંદન સાથે આ વિશેષાંકના તંત્રીશ્રી અને પ્રકાશકશ્રીઓને પણ ખૂબ ખૂબ અભિનંદન.

*હિમાંશુ ઠક્કર*
*માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ*
*ઉપપ્રમુખ, શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન*

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની અત્યાર સુધીની કામગીરી પ્રશંસનીય રહી છે. એમાંયે ખાસ કરીને આરોગ્ય ક્ષેત્રે પ્રગતિ નોંધપાત્ર રહી છે.

માસિક મુખપત્ર ‘મંગલ મંદિર’ના ૫૦૦ અંક પ્રસંગે પણ આપને કચ્છ શક્તિ રાષ્ટ્રીય ઍવોર્ડ મળેલ છે.

આવાસ યોજના ક્ષેત્રે પણ આપની સંસ્થાની કામગીરી વખાણવાલાયક છે અને હા, સાંસ્કૃતિક ક્ષેત્ર કેમ ભૂલાય? કચ્છ સાંસ્કૃતિક મ્યુઝીયમ પણ આપે શરૂ કર્યું છે. અમદાવાદ સમાજે ૬૦ વર્ષ પૂરા કરેલ છે, તે પ્રસંગે શુભેચ્છા અને શતાબ્દિ પૂરી કરો ત્યારે યાદ કરશોજી.

*હેમરાજ શાહ*
*સંસ્થાપક અધ્યક્ષ, બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ*
*મો. ૯૮૨૧૧ ૨૨૨૩૬*

★

અમદાવાદના કચ્છી જૈન સેવા સમાજે એની ઉજ્જવળ કારકિર્દીના ૬૦ વર્ષ પૂરા કર્યા તે નિમિત્તે સમાજના પ્રત્યેક પરિવાર અને સંન્નિષ્ઠ કાર્યકરોને હાર્દિક અભિનંદન.

આ સમાજની વિશિષ્ટ બાબત એ છે કે, એની સામાજિક સેવાઓ મહદાંશે નાતજાતના ભેદભાવ વિના સર્વલક્ષી રહી છે. કચ્છી વિશ્રામ ગૃહ, કચ્છ મ્યુઝીયમ અને વ્યાપક તબીબી સેવાઓ એના જ્વલંત ઉદાહરણ છે. આ સમાજના મુખપત્રની સામગ્રી અને વાચક વર્ગ પણ સમાજ સીમિત નથી. હું આ સામયિક તેમજ બીજી કેટલીક પ્રવૃત્તિઓ સંદર્ભે જોડાયેલો રહ્યો છું, તેનું મને ગૌરવ છે.

આ અવસરે હું જૈન સમાજના સમસ્ત સભ્યો તેમજ કાર્યકરોને હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

*હંસરાજ કંસારા*
*માનદ્ સલાહકાર – કચ્છશ્રુતિ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ*

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૬૦ વર્ષ પૂર્ણ કરી ૬૧મા વર્ષમાં પ્રવેશ કરી રહેલ છે તેવા સમયે ટ્રસ્ટીગણ - હોદ્દેદારો તથા સમાજના સર્વે સભ્યોને ખૂબ ખૂબ શુભેચ્છા - ધન્યવાદ.

દરેક જ્ઞાતિઓ પોતાના સમાજના સંગઠન / કાર્ય માટે કામ કરતા હોય છે પરંતુ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પોતાના સમાજના કાર્ય ઉપરાંત જન સમુદાયને ઉપયોગી થાય તેવા આરોગ્યલક્ષી જેવા કે મેડિકલ સેન્ટર / ડાયાલિસિસ સેન્ટર – તે પણ એક નહીં પરંતુ ત્રણ ત્રણ સેન્ટરો શરૂ કરી સેવાનું કાર્ય કરી રહેલ છે તે માટે વિશેષ શુભેચ્છા ધન્યવાદ.

જ્ઞાતિના કાર્યમાં દાતાઓ સહયોગ કરે તે સ્વાભાવિક છે પરંતુ જનસમુદાયલક્ષી કાર્યમાં પણ પોતાનું અમૂલ્ય યોગદાન આપનાર કચ્છી જૈન સમાજના દાતાશ્રીઓને પણ ખરા દિલથી નમન.

આવા સુંદર વિચારોનું બીજ જેમણે પણ રોપેલ હોય તેવા પાયાના કાર્યકરો, હોદ્દેદારો તેમજ ટ્રસ્ટીગણને વંદન.

જય ભારત... જય કચ્છ...

*જગદીશભાઈ રવજીભાઈ ઠક્કર*

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ષષ્ઠીપૂર્તિ - ૬૦ વર્ષ નિમિત્તે આપણા માસિક ‘મંગલ મંદિ.ના વિશેષાંક પ્રકાશનનો આપે નિર્ણય કર્યો છે. અભિનંદન, શુભેચ્છાઓ. આપશ્રીના તા. ૧૭-૨-૨૩ના પત્રાનુસાર મારો લેખ, સૂચવેલા વિષય મુજબ સવેળા – ૧૦ માર્ચ પૂર્વે આપશ્રીને મોકલી આપીશ.

*પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર*
*પૂર્વ નિયામક - લોકભારતી*

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સેવાકીય ક્ષેત્રે ૬૦ વર્ષ પૂરા કરે છે તે માટે ભોજાય સર્વોદય ટ્રસ્ટ તેમને અભિનંદન પાઠવે છે. છ દાયકાની મંઝીલ ઘણા સંઘર્ષોને પડકાર આપી પૂર્ણ કરી છે. જે માટે અધિકારીઓની સુઝબુઝ અને મહાજન પરંપરાના આદર્શોનું અનુસરણ છે.

કચ્છનાં ગોઝારા ધરતીકંપ વખતે સંસ્થાએ માદરે વતન કચ્છની અમૂલ્ય સેવા કરી હતી. ભોજાય સર્વોદય ટ્રસ્ટ અને શ્રી કચ્છી જૈન સમાજે નાગ્રેચા ગામનું પુનર્વસન સંગાથે કર્યું હતું તેની યાદો અમારા સંસ્મરણોમાં સચવાયેલી છે.

કચ્છી જૈન સમાજે પાલડીમાં ડાયગ્નોસ્ટીક સેન્ટરનું નિર્માણ

કર્યું. તેની સાથે થોડા અંશે પણ સંકળાયેલા રહેવાનો અમને વિશેષ આનંદ છે. છેલ્લા દાયકામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે એની પ્રવૃત્તિઓની પાંખો ફેલાવી છે. ભોજાય સર્વોદય ટ્રસ્ટ આપનું અભિવાદન કરે છે અને માનવસેવાની પ્રવૃત્તિમાં અવિરત રચ્યા રહે એવી અંતઃકરણપૂર્વક ઇચ્છાઓ રાખે છે.

***લીલાધર ગડા***
***શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટ***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વર્ષ ૨૦૨૩માં પોતાના અસ્તિત્વના સાંઇઠ વર્ષ પૂરા કરે છે.

કોઈ પણ કાર્ય છ દાયકા સુધી વણઅટક્યે કરેવું એ શિસ્ત, પ્રતિબધ્ધતા, ટીમ વર્ક, નિષ્ઠા, ઉત્તમ નેતૃત્વ વગેરે માંગે છે અને એ પણ એક જ પેઢીમાં નહીં, પણ દરેક આવનારી પેઢીમાં માંગે છે. પ્રથમ પેઢી તો ઠીક છે, શું કરવાનું છે — ધ્યેય — તે બાબતે નિશ્ચિત હોય. તેમનું ધ્યેય સ્પષ્ટ હોય. પણ પછીની આવતી પેઢીઓ પણ એ જ ધ્યેય પ્રત્યે એવી જ પ્રતિબધ્ધ રહે એટલું જ નહીં, પણ તે ધ્યેયને સતત વિશાળ કરતી રહે તે મહત્ત્વનું હોય છે. અને તે માટે દરેક વર્તમાન પેઢીએ પછીની પેઢીને સતત તાલીમ આપતા રહેવું પડતું હોય છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજની છ દાયકાની પ્રવૃત્તિઓ પર નજર કરીએ છીએ તો કેટકેટલી પ્રવૃત્તિઓ તે કરે છે. શિક્ષણ, આરોગ્ય, સમાજસેવા, સાહિત્ય જેવી વિધવિધ પ્રવૃત્તિઓ જોવા મળે છે. અને આ દરેક પ્રવૃત્તિ સંભાળનારા કાર્યકરો આત્યંતિક નિષ્ઠાવાન જોવા મળે છે. પરિણામે અમદાવાદમાં રહેનારા કચ્છી લોકોને તેનો સતત લાભ મળતો રહે છે. એટલું જ નહીં, પણ તેમને નિરાંત હોય છે કે જરૂર પડ્યે આ સંસ્થા તેમની સાથે ઊભા રહેવા કટિબધ્ધ રહેશે. અને આરોગ્ય સેવા તો માત્ર કચ્છીઓ માટે જ નહીં, પણ સમગ્ર અમદાવાદના મધ્યમ વર્ગ માટે આશિર્વાદરૂપ રહી છે. આજે જ્યારે મેડિકલ સવાો ખૂબ જ ખર્ચાળ બનતી રહી છે, ત્યારે આ સંસ્થાની આરોગ્ય સેવા ખૂબ જ રાહત ભાવે લોકોને મળે છે.

સમાંતરે અમદાવાદ આવનાર માટે રહેવાની સગવડ પૂરી પાડવામાં આવે છે. સાથે 'મંગલ મંદિર' સામાયિક દ્વારા લખનારાઓની એક નવી પેઢી પણ તૈયાર થતી રહે છે. વાચકોને સાહિત્ય સાથે કચ્છ બાબતે પણ માહિતી મળતી રહે છે. સાથે તેના સંપાદકો દ્વારા કચ્છના વિવિધ પ્રશ્નો બાબતે પણ ચર્ચા ઉઠાવવામાં આવે છે અને સરકારને જાગૃત કરવાના સજાગ પ્રયાસો કરતા રહેવાય છે. કચ્છનો નર્મદાનો મુદ્દો આજે સરળતાથીકામ કરે છે તેમાં આ સંસ્થાના વડીલોની સરકારને સતત જાગૃત રાખવાની મહેનતે પણ પાયાનો ફાળો આપ્યો છે. કોરોના સમયે પણ સંસ્થાએ તાત્કાલિક સેવા આપવાનું જે અદ્ભુત કામ કરેલ, તે પણ દાદ માંગી લે છે.

આમ, આ સંસ્થાએ છેલ્લા છ દાયકા દરમિયાન દરેક પેઢીને શારીરિક અને બૌધ્ધિક જરૂરતો પૂરી પાડી સ્વસ્થ રાખી છે. આજે અમદાવાદ આવનાર દરેક વ્યક્તિને નિરાંત છે કે જરૂર પડશે તો આ સંસ્થા તેમને મદદ કરવા તત્પર છે.

આજે જ્યારે સંસ્થા સાતમા દાયકામાં પ્રવેશ કરે છે ત્યારે તેમને આદરપૂર્વક અભિનંદન આપવા સાથે આભાર પણ માનવાની ઇચ્છા થાય છે કે જ્યારે ચારેબાજુ કેવળ બજારમય વાતાવરણ છે, ત્યારે સેવાભાવથી કામ કરી સમાજને સ્વસ્થ રાખવાનું તે ખૂબ જ ઉપયોગી કામ કરે છે.

આવનારા દાયકાઓમાં પણ સંસ્થાની પ્રવૃત્તિઓ વિકસતી જશે અને આવનારી પેઢીઓને પણ ઉપયોગી બનશે તેવી પાકી શ્રદ્ધા છે.

આ છ દાયકા દરમિયાન સંસ્થાને ઉજ્જવળ અને ઉપયોગી રાખનાર દરેક પેઢીના વડીલોને અભિનંદ સાથે વંદન.

***હરેશ ધોળકિયા – ભુજ, કચ્છ***

★

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ષષ્ઠી પૂર્તિ એટલે...***

*સેવાની ષષ્ઠી પૂર્તિ*
*સંગઠનની ષષ્ઠી પૂર્તિ*
*સાહસની ષષ્ઠી પૂર્તિ*
*કચ્છીયતની ષષ્ઠી પૂર્તિ*
*માનવમૈત્રીની ષષ્ઠી પૂર્તિ*
*ખંતની ષષ્ઠી પૂર્તિ*
*શિક્ષણના ઉજાસની ષષ્ઠી પૂર્તિ*
*મીઠા મેળાવડાની ષષ્ઠી પૂર્તિ.*

***અમદાવાદના સમગ્ર સમાજને ખરા દિલથી અભિનંદન.***

***ગુલાબ દેઢિયા***

★

*સ્નેહી શ્રી પ્રતાપભાઈ,*

આપનો તા. ૧૦-૦૧-૨૦૨૩નો પત્ર મળ્યો. જે દ્વારા જાણીને આનંદ થયો કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ એપ્રિલ-૨૦૨૩માં ૬૦ વર્ષની સતત સેવા આપી ૬૧મા વર્ષમાં પ્રવેશ કરે છે અને આ પ્રસંગે ૨૦૨૩-૨૦૨૪ના વર્ષને ષષ્ઠીપૂર્તિ પર્વ તરીકે ઉજવવા જઈ રહ્યું છે. ૬૦ વર્ષનાં સમયગાળા દરમિયાન

સાતત્યતાપૂર્ણ જુદી જુદી સમાજઉપયોગી જનકલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ શ્રી કચ્છી જૈન સમાજે ચલાવી છે. એક જ્ઞાતિ આધારીત સંસ્થા હોવા છતાં બૃહદ્ સમાજ અને સર્વ સમાજના સમુદાય માટે સેવાકીય કાર્યો આપવાનું આદર્શકાર્ય આ સમાજે કર્યું છે તે સરાહનીય છે.

આ સમાજ સાથે શ્રી કચ્છી સમાજના માધ્યમથી નજીકની જાણવાનું અને તેના સેવાકીય કાર્યોમાં એક પ્રેક્ષક તરીકે નિહાળવાનો મોકો મને છેલ્લા ૨૫ વર્ષથી પ્રાપ્ત થતો રહ્યો છે. વિશિષ્ટરૂપે કચ્છના વિનાશક ભૂકંપ બાદ જે પુનઃસ્થાપિત કરવાની અને કચ્છની આફતને અવસરમાં ફેરવવાના પ્રયત્નો શ્રી કચ્છી જૈન સેવા સમાજે કરેલ તેમાં થોડે ઘણે અંશે સાથે રહી નજીકથી કામ કરવાનો અવસર પણ મને મળેલ. તે વખતે સમગ્ર કચ્છી જૈન સમાજે અન્ય સમાજોને સાથે રાખી પુનઃસ્થાપના માટેના પ્રયત્નો કર્યા તે યાદગાર સમયને હું હજુ પણ ભૂલી શકતો નથી.

શ્રી કચ્છી જૈન સમાજે ૬૦ વર્ષ દરમિયાન જે સેવાકીય કાર્યો હાથ ધરેલ છે તે અન્ય સમાજોને ઉદાહરણ આપનાર તેમજ પ્રોત્સાહિત કરનાર છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આરોગ્ય, સામાજિક, શૈક્ષણિક કાર્યો હાથ ધરી સમાજ નિર્માણના કાર્યો સાથે 'સ્કીલ ડેવલપમેન્ટ' જેવી રોજગારલક્ષી પ્રવૃત્તિઓનું વિસ્તરણ કરવા જઇ રહ્યું છે તે જાણી આનંદ થાય છે. સરકારે કરવાના કાર્યો કેટલેક અંશે સામાજિક સંસ્થાઓ ઉપાડી લે તો રાષ્ટ્રનો ઝડપી વિકાસ થાય તેવા સિદ્ધાંતને અનુરૂપ કાર્ય શ્રી કચ્છી જૈન સેવા સમાજ મારફતે થઇ રહ્યા છે તે જાણી ગર્વ સાથે અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આમ તો અન્ય કેટલાક સમાજની સરખામણીએ નાનો સમુદાય હોવા છતાં અન્ય સમાજોને ઉદાહરણરૂપ કાર્યો કરે છે તે માટે અભિનંદનને પાત્ર છે. હાથ ઉપરના કાર્યો અને ભવિષ્યની યોજનાઓ માટે ફરીથી શુભેચ્છા....

***CA ભાઈલાલભાઈ કે. પટેલ***
***માનદ્ મંત્રીશ્રી - સરદારધામ***

★

***પરમ શ્રદ્ધેય અશોકભાઈ,***

સવિનય અભિવંદે! જય જિનેન્દ્ર!

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પોતાની સેવા પ્રવૃત્તિના છ દાયકા પૂરા કરે છે એ સંસ્થાના પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડ સાહેબ તેમજ આપશ્રીની ઊર્મિલ વાતચીતથી જાણી ભાવવિભોર થયો છું.

સમાજની બહુવિધ તેમજ સર્વજીવ હિતાવહ પ્રવૃત્તિઓએ પ્રગટાવેલી સેવાની જ્યોત સમગ્ર રાષ્ટ્રમાં માણસાઈની દીવાદાંડી થઈ અન્ય સમાજોને પણ પ્રેરણા આપતી રહી છે.

જે પ્રમાણે ખોબામાં રહેલા પુષ્પો, ડાબા કે જમણાનો ભેદ કર્યા વિના, બેઉ હાથોને સુગંધિત કરે છે; જે રીતે શસ્ત્રના કે રસોડાના કથીરમાં ભેદ કર્યા વિના પારસમણિ બેઉને સમાન રીતે, સ્પર્શ માત્રથી સોનામાં પરિવર્તિત કરે છે તે જ પ્રમાણે આપણા આ સમાજે જૈન - જૈનેતરમાં ભેદ પરહરીને સહુને સમાનરૂપે લાભાન્વિત કરી ઋણી બનાવ્યા છે એનો જોટો મળવો મુશ્કેલ છે. આ રીતે સમાજ સહજ રીતે 'સુમન' અને 'પારસમણિ' પદને પામે છે.

સમાજની આવી પ્રવૃત્તિઓ પૈકી, રાજસ્થાન હોસ્પિટલ પાસેના અતિથિ ભવનની સૌજન્યસભર, નેત્રદીપક અને ઉદાહરણીય સેવાઓનો લાભ હું પોતેય લઈ ચૂક્યો છું અને તેથી આ તબક્કે સંસ્થાનું ઋણ સ્વીકારતાં હર્ષની લાગણી અનુભવું છું.

સમાજની ભદ્રંકર અને સર્વતોમુખી સેવાઓ, સમાજનું સમયે સમયે નેતૃત્વ કરતા મહાનુભાવોને સાચા અર્થમાં 'મહાજન' અને 'શ્રેષ્ઠી' તરીકે પ્રસ્થાપિત કરે છે.

આ તબક્કે એ સહુ અને અત્યારે સેવારત આપ સહુને એ માટે સાદર નમન નિવેદિત કરતાં ગૌરવ અનુભવું છું.

સંસ્થાની આ સેવાની સમુજ્વલ જ્યોત પ્રતિદિન વધુ પ્રકાશિત થવા રાષ્ટ્ર અને વિશ્વમાં વિલસે એવી ભાવના સાથે સહુને પુનઃ પુનઃ પ્રણમું છું.

***જયંતી જોષી 'શબાબ'***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે યશસ્વીપૂર્ણ કારકિર્દીના ૬૦ વર્ષની સેવા - સફર પૂર્ણ કરેલ છે જાણી હર્ષની લાગણી અનુભવીએ છીએ.

૬૦ વર્ષ પૂર્વે સંસ્થાના એ સમયના ટ્રસ્ટીઓ તથા પદાધિકારીઓએ સંસ્થાનું બીજ રોપ્યું, જેનું આજે એક મોટા વટવૃક્ષમાં નિર્માણ થયું છે તથા સમાજને અલગ અલગ પ્રવૃત્તિઓ દ્વારા છાંયડો આપી રહી છે.

સેવાભાવી ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ તથા કાર્યકરોએ નિઃસ્વાર્થ સેવા આપી જલસિંચન કર્યું, તેનું આ એક અદ્‌ભુત પરિણામ છે.

વિવિધ કમિટીઓ તરફથી આ ષષ્ઠીપૂર્તિ મહોત્સવની ઉજવણી જે સંપૂર્ણ વર્ષ દરમિયાન થશે તેના વર્ષ દરમિયાનના વિચારાયેલા કાર્યક્રમોની રૂપરેખા 'મંગલ મંદિર' માર્ચ ૨૦૨૩ અંક દ્વારા જાણી અત્યંત આનંદ થયો. સર્વે કમિટીના પદાધિકારી

તથા કાર્યકરોને અંતઃપૂર્વકના અભિનંદન.

સંસ્થા જ્યારે પણ દાન માટે ટહેલ મૂકે છે ત્યારે સમાજના ભામાશાઓ આગળ આવી દાનની ઝોળી છલકાવી દે છે. જેના લીધે સમાજોપયોગી કાર્યો થતા રહે છે. આ દાનવીરોને અભિનંદન. ભવિષ્યમાં પણ આવા સમાજોપયોગી કાર્યો થતા રહેશે એમાં બેમત નથી.

સર્વે ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ તથા સંન્નિષ્ઠ કાર્યકરોને અમારા હૃદયપૂર્વકના અભિનંદન.

ભવિષ્યમાં પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વધુ ફૂલેફાલે તથા સેવાના કાર્યોની સુવાસ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ફેલાય એવી હૃદયની શુભેચ્છા.

***ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક***
***ડૉ. દિપ્તી શાહ, મનોચિકિત્સક***

★

આપણો સમાજ વર્ષોથી દરેક સમાજને મદદરૂપ અને તેમના ઉત્થાન માટે તત્પર રહ્યો છે અને આપણા દાનવીર શ્રેષ્ઠીઓ સમાજના અગ્રણીઓ અને મોભીઓને કારણે આપણો સમાજ લોકોપયોગી વિવિધ કાર્યો કરતો રહ્યો છે.

પાલડી ખાતેના મેડિકલ સેન્ટરની શરૂઆત આયુર્વેદ, ડેન્ટલ અને ફિઝીયોથેરાપી વિભાગથી કરવામાં આવી અને આ સંસ્થાના ઉપક્રમે આયુર્વેદ વિભાગનો શુભારંભ કરવામાં મારો સિંહફાળો રહ્યો, તેનો મને અત્યંત આનંદ છે.

ટુંક સમયમાં આપણે પંચકર્મ વિભાગ પણ શરૂ કર્યો. ખૂબ સારા પરિણામ સાથે આ વિભાગ આજે પણ કાર્યરત છે અને આપણા સમાજના પ્રયત્નોથી હજી પણ ઉત્તરોત્તર પ્રગતિ ચારે દિશામાં થઈ રહી છે. અને તે માટે મારી અંતઃકરણની શુભેચ્છા પાઠવું છું.

***ડૉ. ગાર્ગી વસાવડા (સંગોઈ) (કપાયા, અમદાવાદ)***

## નારી સશક્તિકરણના સાંપ્રત સમયમાં
## નેહા ભેદાની અપ્રતિમ, અતુલ્ય અને અવિસ્મરણીય સાહસિક સિદ્ધિ!

શ્રી કુંવરજી ધનજી ભેદા (ભુજપુર)ની પૌત્રી, માતુશ્રી ભાનુમતિ કિશોર ભેદા (હાલે કોલાપુર)ની સુપુત્રી તથા શ્રી શામજી કચરા કક્કા (બેરાજા)ની દોહિત્રી **નેહા ભેદા (મુલુંડ)**એ પશ્ચિમ ભારતના દરિયાઈ પટ્ટાથી શરૂ કરી મહારાષ્ટ્ર, માલવણ, ગોવા, કર્ણાટક, કેરળમાંથી પસાર થઈ પૂર્વીય દરિયાઈ પ્રદેશો જેવા કે ટુથુકૂડી રામેશ્વરમ, ધનુષકોડી, તામિલનાડુ, આંધ્રપ્રદેશ, ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ, કલકત્તાથી ઝારખંડ અને છત્તીસગઢ રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાંથી પસાર થઇ નાગપુર, નાસિક થઇ મુંબઈનો ૭૭૦૦ કિ.મી.નો પ્રવાસ માત્ર ૪૫ દિવસમાં એક્ટીવા 6G ઉપર ૪૦થી ૪૫ કિલો જેટલા વજન સાથે પૂર્ણ કરી એક બેનમૂન સાહસિકતાના દર્શન કરાવેલ છે. કેટલાક રોકાણો અને અપવાદો બાદ કરીને બાકીના દિવસોમાં રોજના અંદાજિત ૨૫૦થી ૩૦૦ કિ.મી. જેટલો પ્રવાસ કરી એણે પોતાની શારીરિક સૌષ્ઠવની પ્રતીતિ કરાવેલ.

આ પ્રવાસ દરમિયાન તેને અનેક પડકારોનો સામનો કરવો પડ્યો હતો જેવા કે ઊંચા નીચા, પથરાળ, સાંકડા, ગિરદીવાળા કે રેતાળ રસ્તાઓ, એકલી સ્ત્રીને નિયમોને આધીન હોટલોમાં ઉતારો ન મળવો, ભાષાની અડચણ, ધોરીમાર્ગ ઉપર ડ્રાઇવરની બેફામ ડ્રાઇવિંગ વચ્ચે વજન સાથેની સ્કુટીને સલામત રીતે હંકારવી વગેરે વગેરે.

અલીબાગ માલવણ અને ચિતારી બીજ ઉપર એક સ્ત્રી તરીકે ટેન્ટમાં સામાન સાથે એનો રાત્રી રોકાણનો અનુભવ ખૂબ જ પડકારજનક હતો. એ એનું એક કાયમનું સંભારણું બની રહેશે.

અંતરિયાળ ગામવાસીઓનો મળેલો પ્રેમ, આવકાર, પ્રીતિભોજન, રાત્રી રોકાણ માટે આગ્રહ કરી આપેલ સગવડ વગેરેના થયેલ સુખદ અનુભવો એ એના માટે કાયમના સંભારણા બની રહેશે.

નેહા ભેદા આવું અજોડ સાહસ કરનાર જૂજ સ્ત્રીઓમાંની એક હશે. સંભવતઃ કદાચ એક જ હશે. આપણા ગુજરાતી સમાજમાં તો પહેલી જ હશે!

***સ્ત્રી સ્વરૂપે કરેલ આ અનન્ય સાહસ બદલ 'નેહા' તને ખૂબ ખૂબ અભિનંદન સહ ધન્યવાદ!!***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો

| ક્રમ | વિગત | કલર | આખું પાનું | અડધું પાનું | પા પાનું |
|---|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં.-૪ | મલ્ટી કલર | રૂા. ૭,૦૦૦ | — | — |
| ૨. | કવર પેજ નં. ૨ | મલ્ટી કલર | રૂા. ૬,૫૦૦ | — | — |
| ૩. | કવર પેજ નં. ૩ | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | — | — |
| ૪. | કવર પેજ નં. - ૨ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | | |
| ૫. | કવર પેજ નં. - ૩ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૫૦૦ | | |
| ૬. | અંદરનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૦૦૦ | | |
| ૭. | અંદરનું પાનું | સીંગલ કલર | રૂા. ૪,૦૦૦ | | |
| ૮. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૨,૦૦૦ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ |
| ૯. | સાદા પાનાની નીચે ૧'' સાઈઝની બોટમ પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫૦૦ | | |

*જાહેરાતના અત્રે દર્શાવેલ દરમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

**નોંધ :**
૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

**જાહેરાતની સાઈઝ :** (૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી. | (૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી. | (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

**વિઝીટીંગ કાર્ડ સાઈઝ જાહેરાત : ૧૨ મહિનાના ભાવ**

*જાહેરાતના અત્રે દર્શાવેલ ભાવમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

| ક્રમ | વિગત | કલર | સાઇઝ | એમાઉન્ટ |
|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં – ૪ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૫,૦૦૦ |
| ૨. | કવર પેજ નં – ૨ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૦,૦૦૦ |
| ૩. | કવર પેજ નં – ૩ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૫,૦૦૦ |

*નોંધ : દરેક વિઝીટીંગ કાર્ડ સાઈઝના જાહેરાતના ૧૨ મહિનાના ડિસ્કાઉન્ટ સાથેના ભાવ છે.*

## મંગલ મંદિરનું લવાજમ

**● મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ છે ●**

- *૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-*
- *૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-*
- *૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-*
- *૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-*
- *૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

- *સંસ્થાનું નામ* : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ [Shree Kutchhi Jain Seva Samaj - Ahmedabad]
- *બેંક* : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- *એકાઉન્ટ નંબર* : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032]
- *IFSC કોડ* : CNRB0017007

# નિમંત્રણ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ

સંચાલિત

## પરમકૃપા ચેરિટેબલ ફાઉન્ડેશન

પ્રાયોજિત

# પરમકૃપા મેડિકલ સેન્ટર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદનું એક નવું નજરાણું

તૃતીય મેડિકલ સેન્ટરનું ચાંગોદર ખાતે ઉદ્‌ઘાટન

શુક્રવાર તારીખ 7 એપ્રિલ, ૨૦૨૩

સવારે ૧૦ કલાકે

**સરનામું**

F F, 1 / 2 ડેફોડિલ્સ એવન્યુ,
ગાય છાપ બેસનની સામે,
મોરૈયા - સરખેજ - બાવલા હાઈવે,
ચાંગોદર, અમદાવાદ

**: નિમંત્રક :**

શ્રીમતિ બેલા મજમૂંદાર | જયેશ મજમૂંદાર

પરમકૃપા ચેરિટેબલ ફાઉન્ડેશન

રજનીકાંત ધરમશી પારેખ
માનદ્ મંત્રી

પ્રતાપ નારણજી દંડ
પ્રમુખ-મેનેજીંગ ટ્રસ્ટી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# કાર્યક્રમની રૂપરેખા

સવારના ૧૦.૦૦ થી ૧૦.૩૦ વિવિધ વિભાગોનું ઉદ્‌ઘાટન

સવારના ૧૦.૩૦ થી ૧૨.૩૦ - ઉદ્‌ઘાટન સમારંભ

અતિથિ વિશેષશ્રીઓ અને અન્ય મહાનુભાવોનું સ્વાગત,
બહુમાન, પ્રવચનો અને આભારવિધિ

બપોરના ૧૨.૩૦ થી ૧.૩૦ - સમૂહ ભોજન

## સમારંભ પ્રમુખશ્રી

ષષ્ઠ પીઠાધિશ્વર પ.પૂ.ગો.૧૦૮
શ્રી દ્વારકેશલાલજી મહારાજ

## મુખ્ય મહેમાન

શ્રી અનિલભાઈ ધામેલિયા, જિલ્લા વિકાસ અધિકારી

## પરમકૃપા મેડીકલ સેન્ટરના ઉદ્‌ઘાટક

શ્રી રાજુભાઈ શાહ, પ્રમુખશ્રી ચાંગોદર ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન

## અતિથિ વિશેષશ્રીઓ

શ્રી આનંદલાલ મજમૂંદાર - હેમલોન ઈન્ડસ્ટ્રીઝ
શ્રી હરીશભાઈ રંગવાલા - હર્ષા એન્જિનિયર્સ
ડૉ. ધીરેન શાહ - ચીફ કાર્ડીયોલોજીસ્ટ, સીમ્સ હોસ્પિટલ
શ્રી નંદલાલ ખાનચંદાની - ખાનચંદાની બ્રધર્સ
શ્રી રાજેશભાઈ મજીઠીયા - બાગબાન ગ્રૂપ
શ્રીમતી સંગીતા રાજુભાઈ ગાલા - નવનીત ફાઉન્ડેશન
શ્રીમતી કવિતા સંદીપભાઈ ગાલા - નવનીત ફાઉન્ડેશન
શ્રી પારસભાઈ સાવલા - દીપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

# પરમકૃપા મેડિકલ સેન્ટર
# વિવિધ વિભાગના ઉદ્ઘાટનો

| વિભાગ | ઉદ્ઘાટકનું નામ | દાતાશ્રી |
|---|---|---|
| પરમકૃપા મેડિકલ સેન્ટર | શ્રી રાજુભાઈ શાહ | પરમકૃપા ચેરિટેબલ ફાઉન્ડેશન |
| સ્કીન વિભાગ | શ્રી ભગવદ્ભાઈ શાહ | મહર્ષિ ગ્રુપ |
| એક્સ-રે વિભાગ | શ્રી હરીશભાઈ રંગવાલા | હર્ષા એન્જિનિયર્સ ઈન્ટરનેશનલ લિ. |
| સોનોગ્રાફી વિભાગ | શ્રીમતી બેલાબહેન જયેશભાઈ મજમૂંદાર | |
| આંખ વિભાગ | શ્રીમતી ચારૂશીલાબેન રંગવાલા | મુંજાલ રંગવાલા ચેરિટેબલ ટ્રસ્ટ |
| પેથોલોજી લેબોરેટરી | શ્રી ભદ્રેશભાઈ શાહ | AIA એન્જીનીયરીંગ લિ. |
| ડેન્ટલ વિભાગ | શ્રીમતી હેતશ્રી મજમૂંદાર<br>શ્રીમતી પ્રિયા મજમૂંદાર | |
| ગાયનેકોલોજી વિભાગ | શ્રી ધર્મેશભાઈ શાહ | એલીટ્સ (ELITS) કેમીકલ્સ |
| ઓર્થોપેડીક વિભાગ | શ્રી નારણભાઈ પાઘડાર | શ્રી નારણભાઈ ખીમજીભાઈ પાઘડાર પરિવાર |
| જનરલ સર્જરી વિભાગ | શ્રી નંદલાલ ખાનચંદાની | ખાનચંદાની બ્રધર્સ |
| પીડિયાટ્રીક વિભાગ | શ્રી પ્રતાપભાઈ દંડ | સંતશ્રી વૈરાગીબાબા સેવા સંસ્થાન |
| મેડીસીન વિભાગ | શ્રી સૂર્યકાન્ત આચર | સ્વ. શ્રીમતી જયાબેન મોતીલાલ શેઠ |
| ઈ.એન.ટી. વિભાગ | શ્રી નિલેશભાઈ સેવક | ઈન્ડોરામા ઈન્ડિયા પ્રા. લિ. |
| દવા વિતરણ વિભાગ | શ્રી મીતેષભાઈ શાહ | સમીપ કમ્પોઝીટ |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સુહાની સફર

- માતુશ્રી કંકુબેન કાનજી રવજી (નાની ખાખરવાળા) શ્રી કચ્છી જૈન સેવા ભવન, એસ.ટી.સ્ટેન્ડ પાસે, ગીતા મંદિર અમદાવાદ.
- માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન સેવા ભવન, પાલડી અમદાવાદ.
- નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.
- ધી ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન પ્રાયોજીત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ શાહીબાગ, અમદાવાદ.
- નવનીત ભવન આવાસ યોજના, બહેરામપુરા અમદાવાદ.
- શ્રી ધીરજલાલ ટોકરશી કાપિડયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ અમદાવાદ.
- કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમ, શાહીબાગ, અમદાવાદ.
- નવનીત મેડિકલ સેન્ટર - કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ OPD સેન્ટર તથા દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ.
- નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ.
- ડૉ.ચંદ્રકાન્ત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, એસ.ટી. સ્ટેન્ડ પાસે, ગીતામંદિર, અમદાવાદ.
- શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન કૌશલ્ય વિકાસ કેન્દ્ર, એસ.ટી. સ્ટેન્ડ પાસે, ગીતામંદિર અમદાવાદ.
- પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર.

છેલ્લા ૪૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫

ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com

વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **મહેન્દ્ર દોશી – સભ્ય**
  **મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૭૦૬૯**

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા


- મંગલ મંદિર વિશેષાંક : સૌજન્ય દાતાશ્રીઓ ........ ૫
- શુભેચ્છા સંદેશ ........ ૭-૧૯
- 'મંગલ મંદિર' માસિકના જાહેરાતના દરો ........ ૨૦
- 'મંગલ મંદિર'નું લવાજમ ........ ૨૦

**તંત્રી લેખ :**

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : ૬૦ વર્ષની સફર ........ **અશોક મહેતા** ..... ૨૮

**સંપુટ – ૧**

- પ્રસ્તાવના ........ **ફાલ્ગુની હિરેન** ..... ૩૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ગઈકાલ અને આજ ........ **ફાલ્ગુની હિરેન** ..... ૩૨
- સમાજની સફર ........ **ફાલ્ગુની હિરેન ● અશોક મહેતા** ..... ૩૮
- શ્રી કચ્છી જૈન ભવન – પાલડી ........ **ફાલ્ગુની હિરેન** ... ૧૦૪
- મેડિકલ સેન્ટર – પાલડી ........ **ફાલ્ગુની હિરેન** ... ૧૧૨
- નવનીત મેડિકલ સેન્ટર – બોપલ અને નવનીત ડાયાલિસિસ સેન્ટર – બોપલ ........ **અશોક મહેતા** ... ૧૨૭
- "મંગલ મંદિર" ........ **ફાલ્ગુની હિરેન** ... ૧૨૯
- "મંગલ મંદિર" : ઉડતી નજરે ........ **ફાલ્ગુની હિરેન** ... ૧૪૩
- ધરતીકંપ : ૨૦૦૧ ........ **ફાલ્ગુની હિરેન** ... ૧૪૫
- લગ્ન-સગપણ પરિચય મેળા ........ **ફાલ્ગુની હિરેન** ... ૧૪૮
- શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળ ........ **ફાલ્ગુની હિરેન** ... ૧૪૯

**સંપુટ – ૨**

- મંગલ મંદિર : એપ્રિલ-૨૦૨૩ : શ્રેષ્ઠ લેખ ........ ૧૫૨

**કચ્છ**

- કચ્છનો ઈતિહાસ ........ **વનરાજસિંહ જાડેજા** ... ૧૫૩
- કચ્છ : પ્રાચીનથી અર્વાચીન ........ **વનરાજસિંહ જાડેજા** ... ૧૫૬
- કચ્છનું ઉદ્યોગીકરણ ........ **ભાવિન વોરા** ... ૧૫૮
- કચ્છનું શિક્ષણ : 'બ્રાન્ડેડ' બનવાની અઢળક તકો ........ **હરેશ ધોળકિયા** ... ૧૬૦
- કચ્છનું રણ સફેદ રણ કેમ છે? ........ **સંકલન : ચૌલા કુરૂવા** ... ૧૬૨
- ધોળાવીરાના ખેડૂતોની કથા અને વ્યથા ........ **લીલાધર માણેક ગડા 'અધા'** ... ૧૬૩
- દરિયાપટ પર સાગરસુતના કિરદાર! ........ **હસમુખ અબોટી 'ચંદન'** ... ૧૬૬
- તબીબી ક્ષેત્રે કચ્છની સામાજિક સંસ્થાઓનું યશસ્વી યોગદાન ........ **પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર** ... ૧૭૦
- કચ્છની ખાડીઓમાં ચેરના જંગલ, દરિયામાં તરતા ઊંટ ડોલ્ફિન અને પ્રવાસન ........ **કીર્તિ ખત્રી** ... ૧૭૪

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## કચ્છનું પુરાતત્ત્વ


- કચ્છમાં સિંધુ સંસ્કૃતિ (પૌરાણિક અવશેષો ધોળાવીરા) ........................ **ડૉ. જેઠો લાલવાણી**... ૧૭૬
- વિશ્વની સૌથી પ્રાચીન સેલોર ધોળાવીરામાં! .......................................... **સંજય પી. ઠાકર**... ૧૮૧
- રાપર તાલુકાના સાનગઢ નજીક પાંડવકાળની જગ્યા : ધૂળકુટ............ **ડૉ. મિહિર એમ. વોરા**... ૧૮૨
- કચ્છના પ્રવાસનનો ઊગતો સૂરજ : ધોળાવીરા .......................................... **દીપક માંકડ**... ૧૮૪
- વૈશ્વિક ધરોહર ધોળાવીરાની જી-૨૦ દેશના પ્રતિનિધિઓએ
  મુલાકાત લીધી : નગર આયોજનથી પ્રભાવિત થયા........................ **ડૉ. મિહિર એમ. વોરા**... ૧૮૬


## કેન્દ્રીય બજેટનું અવલોકન


- કેન્દ્રીય બજેટ ૨૦૨૩-૨૪ ................................................................ **પી. કે. લહેરી**... ૧૮૮


## વિવિધા


- કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ .............................................. **હંસરાજ કંસારા**... ૧૯૦
- 'મહાજન'નું બિરૂદ સાચું ઠેરવતી જૈન સમાજની ગૌરવગાથા ............ **ડૉ. કાંતિ ગોર 'કારણ'**... ૧૯૨
- કોડાયની કલ્પલતા : સદાગમ સંસ્થા અને પ્રવૃત્તિ ...................................... **નિરૂપમ છાયા**... ૧૯૫
- કંઢોરા : એક અંકમાં ઘર અને બે અંકમાં વસતી ધરાવતું
  એક પરિવારનું નિર્વ્યસની - સ્વનિર્ભર અનોખું ગામ .............................. **જગદીશચંદ્ર છાયા**... ૧૯૭
- કચ્છનાં નૂતન તીર્થધામો
  છેલ્લા સાંઇઠ વર્ષમાં નિર્માણ પામેલા દર્શનીય સ્થાનોની ઝાંખી .......... **ભરત'કુમાર' પ્રા. ઠાકર**... ૧૯૯
- શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
  માન્યામાં ન આવે તેવી શાળા .................................................. **સંકલન : ચૌલા કુરૂવા**... ૨૦૩
- સ્ત્રી ............................................................................... **શ્રીમતી ફાલ્ગુની હિરેન**... ૨૦૫
- સાત્ત્વિક પાન ............................................................................ **અનામિકા ગાલા**... ૨૦૭
- ભારતના સર્વાંગી વિકાસ માટે મહત્ત્વપૂર્ણ યુવા શક્તિ ............................ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**... ૨૦૮
- જીવનશૈલી આવનારા દાયકામાં ............................. **ડૉ. મણિલાલ ગડા / ડૉ. દિપ્તી ગડા**... ૨૦૯
- ડોલી : કચ્છી વાણી રાણીજી! .................................................. **જયંતી જોષી 'શબાબ'**... ૨૧૧
- કચ્છડો તો દિલડામાં .................................................................. **ડૉ. ચંદ્રકાંત ત્રિવેદી**... ૨૧૩
- ચાલુ વર્ષે માઉન્ટ એવરેસ્ટ સર કરવાની ખેવના રાખતી : નિશાકુમારી ....... **મનીષ જોષી 'મૌન'**... ૨૧૪


## તીર્થ દર્શન


- દર્શન-૨૬ : શ્રી શંખલપુર તીર્થ (શ્રી શાંતિનાથ ભગવાન)
- દર્શન-૨૭ : શ્રી તારંગા તીર્થ (શ્રી અજિતનાથ ભગવાન)........... **પ્રેષક : કે.ડી. શાહ**.. ૨૧૫


## તંદુરસ્તી


- અલ્ઝાઈમર / ડિમેન્શિયા ........................................................ **વસંત 'કચ્છ કેસરી'**... ૨૧૬


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

## વ્યક્તિ વિશેષ


- પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહના 'કચ્છી મિત્ર'ની કથા ........ **વસંત ઉમરશી મારૂ**.... ૨૧૭
- ૭૬ વર્ષના 'યુવાન' શાંતિલાલભાઈ ડુંગરશી મારૂની કથા... ........ **વસંત ઉમરશી મારૂ**.... ૨૧૯
- ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન - મુંબઈના પ્રમુખ વિજ્ઞેશ ભેદાની કથા ........ **વસંત ઉમરશી મારૂ**.... ૨૨૧
- કરાંચીમાં બ્રિટીશરોને હંફાવનાર કચ્છી સપૂત : દેવજી જોશી ........ **નરેશ અંતાણી**.... ૨૨૨


## સંપુટ – ૩

## જ્ઞાન વિજ્ઞાન


જ્ઞાન વિજ્ઞાન ........ **સંકલન : રસીક ખીમજી મહેતા**.... ૨૨૬


## દેશ વિદેશ


- દેશ - વિદેશ ........ **ચૌલા કુરૂવા**.... ૨૨૮


## અન્ય સંસ્થાઓના સમાચાર


- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૨૩૪


## નિયમિત વિભાગો


- આંજો કાગર ........ ૨૩૬
- *Nano Nine* શબ્દ રમત-૧૯૩ ........ **સંકલન : રજનીકાંત પારેખ**.... ૨૩૭
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૫૧) ........ **સંકલન : રજનીકાંત પારેખ**.... ૨૩૯


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર


- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ ૨૪૦
- કેન્સરના દર્દીઓ માટે કરુણાલય ........ ૨૪૪
- રવિવાર, તા. ૧૨-૩-૨૦૨૩ના રોજ મળેલ કારોબારી સમિતિની મીટિંગનો અહેવાલ ........ ૨૪૫
- મંગળવાર, તા. ૨૧-૩-૨૦૨૩ના રોજ મળેલ કારોબારી સમિતિની મીટિંગનો અહેવાલ ........ ૨૪૫
- મેરેજ બ્યુરો સમિતિ ........ ૨૪૬
- ગૃહ ઉદ્યોગ સમિતિ ........ ૨૪૬
- વયસ્ક સમિતિ ● મહિલા ઉત્કર્ષ સમિતિ ● નવનીત મેડિકલ સેન્ટર - બોપલ ........ ૨૪૭
- સમાજ દર્પણ ........ ૨૪૭
- સાભાર સ્વીકાર ● શુભેચ્છા સહ અભિનંદન ● નવનીત મેડિકલ સેન્ટર - પાલડી ........ ૨૪૮


## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો


- પુસ્તક ........ **જસ્મીન દેસાઇ 'દર્પણ'**.... ૧૭૫
- હાઈકુ ........ **દિલીપ આચાર્ય 'દિલકશ'**.... ૧૮૯
- ઘણી ........ **મનીષા અજય વીરા 'મન'**.... ૨૦૪
- હશે ........ **નેહા શાહ 'નેહ'**.... ૨૩૮

તંત્રીલેખ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# ૬૦ વર્ષની સફર



અશોક મહેતા

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ષષ્ઠીપૂર્તિ મહોત્સવનો પ્રથમ કાર્યક્રમ શુક્રવાર, તા. ૭-૪-૨૦૨૩ના રોજ સમાજના ત્રીજા મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટનથી પ્રારંભ થયેલ છે. આ સેન્ટર કાર્યરત કરવામાં પરમકૃપા ચેરીટેબલ ફાઉન્ડેશનના શ્રી જયેશભાઈ મજમુદાર અને તેમના પરિવારનો લગભગ પૂર્ણપણે સહયોગ પ્રાપ્ત થયેલ છે. બાકી રહેતો સહયોગ ચાંગોદર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ શ્રી રાજુભાઈ શાહ અને શ્રી જયેશભાઈ મજમુદારના સંયુક્ત પ્રયાસોથી પૂર્ણ થયેલ છે. ચાંગોદર ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં હાલે લગભગ ૫૦ હજાર જેટલા કારીગરો કાર્યરત રહે છે. સાથે સાથે આજુબાજુના ગામોમાં પણ સ્થાનિકે સારી એવી વસતી રહેવા પામેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સિદ્ધાંત અનુસાર મેડિકલ સેન્ટરના દરેક વિભાગ નજીવા દરે જ કાર્ય કરવાના હોવાથી આ દરેક વર્ગને તેમની મેડિકલ જરૂરિયાતમાં ખૂબ જ ફાયદો થવા પામશે.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ષષ્ઠીપૂર્તિ મહોત્સવના ૬૦ વર્ષની સફરની વાત કરીએ તો વર્ષ ૧૯૬૩માં અમદાવાદ ખાતે સ્થાપિત થયેલ કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળના કાર્યકરોએ ખૂબ જ મોટું મન રાખી તથા દીર્ઘદૃષ્ટિને નજર સમક્ષ રાખીને આ મંડળને વર્ષ ૧૯૭૦માં શ્રી કચ્છી જૈન સમાજમાં ફેરવી અમદાવાદમાં સ્થાપિત થયેલ દરેક ફિરકાના કચ્છી જૈન સમાજના પરિવારોને પોતાના સંગઠનમાં સામેલ કર્યા.*

*શ્રી કચ્છી જૈન સમાજે શરૂમાં માત્ર જ્ઞાતિગત કાર્યો હાથ પર લઈ પ્રથમ પોતાના સંગઠનને મજબૂત બનાવ્યું. આ સમાજના કર્ણધારો ખૂબ જ દીર્ઘદૃષ્ટિ ધરાવતા હોવાથી તેઓએ આ સમાજને જ્ઞાતિગત કાર્યો સિવાય સમગ્ર ભારતના જન સમુદાયને તેનો લાભ મળી રહે તેવા કાર્યો હાથ પર લેવાના શરૂ કર્યા. કચ્છમાં વૃક્ષારોપણ, જેટ્રોફા (રતન જ્યોત)ની ખેતી માટે કચ્છના બધા જ ૧૦ તાલુકા મથકે તેને લગતા સેમિનારો, કચ્છને ફાળવાયેલા નર્મદા નદીના પાણી કચ્છમાં જલ્દી પહોંચે તે માટે સરદાર સરોવર નર્મદા નિગમ અને ગુજરાત સરકાર સાથે વાટાઘાટો કરી તે કાર્યો તરતમાં શરૂ કરાવડાવ્યા.*

*ત્યાર પછી આ સમાજની પ્રગતિનો વધુ એક તબક્કો શરૂ થયો.*

*અમદાવાદમાં વિવિધ સ્થળે અતિથિ ભવનો તૈયાર કરી ખૂલ્લા મૂકાવડાવ્યા. જરૂરિયાતવાળા લોકો માટે આવાસ યોજના કરી. મેડિકલ સેન્ટર તથા ડાયાલિસિસ સેન્ટરની એક પછી એક સ્થાપના કરી. મેડિકલ સેન્ટર ખૂબ જ કિફાયતી દરે અને ડાયાલિસિસ સેન્ટર નિઃશુલ્ક રીતે ચાલે તેવા પ્લાનિંગ કરી આગળ વધ્યા. આજે અમદાવાદમાં ત્રણ સ્થળે મેડિકલ સેન્ટર અને ૩ સ્થળે ડાયાલિસિસ સેન્ટર આ સમાજ દ્વારા કાર્યરત રહેવા પામેલ છે.*

*સાથે સાથે કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ, વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો, ઉચ્ચ અભ્યાસ માટે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન, મહિલા ઉત્કર્ષની પ્રવૃત્તિઓ, યુવા વિકાસ પ્રવૃત્તિઓ, વડીલ વર્ગ માટેના કાર્યક્રમો, બ્લડ ડોનેશન અને અંગદાન જેવી પ્રવૃત્તિઓ પણ ચાલુ રાખવામાં આવી.*

*આ બધા કાર્યોને પાર પાડવા સારી એવી સંખ્યામાં કાર્યકરોનું જૂથ જોઈએ કે જે શરૂથી જ આ સમાજ સાથે જોડાઈ જવા પામતા રહ્યા છે.*

*૬૦ વર્ષની સફર પછી આ સમાજ જે મુકામે પહોંચેલ છે તેનાથી સહુને ગર્વ ઉપજે તેવી પરિસ્થિતિ નિર્માણ પામેલ છે. ભૂતકાળમાં ભારતના નાયબ વડાપ્રધાન શ્રી અડવાણીજી, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા, વિધાનસભાના તત્કાલીન અધ્યક્ષ શ્રી ધીરજભાઈ શાહ, અન્ય પ્રધાનશ્રીઓ અને છેલ્લે છેલ્લે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, વિધાન સભાના તત્કાલીન અધ્યક્ષા શ્રીમતી નીમાબેન આચાર્ય, અ.મ્યુ.કો.ના તત્કાલીન મેયર તથા અન્ય ઉચ્ચ હોદ્દેદારો આ સમાજની મુલાકાત લઈ ચૂકેલ છે.*

કોઈને પણ ગર્વ ઉપજાવે તેવી સમાજની આ ૬૦ વર્ષની સફરના સમયે આપણે આપણા એ દીર્ઘદ્રષ્ટિવાળા અને અત્યંત જહેમત ઉઠાવનાર કાર્યકરોને યાદ કરીએ તો તેમના નામો નીચે મુજબ તરી આવશે.

સ્વ. શ્રી માવજી ધારશી ફુરિયા, સ્વ. શ્રી હીરજી પાસુ શાહ, સ્વ. શ્રી મુળજી નરશી લોડાયા, સ્વ. શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા, સ્વ. પ્રેમીલાબેન ઉમરશીભાઈ કુરુવા, સ્વ. શ્રી બાબુભાઈ વીરમ શાહ, સ્વ. શ્રી ખીમજીભાઈ આણંદજી લાલકા, સ્વ. શ્રી પોપટલાલ નેણશી ધરોડ, સ્વ. શ્રી સૂરજલાલભાઈ મહેતા, સ્વ. શ્રી કાંતિલાલ વેલજી સાવલા, સ્વ. શ્રી મણિલાલ કુંવરજી ગોસર, સ્વ. શ્રી વિરેન્દ્ર આસારીયા શાહ, સ્વ. શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા, સ્વ. શ્રી કિશોર મૂળજી લાલકા, સ્વ. શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ, સ્વ. શ્રી આણંદજી વેલજી વીરા, સ્વ. શ્રી બાબુભાઈ કેશવજી શાહ, સ્વ. શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી, સ્વ. શ્રી મણિલાલ નાનજી ગાલા, સ્વ. શ્રી બચુભાઈ હીરજી રાંભિયા અને અન્ય કાર્યકરો જેઓ હવે આપણી વચ્ચે રહી શકેલ નથી.

સ્વ. શ્રી ખુશાલ પોપટલાલ શાહ, સ્વ. શ્રી મગનભાઈ ભવાનજી દેઢિયા, સ્વ. શ્રી નેણશી વેલજી મોતા, સ્વ. શ્રી શાંતિલાલ છગનલાલ શાહ, સ્વ. શ્રી વિજયસેન રવજી શાહ, સ્વ. શ્રી ઝુમખલાલ શાહ, સ્વ. શ્રી રવિલાલ પોપટલાલ પારેખ, સ્વ. શ્રી બાબુભાઈ ખેતશી મહેતા વગેરે કાર્યકરો પણ આ સમાજના કાર્યક્રમોમાં અડિખમ કાર્યકર તરીકે ફરજ બજાવી ચૂકેલ છે.

એ જ રીતે ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી બંસીલાલ મગનલાલ ગડા, શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી, શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ, શ્રી કે. ડી. શાહ, શ્રી કે. આર. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી શાંતિલાલભાઈ મુળજી સાવલા, શ્રી રજનીકાંત પારેખ વગેરે આજે પણ તેઓને સુપ્રત કરવામાં આવેલ જવાબદારી સુપેરે રીતે નિભાવી રહેલ છે.

આ બધા કાર્યકરોને આજના આ ષષ્ઠીપૂર્તિ મહોત્સવે યાદ કરીને વંદન કરીએ અને તેઓએ સ્થાપિત કરેલ સંસ્થાને આવતા વર્ષોમાં સવિશેષપણે આગળ લઈ જવાની ખેવના રાખીએ.

આપણને સવિશેષ ગર્વ તો એટલા માટે ઉપજે છે કે વડીલ કાર્યકરોએ સ્થાપિત કરેલ પ્રણાલીને આજના કાર્યકરો કે જેમાં શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી હિરેન કે. શાહ, શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ, શ્રી ગિરીશ હીરજી દેઢિયા, શ્રી વિમેશ શાહ, શ્રી વિશાલ એમ. શાહ, શ્રી દેવેન છેડા, શ્રી પ્રદીપ મહેતા જેવા અનેક કાર્યકરોનો સમાવેશ થાય છે કે જેઓ દિન રાત જોયા વગર આ સમાજને અને તેની સેવાને આગળ ને આગળ ધપાવવા કોશિશ કરી રહ્યા છે. ભારત દેશની આમ જનતાને દરેક રીતે આગળ ધપાવવા તેઓ અથાગ પ્રયત્ન કરી રહ્યા છે. તેઓની મહેનત અને અથાગ પ્રયાસના પરિણામે સમાજ એક નવી દિશા તરફ આગળ વધી રહેલ છે કે જે છે – કૌશલ્ય વિકાસ કેન્દ્ર (સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર). આ કેન્દ્રની ગીતા મંદિર ખાતે શરૂઆત કરી દેવામાં આવેલ છે અને આવતા દિવસોમાં બોપલ ખાતે પણ નવું કેન્દ્ર સ્થાપિત કરવામાં આવી રહેલ છે. આ કૌશલ્ય વિકાસ કેન્દ્રના કારણે પૂરા વર્ષભરની મહેનત પછી અનેક યુવક-યુવતીઓને તાલીમ આપી તેઓને આર્થિક રીતે પગભર કરાવવાના પૂરતા પ્રયાસો કરવામાં આવશે.

સવિશેષમાં જણાવવાનું કે નવી પેઢીના આ કાર્યકરો વધુ ને વધુ મેડિકલ સેન્ટર, ડાયાલિસિસ સેન્ટર, કૌશલ્ય વિકાસ કેન્દ્ર અને એક મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ શરૂ કરવા તરફ પ્રયાણ કરી રહ્યા છે ત્યારે આ ષષ્ઠીપૂર્તિ મહોત્સવની શરૂઆતમાં અને સમાજની ૬૧ વર્ષની સફરમાં આપણે તેઓને શુભેચ્છા પાઠવીએ કે તેઓ ભારત દેશને વધુ ને વધુ સધ્ધર બનાવવા અને તેમના ભાગે આવેલ કાર્યને સંતોષજનક રીતે પૂર્ણ કરવા અતિ સફળતા પ્રાપ્ત કરે.

સાથે સાથે આપણે એ દાનવીરોને પણ નત મસ્તકે વંદન કરીએ કે જેઓએ શરૂથી કરી અત્યાર સુધી આપણા કાર્યકરોમાં અથાગ વિશ્વાસ મૂકી સમાજના કોઈ પણ નવા પ્રોજેક્ટના કાર્યને આગળ ધપાવવા આર્થિક બળ પૂરું પાડેલ છે.

અંતમાં એ વાતની નોંધ લઈએ કે ષષ્ઠીપૂર્તિના આ વિશેષાંકમાં વર્ષ ૧૯૬૩થી વર્ષ ૨૦૨૨ સુધીનો શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદનો જે ઈતિહાસ રજૂ કરવામાં આવેલ છે તે શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહની મહિનાઓની અથાગ મહેનતનું પરિણામ છે અને તેના થકી જ આપણને આ અલભ્ય વિગતો સુપેરે પ્રાપ્ત થઈ શકેલ છે. તે માટે શ્રીમતી ફાલ્ગુની હિરેનને ધન્યવાદ પાઠવીએ.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

"મંગલ મંદિર"

એપ્રિલ-૨૦૨૩ • વિશેષાંક

# સંપુટ-૧

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# અમદાવાદ

# ૬૦ વર્ષની સફર

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## પ્રસ્તાવના

*– ફાલ્ગુની હિરેન*

*એક એવી દુનિયાની કલ્પના કરો, જ્યાં પૂર્વગ્રહો, રૂઢીવાદી જડતા કે લૈંગિક ભેદભાવોનું અસ્તિત્વ જ ન હોય. જ્યાં વ્યક્તિગત ભિન્ન મતો આવકાર્ય હોય અને મોકળા મને તેને સાંભળવાનો - સમજવાનો પ્રયાસ થતો હોય. એથીય આગળ વધીને, જ્યાં મતભેદને મનભેદ સુધી ક્યારેય પહોંચવા નહીં દઈને, સર્વ સમાવેશી નીતિ થકી એકતાને વધુ મજબૂત કરાતી હોય. જ્યાં 'સ્વ' કરતાં 'સમાજ' મોટો હોય. જ્યાં પરોપકારની ભાવનાથી ગાંઠનું ગોપીચંદન કરી ઘસાઈ જવા તૈયાર લોકોની ફોજ હોય... આવી આદર્શવાદી સ્થિતિ પરીકથામાં આવતી દુનિયા જેવી લાગે છે ને? પરંતુ આ કપોળ કલ્પિત વાત નથી, હકીકત છે. અને આવી ઈચ્છનીય વિચારસરણી છે – શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની.*

*જી હા! આપણો સમાજ એક પ્રગતિશીલ સમાજ હોવાની કસોટીઓમાંથી પાર ઉતરીને આગળ આવ્યો છે. છ છ દાયકાઓની એની સફર ચોક્કસપણે સરળ ન જ હતી. અન્ય વ્યક્તિઓને કે સમાજને નડતા પ્રશ્નો આપણી સામે પણ ફેણ ફેલાવીને ઊભા રહ્યા હતા. સંસ્થાની સ્થાપનાથી સાથે જોડાયેલા સભ્યોમાં પણ મોટા વિચારભેદ થયા હતા, મતમતાંતરો થયા હતા. એવે વખતે મુત્સદ્દીગીરી અને સત્કાર્યોની મહત્ત્વાકાંક્ષાઓનું સંતુલિત મિશ્રણ કરીને, શ્રેષ્ઠ નિર્ણયો લેવાનો પ્રયાસ કરાયો. સૌ કોઈએ મોટું મન રાખી, સમાજના હિતમાં વિચારોને ઢાળી / સ્વિકારી, એકમેકનો હાથ ઝાલી વિકાસનો માર્ગ કાપ્યો. અગ્રણીઓ દિલો વચ્ચે દીવાલો નહીં, પરંતુ સમજણનો અને સ્નેહનો સેતુ બાંધતા ગયા અને પુણ્યકર્મનું ભાથું બાંધતા ગયા. ભલભલી મુશ્કેલીઓને પાર પાડીને, સફળતાનું એક એક સોપાન ચડતા ગયા, ક્ષમતાને પુરવાર કરતા ગયા, સૌને સાથે જોડતા ગયા અને સમગ્ર દેશમાં પોતાની સુકીર્તિ પ્રસરાવતા ગયા.*

*આજે સમાજની સ્થાપનાને ૬૦ વર્ષ પૂર્ણ થઈ ચૂક્યાં છે. ષષ્ઠીપૂર્તિના આ મહત્ત્વના મુકામ પર આપણી ગઈકાલ પર નજર કરવાની ઈચ્છા થઈ. જેથી પૂર્વ સભ્યોએ કરેલા કાર્યોની સૌને ખબર પડે, એમના પુરુષાર્થની કદર થાય, શૂન્યમાંથી સામ્રાજ્યનું સર્જન કેવી રીતે થયું તેની શીખ મળે, નાના મોટા દરેક ડગલે મદદરૂપ થનાર દાતાઓનો ઋણ સ્વીકાર થાય, સૌ કર્મયોગીઓના સહયોગની સરાહના થાય, સમાજનો ઈતિહાસ સચવાય, જે વર્તમાન પેઢીને તથા ભવિષ્યની પેઢીને દિશા દર્શન કરી શકે... આ હેતુથી સમાજનો ઈતિહાસ, 'મંગલ મંદિર'નો ઈતિહાસ તથા મેડિકલ પ્રવૃત્તિ અંગેની વિગતો પ્રગટ કરી રહ્યા છીએ. સાથે જ યુવા વિકાસ, મહિલા પ્રવૃત્તિ, વયસ્ક સમિતિ, ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ જેવી અન્ય સમિતિઓની પ્રવૃત્તિઓ, સિધ્ધિઓથી સૌને વાકેફ કરવાનો પણ ઉપક્રમ છે. સમાજની અને પ્રવૃત્તિઓ અંગેની વિગતો 'મંગલ મંદિર'ના જૂના અંકોમાંથી તથા સક્રિય કાર્યકરો સાથે વાતચીત કરીને મેળવેલી છે. આશા છે કે ગત સમયના સીમાચિહ્નો તથા તવારીખ મમળાવવું આપને ગમશે.*

**તો ચાલો, અતીતમાં ડોકિયું કરીએ....**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ગઇકાલ અને આજ

માણસ એક સામાજિક પ્રાણી છે. એટલે જ વ્યક્તિઓ સંસ્થાઓ બનાવે છે. આ સંસ્થાઓ સમાજ ઉત્થાનના કાર્યમાં મહત્ત્વનું યોગદાન આપે છે. સમાજનો વિકાસ, એ રાષ્ટ્ર નિર્માણનો એક નિર્ણાયક હિસ્સો બની રહે છે. આમ, એક વ્યક્તિનું એક સંસ્થા માટેનું કાર્ય, દેશનું ભાવિ ઘડવામાં નિમિત્ત બને છે.

કોઈએ સાચું જ કહ્યું છે કે, ભેગા થવું-મળવું એ શરૂઆત છે. ભેગા રહેવું એ વિકાસ છે અને સાથે મળીને સમાજ હિતના કાર્યો કરવા, એ સિધ્ધિ છે. સંગઠન શક્તિનું એક સશક્ત ઉદાહરણ બની ચૂકેલો આપણો સમાજ **– શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ,** એની સ્થાપનાની **ષષ્ઠીપૂર્તિ**ને આરે આવી પહોંચ્યો છે. સમાન વિચારધારા ધરાવતા ગણ્યાગાંઠ્યા મિત્રોએ, માદરે વતનથી દૂર હોવાની વેદનાને દૂર કરવા અને કચ્છથી અમદાવાદ આવીને વસતા ભાંડુઓને સધિયારો દેવાના આશયથી શરૂ કરેલું મંડળ, આજે સેવા પ્રવૃત્તિથી ધમધમતો એક પ્રતિષ્ઠિત સમાજ બની ગયો છે. કચ્છી ભાઈઓને 'હુમ્ભ' આપવાના આશયથી જેની શરૂઆત થઈ હતી, જે આજે બૃહદ્ સમાજના હિતનું વિચારે છે, જ્ઞાતિ બાધથી ઉપર ઊઠીને બહોળા સમાજને સ્પર્શે છે, એને લાભાન્વિત કરે છે. અનુકરણીય પ્રવૃત્તિઓ થકી દેશ - વિદેશમાં નામના કરનાર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની આ લાંબી સફરની સફળતાના મુખ્ય સીમાચિહ્નો પર એક નજર કરીએ...

- **૧૪મી એપ્રિલ, ૧૯૬૩**ના રોજ કેટલાક ઉત્સાહી કાર્યકરોએ **શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન મિત્ર મંડળ - અમદાવાદ** નામની સંસ્થાની સ્થાપના કરી. મિત્રમંડળ દ્વારા વાર્ષિક મિલન, વિદ્યાર્થીઓને પુરસ્કાર, બુક બેંક તથા નાના પાયે લોનની સગવડ આપવા જેવા કાર્યો થતા. મુંબઈ કે કચ્છથી આવેલા અને અમદાવાદમાં અટવાઈ પડેલા કચ્છીઓ માટે રહેવા - જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવતી. આપણી આજની સંસ્થાની પુરોગામી સંસ્થા સ્થાપવામાં સર્વશ્રી મગનલાલ ગડા, પોપટલાલ ધરોડ, ડુંગરશી વેલજી, પ્રેમજી મેઘજી, મગનલાલ દેઢિયા, દામજી રાંભિયા, કેશવજી ઉકેડા વગેરે અનેક કાર્યકર્તાઓનું યોગદાન રહ્યું હતું.

- મિત્રમંડળનું કાર્યક્ષેત્ર કચ્છની માત્ર એક પેટા જ્ઞાતિ પૂરતું સીમિત હતું. પ્રગતિશીલ વિચારધારા રાખનારા મંડળના કેટલાક સભ્યોને આ મર્યાદા, વિકાસમાં અવરોધ સમી લાગી. મિત્ર મંડળના ૧૯૬૮ના સ્વામિવાત્સલ્ય મિલનમાં માત્ર ૨૮ કુટુંબો સામેલ હતા. આ જોઈને અમદાવાદમાં નવા નવા આવેલા **ડૉ. ચંદ્રકાંત દેઢિયા**એ અન્ય કચ્છી પેટા જ્ઞાતિઓ સાથે મળીને સંસ્થાને વિસ્તીર્ણ કરવાનો વિચાર મૂક્યો. ૧૯૬૯ની સભામાં એ ઠરાવ નામંજુર થયો. પછી **શ્રી હીરજીભાઈ દેઢિયા, શ્રી માવજીભાઈ કુરિયા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા અને શ્રી ટોકરશીભાઈ મારૂ (મામા)**એ KVO મિત્રોને સમજાવવાના પ્રયાસો કર્યા. બીજી બાજુ કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના અગ્રણી **શ્રી બાબુભાઈ વીરમ લોડાયા** (ચકેશ્વરી ટ્રાન્સપોર્ટ), **શ્રી ખીમજી આણંદજી લોડાયા,** ગૂર્જર સમાજના **શ્રી મણિલાલ પ્રેમચંદ ગોળવાળા** તથા વાગડ સમાજના **શ્રી કાંતિલાલભાઈ શાહ** (ગૂર્જર ગ્રંથવાળા) તથા અન્ય અગ્રણીઓ સાથે પણ મીટિંગો થઈ. પરિણામે કચ્છી જૈન જ્ઞાતિના ચાર ફિરકાઓએ હાથ મિલાવીને આગળ વધવા માટે સહમતિ દર્શાવી. અંતે **૧૧મી ઓક્ટોબર, ૧૯૭૦**ના રોજ શ્રી ક.વિ.ઓ. મિત્ર મંડળ, **"શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદ"** તરીકે વિસ્તૃતરૂપે અસ્તિત્વમાં આવ્યું. અમદાવાદ - ગાંધીનગરમાં વસતા બધા જ કચ્છી જૈન કુટુંબોને એક જ છત્ર નીચે આવરી લેવાયા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના લોગોમાં ચાર હાથ ભેગા દર્શાવ્યા છે. જે કચ્છી જૈનોના ચાર મુખ્ય ફિરકાઓ – દસા, વિસા, ગૂર્જર અને વાગડની એકતાનું પ્રતિક છે. આપણા સમાજનો આવો સંપ અને એકજૂટતા આજે પણ સમગ્ર દેશમાં અનુકરણીય બનીને અન્ય સમાજોને પ્રેરણા પૂરી પાડે છે.

- આ દરમિયાન સમાજના સભ્યો એકમેકના સંપર્કમાં રહી શકે અને સમાજની પ્રવૃત્તિઓથી માહિતગાર રહે એ માટે **ઓગસ્ટ**

**૧૯૭૫**થી સમાજનું મુખપત્ર **"પ્રેરણા"**ના નામે શરૂ થયું. **૧૯૭૭**માં એને **"મંગલ મંદિર"**ના નવા નામે રજિસ્ટર કરવામાં આવ્યું. ત્યારથી આજ દિન સુધી ''મંગલ મંદિર'' સમાજના દર્પણ તરીકે નિયમિત રીતે પ્રકાશિત થાય છે અને અમદાવાદ - ગાંધીનગરના સભ્યો ઉપરાંત દેશભરની અગ્રણી વ્યક્તિઓ - સંસ્થાઓ સુધી સમાજની સેવા પ્રવૃત્તિઓની સુવાસ ફેલાવે છે. (મંગલ મંદિરની વધુ વિગતો અન્ય લેખમાં સમાવિષ્ટ છે.)

❀ સંસ્થાનો ધ્યેય સ્પષ્ટ કરવા અને વર્ષોવર્ષ સુધી એનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કરવા, જરૂરી સુધારા-વધારા સાથેનું નવું બંધારણ ઘડાયું અને મંજૂર થયું. જે મુજબ તા. ૦૪-૦૧-૧૯૮૬ના રોજ સંસ્થા **"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"**ના નામથી રજિસ્ટર્ડ થઈ. ઉપરાંત સેવાકાર્ય માટે દાન આપનાર માટે ઉપયોગી એવી **કલમ ૮૦-જી** ની માન્યતા પણ પ્રાપ્ત થઈ. સમાજ દ્વારા જ્ઞાતિજનો માટેની સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક, તબીબી એમ અનેકવિધ ક્ષેત્રોની સેવાકીય પ્રવૃત્તિઓ શરૂ થઈ.

❀ ઉન્નત અને સુદૃઢ સમાજના નિર્માણ માટે સમાજની મહિલાઓને સક્ષમ કરવી અનિવાર્ય છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને સમાજના **મહિલા મંડળ**ની રચના કરાઈ. **શ્રી મધુરીબહેન ગાલા**ની આગેવાનીમાં **શ્રી કચ્છી જૈન મહિલા મંડળ**ની સ્થાપના માર્ચ ૧૯૮૬માં થઈ. જેમાં મહિલા ઉત્કર્ષના કાર્યક્રમો, વાનગી હરીફાઈ, જ્ઞાનવર્ધક શિબિરો, ઉજાણી ઈત્યાદિનું આયોજન થતું. ૧૯૮૬માં મહિલા મંડળ અંતર્ગત **ભક્તિ મંડળ**ની સ્થાપના થઇ. જેમાં બહેનોને ભજન - સ્તવન - પૂજાની તાલીમ અપાતી. સમાજના સભ્યોના ધાર્મિક પ્રસંગો કે વિશેષ અવસરો પર બહેનો ભક્તિરસ જમાવતાં. શરૂઆતમાં ભક્તિ મંડળના પ્રમુખ **શ્રીમતી મધુરીબહેન ગાલા** અને મંત્રી **શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા** હતાં. પછી ચંદ્રિકાબહેને વર્ષો સુધી એનું સફળ નેતૃત્વ કર્યું. (ભક્તિ મંડળની વધુ વિગતો અન્ય લેખમાં આપેલ છે.)

❀ સમાજના દૂરંદેશી અગ્રણીઓએ સમાજના યુવાધનને સકારાત્મક - રચનાત્મક પ્રવૃત્તિઓ તરફ વાળવા અને સમાજના કાર્યોમાં સક્રિય કરવા પ્રેરિત કર્યા. એમના માર્ગદર્શનથી જોશીલા યુવા મિત્રોએ ભેગા થઈને એક સંગઠન બનાવવા વિચાર્યું અને તા. ૧૯-૦૪-૧૯૮૬ ના રોજ **"સંકલ્પ"**નો જન્મ થયો. 'સંકલ્પ'ના પ્રથમ કન્વીનર તરીકે **શ્રી રાજુભાઈ હરખચંદ ગાલા**ની નિયુક્તિ થઇ. નવી ઉર્જા અને તરવરાટ સાથે સમાજના બાળકો અને યુવાનો માટે અનેકવિધ સ્પર્ધાઓ, રમત - સ્પોર્ટ્સ ડે, મનોરંજક સાંસ્કૃતિક કાર્યક્રમો, પિકનિક કે પ્રવાસ, વ્યક્તિત્વ વિકાસના અને શૈક્ષણિક કારકિર્દીના સંમેલનો, રક્તદાન શિબિર, નોટબુક વિતરણ વગેરે કામો થવા લાગ્યા. ઉપરાંત સમાજના દરેક કાર્યક્રમોમાં ખૂબ જ સહાયરૂપ બનતા સ્વયં સેવકોની એક મજબૂત ફોજ ઊભી થઈ ગઈ. ''સંકલ્પ''ની સ્થાપનામાં તત્કાલીન ભાગ ભજવનાર કેટલાય નવયુવાનો આજે સમાજની મુખ્યધારામાં જવાબદારીભર્યા હોદ્દાઓ સંભાળીને નિષ્ઠાપૂર્વક કામ કરી રહ્યા છે. ભવિષ્ય માટે સમાજ નવી પેઢીને સતત તૈયાર કરતો રહ્યો છે.

❀ થોડાં વર્ષો પૂર્વે મુંબઈ અને કચ્છ આવાગમન કરનારા યાત્રિકો માટે અમદાવાદ મધ્યબિંદુ હતું. ઉપરાંત **શંખેશ્વર, મહુડી, પાલીતાણા**ની જાત્રા કરનારે તો ફરજિયાત અમદાવાદ રોકાણ કરવું પડતું. વળી ધંધાર્થે પણ બહારગામથી અમદાવાદ આવનાર કચ્છી મુસાફરોને ઉતારા માટે ખૂબ તકલીફો પડતી. ૧૯૮૫ સુધી સમાજની પ્રવૃત્તિઓનું સંચાલન પણ **શાહ રોડલાઇન્સ** અથવા **ચક્રેશ્વરી ટ્રાન્સપોર્ટ**ની ઓફિસમાંથી થતું. સમાજની બેઠકો પણ આ ઓફિસમાં અથવા કોઈને કોઈ અગ્રણીઓના ઘરે થતી. આથી સમાજનું પોતાનું મકાન હોવાની જરૂરિયાત જણાઈ. આગેવાનોએ પોતપોતાની રીતે જુદા જુદા વિસ્તારમાં ખોજ આદરી, પરંતુ મેળ પડતો નહોતો કારણકે જરૂરિયાત મોટી જગ્યાની હતી. આખરે પગ મૂકવા એક નાની જગ્યાથી શરૂઆત કરવાની **અશોક મહેતા**ની વાત મુજબ ગીતા મંદિર ખાતેની એક જગ્યા નક્કી થઈ. તે માટે **શ્રી કનકલાલ મહેતા**એ રૂા. ૫,૦૦૦/-નું બાનુ આપ્યું. સમાજનું મકાન કરવા પૈસાની સગવડ કેમ થશે? એવી મોટી મુંઝવણમાં અટવાતા કાર્યકરો માટે એ સમયે કનકભાઈના ૫,૦૦૦/- રૂપિયાએ ખૂબ મહત્ત્વનું પ્રોત્સાહન આપ્યું. જાણે સમાજના સોનેરી ભવિષ્યની એ શુકનવંતી શરૂઆત થઈ. જેણે અગ્રણીઓને આગળ વધવા માટે ટેકો કરી આપ્યો અને દાતાઓ પાસે રજૂઆતનો માર્ગ મોકળો કરી આપ્યો. પછી તો **શ્રી કાનજી રવજી પરિવાર** વતી **શ્રી બિપીનચંદ્ર જૈન** તરફથી મુખ્ય દાતા તરીકે રૂા. ૩ લાખની મોટી રકમ દાનમાં મળી અને એસ.ટી. ખાતે **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા)**ના નામે અતિથિ ભવન – સેવા ભવન બન્યું. **તા. ૧૪-૦૯-૧૯૮૯**ના શુભ દિને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને આશરે ૫૦ લોકોના ઉતારાની વ્યવસ્થા સાથેનું **પોતાનું પહેલવહેલું મકાન મળ્યું.**

❀ સમાજના આ પ્રથમ જાહેર સાહસને ધાર્યા કરતા બમણો પ્રતિસાદ મળ્યો. અતિથિ ભવન પર યાત્રિકોનો ધસારો વધતો જ ગયો. ટૂંક સમયમાં જ એ પ્રતીત થયું કે અમદાવાદ ખાતે વધુ મોટી જગ્યાની જરૂર છે. ફરી વિમાસણમાં મૂકાયેલા સભ્યોને તત્કાલીન ટ્રસ્ટી **શ્રી માવજીભાઈ ધારશી કુરિયા**એ પોતાના તરફથી રૂપિયા પાંચ લાખ આપવાની અને બીજા પંદર લાખ ઊભા કરી આપવાની ખાત્રી આપી. નિયતિ નિર્ધારીત હોય, એમ સમાજના પ્રમુખ **ડૉ. ચંદ્રકાંત દેઢિયા**ની ન્યુયોર્ક વિમાની મથકે બિનનિવાસી ભારતીયો સાથે મુલાકાત થઈ. જેઓ **કલાગુરુ રવિશંકર રાવળ**ના પરિજનો હતા. એમનો પાલડી સ્થિત બંગલો, સમાજની નવી જગ્યા માટે માફક આવતા ૧૯૮૯માં વર્તમાન પાલડી ભવન માટેની જમીન ખરીદીનો દસ્તાવેજ થયો. મકાન બાંધકામના પ્લાન, મ્યુનિસિપલ કોર્પોરેશનની મંજૂરી અને અન્ય કાયદાકીય ગૂંચ ઉકેલાયા બાદ **૨૪ ફેબ્રુઆરી, ૧૯૯૪**ના રોજ આમંત્રિતો અને મહેમાનોની ઉપસ્થિતિમાં નવા સંકુલ માટે ભૂમિપૂજન સમારોહ યોજાયો. ભવ્ય સમારંભ અને સમાજના દરેક સભ્યની સકારાત્મક સંઘ ભાવનાને કારણે વાતાવરણમાં એવી સુંદર ઊર્જા પ્રસરી કે માત્ર ચાર કલાકના કાર્યક્રમમાં રૂા. ૩૫ લાખથી વધુની રકમના અનુદાન જાહેર કરી, દાતાઓએ સમાજની ઝોળી નાણાં અને બેવડી ખુશીથી છલકાવી દીધી. પછી કાર્યકરો લાગી પડ્યા બાકીના નાણાં એકઠા કરવામાં. સમાજે એક નવતર અભિગમ અપનાવ્યો. સમાજનો નાનામાં નાનો સભ્ય પણ આ ભવન નિર્માણમાં યોગદાન આપવાનો સંતોષ મેળવી શકે એ માટે માત્ર રૂા. ૫,૦૦૦/-ની કૂપન યોજના અમલી થઈ. કાર્યકર્તાઓએ સમાજનાં ઘરે ઘરે જઈને તથા અન્ય શહેરો - રાજ્યોના ખમતીધર ઘરોમાં જઈને કુપન દાન મેળવ્યું. **'ટીપે ટીપે સરોવર ભરાય'** – એ ઉક્તિને સાર્થક કરતા લગભગ **સવા કરોડ** જેટલી માતબર રકમ આ નાનકડા કુપન દાનથી એકઠી થઈ. ત્રણ વર્ષ દરમ્યાન એક તરફ ભવનનું નિર્માણ કાર્ય થતું ગયું અને બીજી તરફ અગ્રણીઓ એક એક ઈંટ માટેનું ભંડોળ એકઠું કરતા ગયા. અંતે **૨૬મી જાન્યુઆરી, ૧૯૯૭**ના રોજ સમાજના આ 'સ્વપ્ન મંદિર'નું – 'સેવા મંદિર'નું ઉદ્‌ઘાટન થયું. દાન કુપનના લક્કી ડ્રો થકી જ ભવન પર મુખ્ય તક્તીનું નામ નક્કી થયુ.

નામ અપાયું : **શ્રી માવજી ધારશી કુરિયા (મેરાઉવાલા)** પ્રેરિત **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય – સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન** – આ બહુલક્ષી ભવનમાં ઉતારાની વ્યવસ્થા ઉપરાંત ફિઝિયોથેરાપી અને આયુર્વેદ – આ બે વિભાગો સાથે **નવનીત મેડિકલ સેન્ટર** શરૂ થયું. ઉપરાંત **શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર** શરૂ થયું. આજે અલગ અલગ ૩૧ તબીબી શાખાઓના ૭૨ નિષ્ણાત ડૉક્ટર્સની સેવાઓ અહીં રાહત દરે ઉપલબ્ધ છે. જેનો દરરોજ સરેરાશ ૪૦૦ જેટલા દર્દીઓ લાભ લે છે. ઉપરાંત ભવનમાં **શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાળા) સાંસ્કૃતિક કેન્દ્ર** છે, જે સમાજની સાંસ્કૃતિક કે સામાજિક પ્રવૃત્તિઓ માટે વપરાય છે. સમાજના આ ભવનમાં મુખ્ય કાર્યાલય ઉપરાંત **માતુશ્રી કંકુબેન કાનજી રવજી સેવા ભવન**, કોન્ફરન્સ હોલ સહિત અનેકવિધ સુવિધાઓ ઉપલબ્ધ છે. સમાજના સભ્યો, મહિલાઓના કે યુવાઓના કાર્યક્રમોથી આ ભવન બારેમાસ ધમધમતું રહે છે. (પાલડી ભવન અંગેની વધુ વિગતો અન્યત્ર છે.)

❀ ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ આવેલા વિનાશક ભૂકંપે કચ્છને વેરણ છેરણ કરી નાખ્યું. આ કારમા આઘાતની કળ વળે તે પહેલાં તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે કામ આરંભી દીધું. મદદ માટે ટહેલ નંખાઈ અને બે જ દિવસમાં રાહત સામગ્રીઓ, પાલડી ભવન ખાતે ઠલવાઈ. આ સામગ્રીઓ છૂટી પાડીને કચ્છના જુદા જુદા વિસ્તારોમાં મોકલાવાઈ. ૨૮મી જાન્યુઆરીથી ટ્રકો ભરીને સહાય કચ્છમાં જતી અને ઘાયલોને લઈને પરત ફરતી. આખુંય સાંસ્કૃતિક કેન્દ્ર, સારવાર કેન્દ્રમાં – રાહત છાવણીમાં ફેરવાઈ ગયું. સામખિયાળી ખાતે બેઝ કેમ્પ શરૂ કર્યો. સમાજના સેવાભાવી સભ્યો મદદ માટે દોડી આવ્યા. તારાજી એવી ભયાનક હતી કે મળે એટલી મદદના હાથ પણ ઓછા પડતા હતા. ઘરબાર ભૂલીને કેટલાય સેવકોએ પાલડી ભવનમાં કે કચ્છમાં ધામા નાખ્યા અને રાત-દિ એક કરી ઘાયલોની સારવાર કરી. વેદનાના આંસુ લૂછ્યા. દેશ-વિદેશથી પણ દાનનો ધોધ વહ્યો. પ્રમુખ અને મંત્રીના માર્ગદર્શનમાં એની સમગ્ર વ્યવસ્થા કરાઈ. ૧લી મે ના રોજ **અબડાસાના બાંઢિયા ગામે સમાજ દ્વારા ૨૫ આવાસો અર્પણ કરાયા. કોઠારા સાર્વજનિક દવાખાના** અને **ગોધરાની કન્યા શાળાને** અનુક્રમે રૂા. **૬.૫૦ લાખ** અને રૂા. **૭.૫૦ લાખ**નું દાન અપાયું. સમાજે રાહત અને પુનર્વસન કાર્યમાં અનુકરણીય સહયોગ આપ્યો.

❀ સમાજના હિતચિંતક શ્રી મુકેશભાઈ ઝવેરી દ્વારા GMDCની રૂા. ૧ કરોડની સખાવતથી શાહીબાગ વિસ્તારમાં **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ** શરૂ થયું. જેનો મુખ્ય ઉદ્દેશ હતો – સિવિલ કે રાજસ્થાન હોસ્પિટલમાં દાખલ દર્દીઓના સગા-સ્વજનોને રહેવા - ખાવાની સગવડ કરી આપવી. ૨૦૦૦ની સાલમાં એનું ભૂમિપૂજન થઈ ગયું હતું. **તા. ૬ જાન્યુઆરી, ૨૦૦૨**ના

રોજ તત્કાલીન **મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી**ના વરદ્ હસ્તે આ ભવન ખૂલ્લું મૂકાયું.

- **તા. ૬-૭-૨૦૦૩**ના રોજ સંસ્કાર કેન્દ્ર - પાલડી ખાતે **કચ્છી મેળા**નું આયોજન થયું. કમરતોડ ભૂકંપની થપાટે ચડેલા કચ્છી કલાકારો અને હસ્તકલા કારીગરોને સધિયારો દેવા, એમની કલા પ્રસ્તુતિ માટે મોકો આપવાના પ્રયાસરૂપે આ મેળો યોજાયો હતો. નર્મદા કેનાલની કચ્છ બ્રાંચ કેનાલનું કામ થતું ન હોવાની હકીકત પ્રત્યે સરકારનું ધ્યાન દોરી, અધિકારીઓ સાથે વાટાઘાટો કરી વિવિધ સ્તરે થયેલ રજૂઆતના પરિણામે કચ્છ બ્રાંચ કેનાલના કામો શરૂ થયા. એ અંગે પાણીના વિષય સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો. જેમાં પણ તત્કાલીન **મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી**, મંત્રીઓ, ધારાસભ્યો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.
- ૨૦૦૩થી સમાજનું મુખપત્ર 'મંગલ મંદિર' ઓનલાઈન ઉપલબ્ધ થયું.
- **તા. ૮-૨-૨૦૦૪**ના રોજ પાલડી ભવન ખાતે **'આરોગ્ય મેળો'** યોજાયો. જેમાં તત્કાલીન **નાયબ વડાપ્રધાન શ્રી અડવાણીજી** ઉપસ્થિત રહ્યા હતા.
- **તા. ૫-૯-૨૦૦૪ના રોજ મુંબઈ ખાતે** કચ્છના પ્રશ્નો અંગેનો એક સેમિનાર યોજાયો હતો. જેમાં કચ્છના ઉદ્યોગો, પાણી, વીજળી, શિક્ષણ, ભાષા જેવા અનેક વિષયો પર ચર્ચા થઇ. નિષ્ણાતો, ઉદ્યોગપતિઓ, રાજકીય અને સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં સેમિનારના નિષ્કર્ષરૂપે **"કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ"**ની રચના કરવામાં આવી. વર્તમાન સમયમાં પણ આ કાઉન્સિલ, કચ્છ અને કચ્છના વિકાસ અંગે જાગૃત રહીને કામગીરી કરી રહી છે.
- કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા તા. ૨૩-૯-૨૦૦૫ના રોજ ગાંધીધામ ખાતે **ઔદ્યોગિક સેમિનાર**નું આયોજન થયું. આ કાર્યક્રમ ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ - ગાંધીધામ તથા ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ હતો.
- સેવાની પાંખો ફેલાવવા અને અમદાવાદના સભ્યોની જરૂરિયાતને ધ્યાનમાં રાખી સમાજે **મુંબઇમાં** પણ **અતિથિ ભવન** ઊભું કરવા વિચાર્યું. મુંબઇમાં સાયન ખાતે લેવાયેલ જમીન પર **તા. ૨૭-૧૦-૨૦૦૭**ના રોજ ભૂમિપૂજન કરાયું. જો કે મુંબઇ અતિથિ ભવનનો, સમાજનો આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાલ કાયદાકીય ગૂંચમાં અટવાયેલો છે.
- દરેક વ્યક્તિનું પોતાનું ઘર હોવાનું સ્વપ્ન હોય છે. પરંતુ આર્થિક ભીંસને કારણે સૌનું એ સપનું સાકાર થતું નથી. પૈસે-ટકે થોડા પાછળ રહી ગયેલા પરિવારોને ઘરનું ઘર અપાવવા બહેરામપુરા સ્થિત આણંદજી કલ્યાણજી જૈન નગરમાં જગ્યા સંપાદિત કરી, ત્યાં 1 BHK ધરાવતા ૪૦ ફ્લેટ બનાવાયા અને જરૂરિયાતમંદ પરિવારોને નજીવી કિંમતે સોંપવામાં આવ્યા. આ કામ માટે **નવનીત પરિવાર** તરફથી ૫૧ લાખ રૂપિયાનું મુખ્ય દાન પ્રાપ્ત થયું. **તા. ૩૦-૩-૨૦૦૮**ના રોજ **"નવનીત આવાસ યોજના"**નું ભૂમિપૂજન થયું અને **તા. ૨૬-૧-૨૦૧૦**ના રોજ તેનું લોકાર્પણ થયું.
- પાલડી ભવન ખાતેના સાંસ્કૃતિક કેન્દ્રનું નવીનીકરણ કરી તેને સંપૂર્ણપણે વાતાનુકૂલિત બનાવી, તા. ૧૨-૨-૨૦૦૯ના રોજ ફરી ખૂલ્લો મુકાયો. જુલાઈ ૨૦૦૯માં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા **કચ્છના ઇતિહાસનું સર્વાંગી આલેખન** કરાયું.
- જુલાઈ ૨૦૧૦માં અમદાવાદ સ્થિત **ત્રણેય ભવનોને સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ** કરવામાં આવ્યા.
- શાહીબાગ ખાતેના વિશ્રામ ગૃહમાં દર્દીઓ અને એમના સગાઓને રહેવાની સગવડ કિફાયતી દરે મળી રહે છે. ત્યાં શ્રી જલારામ ચેરીટેબલ ટ્રસ્ટની મદદથી દર્દી અને તેના ૧ સંબંધીને સવાર-સાંજ વિનામૂલ્યે ભોજનની સુવિધા તા. ૧-૧૨-૨૦૧૦થી શરૂ થઇ છે. આ **જલારામ અન્નક્ષેત્ર**નો લાભ મોટી સંખ્યામાં લોકો લઈ રહ્યા છે.
- ૨૦૧૧ના ફેબ્રુઆરીમાં વર્ષ દરમ્યાન અવસાન પામેલા સમાજના સૌ સભ્યો માટે એક **સામૂહિક શ્રદ્ધાંજલિ સભા**નું આયોજન થયું.
- **તા. ૧૪-૪-૨૦૧૨થી તા. ૧૪-૪-૨૦૧૩ સુધી** સમાજની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણી થઈ. **સુવર્ણ જયંતી વર્ષ** દરમ્યાન અનેક નોંધપાત્ર પ્રવૃત્તિઓ થઇ. જેમાં સૌપ્રથમ ઉલ્લેખ **"કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"**નો કરવો પડે. જે સુવર્ણ જયંતી ઉત્સવના પ્રથમ દિવસે શાહીબાગ ભવન ખાતે ખુલ્લુ મુકાયું. આ સંગ્રહાલયમાં કચ્છ અને કચ્છીયતને ઉજાગર કરતી અનેક વસ્તુઓ પ્રદર્શિત કરાઈ છે. અહીં કચ્છી જ્ઞાતિઓના પારંપરિક વસ્ત્રો, આભૂષણ, ઘર સજ્જા સાથેની

આદમકદ મૂર્તિઓ સાથેના અદ્‌ભુત 'ડાયોરમા' ધ્યાનાકર્ષક છે. ઉપરાંત કચ્છની માહિતી, ત્યાંની ધરતીમાં ધરબાયેલા જીવાશ્મિઓ, વહાણવટાનો ઇતિહાસ, કચ્છના ચલણી સિક્કાઓ, હસ્તકલા કારીગરીના સુંદર નમૂનાઓ, વિશિષ્ટ વાદ્યો, જીવસૃષ્ટિ, વનસ્પતિ સૃષ્ટિ, માટીકામના નમૂના વગેરે એકત્રિત કરીને પ્રદર્શિત કરાયા છે. આ મ્યુઝિયમ અમદાવાદના જોવાલાયક સ્થળોમાં સમાવિષ્ટ છે.

- ૧૪મી એપ્રિલ ૨૦૧૨ના રોજ ટાગોર હોલ ખાતે આયોજિત કાર્યક્રમમાં સિને જગત સાથે સંકળાયેલ કચ્છી પ્રતિભાઓના સન્માન કરવામાં આવ્યા. જેમાં પદ્મશ્રીથી પુરસ્કૃત ખ્યાતનામ સંગીતકાર **આણંદજીભાઈ**, ઘેઘૂર અવાજના માલિક **શ્રી હરીશ ભીમાણી**, ઍવોર્ડ વિનર ફિલ્મ દિગ્દર્શક **શ્રી વિનોદ ગણાત્રા** તથા સમાજની દીકરી **શ્રીમતી ફાલ્ગુની હિરેન**નો સમાવેશ થાય છે. સાંજે કચ્છની પૃષ્ઠભૂમિમાં ઘટેલ ઘટના **"વ્રજવાણીનો ઢોલી"** પ્રસ્તુત થઈ.
- **૧૩ અને ૧૪મી મે ૨૦૧૨**ના રોજ મુંબઈ ખાતે **"કચ્છના વિકાસના પ્રશ્નો"** – આ વિષય અંતર્ગત બે દિવસીય સેમિનાર યોજાયો. જેમાં અગ્રણી ઉદ્યોગપતિઓના સન્માન કરાયા.
- **તા. ૨૧-૦૬-૨૦૧૨**ના રોજ **"કચ્છી ડાયરો"**ની રંગભરી રજૂઆત થઈ તથા નવા **વસ્તીપત્રક**નું લોકાર્પણ કરાયું.
- **તા. ૨૨-૦૭-૨૦૧૨**ના રોજ કચ્છ યુવક સંઘ - મુંબઈ દ્વારા નિર્મિત કચ્છી નાટક **"જિંદગી જલસો ભને વઇ"** પ્રસ્તુત થયું.
- સપ્ટેમ્બર ૮ અને ૯ ના રોજ **કચ્છી જૈન યુવક-યુવતી પરિચય મિલન સંમેલન** યોજાયું.
- **તા. ૬-૧-૨૦૧૩**ના રોજ કચ્છના ભુજ ખાતે યોજાયેલ ત્રિવિધ કાર્યક્રમમાં **કચ્છના વિકાસમાં ખૂટતી કડીઓ વિશેનો સેમિનાર, 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ'** નામના દળદાર ગ્રંથના **ભાગ-૧** અને **ભાગ-૨** નું વિમોચન તથા **ધારાસભ્યોના સન્માનનો કાર્યક્રમ** સમાવિષ્ટ હતો.
- ફેબ્રુઆરીમાં ત્રિ-દિવસીય **કચ્છી મેળા**નું અને એપ્રિલમાં **સુવર્ણ જયંતી વર્ષની પુર્ણાહૂતિ**ના કાર્યક્રમનું આયોજન કરાયું હતું.
- **તા. ૧૩-૦૪-૨૦૧૩**ના રોજ **શ્રી કચ્છી જૈન સેવા સમાજ ક્રેડિટ સોસાયટી**ની શરૂઆત થઈ. સમાજના જરૂરિયાતમંદ સભ્યોને ઓછા વ્યાજદરની લોન ઉપલબ્ધ કરાવવાના શુભ હેતુથી સ્થપાયેલ ક્રેડિટ સોસાયટી થકી મળતા લાભ હેઠળ સમાજના વિવિધ કેન્દ્રોમાં કામ કરતા કર્મચારીઓને પણ આવરી લેવાયા છે.
- **૧લી જાન્યુઆરી, ૨૦૧૪**થી પાલડી ભવન ખાતેના મેડિકલ સેન્ટર પરથી (દવાની દુકાનેથી) જરૂરિયાતવાળા લોકોને ૫૦ ટકા **રાહતના દરે દવાઓ ઉપલબ્ધ કરાઈ.**
- **તા. ૨૦-૦૪-૨૦૧૪**ના રોજ શાહીબાગ ભવન ખાતે સમાજનું **પ્રથમ ડાયાલિસિસ સેન્ટર "શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર"** ખુલ્લું મૂકાયું. ઉદ્યોગપતિ અને સમાજના શુભચિંતક દાતા **શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી**ના રૂા. ૫૧ લાખના મુખ્ય દાનથી આ સેન્ટર શરૂ થયું. ઉદ્‌ઘાટન સમારંભમાં ઉપસ્થિત અન્ય દાતાઓએ બીજા ૬૫ લાખના અનુદાનની વર્ષા કરી. કિડનીના દર્દીઓ માટે અતિ ખર્ચાળ એવી આ સારવાર શરૂમાં ખૂબ જ કિફાયતી દરે અને 'મા કાર્ડ'ની મંજૂરી બાદ તદ્દન નિઃશુલ્ક અપાઈ રહી છે. અહીં ૧૦ + ૧ બેડમાં રોજના ૨૧-૨૨ ડાયાલિસિસ થઈ રહ્યા છે.
- અમદાવાદમાં લગભગ ૫,૦૦૦ જેટલા કચ્છી પરિવારો વસે છે. એમાં આશરે ૨૨૦૦ જેટલા ઉદ્યોગગૃહો કે વેપારગૃહો છે. આ વેપારી વર્ગને બહુ ઉપયોગી એવી **કચ્છી બિઝનેસ ડિરેક્ટરી**નું વિમોચન **તા. ૨૨-૦૪-૨૦૧૪**ના રોજ કરાયું.
- **તા. ૧૦-૦૭-૨૦૧૪**થી સમાજના સભ્યોની સુરક્ષા માટે **'જીતો' મેડિક્લેઇમ** સાથે કરાર થયા. જે અંતર્ગત **ફેમિલી ફ્લોટર** અને **વ્યક્તિગત વીમો** લેનારા સભ્ય / પરિવારોને પ્રીમિયમની રકમમાં સમાજ તરફથી વળતર આપવામાં આવ્યું. પ્રથમ વર્ષે જ સમાજ તરફથી પોણા પાંચ લાખથી વધુની રકમનું વળતર અપાયું.
- વર્ષ ૨૦૧૪ અગાઉથી સમાજ દ્વારા વૃક્ષ ઉછેર દ્વારા પર્યાવરણ બચાવો અભિયાન શરૂ થયું. અમદાવાદની વિવિધ મ્યુનિસિપલ શાળાઓમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. **પર્યાવરણ સમિતિ**ના કન્વીનર, સભ્યો, સમાજના અગ્રણીઓએ કચ્છમાં જઇને વિવિધ ગામોના સરપંચ અને સમાજો કે પહોંચતી વ્યક્તિઓ સાથે વૃક્ષો વાવવા - જાળવવાની સમજુતીઓ કરી. જેમાંથી મોટી ખાખર ગામની અને નાની ખાખર ગામની **હિંદુ સ્મશાન ભૂમિ** અને **કબ્રસ્તાન વિસ્તારમાં** અનેક વૃક્ષો લહેરાઈ

રહ્યાં છે અને અંતિમ ધામમાં પ્રાણવાયુની ઊર્જા પ્રસરાવી રહ્યા છે. ઉપરાંત **અબડાસામાં લંગાપીર સ્થાનક ભૂમિમાં** તથા **પાંજરાપોળમાં** વૃક્ષારોપણ કરાયું હતું. **નવનીત પરિવાર** તથા **બિપીનભાઈ જૈન** તરફથી **વૃક્ષ વાટિકા** દત્તક લેવા માટે સહાય અપાઈ હતી. **ટાટા પાવર** તરફથી વૃક્ષ વાટિકા ફરતે વાડ / દીવાલ બનાવીને કુમળા વક્ષોને પશુઓ દ્વારા કરાતા નુકસાનથી રક્ષણ અપાયું હતું.

- **શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ** દ્વારા કચ્છી જૈન યુવાનોને ધંધા રોજગારમાં માર્ગદર્શન મળે, આંતરરાષ્ટ્રીય બિઝનેસ માટે એમની દૃષ્ટિ વિકસે, યુવાનો વેપારમાં આગળ વધીને અન્ય માટે રોજગારીની તકો ઊભી કરતા થાય એ માટે **"વિઝન ૩૬૦"**ની કલ્પના કરાઈ. જે અંતર્ગત તા. **૪ અને ૫મી નવેમ્બર, ૨૦૧૭**ના રોજ કચ્છી જૈન યુવાનો માટે **બિઝનેસ સેમિનાર**નું અમદાવાદ ખાતે આયોજન કરાયું. જેને અપ્રતિમ સફળતા મળી. મુંબઈ અને અમદાવાદના નિષ્ણાતોનું ઉપયોગી માર્ગદર્શન જોઈને, સેમિનારમાં ઉપસ્થિત કચ્છના યુવાનોએ આવો સેમિનાર કચ્છમાં કરવા માટે ઈજન આપ્યું. જેને પગલે **૨૫ અને ૨૬ નવેમ્બર, ૨૦૧૮**ના ભુજ ખાતે પણ યુવાનો માટેનો આવો બિઝનેસ સેમિનાર યોજાયો. જે પણ ખૂબ જ ઉપયોગી અને સફળ રહ્યો.

- અમદાવાદના પાલડી ભવન ખાતેના મેડિકલ સેન્ટરમાં દર્દીઓનો ધસારો અને પ્રતિભાવો જોઈને આવા ચેક-અપ સેન્ટર શહેરના જુદા જુદા વિસ્તારોમાં શરૂ કરવાની જરૂરિયાત જણાઈ. જેને પગલે નવનીત પરિવારે બોપલ ખાતેના મકાનમાં જગ્યા અને સહાય આપતા, **તા. ૧૨-૧-૨૦૨૦**ના રોજ **નવનીત મેડિકલ સેન્ટર, કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર** અને **દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર**નું લોકાર્પણ થયું. અહીં ૩૧ તબીબી શાખાના ૪૩ નિષ્ણાત ડૉક્ટર્સની સારવાર રોજના સરેરાશ ૨૦૦ દર્દીઓ લઈ રહ્યા છે.

- કોવિડ-૧૯ને કારણે સમગ્ર વિશ્વ પ્રભાવિત થયું. માર્ચ ૨૦૨૦થી આખાય દેશમાં **લોકડાઉન**ને કારણે ઘણા લોકો પરિવારથી દૂર અટવાઈ ગયા. અમદાવાદમાં હોસ્ટેલમાં રહીને ભણતા **કચ્છી વિદ્યાર્થીઓ** તથા **પી.જી. તરીકે રહી ભણતા કે કામ કરતા** લોકોને કચ્છ મોકલવા માટે બસની વ્યવસ્થા કરી, જરૂરી પેપર્સ સાથે તેમને રવાના કરાયા. કોરોના કાળમાં યુવા વિકાસ સમિતિ દ્વારા **ગરીબ લોકોને ફૂડ પેકેટ્સનું વિતરણ** કરાયું.

- **તા. ૧૪-૧૧-૨૦૨૧**ના રોજ બોપલ ખાતેના ભવનમાં ૮ બેડનું **"નવનીત ડાયાલિસિસ સેન્ટર"** શરૂ થયું.

- **તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૨**ના રોજ ગીતા મંદિર સ્થિત સેવા ભવનમાં સમાજનું ત્રીજું ડાયાલિસિસ સેન્ટર ખૂલ્લું મૂકાયું. જેને સમાજમાં દીર્ઘકાળ માટે પ્રમુખપદે રહી યોગદાન આપનાર પૂર્વપ્રમુખ **ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા ડાયાલિસિસ સેન્ટર** નામ અપાયું. **રોટરી ઇન્ટરનેશનલ**ના આર્થિક સહયોગથી આ કેન્દ્ર શરૂ થયું. અહીં પણ ૮ બેડની સગવડ છે. તાજેતરમાં જ આ સેન્ટર માટે પણ સરકાર દ્વારા અપાતી **'મા કાર્ડ'**ની સહાય મંજૂર થઈ ચૂકી છે. આથી અહીં પણ વધુ દર્દીઓની સારવાર થઈ શકશે.

- શાળા કોલેજના અભ્યાસ પછી જો વ્યક્તિ કામે લાગી આત્મનિર્ભર ન બની શકે, પરિવારને - સમાજને કામ ન આવી શકે તો એ ભણતર નિરર્થક બની જાય છે. યુવાનો રોજગારી લક્ષી તાલીમ આપી વધુ વ્યક્તિઓને પગભર કરવાના અને વધુ પરિવારોની આર્થિક પરિસ્થિતિ સુધારવાના સ્પષ્ટ આશય સાથે KJSS એ **અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર** સાથે હાથ મિલાવ્યા અને ગીતા મંદિર સ્થિત સેવાભવન ખાતે શરૂ થયું : **શ્રી બિપીનચંદ્ર જૈન કૌશલ્ય કેન્દ્ર.** તા. ૮-૧૧-૨૦૨૨ના રોજ આ કેન્દ્ર ખાતે, **આસિસ્ટન્ટ નર્સિંગની તાલીમ** આપતો કોર્સ શરૂ થઈ ચૂક્યો છે. પ્રથમ બેચના ૩૦ લાભાર્થીઓ રાહત દરે આ અભ્યાસ કરી રહ્યા છે. વર્તમાન સમયમાં રોજગારલક્ષી તાલીમ આપવાનો બહુઉપયોગી અને સ્તુત્ય પ્રયાસ કરી સમાજે નવો રાહ ચીંધ્યો છે.

- સમાજના તાજા સોપાન તરીકે ચાંગોદર ખાતે એના તૃતીય મેડિકલ સેન્ટરનું લોકાર્પણ એપ્રિલના પ્રથમ માસમાં થવાનું છે. જે થકી ચાંગોદર જી.આઈ.ડી.સી.ની ઔદ્યોગિક વસાહતના શ્રમિકો / જરૂરતમંદોને રાહત દરે તબીબી સારવાર ઉપલબ્ધ થશે.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સમાજની સફર

***આલેખન :***
***ફાલ્ગુની હિરેન ★ અશોક મહેતા***

*સમાજની ગઈકાલ અને આજમાં સમાજના મહત્વના પડાવો અંગેની માહિતી આપી હતી. 'સમાજની સફર'માં દરેક નાની-મોટી ઘટનાઓની ઉપલબ્ધ વિગતો પીરસવાનો પ્રયાસ કર્યો છે. અહીં આલેખાયેલ ઘટનાઓને 'મંગલ મંદિર'ના જૂના અંકોમાંથી એકત્રિત કરાઈ છે. કેટલાક અંકો ઉપલબ્ધ ન હોવાના કારણે કોઈ વિગતો રહી ગઈ હોવાની શક્યતા છે.*

★ તા. ૬-૫-૧૯૭૮ના રોજ મળેલી સમાજની કારોબારીની બેઠકમાં સમાજના વિદ્યાર્થીઓને સસ્તા દરે નોટબુક્સ મળી રહે તેવી યોજના બનાવાઈ હતી. જે અંતર્ગત ૮૦ પાનાની નોટબુક ૧૫ પૈસામાં અને ૨૦૦ પાનાની નોટબુક ૫૦ પૈસામાં મળે તેવી વ્યવસ્થા કરાઈ હતી.

★ તા. ૧૭-૯-૧૯૭૮ના રોજ વાર્ષિકોત્સવ દરમ્યાન **પોકેટ ડિરેક્ટરી** બહાર પડાઈ. જે સમાજના સભ્યોના ફોન નંબર ઉપરાંત અન્ય અગત્યના ફોન નંબર દર્શાવતી નાનકડી ટેલીફોન બુક હતી. ખિસ્સામાં રાખી શકાય એટલી નાનકડી પોકેટ ટેલિફોન બુક આકર્ષક પ્લાસ્ટીકના કવરમાં તૈયાર કરાઈ હતી અને સમાજના દરેક સભ્ય માટે નિઃશુલ્ક ઉપલબ્ધ કરાઈ હતી. આપને જણાવી દઈએ કે એ સમયે માત્ર લેન્ડ લાઈનના ફોન વપરાશમાં હતા અને ઘરમાં વ્યક્તિગત ટેલિફોન હોવો એ લક્ઝરી ગણાતી. મોટાભાગના સભ્યોના માત્ર ઓફિસ નંબરો જ છપાતા. જે પાંચ આંકડાના હતા.

★ સમાજની **વાર્ષિક સભ્ય ફી રૂા. ૫/-** હતી. આ વાર્ષિક લવાજમ ભર્યા પછી જ સભ્ય પરિવારોને સસ્તા દરે નોટબુક, વાર્ષિક ઈનામો તથા સ્વામિવાત્સલ્ય વગેરેનો લાભ મળતો.

★ તા. ૩-૪-૧૯૭૯ના રોજ મૂળ કચ્છના અને ફિલ્મ સંગીતકાર તરીકે દેશમાં ખ્યાત થયેલા **શ્રી કલ્યાણજીભાઈ** અને **આણંદજીભાઈ**ના સન્માનનો કાર્યક્રમ સમાજ દ્વારા યોજાયો હતો. અમદાવાદની હોટલ બ્લ્યુ ફાઉન્ટેન ખાતે આયોજિત આ કાર્યક્રમમાં શ્રી કલ્યાણજીભાઈ અને આણંદજીભાઈ ઉપરાંત **સર્વશ્રી મહેન્દ્ર કપૂર, હેમલતા, જોની વૉકર, ઉપેન્દ્ર ત્રિવેદી, સ્નેહલતા, તબસ્સુમ, મનહર, કંચન** સહિત ફિલ્મ જગતના ખ્યાત કલાકારો ઉપસ્થિત હતા.

★ આઝાદી મળી ત્યારથી કચ્છી ભાષા અંગે સંશોધન અને ચિંતન કરનાર વિદ્વાન **શ્રી પ્રતાપરામ ત્રિવેદી**એ મે-૧૯૭૯માં અખિલ કચ્છના નેજા હેઠળ આયોજિત પરિસંવાદમાં જણાવ્યું હતું કે કચ્છી ભાષા માત્ર બોલી નથી પરંતુ ૬૦ હજાર શબ્દો ધરાવતી માતબર ભાષા છે.

★ જુલાઈ ૧૯૭૯ના 'મંગલ મંદિર'ના અંકમાં સમાજ દર્પણ વિભાગમાં બે વિગતો છપાઈ : "અમદાવાદના પરા વિસ્તારમાં **કચ્છી જૈન સમાજ માટે તૈયાર મકાન કે પ્લોટની જરૂરિયાત છે.** જો કોઈ ભાઈને કંઈ ખ્યાલ આવે તો સંસ્થાના કાર્યાલયમાં જાણ કરવા વિનંતી છે. નારાણપુરા - નવરંગપુરા ઈત્યાદિ વિસ્તારોમાં હવે **ટેલિફોન નંબરો ૬ આંકડાના થયા છે.**"

★ વર્ષ ૧૯૭૯માં **કચ્છ અતિવૃષ્ટીનો ભોગ બન્યું** હતું. આશરે એક લાખ ઘેટાં બકરાં અને ૧૫-૨૦ હજાર મોટા ઢોર મરણ પામ્યાં. ૫૦-૬૦ હજાર મકાનો તૂટી પડ્યાં હતાં. ખેતી અને પશુપાલન આધારીત કચ્છના ગ્રામીણ અર્થતંત્રની કમર ભાંગી ગઈ હતી. મોરબી અને કચ્છના આપણા સંકટગ્રસ્ત ભગિની બંધુઓની સહાનુભૂતિમાં **સમાજે વાર્ષિક સમારંભ મોકૂફ રાખવાનું વિચાર્યું હતું.** બાદમાં તા. ૧-૯-૧૯૭૯ના રોજ સ્વામિવાત્સલ્ય ભોજન રદ કરીને સાદાઈથી સમારંભ ઉજવી, વિદ્યાર્થીઓને ઈનામ આપી, તપસ્વીઓનું બહુમાન કરાયું હતું. કચ્છમાં થયેલ તારાજીમાં મદદરૂપ થવા માટે સમાજ તરફથી રૂા. ૫,૦૦૧/-ની સહાય મોકલવાનું ઠરાવાયું. 'મંગલ મંદિર'ના તંત્રી **પ્રમીલાબહેન કુરુવા**એ પ્રવચનમાં **બહેનોના ગરબા મંડળ કે ભક્તિ મંડળ** ઊભા કરવા સૂચવ્યું. આ સમારંભમાં કુલ રૂા. ૯,૧૩૩/-ની રકમ ભેટમાં મળી હતી. રૂા. ૧૦૦૧/- થી લઈને રૂા. ૫/-નો પણ ફાળો મળ્યો હતો.

★ **શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદ** માટે **પ્રતીક ચિહ્ન (લોગો)** બનાવવાનું નક્કી કરાયું. તેની જાહેરાત 'મંગલ મંદિર'ના ઓક્ટોબર-૧૯૭૯ના અંકમાં કરાઈ. એ મુજબ મોકલાયેલી ડિઝાઈનોમાંથી **શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયા**એ રજૂ કરેલું પ્રતીક ચિહ્ન મંજૂર થતા, તેમને ઠરાવવામાં આવ્યા મુજબ **રૂા. ૨૧/-નું ઇનામ** આપવામાં આવ્યું હતું.

★ તા. ૦૩-૦૧-૧૯૮૦ના રોજ મળેલ કારોબારી સમિતિ દરમ્યાન સંવત ૨૦૩૫ના હિસાબોની રજૂઆત કરાઈ હતી. સભાએ એ હિસાબો જોઈ-તપાસી એને ઓડિટરને સોંપવાનું નક્કી કર્યું હતું.

★ તા. ૧૦-૨-૧૯૮૦ના રોજ મળેલ કારોબારી સભામાં **શ્રી મગનભાઈ ભવાનજી દેઢિયા**ની **લેખાધિકારી** તરીકે સર્વાનુમતે વરણી કરાઈ હતી તથા **સહાયકો** તરીકે **શ્રી પ્રભુલાલ સંઘવી** અને **શ્રી નવીનચંદ્ર વસા**ની નિમણુંક થઈ હતી.

★ એપ્રિલ ૧૯૮૦ના મંગલ મંદિરના અંકમાં અપીલ કરાઈ હતી કે સમાજનું દરેક કુટુંબ સભાસદ બને. સભાસદની વાર્ષિક ફી રૂા. ૫/- છે. અમદાવાદમાં વસતા સમાજના સભ્યો છુટાછવાયા વિસ્તારમાં રહેતા હોવાથી ફી ભરવાની બાકી રહે છે. એ હકીકતને ધ્યાનમાં રાખીને જાહેર કરાયું હતું કે જો કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેન સભાસદ ફી એકત્ર કરી આપશે તો તેઓને **સભાસદ દીઠ રૂા. ૧/- (એક રૂપિયો રોકડો) પુરસ્કાર આપવામાં આવશે.**

★ મે-૧૯૮૦ના મંગલ મંદિરમાં શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદના કાર્યાલય તરીકે **ચક્રેશ્વરી ટ્રાન્સપોર્ટ**નું મહાવીર માર્કેટની ઓફિસનું સરનામું અપાયું.

★ તા. ૩-૭-૧૯૮૦ના રોજ સમાજ તરફથી યોજાયેલ અભિવાદન સમારોહમાં કચ્છના ચૂંટાયેલા ધારાસભ્યો અને ગુજરાત રાજ્યના મંત્રી મંડળમાં નિમાયેલ નાયબ મંત્રી **શ્રી ખીમજીભાઈ જેસીંગભાઈ**નું બહુમાન કરાયું હતું.

★ તા. ૨૮-૯-૧૯૮૦ના રોજ યોજાયેલ વાર્ષિક સ્નેહ મિલનમાં ઘણાં વર્ષો બાદ સ્વામિવાત્સલ્ય ભોજન યોજાયું હતું. તેનો યશ સમાજના ઉત્સાહી મંત્રી **શ્રી અશોકભાઇ મહેતા** અને તેમના વડીલ બંધુ **કનકભાઈ મહેતા**ની જહેમતને આભારી છે, એમ પ્રમુખ શ્રી ઉમરશીભાઈ કુરૂવાએ જણાવ્યું હતું.

★ ૨૮મી સપ્ટેમ્બર ૧૯૮૦ના આયોજિત વાર્ષિક સ્નેહમિલન સમારંભનો, મંત્રી **અશોક મહેતા** લિખિત વિગતે અહેવાલ મંગલ મંદિરના ઓક્ટોબરના અંકમાં છપાયો.

★ ફેબ્રુઆરી-૧૯૮૧થી 'મંગલ મંદિર'માં **"આપણે ઓળખીએ"** નામથી નવી કોલમ શરૂ થઇ. સમાજના અગ્રણી સભ્યોનો સૌને વિશેષ પરિચય થાય તથા તેમના જીવનના પ્રેરક પ્રસંગોમાંથી સૌને પ્રેરણા મળે, તે હેતુથી આ લેખમાળા શરૂ થઈ. જેમાં સૌપ્રથમ **શ્રી બાબુભાઈ વીરમ શાહ**નો પરિચય પ્રસ્તુત થયો હતો.

★ તા. ૨૪-૫-૧૯૮૧ના રોજ સમાજના ઉપક્રમે **પંચતીર્થ યાત્રા પ્રવાસ**નું આયોજન કરવામાં આવ્યું હતું. સભ્યદીઠ રૂા. ૩૦/-ના ખર્ચે **શેરીસા, પાનસર, મહેસાણા, મહુડી અને કલોલ**નો એક દિવસીય યાત્રા પ્રવાસ યોજાયો હતો.

★ તા. ૧૩-૯-૧૯૮૧ના રોજ સમાજનો વાર્ષિક સ્નેહમિલન અને સંસ્થાનો **દશાબ્દિ મહોત્સવ** ઉજવાયો. આ અવસરે મંગલ મંદિરના વિશેષાંકનું વિમોચન થયું. સંભવતઃ પ્રથમ વખત વાર્ષિક સ્નેહ મિલન માટે **મણિનગર મુક્તાનંદ હોલ નાનો પડ્યો,** એટલી ભરચક સંખ્યામાં સભ્યો પરિવારજનો ઉપસ્થિત રહ્યા.

★ ૧૮મી ઓક્ટોબર, ૧૯૮૧ના રોજ બહેનોનું સંગઠન બનાવીને બહેનોને ઉપયોગી પ્રવૃત્તિઓ કરવા અંગે વિચારણા કરવા માટેની પ્રાથમિક સભા **શ્રીમતી વિમળાબેન શાંતિલાલ ગાલા**ના નિવાસ સ્થાને મળી હતી.

★ ડિસેમ્બર-૧૯૮૧ના રોજ સેવાપરાયણ દાનવીર અને કચ્છના સંન્નિષ્ઠ કાર્યકર અને આપણા સમાજના શુભચિંતક **શેઠશ્રી પ્રેમજીભાઈ જેઠાભાઈ છેડા**નું અકાળે અવસાન થયું. સમાજ દ્વારા દિવંગતના આત્માની શાંતિ અર્થે શોકસભા યોજાઈ હતી.

★ આપણા સમાજના પ્રજ્ઞાચક્ષુ સભ્ય **શ્રીમતી ચંદ્રિકાબેન કેશવલાલ શાહ** (ગામ બેરાજા)ને વર્ષ ૧૯૮૧-૮૨ – અપંગ વર્ષ નિમિત્તે શિક્ષક તરીકે પ્રશંસનીય કામગીરી બદલ **"શ્રેષ્ઠ શિક્ષક"** તરીકેનો રાજ્ય પારિતોષિક એનાયત થયો હતો. તેઓ મ્યુ. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત રખિયાલની શાળામાં સંગીત શિક્ષિકા તરીકે ફરજ બજાવતાં હતાં.

★ ૧૯૮૨માં સમાજના ઉપક્રમે **'લગ્ન બ્યુરો'** શરૂ કરવામાં આવ્યું. તે અંતર્ગત મંગલ મંદિરના એપ્રિલ-મે ના અંકમાં લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી માટેનું ફોર્મ પણ છાપવામાં આવ્યું હતું.

★ કચ્છના સંસદસભ્ય શ્રી મહિપતભાઈ મહેતાની ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખપદે વરણી થતાં તેમના સન્માનનો કાર્યક્રમ સમાજના ઉપક્રમે યોજાયો હતો.

- ★ તા. ૨૯-૮-૧૯૮૨ના રોજ આયોજિત વાર્ષિક મેળાવડામાં સમાજ દ્વારા બહાર પડાયેલ સુંદર **પોકેટ ટેલિફોન ડિરેક્ટરી**નું વિમોચન અને વિતરણ કરાયું હતું. જેમાં સમાજના સભ્યોના ફોન નંબર ઉપરાંત અન્ય ઉપયોગી માહિતી પણ આવરી લેવાઈ હતી.
- ★ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૮૩ના રોજ આયોજિત વાર્ષિક મિલન સમારંભમાં સ્વામિવાત્સલ્ય ભોજન આના-ફોડથી કરવામાં આવ્યું હતું. જેની સુંદર અને સફળ વ્યવસ્થા **શ્રી ટોકરશીભાઈ કે. શાહે** સંભાળી હતી. ભોજન પીરસવાની વ્યવસ્થા **શ્રી કિશોરભાઈ લાલકા**એ તથા સ્વયંસેવક દળનું સુકાન **શ્રી મણિલાલભાઈ શાહે** સંભાળ્યું હતું. (નોંધ : ૧ આના = રૂા. ૫૦/-. તે પ્રસંગે ૧૧ આનાના પાંચ દાતાઓ, પાંચ આના આપનાર ૧૩ દાતાઓ, ૨ આના લખાવનાર ૧૪ દાતાઓ અને એક આનો આપનાર ૪૫ દાતાઓ હતા.)
- ★ આ જ સમારંભમાં **રક્તદાન શિબિર** પણ યોજાઈ હતી. જેમાં ૪૪ વ્યક્તિઓએ રક્તદાન કર્યું હતું. સાથે જ વોકેશનલ ગાઇડન્સ બ્યુરોની મદદથી **શ્રી ચંદ્રહાસભાઈ ખોના** દ્વારા ઉચ્ચ અભ્યાસ અને વ્યવસાયીક માર્ગદર્શનનું પ્રદર્શન યોજાયું હતું.
- ★ ૧૯૮૩માં બહાર પડાયેલ **સરનામા - ટેલિફોન ડાયરી**માં સમાજના **૪૧૪ સભ્યો**ની માહિતી સમાવિષ્ટ હતી.
- ★ તા. ૧-૩-૧૯૮૪ના મંગલ મંદિરમાં સમાજનું (સંવત ૨૦૩૯) વર્ષ ૧૯૮૩-૮૪ની આવક અને ખર્ચનું સરવૈયું છાપવામાં આવ્યું હતું તથા સામાન્ય સભા માટેનો પરિપત્ર પણ છપાયો હતો.
- ★ તા. ૬-૧૦-૧૯૮૫ના રોજ યોજાયેલ વાર્ષિક મિલન સમારંભ દરમિયાન કચ્છમાં ઉતરી આવેલ દુષ્કાળના ઓળાની પરિસ્થિતિમાં કચ્છી ભાંડુ પરિવારોને સહાયરૂપ થવાની ટહેલ નંખાઈ અને માત્ર ૩ કલાકમાં જ રૂા. ૧૦,૩૦૦/- જેટલી માતબર રકમ એકત્રિત થઈ ગઈ.
- ★ સમાજની નારીઓને સંગઠિત કરવા **શ્રીમતી મધુરીબેન ગાલા**ના નેતૃત્વમાં **શ્રી કચ્છી જૈન મહિલા મંડળ**ની સ્થાપના માર્ચ ૧૯૮૬માં થઈ.
- ★ માર્ચ ૧૯૮૬માં સમાજના અતિથિ ગૃહની સવલતો ઊભી કરવા ગીતા મંદિર વિસ્તારમાં એક તૈયાર મકાન ખરીદવા માટે બાનાખત કરાયું. જે જૂન ૧૯૮૬માં ખુલ્લું મૂકાયું.
- ★ ૧૯૮૬માં ગીતા મંદિર ખાતે એક મકાનની જગ્યા લઇ ત્યાં વિવિધ પ્રવૃત્તિઓ કરવાની યોજના હતી. અંતિમ નિર્ણય લેતા પહેલાં **માવજીભાઈ** સમાજના એક અન્ય કાર્યકરને જગ્યા જોવા લઈ ગયા. તે હતા અજોડ ભૂમિ પરીક્ષક **શ્રી બાબુભાઈ વેરશી નાગડા**. મકાન - જમીનનું નિરીક્ષણ કરી બાબુભાઈએ અભિપ્રાય આપ્યો કે, ‘‘આ પ્લોટ **ગૌમુખી** છે (એટલે કે આગળથી સાંકડો અને પાછળથી પહોળો). જે શાસ્ત્ર અનુસાર ઉત્તમ ગણાય. જો આ પ્લોટ પર સમાજ પોતાની પ્રવૃત્તિઓ શરૂ કરશે, તો સમાજનું ભાવિ ખૂબ જ ઉજળું બનશે.’’ બાબુભાઈનું શાસ્ત્રજ્ઞાન અને એના આધારે તેમણે કરેલ ભવિષ્યવાણી આટલી સચોટ હશે એવી તો ત્યારે કોઈનેય કલ્પના પણ નહીં હોય! ભવનના ઉદ્‌ઘાટન પૂર્વે બાબુભાઈએ પંચજન્ય ધાતુના ખીલા બનાવડાવી તેને શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે પ્લોટમાં રોપ્યા હતા.
- ★ ૧૯ એપ્રિલ, ૧૯૮૬ના રોજ સમાજના ૧૫થી ૩૫ વર્ષની વયજુથના ઉત્સાહી યુવક-યુવતીઓની એક સભા મણિનગર ઉપાશ્રય હોલમાં મળી હતી. જેમાં શ્રી કચ્છી જૈન યુવા સંગઠનની રચના થઇ. જેને **‘‘સંકલ્પ’’** નામ આપવામાં આવ્યું. મીટિંગમાં સંગઠનના ઉદ્દેશો, પ્રવૃત્તિ, નિયમો વગેરે ચર્ચા કરી નક્કી કરાયા હતા. સંકલ્પના પ્રથમ કન્વીનર તરીકે **શ્રી રાજુભાઈ ગાલા**ની સર્વાનુમતે વરણી કરાઈ હતી.
- ★ શરીર સૌષ્ઠવના ક્ષેત્રમાં સમગ્ર ભારતમાં પ્રથમ આવીને ‘મિસ્ટર યુનિવર્સ’ની સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરવા બદલ સમાજના **શ્રી મહેન્દ્ર ગડા**ને રાજ્ય સરકાર તરફથી ૧૯૮૬માં **‘સરદાર પટેલ એવોર્ડ’** એનાયત થયો હતો.
- ★ તા. ૧૪-૯-૧૯૮૬ના રોજ સમાજનો ૨૩મો વાર્ષિક મિલન સમારંભ યોજાયો હતો. તે પૂર્વે એસ.ટી. ખાતેના અતિથિ ભવનના મુખ્ય નામ તથા અન્ય તક્તીઓના અનાવરણનો કાર્યક્રમ યોજાયો હતો.
- ★ તા. ૮-૨-૧૯૮૭ના રોજ શેઠ શ્રી સી.એન. વિદ્યાલયના વ્યાયામ ભવનમાં ‘સંકલ્પ’ દ્વારા સમાજનો **પ્રથમ રમતોત્સવ** યોજાયો હતો. નાના મોટા સૌ કોઈએ એમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.
- ★ ૮મી માર્ચ, ૧૯૮૭ના રોજ એસ.ટી. ખાતેના સેવા ભવનમાં **પુસ્તકાલય** શરૂ થયું. જે માટે સમાજને આશરે રૂા. ૧૧,૦૦૦/-

ની કિંમતના ૬૦૦ પુસ્તકો **શ્રી ભોગીભાઈ પ્રેમચંદ શાહ (નવભારત સાહિત્ય મંદિર)** તરફથી, ૧૫૦ પુસ્તકો **શ્રી મગનભાઈ સંઘવી** તરફથી, ૧૦૧ પુસ્તકો **શ્રી હસમુખલાલ બાબુલાલ શાહ** તરફથી, ૧૦૦ પુસ્તકો **ડૉ. હિતેન્દ્ર શાહ** તરફથી, ૫૦ પુસ્તકો **શ્રી હસમુખભાઈ ગઢેચા** તરફથી, ૪૧ પુસ્તકો **શ્રી હીરજી ખીંચરાજ ખોના** તરફથી તથા **શ્રી ચક્રેશ્વરી ટ્રાન્સપોર્ટ કાું.** અને **શ્રી અમૃતલાલ પોપટલાલ સંઘવી** તરફથી ૨૧-૨૧ પુસ્તકો ભેટ મળ્યા હતા.

★ સમાજના કાર્યાલય બની ચૂકેલા **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન** ખાતે **નવો ટેલિફોન** આવ્યો. સંભવતઃ એપ્રિલ ૧૯૮૭માં છ આંકડાનો ફોન નંબર મળ્યો હતો.

★ ૧૯ જુલાઈ, ૧૯૮૭ના રોજ અમદાવાદના જયશંકર સુંદરી હોલ ખાતે સંકલ્પ દ્વારા મનોરંજક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું. ૧૦૭૬ બેઠકો ધરાવતા પ્રેક્ષકોથી ભરચક હોલમાં 'સંકલ્પ'ના સભ્યોએ રંગારંગ કાર્યક્રમ રજૂ કર્યો હતો. જેને સૌએ ભરપેટ વખાણ્યો હતો. ખાસ વાત એ હતી કે 'સંકલ્પ'ના સભ્યોએ સમાજના ઘરેઘરે જઈને પ્રવેશપાસ (ટિકિટો) પહોંચાડ્યા હતા અને આમ સમગ્ર કાર્યક્રમનો ખર્ચ પણ ઉપાડી લીધો હતો. કલાકારોની બે-અઢી મહિનાની મહેનતે રંગ રાખ્યો હતો.

★ શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું મુખપત્ર ''કચ્છ ધ્વનિ''ના નામ સાથે ૧૫મી ઓગસ્ટ, ૧૯૮૭થી શરૂ થયું. સમાજના એસ.ટી. સ્થિત સેવા ભવન અને કાર્યાલય ખાતે એના પ્રથમ અંકનું વિમોચન કચ્છના જાણીતા અર્થશાસ્ત્રી **પ્રો. જિતેન્દ્રભાઈ લાભશંકર ધોળકિયા**ના હસ્તે થયું. અમદાવાદમાં વસતા સમસ્ત કચ્છીઓના આ મુખપત્રના સંપાદનની જવાબદારી પણ **શ્રી પ્રભુભાઈ સંઘવી**એ ઉપાડી લીધી હતી.

★ **૧૯૮૭ના ઓક્ટોબર**માં ''શ્રી કચ્છી જૈન સમાજ'' સરકારી નિયમો અનુસાર રજિસ્ટર્ડ સંસ્થા બની અને **''શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ''** નામ ધારણ કર્યું. ઉપરાંત સમાજને આવકવેરા કાયદાની **કલમ-૮૦જી** નું જરૂરી પ્રમાણપત્ર પણ મળી ગયું. શ્રી કચ્છી જૈન સમાજના અગાઉના બંધારણ મુજબ રૂા. ૫/-ની સભ્ય ફી દર વર્ષે દરેક સભ્ય પાસેથી ઉઘરાવાતી હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું નવું બંધારણ ઘડાયું. તે મુજબ જિંદગીમાં ફક્ત એક વખત જ સભ્ય ફી ભરવાની તેમ ઠરાવાયું. તે મુજબ સભ્યપદના જુદા જુદા પ્રકારો અને તેની ફી નક્કી કરાઈ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | સામાન્ય સભ્ય | : | રૂા. | ૧૦૧/- | |
| (૨) | આજીવન સભ્ય | : | રૂા. | ૫૦૧/- | |
| (૩) | સ્વજન સભ્ય | : | રૂા. | ૧,૦૦૧/- | |
| (૪) | મુરબ્બી સભ્ય | : | રૂા. | ૨,૫૦૧/- | |
| (૫) | માનદ્ સભ્ય | : | રૂા. | ૧૦,૦૦૦/- | કે તેથી વધુ રકમનું દાન એક સાથે આપનાર. |
| (૬) | પેટ્રન સભ્ય | : | રૂા. | ૧,૦૦,૦૦૦/- | કે તેથી વધુ રકમનું દાન એક સાથે આપનાર. |

★ ડિસેમ્બર-૧૯૮૭ના મળેલી ટ્રસ્ટ બોર્ડની મીટિંગમાં કુલ ૪૨ સભ્યોના ફોર્મ્સ મંજૂર કરાયા હતા. બે પેટ્રન સભ્ય, ૧૭ માનદ્ સભ્યો, ૮ સ્વજન સભ્યો, ૯ આજીવન સભ્યો અને ૬ સામાન્ય સભ્યો.

★ સમાજના કાર્યાલય ખાતે સમાજના અગ્રણી દાનવીર ઉદ્યોગપતિ **શ્રી દામજીભાઈ એંકરવાલા** તથા સફારી ઇન્ડસ્ટ્રીઝના **શ્રી સુમતિભાઈ મહેતા** સાથે મુલાકાત થઈ હતી. જેમાં ભીષણ દુષ્કાળના ભરડામાં સપડાયેલા કચ્છના અબોલ પશુધનની અમુલખ સંપત્તિના જતન માટે, કુદરતી આપત્તિઓના કાયમી ઉપાયો શોધવા પર ભાર મૂકાયો હતો. પરકોલેશન ડેમ બાંધી વરસાદી પાણીને જમીનમાં ઉતારવા તથા કચ્છના ઢોરવાડામાં એકત્રિત પશુધન થકી વ્યાપારી ધોરણે ડેરી ઉદ્યોગ વિકસાવવા સૂચન થયા હતા.

★ કચ્છ દુષ્કાળ રાહત માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ફાળો ઉઘરાવીને **રૂા. ૫૧,૦૦૦/- શ્રી સર્વ સેવા સંઘ - કચ્છ**ને મોકલાવ્યા હતા. જે માટે **શ્રી માવજીભાઈ ધારશી કુરિયા** તરફથી રૂા. ૩૧,૦૦૦/-નો મુખ્ય આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો.

★ શ્રી કચ્છી જૈન સમાજ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ — અમદાવાદ, એમ બંને સંસ્થાઓના ઉપક્રમે કાર્યક્રમો યોજાતા હતા. ૧૯૮૮નો વાર્ષિક સ્નેહ મિલન સમારોહ બંને સંસ્થાના સંયુક્ત નેજા હેઠળ યોજાયો.

★ તા. ૨૫-૯-૧૯૮૮ના રોજ સમાજનો **પચ્ચીસમો વાર્ષિકોત્સવ** ઉજવાયો. સમાજના નાના મોટા મળીને લગભગ ૧૪૦૦ લોકોએ મિલન સમારંભમાં હાજરી આપી હતી. આ સમારંભની બીજી યાદગાર બાબત હતી — **પાવર કટ**. આખાય

અમદાવાદમાં પહેલી જ વાર દિવસમાં ૩ વખત વીજળી ખોરવાઈ ગઈ હતી. લાઈટ, પંખા, માઈક – બધું જ બંધ. જમણવાર કાશીરામ અગ્રવાલ હોલના ભોંયરામાં હતો. વ્યવસ્થાપકોએ મિણબત્તીની વ્યવસ્થા કરી. અંધારુ, ગરમી અને ઉકળાટની અકળાવનારી પરિસ્થિતિઓ વચ્ચે પણ વ્યવસ્થાપકો અને સ્વયંસેવકોની મહેનત વચ્ચે સમાજના સભ્યોએ શાંતિ અને શિસ્ત જાળવી રાખ્યા. રક્તદાન શિબિર, ડાયાબિટીસ નિદાન શિબિર, જમણવાર, સાંસ્કૃતિક કાર્યક્રમ, સ્ટેજ ફંકશન, પુરસ્કાર વિતરણ, તપસ્વીઓના બહુમાન અને લક્કી ડ્રો – આ બધા જ કાર્યક્રમો થયા. આમ, પચ્ચીસમો વાર્ષિક સમારંભ વીજળીની અગવડતાની વચ્ચે સચવાયેલી વ્યવસ્થાથી યાદગાર બની રહ્યો.

★ અમદાવાદના એક કચ્છી જૈન ભાઈ – **શ્રી હંસરાજ ગણશી સતરા** (ગામ હાલાપુર) અમદાવાદ રેલવે સ્ટેશન પર મહેનત કરીને આજીવિકા રળતા હતા. રેલવેમાં મુસાફરી કરનાર કોઈપણ કચ્છી વ્યક્તિ બીમારી કે અકસ્માતને કારણે મુશ્કેલીમાં આવી પડે તો **હંસરાજભાઈ ઉર્ફે કાકુભાઈ** પોતાની રોજી છોડીને એમની મદદે દોડી જતા. વળી જરૂર લાગે તો સમાજના કાર્યકરોનો સંપર્ક કરી જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં મદદરૂપ થતા. કાકુભાઈને હૃદયરોગનો હુમલો આવ્યો અને એમને કોઈની મદદ મળે તે પહેલાં એમની જીવનલીલા સંકેલાઈ ગઈ. જીવનભર નિઃસ્વાર્થ ભાવે સેવા કરનાર હંસરાજભાઈના અંતિમ સંસ્કાર વખતે સમાજે આપદગ્રસ્ત પરિવારના લાભાર્થે ફાળો આપવા અપીલ કરી અને માત્ર પાંચ જ મિનિટમાં ઉપસ્થિત સૌ કાર્યકરોએ ધારણા કરતાં ચાર ગણી રકમ સ્વયં સ્ફુરણાથી જ આપી. એકત્રિત રકમનું હંગામી ટ્રસ્ટ બનાવીને પરિવારજનોને વ્યાજની રકમ મળતી રહે એવી વ્યવસ્થા કરી આપણા સમાજે મૂક સેવકને યથાર્થ શ્રદ્ધાંજલી આપી, કાકુભાઈ પ્રત્યેનું ઋણ અદા કર્યું.

★ કચ્છી જૈન અગ્રણી અને આપણા સમાજના શુભચિંતક **શ્રી ટોકરશી લાલજી કાપડિયા**ને તથા અમદાવાદના જૈન મહાજન **શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ**ને વર્ષ ૧૯૯૪નો **વિશ્વ ગૂર્જરી એવોર્ડ** રાજ્યપાલશ્રીના હસ્તે એનાયત થયો હતો. એ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી પણ બંને મહાનુભાવોનું શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું.

★ સમાજના પાયાના કાર્યકર, સમાજની સ્થાપનાના સમયથી સક્રિય રહેલા **શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા** (ભુજપુર)નું ૬૮ વર્ષની વયે અવસાન થયું. તેમણે સમાજના ખજાનચી તરીકે તથા માનદ્ ઑડિટર તરીકે વર્ષો સુધી સેવાઓ આપી હતી.

★ બોડી બિલ્ડર તરીકે દેશ-વિદેશમાં નામના મેળવનાર સમાજના **શ્રી મહેન્દ્ર હીરજી ગડા**ની હત્યા થઈ જતાં સમાજમાં શોકની લાગણી ફેલાઈ હતી. **'મિસ્ટર ઇન્ડિયા'** સહિત તેમણે ૨૮ જેટલા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઍવોર્ડ્સ મેળવ્યા હતા. **મિ. યુનિવર્સ**ની સ્પર્ધામાં તેમણે સમગ્ર વિશ્વમાં ૧૬મો ક્રમ મેળવ્યો હતો.

★ ગિરિમથક સાપુતારા ખાતે ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠ દ્વારા આયોજિત ૨૦ દિવસીય **ગ્રીષ્મ શિબિરમાં** સમાજની ૧૩ બહેનોએ ભાગ લઈ શારીરિક અને આધ્યાત્મિક સાધના કરી હતી. સમાજ દ્વારા સંચાલિત **શ્રીમતી લીલાબેન નવીનચંદ્ર વેરશી હરિયા મહિલા ઉત્કર્ષ ફંડ**ના સહયોગથી આ પ્રથમ મહિલા પ્રવૃત્તિમાં ધાર્યા કરતાં બમણો પ્રતિસાદ મળ્યો હતો. ભારતભરની ૧૦૫ બાળાઓએ આ શિબિરમાં ભાગ લીધો હતો. તેમાંથી સમાજની **કુ. અલ્પા ધનસુખભાઈ શાહ**ને **બેસ્ટ કેડેટ** (સ્ક્વોડ ડ્રીલ)નું શિલ્ડ પ્રાપ્ત થયું. ઉપરાંત **કાજલ ગિરીશ દેઢિયા**ને યોગમાં દ્વિતીય, **ઉર્વશી જિતેન્દ્ર શાહ**ને જાંબિયામાં તૃતીય સ્થાન તથા **રીટા જયંતીલાલ શાહ**ને ડ્રમ વગાડવામાં ઇનામ પ્રાપ્ત થયા હતા. ઉપરાંત કેમ્પ ફાયરમાં આપણા સમાજની બહેનોએ રજૂ કરેલો ગરબો પ્રથમ સ્થાને વિજયી થયો હતો. ગીતમાં પણ બે ઇનામો – એમ કુલ ૧૦ ઇનામો જીતીને આપણી બાળાઓએ સમાજને પણ ગૌરવ બક્ષ્યું.

★ તા. ૧૪-૩-૧૯૯૦ના રોજ **આકાશવાણી કેન્દ્ર**થી ઝંકાર શ્રોતા મંડળના ઉપક્રમે 'કુટુંબ કલ્યાણ'ના શિર્ષક હેઠળ એક કાર્યક્રમ રજૂ થયો. જે સમાજના ભક્તિ મંડળની બહેનો દ્વારા રજૂ કરાયો હતો. **ઝંકાર શ્રોતા મંડળ**ના કન્વીનર **શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા**ની સાથે ભક્તિ મંડળની બહેનો **શ્રીમતી દમયંતીબહેન મહેતા, અલકાબેન શાહ, દક્ષાબહેન શાહ, ચંદનબહેન નાગડા (શાહ), જ્યોતિબહેન શાહ, મંજુલાબહેન શાહ** તથા **ફાલ્ગુની હિરેને** આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

★ જૂન ૧૯૯૦માં પાલડી ખાતેના મકાનની માલિકી મળી ગયા બાદ પર્યુષણ પર્વ દરમ્યાન તા. ૧૮-૮-૧૯૯૦ના સંકલ્પ અને ભક્તિ મંડળના સંયુક્ત ઉપક્રમે ભાવનાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભક્તિ સંગીત પીરસાયું હતું.

★ વિશ્વ શાંતિ અને અણુ પ્રસાર બંધીના પ્રચારાર્થે અમદાવાદથી દિલ્હી સુધીનું સ્કેટીંગ અભિયાન યોજાયું હતું. જેમાં આપણા સમાજના ચાર બાળકો જોડાયા હતા. **ગૌરવ ગિરીશ હીરજી શાહ, કૌશિક દિનેશ ખીમજી દેઢિયા, અમીષા મણિલાલ ગોસર અને રાહુલ ભવાનજી રવજી નાગડા.** આ બાળકોએ અમદાવાદથી દિલ્હી સુધીનું ૧૦૦૦ કિ.મી.નું અંતર ૧૫ દિવસમાં કાપ્યું હતું.

★ તા. ૧૨-૮-૧૯૯૦ના રોજ **'સંકલ્પ'** દ્વારા **'કોમ્પ્યુટર વિશે જાગૃતિ'** અને **'વિદેશમાં ઉચ્ચ અભ્યાસ'** – આ વિષયે માહિતી આપતો સ્ટડી વર્કશોપ યોજાયો. આ કાર્યક્રમને સારો આવકાર મળ્યો હતો.

★ ૨૪ નવેમ્બર, ૧૯૯૧ના રોજ લખનૌ ખાતે યોજાયેલ પ્રાંતીય ફિઝીયો અને ઓક્યુપેશનલ થેરાપીસ્ટ એસોસિએશનના સંમેલનમાં આપણા સમાજના અગ્રણી અને સિવિલ હોસ્પિટલના ચીફ ઓક્યુપેશનલ થેરાપીસ્ટ **શ્રી પોપટલાલ નેણશી ઘરોડ**ના "પેરાપ્લેજીક દર્દીઓના પુનર્વાસ - આધુનિક વલણો" અંગેના વૈજ્ઞાનિક નિબંધને શ્રેષ્ઠ નિબંધ તરીકે પુરસ્કાર મળ્યો.

★ તા. ૨૬-૭-૧૯૯૨ના રોજ મળેલ સામાન્ય સભામાં સંસ્થાના હાલના બંધારણમાં પ્રથમ વખત સુધારા - વધારાને મંજૂરી અપાઈ. જે મુજબ સંસ્થાના રૂા. ૭ લાખ કે તેથી વધુની રકમનું દાન આપનાર વ્યક્તિ / સંસ્થાને **મુરબ્બી સભ્ય**ના જુથમાં લઈ પ્રથમ ત્રણ સભ્યોની **કાયમી ટ્રસ્ટી** તરીકે નિમણુંક કરવાની જોગવાઈને સ્વીકારવામાં આવી હતી. ઉપરાંત ટ્રસ્ટીઓની સંખ્યા વધારીને ૨૧ કરાઈ હતી.

★ અખિલ ભારતીય હિંસા નિવારણ સંઘના માનદ્ ઇન્સ્પેક્ટર અને **બચુભાઈ રાંભિયા**ના ધર્મપત્ની **શ્રીમતી ગીતાબહેન રાંભિયા**ની હત્યા કરવામાં આવી. તા. ૨૭-૮-૧૯૯૩ના રોજ વાછરડાઓને બચાવ્યા બાદ સી.એન. વિદ્યાલય સામે ધોળા દિવસે ખાટકીઓએ તેમની સરેઆમ હત્યા કરી. અમદાવાદમાં પશુઓની ગેરકાયદે થતી કતલ અટકાવવામાં તેઓ નીડર થઈને અસરકારક ઝુંબેશ ચલાવતાં હતાં. આથી કસાઈવાડામાં તેઓ આડખીલીરૂપ બની ગયાં હતાં. જીવદયા પ્રેમીની કરૂણ હત્યાને પગલે અનેક વેપારીઓએ સ્વયંભુ બંધ પાળ્યો હતો.

★ સમાજ દ્વારા શરૂ થનાર વિવિધ પ્રવૃત્તિઓ માટે કાયમી ભંડોળ ઊભું કરી તેની સાથે દાતાનું નામ જોડવાનું નક્કી કરાયું હતું. જેના પગલે યુવા વિકાસ પ્રવૃત્તિ માટે **શ્રી હરખચંદ કુંવરજી સાવલા** (ગામ તલવાણા) તરફથી રૂા. દોઢ લાખના દાનની ઑફર મળેલ હતી.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ અને કારોબારીની તા. ૧૨-૯-૧૯૯૩ના રોજ મળેલ સભામાં સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓના સંચાલન માટે જુદી જુદી સમિતિઓની રચના કરવામાં આવી. જેમાં **મેડિકલ ચેક-અપ સેન્ટર, શૈક્ષણિક સહાય, તબીબી સહાય, યુવા વિકાસ પ્રવૃત્તિ, મહિલા વિકાસ સમિતિ, વૈયાવચ્ચ સમિતિ અને સાધર્મિક ફંડ સમિતિ** – આમ કુલ સાત સમિતિઓની રચના કરી, તેના કન્વીનરની નિમણુંક કરાઈ હતી.

★ **વિજય ટ્રાન્સપોર્ટ કંપનીના સ્થાપક અને સામાજિક કાર્યકર શ્રી કુંવરજી ખીમજી શાહ**નું તા. ૧૦-૧૦-૧૯૯૩ના રોજ ટૂંકી માંદગી બાદ અવસાન થયું. જ્યારે કચ્છને દેશના અન્ય ભાગો સાથે જોડતા રસ્તા પણ ન હતા ત્યારે તેમણે કચ્છમાં ટ્રક ટ્રાન્સપોર્ટની શરૂઆત કરી હતી. કચ્છના દુષ્કાળ વખતે ગામડે ગામડે ઢોરવાડા અને હવાળા ઊભા કરીને અબોલ પશુઓને જીવતદાન અપાવનાર અને દરેક શુભ કાર્યમાં નાણાંકીય સહયોગ આપનાર નિખાલસ અને નિરાભિમાની સ્વભાવના કુંવરજીભાઈ **અજાતશત્રુ** હતા. એથી જ તો સરકારે તેમને **'જસ્ટીસ ઓફ પીસ'** – JP નું સન્માનનીય બિરૂદ આપ્યું હતું. સેવા ક્ષેત્રે સુંદર કામગીરી કરનાર **બીદડા સર્વોદય ટ્રસ્ટની હોસ્પિટલ**ને તેમણે આજીવન નિઃશુલ્ક ટ્રાન્સપોર્ટેશન પૂરૂં પાડ્યું હતું. તેમની શોક સભામાં ગામની ૫૧ સંસ્થાઓએ સદ્ગતને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

★ કચ્છના અગ્રણી અને પૂર્વ સાંસદ **શ્રી મહિપતરાય મહેતા**ને શ્રદ્ધાંજલી આપવા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ઉપક્રમે પ્રાર્થના સભા યોજાઈ.

★ તા. ૧૮-૯-૧૯૯૪ના રોજ આયોજિત વાર્ષિક સ્નેહ મિલન સમારંભમાં સ્વામિવાત્સલ્ય જમણવારના કાયમી દાતા તરીકે **શ્રીમતી લક્ષ્મીબેન કુરિયા** અને **સુશીલાબેન બાબુભાઈ નાગડા**ના સંયુક્ત નામે રૂા. ૪,૪૪,૪૪૪/-ની માતબર રકમ જાહેર કરાઈ. ઉપરાંત આ જ દાતાઓના સંયુક્ત નામે **"બાલ સમૃધ્ધિ યોજના"** માટે રૂા. ૧,૧૧,૧૧૧/-નું દાન મળ્યું. આ યોજના અનુસાર સમાજના સભ્યના ઘરે જન્મતા દરેક બાળકને રૂા. ૧,૦૦૦/-ની કિંમતના ગીફ્ટ વાઉચર અપાશે. જે બાળક ૨૦-૨૧ વર્ષની ઉંમરે જીવનના નિર્ણાયક તબક્કામાં પહોંચે ત્યારે મોટી રકમના રૂપમાં તેને પ્રાપ્ત થાય.

★ ૧૯૯૫માં લેવાયેલ બોર્ડની પરીક્ષાઓમાં મૂળ ફતેહગઢ (વાગડ)ના હાલે અમદાવાદના નિવાસી **શ્રી ઉગરચંદ પોપટલાલ ગઢેચાના પુત્ર ચિ. કલ્પેશે** ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૮૪.૩૩% મેળવીને **બોર્ડમાં દસમું સ્થાન** પ્રાપ્ત કર્યું છે. તેમણે પોતાની શાળા વિદ્યાનગર હાઈસ્કૂલ ઉપરાંત પરિવાર અને સમગ્ર કચ્છનું ગૌરવ વધાર્યું છે. **ગુજરાત રાજ્ય હાયર સેકન્ડરી બોર્ડમાં પ્રથમ દસમાં સ્થાન મેળવનાર ચિ. કલ્પેશ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રથમ વિદ્યાર્થી છે.**

નોંધનીય છે કે સમાજના વર્તમાન ટ્રસ્ટી **શ્રી હસમુખભાઈ ગઢેચા** તેમના વિદ્યાર્થીકાળમાં બોર્ડમાં સ્થાન મેળવવાની તક માત્ર ૩ માર્કથી ચૂકી ગયા હતા. વડીલ બંધુની એ નિષ્ફળતામાંથી પ્રેરણા લઇને લઘુબંધુ કલ્પેશે સફળતાનું સ્વપ્ન સાકાર કર્યું.

★ સમાજનો ૩૨મો વાર્ષિક સ્નેહમિલન સમારંભ તા. ૧૦-૯-૧૯૯૫ના રોજ ઉજવાયો. જેમાં પરીક્ષાઓમાં વિશિષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનું સૌપ્રથમવાર **ઇંદીરા ગાંધી વિકાસપત્ર** અને **ખાસ સર્ટીફિકેટ** આપીને સન્માન કરાયું.

★ ડિસેમ્બર-૧૯૯૫થી 'મંગલ મંદિર'ની ગુણવત્તા વધુ સુધરી. **સંભવતઃ કોમ્પ્યુટરનો ઉપયોગ** શરૂ થયો.

★ સમાજના સક્રિય કાર્યકર અને કારોબારી સભ્ય **શ્રી મણિલાલભાઈ નાનજી ગાલા** (ગામ દેવપુર)નું મદ્રાસ ખાતે દુઃખદ અવસાન થયું. તેઓ હૃદયની તકલીફની સારવાર અર્થે મદ્રાસની એપોલો હોસ્પિટલમાં દાખલ થયા હતા. સમાજની રોજબરોજની ગતિવિધિઓમાં તેમના બહોળા અનુભવનો તેમજ દરેક પ્રવૃત્તિમાં આર્થિક સહયોગ મળતો હતો.

★ આપણા સમાજના ખમતીધર **શ્રી ભવાનજીભાઈ ધનજી દેઢિયા (વિજય સ્ટોર્સ - મણિનગર)**ની પુત્રીના લગ્ન ખૂબ સાદાઈથી થયા. ભવાનજીભાઈ પૈસેટકે પહોંચતા હોવા છતાં, ધામધૂમથી લગ્ન પ્રસંગ ઉજવવાની ઈચ્છા અને પહોંચ બંને ધરાવતા હોવા છતાં, તેમણે સાદાઈથી લગ્ન પ્રસંગ પતાવવાના વેવાઈના આગ્રહને માન આપ્યું. રીત રિવાજોથી નોખા થઇને, મોટા ખર્ચા - દેખાડા - આડંબર વિના કોર્ટમાં લગ્ન રજિસ્ટર કરાવીને પ્રસંગ પાર પાડ્યો. આ એક અનુકરણીય, આવકારદાયક અવસર હતો (જાન્યુઆરી ૧૯૯૬).

★ માર્ચ ૧૯૮૬માં શરૂ થયેલું સમાજની શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળ તેના દશાબ્દિ વર્ષમાં પ્રવેશ્યું. જે નિમિત્તે મંડળની બહેનોએ **કલીકુંડની યાત્રા**નું આયોજન કર્યું હતું. ત્યાં પાર્શ્વ પંચ કલ્યાણક પૂજા ભણાવી હતી. મંડળનું સુચારુ સંચાલન કરનાર પ્રમુખ **શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયા** અને ઉપપ્રમુખ **શ્રીમતી દમયંતીબેન મહેતા**નું મંડળની બહેનોએ સન્માન કર્યું હતું. મંડળ દ્વારા પાવાગઢ, આજવા - નિમેટા, જંબુસર, કાવી ગાંધાર, ગિરનાર, પ્રભાસ પાટણ, દેલવાડા, ઉના, શામળાજી, કેસરિયાજી, ઉદેપુર, રાણકપુર વગેરે સ્થળે યાત્રા - પ્રવાસો યોજાયા હતા. દર વર્ષે બહેનોને લહાણીનો લાભ પણ અપાતો હતો. ઉલ્લેખનીય છે કે મંડળની બહેનો અઠવાડિયે એક દિવસ મળતી હતી અને ભક્તિ સંગીતનો રીયાઝ કરતી હતી. સમાજના પરિજનોના સારા પ્રસંગે પૂજા ભણાવવા, ભક્તિ-સંગીત પીરસવા કે પછી માઠા પ્રસંગે પ્રાર્થના - શાંતિપાઠ કરવા માટે તૈયાર રહેતા હતા. (ભક્તિ મંડળ અંગેની વિગતો અન્યત્ર આવરી લેવાઈ છે.)

★ હૈદ્રાબાદમાં વસતા જાણીતા સર્વોદયવાદી કાર્યકર **શ્રી ટોકરશી લાલજી કાપડિયા**નું અવસાન થયું (માર્ચ ૧૯૯૬)

★ સમાજના એક સંન્નિષ્ઠ કાર્યકર **શ્રી પોપટલાલ નેણશી ધરોડ** તા. ૩૧-૩-૧૯૯૬ના રોજ ૫૮ વર્ષની વયે સિવિલ હોસ્પિટલના **પેરાપ્લેજિયા ડિપાર્ટમેન્ટના હેડ** તરીકે નિવૃત્ત થયા. ૧લી એપ્રિલથી જ તેઓ સમાજસેવા માટે પાલડી ભવન ખાતે પહોંચી ગયા હતા. તેઓ વર્તમાન ટ્રસ્ટી પદે હતા. 'મંગલ મંદિર'ની જવાબદારીઓ ઉપરાંત **વસતીપત્રક**ની જવાબદારી પણ તેમણે સ્વેચ્છાએ સ્વિકારી લીધી હતી. સૂચિત વસ્તીપત્રક માટેના સંપૂર્ણ ખર્ચની જવાબદારી સંસ્થાના ટ્રસ્ટી **શ્રી નવીન વેરશી હરિયા**એ સ્વીકારી લીધી.

★ કારમી મોંઘવારીના સમયમાં સમાજના ગરીબ - મધ્યમ વર્ગના સભ્યોને સહાયરૂપ થવા માટે **સાધર્મિક સહાય** શરૂ કરાઈ. જેમાં સભ્યોને ખાનગી રાહે મદદ પહોંચાડાય છે.

★ **શ્રીમતી પ્રમીલાબેન કુરૂવા ફાઉન્ડેશન - અમદાવાદ** દ્વારા ધોરણ-૧૦ અને ૧૨મા સમાજમાં પ્રથમ આવનાર વિદ્યાર્થિનીને પારિતોષિક આપવાનું જાહેર કરાયું.

★ બીજી ઓક્ટોબર, ૧૯૯૬થી **બાલ સમૃદ્ધિ યોજના** શરૂ થઈ. **શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી કુરિયા** તથા **શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ નાગડા બાલ સમૃદ્ધિ યોજના** અંતર્ગત નવજાત બાળકોના નામે બચતપત્રમાં રોકાણ કરી, તેમની પ્રથમ વર્ષગાંઠે એ ભેટ સ્વરૂપે અપાય છે.

★ રૂા. ૫,૦૦૦/-ની કિંમતની ૧ એવી **કૂપન દાન યોજના** અંતર્ગત કુલ ૨૧૧૦ કૂપનોનું વિતરણ કરાયું હતું. જે થકી રૂા. એક કરોડ કરતાં પણ વધુ રકમ એકત્રિત કરાઈ હતી. દાન એકઠું કરવા માટે જેમ કૂપન દાનનો વિચાર મૌલિક હતો, એ જ રીતે એનો ડ્રો કરીને ભવનનું નામાભિધાન કરવાનો પણ એક ક્રાંતિકારી વિચાર હતો. તા. ૨૬-૧-૧૯૯૭ના દિવસે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીનું ઉદ્‌ઘાટન થયું. તે પ્રસંગે જ આ ૨૧૧૦ કૂપનો માટેનો ડ્રો યોજવામાં આવ્યો. જેમાં મદુરાઈ સ્થિત **શ્રી રવજી મોરારજી લાલન** (કોડાય) વિજેતા જાહેર થયા. જેમણે માત્ર ૧ કૂપન લીધી હતી. એ ભાગ્યશાળી

વિજેતાની ઇચ્છાનુસાર ભવનને **"માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન"** નામ આપવામાં આવ્યું.

★ જાન્યુઆરી ૧૯૯૭માં પાલડી ભવનના ઉદ્‌ઘાટનનો બે દિવસનો સમારંભ રંગેચંગે સફળ થયો. તેની ખુશાલીમાં સૌ સ્વયંસેવકો અને કાર્યકરોની મહેનતને બિરદાવવા તા. ૯-૨-૧૯૯૭ના રોજ **અભિવાદન સમારોહ** યોજાયો. જેમાં યુથ એસોસિએશન 'સંકલ્પ'ના ૬૦ જેટલા સ્વયંસેવકો ઉપરાંત કચ્છી જૈન ભવન પર, રેલવે સ્ટેશન પર, અલગ અલગ ઉતારા સ્થળે કે વિવિધ કમિટીઓમાં સેવા આપનાર સ્વયંસેવકો ઉપરાંત મહિલા મંડળની બહેનો, વિશેષ કામગીરી સંભાળનાર સમાજના કાર્યકરો તથા સવેતન ફરજ બજાવનાર કુલ ૨૧૦ વ્યક્તિઓને વ્યક્તિગત રીતે મંચ પર બોલાવી, તેમની કામગીરીની પ્રશંસા કરી, સ્મૃતિચિહ્ન અર્પણ કરી તેમનું સન્માન કરાયું હતું. ઉલ્લેખનીય બાબત એ હતી કે સન્માનનીય સૌ કાર્યકરો સમાજના ટ્રસ્ટ મંડળ કે કારોબારી સમિતિ સિવાયના સભ્યો હતા.

★ ૮ જૂન, ૧૯૯૭ના રોજ ભવન ખાતે એક દિવસીય **કોમ્પ્યુટર સેમિનાર** યોજાયો. સમાજના સભ્યો અદ્યતન ટેકનોલોજી સાથે કદમ મિલાવી આગળ વધી શકે તે હેતુથી યોજાયેલ સેમિનારમાં કમ્પ્યુટરના ઉદ્‌ભવથી લઈને વર્તમાન અવકાશયુગમાં તેની ઉપયોગીતા, મહત્ત્વ તથા આ ક્ષેત્રમાં કારકિર્દી અને રોજગારીની તકો વિશે જાણકારી અપાઈ હતી. સમાજના પાલડી ભવન ખાતે એના ક્લાસ ચાલુ કરવાની અને સમાજના સભ્યોને ફી માં ૫૦% રાહત આપવાની જાહેરાત કરાઈ હતી. સમાજના યુવાનો અને રસ ધરાવતા વડીલોએ મોટી સંખ્યામાં તેનો લાભ લીધો.

★ સમાજ તરફથી તૈયાર કરાયેલ વસતી પત્રકની માહિતીને આધારે અમદાવાદ - ગાંધીનગરમાં વસતા ૧૮ વર્ષથી વધુ વયના અપરીણિત યુવક-યુવતીઓની વિગતવાર માહિતી સાથેની યાદી તૈયાર કરવામાં આવી. જેની નકલો બહારગામની કેટલીક કચ્છી જૈન સંસ્થાઓને પણ મોકલાઈ. **લગ્નોત્સુક યુવક-યુવતીઓ** તથા તેમના વાલીઓ - પરિવારજનો માટે આવી યાદીનું આદાન-પ્રદાન ખૂબ ઉપયોગી સામાજિક સેવા બની રહેશે એ વિશ્વાસ સાથે આ કાર્ય થયું. યાદી તૈયાર કરવામાં **શ્રી હીરજીભાઈ શાહ, શ્રીમતી રૂક્ષ્મણીબેન ગુલાબચંદ રાંભિયા** તથા **'સંકલ્પ'**ના યુવા કાર્યકરોનો ફાળો ખાસ ઉલ્લેખનીય છે.

★ સમાજના ટ્રસ્ટી, પૂર્વ પ્રમુખ અને અગ્રણી **શ્રી હીરજીભાઈ પાસુ શાહ**ની ગુજરાત રાજ્ય ગ્રામ્ય વિકાસ નિગમ લિ. - ગાંધીનગરના નિયામક મંડળના એક ડાયરેક્ટર તરીકે નિમણુંક કરાઈ.

★ વર્ષ ૧૯૯૭ માટે સમાજસેવાના ક્ષેત્રમાં **'કચ્છ શક્તિ' એવોર્ડ માટે શ્રી હીરજીભાઈ શાહની પસંદગી** થઈ.

★ ૧૫ ઓગસ્ટ, ૧૯૯૭ના રોજ પાલડી સ્થિત ભવનમાં તબીબી ક્ષેત્રે થનાર સેવાના પગરણ મંડાયા. **ફિઝીયોથેરાપી સેન્ટર** અને **આયુર્વેદ સારવાર કેન્દ્ર**નો શુભારંભ થયો.

★ દેશની **આઝાદીની સુવર્ણ જયંતીની ઉજવણીમાં** આપણા સમાજની એક વ્યક્તિએ ગૌરવશાળી પ્રદાન કર્યું છે. મૂળ કોઠારાના વતની અને NID ના સ્નાતક **શ્રી અરવિંદભાઈ ધનજી કુંવરજી લોડાયા** દ્વારા સર્જિત મૌલિક લોગો ભારત સરકાર દ્વારા પસંદ થયો. વર્ષ દરમિયાન રાષ્ટ્રીય સ્તરે યોજાનાર દરેક કાર્યક્રમોમાં તેમણે બનાવેલો લોગો લહેરાયો. અશોક ચક્ર, ૫૦નો આંક અને લહેરાતા તિરંગાના પ્રતીક સાથે આ લોગો બનાવાયો હતો.

★ તા. ૧૪મી સપ્ટેમ્બર ૧૯૯૭ના રોજ સમાજનો **૩૪મો વાર્ષિક સ્નેહ મિલન** સમારંભ યોજાયો. આ સમારંભની વિશેષતા એ હતી કે એ વર્ષનો મિલન સમારંભ આપણા પોતાના ભવનમાં — પાલડી ભવનમાં જ યોજાયો હતો. ઉપરાંત સમાજના સભ્યોના **બ્લડ ગ્રુપની માહિતી** એકઠી કરવા 'સંકલ્પ' દ્વારા **લોહી ચકાસણીની કાર્યવાહી** પણ કાર્યક્રમની સાથે સાથે કરાઈ હતી. લગભગ ૮૦૦ સભ્યોની બ્લડ ગ્રુપની જાણકારી સ્થળ પર જ મળી ગઈ હતી. પ્રમુખના પ્રવચનમાં **ડૉ. ચંદ્રકાંત દેઢિયા**એ **તબીબી વીમા યોજના, સોશિયલ સીક્યોરીટી સ્કીમ તથા સરળ લોન યોજનાઓ** પણ વિચારણા હેઠળ હોવાનું જણાવ્યું હતું. સમાજના ૧૧ તેજસ્વી તારલાઓને સન્માનપત્ર અને **ઇંદિરા વિકાસ પત્ર** આપી બહુમાન કરાયું હતું. બાલ સમૃદ્ધિ યોજના અંતર્ગત સમાજના ૭ બાળકોને **યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાની ચિલ્ડ્રન ગીફ્ટ ગ્રોથ ફંડ યોજનાના સર્ટીફિકેટ** ભેટ અપાયા.

★ તા. ૨૪-૯-૧૯૯૭ના રોજ ભક્તિ મંડળની બહેનોએ **ઇડર ગઢ**ની એક દિવસીય યાત્રાનો લાભ લીધો.

★ **શ્રી નીતિનભાઈ ધનજી ગાલા** અમદાવાદ **ગ્રેઇન બ્રોકર્સ એસોસિએશનના માનદ્ મંત્રી** તરીકે ચૂંટાઈ આવ્યા.

★ તા. ૧૨-૧૦-૧૯૯૭ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની બેઠકમાં **શ્રી બિપીનચંદ્ર કાનજી રવજી**ને **કાયમી ટ્રસ્ટી**

તરીકે નિયુક્ત કરાયા. ઉપરાંત ૧૭ સમિતિઓની રચના કરી, તેના કન્વીનર અને સભ્યોને જવાબદારીઓ સોંપાઈ. પ્રગતિશીલ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓના સુચારુ સંચાલન માટે આ પગલું ભરાયું.

★ પાલડી ખાતે શરૂ થયેલી બે તબીબી સારવારને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. માત્ર **રૂા. ૨૦/-**ની નજીવી ફી લઈને ફિઝીયોથેરાપીની અદ્યતન સાધનો સાથેની સારવાર મળતાં ૭૦-૭૫ દિવસમાં ૪૪૬ દર્દીઓએ લાભ લીધો અને આયુર્વેદ કેન્દ્રનો ૧૭૨ લોકોએ લાભ લીધો.

★ સમાજના ઉપક્રમે તા. ૨૦-૧૨-૧૯૯૭ના રોજ વિખ્યાત **શ્રી બંધુ ત્રિપુટી**નાં પ્રવચનનું આયોજન થયું હતું.

★ **કુ. કોશા દિનેશભાઈ પ્રેમચંદ શાહ (માતા : મંજુલાબહેન)** અમદાવાદની બી.જે. મેડિકલ કૉલેજમાં **M.B.B.S.ની ફાઈનલમાં પ્રથમ સ્થાને** અને **ગુજરાત યુનિવર્સિટીમાં પાંચમા સ્થાને** ઉત્તીર્ણ થયા. તેમણે પરિવારને અને સમાજને પણ ગૌરવ બક્ષ્યું.

★ તા. ૨૬-૧-૧૯૯૮ના રોજ પાલડી સંકુલનો નામકરણ સમારોહ યોજાયો હતો. ૨૬મી જાન્યુઆરી ૧૯૯૭ના રોજ ભવનનું ઉદ્‌ઘાટન થયાના બરાબર એક વર્ષ બાદ યોજાયેલ ભવ્ય સમારંભમાં ભવનને વિધિસર નામ અપાયું : **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત 'માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન.''** બે દિવસીય આ કાર્યક્રમમાં પણ દેશભરના કચ્છી જૈન અગ્રણીઓ સામેલ થયા હતા. ઉપરાંત ભેટ કૂપનના ડ્રોમાં જે ભાગ્યશાળી બન્યા હતા તે મદુરાઈ સ્થિત **શ્રી રવજીભાઈ મોરારજી લાલન**ના પરિવારજનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તા. ૨૫મીના સમારંભમાં પાલડી સંકુલના નિર્માણમાં **૨૫ કૂપન લેનાર નિર્માણ દાતા, ૧૦ કૂપનવાળા સન્માનનીય દાતા, ૫ કૂપન લેનાર શુભેચ્છક દાતા તથા અન્ય સામાન્ય દાતાઓ**ના દાનની રકમ પ્રમાણે ભવનમાં લગાવાયેલ તક્તીઓની અનાવરણ વિધિ કરાઈ હતી. દરેક માળના રૂમ, સમાજની ઓફિસ, લીફ્ટ, ભોજન કક્ષ, પ્રતીક્ષા ખંડ, રીસેપ્શન કાઉન્ટર વગેરે દરેક રૂમને જે તે દાતાઓના નામ અપાયા. એક લાખથી વધુનું દાન આપનાર સૌ દાતાઓનું સન્માન પણ કરવામાં આવ્યું.

દેશની આઝાદીની સુવર્ણ જયંતી વર્ષના ઉપક્રમે યુથ એસોસિએશન 'સંકલ્પ' દ્વારા મૌલિક મનોરંજન કાર્યક્રમ રાત્રે પ્રસ્તુત થયો. જેમાં દેશનો ઈતિહાસ - અંગ્રેજોનો પગપેસારો, ગુલામ ભારત, સ્વાતંત્ર્ય સંગ્રામ અને આઝાદીની વાત વર્ણવીને, અખંડિત ભારતની સાંસ્કૃતિક વિરાસતનું વૈવિધ્ય રજૂ કરાયું હતું. રંગારંગ કાર્યક્રમથી ખુશ થઈને મહેમાનોએ કલાકારોને રૂા. ૩૦ હજારથી વધુના પ્રોત્સાહક ઈનામોની વર્ષા કરી હતી.

બીજા દિવસે ગણતંત્ર દિન નિમિત્તે ઉત્તર પ્રદેશના **એડિશનલ IGP શ્રી મહેન્દ્રભાઈ ગોવિંદજી લાલન**ના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. ત્યારબાદ બહોળી સંખ્યામાં ઉપસ્થિત અગ્રણીઓની હાજરીમાં ઓળી ઝોળી પીપળ પાન... કરીને સંકુલનું વિધિસર નામકરણ કરાયું હતું. તત્પશ્ચાત ભવનમાં **દંત ચિકિત્સા વિભાગ** અને **પંચકર્મ ચિકિત્સા વિભાગ** ખુલ્લો મૂકાયો હતો. સમાજના હિતચિંતક સૌ મુખ્ય દાતાઓનું બહુમાન કરાયું હતું. બે દિવસીય કાર્યક્રમો દરમિયાન કચ્છના કવિ **શ્રી મદનકુમાર અંજારીયા 'ખ્વાબ'** એ સુંદર મંચ સંચાલન કર્યું હતું.

★ નામકરણ વિધિનો દ્વિ-દિવસીય સમારોહ નિર્વિઘ્ને થાય તે માટે **શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી કુરિયા**એ તા. ૨૩-૧-૧૯૯૮ના રોજ **પંચકલ્યાણક પૂજા**નું આયોજન કર્યું હતું. સમાજના ભક્તિ મંડળની બહેનોએ ધરણીધર દેરાસર ખાતે ભક્તિભાવ પૂર્વક પંચ કલ્યાણકની પૂજા ભણાવી હતી.

★ તા. ૭-૨-૧૯૯૮ના રોજ અમેરિકા સ્થિત મૂળ માંડવીના રેડિયોલોજિસ્ટ **ડૉ. ધીરજલાલ હરિલાલ શાહ** સાથે સમાજના અગ્રણીઓએ મુલાકાત કરી હતી. તેઓ બીદડા સર્વોદય ટ્રસ્ટ સાથે સક્રિય રીતે સેવાઓ આપે છે તથા **જૈન એસોસિએશન ઇન નોર્થ અમેરિકા 'જૈના'ના પ્રમુખ છે.**

★ મૂળ ઉનડોઠ (માંડવી)ના વતની અને અમેરિકા સ્થિર થયેલા **શ્રી દામજી લાલજી રાંભિયા (દામી રાંભિયા)**એ કચ્છી જૈન ભવન - પાલડીની મુલાકાત લીધી હતી. આપને જણાવી દઈએ કે શ્રી કચ્છી જૈન સેવા સમાજની પુરોગામી સંસ્થા **શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ**ના સ્થાપક સભ્યોમાં દામી રાંભિયા પણ સમાવિષ્ટ છે. સમાજની પ્રવૃત્તિથી અને ભવન જોઈને તેઓ પ્રભાવિત થયા હતા.

★ માર્ચ ૧૯૯૮ની ગુજરાત રાજયની વિધાનસભાની ચૂંટણીમાં **શ્રી ધીરજલાલ સ્વરૂપચંદ શાહ** કચ્છની રાપર બેઠક પરથી પ્રથમ વખત ચૂંટાઈને **ગુજરાત વિધાનસભાના અધ્યક્ષપદે** નિયુક્ત થયા. આ પદ મેળવનાર તેઓ સૌથી નાની ઉંમરના

છે અને **કુંદનલાલ ધોળકિયા** પછી આ પદ પર બેસનાર **બીજા કચ્છી** છે. ૭૦ના દાયકામાં તેઓ અમદાવાદના છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા હતા. એ વખતે તેઓ કચ્છી જૈન સમાજની પ્રવૃત્તિઓમાં પણ સક્રિય ભાગ લેતા હતા.

★ તા. ૧૫-૩-૧૯૯૮ના રોજ 'સંકલ્પ'ની મીટિંગ થઈ હતી. જેમાં ૨૫મી જાન્યુઆરીના પ્રદર્શિત કરાયેલ મનોરંજન કાર્યક્રમની વીડિયો સૌએ સાથે બેસીને પ્રથમવાર મોટી સ્ક્રીન પર માણી હતી.

★ ૧લી માર્ચ, ૧૯૯૮ના રોજ સમાજના આશરે ૩૦૦ યાત્રીઓનો એક સંઘ શંખેશ્વર તીર્થની યાત્રાએ નીકળ્યો. આ સંઘ, સમાજના અગ્રણી **શ્રી માવજીભાઇ કુરિયા**નો ચીલો ચાતરવાના પ્રયાસ રૂપે હતો. તા. ૨-૩-૧૯૮૮ના રોજ માવજીભાઈને લકવાનો હુમલો થયો. જીવ જોખમમાં મૂકાઈ ગયો હતો. પોતાની સાવચેતી અને ખાસ કરીને જીવનસાથી **શ્રીમતી લક્ષ્મીબહેન**ની સ્નેહ સારવાર થકી તેઓ યમરાજને હાથતાળી દઈને પાછા ફર્યા. શારીરિક આફતમાંથી સાંગોપાંગ બહાર આવ્યાની ઘટનાની ઉજવણી કરવાની તેમની ઈચ્છા હતી. લકવાના એટેકના દશાબ્દિનું બહાનું હતું. વળી, સમાજનું પોતાનું મકાન હોવાનું તેમને શમણું પણ એસ.ટી. ભવન અને પછી પાલડી ભવનના રૂપમાં સાકાર થયું હતું. આમ, સ્વાસ્થ્યની ઘાત ટળી અને સમાજ ભવનનો સંકલ્પ સિધ્ધ થયો. એટલે કુરિયા દંપતીએ તીર્થ યાત્રાનો નિર્ણય કરી સંઘ ઉપાડ્યો હતો.

★ તા. ૨૫-૩-૧૯૯૮ના રોજ પાલડી ભવન ખાતે ૧૯૯૮ના વર્ષમાં ચૂંટાયેલા કચ્છી લોક પ્રતિનિધિઓ **સર્વશ્રી ધીરજલાલ શાહ (અધ્યક્ષ), શ્રી સુરેશભાઈ મહેતા (મંત્રી), શ્રી ફકીરભાઈ વાઘેલા (મંત્રી)** તથા ધારાસભ્ય **શ્રી વાસણભાઈ આહિર**ને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો.

★ સમાજ દ્વારા તા. ૧૧-૫-૧૯૯૮થી તા. ૩૧-૫-૧૯૯૮ સુધી પાલડી ભવન ખાતે **યોગાસન તાલીમ શિબિર** યોજાઈ ગઈ. ૨૧ દિવસની આ શિબિરમાં સમાજની ૧૫ વ્યક્તિઓ જોડાઈ હતી.

★ તા. ૧૬-૮-૧૯૯૮ના રોજ **વ્યક્તિત્વ વિકાસ સમિતિ** શરૂ થઈ.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૩૫મો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ તા. ૬-૯-૧૯૯૮ના રોજ યોજાઈ ગયો. વિધાનસભા અધ્યક્ષ **શ્રી ધીરુભાઈ શાહ**ના પ્રમુખ સ્થાને અને **ગુજરાત સમાચારના મેનેજિંગ તંત્રી શ્રી શ્રેયાંસભાઈ શાહ**ની અતિથિ વિશેષ તરીકેની ઉપસ્થિતિમાં **મેડિકલ સેન્ટરમાં નવી નવ શાખાઓ - સેવાઓ શરૂ કરાઈ**. ઉપરાંત સમાજના ૩ માસના બાળકથી ૭૦ વર્ષના વડીલોને આવરી લેતી **સ્વાસ્થ્ય વીમા યોજના**નો પણ આરંભ કરાયો. સંસ્થાની યુવા પાંખ 'સંકલ્પ' દ્વારા ખૂબ ઉપયોગી એવી **બ્લડ ગ્રુપ ડિરેક્ટરી**નું સભ્યોમાં વિતરણ કરાયું હતું. આ ડિરેક્ટરીના મુખ્ય દાતા તરીકે **શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા**નો સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ કાર્યક્રમમાં પધારેલ અન્ય અતિથિઓમાં મધ્ય પ્રદેશના **સાંસદ શ્રી રાઘવજીભાઈ સાવલા, શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન** (કાયમી ટ્રસ્ટી - મુંબઈ), કલકત્તા કચ્છી સમાજના પ્રમુખ **શ્રી કુંવરજીભાઈ નાથાભાઈ શાહ**, સામાજિક કાર્યકર **શ્રી લીલાધર બેચરલાલ મહેતા** (મુંબઈ), ભદ્રેશ્વર તીર્થના મેનેજિંગ ટ્રસ્ટી **શ્રી કાંતિલાલ બાબુલાલ ધીવાલા**, સી.એ. **શ્રી રાજેન્દ્ર પાસડ** (મુંબઈ), ઉદ્યોગપતિ અને ઈલેક્ટ્રીકલ એન્જિ. **શ્રી કાંતિલાલ ગડા** (મુંબઈ), પ્રો. ડૉ. મણિલાલ ગડા તથા ડૉ. ઉદય ગડા સામેલ હતા. આ મહાનુભાવોના હસ્તે મેડિકલ વિભાગની વિવિધ સેવાઓને ખુલ્લી મૂકાઈ હતી. બૃહદ્ સમાજના સભ્યો ઉપલબ્ધ તબીબી સેવાઓ અંગે માહિતગાર થાય તે માટે તા. ૪-૯-૧૯૯૮ના રોજ એક **પત્રકાર પરિષદ**નું પણ આયોજન કરાયું હતું.

★ તા. ૨૭-૧૨-૧૯૯૮ના રોજ 'સંકલ્પ' દ્વારા શેઠ સી.એન. વિદ્યાલયના ગ્રાઉન્ડમાં **ત્રીજો સ્પોર્ટ્સ ડે** યોજાયો. જેમાં સમાજના ભૂલકાંઓ, યુવાનો તથા વડીલોએ ઉત્સાહભેર ભાગ લીધો. વિજેતાઓને ઈનામો તથા શિલ્ડ એનાયત થયા.

★ તા. ૭-૧-૧૯૯૯ના રોજ રાજયના **પૂર્વ નાણાંમંત્રી શ્રી બાબુભાઈ મેઘજી શાહ** સાથે સમાજના સભ્યોનું અનૌપચારીક મિલન યોજાયું. જેમાં કચ્છના પાણી, નર્મદા, ઉદ્યોગો અને અભયારણ્ય જેવા મુદ્દે ચર્ચા કરાઈ હતી.

★ તા. ૨૬મી જાન્યુઆરી ૧૯૯૯થી પાલડી ભવન ખાતેની **પુસ્તકાલય પ્રવૃત્તિ**ને ફરીથી સક્રિય કરાઈ. સમાજના સભ્યોમાં જ્ઞાન સાથે સંસ્કારોનું પણ સિંચન થાય તે ઉદ્દેશ સાથે આ પ્રવૃત્તિને ભાર અપાયો.

★ **તબીબી ક્ષેત્રે** સેવાકાર્યમાં સફળ પદાર્પણ કર્યા બાદ સમાજના અગ્રણીઓને **શિક્ષણ ક્ષેત્રે** કંઈ કરી છૂટવાની જરૂર જણાઈ. ચર્ચાને અંતે વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ બનાવવાને અગ્રતા આપવા સહમતિ સધાતા, સમાજનું એક પ્રતિનિધિ મંડળ તા. ૨૧-૨-૧૯૯૯ના રોજ મુંબઈ પહોંચ્યું હતું. તેમણે આઈ.આઈ.ટી. - પવઈ, શાહ - એન્કર એન્જિનિયરીંગ કોલેજ - ચેમ્બુર

તથા માટુંગા બોર્ડિંગની મુલાકાત લીધી હતી. તો અન્ય એક જૂથે તા. ૨૫-૨-૧૯૯૯ના રોજ અમદાવાદની નિરમા ઈન્સ્ટિટ્યૂટની મુલાકાત લીધી હતી.

★ સોનાના દાગીનાની સૌથી વધુ નિકાસ કરવા બદલ ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સનો **'નિકાસ એવોર્ડ' મે. દીપ એક્સપોર્ટર્સના શ્રી હસમુખ ગઢેચા** અને **સુરેન્દ્ર ગઢેચા**ને એનાયત થયો.

★ ભક્તિ મંડળની બહેનોની **જેસલમેર** (રાજસ્થાન)ની ચાર દિવસીય **યાત્રા** યોજાઈ. દેવદર્શન અને પૂજા, ભક્તિ સાથેની અનેક તીર્થોની આ યાત્રા પાવનકારી હતી.

★ તા. ૧૪-૩-૧૯૯૯ના રોજ 'સંકલ્પ' દ્વારા એક નવતર કાર્યક્રમ **'કચ્છ જી અદાલત'** યોજાયો હતો. જેમાં આરોપીના કઠેડામાં પૂર્વ નાણાંમંત્રી **શ્રી બાબુભાઈ મેઘજી શાહ** હતા. વકીલ તરીકે યુવા **CA શ્રી હસમુખ ગઢેચા**એ આરોપનામામાં પ્રશ્નોની ઝડીઓ વરસાવી હતી. નિષ્પક્ષ જજની ભૂમિકા, **નિવૃત્ત I.A.S. અધિકારી શ્રી સત્યેન્દ્રભાઈ શાહે** ભજવી હતી. પોતાના પર લગાવાયેલ ત્રણેય આરોપો સામે શ્રી બાબુભાઈએ કરેલો બચાવ નામદાર જજે માન્ય રાખતાં તેમને બા-ઈજ્જત બરી કરાયા હતા. ત્યારબાદ ઑપન હાઉસમાં પણ કચ્છના પ્રશ્નો અને તેના ઉકેલ અંગે મુક્ત મને ચર્ચા થઈ હતી. બહોળી સંખ્યામાં ઉપસ્થિત સમાજના સભ્યોએ 'સંકલ્પ'ના આ નવીન પ્રયાસને બિરદાવ્યો હતો.

★ **યુવા વિકાસ સમિતિ** દ્વારા પ્રથમ કાર્યક્રમ તરીકે **વક્તૃત્વ સ્પર્ધા** યોજાઈ. જેમાં ત્રીસેક સ્પર્ધકોએ ભાગ લીધો. મોટી સંખ્યામાં ઉપસ્થિત દર્શકોએ વિવિધ વયજૂથના સમાજના લોકોના વિચારો માણ્યા હતા.

★ સમાજના જાણીતા એક્યુપંક્ચરીસ્ટ **ડૉ. પી.જી. શાહ**ના પુત્ર **ધીમંત શાહ**, Under 12 Chess Championship માં રાજ્યમાં પ્રથમ ક્રમાંકે રહ્યા. હવે તેઓ રાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

★ વ્યક્તિત્વ વિકાસ સમિતિ દ્વારા તા. ૨૫-૪-૧૯૯૯ના રોજ રસપ્રદ વક્તવ્યનું આયોજન થયું. વિષય હતો : **'જિંદગીનો ખેલ કેવી રીતે ખેલશો?'** વક્તા હતા જાણીતા મોટીવેટર **પ્રો. ડૉ. શૈલેષ ઠક્કર.**

★ તા. ૨-૫-૧૯૯૯ના રોજ મળેલી ટ્રસ્ટ બોર્ડની મીટિંગના નિર્ણય મુજબ સમાજના સભ્યના પરિવારજનોને પાલડી સ્થિત મેડિકલ સેન્ટરની રૂા. ૧,૦૦૦/- સુધીની સુવિધાઓમાં રાહત અપાશે. પ્રસંગ માટે સાંસ્કૃતિક હોલ અને હોલો પ્લીન્થ ૧૨ મહિના અગાઉથી બુક કરી શકાશે. પાલડી સ્થિત અતિથિ ભવનના દરેક રૂમમાં ટી.વી.ની સગવડ અપાશે. બીજા માળની કેન્ટીન કોન્ટ્રાક્ટના ધોરણે ચલાવવા અપાશે તથા સ્વાસ્થ્ય વીમો હવે 'સંયુક્ત કુટુંબ'નો લઈ શકાશે.

★ સમાજના ટ્રસ્ટી અને અગ્રણી કાર્યકર **શ્રી આણંદજી વેલજી વીરા** (મેરાઉ) **ધી પ્રગતિ કો.ઓ. બેંક લિ.ના બોર્ડ ઓફ ડિરેક્ટરના** સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા.

★ કચ્છને અનુસ્નાતક કક્ષાની પરીક્ષાનું કેન્દ્ર ન મળતાં, કચ્છમાંથી કોમર્સના બાવન અને આર્ટસના ૧૦૫ વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ પરીક્ષા માટે અમદાવાદ આવ્યા હતા. સૌની રહેવા - જમવાની વ્યવસ્થા પાલડી ભવન ખાતે કરાઈ હતી.

★ મૂળ માંડવીના **ડૉ. હિમાંશુ શાહે** યુરોલોજીની પરીક્ષામાં M.C.H. ની ડિગ્રી **ગોલ્ડ મેડલ** સાથે મેળવી. ડૉ. હિમાંશુ રમેશચંદ્ર શાહ, **આપણા સમાજમાં આવી ઉચ્ચતર ડિગ્રી સફળતા સાથે મેળવનાર સંભવતઃ પ્રથમ ડોક્ટર છે.**

★ KJSS સંચાલિત શ્રીમતી લક્ષ્મીબેન માવજી ધારશી ફુરિયા તથા શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ નાગડા **બાલ સમૃદ્ધિ યોજના**ની શરૂઆત ૨જી ઓક્ટોબર, ૧૯૯૬ના રોજ થઈ. વર્ષ ૧૯૯૬માં ૩ બાળકોને, ૧૯૯૭માં ૨૯ બાળકોને તથા ૧૯૯૮માં ૨૪ બાળકોને બચત સર્ટીફિકેટ્સ આપવામાં આવ્યા છે.

★ તા. ૨૬-૯-૧૯૯૯ના રોજ સમાજનો ૩૬મો વાર્ષિક મિલન સમારંભ યોજાયો. જેમાં પાલડી મેડિકલ સેન્ટર ખાતે ઉપલબ્ધ તબીબી સેવાઓમાં અન્ય **૯ સુપર સ્પેશિયાલિટી સુવિધાઓ** જનતા માટે ખુલ્લી મૂકાઈ હતી.

★ તા. ૨૪-૮-૧૯૯૯ના રોજ સંકલ્પ દ્વારા મુંબઈનું નાટક **'કહું છું સાંભળો છો?'** રજૂ થયું.

★ તા. ૨૦-૯-૧૯૯૯ના રોજ ભક્તિ મંડળની બહેનોએ **એક દિવસમાં પંચતીર્થ**ની યાત્રા કરી હતી. મહેસાણા, ચાણસ્મા, કમ્બોઇ, પાટણ તથા ચારૂપ તીર્થ દર્શનનો લહાવો લીધો હતો.

★ સંકલ્પ દ્વારા રૂા. ૭૫,૦૦૦/- જેટલું ફંડ એકત્રિત કરીને **કારગીલના સૈનિકો માટે સેન્ટ્રલ મિલીટરી વેલફેર ફંડ**માં

મોકલાયું.

★ ૧લી જાન્યુઆરી, ૨૦૦૦ના રોજ સમાજની **યુવા વિકાસ સમિતિ** દ્વારા એસ્ટ્રોનોમિ અંગે જાણકારી આપતો કાર્યક્રમ **"આકાશ અને તારા દર્શન"** યોજાયો. જેમાં તજજ્ઞોએ બ્રહ્માંડની અટપટી વાતોને સરળ રીતે સમજાવી, મોટા ટેલિસ્કોપ દ્વારા ગુરુ અને શનિના ગ્રહના વલયો બતાવ્યા હતા.

★ સૂર્ય ઉર્જાથી ઉપવાસ કરીને ખ્યાત થયેલા **શ્રી હીરા રતન માણેકે** તેમના વિક્રમી **૪૧૧ દિવસના ઉપવાસ માટે** શ્રી કચ્છી જૈન ભવન ખાતે ભાડામુક્ત એક રૂમ ફાળવવા માંગણી કરી હતી. તે સમયે ઉપવાસીના મુલાકાતીઓના સંભવિત ધસારાને કારણે ભવનની અન્ય સુવિધાઓ અવરોધાશે, એ ભીતિએ સમાજે તેમની માંગણીનો અસ્વીકાર કર્યો હતો. શ્રી માણેકે સમાજને ફેર વિચારણા માટે વિનંતી કરતા, સમાજે તેમની આંશિક માંગ સ્વીકારી હતી. જે મુજબ તા. ૧-૧-૨૦૦૦થી તા. ૨૮-૨-૨૦૦૦ સુધી — બે મહિના માટે તેમને ભવનનો એક રૂમ નિઃશુલ્ક ફાળવાયો. શ્રી માણેકની ઉગ્ર તપસ્યા અને તેની પાછળના વૈજ્ઞાનિક રહસ્યો અંગે સંશોધન કરાઈ રહ્યું હતું. જેમાં વિશ્વના વૈજ્ઞાનિકો તથા નાસાએ પણ ઊંડો રસ દાખવ્યો હતો. તેમની ૪૧૧ ઉપવાસની યાત્રા ૧લી જાન્યુઆરીના રોજ આપણા ભવનથી થયેલ હતી.

★ **એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઇન્ડિયા** દ્વારા અબોલ પશુની રક્ષા - જતનમાં નોંધપાત્ર સેવા આપનારને **"પ્રાણી મિત્ર એવોર્ડ"** એનાયત કરવાનો સમારંભ અમદાવાદ ખાતે યોજાયો હતો. જેમાં પ્રાણી રક્ષામાં જાનનું બલિદાન આપનારા **સ્વ. ગીતાબહેન રાંભિયા**ને આ ઍવોર્ડ મરણોત્તર અપાયો હતો.

★ **સમાજના તૃતીય સોપાન** શાહીબાગ ખાતેના **'શ્રી કચ્છી વિશ્રામ ગૃહ'** માટે ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડના ચેરમેન અને ભુજના ધારાસભ્ય **શ્રી મુકેશભાઈ ઝવેરી**ના હસ્તે **રૂા. ૧ કરોડ**ના અનુદાનની રકમનો ચેક અર્પણ સમારોહ તા. ૧૨-૨-૨૦૦૦ના રોજ મહાનુભાવોની મોટી ઉપસ્થિતિમાં ભવ્ય રીતે ઉજવાઈ ગયો. તા. ૧૩-૨-૨૦૦૦ના રોજ વિશ્રામ ગૃહના **ભૂમિ પૂજન**નો કાર્યક્રમ યોજાયો. આ બે દિવસીય સમારોહમાં દેશભરના કચ્છી જૈન અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સન્માન અને પ્રેરક પ્રવચનો દરમિયાન સમાજના નવા પ્રકલ્પ માટેનો દાનનો પ્રવાહ પણ અવિરત ચાલુ રહ્યો. પાલડી ભવન ખાતે રહીને સૂર્ય ઉર્જાથી શક્તિ મેળવવાના સંશોધન માટે ૪૧૧ ઉપવાસ શરૂ કરનાર તપસ્વી **શ્રી હીરા રતન માણેક**નું પણ અભિવાદન કરાયું. ૧૨મી તારીખે રાત્રે સમાજના યુવા વર્ગ દ્વારા **'જેસલ તોરલ'** નાટિકા તથા અન્ય મનોરંજક કાર્યક્રમોની સુંદર રજૂઆત થઈ.

૧૩મી તારીખે **અષ્ટ પ્રકારી સ્નાત્ર પૂજા** ભણાવી, **ભૂમિ પૂજન, ખનન વિધિ તથા શિલા સ્થાપન વિધિઓમાં દસ દિગપાલ પૂજા, નવગ્રહ પૂજન, અષ્ટમંગલ પૂજા** વગેરે વિધિઓ શાસ્ત્રોક્ત રીતે કરાઈ હતી.

★ તા. ૨૮-૫-૨૦૦૦ના રોજ સંકલ્પ દ્વારા વિદ્યાપીઠ મેદાનમાં **ક્રિકેટ મેચ** યોજાઈ.

★ સમાજની યુવા સંકલન સમિતિ દ્વારા એક નવતર પહેલના ભાગરૂપે, શિક્ષણ સિવાયના ક્ષેત્રમાં સિધ્ધિ પ્રાપ્ત કરનાર સભ્યોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવાની શરૂઆત કરાઈ. જે અંતર્ગત **શ્રીમતી બીજલ વિપુલ હરિયા, ધીમંત પ્રકાશ શાહ, કુ. કાજલ મણિલાલ ગાલા** તથા **અનલ રાજેશ ધરમશી**ને પ્રમાણપત્ર અને પુસ્તક એનાયત થયા.

★ તા. ૧૦-૯-૨૦૦૦ના રોજ સમાજનો ૩૭મો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ યોજાયો.

★ સમાજની યુવા વિકાસ સમિતિ દ્વારા માઉન્ટ આબુ ખાતે ૩ દિવસનો **ટ્રેકિંગ કેમ્પ** યોજાયો.

★ તા. ૨૬-૧-૨૦૦૧ના રોજ કચ્છ અને ગુજરાતમાં અન્યત્ર **ગોઝારો ધરતીકંપ** આવ્યો.

★ કચ્છમાં વિનાશકારી ધરતીકંપ બાદ સમાજે બીજા જ દિવસથી રાહત અને બચાવ કાર્યો આરંભી દીધા હતા. સમાજે ભૂકંપ રાહત સમિતિ બનાવી કાર્ય કર્યું. સ્થાનિકો તરફથી અને દેશ-વિદેશથી ખૂબ મોટી સંખ્યામાં લોકોને આપણી સંસ્થા મારફતે કચ્છમાં દાન મોકલવું યોગ્ય લાગ્યું. જેને પગલે રૂપિયા એક કરોડ ૮૩ લાખ જેટલી સહાય મળી હતી. જેનો સમાજ દ્વારા યોગ્ય જગ્યાએ, યોગ્ય રીતે ઉપયોગ કરાયો હતો.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના **ફાઉન્ડર ટ્રસ્ટી** તથા સમાજના સહમંત્રી **શ્રી વિરેન્દ્ર આશારીઆ મૈશેરી**નું હૃદયરોગના હુમલાને કારણે તા. ૧૨-૨-૨૦૦૧ના રોજ અવસાન થયું.

★ તા. ૯-૯-૨૦૦૧ના રોજ KJSS એ એની સમાજસેવાની પ્રવૃત્તિઓના પુસ્તકમાં એક નવીન પ્રકરણ ઉમેર્યું. સમાજના નેજા હેઠળ સૌપ્રથમ **લગ્નોત્સુક યુવક-યુવતીઓનું પરિચય સંમેલન** યોજાયું. જેમાં **૧૦૩ યુવકો અને ૪૦ યુવતીઓ**એ ભાગ લીધો.

★ **મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા 'પ્રદર્શન અને વેચાણ'**નું આયોજન થયું. જેમાં કપડાં, ઘરેણાં, ગીફ્ટ આર્ટીકલ્સ વગેરે વસ્તુઓ ઉપરાંત ખાણીપીણીના કુલ ૫૧ સ્ટોલ્સ હતા.

★ KJSS નું તૃતીય સોપાન શાહીબાગ ખાતેનું શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું નિર્માણકાર્ય પૂર ઝડપે આગળ વધી રહ્યું હતું. પરંતુ ૨૬મી જાન્યુઆરીના રોજ આવેલા કચ્છના વિનાશક ભૂકંપ બાદ સમાજે એની પૂરી તાકાત અને ધ્યાન આપત્તિગ્રસ્તના બચાવ, રાહત અને પુનર્વસન માટે કેન્દ્રિત કર્યું હતું. આથી વિશ્રામ ગૃહ નિર્માણના કાર્યને થોડી બ્રેક લાગી ગઈ હતી. સપ્ટેમ્બર ૨૦૦૧ સુધી કચ્છમાં જરૂરિયાતમંદો / ભૂકંપ પીડિતો માટે હંગામી આવાસો બનાવી તેને અર્પણ કરવાના કામ થતા રહ્યા. વિશ્રામ ગૃહ માટેનો અપેક્ષિત આર્થિક સહયોગ પણ કચ્છ ભણી વળી જતાં, આપણા પ્રકલ્પનું કાર્ય વધુ વિલંબમાં પડ્યું હતું. પરંતુ સૌના સહયોગ અને સદ્‌ભાવના થકી શાહીબાગ ખાતેનું વિશ્રામ ગૃહ તૈયાર થઈ ગયું. એના ઉદ્‌ઘાટન પૂર્વે તા. ૮-૧૨-૨૦૦૧ના રોજ વિશ્રામ ગૃહ ખાતે **કુ. અંજલિ હસમુખ ગઢેચા**ના હસ્તે વિધિસર ઘડો મૂકવામાં આવ્યો હતો. **વિધિકાર જયેન્દ્રભાઈ નાયકે અષ્ટ પ્રકારી સ્નાત્રપૂજા તથા વાસ્તુપૂજા** ભણાવી હતી. પૂજામાં **શ્રી રમણિકલાલ ગોસર, શ્રીમતી નવલબહેન ગિરીશ શાહ (દેઢિયા)** તેમજ **શ્રીમતી જીજ્ઞાબેન ભાવિન સંઘવી**એ લહાવો લીધો હતો. પૂ. મહારાજ સાહેબ અને સમાજના હોદ્દેદારો અગ્રણીઓની ઉપસ્થિતિ રહી હતી.

★ સમાજની મહિલા પાંખ - મહિલા ઉત્કર્ષ સમિતિના કન્વીનર તથા શ્રી કચ્છી મહિલા સમાજ - અમદાવાદના પ્રમુખ **અ.સૌ. દમયંતીબહેન અશોક મહેતા**નું તા. ૧૭-૧૧-૨૦૦૧ના રોજ લાંબી માંદગી બાદ અવસાન થયું. તેઓ સમાજના ઉપપ્રમુખ અને ટ્રસ્ટી **શ્રી અશોકભાઈ મહેતાના ધર્મપત્ની** હતાં.

★ સમાજના **શ્રી કાંતિલાલ અંબાલાલ પૂજ**, તા. ૩-૧૨-૨૦૦૧થી **ગુજરાત હાઈકોર્ટના એડિશનલ જજ તરીકે નિમણુંક થયેલ હતા. ન્યાય ક્ષેત્રમાં આટલું ઊંચું સ્થાન મેળવનાર તેઓ સંભવતઃ પ્રથમ કચ્છી છે.** આપણા સમાજ માટે આ ગૌરવની બાબત બની રહી.

★ તા. ૨૬-૧-૨૦૦૨ના રોજ કચ્છના ભૂકંપની વરસીએ ભૂકંપના **મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા** 'સંકલ્પ' અને 'ભક્તિ મંડળ'ના સંયુક્ત ઉપક્રમે **ભાવના** યોજાઈ હતી.

★ તા. ૨૭મી જાન્યુઆરીએ 'સંકલ્પ' દ્વારા **ફેન્સી ડ્રેસ સ્પર્ધા** યોજાઈ.

★ તા. ૫-૧-૨૦૦૨ના રોજ KJSS એ ઈન્ડસ્ટ્રીઅલ એક્સ્ટેન્શન બ્યુરોના સહકારથી 'અટીરા' ખાતે એક સેમિનાર યોજ્યો. જેનો વિષય હતો : **"કચ્છનો ઔદ્યોગિક વિકાસ – ભૂકંપ બાદ."**

★ કચ્છના ભૂકંપે કચ્છના વેપાર - ઉદ્યોગની કમર ભાંગી નાખી હતી. કચ્છના ઔદ્યોગિક વિકાસને વેગ આપવા તત્કાલીન **પ્રધાનમંત્રી અટલબિહારી બાજપાઈ**એ કચ્છના ઉત્પાદનો પર પાંચ વર્ષ માટે **એક્સાઇઝ ડ્યુટી માફી**ની જાહેરાત કરી અને ગુજરાત સરકારે સેલ્સ ટેક્સ માફીની જાહેરાત કરી. આ જાહેરાત બાદ પણ કચ્છના સ્થાનિક કે બહારના ઉદ્યોગ ગૃહોનો પ્રતિસાદ મોળો રહ્યો હતો. સ્થાનિકો પાસેથી જાણવા મળ્યું કે આ જાહેરાતોમાં ઘણી ગૂંચ છે તથા ઘણા ફેરફારો અનિવાર્ય છે. આ હકીકત અંગે સરકરાનું ધ્યાન દોરવા, સરકારી અધિકારીઓ અને વેપારીઓ - ઉદ્યોગપતિઓને એક મંચ પર લાવી, રચનાત્મક ચર્ચા દ્વારા સકારાત્મક પરિણામ લાવવાના ઉદ્દેશથી આ પરિસંવાદ યોજાયો હતો.

આ પરિસંવાદમાં **કેન્દ્રિય રાજ્યમંત્રી શ્રી બાલાસાહેબ વીખે પાટીલ** તેમજ **રાજ્યના ઉદ્યોગમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા** ઉપસ્થિત રહ્યા હતા. મંચ પર **શ્રી કાંતિસેન શ્રોફ, શ્રી ગૌતમ અદાણી, શ્રી શાંતિલાલ સોમૈયા, શ્રી રાજુ ગોગરી, શ્રી બિપીનભાઈ જૈન, શ્રી લક્ષ જૈન** તથા **ઉદ્યોગ કમિશનર શ્રી હસમુખ અઢિયા** તથા **ઉદ્યોગ અગ્રસચિવ શ્રી એલ. માનસિંગ** વગેરે પણ ઉપસ્થિત હતા. પરિસંવાદમાં જુદા જુદા સેશન્સમાં **કચ્છમાં કર રાહત, આંતરમાળખાકીય સવલતો તથા મૂડી રોકાણની તકો –** આ વિષયો પર ખ્યાત નિષ્ણાતોએ વિચારો રજૂ કર્યા હતા. ભૂકંપમાં તારાજ કચ્છના અર્થતંત્રને ફરી બેઠું કરવા અને ત્યાં ઔદ્યોગિક વિકાસને વેગ આપવાના પ્રયાસો તેજ કરવાના ઉદ્દેશથી યોજાયેલ સેમિનાર પ્રશ્નોત્તરી સાથે સમાપ્ત થયો હતો.

★ તા. ૬-૧-૨૦૦૨ના રોજ ગુજરાતના તત્કાલિન **મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે સમાજના તૃતીય ચરણ સમું શ્રી કચ્છી વિશ્રામ ગૃહ** ખુલ્લું મૂકાયું. ત્યારબાદ શાહીબાગ એનેક્સી ખાતે ભવ્ય ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો. જેમાં ગુજરાત વિધાનસભા **અધ્યક્ષ શ્રી ધીરુભાઈ શાહ, જી.એમ.ડી.સી.ના ચેરમેન શ્રી મુકેશભાઈ ઝવેરી,** રાજ્યના નાગરિક પુરવઠા વિભાગના **રાજ્યમંત્રી શ્રી ભરતભાઈ બારોટ** ઉપરાંત મોટી સંખ્યામાં બહારગામથી પધારેલા અગ્રણીઓ, આમંત્રિતો ઉપસ્થિત હતા. સમારંભમાં મુખ્યમંત્રીના હસ્તે દાતાઓનું બહુમાન કરાયું હતું. મહાનુભાવોના હાથે વિશ્રામ ગૃહના વિવિધ રૂમોનું લોકાર્પણ તેમજ તક્તીઓનું અનાવરણ કરાયું હતું.

★ કચ્છી વિશ્રામ ગૃહના ઉદ્‌ઘાટન પ્રસંગે સમાજે કચ્છી દર્દીઓને સહાયરૂપ થવા માટે **"મેડિકલ રાહત ફંડ"**ની એક નવી યોજનાની જાહેરાત કરી. જે ફંડની રકમ કચ્છના અંતરીયાળ વિસ્તારોમાંથી આવતા ગરીબ કે જરૂરિયાતમંદ લોકોને બીમારીના સમયમાં આર્થિક ટેકો કરી આપવા માટે વાપરી શકાય. આ અંગે જાહેરાત થતાં જ સમારંભમાં રૂા. ૩૫ લાખના દાનની ઑફરો પણ થઈ ગઈ.

★ વર્ષ ૨૦૦૨માં અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓ આપવા માટે કચ્છથી આવેલ આશરે ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ મે મહિનામાં પાલડી અને શાહીબાગ ભવનનો લાભ લીધો હતો.

★ સમાજના **ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ**ની અમદાવાદની **ડેન્ટલ પ્રેક્ટીશનર સોસાયટીના કન્વીનર** તરીકે નિમણુંક થઈ. તેઓ આપણી સંસ્થાની **મેડિકલ કમિટીના કન્વીનર** છે.

★ નર્મદાના નીર અંગે પ્રાથમિક ચર્ચા કરવા તા. ૨૬-૭-૨૦૦૨ના રોજ નર્મદા નિગમના અધિકારીઓ, KJSS ના અગ્રણીઓ તથા કચ્છી સમાજ - અમદાવાદના હોદ્દેદારો વચ્ચે પાલડી ભવન ખાતે એક બેઠક યોજાઈ. ત્યારબાદ તા. ૧૧-૮-૨૦૦૨ની મીટિંગમાં **નર્મદા કચ્છ બ્રાંચ કેનાલ સમિતિ**નું ગઠન થયું. બીજા જ અઠવાડિયે એટલે કે ૧૭મી તારીખે પાલડી ભવન ખાતે એક મીટિંગ બોલાવાઈ. જેમાં અમદાવાદના વિવિધ કચ્છી સમાજોના સભ્યો તથા આ મુદ્દે સક્રિય રસ લેતા દેશભરના અન્ય આગેવાનોને નર્મદા નિગમના અધિકારીઓએ કેનાલના કામોની વિગતો આપી હતી. સમિતિએ સરકારમાં ઊંચા હોદ્દે બેઠેલા કચ્છના પ્રતિનિધિઓ **શ્રી ધીરુભાઈ શાહ, શ્રી સુરેશચંદ્ર મહેતા, શ્રી મુકેશભાઈ ઝવેરી** ઉપરાંત આ મુદ્દે વર્ષોથી લડત આપી રહેલા કચ્છીઓ સાથે મુલાકાત કરી, **કચ્છ કિસાન સંઘ તથા કચ્છ જળ સંકટ નિવારણ સમિતિ**ઓના આગેવાનોને મળીને વધુ ઊંડાણપૂર્વક માહિતી મેળવી.

★ દરમિયાન વિશ્રામ ગૃહ માટે રૂા. ૧,૦૦૦/-ની ભેટ કૂપનો થકી આર્થિક સહયોગ માટે સમાજના કાર્યકરો દેશભરમાં ભ્રમણ કરીને નાણાં ભંડોળ ઊભું કરી રહ્યા હતા.

★ તા. ૧-૮-૨૦૦૨ યોજાયેલ ગુજરાત પોલીસ વિભાગના દીક્ષાંત સમારોહમાં સમાજના દીકરી **પન્નાબહેન નીતિન મોમાયા**એ વિશિષ્ટ સિદ્ધિઓ મેળવી હતી. ગુજરાત પોલીસ એકેડેમિની **બેસ્ટ મહિલા એથ્લીટનો એવોર્ડ**, ૨૧૩ કેડેટ્સમાં અવ્વલ રહીને **બેસ્ટ ઇન ઇન્ડોરનો એવોર્ડ** તથા સર્વાંગી ઉત્કૃષ્ટ દેખાવ માટે Sword of Honour તેમણે પ્રાપ્ત કર્યા. **ગુજરાત પોલીસની સ્થાપના બાદ પ્રથમ વખત આ માન કોઈ મહિલાને પ્રાપ્ત થયું હતું.** આ Sword એટલે કે તલવાર તેમને **મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી**ના હસ્તે એનાયત થઇ.

★ તા. ૨૫-૧૦-૨૦૦૨ના રોજ પાલડી ભવનના પ્રાંગણમાં પહેલવહેલી વાર **શરદ પૂનમ**ની ઉજવણી કરાઈ. પરંપરાગત વેશભૂષામાં સજ્જ આબાલ વૃદ્ધ સૌએ ગરબા-રાસની રમઝટ બોલાવી તથા દૂધ પૌંઆની લિજ્જત માણી.

★ યુવા વિકાસ સમિતિએ **એક્સેલર્સ ફાઉન્ડેશન**ના સહયોગથી તા. ૨૦-૧૦-૨૦૦૨ના રોજ **બાળ મનોવૈજ્ઞાનિક ડો. રત્ના બિલવાની**નાં વક્તવ્યનું આયોજન કર્યું હતું. તેમણે બાળ ઉછેર અંગે સોનેરી સૂચનો કરી બહુઉપયોગી માહિતી આપી હતી.

★ ભારત - કેનેડા વચ્ચેના વેપારી સંબંધોમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર કચ્છી **શ્રી હેમંતભાઈ શાહે** તા. ૨૪-૧૦-૨૦૦૨ના રોજ પાલડી અને શાહીબાગ ભવનની મુલાકાત લીધી હતી. તેમણે અમદાવાદ ખાતે N.R.G. ભવન બનાવવા, **વિદેશી દાન માટે રજિસ્ટ્રેશન** કરવા તથા સમાજની પોતાની **વેબસાઇટ** બનાવવા જેવા મહત્ત્વના સૂચનો કર્યા હતા. ઉચ્ચ અભ્યાસ માટે કેનેડા આવતા વિદ્યાર્થીઓને મદદ - માર્ગદર્શન આપવાની પણ તૈયારી બતાવી હતી.

★ અબડાસાના કોઠારા ગામના સાર્વજનિક દવાખાનાના નવનિર્મિત મકાનની લોકાર્પણ વિધિ તા. ૧૬-૧૧-૨૦૦૨ના રોજ થઈ. સમાજ દ્વારા આ માટે આર્થિક સહાય અપાઈ હતી. સમાજના પ્રમુખ તથા ટ્રસ્ટીઓ આ સમારંભમાં વિશેષ અતિથિરૂપે

ઉપસ્થિત હતા.

★ તા. ૨૬-૧-૨૦૦૩ના દિવસે **શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની સ્થાપનાને છ વર્ષ પૂરા થઈ સાતમા વર્ષમાં મંગલ પ્રવેશ થયો હતો.** તથા કચ્છના ગોઝારા ભૂકંપની બીજી વરસી પણ હતી. આ નિમિત્તે આપણા સાંસ્કૃતિક ભવનમાં **કચ્છી લોક ડાયરા**નું આયોજન કરાયું હતું. કચ્છી લોક ગાયકો **લાલ રાંભિયા, ઇસ્માઇલ પારા, ધનબાઈ ગઢવી,** કચ્છના વિશેષ વાદ્યો **મોરચંગ અને ભોરીંગાના વાદક શ્રી ઉમેશ જડિયા** તથા સાથીઓના વૃંદે મોડી રાત સુધી રંગત જમાવી હતી. કાર્યક્રમ માટે **ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, આદિશ્વર મોટર્સ પ્રા.લિ. તથા ડો. શાહ એડવાન્સ કેર એન્ડ કોસ્મેટીક ક્લિનિક તરફથી** આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો.

★ તા. ૨૬-૧-૨૦૦૩ના દિવસે 'સંકલ્પ' દ્વારા બ્લડ બેંકના સહયોગથી **રક્તદાન શિબિર**નું આયોજન થયું હતું. ઉલ્લેખનીય બાબત એ હતી કે રક્તદાન કરવા ઈચ્છુક ૧૭૫ સભ્યોમાંથી માત્ર ૧૧૦ સભ્યો જ રક્તદાન કરી શક્યા. ૬૫ જેટલા સભ્યો **હિમોગ્લોબીનના અપૂરતા પ્રમાણ** કે અન્ય રક્ત ત્રુટીઓના કારણે રક્તદાન કરવા માટે અસમર્થ નીવડ્યા હતા. સ્વાસ્થ્ય અંગેની સામાન્યતઃ ઉપેક્ષિત રહેતી આ હકીકત ખરેખર ભયજનક કહી શકાય. યુવાનોએ આ અંગે ઘટતું કરવાનું બીડું ઝડપી લીધું છે.

★ યુવા વિકાસ સમિતિ તથા સંકલ્પના સંયુક્ત ઉપક્રમે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે એક દિવસીય શિબિરનું આયોજન તા. ૩૧-૧-૨૦૦૩ના રોજ કરાયું હતું. જેમાં **યાદશક્તિ વધારવાની અને રીવીઝન કરવાની વૈજ્ઞાનિક અને વૈદિક પદ્ધતિઓ** અંગે માહિતી આપી, **શ્રી મૌલીક સોની**એ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

★ નવેમ્બર ૨૦૦૨માં લેવાયેલ સી.એ. ફાઈનલની પરીક્ષાનું પરિણામ માર્ચ ૨૦૦૩માં જાહેર થયું. જેમાં સમાજની દીકરી **કુ. રાજુલ કાંતિલાલ દેવરાજ કુરિયા** (બીદડા)એ **સમસ્ત ગુજરાતમાં પ્રથમ અને દેશમાં સાતમો ક્રમ** મેળવી સમાજનું પણ ગૌરવ વધાર્યું છે.

★ તા. ૨૭-૪-૨૦૦૩ના રોજ અનુસ્નાતક અભ્યાસ માટેની પરીક્ષા આપવા માટે કચ્છથી અમદાવાદ આવનાર વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારંભ યોજાયો હતો. કચ્છના પ્રભારી અને રાજ્યના કાયદામંત્રી **શ્રી અશોક ભટ્ટ** ખાસ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી.

★ સમાજના સભ્ય **શ્રી આર. આર. મહેતા**ની IAS અધિકારી તરીકે પસંદગી થઈ છે.

★ તા. ૨૯-૬-૨૦૦૩ના રોજ મુંબઈના ચેમ્બુર ખાતે **"નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલ અને નર્મદાના કચ્છને મળવાપાત્ર સિંચાઇના પાણી"** – આ વિષય ઉપર એક વાર્તાલાપ યોજાયો હતો. જેમાં મુખ્ય વક્તાઓ તરીકે સમાજના પ્રમુખ **ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા**, ઉપપ્રમુખ **શ્રી અશોકભાઈ મહેતા** તથા ટ્રસ્ટી **શ્રી હસમુખભાઈ ગઢેચા**ને નિમંત્રણ અપાતા તેઓ સમાજના અન્ય સભ્યો સાથે સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા અને નર્મદા અંગેની વિગતો અને તારણો રજૂ કર્યા હતા.

★ યુવા સંકલન સમિતિ દ્વારા **"મન બદલાય તો જીવન બદલાય"** – આ વિષય ઉપર ખ્યાત **મનોચિકિત્સક શ્રી હંસલ ભચેચ**નું વક્તવ્ય તા. ૨૭-૭-૨૦૦૩ના રોજ યોજાયું હતું. ૨૫૦થી વધુ શ્રોતાઓએ તેનો લાભ લીધો હતો. જો કે તેમાંથી સમાજના માત્ર દસેક સભ્યો જ હતા, જે વસમી હકીકત છે.

★ તુંબડી ગામે **ભૂકંપગ્રસ્ત લાઇબ્રેરીનું નવનિર્માણ** કરી તેને તા. ૯-૭-૨૦૦૩ના રોજ ખુલ્લી મૂકાઈ હતી. આ કાર્ય માટે KJSS દ્વારા **'ભૂકંપ રાહત નિધિ'** મારફતે સહયોગ અપાયો હતો. સમાજના માનદ્ મંત્રી **શ્રી પ્રતાપભાઈ દંડ**ના હસ્તે મુખ્ય તક્તીનું અનાવરણ કરાયું હતું. જ્યારે ઉદ્‌ઘાટન, સમાજના ટ્રસ્ટી **શ્રી કાંતિલાલ વેલજી સાવલા**ના હસ્તે કરાયું હતું.

★ સમાજની પ્રવૃત્તિઓ અંગે તથા 'મંગલ મંદિર'ની લેખન સામગ્રી અંગે વાચકો કે સમાજ શુભેચ્છકોના પ્રતિભાવો નિયમિત રીતે મળતા. મોટાભાગે એમાં કાર્યની પ્રશંસા રહેતી. પરંતુ ક્યારેક કોઈક કોઈક સૂચનો મળતા અને કવચિત વિરોધ કે નિંદા જોવા મળતા. આ બધા પ્રતિભાવો 'મંગલ મંદિર'ના **'આંજો કાગર'** વિભાગમાં સમાવિષ્ટ થતા. અસંખ્ય કાગળો વાંચ્યા. તેમાંથી એકનું શિર્ષક ગમી ગયું. મુંબઈની માનવ જ્યોત સંસ્થાના **શ્રી કુલીનકાંત ચાંપશી લુઠિયા**એ KJSS ની બે દિવસની મુલાકાત લીધી હતી. વ્યવસ્થામાં ત્રુટી જણાતાં, તે અંગે સૂચન બુકમાં નોંધ લખી. તેનો સમાજ તરફથી સકારાત્મક પ્રતિભાવ મળતા, તેમણે આપણી સંસ્થાને **"કામ કરતી સરકાર"**ના બિરૂદથી નવાજતો પત્ર લખ્યો હતો.

પ્રશંસાના આ શબ્દો સ્પર્શી ગયા.

***નોંધ :*** *દેશભરથી અનેક શુભેચ્છકો નિયમિત રીતે પ્રવૃત્તિઓના સાચા વખાણ કરીને અમને પોરસ ચડાવતા જ હોય છે અને એ સકારાત્મક શબ્દો સંસ્થાના કાર્યકરોને વધુ વેગે સેવાકાર્યમાં પ્રવૃત્ત થવાની પ્રેરણા આપતા જ રહે છે. અમારા માટે આપ સૌ પ્રશંસકો અને પ્રશંસા બંને મહામૂલા છે. માત્ર એક જ પત્રનો ઉલ્લેખ કરતા અન્ય સૌની મહત્તા લેશમાત્ર ઘટતી નથી, એની ખાસ નોંધ લેશો અને છતાં કોઈની લાગણી દુભાઈ હોય, તો એ માટે હૃદયથી ક્ષમા યાચીએ છીએ.*

★ તા. ૧૪-૯-૨૦૦૩ના રોજ યોજાયેલ KJSS ના ૪૦મા વાર્ષિક સ્નેહ મિલન સમારંભમાં અન્ય રાબેતા મુજબના કાર્યક્રમો ઉપરાંત **સમાજની વેબસાઈટ ખુલ્લી મૂકાઈ હતી.** સંસ્થાના કારોબારી સભ્ય **શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા**એ સૂઝથી અને જહેમત લઈને આ વેબસાઈટ તૈયાર કરી છે.

★ નવેમ્બર ૨૦૦૩ના મળેલ ટ્રસ્ટ બોર્ડની મીટિંગમાં નક્કી કરાયા મુજબ સભ્યના પરિવારજનોના અકસ્માત નિમિત્તે પ્રાર્થના માટે **સાંસ્કૃતિક હોલ તદ્દન નિઃશુલ્ક અપાશે.**

★ ૨૬ જાન્યુઆરી, ૨૦૦૪ના પ્રજાસત્તાક દિને સમાજના પટાંગણમાં સમાજના સભ્ય અને ગુજરાત હાઈકોર્ટના નામદાર જજ **શ્રી કાંતિલાલભાઈ પૂજ**ના હસ્તે તિરંગો લહેરાવાયો હતો. સમાજનાં દીકરી PSI કુ. પન્ના મોમાયાએ સલામી અપાવી હતી. ત્યારબાદ ભવનના હોલમાં **'વડીલોની વંદના'**નો કાર્યક્રમ યોજાયો હતો. સમાજના ૭૦ વર્ષથી વધુ વયના ૪૩ વડીલોને મોતીની માળા પહેરાવી, શાલ ઓઢાડી, શ્રીફળ, સ્મૃતિ ચિહ્ન તથા સ્મૃતિ પત્ર આપીને અભિવાદન કરાયું હતું.

★ તા. ૨-૨-૨૦૦૪ના રોજ **નર્મદા નદીના સિંચાઈના પાણી પ્રશ્ને** વિશ્રામગૃહ ખાતે કચ્છીઓની એક મીટિંગ યોજાઈ હતી. જેમાં કચ્છના રાજકીય આગેવાનો, ઉદ્યોગપતિઓ અને સામાજિક કાર્યકરો જોડાયા હતા. ચર્ચા વિચારણા બાદ ૬ ઠરાવો કરાયા હતા. જેના અમલીકરણ માટે ૨૫ સભ્યોની એક **'એક્શન સમિતિ'**ની રચના કરાઈ. જેના **કન્વીનરપદે** આપણા પ્રમુખ **ડૉ. ચંદ્રકાંત દેઢિયા**ની નિમણુંક કરાઈ.

★ પાલડી મેડિકલ સેન્ટર ખાતે TMT ની સુવિધા શરૂ કરાઈ.

★ યુવા વિકાસ સમિતિ ખૂબ જ જાગૃત / આક્રમક બનીને સમાજની આવતીકાલને વધુ ઉજ્જવળ બનાવવા માટે કટીબધ્ધ થઈ. તા. ૧૮મી એપ્રિલ, ૨૦૦૪ના રોજ એક રસપ્રદ વક્તવ્યનું આયોજન થયું. વિષય હતો : **"હાર્ટ ડિસીઝને રોકો – તદ્દન આધુનિક પદ્ધતિથી."** વક્તા હતા જાણીતા **કાર્ડિયોલોજિસ્ટ ડૉ. રમેશ કાપડિયા.** તેમણે માત્ર શવાસન દ્વારા હૃદયરોગને કેવી રીતે નિવારી શકાય, તે અંગે માહિતીપ્રદ પ્રવચન આપ્યું હતું. આશરે ૨૦૦ લોકોએ તેનો લાભ લીધો.

★ તા. ૧૮-૪-૨૦૦૪થી યુવા વિકાસ સમિતિ દ્વારા સભ્યોનો આત્મવિશ્વાસ વધારવા **પબ્લિક સ્પિકીંગ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ**ની નવ દિવસની વર્કશોપ શરૂ થઈ. શિબિરમાં ભાર લેનાર ૨૦ યુવાઓએ છેલ્લા દિવસે પૂરા આત્મવિશ્વાસથી જે વક્તવ્યો આપ્યા, એ જોઈને ઉપસ્થિત અગ્રણીઓ પણ ખુશ થઈ ગયા.

★ ધોરણ ૮ થી ધોરણ ૧૨ના સૌ વિદ્યાર્થી મિત્રો માટે **યાદ શક્તિ વધારવા, રીવિઝનની સાચી પદ્ધતિ શીખવવા 'માઇન્ડ મેપિંગ'**નો બે દિવસીય વર્કશોપ તા. ૨૪ અને ૨૫મી એપ્રિલે યોજાયો. યુવા વિકાસ સમિતિની આ શિબિર સંપૂર્ણપણે ભરાઈ ગઈ હતી. ભાગ લેનાર ૪૦ વિદ્યાર્થીઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે આગામી પરીક્ષામાં તેમના માર્ક્સ ૩ – ૫% ચોક્કસ વધશે.

★ ૧૦ વર્ષથી વધુ વયના બાળકોમાં સાહસિકવૃત્તિ કેળવાય તથા બાળકો આત્મનિર્ભર બને તે માટે **ટ્રેકિંગ, હાઇકિંગ, માઉન્ટેનિયરીંગ, રીવર ક્રોસીંગ તથા રેપ્લિંગ**ની તાલીમ આપતો દસ દિવસીય કેમ્પ યોજાઈ ગયો. મનાલી ખાતેના કેમ્પમાં સમાજના ૨૮ બાળકોએ પુસ્તક બહારનું શિક્ષણ પ્રાપ્ત કર્યું.

આમ, યુવા વિકાસ સમિતિએ એપ્રિલ માસમાં જ વૈવિધ્યસભર અને બહુઉપયોગી ૪ કાર્યક્રમો કર્યા.

★ નર્મદાના પાણી કચ્છમાં પહોંચાડવા અંગે ગંભીરતાથી કાર્યરત સમાજના ટ્રસ્ટીઓ, કારોબારી સમિતિ તથા અન્ય સભ્યોના એક પ્રતિનિધિ મંડળે ૬ અને ૭ માર્ચના રોજ **સરદાર સરોવર ડેમ સાઇટની મુલાકાત** લીધી હતી તથા ડેમના આયોજનની જાણકારી મેળવવા પ્રયાસ કર્યો હતો.

★ તા. ૧૮-૪-૨૦૦૪ના રોજ મળેલી ટ્રસ્ટ મંડળની મીટિંગ વિશેષ બની રહી. સમાજના ત્રણેય કાયમી ટ્રસ્ટીઓ **શ્રી જગશીભાઈ છેડા, શ્રી બિપીનચંદ્ર જૈન** તથા **શ્રી કાંતિલાલ સાવલા**એ સભામાં હાજરી આપી હતી. ઉપરાંત કચ્છી વીસા ઓસવાળ

મિત્ર મંડળની સ્થાપના થઇ ત્યારથી એટલે કે ૧૯૬૩થી આજ સુધી સંસ્થા સાથે સક્રિય રીતે જોડાયેલા હતા તેવા **શ્રી પોપટલાલ નેણશી ધરોડ** પણ ઉપસ્થિત હતા. તે ઉપરાંત ૧૯૭૦માં સંસ્થા શ્રી કચ્છી જૈન સેવા સમાજના નામે રૂપાંતરીત થઈ તથા ૧૯૮૪માં જ્યારે કચ્છી જૈન સેવા સમાજના નામે રજિસ્ટર્ડ થઈ ત્યારના સંસ્થાના પ્રમુખ **શ્રી હીરજીભાઈ શાહ** પણ હાજર હતા. તે દિવસની મીટિંગ એક સુભગ સમન્વય સમી બની હતી.

★ તા. ૨૩-૫-૨૦૦૪ના રોજ સમાજની ૧૭મી વાર્ષિક સામાન્ય સભા મળી હતી. જેમાં હોદ્દેદારોની વરણી માટે સંસ્થાના **ઇતિહાસમાં પહેલી વખત બે કાર્યકરો વચ્ચે ચૂંટણી યોજાઈ હતી.** આમ તો ચૂંટણી, એ તંદુરસ્ત લોકશાહીની નિશાની છે પરંતુ આપણા સમાજના ઠરેલ અગ્રણીઓએ પોતાની મુત્સદ્દીથી, ચૂંટણીના દૂષણને સમાજમાંથી અને મનમાંથી પર રાખ્યું હતું. સમજાવટ થકી સમરસતાનો માહોલ ઊભો કરી, સૌ કોઈને સમાજના કામમાં જોતરી દેવામાં સમાજ સફળ રહ્યો છે. સમાજની એકજૂટતા અનુકરણીય છે. આથી ચૂંટણીનો માહોલ અંદરોઅંદર વૈમનસ્ય પેદા ન કરે તેવી આશા ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તથા સમાજના જન સામાન્યએ રાખેલ હતી.

★ ટ્રસ્ટ બોર્ડે નિર્ણય કર્યો કે સમાજના સભ્યોના ઉચ્ચ અભ્યાસમાં રસ ધરાવતા બાળકોની પ્રોફેશનલ કે ટેકનિકલ ક્ષેત્રમાં અભ્યાસની ઇચ્છા, માત્ર આર્થિક કારણોને લીધે અટકી નહીં જાય. દરેક નેશનલાઇઝ્ડ બેંક દેશમાં કે દેશ બહાર વધુ અભ્યાસ માટે જનાર વિદ્યાર્થીને લોન આપશે, તેવી આર.બી.આઈ.ની જાહેરાતના અનુસંધાને સમાજની શૈક્ષણિક સહાય સમિતિએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી સહાયરૂપ થવા નિર્ણય કર્યો.

★ શ્રી ક.જૈ.સે.સ.ના નેજા હેઠળ તા. ૨-૫-૨૦૦૪ના રોજ ભવન ખાતે **કચ્છ યુનિવર્સિટી** અંગે એક બેઠક મળી હતી. રાજ્ય સરકાર દ્વારા કચ્છ યુનિ.ની સ્થાપના કરવાની જાહેરાતના એક વર્ષ બાદ પણ એ દિશામાં કોઈ નક્કર કામ ન થતાં, એ પ્રશ્ને ચર્ચા કરવા મળેલ બેઠકમાં શિક્ષણશાસ્ત્રીઓ, લેખકો, પ્રાધ્યાપકો, અધિકારી તેમજ સામાજિક અગ્રણીઓએ ભાગ લીધો હતો તથા વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.

★ કચ્છની ગતિ - પ્રગતિનો પ્રશ્ન હોય ત્યારે દરેક કચ્છી એકસાથે અવાજ બુલંદ કરી શકે અને કચ્છના વિકાસ આડેના અવરોધોને મિટાવી શકે તે હેતુથી ક.જૈ.સે.સ. દ્વારા **'કચ્છના વિકાસના પ્રશ્નો'** અંગે એક સેમિનાર તા. ૫-૯-૨૦૦૪ના રોજ મુંબઈ ખાતે યોજાયો. જેમાં ચર્ચા અને માર્ગદર્શન માટે કચ્છના રાજકીય, સામાજિક તથા ઔદ્યોગિક અગ્રણીઓને આમંત્રિત કરાયા હતા. કચ્છના પ્રાણ પ્રશ્નો માટે સેમિનાર યોજી, દેશ-વિદેશના કચ્છીઓને એક મંચ પર લાવી જાગૃત કરવાનો આ પ્રયાસ ખૂબ સફળ રહ્યો.

સેમિનારને અંતે વિચારાયેલ કાર્યોના અમલીકરણ માટે **'કોર કમિટી'**ની બનેલી **"કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ"**ની રચના કરવામાં આવી. તેના અધ્યક્ષ તરીકે **ડૉ. ચંદ્રકાંત દેઢિયા**ની નિયુક્તિ થઈ.

★ તા. ૨૬-૯-૨૦૦૪ના રોજ **સંસ્થાનો ૪૧મો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ યોજાઈ ગયો.** જેમાં સમાજના સૌથી જૂના સાથી સભ્ય **શ્રી પોપટલાલ નેણશી ધરોડના હસ્તે સમાજના નવા વસતી પત્રકનું વિમોચન કરવામાં આવ્યું.** તેઓએ વસતી પત્રક સમિતિના કન્વીનર તરીકે ખૂબ જહેમત ઉઠાવી હતી. સાથે જ **શ્રી સૂરજલાલ મહેતા, શ્રી ચંદ્રકાંત શાહ (કે.ડી. શાહ), શ્રી મગનલાલ સંઘવી** તથા **શ્રી પ્રદીપ મહેતા** – સૌની મહેનત ઉડીને આંખે વળગતી હતી. આશરે ૨૦૦ પાનાના આ વસતી પત્રકમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં વસતા લગભગ **૬૦૦ કચ્છી જૈન પરિવારોની** માહિતી આપવામાં આવી હતી. આ પહેલા વર્ષ ૧૯૯૬માં સમાજે વસતી પત્રક બહાર પાડ્યું હતું.

★ બે વર્ષથી ઉજવાતા શરદ પૂર્ણિમાના કાર્યક્રમને પગલે, પૂનમ ઉપરાંત નવરાત્રીમાંની એક રાત્રિએ પણ ગરબા-રાસનો કાર્યક્રમ કરવો, એવી લોક લાગણીને માન આપીને ૨૦૦૪ના વર્ષે સમાજ દ્વારા બે દિવસ – તા. ૧૬-૧૦ તથા તા. ૨૮-૧૦ના રાસ-ગરબાની રમઝટ બોલાવાઈ હતી.

★ ક.જૈ.સે.સ.એ ૧લી ઓક્ટોબર, ૨૦૦૪થી સભ્યો માટે **રીલાયન્સ 'સર્કલ' ટેલિકોમ યોજના**ની જાહેરાત કરી. જે થકી નજીવી કિંમત ભરીને 'સર્કલ'ના સભ્યો સાથે મોબાઈલથી વાતચીત કરી શકાય.

★ સંસ્થાની અનેક સમાજોપયોગી પ્રવૃત્તિઓમાંની શિક્ષણ ક્ષેત્રની એક પ્રવૃત્તિ છે **શૈક્ષણિક સહાય યોજના**. ૧૯૯૭માં **કાયમી ટ્રસ્ટી શ્રી બિપીનચંદ્ર જૈન**ના રૂપિયા અઢી લાખના અનુદાનથી શરૂ થયેલી આ યોજના સમાજના અનેક તેજસ્વી વિદ્યાર્થીઓને તેમના આગળના અભ્યાસ માટે વરદાનરૂપ બની રહી છે. બિપીનભાઈના પરિવાર તરફથી એમાં અવારનવાર દાનનો ઉમેરો થતો રહ્યો છે. જે વધતા જતા ભણતરના ખર્ચને પહોંચી વળવા સહાયરૂપ બને છે.

★ તા. ૧૦-૧૦-૨૦૦૪ના રોજ **કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની પ્રથમ બેઠક ભુજ ખાતે** મળી. જેમાં નર્મદાના પીવાના પાણી, કચ્છની આરોગ્ય પ્રવૃત્તિ, ઉદ્યોગ અને પર્યાવરણ, ઉચ્ચ શિક્ષણ તથા ફંડ રેઈઝીંગ – એમ પાંચ પેટા સમિતિઓની રચના કરાઈ હતી.

★ ગુજરાત યુનિ. દ્વારા આયોજિત યુથ ફેસ્ટીવલ-૨૦૦૪માં, **ઓન ધ સ્પોટ પેઇન્ટીંગની સ્પર્ધામાં** સમાજની દીકરી **કુ. સંગીતા મણિલાલ ગાલાએ ગોલ્ડ મેડલ** પ્રાપ્ત કર્યો.

★ તા. ૧૩-૧૧-૨૦૦૪ના રોજ ભવન ખાતે નૂતન વર્ષ મિલન સમારંભનું આયોજન કરાયું. જેમાં મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા.

★ **ઓક્ટોબર ૨૦૦૪ના મહિનામાં ત્રણ અતિથિ ભવનો તથા પાલડી સ્થિત મેડિકલ સેન્ટરનો કુલ ૧૦,૫૧૬ વ્યક્તિઓએ લાભ લીધો.**

★ ૨૩ ડિસેમ્બર, ૨૦૦૪ના રોજ આવેલા **ત્સુનામી**એ દેશના અન્ય વિસ્તારોમાં ખાનાખરાબી સર્જી હતી. ખાસ કરીને દક્ષિણ ભારતના લોકોની મદદ માટે સમાજે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે રોકડ, અનાજ, વાસણ, કપડાં, દવાઓ વગેરે પહોંચાડવા ટહેલ નાખી.

★ **ડિસેમ્બર ૨૦૦૪** દરમિયાન સમાજની વિવિધ સેવાઓનો લાભ **કુલ ૫૭૦૧** વ્યક્તિઓએ લીધો.

★ દક્ષિણ ભારતમાં આવેલી ત્સુનામીના અસરગ્રસ્તોની મદદ માટે KJSSએ તત્કાલીન **મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મળીને મુખ્યમંત્રી રાહતનિધિમાં રૂા. ૨.૫૧ લાખનો ચેક** અર્પણ કર્યો.

★ કચ્છમાં બાગાયતી પાકોનું વાવેતર પણ વધ્યું છે. KDC ના નેજા હેઠળ બાગાયતી પાકો મેળવતા ખેડૂતો અને સામાજિક કાર્યકરોની એક બેઠક ભુજ ખાતે મળી. કેરી, ખારેક, ચીકુ, અંજીર, બીજોરા, દ્રાક્ષ, દાડમ વગેરે જેવા બાગાયતી પાકોના માર્કેટીંગ માટે **ગ્રેડિંગ સેન્ટર, કોલ્ડ સ્ટોરેજ, પેકેજિંગ યુનિટ, પલ્પ પ્રોસેસીંગ પ્લાન્ટ તથા એક્સપોર્ટ માર્કેટીંગ** વગેરેના લક્ષ્ય સાથે આ બેઠક યોજાઈ હતી. કચ્છનું વાતાવરણ સૂકું અને જમીન સારી હોવાને કારણે, બાગાયતી પાકો માટે કચ્છ અનુકૂળ પ્રદેશ છે. ઉપસ્થિત નિષ્ણાતોએ જરૂરી સૂચનો કર્યા હતા.

★ તા. ૧૫-૨-૨૦૦૫ના ગાંધીધામ ચેમ્બર ભવનમાં મળેલ મીટિંગમાં **KDCનું બંધારણ પસાર થયું.**

★ KDC દ્વારા ભુજમાં **'કૃષિ મેળો', 'કૃષિ આધારીત ઉદ્યોગો અંગેનો સેમિનાર' તથા 'સેલર્સ - બાયર્સ મીટ'** યોજવા માટેની મીટિંગો યોજી ચર્ચાઓ શરૂ કરાઈ હતી. પરંતુ કેટલાક વ્યવહારુ પ્રશ્નોને પગલે આ કાર્યક્રમો પડતા મૂકાયા હતા.

★ ૨૦૧૫થી કચ્છ યુનિવર્સિટીએ ભુજમાં પરીક્ષા લેવાનું શરૂ કરતાં, પરીક્ષા માટે કચ્છથી આવતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી ગઈ. તેમ છતાં ૧૩૮ વિદ્યાર્થીઓ માર્ચ / એપ્રિલ દરમિયાન પરીક્ષા આપવા આવ્યા હતા, જેમને સંસ્થા દ્વારા બધી સવલતો અપાઇ હતી.

★ **એપ્રિલ ૨૦૦૪થી માર્ચ ૨૦૦૫ દરમિયાન કુલ ૭૯,૧૦૫ વ્યક્તિઓએ મેડિકલ સેન્ટરનો તથા કુલ ૩૯,૮૫૫ યાત્રીઓએ અતિથિ ભવનોનો લાભ લીધો હતો.** ઉપરાંત **શૈક્ષણિક સહાય (૪૨)**, **સાધર્મિક સહાય (૭ પરિવારો)**, **પરિણય મિલન (૧૫ + ૧૦૮)**, **લાઈબ્રેરી (૬૦)** વગેરે વિવિધ પ્રવૃત્તિઓ હેઠળ અન્ય ૨૦૦-૨૫૦ વ્યક્તિઓને મદદરૂપ થવાયું. **તા. ૩૧-૩-૨૦૦૪ સુધીમાં નોંધાયેલા સભ્યોની સંખ્યા ૫૯૮ હતી, જે માર્ચ ૨૦૦૫ સુધીમાં ૬૬૬ થઈ હતી.**

★ ૮મી અને ૯મી જુલાઈ, ૨૦૦૫ના રોજ KDC દ્વારા ગાંધીધામમાં યોજાનાર ઔદ્યોગિક સેમિનાર, ગુજરાતમાં થયેલ અતિ વર્ષાને પગલે પાછો ઠેલવો પડ્યો.

★ તા. ૧૫-૮-૨૦૦૫ના મળેલ ટ્રસ્ટ બોર્ડ અને કારોબારી સમિતિની સંયુક્ત બેઠકમાં મુંબઇના જળ પ્રલયમાં અસરગ્રસ્ત કચ્છી જૈન ભાઈઓને મદદરૂપ થવા **રૂા. ૧૦ લાખની સહાય મંજૂર કરાઈ.** એ બેઠકમાં જ આ કાર્ય માટે આશરે દોઢ લાખના દાનની જાહેરાત થઈ ગઈ હતી.

★ તા. ૫-૮-૨૦૦૫ના રોજ જાણીતા **આંતરરાષ્ટ્રીય ક્લસ્ટર કન્સલ્ટન્ટ શ્રી જગત શાહે** ક્લસ્ટર ડેવલપમેન્ટનું નિદર્શન કરી જાણકારી આપી હતી.

★ તા. ૧૮-૯-૨૦૦૫ના રોજ **સમાજનો ૪૨મો સ્નેહ મિલન સમારંભ તથા શ્રી કચ્છી વિશ્રામ ગૃહના રૂમો તથા વિંગની તક્તીઓની અનાવરણ વિધિ અને દાન કૂપનોનો લક્કી ડ્રો નો કાર્યક્રમ** યોજાયો. ૧૪ ભાગ્યશાળીઓના

નામો ડ્રો દ્વારા પસંદગી પામ્યા હતા.

અહીં એક વાતનો ઉલ્લેખ ખૂબ જરૂરી છે. વિશ્રામ ગૃહ માટે દાન કૂપનનું કામ છેક ૨૦૦૦ની સાલથી શરૂ થઈ ગયું હતું. ત્યારથી લઈને ડ્રો થયો ત્યાં સુધીમાં એટલે કે ૧૯મી સપ્ટેમ્બર સુધીમાં કુલ ૨,૮૮૨ દાન કૂપનોનું વિતરણ થયું હતું. લગભગ સાડા પાંચ વર્ષો દરમિયાન અપાયેલ કૂપનો અંગે, દાતાનું નામ, સરનામું, ગામ, રસીદ નંબર, એક કરતા વધુ કૂપનો લીધી હોય તો તેની વિગતો વગેરે તમામ માહિતી વ્યવસ્થિત રીતે રાખવાની ચીવટભરી અને અટપટી કામગીરી **શ્રી મગનભાઈ સંઘવી**એ શરૂઆતથી અંત સુધી સંભાળી હતી. ઉપરાંત ડ્રો માટે એ તમામ કૂપન દાનના દાતાઓને (લગભગ ૧૬૦૦) આમંત્રણ આપવાથી કરીને, પાંચથી વધુ કૂપન લેનાર દાતાઓના નામની તક્તીઓ બનાવવી અને ડ્રો ના કાર્યને સફળતાપૂર્વક વિના વિઘ્ને પાર પાડવાની કામગીરીમાં મગનભાઈ ઉપરાંત તેમની સમિતિના **શ્રી પોપટભાઈ ધરોડ, શ્રી સૂરજલાલ મહેતા** તથા **શ્રી આણંદજીભાઈ વીરા**નું યોગદાન પ્રશંસનીય રહ્યું.

★ તા. ૨૩-૯-૨૦૦૫ના રોજ ગાંધીધામ ખાતે **"ઔદ્યોગિક સેમિનાર"** યોજાઈ ગયો. KDC, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ તથા ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ સેમિનારમાં રાજ્ય સરકારના મંત્રીઓ, પ્રજાના પ્રતિનિધિઓ, ઉદ્યોગપતિઓ, અધિકારીઓ તથા જાગૃત કચ્છ પ્રેમીઓની હાજરીમાં કચ્છના વિકાસના પ્રશ્ને ચર્ચા કરવામાં આવી. **આ પ્રસંગે અભ્યાસુ લેખકોના લેખથી સમૃદ્ધ એક સુવેનિયર પણ બહાર પડાયું.**

★ **મુંબઈ ખાતે અતિથિ ભવન બનાવવા માટેની ગતિવિધિઓ છેલ્લા ઘણા સમયથી ચાલુ થઈ ચૂકી હતી.** અગ્રણીઓ અવારનવાર મુંબઈ જઈને જુદી જુદી જગ્યાઓ જોતા રહેતા હતા.

★ **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - મેડિકલ રાહત ફંડને 'તપોમૂર્તિ લક્ષ્મીબાઈ છગનલાલ નરશી દેઢિયા'**નું નામ આપવા મંજૂરી અપાઈ.

★ સમાજના વડીલોને પ્રવૃત્તમય અને પ્રફુલ્લિત રાખવા કાર્ય કરતી **'વયસ્ક યોજના સમિતિ'**ની તા. ૨૨-૧૦-૨૦૦૫ના રોજ રચના કરાઈ. તે સમયે સમાજના આશરે ૩૦૦ વડીલો ૬૫ વર્ષથી વધુની ઉંમરના હતા. એ સૌ માટે મહિનામાં એક કાર્યક્રમ કરવો, જે મનોરંજક હોય, જ્ઞાનવર્ધક હોય કે યાત્રા-પ્રવાસનો હોય – એમ નક્કી કરાયું. વળી જે વડીલ કાર્યક્રમ માટે પાલડી ભવન સુધીનું આવાગમન પણ કરી શકે એમ ન હોય, તેમને તેમના રહેઠાણથી ભવન લાવી અને પરત ઘરે ઉતારવાની વ્યવસ્થા પણ સમાજ દ્વારા કરવાનું ઠેરવાયું. 'વયસ્ક યોજના સમિતિ'માં **શ્રી બાબુલાલ ખેતશી મહેતા - કન્વીનર, શ્રી રજનીકાંત પારેખ, શ્રી રવિલાલ પારેખ** તથા **શ્રી અશોક મહેતા**ને સમાવાયા હતા.

★ તા. ૨-૧૧-૨૦૦૫ના રોજ નૂતન વર્ષ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં લગભગ ૨૫૦ સભ્યો ભેગા થયા હતા.

★ યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૨૨-૧૧-૨૦૦૫ના રોજ **'વિદ્યાર્થીઓને પરદેશ ભણવા જવું સહેલું છે'** – એ વિષય પર વાર્તાલાપ યોજાયો. જેમાં જર્મન સરકારના પ્રતિનિધિ **કુ. નિકેતા દેઢિયા**, ટ્રાવેલ એજન્સીના **શ્રી ધર્મેશ શાહ** તથા **પ્રો. જયરાજ પંડ્યા**એ ઉપયોગી જાણકારી આપી હતી. લગભગ ૨૦૦ વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા.

★ તા. ૧૧-૧૨-૨૦૦૫ના રોજ KDC તથા માંડવી ચેમ્બર્સ દ્વારા **'માંડવી બંદર તથા તેના જહાજવાડાનો વિકાસ'** તેમજ **'ખનીજ આધારીત ઉદ્યોગો'** – આ વિષયો પર માંડવી ખાતે **એક દિવસીય સેમિનાર** યોજાયો. માંડવીના જહાજવાડાના ભવ્ય ભૂતકાળની ગાથા વર્ણવી, વૈજ્ઞાનિક ઢબે તેનો વિકાસ કઈ રીતે કરી શકાય તે અંગે રજૂઆતો થઈ હતી. તો બીજા સત્રમાં કચ્છની ધરતીના પેટાળમાં પડેલા **બોક્સાઇટ, બેન્ટોનાઇટ, ચાઈના ક્લે** જેવા ખનીજો પર જરૂરી પ્રોસેસ કરી, **વેલ્યુ એડિશન** કેવી રીતે કરી શકાય તે અંગે માહિતી અપાઈ હતી.

★ તા. ૧૮-૧૨-૨૦૦૫ના રોજ પાલડી ભવન ખાતે **શ્રી દિલીપ ભવાનજી નાગડા**નો **રતન જ્યોત** અંગે વાર્તાલાપ યોજાયો હતો. મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાં રતન જ્યોતના કરોડો રોપા વાવ્યા પછી, કચ્છની ભૂમિ પર 'રતન જ્યોત'ના વાતવેર અંગે તેમણે માહિતી આપી હતી. ઉલ્લેખનીય છે કે રતન જ્યોતના બીજમાંથી તેલ તૈયાર કરવામાં આવે છે. જેનો ઉપયોગ **બાયો ડીઝલ** તરીકે કરવાનું વિચારાયું હતું. વાર્તાલાપમાં ઉપસ્થિતોએ આ પ્રોજેક્ટમાં રસ દાખવી, રતન જ્યોતની ખેતી માટે એકરો જમીન ઉપલબ્ધ કરાવવાની તૈયારી દર્શાવી હતી.

★ તા. ૨૧-૧૨-૨૦૦૫ના રોજ **કચ્છમાં માળખાકીય સવલતો અંગે** તથા ૨૩, ૨૪ ડિસેમ્બરના અંજાર અને ભુજમાં **ખેતી આધારીત ઉદ્યોગો** વિશે વાર્તાલાપ યોજાયો.

★ તા. ૧-૧-૨૦૦૬થી તા. ૯-૧-૨૦૦૬ દરમિયાન કચ્છના નવેય તાલુકા મથકે રતન જ્યોત - જેટ્રોફા વિશેના વાર્તાલાપ યોજાયા.

★ તા. ૧૩-૧-૨૦૦૬ના દિવસે પાલડી ભવનના સાંસ્કૃતિક હોલમાં **સમાજના વયસ્ક વડીલોનો પ્રથમ મિલન સમારંભ યોજાયો.** જેમાં વડીલો માટે **શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા** યોજાઈ હતી. ખ્યાત જૈન વિદ્વાન - વક્તા **ડૉ. કુમારપાળ દેસાઈ**એ મનનીય પ્રવચન આપ્યું હતું.

★ ૨૬મી જાન્યુઆરીએ દેશના ૫૭મા ગણતંત્ર દિવસની ઉજવણીમાં ભવન ખાતે અમદાવાદના **મેયર શ્રી અમિતભાઈ શાહ**ના હસ્તે ધ્વજવંદન કરાયું. તે જ દિવસે સમાજના સભ્યો માટે **દેશ ભક્તિના ગીતો ગાવાની સ્પર્ધા તથા ક્વિઝ કોમ્પિટીશન** યોજાઈ હતી.

★ **સંકલ્પે નવા વર્ષના વધામણા 'રક્તદાન' શિબિરથી કર્યા.** પરંતુ ૭૬૦ કુટુંબો ધરાવતા સમાજમાંથી **માત્ર ૧૯ જણે** રક્તદાન કર્યું.

★ તા. ૧૮-૧-૨૦૦૬ના રોજ સંસ્થાના ટ્રસ્ટી અને સક્રિય કાર્યકર **શ્રી બાબુભાઈ કેશવજી શાહ (સમ્રાટ સિલેક્શન)નું નિધન થયું.** જતાં જતાં પણ તેઓ સમાજને એક નવી રાહ ચીંધતા ગયા. **તેમના ચક્ષુઓનું તો દાન થયું જ, સાથે સાથે દેહદાન પણ કરાયું.** પરોપકારની નવી પરંપરા માટે તેઓ સમાજના પથદર્શક બન્યા.

★ તા. ૨૧-૧-૨૦૦૬ના રોજ પાલડી ભવન ખાતે **વિરાયતન સંસ્થાના સાધ્વીજી શ્રી શિલાપીજીનું વ્યાખ્યાન યોજાયું.** વિષય હતો : **"વિરાયતન તથા જૈન ધર્મ."**

★ KJSS ના ટ્રસ્ટી અને અગ્રણી કાર્યકર **શ્રી મુરજીભાઈ નરશી લોડાયા** કચ્છના જાણીતા તીર્થધામ **ભદ્રેશ્વરના ટ્રસ્ટના પ્રમુખ તરીકે ચૂંટાયા.**

★ બાબુભાઈ શાહે કરેલા દેહદાનને પગલે, **સમાજે નેત્રદાન, દેહદાન તથા અવયવ દાન અંગે જાગૃતિ ફેલાવી,** નશ્વર દેહને જીવિત માનવીના કામે ઉપયોગમાં લેવાની પ્રવૃત્તિ શરૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો અને કાર્યકરોને આ પહેલ માટે આગળ આવવા અનુરોધ કર્યો.

★ તા. ૨૫-૨-૨૦૦૬ના રોજ વયસ્ક સમિતિનો બીજો કાર્યક્રમ યોજાયો. વડીલોએ જીવનના સારા-નરસા પ્રસંગો વર્ણવ્યા. કાર્યક્રમમાં **લાફિંગ ક્લબના પ્રણેતા ડો. મુકુંદ મહેતા**એ એમની રમૂજી શૈલીમાં **તન સ્વસ્થ અને મનને ખુશ કેવી રીતે રાખવું** તે શીખવ્યું.

★ તા. ૨૫-૩-૨૦૦૬ના વડીલો માટે સંગીત સભર રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો.

★ તા. ૨૨-૪-૨૦૦૬ના રોજ સંગીત ખુરશી, મંગલ મંદિર ક્વિઝ, શબ્દ રમત, હાઉસી જેવી અવનવી રમતો રમાડીને વડીલોને મજા કરાવાઈ.

★ અગ્રણી ગુજરાતી દૈનિક 'દિવ્ય ભાસ્કર'ને ૧૦૦૦ દિવસો પૂર્ણ થવા નિમિત્તે **૧૦૦ સમર્થ ગુજરાતીઓ**નું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના **નવનીત પરિવારના શ્રી છોટુભાઈ ગાલા** તથા **શ્રી શાંતિભાઈ ગાલા –** એ બંધુ બેલડીને પણ નવાજાયા.

★ વર્ષ ૨૦૦૬-૦૭ માટે ટ્રસ્ટ મંડળમાંથી તેમજ કારોબારીમાંથી નિવૃત્ત થતા સભ્યોની ચૂંટણી માટે **શ્રી મગનભાઈ સંઘવી**ના કન્વીનરપદ હેઠળ **ચૂંટણી પંચની રચના કરવામાં આવી.**

★ તા. ૨૪-૬-૨૦૦૬ના રોજ યોજાયેલ વયસ્ક સમિતિના કાર્યક્રમમાં વડીલોને આંકડાની રમત રમાડવામાં આવી હતી. હાસ્ય કલાકાર **શ્રી જગદીશ ત્રિવેદી**એ સૌને પેટ પકડીને હસાવ્યા હતા. ઉપરાંત ભાવનગરથી પધારેલ **ડૉ. ઉપેન્દ્રભાઈ સુધાકર શાહે Alternative Therapy** એટલે કે **વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓ અંગે સમજ આપી હતી.**

★ તા. ૧૨-૭-૨૦૦૬ના રોજ યોજાયેલ વયસ્ક સમિતિના કાર્યક્રમમાં વડીલોને યાદશક્તિ કસવી પડે એવી રમતો રમાડાઈ હતી. ઉપરાંત આયુર્વેદિક **ડૉ. હિરેન ઠક્કરે** ઉંમર અને ઋતુ પ્રમાણે આહાર/વિહારમાં રાખવા જેવી સાવધાની અંગે જાણકારી આપી હતી.

★ તા. ૧૬-૯-૨૦૦૬ના રોજ KDC ની મળેલી બેઠકમાં નવા હોદ્દેદારોની નિમણૂંક કરાઈ. **KDCના અધ્યક્ષપદે શ્રી અશોકભાઈ મહેતાની વરણી કરાઈ.**

★ સુરતમાં થયેલ જળ પ્રલયમાં કચ્છના જૈન પરિવારોની તારાજીમાં તેમને મદદરૂપ થવા KJSS દ્વારા નિર્ણય કરાયો હતો.

તે મુજબ **શ્રી હીરજી બાપા**ની આગેવાનીમાં એક પ્રતિનિધિ મંડળે સુરતની મુલાકાત લીધી હતી તથા **૩૮ પરિવારોને રૂા. પાંચ લાખની સહાય મોકલી આપી હતી.**

★ સમાજના ટ્રસ્ટી **શ્રી નવીનચંદ્ર વેરશી હરિયાના ધર્મપત્ની શ્રીમતી લીલાબહેન**નું તા. ૧૩-૧૧-૨૦૦૬ના રોજ અવસાન થયું. તેઓ મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિના મુખ્ય દાતા હતા.

★ તા. ૩-૧૨-૨૦૦૬ના રોજ સમાજના સભ્ય **શ્રી ચિત્રસેન શાહ** (ગાંધીનગર) લિખિત પુસ્તક **"સ્મશાનમાં સ્વયંવર"**નો વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સરકારી ઉચ્ચ અધિકારીઓ અને સાહિત્યકારો **શ્રી કિરીટ દૂધાત** તથા **શ્રી ભાગ્યેશ જહા** અને જાણીતા હાસ્ય લેખક **શ્રી રતિલાલ બોરીસાગરે** ઉદ્‌બોધનો કર્યા હતા.

★ KJSS ના ટ્રસ્ટ મંડળ સમક્ષ જરૂરિયાતમંદ સભ્યો માટે **'આવાસ યોજના'** હાથ ધરવા રજૂઆત કરાઈ હતી. તેના અનુસંધાને હોદ્દેદારોએ અનેક સ્થળોની મુલાકાત લીધી. અંતે બહેરામપુરા ખાતે આવાસ ઊભા કરવા વિચારણા કરાઈ. આ યોજનામાં રસ ધરાવતા સભ્યોને પાલડી ઓફિસે સંપર્ક સાધવા જણાવાયું.

★ તા. ૧૩-૧૨-૨૦૦૬ના રોજ મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા પ્રાયોજક **સ્વ. લીલાબેન હરિયાની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે પ્રાર્થના - ભક્તિગીત સ્પર્ધાનું આયોજન કરાયું હતું.** જેમાં ૧૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્વ. લીલાબેનના પરિજનોએ  કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વધુ અનુદાન પણ જાહેર કર્યું હતું.

★ સંસ્થા દ્વારા દેહદાન - ચક્ષુદાન - અંગદાન માટેનું આહ્વાન કરાયું. તુરંત સ્વયંસેવકો આગળ આવ્યા અને દેહ / અવયવ દાનની સમિતિ રચાઈ. સમાજમાં કોઈનું મૃત્યુ થાય તો પરિવારજનોને દેહદાન માટે સમજાવવામાં આવતા. જેના પરિણામ સ્વરૂપ **સ્વ. શ્રી પ્રેમજીભાઈ શામજી મારૂ** (ઉં.વ. ૭૬, ગામ હાલાપુર)નું અવસાન થતાં, **દેહદાન સમિતિના સભ્ય શ્રી ટોકરશીભાઈ મારૂ (મામા)**ના પ્રયત્નોથી સદ્‌ગતના નશ્વર દેહને અગ્નિદાહ આપવાને બદલે માનવજાતના હિતાર્થે મેડિકલ કોલેજમાં દાન કરવામાં આવ્યું. જેથી મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓના અભ્યાસ, પરીક્ષણ અને સંશોધન કાર્ય માટે એ દેહ ઉપયોગમાં આવી શકે. મૃત્યુ બાદ પણ સમાજની સેવા થઈ શકે. મૃતકના પરિવારજનોએ પણ આ માટે સંમતિ આપીને સેવા પુણ્યનું કાર્ય કર્યું છે.

★ સમાજ દ્વારા જેનું પ્રીમિયમ ભરાતું હતું, એ રૂા. ૨૫,૦૦૦/-ના **ફેમિલી ફ્લોટર વીમા યોજના**ની રકમ વીમા કંપનીએ રૂા. ૧ લાખ કરી દેતાં, સમાજે આ યોજના બંધ કરી હતી.

## ★ *સમાજના લાભાર્થીઓ – ઉડતી નજરે*

સંસ્થાના ત્રણ અતિથિ ભવનો બન્યા તથા એક મેડિકલ સેન્ટર કાર્યરત થયું. આ પ્રકલ્પોની ખરેખર ઉપયોગીતા કેટલી છે અને પ્રતિ માસ કેટલા લોકો એનો લાભ લે છે, એ હકીકત એક નજરે જાણવા 'મંગલ મંદિર'માં "ઉડતી નજરે" નામની કોલમ શરૂ કરાઈ. ડિસેમ્બર-૨૦૦૪ના અંકમાં આ શરૂઆત કરાઇ. જેમાં મેડિકલ સેન્ટરનો લાભ લેનાર કુલ વ્યક્તિઓ તથા એમાંથી સંસ્થાના સભ્યોની સંખ્યા, સાધુ-સાધ્વીજીની સંખ્યા, આંખના ઑપરેશન કરાવનાર, સોનોગ્રાફી કે ટી.એમ.ટી. કરાવનારની સંખ્યાનું વર્ગીકરણ પણ મળતું. ઉપરાંત ગીતામંદિર અને પાલડી સ્થિત માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન તથા જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ — એમ ત્રણેય અતિથિ ભવનોનો લાભ લેનાર વ્યક્તિઓની માહિતી કોષ્ટકમાં આવતી. જેથી એક નજરે જ બધી વિગતો મળી રહેતી.

***મંગલ મંદિરમાં પ્રકાશિત 'ઉડતી નજરે'ની માહિતી અહીં માત્ર કુલ લાભાન્વિત વ્યક્તિઓની સંખ્યા સાથે રજૂ કરીએ છીએ.***

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઓક્ટોબર ૨૦૦૪ | : ૧૦,૫૧૬ | જુલાઈ ૨૦૦૫ | : ૮,૫૭૫ | માર્ચ ૨૦૦૬ | : ૯,૧૨૫ |
| નવેમ્બર ૨૦૦૪ | : ૯,૨૬૬ | ઓગસ્ટ ૨૦૦૫ | : ૮,૨૯૩ | એપ્રિલ ૨૦૦૬ | : ૮,૪૨૫ |
| ડિસેમ્બર ૨૦૦૪ | : ૫,૭૦૧ | સપ્ટેમ્બર ૨૦૦૫ | : ૮,૨૫૭ | મે ૨૦૦૬ | : ૮,૭૮૮ |
| જાન્યુઆરી ૨૦૦૫ | : ૪,૫૫૦ | ઓક્ટોબર ૨૦૦૫ | : ૮,૪૮૯ | જૂન ૨૦૦૬ | : ૮,૩૪૩ |
| ફેબ્રુઆરી ૨૦૦૫ | : ૮,૪૧૩ | નવેમ્બર ૨૦૦૫ | : ૮,૯૦૭ | જુલાઈ ૨૦૦૬ | : ૧૦,૧૩૬ |
| એપ્રિલ ૨૦૦૫ | : ૯,૨૨૫ | ડિસેમ્બર ૨૦૦૫ | : ૮,૭૨૨ | ઓગસ્ટ ૨૦૦૬ | : ૭,૮૭૬ |
| મે ૨૦૦૫ | : ૯,૧૩૮ | જાન્યુઆરી ૨૦૦૬ | : ૮,૩૪૯ | સપ્ટેમ્બર ૨૦૦૬ | : ૧૦,૭૨૪ |
| જૂન ૨૦૦૫ | : ૯,૨૯૧ | ફેબ્રુઆરી ૨૦૦૬ | : ૮,૫૫૮ | | |

★ **તા. ૨૬-૧-૨૦૦૭ના રોજ શ્રી કચ્છી જૈન ભવનને દસ વર્ષ પૂર્ણ થતા હોઈ સંકલ્પ દ્વારા** બાળકો માટે **ચિત્ર સ્પર્ધા**, યુવાનો માટે **મહેંદી સ્પર્ધા** અને **રંગોળી સ્પર્ધા** યોજાઈ.

★ **શ્રી કચ્છી વિશ્રામ ગૃહને તા. ૨૬-૧ના પાંચ વર્ષ પૂર્ણ થયા.** આ દરમિયાન લગભગ **૨૭,૦૦૦** લોકોએ તેનો લાભ લીધો. જેમાં સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો, પરીક્ષા આપવા આવતા વિદ્યાર્થીઓ, તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓ - પરિવારજનો તથા યાત્રા-પ્રવાસ માટે અમદાવાદ આવતા યાત્રિકોનો સમાવેશ થાય છે. કચ્છ કે અન્યત્ર વસતા કચ્છીઓમાં દેશ-વિદેશમાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહની લોકપ્રિયતા વધી રહી હોવાનું પ્રતીત થાય છે.

★ તા. ૨૬-૧-૨૦૦૭ના રોજ પાલડી વોર્ડના **મ્યુનિ. કાઉન્સિલર શ્રી રાકેશ શાહ**ના હસ્તે પાલડી ભવનના પટાંગણમાં ધ્વજવંદન કરાયું. ત્યારબાદ મહિલાઓ માટે **કેન્સર કેમ્પ** અને **ફ્રી નેત્રનિદાન કેમ્પ**નું ઉદ્‌ઘાટન કરાયું. 'સંકલ્પ' દ્વારા ચિત્ર, મહેંદી અને રંગોળી સ્પર્ધાઓ યોજાઈ. **કુ. સંગીતા ગાલાના પેઇન્ટીંગ્સનું પ્રદર્શન તથા શ્રી પ્રતાપભાઈ દંડ દ્વારા હેરિટેજ પિક્ચર્સનું કલેક્શન પ્રદર્શિત કરાયું.**

★ તા. ૯-૨-૨૦૦૭ના **અખિલ હિંદ મહિલા પરિષદની અમદાવાદ શાખા દ્વારા યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધામાં સમાજના શ્રીમતી સુલુબેન જલદીપ શાહ પ્રથમ ક્રમે વિજેતા બન્યા.**

★ તા. ૧૦ અને ૧૧ ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ KJSS દ્વારા **લગ્નોત્સુક યુવક યુવતીઓના પરિચય મેળા**નું આયોજન કરાયું હતું. તેની પૂર્વ તૈયારીના ભાગરૂપે શ્રી હીરજીબાપાના માર્ગદર્શનમાં એક પ્રતિનિધિ મંડળ દક્ષિણ ગુજરાતના પ્રવાસે ગયું હતું. વડોદરાથી વાપીની આ યાત્રા દરમિયાન તેમણે વડોદરા, અંકલેશ્વર, સુરત, વલસાડ અને વાપીના સમાજોને રૂબરૂ મળી પરિચય મેળા અંગે જાણકારી આપી, વધુ ઉમેદવારો સુધી પહોંચવા પ્રયાસ કર્યો હતો. સાથે જ 'મંગલ મંદિર'ના લવાજમ ભરાવવાનું કાર્ય પણ કર્યું હતું.

★ KDC દ્વારા અમદાવાદમાં **દ્વિ દિવસીય ચિંતન શિબિર યોજાઈ**. જેમાં પ્રથમ દિવસનો વિષય **"કચ્છમાં પર્યાપ્ત ઉચ્ચ શિક્ષણ અને તેનું વિસ્તૃતીકરણ"** હતો અને બીજા દિવસનો વિષય હતો **"કચ્છની જળ સમસ્યા અને તેનું નિવારણ."** જાણીતા શિક્ષણવિદ તથા નર્મદા નીર સાથે સંકળાયેલા અધિકારીઓ તથા અગ્રણીઓએ ઉપયોગી રજૂઆતો કરી હતી.

★ **મુંબઇના સૂચિત અતિથિ ભવન માટેની જગ્યા નક્કી થઈ ગઈ.** તે માટેના MOU તૈયાર કરી તા. ૧૧-૪-૨૦૦૭ના રોજ **સોલીસીટરની હાજરીમાં KJSSના અગ્રણીઓ તથા બિલ્ડર વચ્ચે સમજૂતી પર સહી સિક્કા કરવામાં આવ્યા.**

★ જૂન ૨૦૦૭ સુધીમાં **KJSSની વિવિધ ૩૧ સમિતિઓ કાર્યરત થઈ હતી.**

★ **બાલ સમૃદ્ધિ યોજના અન્વયે** બાળક દીઠ અપાતી રોકાણની રકમ **રૂા. ૫,૦૦૦/-થી વધારી ૧૦,૦૦૦/- કરવા** ટ્રસ્ટ મંડળે સ્વીકૃતિ આપતા, ૧લી એપ્રિલ પછી જન્મનાર બાળકને નામે રૂા. ૧૦,૦૦૦/-નું રોકાણ થશે.

★ તા. ૧૫-૭-૨૦૦૭થી **સમાજનું પ્રથમ સોપાન ગીતા મંદિર સ્થિત સેવા ભવન રીનોવેશનના કારણે અચોક્કસ મુદત માટે બંધ રખાયું.**

★ ૭૮ વર્ષના **શ્રી ખીમજીભાઈ અરજણભાઈ દંડ** (ગામ મંજલ રેલડિયા)નું **અવસાન** થયા બાદ પરિજનોએ ઉમદા નિર્ણય લઈને **ચક્ષુદાન તથા દેહદાન** કરી પુણ્ય કમાયું.

★ ૧૭મી જૂને વયસ્ક સમિતિ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં મેડિકલ કોલેજના ડૉક્ટર્સે ઉપસ્થિત રહીને ચક્ષુદાન અને દેહદાનની મહત્તા સમજાવી હતી. એના બે જ દિવસ પછી ખીમજીભાઈના નશ્વર દેહને રાખ બનાવવાને બદલે તબીબી સંસ્થામાં ભણતા વિદ્યાર્થીઓ માટે અર્પણ કરાયો. આ કાર્યક્રમમાં N.H.L. ના **ડૉ. રીતેશ શાહ** તથા આંખના **ડૉ. અમિષ પટેલ** ઉપસ્થિત હતા. ઉપરાંત નિષ્ણાત **વકીલ શ્રી નિખિલેશ શાહે** વસિયતનામા જેવા જટીલ વિષય અંગે સરળ શબ્દોમાં માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં ૭૦ જેટલા વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

★ મુંબઈના સૂચિત અતિથિ ભવન માટે જરૂરી કાગળીયા થઈ જતાં, ત્યાં નિર્માણ કામ શરૂ થયું. મ્હાડના વિસ્તારના મકાનમાં બીજા માળથી પાંચમા માળ સુધી — એમ ચાર માળ સંસ્થાએ ખરીદી લીધા. અહીં આધુનિક સગવડોવાળા ૩૦ રૂમ બનાવવાનું આયોજન છે.

★ મુંબઈ અતિથિ ભવનના કામ માટે અમદાવાદના અગ્રણીઓએ અવારનવાર મુંબઈની મુલાકાત લેવી પડતી. ૮-૧૦ દિવસનું રોકાણ અનિવાર્ય હોય ત્યારે કાર્યકર્તાઓને સાથે રહીને કામ કરવામાં ખૂબ તકલીફ પડતી. એના ઉપાયરૂપે KJSS ના

કાયમી ટ્રસ્ટી **શ્રી કાંતિલાલ વેલજી સાવલા**એ માટુંગા કિંગ્સ સર્કલ ખાતેના ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટની ચાવી સમાજના માનદ્ મંત્રી **શ્રી પ્રતાપભાઈ દંડ**ને સુપ્રત કરી દીધી. જેથી કાર્યકર્તાઓ માટે મુંબઈ ખાતેના કામ ધારી ઝડપે પૂરા પાડવાનું સરળ બની ગયું. આવા ઉદારદિલ છે સંસ્થાના કાર્યકરો...!!

★ તા. ૧૫-૮-૨૦૦૭ના રોજ સમાજના ઉપપ્રમુખ શ્રી અશોક મહેતાના હસ્તે ધ્વજવંદન કરાયું.

★ તા. ૨૨-૯-૨૦૦૭ના રોજ AMA ના હોલમાં **"કચ્છમાં શાળા - શિક્ષણમાં જન ભાગીદારી વધારવાના ઉપાયો"** – આ વિશે એક ચિંતન શિબિર યોજાઈ. જેમાં KDC ના પદાધિકારીઓ, સરકારી અધિકારીઓ, કેળવણીકારો તથા શિક્ષણ પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

★ તા. ૨૩-૯-૨૦૦૭ના રોજ સમાજના કેટલાક કાર્યકરોએ બોપલ સ્થિત મા કમલા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત **"કોલેજ ઓફ ડેન્ટલ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર"**ની મુલાકાત લીધી. આ સેન્ટરમાં ડેન્ટલ કોલેજ, ડેન્ટલ હોસ્પિટલ તથા વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ માટેની હોસ્ટેલ – એમ ત્રણ વિભાગો છે. KJSS માં મેડિકલ સમિતિના અગ્રણી **ડૉ. હિતુભાઈ શાહ** અને તેમના પરિવાર દ્વારા આ સેન્ટર ચલાવવામાં આવે છે.

★ તા. ૨૨-૧૦-૨૦૦૭ના સાયન (મુંબઈ) ખાતે સમાજ દ્વારા એક સ્નેહ મિલન અને અભિવાદન સમારોહ યોજાયો હતો. જેમાં અમદાવાદ અને મુંબઈ ઉપરાંત વડોદરા, વાપી, મલકાપુર, સોલાપુર, હૈદ્રાબાદ, ઝરિયા વગેરે અનેક સ્થળોએથી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. **શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા** (સમારંભ અધ્યક્ષ), **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા** (ઉદ્ઘાટક) તથા **શ્રી ડુંગરશી રામજી ગાલા, શ્રી નેણશી લધા ગાલા, શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન** તથા **શ્રી નયન ભેદા** વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત હતા. **શ્રી ભૂપેન્દ્ર શામજી છેડા**એ મુંબઇ અતિથિ ભવનના મુખ્ય દાતા બનવાની ઑફર સ્વીકારી હતી. ઉપરાંત **શ્રી મૂલચંદ કરમચંદ શેઠ, શ્રી ચંદ્રકાંત વીરજી સંઘવી, શ્રી પારસ પદમશી મૈશેરી** તથા **શ્રી નરેન્દ્ર પ્રીતમલાલ શાહ** જેવા વિવિધ જ્ઞાતિના અગ્રણીઓ એક મંચ પર એકત્રિત થયા હતા. આશરે ૪૦૦ અતિથિઓની ઉપસ્થિતિમાં મુંબઈ ખાતેના અતિથિ ભવનના પ્રોજેક્ટ સામે લગભગ **રૂા. ૪.૫૦ કરોડ જેટલી રકમના દાનની ઓફર મળી ચૂકેલ હતી.**

★ KJSS ની કારોબારી સમિતિના સભ્ય **શ્રી ખુશાલ પોપટલાલ સંઘવીનું સમેતશિખર તીર્થ ખાતે અવસાન થયું.**

★ વયસ્ક સમિતિ દ્વારા ૧૮મી નવેમ્બર, ૨૦૦૭ના રોજ સમિતિના સભ્યોને વાઘેલા ફાર્મની સેર કરાવાઈ હતી.

★ તા. ૨૩-૧૦-૨૦૦૭નો **નૂતન વર્ષાભિનંદન સમારોહ રક્તદાન કરીને ઉજવાયો.**

★ તા. ૧૯-૧૧-૨૦૦૭ના રોજ સંકલ્પ દ્વારા **'બચત અને રોકાણ'** વિષય પર એક વાર્તાલાપ યોજાયો.

★ તા. ૮-૧૨-૨૦૦૭ના રોજ સમાજના ૬૦ સભ્યોએ ડૉ. હિતુભાઈ શાહની ડેન્ટલ કોલેજ ખાતે જઈને **'તારા દર્શન'** કર્યું. **અમદાવાદ એસ્ટ્રોનોમિ ક્લબ**ના જાણકારો અને તેમના આધુનિક ટેલિસ્કોપની મદદથી સૌએ **તારા, નક્ષત્રો, ગ્રહો, સૂર્ય, ચંદ્ર વગેરે નિહાળ્યા** અને પ્રશ્નોત્તરી દ્વારા વૈજ્ઞાનિક જાણકારી મેળવી. યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત આ કાર્યક્રમ **શ્રી વિશાલ શાહ (PRL)**ના સહયોગથી શક્ય બન્યો હતો. **ટેલિસ્કોપ દ્વારા રોહિણી, આર્દ્રા, કૃતિકા, મૃગશિર્ષ જેવા નક્ષત્રો, મંગળ ગ્રહ, પૃથ્વી પરથી દેખાતો સૌથી ચમકતો તારો – વ્યાધ, જેમાં તારા બની રહ્યા છે તે નેબ્યુલા, દેવયાની વગેરેના દર્શન થયા.**

★ તા. ૧૫ ડિસેમ્બરના રોજ વયસ્ક સમિતિ દ્વારા આયોજિત કાર્યક્રમમાં **લગ્ન જીવનની સુવર્ણ જયંતી ઉજવનાર સાત દંપતીઓનું સન્માન કરાયું હતું.** ૧૦૦થી વધુ વડીલો આ કાર્યક્રમમાં હાજર રહ્યા.

★ સમસ્ત જૈન સમાજની સેવા માટે કાર્યરત **શ્રી જૈન સમાજ વિકાસ ફેડરેશનના ખજાનચી તરીકે KJSSના પ્રમુખ ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાની વરણી થઈ.**

★ તા. ૨૩-૧૨ના રોજ સંકલ્પ દ્વારા **સરદાર સરોવર ડેમની એજ્યુકેશનલ ટુર**નું સફળ આયોજન થયું.

★ સમાજમાં આશરે ૭૫૦ સભ્ય કુટુંબોમાંથી ઘણા પરિવારોની માસિક આવક રૂા. ૫,૦૦૦/- કરતા ઓછી હોવાની માહિતી મળી. આવા પરિવારો માટે ઘર ચલાવવું, બાળકોને ભણાવવા, કામના સ્થળે કે શાળા - કોલેજમાં કે સામાજિક પ્રસંગોએ આવવા-જવાનો ખર્ચ કરવો કે વ્યવહાર સાચવવા પણ મોંઘવારીના જમાનામાં અત્યંત કઠિન બની જાય. આર્થિક ભીંસને કારણે બે છેડા ભેગા કરવાની લ્હાયમાં હોય, તેવા પરિવારો માટે પોતાનું ઘર હોવું, એ દીવા સ્વપ્ન સમાન બાબત બની

રહે. આવા જ્ઞાતિ ભાઈઓને માટે પોતીકા આવાસની સુવિધા પૂરી પાડવાનું બીડું KJSS એ ઉપાડી લીધું. તે માટે કાર્યકરો લગભગ આખું અમદાવાદ ખૂંદી વળ્યા. યોગ્ય જગ્યાની શોધ કરી. અંતે **આણંદજી કલ્યાણજી ટ્રસ્ટની બહેરામપુરા સ્થિત જગ્યા પર પસંદગીનો કળશ ઢોળાયો.** એ વિસ્તારમાં ૧૦૦થી વધુ જૈન પરિવારો વસવાટ કરી રહ્યા હતા. જ્યાં પ્રાંગણમાં જ જૈન દેરાસર અને ઉપાશ્રયની સગવડ હતી. તે સંકુલમાં સમાજે રૂા. ૧૫૦૦/- પ્રતિ ચો.વારના હિસાબે આશરે ૨૮૦૦ ચો.વારની F.S.I. પેઢી પાસેથી પ્રાપ્ત કરી. તા. ૧૯-૧-૨૦૦૮ના રોજ આ માટેના બાનાખત કરાયા.

૧ BHKના ૭૦ ચો.વારના ૪૦ ફ્લેટ બનાવવાનું આયોજન કરાયું. ગ્રાઉન્ડ + ૪ માળ અને દરેક માળ પર ૮ ફ્લેટવાળા આ મકાનમાં લીફ્ટની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવાની યોજના ઘડાઈ. આ માટે ઠાકરશી હોસ્પિટલવાળા શ્રી નવનીતભાઈ ઠાકરશીની કંપની અભિનવ એન્જિનિયર્સ સાથે કરાર કરવામાં આવ્યા. આવાસ યોજના માટેના નીતિ નિયમો ઘડવામાં આવ્યા.

★ વર્ષ ૨૦૦૭માં KDC દ્વારા શિક્ષણ અંગે સેમિનાર યોજાયા બાદ, આ ક્ષેત્રે કચ્છમાં શું કાર્યવાહી થઈ શકે તે માટેનું મંથન શરૂ થઈ ગયું હતું. ડિસેમ્બર ૨૦૦૭થી જ કચ્છમાં **પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા** અને કચ્છમાં કુકમામાં **I.T.I. સ્થાપવા** અંગેની વિગતે ચર્ચા શરૂ થઈ ગઈ. ઉપરાંત નલિયામાં **આર્ટસ અને કોમર્સ કોલેજ સ્થાપવાની શક્યતા** અંગે પણ વાતચીત શરૂ થઈ. આ માટે KDC એ ત્રણ મોરચે કામ શરૂ કર્યા. કચ્છમાં સ્થાનિકો તથા કચ્છ યુનિ.ના કાંતિભાઈ ગોર સાથે તથા અન્ય શિક્ષણવિદ્ સાથે વાત કરાઈ. **શ્રી મહેન્દ્ર મોરબીયા** સાથે આ માટે કુકમામાં જમીનના જરૂરી દસ્તાવેજો અંગે બેઠકો શરૂ થઈ. અન્યત્ર આવેલી આઈ.ટી.આઈ.ની મુલાકાતો લેવાઈ તથા સંભવિત આઈ.ટી.આઈ. માટે દાતાઓને મળીને ઈન્સ્ટિટ્યૂટ સ્થાપવા અને તેને ચલાવવા માટેના અનુદાન માટેની ટહેલ નંખાઈ.

દરમિયાન તા. ૧૨-૧-૨૦૦૮ના રોજ થયેલી મીટિંગમાં શ્રી મહેન્દ્ર મોરબીયાએ કુકમાની સંપાદિત જમીનના દસ્તાવેજ રજિસ્ટર્ડ થઈ ગયા હોવાનું જણાવ્યું. સૂચિત સંસ્થાનું આયોજન અને તે માટેના નકરાની સ્કીમ વિશે વાતચીત થઈ. જેમાં સંસ્થામાં **એપરલ પાર્ક, કમ્પ્યુટર, ટર્નર, ફીટર, વેલ્ડર તથા ઇલેક્ટ્રીશિયન** માટેના કોર્સ શરૂ કરવા વિચારાયું.

ભુજમા લાખોંદ ખાતેની આઈ.ટી.આઈ. માટે **મુખ્ય નામ અંગે ચુરો સીરામિક્સના શ્રી નેણશી એલ. શાહે દાનની તૈયારી બતાવી હતી.**

★ તા. ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ વયસ્ક સમિતિ દ્વારા **કિડની વિશે માહિતી આપતો કાર્યક્રમ** યોજાયો.

★ યુવા વિકાસ સમિતિ દ્વારા સમાજના સભ્યોને રાહત દરે **હાર્મોનિયમ, ઓર્ગન તથા તબલાં શીખવવા માટેના તાલીમ વર્ગો શરૂ કરાયા.**

★ **KJSSના માર્ગદર્શક, શુભ ચિંતક અને દાતા** એવા **શ્રી બાબુભાઈ વેરશી નાગડા**નું તા. ૨૫-૨-૨૦૦૮ના રોજ દેહાવસાન થયું. તેઓ જૈન શાસ્ત્રના પ્રખર વિદ્વાન વક્તા, જ્યોતિર્વિદ, જૈન અનુષ્ઠાનોના ક્રિયાકાર, મંદિર મૂર્તિ શિલ્પશાસ્ત્રી તથા અજોડ ભૂમિ પરીક્ષક તરીકે ખ્યાત હતા. KJSS ના પ્રથમ સોપાન ગીતા મંદિર સેવા ભવનની જમીન જોઈને તેમણે ભવિષ્યવાણી ભાખી હતી કે અહીંથી શરૂ થયેલી સમાજની યાત્રા આકાશને આંબશે. સેવા ભવન અને પાલડી ભવનના ભૂમિપૂજન તથા શિલારોપણની વિધિઓ શાસ્ત્રોક્ત રીતે સંપન્ન કરવાનું કામ તેમણે કર્યું હતું. **સમાજની બાલ સમૃદ્ધિ યોજના તથા સ્વામિવાત્સલ્ય યોજનાઓમાં તેમનું આર્થિક યોગદાન મળેલું છે.**

★ તા. ૩૦-૩-૨૦૦૮ના સમાજનો **ત્રિવિધ મહોત્સવ** યોજાયો. **આવાસ યોજનાનો ભૂમિપૂજન સમારોહ, નવીનીકરણ થયેલ સેવાભવનના લોકાર્પણનો તથા દાતાઓના બહુમાનના કાર્યક્રમો** યોજાયા. જેમાં અગ્રગણ્ય કચ્છી ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા. **આવાસ યોજનાના મુખ્ય દાતા તરીકે નવનીત પરિવારે રૂા. ૫૧ લાખ જાહેર કર્યા.** ઉપરાંત અન્ય નકરા સહિત આશરે **રૂા. ૧ કરોડ રૂપિયાનું દાન જાહેર થયું હતું.** સેવા ભવન માટે રૂા. ૨૧ લાખનું અનુદાન મળ્યું.

★ KDC દ્વારા તા. ૨૭-૨-૨૦૦૮ના રોજ નવા ચૂંટાયેલા **કચ્છી ધારાસભ્યોના બહુમાનનો કાર્યક્રમ** યોજાયો. જેમાં **શ્રી વાસણભાઈ આહિર** (ભુજ), **શ્રી બાબુભાઈ મેઘજી શાહ** (રાપર), **શ્રી જયંતીભાઈ ભાનુશાળી** (અબડાસા), **શ્રી ધનજીભાઈ સેંઘાણી** (માંડવી), **શ્રી રમેશભાઈ મહેશ્વરી** (મુંદ્રા) તથા **શ્રી મણિલાલ પટેલ** (કપડવંજ) ઉપસ્થિત રહ્યા હતા.

★ તા. ૮-૩-૨૦૦૮ના રોજ KDC દ્વારા **"શિક્ષક સજ્જતા શિબિર"** યોજાઈ. જેમાં વિવિધ શાળાના ૫૦૦ જેટલા શિક્ષકો - આચાર્યો ઉપસ્થિત હતા. કચ્છના ગામડાંઓમાં અપાતા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધરે, એ આશયથી આ શિબિર યોજાઈ હતી. **કચ્છના ઇતિહાસમાં સંભવતઃ પ્રથમ વખત પ્રાથમિક શિક્ષણ સંદર્ભે અધિકારીઓ, હોદ્દેદારો અને કેળવણીકારો સાથે શિક્ષકોની આવી શિબિર યોજાઈ.**

★ તા. ૧૭-૩-૨૦૦૮ના રોજ સમાજ સાથે સંકળાયેલા **યુવા અગ્રણી અને ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ શ્રી ધીરુભાઈ શાહે અંતિમ શ્વાસ લીધા.** વર્ષ ૨૦૦૫માં દીકરીની વિદાય વખતે હૃદયરોગના હુમલાને પગલે, તેઓ કોમામાં સરી પડ્યા હતા. એ સ્થિતિમાં **તેમણે ૧૧૨૦ દિવસ મૃત્યુને લડત આપી હતી.**

★ તા. ૧૮ અને ૧૯મી માર્ચ – એમ બે દિવસ સંકલ્પ દ્વારા **શેત્રુંજય તીર્થની છ ગાઉની યાત્રા**નું આયોજન કરાયું. સાથે જ ત્રગડી, અયોધ્યાપુરમ, વલ્લભીપુર, સોનગઢ અને કીર્તિધામની પંચતીર્થી પણ કરાઈ. આ ધાર્મિક યાત્રામાં બે બસ ભરીને આસ્થાળુઓ સામેલ થયા હતા.

★ વર્ષ ૨૦૦૮માં એપ્રિલના અંત સુધીમાં સેવા ભવન (એસ.ટી.), પાલડી ભવન અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ (શાહીબાગ) એમ ત્રણેય અતિથિ ભવનમાં કુલ **૧૧૨ વિદ્યાર્થીઓએ પરીક્ષાઓ** માટે ઉતારો અને અન્ય વ્યવસ્થાઓનો લાભ લીધો. આ બધા વિદ્યાર્થીઓના નામ, ગામ અને કઈ પરીક્ષા માટે આવ્યા તેની સૂચિ ‘મંગલ મંદિર’ના મે ના અંકમાં પ્રસારીત કરાઈ.

★ તા. ૧૪-૬-૨૦૦૮ના **મહિલા ઉત્કર્ષ સમિતિ** તથા **વયસ્ક સમિતિના સંયુક્ત ઉપક્રમે** યોજાયેલ કાર્યક્રમના બે વિષયો હતા : **“Prevention is better than cure”** અને **“જીવનમાં હાસ્યનું મહત્ત્વ.”** સ્વાસ્થ્યની સંભાળ કેવી રીતે રાખવી તે અંગે **ગાયનેક ડૉ. દર્શના ઠક્કરે** વાત કરી, તો સ્વાસ્થ્યના સીરીયસ સબ્જેક્ટને **હાસ્ય લેખક રતિલાલ બોરીસાગરે** હળવો બનાવી સૌને હસાવ્યા.

★ KJSS ના એક કાર્યકર તથા ‘મંગલ મંદિર’ના તંત્રી મંડળના સભ્ય **શ્રી સૂજલાલ મહેતા**એ ૧૦થી વધુ વર્ષોની મહેનતના અંતે **ગુજરાતી પર્યાયકોશ** તૈયાર કર્યો. ૭૫૦ પાનાનો, ૮૮૦ પરિચ્છેદનો અને આશરે ૧ લાખ જેટલા શબ્દોની સૂચિ ધરાવતો આ પર્યાયકોશ હૃદયની ઉર્મિઓની સચોટ અભિવ્યક્તિ માટે સહાયક બની રહેવાની ક્ષમતા ધરાવે છે. આ કોશ ગૂર્જર ગ્રંથ દ્વારા તૈયાર કરાયો.

★ તા. ૨૦-૭-૨૦૦૮ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભામાં **૨૦ વર્ષો સુધી સમાજનું સુકાન સફળતાથી સંભાળી રહેલ કર્ણધાર પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી ડો. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ સ્વૈચ્છિક નિવૃત્તિ જાહેર કરી.** તેમના સમર્થ નેતૃત્વમાં સમાજે એક પછી એક સોપાનો સર કરી, સમાજને સિધ્ધિ અને કીર્તિમાં ટોચે બેસાડ્યો. પ્રગતિશીલ વિચારધારા અને સહુને સાથે રાખીને ચાલવાની આવડત થકી તેમણે સમાજના ઘણા સીમાચિહ્નો સર કર્યા. એમની પ્રગતિશીલ વિચારધારાને અનુસરતા તેમણે પરિવર્તન ઇચ્છ્યું અને પ્રમુખપદેથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો. છેલ્લા ૪-૫ વર્ષોથી તેઓ પરિવર્તન માટેની વાત મૂકતા હતા, પરંતુ ટ્રસ્ટ મંડળ તેમની માંગનો અસ્વીકાર કરી, ફરીથી તેમને જ નેતૃત્વ સોંપતું હતું. પરંતુ આ વર્ષે તેમણે પદ સંભાળવાનો મક્કમતાથી ઈન્કાર કર્યો. શરીર અને મનથી પૂર્ણપણે અડીખમ હોવા છતાં પદનો સ્વૈચ્છિક ત્યાગ કરી તેમણે નવો દાખલો બેસાડ્યો અને **સમાજની ધૂરા શ્રી અશોકભાઇ મહેતાને સુપ્રત કરી.** જો કે હજી પણ સક્રિયપણે તેઓએ ટ્રસ્ટી અને પૂર્વપ્રમુખ તરીકે કાર્યરત રહેવાની હૈયાધારણ આપી.

★ વર્ષ ૨૦૦૮ માટે ‘દિવ્ય ભાસ્કર’ દ્વારા બહાર પડાયેલ **‘પાવર ૧૦૦’** લીસ્ટમાં સમાજના **યુવા ટ્રસ્ટી શ્રી હસમુખ ગઢેચાના નામનો સમાવેશ કરાયો છે.**

★ તા. ૧૪-૯-૨૦૦૮ના રોજ **સમાજનો ૪૫મો વાર્ષિક મિલન સમારંભ યોજાયો.** જેમાં નિવૃત્ત થયેલ પ્રમુખ **ડૉ. ચંદ્રકાંત દેઢિયા**, ગાલા બંધુઓ **શ્રી છોટુભાઈ** અને **શ્રી શાંતિભાઈ ગાલા, શ્રી હસમુખ ગઢેચા**નું બહુમાન કરવામાં આવ્યું.

★ મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા આધુનિક નારીના રસોડાના સાથી **માઇક્રોવેવમાં વિવિધ વાનગીઓ કઈ રીતે બનાવી શકાય તેનું ડેમોન્સ્ટ્રેશન** રખાયું હતું. ૫૦થી વધુ બહેનો ઉપસ્થિત રહી હતી.

★ તા. ૪-૧૦-૨૦૦૮ના રોજ નવરાત્રીના પાંચમા નોરતે યોજાયેલ ગરબા-રાસ કાર્યક્રમ ઐતિહાસિક બન્યો. પ્રથમવાર બેસીને ગરબા જોનાર કરતાં **ખેલૈયાઓની સંખ્યા વધુ હતી.** ૨૫૦થી વધુ લોકોએ નોરતાનો આનંદ મન ભરીને માણ્યો. તા. ૧૪-૧૦ના રોજ **શરદ પૂનમની રાત્રીએ** પણ સૌ ગરબાના તાલે મન મૂકીને ઝુમ્યા. બંને કાર્યક્રમોનું આયોજન **યુવા વિકાસ સમિતિ** દ્વારા કરાયું હતું.

★ અનેકવિધ સેવા પ્રવૃત્તિની સાથે KJSS એ સમાજના બાળકોની **શૈક્ષણિક કારકિર્દી** ઉજ્જવળ બનાવવા માટે પણ પ્રયત્નો શરૂ કર્યા. આ માટે સમાજે વિદ્યાર્થીઓની ભણતર સફરની ડેટા બેંક ઊભી કરવા વિચાર્યું. આ માટે સૌને ફોર્મ અપાયા. જેમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકિર્દી ઉપરાંત બાળકની અન્ય પ્રવૃત્તિઓમાં રસ - રૂચિ - આવડત વગેરે વિગતો પણ સમાવાઈ

હતી. નિષ્ણાતો દ્વારા ફોર્મમાં મળેલ માહિતીનું વિશ્લેષણ કરી, બાળકની શૈક્ષણિક અને વ્યવસાયીક કારકિર્દી માટે તેને માર્ગદર્શન આપી શકાય, બાળકના ભવિષ્યને વધુ ઉજ્જવળ બનાવી શકાય તેવો આશય આ યોજના પાછળ હતો. ખૂબ જ ખંત અને ધીરજ માંગી લેતો આ એક નવતર પ્રયોગ હતો. જેના સારા પરિણામો થોડા વર્ષો પછી જ મળી શકે. સમાજ દ્વારા બાળકોને અને ખાસ કરીને વાલીઓને આ ઉપયોગી ફોર્મ ભરી મોકલવા અપીલ કરાઈ. સ્વામિવાત્સલ્યના મેળાવડામાં આ ફોર્મ વિતરીત કરાયા. ઉપરાંત 'મંગલ મંદિર'ના ઓક્ટોબરના અંકમાં પણ તે છાપવામાં આવ્યા.

સમાજ તો પોતાની દૂરંદેશી દૃષ્ટિથી સમાજ હિતમાં અવનવી પહેલ કરતો જ રહે છે. સભ્યોએ જાગૃત રહીને પોતાના તરફથી કરવાનું કાર્ય કરી, પોતાના પરિજનોના લાભ માટે જ સહકાર આપવાનો હોય છે. પરંતુ ઘણેભાગે આવી પરિસ્થિતિમાં સભ્યો પ્રતિસાદ આપવામાં ઊણા ઉતરે છે, પોતાની ફરજ ચૂકે છે અને પોતાના સંતાનને મળનાર ફાયદાથી વંચિત રાખે છે. આ હકીકતને ધ્યાનમાં રાખી સમાજે વિદ્યાર્થી કારકિર્દીની આ ઝુંબેશમાં પૂર્ણ સહકારની ટહેલ નાખી.

★ **સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકામાં આવેલી વાત્રક હોસ્પિટલ** ૧૫૦ બેડ ધરાવે. ખૂબ જ પછાત વિસ્તારમાં આવેલી આ હોસ્પિટલ ખૂબ મુશ્કેલીઓ વેઠીને પણ એ વિસ્તારના ગરીબ દર્દીઓની નિષ્ઠાપૂર્વક સેવા કરે. સમાજના સન્માનનીય દાતા અને શુભચિંતક **શ્રી ચંદ્રકાંત ગોગરી** ઉપરોક્ત સંસ્થાને નાણાંકીય મદદ પૂરી પાડી પગભર કરવાની કોશિશ કરતા હતા. આ હોસ્પિટલ અમદાવાદની નજીક હોવાથી, શ્રી ગોગરીએ KJSS ના અગ્રણીઓને એમાં સક્રિય થઈ મદદ કરવા સૂચન કર્યું. શ્રી ગોગરી વતી વાત્રક હોસ્પિટલ અને નવી શરૂ થનાર નર્સિંગ સ્કૂલના સંચાલનમાં સમાજના કાર્યકરો જોડાયા. તા. ૨૮-૯-૨૦૦૮ના નિમાયેલ નવી વ્યવસ્થામાં **ડો. ચંદ્રકાંત દેઢિયાની ઉપપ્રમુખ તરીકે વરણી કરાઈ.** ઉપરાંત **શ્રી કાંતિલાલ સાવલા, શ્રી અશ્વિન સાવલા અને ડો. હિતેન્દ્ર શાહની કાઉન્સિલના સભ્ય તરીકે નિમણૂંક કરાઈ.**

એક આડ વાત છે, પરંતુ રસપ્રદ છે એટલે અહીં ઉમેરવાની ઈચ્છા રોકી શકાતી નથી. ઉપર જે હોસ્પિટલનો ઉલ્લેખ છે, તે મૂળે વડોદરાના મહારાજાએ બનાવી હતી અને પછી એનો વહીવટ સ્થાનિકોને સોંપ્યો હતો. જતે દહાડે આર્થિક તંગીને કારણે હોસ્પિટલ ચલાવવી મુશ્કેલ બની ગયું હતું. પરંતુ એ પછાત વિસ્તારમાં આસપાસ અન્ય કોઈ તબીબી સારવાર ઉપલબ્ધ ન હતી. એટલે સ્થાનિકો જેમ તેમ કરીને એને ચલાવી રહ્યા હતા. એમાંના બે સેવાભાવીઓ આ હોસ્પિટલને ચલાવવા શક્ય તમામ પ્રયત્નો કરી રહ્યા હતા. તેઓ આસપાસના ગામડાંના ખેડૂતો પાસેથી અનાજ ઉઘરાવીને, તેના થકી હોસ્પિટલ ચલાવતા હતા. આ વાત **શ્રી ચંદ્રકાંત ગોગરી**ના કાને પડી. તેઓ પહોંચી ગયા બાયડ. જાત તપાસ કરીને બધી હકીકતો જાણી. આ વિસ્તારમાં હોસ્પિટલની જરૂરિયાત અને લોકોનો સેવાભાવ જોઈ, તેમણે અહીં આર્થિક મદદ કરવાનું વિચાર્યું. તેમણે ત્યાં નર્સિંગ સ્કૂલ ખોલવાનું યોગ્ય માન્યું. નર્સિંગ સ્કૂલમાં તૈયાર થયેલ સ્થાનિકોને રોજગારી મળે અને હોસ્પિટલને કાબેલ સ્ટાફ મળે, એમ બેવડો લાભ થાય એમ હતું. પરંતુ પોતે મુંબઈમાં બેઠા, આ કાર્ય કરી શકે તેમ ન હતા. આથી તેમણે વિશ્વસનીય નીવડેલ KJSS નો સંપર્ક કર્યો. અગ્રણીઓએ વહીવટમાં દેખરેખ રાખવાની જવાબદારી સ્વીકારી. ડૉ. દેઢિયા તથા અન્ય કાર્યકરોને હોદ્દા અપાયા. **શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીના રૂા. ૧ કરોડથી વધુના દાન થકી ત્યાં નર્સિંગ સ્કૂલ શરૂ થઈ.** શરૂઆતમાં ત્યાં ડિપ્લોમા કોર્સ શરૂ કરાયો. જે ખૂબ જ સફળ થયો. એટલે સરકારની મંજૂરી મેળવીને ત્યાં નર્સિંગનો ડિગ્રી કોર્સ શરૂ કરાયો. આસપાસના આદિવાસી વિસ્તારની દીકરીઓ ત્યાં મોટી સંખ્યામાં આવવા લાગી. એટલે બાદમાં તેમના માટે હોસ્ટેલ પણ ઊભી કરાઈ.

૨૦૦૮માં એ સંસ્થાના પ્રમુખ તરીકે **કિડની હોસ્પિટલના દેવદૂત સમા ડો. એચ. એલ. ત્રિવેદી**ની નિમણુંક થઈ હતી. ત્યારબાદ ગુજરાત સરકારના **વરિષ્ઠ ઉચ્ચ અધિકારી શ્રી પી. કે. લહેરી પ્રમુખ બન્યા**. KJSS ના નિમાયેલા અગ્રણીઓ અવારનવાર આ હોસ્પિટલની મુલાકાત લેતા, મીટિંગોમાં હાજર રહેતા. અમદાવાદથી બે કલાકના અંતરે આવેલી આ સેવાકીય સંસ્થા મરણતોલ પરિસ્થિતિમાંથી સફળ બન્યાની સફરના સાક્ષી બનવાનું સદ્‌ભાગ્ય KJSS ને સાંપડ્યું. જો કે ભૌગોલિક અંતરના કારણે એ સંસ્થામાં સીધી રીતે સક્રિય નહીં થઇ શકવાનો અફસોસ છે. આજે પણ **ડૉ. દેઢિયા, અશોકભાઈ, અશ્વિનભાઈ** – સૌ એ સંસ્થાના સભ્ય તરીકે હોવાથી એની બધી ગતિવિધિઓની માહિતી એમને મળતી રહે છે.

★ તા. ૧૨-૧૦-૨૦૦૮ના રોજ પાલડી ભવન પર **સદ્‌વિચાર પરિવારના શ્રી હરિલાલ વી. પંચાલ** સાથે સદ્‌વિચાર પરિવારની પ્રવૃત્તિઓ તથા વૃદ્ધાશ્રમ અંગે ચર્ચા કરાઈ હતી.

★ તા. ૧૮-૧૧-૨૦૦૮ના રોજ **મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા સમિતિના પ્રાયોજક સ્વ. લીલાબેન હરિયાની દ્વિતીય**

**પુણ્યતિથિ નિમિત્તે 'ધાર્મિક ક્વિઝ'નું આયોજન કરાયું.**

★ સમાજના સભ્ય **શ્રી રજનીકાંત પારેખના પૌત્ર પ્રશીલ પારેખે** માત્ર **નવ વર્ષની ઉંમરે 94.3 My FM રેડિયો ચેનલ પર 'માઇ કા લાલ' કાર્યક્રમ રજૂ કર્યો હતો.** બે કલાકના પ્રોગ્રામમાં રેડિયો જોકી બનેલા પ્રશીલે સૌને એક એક છોડ વાવવા, પર્યાવરણ બચાવવા અને 'Green Earth' બનાવવા અપીલ કરી હતી.

★ સમાજના ૧૫ વર્ષીય **ધ્વજ ગિરીશ રતિલાલ હરિયાએ બિલિયર્ડસ અને સ્નુકર ટુર્નામેન્ટમાં વિજય પતાકા લહેરાવી. તેઓ નેશનલ સબ જુનિયર બિલિયર્ડસ અને સ્નુકર ચેમ્પિયનશીપમાં નંબર વન બન્યા.**

★ તા. ૭-૧૧-૨૦૦૮ના રોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે કચ્છ કલેક્ટર **શ્રી આર. આર. વરસાણી** તથા પ્રવાસન નિગમના અધિકારીએ ૧૧થી ૧૩મી ડિસેમ્બર દરમિયાન આયોજિત **રણોત્સવ**ની માહિતી આપી તેમાં પધારવા આમંત્રણ પાઠવ્યું હતું. KJSS ના અગ્રણીઓ ઉપરાંત અમદાવાદના વિવિધ કચ્છી ઘટક સમાજના પ્રતિનિધિઓ આ બેઠકમાં ઉપસ્થિત હતા.

★ તા. ૧૯-૧૧-૨૦૦૮ના રોજ **વયસ્ક સમિતિ** દ્વારા એક દિવસીય **પિકનિક**નું આયોજન કરાયું હતું. **ઉત્કંઠેશ્વર** ખાતે દર્શન - ભક્તિ, મોજ-મસ્તી સાથે વડીલોએ પિકનિકનો લહાવો લીધો હતો.

★ **૨૬ નવેમ્બરની રાત્રે આતંકવાદીઓએ મુંબઈમાં અલગ અલગ નવ સ્થળો પર બોમ્બ ધડાકા અને અંધાધૂંધ ગોળીબાર કરી શાંતિ ડહોળી હતી.** ૧૨૫થી વધુ લોકોના મૃત્યુ અને ૩૫૦થી વધુ લોકો ઘાયલ થવા અંગે KJSS એ આતંકવાદને સખત શબ્દોમાં વખોડી નાખ્યું હતું. મૃતક પોલીસ જવાનો અને નાગરિકોને શ્રદ્ધાંજલી પાઠવી, ઈજાગ્રસ્તો પ્રતિ સહાનુભૂતિ વ્યક્ત કરાઈ હતી.

★ *તા. ૯-૧૨-૨૦૦૮ :* શ્રી લક્ષ્મણભાઈ કન્સ્ટ્રક્શન (નાઈરોબી) વાળા **શ્રી લક્ષ્મણભાઈ પટેલ** આજે શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. તેઓએ **શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ** તથા **ડૉ. ચંદ્રકાંત દેઢિયા** સાથે મીટિંગ કરી નર્મદા નદીના કચ્છને ફાળવવામાં આવેલ નિયમિત પાણી, વધારાના પાણી તથા ચેક ડેમ બાબતે અનેકવિધ ચર્ચાઓ કરેલ હતી.

★ *તા. ૧૧-૧૨-૨૦૦૮ :* બહેરામપુરા ખાતેની આવાસ યોજનાના અનુસંધાને શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા આણંદજી કલ્યાણજી પેઢીના શ્રી અશોકભાઈ ગાંધીને આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠની હાજરીમાં મળેલ હતા અને તેઓ સાથે આવાસ યોજનાના બાંધકામના અનુસંધાને અનેકવિધ ચર્ચા કરેલ હતી.

★ *તા. ૧૪-૧૨-૨૦૦૮ :* મુંબઈનું રોમન વિઝન ગ્રૂપ તથા તેના પ્રણેતા **શ્રી ભૂપેનભાઈ છેડા**એ શ્રી કચ્છી જૈન સેવા સમાજ સાથે મળીને શ્રી કચ્છી જૈન ભવન પર એક સેમિનારનું આયોજન કરેલ હતું કે જેમાં દરેક પરિવારની આવક કઈ રીતે વધી શકે તેની યોજનાઓ આપવામાં આવેલ હતી. આ સેમિનારમાં મુંબઈ તથા બરોડાના અગ્રણીઓ અને અમદાવાદ સ્થિત કચ્છી સમાજના વિવિધ ઘટકના આગેવાનો ઉપસ્થિત રહેલ હતા.

★ *તા. ૨૮-૧૨-૨૦૦૮ :* **સંકલ્પ** આયોજિત રમત-ગમતનો એક કાર્યક્રમ **'વાઘેલા ફાર્મ'** ખાતે યોજવામાં આવેલ હતો કે જેમાં સમાજના ૮૦થી ૯૦ બાળકો તથા યુવાઓએ ભાગ લીધો હતો.

★ *તા. ૯-૧-૨૦૦૯ :* **જીતોની ગ્લોબલ સમિટ**માં ઉપસ્થિત કચ્છી મહાનુભાવો સાથે રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર એક મિલન સમારંભ યોજવામાં આવેલ હતો કે જેમાં મુંબઈ તથા કચ્છના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

★ *તા. ૧૨-૧-૨૦૦૯ :* આજ રોજ મૂળ કાંડાગરાના પણ છેલ્લા કેટલાયે વર્ષોથી અમેરિકા (એટલાન્ટા - જ્યોર્જિયા)માં નિવાસ કરી રહેલા અને ગાઇજુએટા બિઝનેસ સ્કૂલ (યુનિવર્સિટી)માં સ્મોલ તથા મીડિયમ ઇન્ડસ્ટ્રીઝના માર્કેટીંગ નિષ્ણાત **પ્રો. શ્રી જગદીશભાઈ શેઠ** સાથે શ્રી કચ્છી જૈન ભવન પર એક મિલન સમારંભનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. જેમાં સમાજની લગભગ ૨૫ જેટલી વ્યક્તિઓ ઉપસ્થિત રહેલ હતી. શ્રી જગદીશભાઈ શેઠે પોતાના વિષય પર તા. ૧૧-૧-૨૦૦૯ની **જીટોની સમિટમાં** તથા તા. ૧૩-૧-૨૦૦૯ની **વાઇબ્રન્ટ ગુજરાત**ની ગ્લોબલ સમિટમાં અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપેલ હતા અને તેઓ અમેરિકાથી ભારતમાં માત્ર આ વક્તવ્યો માટે જ પધારેલ હતા.

★ *તા. ૨૦-૧-૨૦૦૯ :* આજ રોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તથા શ્રી હીરજીભાઈ શાહ – શ્રી ભાવેશ છેડા સાથે એન્જિનિયરીંગ કૉલેજ અંગેની જમીન જોવા બગોદરા સુધી જઈ આવેલ હતા. તેઓએ શ્રી ભાવેશ છેડાના 'નળ

સરોવર સિટી'ની પણ મુલાકાત લીધેલ હતી.

★ *તા. ૨૪/૨૫-૧-૨૦૦૯ :* **દક્ષિણ ભારત ક.વી.ઓ. જૈન સમાજ**ના વાર્ષિક સંમેલનમાં **મદુરાઈ ખાતે** શ્રી ક.જૈ.સે.સમાજ - અમદાવાદના પૂર્વ પ્રમુખ **ડૉ. ચંદ્રકાંત દેઢિયા** સમારોહ પ્રમુખ તરીકે તથા ઉપપ્રમુખ **શ્રી કાંતિલાલ વેલજી સાવલા** અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ હતા.

★ *બુધવાર, તા. ૧૧-૨-૨૦૦૯ :* શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હસમુખભાઈ ખાંડવાલા તથા શ્રી સંદીપ મહેતા સરખેજ / સાણંદ ચોકડીથી ૧૬ કિ.મી. દૂર અને સાણંદથી માત્ર ૩ કિ.મી. દૂર (સૂચિત એન્જિનિયરીંગ કૉલેજ માટે) લગભગ ૧૦૦ વીઘા જમીન જોવા ગયેલ હતા.

★ *સોમવાર, તા. ૧૬-૨-૨૦૦૯ :* સદ્‌વિચાર પરિવારના શ્રી હરિભાઈ પંચાલ સાથે શ્રી અશોક મહેતા તેમની ધોળકા પાસેની કેલિયા વાસણા ગામની અંદાજિત ૨૫ એકર જમીન સૂચિત એન્જિનિયરીંગ કોલેજ માટે જોવા ગયા હતા.

★ *રવિવાર, તા. ૨૨-૨-૨૦૦૯ :* બાર વર્ષના સમયગાળા બાદ અંદાજિત રૂા. ૫૦ લાખના ખર્ચે પાલડી ભવન પરના **સાંસ્કૃતિક કેન્દ્રનું વાતાનુકૂલિત સગવડ સાથે નવીનીકરણ કરવામાં આવેલ** કે જેનું આજ રોજ સ્વ. શ્રી પ્રેમજીભાઈ છેડાના લઘુબંધુ **શ્રી જગશીભાઈ છેડા**ના વરદ્ હસ્તે ઉપસ્થિત માનવ સમુદાયના ઉત્સાહજનક વાતાવરણ વચ્ચે ઉદ્‌ઘાટન કરી લોકાર્પણ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ તરીકે માંડવી સ્થિત **શ્રી મૂલચંદભાઈ કરમશી શાહ** બિરાજમાન હતા.

★ *સોમવાર, તા. ૨૩-૨-૨૦૦૯ :* મુંબઈથી પધારેલ **શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી** તથા **શ્રી લાલ રાંભિયા** સાથે શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. હિતેન્દ્ર શાહ તથા શ્રી સંદીપ મહેતા સૂચિત એન્જિનિયરીંગ કૉલેજ માટે સાણંદ ખાતેની જમીન જોવા ગયેલ હતા.

★ *ગુરૂવાર, તા. ૫-૩-૨૦૦૯ :* આવાસ યોજના સમિતિની એક મીટિંગ **આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠ** સાથે યોજવામાં આવેલ હતી કે જેમાં પ્લીન્થ ઉપરના કામના ટેન્ડર બહાર પાડવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ *શુક્રવાર, તા. ૧૦-૪-૨૦૦૯ :* આજ રોજ ભરાઈને આવેલા આવાસ યોજનાના ૭ ટેન્ડરો ટેન્ડરર્સની ઉપસ્થિતિમાં ખોલવામાં આવેલ હતા અને તેનું કમ્પેરેટીવ સ્ટેટમેન્ટ બનાવવા આર્કિટેક્ટશ્રીના પ્રતિનિધિને જણાવવામાં આવેલ હતું.

★ *શુક્રવાર, તા. ૧-૫-૨૦૦૯ :* શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખ્ય આધારસ્તંભ સમાન **શ્રી માવજી ધારશી કુરિયાનું આજ રોજ દુઃખદ અવસાન થયેલ.** તેમની સ્મશાનયાત્રામાં સમાજના અનેક ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

★ *સોમવાર, તા. ૧૮-૫-૨૦૦૯ :* આજે શ્રી ઝાલાવાડી સઈ સુથાર પરિષદના પ્રમુખ **શ્રી ચીનુભાઈ ચૌહાણ, શ્રી પ્રફુલભાઈ રાઠોડ** વગેરે શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા અને વાય.એમ.સી.એ. ક્લબની પાછળ આવેલ તેમની વિદ્યાર્થિની હોસ્ટેલના ભવનના ૪થા માળના ૧૧ રૂમ શ્રી ક.જૈ.સે.સ.ની વિદ્યાર્થિની હોસ્ટેલ માટે ભાડે રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું અને તે પેટે ડિપોઝીટ સ્વરૂપે તેઓશ્રીને રૂા. ૫૦,૦૦૦/-નો ચેક આપવામાં આવેલ હતો.

★ *મંગળવાર, તા. ૨-૬-૨૦૦૯ :* આવાસ યોજનાના બાંધકામનું કામ મજૂરીના ધોરણે **સથવારા કન્સ્ટ્રક્શન**ને આપવાનું નક્કી કરવામાં આવ્યું.

★ *સોમવાર, તા. ૮-૬-૨૦૦૯ :* તરતમાં શરૂ કરવામાં આવનાર **વિદ્યાર્થિની હોસ્ટેલ** માટે **ગૃહમાતાના ઇન્ટરવ્યુ લેવામાં આવ્યા** અને તે અંગેની સિલેક્શન પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી.

★ *બુધવાર, તા. ૧૦-૬-૨૦૦૯ :* **આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠે** બનાવી આપેલ એગ્રીમેન્ટ પર આવાસ યોજનાના કોન્ટ્રાક્ટર સથવારા કન્સ્ટ્રક્શન સાથે એગ્રીમેન્ટ કરાવી લેવામાં આવ્યા.

★ *ગુરૂવાર, તા. ૧૧-૬-૨૦૦૯ :* સદ્‌વિચાર પરિવારના શ્રી હરિભાઈ પંચાલ સાથે એન્જિનિયરીંગ કોલેજ માટે તેમની સેરથા ખાતેની જમીન જોવા શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તથા શ્રી પ્રતાપભાઈ દંડ ગયેલ હતા. ત્યારબાદ તેઓએ ભાગવત વિદ્યાપીઠની મુલાકાત લઈ ત્યાંના આચાર્ય શાસ્ત્રી શ્રી હિતેન્દ્ર જી. વ્યાસની સાથે એન્જિ. કોલેજ તથા આઈ.એ.એસ. ટ્રેનિંગ પ્રોગ્રામ અંગે જરૂરી ચર્ચા કરી.

★ *રવિવાર, તા. ૨૧-૬-૨૦૦૯ :* આજ રોજ **શ્રી અખિલ ઝાલાવાડી સઇ-સુથાર પરિષદ ભવન પર શ્રી ક.જૈ.સે.સ.ની**

**ગર્લ્સ હોસ્ટેલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું** કે જ્યાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અનેક આગેવાનશ્રીઓ પણ ઉપસ્થિત રહેલ હતા.

★ **યુવા વિકાસ સમિતિ** દ્વારા શ્રી કચ્છી જૈન ભવન પર **એપ્ટિટ્યુડ ટેસ્ટ**ની સમજ આપતો એક સેમિનાર યોજવામાં આવેલ હતો.

★ *સોમવાર, તા. ૨૨-૬-૨૦૦૯ :* **ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટીના પ્રેસિડેન્ટ શ્રી જે.જે. રાવલ** આજ રોજ ભવન પર આવેલ હતા અને અમદાવાદમાં ટાઉન હોલ ખાતે તા. ૨૭-૬-૨૦૦૯થી તા. ૩૦-૬-૨૦૦૯ દરમિયાન યોજવામાં આવનાર **"ભારતીય ખગોળશાસ્ત્ર – પ્રાચીન તથા અર્વાચીન"** વિષયના સેમિનાર અંગે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમના કો-સ્પોન્સરર તરીકે રહેવા તેઓએ આપણને જણાવેલ હતું.

★ *બુધવાર, તા. ૨૪-૬-૨૦૦૯ :* આજ રોજ શ્રી કચ્છી નૂતન વર્ષ નિમિત્તે **ગુજરાત ન્યુઝ ચેનલ પર ડૉ. ચંદ્રકાંત દેઢિયા** તથા **શ્રી ભરતભાઈ ઓઝા**નો અડધો કલાકનો વાર્તાલાપ યોજાયેલ હતો.

★ *શનિવાર, તા. ૨૭-૬-૨૦૦૯ :* "ભારતીય ખગોળશાસ્ત્ર – પ્રાચીન તથા અર્વાચીન" વિષય પર ઇન્ડિયન પ્લેનેટરી સોસાયટી આયોજિત ચાર દિવસનો સેમિનાર આજથી અમદાવાદ ખાતે શરૂ થયેલ હતો. જેના કો-સ્પોન્સરર તરીકે શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ રહેલ હતું.

★ *મંગળવાર, તા. ૩૦-૬-૨૦૦૯ :* ગુજરાતમાં PPP ધોરણે ૧૨ એન્જિ. કોલેજ તથા ૯ પોલીટેકનિકની સ્થાપના કરવાની ગુજરાત સરકારશ્રીએ તાજેતરમાં જ જાહેરાત કરેલ છે તેના અનુસંધાને શ્રી ક.જૈ.સે.સ.નું પ્રતિનિધિ મંડળ ગાંધીનગરમાં કચ્છી આગેવાનો તથા વિવિધ પ્રધાનશ્રીઓને મળેલ હતું.

★ *રવિવાર, તા. ૧૨-૭-૨૦૦૯ :* સંકલ્પ આધારીત મનોરંજન કાર્યક્રમ ટાગોર હોલ ખાતે ઉજવવામાં આવેલ હતો. ૯૦ જેટલા કલાકારોએ તેમાં ભાગ લીધેલ હતો અને કાર્યક્રમ દરમિયાન રૂા. ૩૦,૦૦૦/- જેટલા ડોનેશન્સની ઉપસ્થિતો તરફથી જાહેરાત કરવામાં આવેલ હતી. હોલ ખીચોખીચ ભરાઈ ગયેલ હતો.

★ *જુલાઈ-૨૦૦૯ :* કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની મીટિંગો કચ્છના સર્વાંગી ઇતિહાસ આલેખન અંગે અને કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના પાણી બાબતે તથા કચ્છમાં નર્સિંગ કોલેજની સ્થાપના બાબતે તા. ૪-૭, ૮-૭, ૧૩-૭, ૧૮-૭, ૧૯-૭, ૨૫-૭ અને ૨૬-૭ના રોજ અમદાવાદ અને કચ્છ ખાતે મળેલ હતી.

★ *રવિવાર, તા. ૯-૮-૨૦૦૯ :* કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની વાર્ષિક સામાન્ય સભા શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. કચ્છના અનેકવિધ પ્રશ્ને જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

★ *રવિવાર, તા. ૧૬-૮-૨૦૦૯ :* આવાસ યોજના ભવન સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આવાસ ફાળવવા અંગે અત્યાર સુધી આવેલ ૫૫ અરજીમાંથી ૪૦ જણને બોલાવવામાં આવેલ હતા. ૨૧ લોકો ઉપસ્થિત રહેલ હતા. તેમાંથી ૧૬ને આવાસ ફાળવવા ટ્રસ્ટ મંડળ પર ભલામણ મોકલવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ *રવિવાર, તા. ૬-૯-૨૦૦૯ :* આજ રોજ ટાગોર હોલ ખાતે **શ્રી ક.જૈ.સે.સ.નો ૪૬મો વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ** યોજવામાં આવેલ હતો. લગભગ ૧૫૦૦ની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ હતા.

★ *શનિવાર, તા. ૧૯-૯-૨૦૦૯ :* આજ રોજ સાંજના પ્રથમ નવરાત્રીએ શ્રી કચ્છી જૈન ભવન પર નવરાત્રી રાસ-ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

★ *બુધવાર, તા. ૧-૧૦-૨૦૦૯ :* આણંદજી કલ્યાણજી પેઢીના શ્રી અશોકભાઈ ગાંધીને ત્યાં એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશોકભાઈ ગાંધી, શ્રી સુરેન્દ્રભાઈ શાહ, શ્રી નવનીત ઠાકરશી, શ્રી અશોક મહેતા તથા શ્રી હસમુખભાઈ ખાંડવાલા ઉપસ્થિત રહેલ હતા. આવાસ યોજનાના રીવાઈઝ્ડ પ્લાન મંજૂર કરાવવા તથા એફ.એસ.આઈ. બાબત જરૂરી મંજૂરી મેળવવા સમાજ તરફથી પેઢીના સંચાલકોને જણાવવામાં આવેલ હતું. તેઓને એ પણ જણાવવામાં આવેલ હતું કે અમારે તા. ૨૬-૧-૨૦૧૦ના રોજ આ આવાસનું ઉદ્‌ઘાટન કરવાનું હોવાથી તે અંગેની કાર્યવાહી પેઢી તરફથી ઝડપી કરાવવામાં આવે. બંને સ્થળે તા. ૧૦-૧૦-૨૦૦૯ પહેલા અરજી કરી દેવાનું પેઢીના ટ્રસ્ટીશ્રીઓને જણાવવામાં આવેલ હતું.

★ *ગુરૂવાર, તા. ૮-૧૦-૨૦૦૯ :* આજ રોજ મુંબઈ ખાતે શ્રી અશોક મહેતા તથા પૂનમ ડેવલપર્સના શ્રી પારસભાઈ બાબરીયા રૂબરૂ મળેલ હતા. શ્રી પારસભાઈ બાબરીયાના કહેવા મુજબ હવે ટૂંક સમયમાં અતિથિ ભવનના બિલ્ડિંગના સેલ પોર્શનના

બાંધકામની સી.સી. (કન્સ્ટ્રક્શન સર્ટીફિકેટ) મળી જશે.

★ *ઓક્ટોબર-૨૦૦૯ :* **'મંગલ મંદિર'નો ઓક્ટોબર-૨૦૦૯નો અંક દીપોત્સવી અંક** તરીકે બહાર પાડવામાં આવેલ હતો.

★ *શનિવાર, તા. ૩૧-૧૦-૨૦૦૯ :* અત્યાર સુધીના રીપોર્ટ પ્રમાણે આવાસ યોજનાના રીવાઈઝ્ડ પ્લાન મ્યુનિ.માં રજૂ કરવા આપી દીધેલ છે અને ચેરીટી કમિશ્નરની પરમિશન લેવા અંગેની પ્રોસેસ ચાલુ છે.

★ *શનિવાર, તા. ૭-૧૧-૨૦૦૯ :* આવાસ યોજનાના ફ્લેટ ફાળવવા ૧૧ લાભાર્થીઓને બોલાવવામાં આવેલ હતા. ૬ લાભાર્થી ઉપસ્થિત રહેલ હતા. તેમાંથી ૩ લાભાર્થીને ફ્લેટ ફાળવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ *ગુરૂવાર, તા. ૧૯-૧૧-૨૦૦૯ :* તાજેતરમાં જ **જેઓએ કચ્છી લિપિ શોધીને તેના દિલ્હીમાં પેટન્ટ રાઇટ્સ મેળવેલ છે તે ડો. રાજુલબેન શાહ** આજ રોજ કચ્છી જૈન ભવન પર આવેલ હતા અને તેમની સાથે આ બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ હતી. આ લિપિના અમલીકરણ અંગેની પણ ચર્ચા કરવામાં આવેલ હતી. રાજુલબેન કચ્છી દશા ઓસવાળ છે અને તેઓ અમદાવાદમાં જ રહે છે.

★ *ગુરૂવાર, તા. ૨૬-૧૧-૨૦૦૯ :* આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર કેન્ટીન સમિતિની એક મીટિંગ મળેલ હતી. કેન્ટીન કોન્ટ્રાક્ટરના આવેલ પત્રના અનુસંધાને કેન્ટીનમાં એક ટાઈમ જમવાના ભાવ રૂા. ૩૦/-ના બદલે રૂા. ૩૫/- રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ *શનિવાર, તા. ૫-૧૨-૨૦૦૯ :* જોગેશ્વરીમાં નેશનલ હાઈવે પર **શ્રી મુળજી નરશી શાહે "રામસેવા સમાજ"**નું ૮ માળનું એક મકાન મુંબઈમાં અતિથિ ભવન માટે બતાવેલ હતું. મકાન માલીક પણ ચેરીટેબલ સંસ્થા છે.

★ *સોમવાર, તા. ૨૧-૧૨-૨૦૦૯ :* સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના વાત્રક ગામે શ્રી કે.કે. શાહ આરોગ્ય મંડળ સંચાલિત મહાવીર નર્સિંગ સ્કૂલ તથા યશોદા ગર્લ્સ હોસ્ટેલની નામકરણ વિધિમાં શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના લગભગ ૩૫ જેટલા સભ્યો ઉપસ્થિત રહેલ હતા. મુંબઈ સ્થિત કચ્છી ઉદ્યોગપતિ શ્રી ચંદ્રકાંત ગોગરી સહિત લગભગ ૬૦ વ્યક્તિ ઉપસ્થિત રહેલ હતી. અત્યાર સુધી આ સંસ્થાને શ્રી ચંદ્રકાંત ગોગરી રૂા. ૧ કરોડથી પણ વધુ રકમનું દાન આપી ચૂકેલ છે. શ્રી દીપકભાઈ ભેદાએ પણ આ સંસ્થાને રૂા. ૧૦ લાખનું ડોનેશન આપેલ છે.

★ *રવિવાર, તા. ૩-૧-૨૦૧૦ :* કચ્છ યુનિવર્સિટી - ભુજ ખાતે મળેલ કચ્છના ઈતિહાસ આલેખનની મીટિંગમાં શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઇ દંડ ઉપસ્થિત રહેલ હતા કે જ્યાં લગભગ ૩૦ જેટલા લેખકો આ મીટિંગમાં ઉપસ્થિત રહેલ હતા. કચ્છનો સર્વાંગી ઈતિહાસ લખવાનું કાર્ય તા. ૨૮-૨-૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરી દેવાનું આ મીટિંગમાં નક્કી કરવામાં આવેલ હતું.

★ *રવિવાર, તા. ૧૦-૧-૨૦૧૦ :* વર્ષ ૨૦૦૯ દરમિયાન સમાજના સભ્ય પરિવારના અવસાન પામેલ ૨૪ સભ્યોને શ્રદ્ધાંજલી અર્પવા, શ્રી કચ્છી જૈન ભવન પર એક ભક્તિ સંગીતનો કાર્યક્રમ સમાજ તરફથી રાખવામાં આવેલ હતો. સમાજના લગભગ ૩૦૦ જેટલા કુટુંબીજનો ઉપસ્થિત રહેલ હતા. આ સમયે સમગ્ર સભાગૃહનું વાતાવરણ ભક્તિમય બની ગયેલ હતું.

★ *રવિવાર, તા. ૨૪-૧-૨૦૧૦ :* આજે 'ભક્તિ મંડળ' દ્વારા આવાસ યોજનાના ફ્લેટમાં વાસ્તુ પૂજા ભણાવવામાં આવેલ હતી. આવાસ યોજનાના લાભાર્થીઓને પણ આ પૂજામાં બોલાવવામાં આવેલ હતા. પૂજામાં ઉપસ્થિત સહુને તથા આણંદજી કલ્યાણજી કમ્પાઉન્ડના ૧૨૦ જેટલા જૈન પરિવારોને આવાસ યોજના ઉદ્‌ઘાટન સમારંભ નિમિત્તે ૦ાા - ૦ાા કિલો બુંદીના લાડુ રૂબરૂ જઈને પહોંચાડવામાં આવેલ હતા.

★ *મંગળવાર, તા. ૨૬-૧-૨૦૧૦ :* આજ રોજ **નવનીત ભવન આવાસ યોજના**નું તથા તેના **વિવિધ વિભાગોનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ હતું.** નવનીત ભવનનું ઉદ્‌ઘાટન **શ્રી વલમજીભાઈ ભાણજી ગડા**ના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું. ત્યારબાદ વિવિધ તક્તીઓના ઉદ્‌ઘાટન તથા લીફટના ઉદ્‌ઘાટન વિવિધ મહાનુભાવોના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતા.

ત્યારબાદ સ્ટેજ કાર્યક્રમ ચાલુ કરવામાં આવેલ હતો. સમારંભ પ્રમુખ તરીકે **શ્રી રમેશભાઈ હીરજી ઘરોડ** બિરાજમાન હતા. દીપ પ્રાગટ્ય **શ્રી અમરચંદભાઈ ગાલા**ના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું.

આ પ્રસંગે શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી દીપકભાઈ ભેદા, શ્રી જયેશભાઈ જૈન, શ્રી નયન ભેદા, શ્રી રમણિકલાલ છ. શાહ, શ્રી કેશવજી પદમશી ગોગરી, શ્રી અરવિંદભાઈ, શ્રી મહેન્દ્ર ગઢવી, શ્રી મહેન્દ્રભાઈ સંગોઈ, શ્રી બંસીલાલ ગડા,

શ્રીમતી રસીલાબેન ગડા, શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા, શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી ભૂપેન છેડા, શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી છોટુભાઈ ગાલા, શ્રી શાંતિભાઈ ગાલા, શ્રી પારસ બાબરીયા, શ્રી પંકજ બાબરીયા, શ્રી વીરચંદભાઈ ગાલા, શ્રી શાંતિલાલભાઈ શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા. સાથે સાથે આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી અને કચ્છથી પણ અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

સમારંભ અગાઉ આવાસ યોજના સાઈટ પર ધ્વજ વંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

★ ***મંગળવાર, તા. ૨-૨-૨૦૧૦ :*** શ્રી અશોક મહેતા તથા શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ ભચાઉમાં શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીની "અણુશક્તિ કેમિકલ્સ એન્ડ ડ્રગ"ની મુલાકાત લીધેલ હતી કે જ્યાં ૨૫૦ વર્કર્સ કામ કરે છે.

ત્યારબાદ તેઓએ ભુજમાં અભિયાનના શ્રીમતી સુષ્મા આયંગર તથા શ્રી લાલ રાંભિયા સાથે (૧) બિહારમાં અંદાજિત રૂા. ૫ કરોડની હોસ્પિટલ તથા (૨) ભુજપુરમાં બી.પી.એલ. વ્યક્તિઓ માટે ૯૦ મકાન બનાવવા અંગે ચર્ચા કરેલ હતી.

ત્યારબાદ તેઓએ શ્રી હરીશ નાગડાની સર્જન બાયોટેક પ્રા.લિ. (ટીસ્યુ કલ્ચર લેબોરેટરી)ની મુલાકાત લીધેલ હતી.

ત્યારબાદ આ ટીમે ભુજપુર જઈ ભુજપુર ગ્રામ પંચાયતના સરપંચ શ્રી મહેન્દ્ર ગઢવી સાથે બી.પી.એલ. મકાનોની ચર્ચા કરેલ હતી. ૯૦૦ ચો.ફૂટના પ્લોટ પર ૨૦૦ ચો.ફૂટના મકાનના બાંધકામના રૂા. ૮૦,૦૦૦/-ના એસ્ટીમેટ અંગે ચર્ચા કરેલ હતી.

ત્યારબાદ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીના ગામ નાના ભાડિયા જઈ ત્યાંની સ્કૂલની મુલાકાત લીધેલ હતી. અહીં ધોરણ ૮ થી ૧૨ના ૪૦૦ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ભણાવવામાં આવે છે.

ત્યારબાદ બીદડા સર્વોદય હોસ્પિટલ જઈ શ્રી વિજય છેડા, શ્રી લીલાધર ગડા, શ્રી જયંત ગડા વગેરે સાથે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ ***શનિવાર, તા. ૧૩-૨-૨૦૧૦ :*** આવાસ યોજનામાં આજે બે વધુ લાભાર્થીઓને મકાન ફાળવવામાં આવેલ હતા.

★ ***શનિવાર, તા. ૨૦-૨-૨૦૧૦ :*** આજ રોજ શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડે ભુજ જઈ, શ્રી મહેન્દ્રભાઈ મોરબીયા સાથે આર્કિટેક્ચરલ કોલેજના પ્રોજેક્ટ રીપોર્ટ અંગે ચર્ચા કરેલ હતી.

★ ***સોમવાર, તા. ૨૨-૨-૨૦૧૦ :*** આજ રોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ ગર્લ્સ હોસ્ટેલ માટે ડ્રાઈવ-ઈન રોડ પર ૧૨૬૦ ચો.વારના એક પ્લોટનું નિરીક્ષણ કરી તેના જરૂરી પેપર્સ મંગાવેલ હતા.

★ ***ગુરૂવાર, તા. ૨૫-૨-૨૦૧૦ :*** આવાસ યોજનામાં બાકી રહેતો છેલ્લો ફ્લેટ એક અતિ જરૂરિયાતવાળા લાભાર્થીને ફાળવવામાં આવેલ હતો.

★ ***શુક્રવાર, તા. ૫-૩-૨૦૧૦ :*** આજ રોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી બંસીલાલ ગડા ગર્લ્સ હોસ્ટેલ માટે જુદા જુદા સ્થળે પ્લોટ જોવા નીકળેલ હતા. તેઓએ ૯૦૦થી ૧૨૦૦ ચો.વારના ૬ પ્લોટનું નિરીક્ષણ કરેલ હતું.

★ ***શુક્રવાર, તા. ૨૬-૩-૨૦૧૦ :*** **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે કચ્છ આર્ટ ગેલેરીની સ્થાપના કરવા માટે કચ્છ મ્યુઝીયમ - ભુજના ક્યુરેટર શ્રી સતીષ સદાશિવન** તથા તેમના **ફોટોગ્રાફર શ્રી સમીર ભટ્ટ** સાથે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી કે જ્યારે શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે. આર. શાહ, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી નીતિન ધનજી ગાલા ઉપસ્થિત રહેલ હતા. તેઓ સાથે આ અંગે વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

★ ***શનિવાર, તા. ૩-૪-૨૦૧૦ :*** આજ રોજ કચ્છ મ્યુઝીયમ ભુજની મુલાકાતે શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી કે. આર. શાહ, શ્રી શાંતિભાઈ સાવલા, શ્રીમતી પ્રભાબેન શાંતિભાઈ સાવલા વગેરે ગયેલ હતા. ત્યારે કચ્છ મ્યુઝીયમના ક્યુરેટર શ્રી સતીષ સદાશિવને તેઓને મ્યુઝીયમના દરેક વિભાગ દાખવી, કચ્છ પ્રદેશની વિશિષ્ટતા સમજાવેલ હતી. શાહીબાગ - કચ્છી વિશ્રામ ગૃહ ખાતે સૂચિત કચ્છ આર્ટ ગેલેરીની સ્થાપનાના અનુસંધાને તેઓએ ભુજના મ્યુઝીયમની મુલાકાત લીધેલ હતી.

★ ***રવિવાર, તા. ૧૮-૪-૨૦૧૦ :*** ગુજરાત સ્થિત (કચ્છ સિવાય) કચ્છી જૈન સંસ્થાઓનું સંમેલન આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવેલ હતું કે જેમાં ગુજરાતના વિવિધ સ્થળેથી આવેલા ૭૫ જેટલા કચ્છી જૈનો તથા

અમદાવાદ સ્થિત ૫૦ જેટલા કચ્છી જૈનો ઉપસ્થિત રહેલ હતા. આ સંમેલનમાં દરેક સંસ્થાઓએ પોતાના કાર્યોની વિગતવાર રજૂઆત કરેલ હતી. આ સંમેલન સંપૂર્ણપણે સફળતાને વરેલ હતું.

★ *રવિવાર, તા. ૨૫-૪-૨૦૧૦ :* યુવા વિકાસ સમિતિના નેજા હેઠળ બે ઉદ્યોગ ગૃહો – **યુનિક ટેગ પ્રા. લિ. - ચાંગોદર** અને **નવનીત પબ્લિકેશન્સનો પ્રેસ વિભાગ - દંતાલી**ની આજે મુલાકાત લેવામાં આવેલ હતી. બંને સ્થળોએ તેઓને સારો આવકાર મળેલ હતો અને બંને સ્થળે તેઓને મશીનરી અંગે વિગતવાર સમજ આપવામાં આવેલ હતી.

★ શ્રી કચ્છી જૈન ભવન પર ગૃહ ઉદ્યોગ અંગે એક સેમિનાર યોજવામાં આવેલ હતો કે જેમાં ૧૨૫થી વધુ વ્યક્તિઓ ઉપસ્થિત રહેલ હતી. સી.ઈ.ડી.માંથી **શ્રી હિતેન વસા** તથા **શ્રી સુરેશભાઈ રાવલે** ઉપસ્થિત રહી ગૃહ ઉદ્યોગ વિશે અનેકવિધ માહિતી અને જાણકારી આપેલ હતી.

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમની સ્થાપનાના અનુસંધાને શ્રી અશોક મહેતા તથા શ્રી મણિલાલ કુંવરજીએ આજ રોજ ભુજ ખાતેના મ્યુઝીયમની મુલાકાત લઈ ત્યાંના ક્યુરેટર શ્રી સતીષ સદાશિવન પાસેથી અનેકવિધ માહિતી મેળવેલ હતી.

★ *ગુરૂવાર, તા. ૬-૫-૨૦૧૦ :* મુંબઈ સ્થિત શ્રી ખીમજી મોમાયા મામણિયાએ સ્લમ રીહેબિલિટેશન ઓથોરીટી (એસ.આર.એ. – S.R.A.) પાસેથી આર.ટી.આઈ.ના માધ્યમ દ્વારા સાયન ખાતે ગેરકાયદેસર બંધાયેલ મિડાઝ ટાવર અંગે જે જાણકારી મેળવેલ હતી તેની વિગતો સમજવા શ્રી અશોક મહેતાએ આજ રોજ તેમની રૂબરૂ મુલાકાત લીધેલ હતી અને તે અંગેની વિગતો સમજેલ હતી.

★ *બુધવાર, તા. ૧૨-૫-૨૦૧૦ :* શ્રી અશોક મહેતા તથા શ્રી ખીમજીભાઈ મામણિયા એસ.આર.એ.માં જઈ ત્યાંના આસિસ્ટન્ટ એન્જિનિયર શ્રી માનેને મળેલ હતા અને સાયન પરની સ્કીમના કમ્પોઝીટ બિલ્ડિંગ નં.-૩ના સેલેબલ વિભાગની પ્લીન્થ ઉપરની સી.સી. મેળવવા અંગે પૃચ્છા કરેલ હતી. શ્રી માનેએ જણાવેલ કે આ બાબતનો કેસ હાઈકોર્ટમાં ચાલે છે. હાઈકોર્ટે મિડાઝ ટાવરના બાકી રહેતા ૬ ફ્લેટ પર ટાંચ મૂકી, સંપૂર્ણ વિગત S.R.A. ની હાઈ પાવર કમિટીને રીફર કરવા મોકલેલ છે. આ ગુંચવાડાના ઉકેલ અને જજમેન્ટ પછી જ કોમ્પોઝીટ બિલ્ડિંગ નં.-૩ ના સેલેબલ પોર્શનની સી.સી. આપવામાં આવશે.

★ આજ રોજ બપોર પછી શ્રી અશોક મહેતા મહારાષ્ટ્ર રાજ્યના મંત્રાલય ખાતે ગયેલ હતા અને મહારાષ્ટ્રના કેટલાક વગદાર નેતાઓને શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના સાયન ખાતેના અતિથિ ભવન અંગેની વિગત સમજાવી આ બાબતે યોગ્ય કાર્યવાહી કરાવવા વિનંતી કરેલ હતી. આ મીટિંગ સુરત સ્થિત શ્રી શરદભાઈ દંડે યોજી આપેલ હતી અને તેઓ પણ આ મીટિંગમાં ઉપસ્થિત રહેલ હતા.

★ *શુક્રવાર, તા. ૧૪-૫-૨૦૧૦ :* આજ રોજ શ્રી અશોક મહેતા અને શ્રી શરદભાઈ દંડ મહારાષ્ટ્ર રાજ્યના કેટલાક ઉચ્ચ અધિકારીશ્રીઓને મંત્રાલય ખાતે મળેલ હતા અને સાયન ખાતેના અતિથિ ભવનવાળી બિલ્ડિંગની સી.સી.ના અનુસંધાને ચર્ચા કરેલ હતી. આ ચર્ચાના અંતે મંત્રાલયના અધિકારીશ્રીઓએ એસ.આર.એ.ના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે સોમવાર, તા. ૧૭-૫-૨૦૧૦ના રોજની મીટિંગ ગોઠવી આપેલ હતી.

★ *સોમવાર, તા. ૧૭-૫-૨૦૧૦ :* શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી શરદભાઈ દંડ તથા શ્રી ખીમજીભાઈ મામણિયા બાંદ્રા ખાતેની એસ.આર.એ.ની ઓફિસે જઈ એસ.આર.એ.ના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર શ્રી એસ.એસ. ઝેંડેને મળેલ હતા અને તેઓને અતિથિ ભવનવાળા બિલ્ડિંગની બધી વિગતો સમજાવેલ હતી. આ સમયે એસ.આર.એ.ના એક્ઝીક્યુટીવ એન્જિનિયર શ્રી ભરત પાટીલ પણ ઉપસ્થિત રહેલ હતા. આ સમયે એસ.આર.એ.ના ઓફિસરોએ જણાવેલ કે જ્યાં લગી મિડાઝ ટાવરની બાકી રહેતી રકમ પૂનમ ડેવલપર્સ ભરે નહીં ત્યાં સુધી કમ્પોઝીટ બિલ્ડિંગ નં.-૩ની સી.સી. રીલીઝ થઈ શકશે નહીં. પૂનમ ડેવલપર્સે જરૂરી રકમ નહીં ભરવાના કારણે આ કાર્ય અટકેલ છે.

ત્યારબાદ આ ટીમ પૂનમ ડેવલપર્સના શ્રી પારસ બાબરીયાને મળેલ હતી અને તેમને એસ.આર.એ.ના અધિકારીશ્રીઓ સાથે થયેલ વાતચીતનો રીપોર્ટ આપેલ હતો. તેઓએ આ બાબતે જરૂરી કાર્યવાહી કરવાની હૈયાધારણ આપેલ હતી.

★ *રવિવાર, તા. ૨૩-૫-૨૦૧૦ :* આજ રોજ ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળેલ હતી અને જે જે લાભાર્થીઓને આવાસ યોજનામાં આવાસ ફાળવવાનું નક્કી કરવામાં આવેલ હતું તે અંગે ઠરાવ કરી ફાઈનલ નિર્ણય લઈ લેવાયેલ હતો.

★ *શનિવાર, તા. ૨૯-૫-૨૦૧૦ :* શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી નવીનભાઈ હરિયા, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી કે.આર. શાહ આજે ભદ્રેશ્વર ગયેલ હતા અને શ્રી નરેન્દ્ર છ. શાહે ત્યાંની જે ૭ એકર જમીન શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદને ડોનેશન આપવાની વાત કરેલ હતી તે સાઇટની મુલાકાત લીધેલ હતી.

★ *શનિવાર, તા. ૧૨-૬-૨૦૧૦ :* આવાસ યોજનાના જે લાભાર્થીઓએ પોતાના ભાગે આવતી રકમ ભરી દીધેલ છે તે ૧૫ લાભાર્થીઓને જે તે ફ્લેટની ચાવી સુપ્રત કરી દેવામાં આવેલ હતી. જે બે લાભાર્થીને રહેવા માટેના ફ્લેટ ભાડેથી આપવામાં આવેલ છે તેમાંના એક લાભાર્થીને પણ તેના ફ્લેટની ચાવી સુપ્રત કરી દેવામાં આવેલ હતી.

★ *રવિવાર, તા. ૧૩-૬-૨૦૧૦ :* આવાસ યોજનાના ૫ લાભાર્થીઓએ આજે ફ્લેટનો કબજો લઇ, ત્યાં રહેવાનું શરૂ કરી દીધેલ છે.

★ *શુક્રવાર, તા. ૧૮-૬-૨૦૧૦ :* આજે શ્રી કચ્છી જૈન ભવન પર ભદ્રેશ્વર પ્રોજેક્ટ કમિટીની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હસમુખભાઈ ખાંડવાલા તથા શ્રી કે. આર. શાહ ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં નીચે મુજબ નક્કી કરવામાં આવેલ હતું : (૧) સિટી સિવિલ વિભાગ દ્વારા જમીનનો સર્વે કરાવી તેની ચારે દિશામાં ખૂંટ લગાવવા. (૨) જમીન એન.એ. કરાવવા અંગે ઘંટાકર્ણ મહાવીરનું મંદિર, ઓલ્ડ એજ રેસિડેન્સી તથા શૈક્ષણિક સંકુલની વિગત આર્કિટેક્ટને આપી તેના પ્લાન તૈયાર કરાવવા. (૩) ૩ તરફ વાયર ફેન્સિંગ તથા આગળના ભાગે ૨ ફૂટ ઊંચાઈની દીવાલ બનાવવાના ક્વોટેશન્સ મેળવવા. ઉપરોક્ત કાર્યો કરવા આગળ વધવા આ સમિતિના કન્વીનર શ્રી નરેન્દ્ર છ. શાહને આ જવાબદારી સુપ્રત કરવામાં આવેલ હતી.

★ *રવિવાર, તા. ૨૭-૬-૨૦૧૦ :* શ્રી કચ્છી જૈન સેવા સમાજ - સુરતની સ્થાપના કરવાના અનુસંધાને શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી મનુભાઈ ગો. શાહ તથા શ્રી રસિકભાઈ મહેતા સુરત ગયેલ હતા અને આ સ્થાપના સંમેલનમાં ભાગ લીધેલ હતો. ત્યાં લગભગ ૧૦૦ જેટલી સંખ્યામાં સુરતના વિવિધ કચ્છી જૈન ઘટક સમાજના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેલ હતા. મીટિંગનું પ્રમુખ સ્થાન શ્રી કિરણભાઈ પારેખે સંભાળેલ હતું. આવતા ૩ વર્ષ માટે ૨૬ વ્યક્તિઓના 'પ્રમોટર ટ્રસ્ટ મંડળ'ની રચના કરવામાં આવેલ હતી. આ પ્રમોટર ટ્રસ્ટ મંડળ બંધારણ બનાવી સંસ્થાનું માળખું મજબૂત બનાવશે. આ મીટિંગનું સંચાલન શ્રી જયેશભાઈ વીસરિયાએ કરેલ હતું.

★ *મંગળવાર, તા. ૨૯-૬-૨૦૧૦ :* શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર કચ્છ આર્ટ ગેલેરી સ્થાપવા ભુજથી પધારેલ કચ્છ મ્યુઝીયમના ક્યુરેટર શ્રી સતીષ સદાશિવનની ઉપસ્થિતિમાં એક મીટિંગ યોજવામાં આવેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ, શ્રી કે. આર. શાહ તથા શ્રીમતી પુષ્પાબેન કે. શાહ ઉપસ્થિત રહેલ હતા. કચ્છ આર્ટ ગેલેરી અંગેના હોલનું જરૂરી રીનોવેશન કાર્ય પૂર્ણ થવા પર આવેલ છે. આ ગેલેરીમાં મૂકવા માટે ફોટોગ્રાફસ, મોન્યુમેન્ટ્સ, જૂના કલેક્શન્સ વગેરે અંગે આ મીટિંગમાં ચર્ચા કરવામાં આવેલ હતી.

★ *રવિવાર, તા. ૪-૭-૨૦૧૦ :* આવાસ યોજનાના લાભાર્થી સભ્યોની આજે એક મીટિંગ શ્રી ક.જૈ.સે.સ.ના હોદ્દેદારો સાથે પાલડી ભવન પર બોલાવવામાં આવેલ હતી કે જેમાં ૩૦ જેટલા લાભાર્થી ફ્લેટ ધારકો ઉપસ્થિત રહેલ હતા. તેઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી **'નવનીત ભવન ફ્લેટ ઓનર્સ મેઇન્ટેનન્સ એસોસિએશન'ની રચના કરવામાં આવેલ હતી** કે જેમાં ૬ સભ્યોની નિમણુંક કરી પ્રમુખ, ખજાનચી વગેરેના હોદ્દાઓ નક્કી કરવામાં આવેલ હતા. જુલાઈ-૨૦૧૦થી મેઇન્ટેનન્સ વગેરેની જવાબદારી આ એસોસિએશન સંભાળી લેશે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

★ *શનિવાર, તા. ૨૪-૭-૨૦૧૦ :* ગર્લ્સ હોસ્ટેલના પ્રોજેક્ટ અંગે શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી રજનીકાંત પારેખ સુદામા રીસોર્ટ - એલિસબ્રિજ પાસે આવેલ જમીનનો એક પ્લોટ જોવા ગયેલ હતા.

★ *બુધવાર, તા. ૨૮-૪-૨૦૧૦ :* શ્રી અશોક મહેતા તથા શ્રી કે. આર. શાહ ગર્લ્સ હોસ્ટેલ માટે અ.મ્યુ.કો.ના બે પ્લોટ જોવા ગયેલ હતા કે જેના નજદીકના ભવિષ્યમાં ટેન્ડર બહાર પડનાર છે. (૧) આયોજન નગર વિસ્તારમાં ૪૦૦૦ ચો.વાર અને (૨) નારાણપુરા ગામમાં ૪૦૦૦ ચો.વાર. આ બંને પ્લોટ અ.મ્યુ.કો. તરફથી શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે રીઝર્વ મૂકવામાં આવેલ છે.

★ *રવિવાર, તા. ૧-૮-૨૦૧૦ :* યુવા વિકાસ સમિતિ દ્વારા **કંઠ્ય, વાદ્ય અને નૃત્ય** – એમ સંગીતની ૩ હરીફાઈ શ્રી કચ્છી જૈન ભવન પર યોજવામાં આવેલ હતી. લગભગ ૧૨૫ વ્યક્તિ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી હતી.

★ *રવિવાર, તા. ૧-૮-૨૦૧૦ :* આશ્રમ રોડ પર ઉસ્માનપુરા વિસ્તારમાં ગર્લ્સ હોસ્ટેલ માટે ૧૨૦૦ ચો.વારનો એક પ્લોટ જોવા શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તથા શ્રી પ્રતાપભાઈ દંડ ગયેલ હતા.

★ *રવિવાર, તા. ૧૫-૮-૨૦૧૦ :* ૧૫ ઓગસ્ટ નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં **શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી**ના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું. ત્યારબાદ પુરસ્કાર સમિતિ દ્વારા વિવિધ વિદ્યાર્થીઓને વિવિધ મહાનુભાવોના વરદ્ હસ્તે પુરસ્કારો આપવામાં આવેલ હતા. આ પ્રસંગે સોમ લલીત ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના પ્રોફેસર **શ્રી જયરાજ પંડ્યા**એ વિદ્યાર્થીઓને કારકિર્દી અંગેનું માર્ગદર્શન આપેલ હતું અને પ્રખ્યાત માનસશાસ્ત્રી **શ્રીમતી નિમ્રત સિંધે** બાળકોના માનસ પ્રમાણે તેમની પ્રતિભા વિકસાવવાની વડીલોને શીખ આપેલ હતી. આ કાર્યક્રમમાં લગભગ ૫૦૦ વ્યક્તિ સામેલ થયેલ હતી.

★ *શનિવાર, તા. ૪-૯-૨૦૧૦ :* આજ રોજ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ, શ્રી કે. આર. શાહ તથા આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠ કચ્છ મ્યુઝીયમ જોવા ભુજ ગયેલ હતા. મ્યુઝીયમના નિરીક્ષણ બાદ શાહીબાગ ખાતે ઊભી કરવામાં આવનાર 'કચ્છ આર્ટ ગેલેરી'નું ઈન્ટિરીયર ડિઝાઈનિંગ શ્રી મુકુલ શેઠ દ્વારા તરતમાં તૈયાર કરવામાં આવશે.

★ *બુધવાર, તા. ૧૫-૯-૨૦૧૦ :* શ્રી ક.જૈ.સે.સ. દ્વારા ગૃહ ઉદ્યોગ શરૂ કરવા અંગેની એક મીટિંગ નવનીત ભવન - બહેરામપુરા ખાતે આવાસ યોજનામાં રહેતા ૩૫ મેમ્બરોની હાજરીમાં યોજવામાં આવેલ હતી અને ત્યારબાદ તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

★ *રવિવાર, તા. ૨૬-૯-૨૦૧૦ :* શ્રી કચ્છી જૈન ભવન પર વાર્ષિક સ્નેહ મિલન સમારંભ તથા સ્વામિવાત્સલ્ય જમણવારનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો કે જેમાં સમાજની લગભગ ૧૭૦૦ વ્યક્તિ ઉપસ્થિત રહેલ હતી. ત્યારબાદ પુરસ્કાર સમિતિ દ્વારા ધોરણ ૭ સુધી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવેલ હતા. ગૃહ ઉદ્યોગ વિશેના લગભગ ૧૫ જેટલા સ્ટોલ્સ રાખવામાં આવેલ હતા. વિવિધ હરીફાઈઓના વિજેતાઓને શિલ્ડ તથા ઈનામો આપવામાં આવેલ હતા. સમારંભના સમયે સંસ્થાના કેટલાક કર્મચારીઓનું બહુમાન કરવામાં આવેલ હતું.

★ *બુધવાર, તા. ૨૯-૯-૨૦૧૦ :* આણંદજી કલ્યાણજી બ્લોકના કમ્પાઉન્ડમાં પશ્ચિમ બાજુએ આવેલ ૮ બ્લોકના રીનોવેશન અંગે ત્યાંના પ્રમુખ શ્રી જગદીશભાઈ તથા અન્યો સાથે રૂબરૂમાં ચર્ચા કરવામાં આવેલ હતી.

★ *મંગળવાર, તા. ૧૨-૧૦-૨૦૧૦ :* ધરણીધર દેરાસર નજીકના ચાર રસ્તા પરના ૨૧૦૦ ચો.વારના પ્લોટ પરના મકાન અંગે ગર્લ્સ હોસ્ટેલ અંગે ચર્ચા કરવા, તે પ્લોટના માલીક નંદલાલ ઠક્કરના ઍડવોકેટ શ્રી પરેશ ગાંધી સાથે આજ રોજ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ રૂબરૂમાં ચર્ચા કરેલ હતી.

★ *શનિવાર, તા. ૧૬-૧૦-૨૦૧૦ :* દિલ્હીથી પ્રસારીત થતા પાક્ષીક મેગેઝીન 'Down to Earth'ના સિનિયર રીપોર્ટર કુ. રવલીન કૌરે શ્રી કચ્છી જૈન ભવનની મુલાકાત લીધેલ હતી અને કચ્છને ફાળવવામાં આવેલ નિયમિત પાણી, વધારાના પાણી તથા પીવાના પાણી અંગેની વિગતવાર માહિતી મેળવેલ હતી.

★ *સોમવાર, તા. ૧૮-૧૦-૨૦૧૦ :* શ્રી કચ્છી જૈન ભવન પર 'કચ્છ આર્ટ ગેલેરી' સમિતિની એક મીટિંગ મળેલ હતી. 'કચ્છ આર્ટ ગેલેરી'ના બનાવેલ ફાઈનલ પ્લાન અંગે આગળ વધવાનું નક્કી કરવામાં આવેલ હતું. તેના એક્ઝીક્યુશન અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. આ મીટિંગમાં શ્રી કે.આર. શાહ, શ્રી અશોક મહેતા, શ્રી હિરેન કે. શાહ તથા શ્રીમતી પુષ્પાબેન કે. શાહ ઉપસ્થિત રહેલ હતા.

★ *શુક્રવાર, તા. ૨૨-૧૦-૨૦૧૦ :* **શરદ પૂનમ**ની ઉજવણી ભવનના પટાંગણમાં કરવામાં આવેલ હતી કે જેમાં **'ગૂર્જર પરિવાર દાંડિયા રાસ હરીફાઈ'** યોજી ૧૨ જેટલા વિજેતાઓને ઈનામોથી નવાજવામાં આવેલ હતા. સંસ્થાના કાયમી ટ્રસ્ટી શ્રી બિપીનભાઈ જૈન પરિવાર સહિત તથા મુંબઈથી શ્રી મુળજી નરશી શાહ અને શ્રી બંસીલાલ મગનલાલ ગડા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા.

★ *સોમવાર, તા. ૨૫-૧૦-૨૦૧૦ :* શ્રીમતી ભાવનાબહેન રતિલાલ નેણશી નાગડા કે જેઓ ગૃહ ઉદ્યોગ તરીકે વિવિધ ફરસાણ બનાવે છે તેઓ લગભગ ૧૨ જાતના ફરસાણ લઈને ભવન પર આવેલ હતા. તેમની બધા જ પ્રકારની પ્રોડક્ટ ભવન પરના રીટેઈલ કાઉન્ટર પર મૂકવાની આજથી જ શરૂઆત કરવામાં આવેલ હતી.

★ **દીપોત્સવી મિષ્ટાન્ન** બનાવવાના ભાગરૂપે આજે સવારથી જ ભવન પર કાજુ કતરી બનાવવાની શરૂઆત કરી દેવામાં આવેલ

હતી. લગભગ ૧૫-૨૦ વર્કર્સ કામ કરતા હતા. સાંજ સુધી ૩૫૦ કિલો કાજુ કતરી બનાવી લેવામાં આવેલ હતી.

★ જેઓએ દીપોત્સવી પ્રસંગે ડ્રાયફ્રુટના ઓર્ડર આપેલ હતા, તેઓને આજથી જ ડ્રાયફ્રુટના પેકેટની ડિલીવરી આપવાની શરૂઆત કરવામાં આવેલ હતી.

★ *શનિવાર, તા. ૬-૧૧-૨૦૧૦ :* સાંજના ૫ વાગે સાંસ્કૃતિક કેન્દ્રમાં **નૂતન વર્ષ સ્નેહ મિલન સમારંભ** યોજવામાં આવેલ હતો કે જયારે લગભગ ૩૫૦ સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

★ *રવિવાર, તા. ૨૧-૧૧-૨૦૧૦ :* જેઓ ગૃહ ઉદ્યોગમાં વિવિધ વસ્તુઓ બનાવે છે અથવા હવે પછી તેઓ બનાવવાનું ચાલુ કરશે તેવા લગભગ ૪૦ લોકોને ભવન પર બોલાવવામાં આવેલ હતા. તેઓ ખાવાની તથા અન્ય વસ્તુઓ બનાવે અને ભવન પરના રીટેઈલ કાઉન્ટર પરથી તેઓની આઈટમોનું વેચાણ કરવામાં આવશે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

★ *રવિવાર, તા. ૨૮-૧૧-૨૦૧૦ :* **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર જલારામ અન્નક્ષેત્ર શરૂ કરવા** મુંબઈથી જલારામ ચેરીટેબલ ટ્રસ્ટના **શ્રી એલ.ડી. શાહે** રૂા. ૧૦ લાખનો ચેક શ્રી ક.જૈ.સ.સ. - અમદાવાદ પર મોકલી આપેલ હોવાથી તા. ૧-૧૨-૨૦૧૦થી શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર જરૂરિયાતવાળા દર્દીઓ તથા તેમના સગા-સંબંધીને જલારામ અન્નક્ષેત્રના નેજા હેઠળ વિનામૂલ્યે જમાડવામાં આવશે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે **તા. ૧-૧૨-૨૦૧૦**થી શ્રી જલારામ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી એલ. ડી. શાહના સૌજન્યથી **"શ્રી જલારામ અન્નક્ષેત્ર" શરૂ કરી દેવામાં આવેલ છે.** "શ્રી જલારામ અન્નક્ષેત્ર" શરૂ કરવા પાછળનો મુખ્ય હેતુ કચ્છથી અમદાવાદ સારવાર અર્થે પધારતા જરૂરિયાતવાળા દર્દીઓ તથા તેમના સંબંધીઓ કે જેઓ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર રોકાયેલ હોય, તેમને દિવસમાં ત્રણે ટાઇમ વિનામૂલ્યે જમવાની સગવડ પ્રાપ્ત થઈ શકે તે સેવા આપવાનો છે. દરરોજની અંદાજિત ૧૫ વ્યક્તિ આ યોજનાનો લાભ લે છે.

★ વર્ષ ૨૦૧૦ દરમિયાન સમાજની **જે વ્યક્તિઓએ વિદાય લીધેલ હોય તેવી ૧૪ વ્યક્તિ માટે** સમાજ તરફથી તા. ૯-૧-૨૦૧૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન પર **સમૂહ પ્રાર્થના**નું આયોજન કરવામાં આવેલ હતું.

★ તા. ૯-૧-૨૦૧૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન પર રક્તદાન કેમ્પ યોજવામાં આવેલ હતો કે જેમાં ૨૬ વ્યક્તિઓએ પોતાના રક્તનું રક્તદાન કરેલ હતું.

★ મંગળવાર, તા. ૨૫-૧-૨૦૧૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન પર બેંગ્લોરથી લિંગાયત પંથના સાધુ મહાત્માજી તેમના અનુયાયીઓ સાથે પધારેલ હતા. તેમની સાથે ધાર્મિક તથા આધ્યાત્મિક વિષયે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ આજ રોજ રવિવાર, તા. ૩૦-૧-૨૦૧૧ના રોજ ભવન પર રાપર વિભાગના ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહ દ્વારા એક સ્નેહ મિલન સમારંભનું આયોજન કરવામાં આવેલ હતું કે જેમાં ગુજરાત સ્થિત વાગડ વિભાગના વીસા ઓસવાળ ભાઈઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા.

★ મંગળવાર, તા. ૧-૨-૨૦૧૧ના રોજ શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી બંસીલાલ ગડા મુંબઈ ખાતે મિડાઝ ટાવરના નિવાસી શ્રી જીતુભાઈ શાહ, ત્યારબાદ શ્રી અતુલભાઈ ભારાણી, ત્યારબાદ શ્રી ધનજીભાઈ ઘેલા ગાલા અને પછી શ્રી ઉપેન્દ્ર દોશીને પણ મળીને **મુંબઇના અતિથિ ભવનના ગૂંચમાં પડી ગયેલા પ્રશ્ન અંગે ચર્ચા કરેલ હતી.**

★ મંગળવાર, તા. ૧૫-૨-૨૦૧૧ના રોજ **સાધ્વીજી ચંદનાશ્રીજી મ.સાહેબ** શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા અને અનેક ટ્રસ્ટીઓએ તેમની સાથે વાત-વિમર્શ કરેલ હતા.

★ બુધવાર, તા. ૧૬-૨-૨૦૧૧ના રોજ ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા કચ્છી જૈન ભવન પર પધારેલ હતા અને કેટલાક ટ્રસ્ટીશ્રીઓએ તેમની સાથે નર્મદા વગેરે પ્રશ્ને ચર્ચા કરેલ હતી.

★ લોકકલાને સંર્પિત સંસ્થા લોકકલા ફાઉન્ડેશન - અમદાવાદ દ્વારા પ્રતિ વર્ષ એનાયત થતો રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કાર ચાલુ વર્ષે, મહિલા દિન, ૮મી માર્ચ ૨૦૧૧ના રોજ **અમદાવાદના સ્પંદન સાંસ્કૃતિક ટ્રસ્ટના સંસ્થાપક અને સંચાલિકા શ્રીમતી ફાલ્ગુનીબેન શાહને** અમદાવાદ મધ્યે એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં એનાયત કરવામાં આવ્યો હતો. **તેમને આ એવોર્ડ કચ્છની લોકકથા "વ્રજવાણીના ઢોલી" આધારીત નૃત્ય નાટીકા માટે એનાયત કરવામાં આવેલ હતો.**

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે શરૂ કરવામાં આવેલ **જલારામ અન્નક્ષેત્ર** માટે સમાજમાંથી ડોનેશન્સ આપવામાં અનેક લોકો ભાગ લે છે. શ્રી મેઘજી થોભણ સ્વજ્ઞાતિ સહાયક ફંડ, માંડવી - કચ્છ તરફથી એપ્રિલ ૨૦૧૧માં રૂા. ૧,૦૮,૦૦૦/-ની રકમ ડોનેશન તરીકે પ્રાપ્ત થયેલ છે.

★ એપ્રિલ ૨૦૧૧ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વિઝન-૨૦૨૦ સુધીના પ્રોજેકટ અંગે વિચારણા કરવામાં આવી.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદના અથાગ પ્રયત્નોથી નર્મદાની કચ્છ બ્રાંચ કેનાલનું કાર્ય વર્ષ ૨૦૦૬માં શરૂ કરવામાં આવેલ હતું. હવે તા. ૯-૪-૨૦૧૧ના રોજ કચ્છ જિલ્લાના રાપર મધ્યે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ રૂા. ૧૨૬૫ કરોડના ખર્ચે ૮૬ કિ.મી. લાંબી નર્મદા બ્રાંચ કેનાલના કામનું તેમજ ત્રણ પમ્પિંગ સ્ટેશનોનું ખાતમુહૂર્ત કરેલ હતું. સરદાર સરોવર પ્રોજેક્ટની નર્મદા બ્રાંચ કેનાલ - કચ્છ શાખાના ટોટલ રૂા. ૪૪૦૦ કરોડના જળસંચય કામો પૈકીનો પ્રારંભ રૂા. ૧૨૬૫ કરોડના ખર્ચે કચ્છ શાખા નહેર અને ત્રણ પમ્પિંગ સ્ટેશનોના બાંધકામથી થયો છે. આ યોજના હેઠળ કચ્છના ૭ તાલુકાના ૧૮૨ ગામોમાં ૨,૭૮,૫૬૧ એકર જમીનને પીયત જળ ઉપલબ્ધ થશે તેમજ કચ્છ જિલ્લાના મોટાભાગના ગામડાં અને શહેરોને નિશ્ચિત ધોરણે પીવાના પાણીનો લાભ મળશે.

★ **તા. ૩-૪-૨૦૧૧ના રોજ સમાજના ટ્રસ્ટ મંડળની યોજાયેલ મીટિંગમાં ગીતા મંદિર પરના અતિથિ ભવનનો ઉપયોગ કોઈ પણ કચ્છી પરિવાર કરી શકે તેવો નિર્ણય લેવાયેલ હતો.**

★ આજે તા. ૧૬-૪-૨૦૧૧ના રોજ **'જીતો'** આયોજિત મહાવીર જન્મ કલ્યાણકની રથયાત્રામાં અનેક કચ્છી જૈનોએ ભાગ લીધેલ હતો. આ રથયાત્રા જ્યારે ભવન પાસેથી પસાર થયેલ ત્યારે ૧૦,૦૦૦ જેટલી વરીયાળી તથા ખડી સાકરના બનાવેલ શરબતની બોટલોનું વિતરણ કરવામાં આવેલ હતું. તે સાથે ૮૦૦૦ પેકેટ જેટલા ચીક્કીના પડીકાનું વિતરણ પણ કરવામાં આવેલ હતું. શરબતની બોટલનું સૌજન્ય ઈન્ડોટેક્ષ પેઈન્ટવાળા શ્રી નરેન્દ્ર છ. શાહ તથા ચીક્કીના પડીકાનું સૌજન્ય દામજીભાઈ નીસર તરફથી સાંપડેલ હતું.

★ મે-૨૦૧૧ના **માતુશ્રી રમીલાબેન મૂલચંદ નાનજી ગડા** (મુંબઈ) તરફથી શાહીબાગ ખાતેના જલારામ અન્નક્ષેત્રને રૂા. ૧,૦૮,૦૦૦/-નું ડોનેશન પ્રાપ્ત થયેલ કે જેમાં શ્રી બંસીલાલ મગનલાલ ગડાએ સારો એવો ભાગ ભજવેલ હતો.

★ શાહીબાગ ખાતે શરૂ કરવામાં આવનાર ''કચ્છ સાંસ્કૃતિક મ્યુઝિયમ'' માટેના વિવિધ નકરા મે-૨૦૧૧માં નક્કી કરવામાં આવેલ હતા. મુખ્ય નામ માટે રૂા. ૨૧ લાખનો નકરો નક્કી કરવામાં આવેલ હતો.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું **''વિઝન ૨૦૨૦''** નક્કી કરવા તા. ૧૫-૫-૨૦૧૧ના રોજ સમાજના ટ્રસ્ટ મંડળ, કારોબારી સમિતિ, ઈતર ડેવલપમેન્ટ સમિતિ, યુવા વિકાસ સમિતિ વગેરેની એક મીટિંગ બોલાવવામાં આવી હતી. ચર્ચા વિચારણાને અંતે ''વિઝન ૨૦૨૦'' નક્કી કરવા શ્રી હિરેન કે. શાહના કન્વીનરપણા હેઠળ એક સમિતિની રચના કરવામાં આવી હતી કે જેના અન્ય સભ્યો તરીકે શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી કે. આર. શાહ, શ્રી દેવેન છેડા, શ્રી નવીનભાઈ લાલકા અને શ્રીમતી હાસ્યલતાબેન મહેતાની વરણી કરવામાં આવેલ હતી. આ સમિતિને પોતાનો અહેવાલ એક મહિનામાં આપી દે તેવું પણ જણાવવામાં આવેલ હતું.

★ પરિચય મિલન સમિતિના ઉપક્રમે રવિવાર, તા. ૫-૬-૨૦૧૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન પર **''ચતુર્થ યુવા પરિચય મિલન''**નો કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ હતો. જેમાં ૧૩૫ જેટલા યુવક-યુવતીઓએ ભાગ લીધેલ હતો.

★ **તા. ૧૭-૭-૨૦૧૧ના રોજ મળેલ ટ્રસ્ટ મંડળની મીટિંગમાં તા. ૧૪-૪-૨૦૧૨થી તા. ૧૩-૪-૨૦૧૩ના વર્ષને સમાજના ૫૦મા વર્ષ તરીકે એટલે કે સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ હતું.**

★ શ્રી અન્ના હઝારેના નેતૃત્વમાં ભ્રષ્ટાચાર નાબૂદી અને તેને સંબંધિત જન લોકપાલ બીલ લોકસભામાં પસાર કરવાની માંગણી સાથે લાંબા સમયથી ચાલતી ચળવળને સમર્થન આપવા 'શ્રી કચ્છી સમાજ - અમદાવાદ' દ્વારા તા. ૨૬-૮-૨૦૧૧ના રોજ સવારના ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધી **ધરણાનો એક અસરકારક કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદના સંકુલની બહાર એક વ્યવસ્થિત શમિયાણું બાંધી તેનું આયોજન કરવામાં આવેલ હતું** કે જેમાં અમદાવાદ સ્થિત કચ્છીઓની મોટાભાગની જ્ઞાતિઓના આગેવાનો ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલ તથા અન્ય આગેવાનો શ્રી ધીરજભાઈ સોમપુરા, શ્રી મનુભાઈ શાહ (ગૂર્જર

પ્રકાશન), શ્રી કૈલાસદાન ગઢવી, શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી બચુભાઈ રાંભિયા, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી લક્ષ્મીદાસભાઈ ઠક્કર, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી ચમનભાઈ પલણ, શ્રી શાંતિભાઈ સાવલા, શ્રી નરેન્દ્ર છ. શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

★ તા. ૧૮-૯-૨૦૧૧ના રોજ **શ્રી કચ્છી જૈન ભવન પર એક સ્નેહ મિલન સમારંભ, મિચ્છામિ દુક્કડમ્ તથા સ્વામિવાત્સલ્યનો કાર્યક્રમ** યોજવામાં આવેલ હતો. જેમાં ૧૭૦૦ વ્યક્તિઓ ઉપસ્થિત રહેવા પામેલ હતી.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વયસ્ક સમિતિના સભ્યો તા. ૧૫-૧૦-૨૦૧૧ના રોજ ૩ દિવસના દુબઇ પ્રવાસે ગયેલ હતા. તેઓને શુભેચ્છા ફેરવેલ પાર્ટી તા. ૧૩-૧૦-૨૦૧૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન પર આપવામાં આવેલ હતી અને તેમના સંભારણાની રજૂઆત, ફોટા વગેરે માટે તેઓશ્રી સાથે તા. ૨૩-૧૦-૨૦૧૧ના રોજ ભવન પર એક કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. સમગ્ર પ્રવાસ શ્રી રજનીભાઈ પારેખ તથા શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહના સહયોગથી ખૂબ જ સુંદર રીતે પાર પાડવામાં આવેલ હતો.

★ શ્રી હરખચંદભાઈ સાવલાએ ગાંધીનગર ખાતેના **પોતાના નિવાસ સ્થાનના ગ્રાઉન્ડ ફ્લોર પરના સંપૂર્ણ ભાગને સિનિયર સિટીઝન હોમમાં ફેરવવાની** તથા તેનું સંચાલન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને સોંપવાની તૈયારી દાખવતા આજ રોજ તા. ૨૪-૧૧-૨૦૧૧ના રોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી શાંતિલાલ મુળજી સાવલાએ તેમની મુલાકાત ગાંધીનગર ખાતે લીધેલ હતી અને આ પ્રશ્ને વિગતવાર ચર્ચા કરેલ હતી.

★ તા. ૨૬-૧૧-૨૦૧૧ના રોજ દરેક સમિતિના કન્વીનર તથા સભ્યશ્રીઓની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર ગોઠવવામાં આવેલ હતી કે જેમાં ૩૦ જેટલી વ્યક્તિઓ ઉપસ્થિત રહેલ હતી. સુવર્ણ જયંતી વર્ષ દરમિયાન દરેક સમિતિ પોતાના કાર્યક્રમો આપી દે તેવી ચર્ચા કરવામાં આવેલ હતી.

★ **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઇતિહાસનું આલેખન કરી તેને જાન્યુઆરી-૨૦૧૨ના અંકથી પ્રકાશિત કરવાની શરૂઆત કરવામાં આવી. આ ઇતિહાસ લખવાના સંકલનની જવાબદારી શ્રી પ્રતાપભાઈ દંડે સ્વીકારેલ હતી. જાન્યુઆરી-૨૦૧૨ના અંકમાં તેનું પ્રથમ પ્રકરણ પ્રકાશિત કરવામાં આવ્યું.**

★ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે તા. ૮-૧-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારજનોમાંથી વર્ષ ૨૦૧૧ દરમિયાન જે આપ્તજનોના અવસાન થયા હતા, તેઓને **સામૂહિક ભક્તિ સંગીત સહિત શ્રદ્ધાંજલી** આપવાના એક વાર્ષિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. સામૂહિક પ્રાર્થનાના આ અવસરે ૧૯ સદ્‌ગત આત્માઓને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવેલ હતી.

★ *શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨થી તા. ૧૩-૩-૨૦૧૩ સુધીના સુવર્ણ જયંતી વર્ષ ઉજવવા અંગેના મુખ્ય મુખ્ય કાર્યક્રમોનું આયોજન નીચે મુજબ ગોઠવવામાં આવેલ હતું.*

૧-એ. તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ સવારના ૯ વાગે ગાંધીનગર ખાતે 'મંજૂલ હરખ ધામ' સિનિયર સિટીઝન હોમનું દીપ પ્રાગટ્ય.

૧-બી. સવારના ૧૧ વાગે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે **'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ'નું લોકાર્પણ.**

૧-સી. બપોરના ૩ વાગે ટાઉન હોલ ખાતે **સુવર્ણ જયંતી મહોત્સવ સમારંભ**નું દબદબાપૂર્વકનું આયોજન.

૧-ડી. રાત્રે ૯ વાગે જયશંકર સુંદરી હોલ - રાયખડ ખાતે મનોરંજન કાર્યક્રમ.

૨. તા. ૧૩-૫-૨૦૧૨ અને તા. ૧૪-૫-૨૦૧૨ એમ બે દિવસ દરમિયાન સુમતિ ગૂર્જર ભવન - મુંબઈ ખાતે ભારતભરના કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીશ્રીઓ સાથે સંમેલન.

૩. ગુરૂવાર, તા. ૨૧-૬-૨૦૧૨ના રોજ અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષના તહેવાર નિમિત્તે ટાગોર હોલ ખાતે **'કચ્છી ડાયરા'**નું આયોજન.

૪. રવિવાર, તા. ૨૨-૭-૨૦૧૨ના દિવસે **"જાથા"** રાજકોટના સહયોગથી **'ચમત્કારોથી ચેતો'** નામના કાર્યક્રમનું

આયોજન.

૫. બુધવાર, તા. ૧૫-૮-૨૦૧૨ના રોજ ભવન પર **"ધ્વજ વંદન"**નો કાર્યક્રમ તથા **"સરસ્વતી સન્માન"**ના કાર્યક્રમનું આયોજન.

૬. રવિવાર, તા. ૯-૯-૨૦૧૨ના દિવસે ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવાઓનું **"યુવા સંમેલન."**

૭. રવિવાર, તા. ૩૦-૯-૨૦૧૨ના રોજ મિચ્છામિ દુક્કડમ્ તથા સ્વામિવાત્સલ્ય જમણવાર તથા સ્નેહ મિલન સમારંભનું આયોજન.

૮. રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨ના છઠ્ઠા નવરાત્રે અન્ય ઓપન ગ્રાઉન્ડમાં **"નવરાત્રી મહોત્સવ"** તથા સોમવાર, તા. ૨૯-૧૦-૨૦૧૨ના શ્રી કચ્છી જૈન ભવનના પ્રાંગણમાં **શરદોત્સવ**નું આયોજન.

૯. બુધવાર, તા. ૧૪-૧૧-૨૦૧૨ના રોજ "નૂતન વર્ષ મિલન સમારંભ" શ્રી કચ્છી જૈન ભવન પર યોજવાનું આયોજન કરવામાં આવેલ હતું.

૧૦. રવિવાર, તા. ૨-૧૨-૨૦૧૨ના રોજ સમાજના બાળકો દ્વારા મનોરંજન કાર્યક્રમ.

૧૧. રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૩ના રોજ સમૂહમાં પ્રાર્થના ગીત દ્વારા ગત વર્ષ દરમિયાન સમાજના સદ્‌ગતશ્રીઓના આત્માને શ્રદ્ધાંજલી આપતો કાર્યક્રમ.

૧૨. રવિવાર, તા. ૨૦-૧-૨૦૧૩ના રોજ **"કચ્છ વિઝન ૨૦૨૫"** આધારીત એક વાર્તાલાપના કાર્યક્રમ અંગેનો સેમિનાર ભુજ ખાતે યોજવાનું આયોજન.

૧૩. સોમવાર, તા. ૨૧-૧-૨૦૧૩થી બુધવાર, તા. ૨૩-૧-૨૦૧૩ દરમિયાન **"કચ્છ દર્શન"**નો કાર્યક્રમ.

૧૪. શુક્રવાર, તા. ૧૫-૨-૨૦૧૩થી રવિવાર, તા. ૧૭-૨-૨૦૧૩ દરમિયાન સંસ્કાર કેન્દ્ર - પાલડી ખાતે **"કચ્છી મેળા"**નું આયોજન.

૧૫. રવિવાર, તા. ૧૭-૩-૨૦૧૩ના દિવસે મુંબઈની કચ્છી નાટ્ય સંસ્થા દ્વારા "સામાજિક કચ્છી નાટક"નું આયોજન.

૧૬. રવિવાર, તા. ૧૩-૪-૨૦૧૩ના રોજ **સુવર્ણ જયંતી મહોત્સવનો પૂર્ણાહુતિ સમારંભ.**

૧૭. તદુપરાંત સમાજની વિવિધ સમિતિઓ દ્વારા અન્ય ૬૬ જેટલા કાર્યક્રમોનું આયોજન ગોઠવાયેલ હતું.

★ મંગલ મંદિર એપ્રિલ-૨૦૧૨ના અંકમાં પ્રકાશિત થયેલ વિગતો અનુસાર સુવર્ણ જયંતી વર્ષ ઉજવવા, વિવિધ કાર્યક્રમોના સૌજન્ય માટે ૮ દાતાશ્રીઓ દ્વારા રૂા. ૧૫.૮૦ લાખની રકમ જાહેર કરવામાં આવેલ છે. તદુપરાંત અન્ય ૧૦ કાર્યક્રમના નકરાના રૂા. ૧૬.૧૦ લાખ બાકી રહે છે.

★ મંગલ મંદિરના એપ્રિલ-૨૦૧૨ના અંકમાં કેટલીક સિધ્ધહસ્ત કચ્છી હસ્તીઓની ઓળખ આપવામાં આવી છે કે જેમાં શ્રી આણંદજી વીરજી શાહ, શ્રી અમીન સાયાની, શ્રી હરીશ ભીમાણી, શ્રી વિપુલ શાહ, શ્રી વિનોદ ગણાત્રા અને શ્રીમતી ફાલ્ગુની હિરેનનો સમાવેશ કરવામાં આવેલ છે.

★ સુવર્ણ જયંતી મહોત્સવનો પ્રથમ કાર્યક્રમ શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ ઉત્સાહજનક વાતાવરણમાં ઉજવાઈ ગયેલ કે જેમાં : (૧) સિનિયર સિટીઝન હોમ **"મંજુલ હરખ ધામ"**નું ગાંધીનગર ખાતે લોકાર્પણ. (૨) **કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ**નું શ્રી કચ્છી વિશ્રામગૃહ ખાતે ઉદ્‌ઘાટન. (૩) ટાઉન હોલ ખાતે **સુવર્ણ જયંતી વર્ષનો પ્રથમ સમારોહ** અને (૪) જયશંકર સુંદરી હોલ ખાતે રાત્રીના **મનોરંજન કાર્યક્રમ**નો સમાવેશ થાય છે.

★ **"મંજુલ હરખ ધામ"**ના લોકાર્પણ સમયે અતિથિ વિશેષશ્રીઓ તરીકે **શ્રી સુંદરજીભાઈ એમ. શાહ, શ્રી પન્નાલાલભાઈ છેડા, શ્રી નયનભાઈ ભેદા** તથા **શ્રી વાડીલાલભાઈ સાવલા** ઉપસ્થિત રહ્યા હતા.

★ **'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ'**ના લોકાર્પણ સમયે અતિથિ વિશેષશ્રીઓ તરીકે **શ્રી હેમરાજભાઈ શાહ, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, શ્રી દીપકભાઈ ભેદા** ઉપસ્થિત રહ્યા હતા. **શ્રી સુંદરજીભાઈ એમ. શાહ**ના વરદ્ હસ્તે 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ'નું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ હતું.

★ ટાઉન હોલ ખાતેના **સુવર્ણ જયંતી વર્ષના પ્રથમ સમારોહ**ના પ્રમુખ તરીકે **શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી** તથા અતિથિ વિશેષશ્રીઓ તરીકે **શ્રી છોટુભાઈ ગાલા, શ્રી ભૂપેન્દ્રભાઈ છેડા, શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન, શ્રી હેમરાજભાઈ શાહ, શ્રી દીપકભાઈ ભેદા** તથા **શ્રી વાડીલાલભાઈ સાવલા** બિરાજમાન હતા. ફિલ્મ અને મનોરંજન ક્ષેત્રની વિશિષ્ટ પ્રતિભાઓ **શ્રી આણંદજી વીરજી શાહ, શ્રી હરીશભાઈ ભીમાણી** તથા **શ્રી વિનોદભાઈ ગણાત્રા** પણ મંચ પર ઉપસ્થિત રહેલ હતા અને તેઓનું બહુમાન વિવિધ મહાનુભાવોના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં **શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ**ને પણ ઍવોર્ડ અર્પણ કરવામાં આવેલ હતો.

★ રાત્રીના **મનોરંજન કાર્યક્રમ**નું દીપ પ્રાગટ્ય અતિથિ વિશેષશ્રીઓ **શ્રી ભૂપેન્દ્રભાઈ છેડા, શ્રી દીપકભાઈ ભેદા** તથા **શ્રી વાડીલાલભાઈ સાવલા** તેમજ **શ્રી કોમલભાઇ સાવલા**ના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું. **ફાલ્ગુની શાહ** તથા તેમના ગ્રુપ દ્વારા તૈયાર કરવામાં આવેલ આ કાર્યક્રમને સભાગૃહે એક વખત ઊભા થઈને વધાવી લીધેલ હતું. આ સમયે મનોરંજનના કલાકારો માટે જુદી જુદી વ્યક્તિઓ દ્વારા રૂા. ૮૮,૦૦૦/-ના ઇનામોની જાહેરાત કરવામાં આવેલ હતી.

★ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા કચ્છથી શ્રી સતીષ સદાશિવન, શ્રી સમીર ભટ્ટ, શ્રી મોહનભાઈ શાહ, ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી ઉમિયાશંકર અજાણી, શ્રી નરેશભાઈ અંતાણી, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી વાડીલાલ ભીમજી દોશી, શ્રી કોમલભાઈ સાવલા વગેરે પધારેલ હતા. સોલાપુરથી શ્રી કેશવજીભાઈ મુળજી રાંભિયા તથા મધ્ય પ્રદેશ કચ્છી વીસા ઓસવાળ સમાજના અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પધારેલ હતા. સુરતથી શ્રી જયેશભાઈ વીસારીયા, શ્રી રાજેશ એન. મહેતા, શ્રી કૌશિકભાઈ શાહ, શ્રી કિરણભાઈ ધરમશી પારેખ, શ્રી જગદીશભાઈ રવિલાલ શાહ તથા વડોદરાથી શ્રી વલ્લભજીભાઈ સાવલા વગેરે ઉપસ્થિત રહેલ હતા. મુંબઈથી શ્રી મુરજી નરશી શાહ, શ્રી બંસીલાલ મગનલાલ ગડા, શ્રી પારસભાઈ સાવલા, શ્રી દેવચંદભાઈ ગાલા વગેરે ઉપસ્થિત રહેલ હતા. બહારગામના અંદાજિત **૧૦૦ જેટલા મહેમાનોએ** ઉપસ્થિત રહી, સમારંભની શાન વધારેલ હતી.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના **સુવર્ણ જયંતી મહોત્સવનો દ્વિતીય કાર્યક્રમ સુમતિ ગૂર્જર ભવન - મુંબઈ ખાતે** તા. ૧૩-૫-૨૦૧૨ અને તા. ૧૪-૫-૨૦૧૨ — એમ બે દિવસ માટે યોજાઈ ગયેલ હતો. આ કાર્યક્રમમાં વિશિષ્ટ કચ્છી ઉદ્યોગપતિશ્રીઓ (૧) યુનાઇટેડ ફોસ્ફરસ લિમિટેડના તથા તેની અનુસાંગીક કંપનીઓના મેનેજિંગ ડાયરેક્ટર **શ્રી રાજુભાઈ શ્રોફ**, (૨) આરતી ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના **શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી** તથા **શ્રી રાજેન્દ્રભાઈ ગોગરી**, (૩) ગોદાવરી બાયો રીફાઈનરીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર **શ્રી સમીર શાંતિલાલ કરમશી સોમૈયા**, (૪) એન્કર ઇલેક્ટ્રીકલ કંપનીના **શ્રી દામજીભાઈ શાહ** તથા **શ્રી જાદવજીભાઈ શાહ**, (૫) નવનીત પબ્લિકેશન્સ (ઇન્ડિયા) લિમિટેડના **શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી છોટુભાઈ ગાલા** અને **શ્રી શાંતિલાલભાઈ ગાલા.** (૬) સિમ્પ્લેક્સ એન્જિનિયરીંગ એન્ડ ફાઉન્ડ્રી વર્કસ લિમિટેડના અધ્યક્ષ **શ્રી હીરાલાલ ભાણજી શાહ,** (૭) ખીમજી રામદાસ ગ્રુપ - ઓમાન, મસ્કતના અધ્યક્ષ **શ્રી કનકસિંહ ગોકલદાસ ખીમજી રામદાસ**, (૮) એક્સેલ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના **શ્રી કાંતિસેનભાઈ શ્રોફ**, (૯) પ્રિન્સ પાઇપ ફિટીંગ્સ પ્રાઇવેટ લિમિટેડના અધ્યક્ષ **શ્રી જયંત શામજી છેડા** તથા (૧૦) શેમારૂ એન્ટરટેઇનમેન્ટ લિમિટેડના અધ્યક્ષ **શ્રી બુદ્ધિચંદ હીરજી મારુ**ને ઍવોર્ડ અર્પણ કરી તેઓનું સન્માન કરવામાં આવેલ હતું. સમારંભ પ્રમુખ તરીકે શ્રી ક.વી.ઓ. સ્થા. જૈન મહાજન - મુંબઈના પ્રમુખ **શ્રી શાંતિલાલભાઈ મારુ** બિરાજમાન હતા. પ્રથમ દિવસના દ્વિતીય સેશનમાં તથા બીજા દિવસે વિવિધ વિષય પર સેમિનારો ગોઠવવામાં આવેલ હતા. આ પ્રસંગે ભારતભરના અનેક શહેરોમાંથી અનેક મહાનુભાવો પધારેલ હતા.

★ શુક્રવાર, તા. ૮-૬-૨૦૧૨ના રોજ **શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના એક કર્તવ્યનિષ્ઠ અને સક્રિય કાર્યકર શ્રી સૂરજલાલ મહેતાનું અવસાન થયેલ હતું.**

★ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના **સુવર્ણ જયંતી વર્ષના ત્રીજા કાર્યક્રમ** તરીકે તા. ૨૧-૬-૨૦૧૨ના રોજ **"કચ્છી ડાયરા"**નું આયોજન ટાઉન હોલ ખાતે ગોઠવવામાં આવેલ હતું. **શ્રી લાલ રાંભિયા** તથા **શ્રી વશનજી શાહ** ડાયરાના મુખ્ય કલાકારો / ગાયકો હતા. આ કાર્યક્રમનું સંચાલન **શ્રી ગુલાબ દેઢિયા**એ કરેલ હતું. મુખ્ય ડાયરા અગાઉ **વસતીપત્રક - ૨૦૧૨નું વિમોચન શ્રીમતી મધુરીબેન ગાલા, શ્રીમતી વિમળાબેન ગાલા** વગેરેના હસ્તે કરાવવામાં આવેલ હતું.

★ અષાઢી બીજ, કચ્છી નૂતન વર્ષ, તા. ૨૧-૬-૨૦૧૨ના રોજ કચ્છ શક્તિ - મુંબઈ દ્વારા **શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ**ને **"નારીરત્ન એવોર્ડ - ૨૦૧૨"** એનાયત કરવામાં આવેલ હતો. તેઓ અમદાવાદ દૂરદર્શન કેન્દ્ર પર વર્ષ ૧૯૮૮થી ન્યુઝ રીડર તરીકે કાર્યરત છે. આ કારણે લીમ્કા બુક ઑફ રેકોર્ડઝની વર્ષ ૨૦૦૯થી ૨૦૧૨ની આવૃત્તિઓમાં સ્થાન પામનાર તેઓશ્રી પ્રથમ કચ્છી મહિલા છે. તેમણે ભારતના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, નાયબ વડાપ્રધાન તથા રાજ્યના મુખ્યમંત્રીની હાજરીવાળા કાર્યક્રમોનું સફળતાપૂર્વક સંચાલન કરેલ છે.

★ તા. ૨૨-૭-૨૦૧૨ના રોજ **સુવર્ણ જયંતી વર્ષના ચોથા કાર્યક્રમ** તરીકે ટાગોર હોલ ખાતે કચ્છ યુવક સંઘ નિર્મિત અને વસંત મારૂ તથા શ્રી વિનય ગાલા દિગ્દર્શિત **'જિંદગી જલસો ભને વઇ'** ભજવવામાં આવેલ હતું. હોલ પ્રેક્ષકોથી ખીચોખીચ ભરેલ હતો. આ પ્રસંગે મુંબઈથી **શ્રી કોમલ છેડા, શ્રી જયંત શેઠિયા** તથા **શ્રી વસંત કારાણી** પધારેલ હતા.

★ તા. ૧૫-૮-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવીના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું કે જ્યારે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અન્ય આગેવાનો સર્વશ્રી જગદીશભાઈ ઠક્કર, ચીમનભાઈ પલણ, રઘુરામભાઈ ઠક્કર, ભરત ઓઝા, અતુલ સોની, મનુભાઈ કોટડિયા, પરબતભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

★ રવિવાર, તા. ૨૬-૮-૨૦૧૨ના રોજ સાંજના શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી ચંદ્રકાંત ગોગરી તથા શ્રી લીલાધર ગડાની ઉપસ્થિતિમાં શ્રી પી.કે. લહેરી તથા વાત્રકની હોસ્પિટલના ટ્રસ્ટીઓ વાત્રકમાં મેડિકલ કોલેજની સ્થાપના અંગે ચર્ચા કરવા પધારેલ હતા. એ અગાઉ સવારના ભાગે શ્રી ક.જૈ.સે.સ.ના ટ્રસ્ટીઓએ શ્રી ચંદ્રકાંત ગોગરી તથા શ્રી લીલાધર ગડા સાથે લીંબોદરા (ગાંધીનગર - મહુડી રોડ) જઈ ત્યાંની બંધ હોસ્પિટલનું નિરીક્ષણ કરેલ હતું.

★ શનિવાર, તા. ૮-૯-૨૦૧૨ના રોજ **શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના એક અદના અને સૌથી જૂના પૈકીના એક કાર્યકર શ્રી પોપટલાલ નેણશી ધરોડનું દુઃખદ અવસાન થયેલ હતું.** તા. ૧૦-૯-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન પર તેમની પ્રાર્થના સભા તથા શ્રદ્ધાંજલી સભા યોજવામાં આવેલ હતી.

★ શનિવાર, તા. ૮-૯-૨૦૧૨ અને રવિવાર, તા. ૯-૯-૨૦૧૨ના રોજ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના **સુવર્ણ જયંતી વર્ષનો પાંચમો મુખ્ય કાર્યક્રમ 'ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવક-યુવતીઓના સંમેલન'**નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ હતું કે જેમાં ૧૫૦થી વધુ યુવક-યુવતીઓએ ભાગ લીધેલ હતો.

★ શિયાળુ પાક તરીકે કચ્છમાં ઘાસ ઉગાડનારને (જે ૨ ફૂટથી વધુ ઊંચું નથી હોતું) પ્રોત્સાહન સ્વરૂપે શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદે જાહેરાત કરેલ કે અગર જે ખેડૂત પાસે પીયત ખેતી હોય અને તે શિયાળુ પાક તરીકે મકાઈ, જુવાર કે ગાજર ઉગાડશે (ઘાસ તરીકે ઢોરોને ખાવાના કામમાં આવે છે) તેમને એક એકરના પાક દીઠ રૂા. ૫૦૦/-નું પ્રોત્સાહન આપવામાં આવશે. દુષ્કાળના સમયે કચ્છમાં શક્ય ઓછા ઘાસ વગેરે ટ્રાન્સપોર્ટ કરવા સામે આ યોજના વર્ષ ૨૦૧૨માં જાહેર કરવામાં આવેલ હતી. પ્રથમ સ્વરૂપે આ યોજના ૨૦૦૦ એકર માટે વિચારવામાં આવેલ હતી. આ યોજના સામે રૂા. ૧ લાખ શ્રી હરખચંદ કુંવરજી સાવલા - ગાંધીનગર તથા શ્રી મહેન્દ્રભાઈ ગઢવી (પૂર્વ સરપંચ - ભુજપુર)એ રૂા. ૫૦ હજારના દાનોની જાહેરાત કરેલ હતી.

★ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદનો **૫૦મો વાર્ષિક સ્નેહમિલન સમારંભ**, સાંવત્સરીક ક્ષમાપના તેમજ સ્વામિવાત્સલ્ય જમણવાર વગેરેનો કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન પર રવિવાર, તા. ૩૦-૯-૨૦૧૨ના રોજ ઉજવવામાં આવ્યો હતો. **સુવર્ણ જયંતી વર્ષનો આ છઠ્ઠો મુખ્ય કાર્યક્રમ** રહેવા પામેલ હતો. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે **ડો. મણિલાલ ગડા - મુંબઈ તથા શ્રી મુરજીભાઈ ગડા - વડોદરા** ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૧૭૦૦ લોકોની હાજરી રહેવા પામેલ હતી.

★ **સુવર્ણ જયંતી વર્ષનો સાતમો મુખ્ય કાર્યક્રમ – નવરાત્રી કાર્યક્રમ** રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨ના રોજ ૧૩૨ ફૂટ રીંગ રોડ પરના સપ્તક પાર્ટી પ્લોટ ખાતે ઉજવવામાં આવેલ હતો કે જ્યારે લગભગ ૩૦૦૦ની ઉપસ્થિતોની સંખ્યા હતી કે જેમાં ૧૦૦૦ તો રમનારાઓ હતા. આ કાર્યક્રમમાં અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોના આગેવાનો

અને સભ્યો પણ ઉપસ્થિત રહેલ હતા.

★ ગુરૂવાર, તા. ૧-૧૧-૨૦૧૨ના રોજ શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠનની ભુજ ઓફિસ ખાતે કચ્છમાં ઘાસચારો ઉગાડવા એક મીટિંગનું આયોજન કરવામાં આવેલ હતું કે જેમાં શ્રી અશોકભાઈ મહેતા, શ્રી વશનજીભાઈ સોની, શ્રી હરીશભાઈ નાગડા, શ્રી સોહિતભાઈ દેઢિયા, શ્રી મહેન્દ્રભાઈ ગઢવી, શ્રી મનોજભાઈ સોલંકી વગેરે ઉપસ્થિત રહેલ હતા. હાલની વિષમ પરિસ્થિતિમાં કચ્છના પીયતવાળા વિસ્તારમાં ખેડૂતો ઘાસચારો ઉગાડે તે માટે ૨૦૦૦ એકરની અપર લીમીટ રાખી, એકર દીઠ રૂા. ૫૦૦-નું પ્રોત્સાહન ખેડૂતોને આપવાનું નક્કી કરવામાં આવેલ હતું. વિવિધ પ્રકારના ઘાસચારાના પાકો જેવા કે મકાઉ, જુવાર, બાજરો, ગાજર, રંજકો વગેરે પ્રકારના ટેકાના ભાવ નક્કી કરી, આ પ્રકારનો ઘાસચારો કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન ડાયરેક્ટ ખેડૂતો પાસેથી ખરીદી લેશે તેવી બાંહેધરી આપવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું. આ માટે નીચે મુજબના ૫ સભ્યોની ઘાસચારા સમિતિ પણ બનાવવામાં આવેલ હતી : (૧) શ્રી મહેન્દ્રભાઈ ગઢવી - ભુજપુર (કન્વીનર), (૨) શ્રી સોહિતભાઈ દેઢિયા - ગઢશીશા, (૩) શ્રી મનોજભાઈ સોલંકી - માધાપર, (૪) શ્રી ભરતરભાઈ સોંદરવા - ભુજ, (૫) શ્રી વશનજીભાઈ સોની - મુંબઈ. આ કાર્ય માટે ખેડૂત, કચ્છ કિસાન સંઘ, દરેક ગામની ગૌસેવા સમિતિઓ, પાંજરાપોળો વગેરેને એકત્રિત કરી જરૂરી આયોજનો કરવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું.

★ રવિવાર, તા. ૪-૧૧-૨૦૧૨ના કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હસમુખ ગઢેચા, શ્રી કે.ડી. શાહ, શ્રી ભરત ઓઝા, શ્રી હંસરાજ કંસારા, શ્રી હીરજી પાસુ શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં આર્કિટેક્ચરલ કૉલેજ, કચ્છના ઈતિહાસનું આલેખન વગેરે વિષયે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ મંગળવાર, તા. ૬-૧૧-૨૦૧૨ના એન્કરવાલા અહિંસાધામ - પ્રાગપર ખાતે કચ્છમાં ઘાસચારો ઉગાડવા પ્રોત્સાહન આપવાના સ્વરૂપે એક મીટિંગ યોજવામાં આવેલ હતી કે જેમાં શ્રી ક.જૈ.સે.સમાજના શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ રતિલાલ મહેતા તથા શ્રી દિનેશ મણિલાલ શાહ ઉપસ્થિત રહેલ હતા. મીટિંગનું સંચાલન શ્રી મહેન્દ્ર ગઢવીએ કરેલ હતું. કચ્છની આ ક્ષેત્રની નામાંકિત વ્યક્તિઓ તથા ૮૦થી પણ વધુ ખેડૂતો આ મીટિંગમાં ઉપસ્થિત રહેલ હતા. કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન જે ટેકાના ભાવે ઘાસચારો ખરીદી લે, તેના નીચે મુજબના ટેકાના ભાવો જાહેર કરવામાં આવેલ હતા. મકાઈ : રૂા. ૫૫, ગાજર : રૂા. ૬૦, જુવાર : રૂા. ૬૫, બાજરી : રૂા. ૮૦, રંજકો : રૂા. ૮૦ના ભાવો જાહેર કરવામાં આવેલ હતા. મુંદ્રા તાલુકામાં ૧૭૦૦ એકરનો ટારગેટ નક્કી કરવામાં આવેલ હતો. આ પ્રકારની મીટિંગો અન્ય તાલુકામાં પણ રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ તા. ૧૦-૧૧-૨૦૧૨ના રોજ મુંબઈ ખાતે શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના કાયમી ટ્રસ્ટી શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડાની ઓફિસે એક મીટિંગ યોજવામાં આવેલ હતી કે જેમાં શ્રી ક.જૈ.સે.સ.ના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. મુંબઈ ખાતેના અતિથિ ભવનમાં આવેલ રૂકાવટ વિશે ઍડવોકેટ શ્રી વાઘેલા પાસેથી વિગતોની સમજ લેવામાં આવેલ હતી. શ્રી વાઘેલાના જણાવ્યા મુજબ આવતા દિવસોમાં આ કાર્ય આગળ વધી શકશે.

★ બુધવાર, તા. ૧૪-૧૧-૨૦૧૨ના રોજ **સુવર્ણ જયંતી વર્ષના આઠમા મુખ્ય કાર્યક્રમ** તરીકે શ્રી કચ્છી જૈન ભવન પર **નૂતન વર્ષ મિલન સમારંભ**નો કાર્યક્રમ ઉજવવામાં આવેલ હતો કે જેમાં ૫૦૦થી વધુ વ્યક્તિઓ ઉપસ્થિત રહેલ હતી.

★ તા. ૨૬-૧૧-૨૦૧૨ના રોજ શ્રી અશોક મહેતા તથા શ્રી દિનેશ મહેતાએ ગુજરાત મેગેઝીન ક્લબના અગ્રણી શ્રી પી.કે. લહેરીની મુલાકાત લીધેલ હતી અને ૨૦૦૨થી ૨૦૦૫ની વચ્ચે પોસ્ટ કરવામાં આવેલ 'મંગલ મંદિર' પર કેગના ઓડિટ રીપોર્ટના આધારે **પોસ્ટલ ડિપાર્ટમેન્ટ દ્વારા રૂા. ૧,૨૩,૦૦૦/-નું જે લેણું કાઢવામાં આવેલ છે** તે વિશે ચર્ચા કરેલ હતી.

★ તા. ૨૭-૧૧-૨૦૧૨ના રોજ જન્મભૂમિ તથા કચ્છમિત્રના કટારલેખક શ્રી ભરતભાઈ ઝુનઝુનવાલા હરિદ્વારથી શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા. તેઓના સંશોધન પ્રમાણે જેને આપણે **'ધોળાવીરા'** તરીકે ઓળખીએ છીએ, તે તેઓના હિસાબે ભૂતકાળમાં રામાયણમાં દર્શાવેલ **'લંકા'** હતી અને તે અંગે તેઓએ વિગતવાર માહિતી આપી ચર્ચા પણ કરેલ

હતી.

★ રવિવાર, તા. ૨-૧૨-૨૦૧૨ના રોજ ટાઉન હોલ ખાતે સમાજના બાળકો દ્વારા એક મનોરંજન કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ હતો. અંદાજિત ૮૦૦ની ઉપસ્થિતિ હતી. ૭૦ જેટલા કલાકારોએ ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમની કોરીયોગ્રાફી **શ્રીમતી ફાલ્ગુની હિરેને** કરેલ હતી. કાર્યક્રમ ખૂબ જ સફળ રહેવા પામેલ હતો. **સુવર્ણ જયંતી વર્ષનો નવમા મુખ્ય કાર્યક્રમ** તરીકે આ કાર્યક્રમ રહેવા પામેલ હતો.

★ રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન પર યુવક-યુવતી પરિચય મિલન સમારંભ યોજવામાં આવેલ હતો કે જેમાં ૮૧ યુવકો અને ૭૨ યુવતીઓ — એમ ટોટલ ૧૫૩ લોકોએ ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષશ્રીઓ તરીકે **(૧) જબલપુરના શ્રી જીતેનભાઈ લાલન, (૨) મુંબઈના શ્રી પારસભાઈ પદમશી, (૩) ભુસાવળના શ્રી દીપકભાઈ દામજી પોલડિયા, (૪) ભુજના શ્રી ભદ્રેશભાઈ બાબુલાલ શાહ અને (૫) સુરતના શ્રી કિરણભાઈ ધરમશી પારેખ** ઉપસ્થિત રહેલ હતા. સમારંભના અધ્યક્ષ તરીકે **મુંબઇના ડો. ઇલાબેન દેઢિયા** ઉપસ્થિત રહેલ હતા.

★ સોમવાર, તા. ૨૪-૧૨-૨૦૧૨ના રોજ મુંબઈ ખાતેના **સૂચિત અતિથિ ભવનના ડેવલપર શ્રી પૂનમચંદ નેણશી બાબરીયા**નું અવસાન થયેલ હતું.

★ બુધવાર, તા. ૨૬-૧૨-૨૦૧૨ની સ્વ. પૂનમચંદ નેણશી બાબરીયાની પ્રાર્થના સભામાં સમાજ તરફથી શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી શાંતિલાલ મુળજી સાવલા ઉપસ્થિત રહેલ હતા.

★ સોમવાર, તા. ૩૧-૧૨-૨૦૧૨ના રોજ જલતરંગ ક્લબ ખાતે સંકલ્પે ૩૧ ડિસેમ્બરની ઉજવણી કરેલ હતી.

★ ગુરૂવાર, તા. ૩-૧-૨૦૧૩ના રાત્રે કર્ણાવતી ક્લબમાં **સ્પંદન સાંસ્કૃતિક ટ્રસ્ટ**ના ઇન્ટરનેશનલ ફોક ડાન્સ ફેસ્ટીવલનો ગ્રાન્ડ ઓપનિંગ શો હતો કે જેમાં શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના અનેક ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. લગભગ ૭-૮ દેશના કલાકારોએ પોતાના દેશની લોકકલાના નૃત્યો રજૂ કરેલ હતા.

★ શુક્રવાર, તા. ૪-૧-૨૦૧૩થી તા. ૮-૧-૨૦૧૩ સુધી કચ્છ દર્શનના પ્રવાસનો એક કાર્યક્રમ સુવર્ણ જયંતી વર્ષના કાર્યક્રમ પૈકી એક કાર્યક્રમ તરીકે યોજવામાં આવેલ હતો. ૪૦ વ્યક્તિઓ આ પ્રવાસમાં જોડાયેલ હતી.

★ સુવર્ણ જયંતી વર્ષના મુખ્ય પ્રોગ્રામ તરીકે રાખવામાં આવેલ તા. ૬-૧-૨૦૧૩નો ભુજ ખાતેનો સેમિનાર અનિવાર્ય સંજોગોના કારણે તા. ૫-૧-૨૦૧૩ના રોજ મુલત્વી રાખવામાં આવેલ હતો.

★ રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૩ના રોજ શ્રી કચ્છી જૈન ભવન પર સમાજના વર્ષ ૨૦૧૨ના ૧૩ સદ્‌ગત આપ્તજનોને સામૂહિક સ્મરણાંજલી આપવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

★ શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૩ના રોજ શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં પ્રજાસત્તાક દિને ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

★ શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૩ના રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર વયસ્ક સમિતિના કાર્યક્રમના એક ભાગરૂપે યુ.એસ.એ. સ્થિત **શ્રી પ્રતાપ રાવળના ડાયરાનો એક કાર્યક્રમ** યોજવામાં આવેલ હતો. ઉપસ્થિત લોકોએ આ કાર્યક્રમ ખૂબ જ રસપૂર્વક માણેલ હતો.

★ **સુવર્ણ જયંતી વર્ષના દસમા મુખ્ય કાર્યક્રમ** તરીકે તા. ૩-૨-૨૦૧૩ના રોજ ભુજ ખાતે વાગડ બે ચોવીસી જૈન યુવક મંડળના વિવિધલક્ષી સંકુલ ખાતે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા **'કચ્છનો સર્વાંગી ઇતિહાસ'** ગ્રંથના વિમોચનનો કાર્યક્રમ **શ્રી દામજીભાઈ એંકરવાલા**ના વરદ્ હસ્તે રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે **કચ્છના અધિક કલેક્ટર શ્રી ડી.બી. શાહ** અને અતિથિ વિશેષશ્રી તરીકે **કચ્છના નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી એન. આર. ટોપરાણી** ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમમાં ઇતિહાસના લેખકશ્રીઓનું બહુમાન કરવામાં આવેલ હતું. હોલ ઠસોઠસ ભરેલ હતો. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ તથા શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના અનેક અગ્રીમ હરોળના કાર્યકરો પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા.

★ **સુવર્ણ જયંતી વર્ષના ૧૧મા મુખ્ય કાર્યક્રમ** તરીકે રવિવાર, તા. ૨૨-૨-૨૦૧૩ના સવારમાં ૧૦.૩૦ વાગે ભારે ઉત્સાહના વાતાવરણમાં અને અંદાજિત ૫૦૦ વ્યક્તિઓના સાંનિધ્યમાં, પાલડી ખાતેના સંસ્કાર કેન્દ્રના પટાંગણમાં મ્યુનિ. કોર્પોરેશનના મેયર **શ્રી આસિતભાઈ વોરા**ના વરદ્ હસ્તે **"કચ્છી મેળા"નું ઉદ્‌ઘાટન** કરવામાં આવેલ હતું. સુવર્ણ જયંતી વર્ષના કાર્યક્રમ પૈકીનો આ એક કાર્યક્રમ હતો. આ પ્રસંગે અ.મ્યુનિ.કો.ની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન **શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**, ટ્રાન્સપોર્ટ સમિતિના ચેરમેન **શ્રી અમિતભાઈ શાહ** તથા શહેર ભાજપના પ્રમુખ **શ્રી ગૌતમભાઈ** ઉપસ્થિત રહેલ હતા. આ પ્રસંગે (૧) વિવિધ સ્ટોલ્સના સ્પોન્સરર નવનીત પરિવારના શ્રી છોટુભાઈ ગાલા, શ્રીમતી મધુરીબેન ગાલા, શ્રી શાંતિલાલભાઈ ગાલા તથા શ્રીમતી વિમળાબેન ગાલા; (૨) સહ સ્પોન્સરર દીપ ઈન્ડસ્ટ્રીઝના શ્રી શાંતિલાલભાઈ સાવલા તથા શ્રી કાંતિલાલભાઈ સાવલા; (૩) સહ સ્પોન્સરર દાવડા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના શ્રી હિતેશભાઈ દાવડા તથા (૪) સહ સ્પોન્સરર શ્રી હરખચંદભાઈ સાવલા પણ ઉપસ્થિત રહેલ હતા. શ્રી ક.જૈ.સે.સમાજના અગ્રણી કાર્યકરો તથા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અગ્રણી કાર્યકરો પણ ઉપસ્થિત રહેલ હતા. ત્રણ દિવસ ચાલેલ આ કાર્યક્રમમાં **પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા, પૂર્વ નાણાંમંત્રી શ્રી બાબુભાઈ મેઘજી શાહ** વગેરેએ મુલાકાત લીધેલ હતી. તા. ૨૨-૨-૨૦૧૩ના પ્રથમ દિવસે ૪૧૦૦, બીજા દિવસે ૮૩૦૦ અને ત્રીજા દિવસે રવિવારે ૧૨,૮૦૦ લોકોએ આ મેળાની મુલાકાત લીધેલ હતી.

★ તા. ૨૫-૨-૨૦૧૩ના રોજ ત્રિ-દિવસીય કચ્છી મેળાની કાર્યવાહીનું વિશ્લેષણ કરવામાં આવ્યું. વડોદરા, સુરત, મુંબઈ વગેરે સ્થળે આ પ્રકારના મેળા યોજવાના પ્રસ્તાવો પર ચર્ચા કરવામાં આવી. અમદાવાદમાં આ પ્રકારના મેળા દર વર્ષે યોજવાના પ્રસ્તાવો પર પણ ચર્ચા કરવામાં આવી.

★ **અ.મ્યુનિ.કો.ની સ્લમ રીહેબિલિટેશનની યોજના સમજવા શ્રી અશોક મહેતા તથા શ્રી મનુભાઈ શાહ તા. ૨૮-૨-૨૦૧૩ના રોજ મેયર શ્રી આસિતભાઈ વોરાને મળેલ હતા.** આ યોજના તેઓએ સમજાવેલ હતી અને તેને લગતા જરૂરી પેપર્સ પણ તેઓએ આપેલ હતા. અ.મ્યુ.કો.ની હદમાં ટોટલ ૭૧૦ ઝૂંપડપટ્ટીઓ છે કે જેને રીહેબ કરવાની આ યોજના છે.

★ તા. ૧૩-૪-૨૦૧૩ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના **સુવર્ણ જયંતી વર્ષના ૧૨મા મુખ્ય કાર્યક્રમ** કે જે પૂર્ણાહુતિ સમારોહ હતો તે શાહીબાગ ખાતેના સરદાર પટેલ સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે સાંજના ૪ વાગે શરૂ કરવામાં આવેલ હતો કે જે ૪ કલાક ચાલેલ હતો. આ કાર્યક્રમમાં શ્રી ક.જૈ.સે.સ.ના સભ્યો તથા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્યોની હાજરીથી હોલ ખીચોખીચ ભરાઈ ગયેલ હતો. આ કાર્યક્રમમાં **શ્રી કચ્છી જૈન સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટીનું લોકાર્પણ કરવામાં આવેલ હતું** અને કચ્છમાં સ્થપાયેલ ઉદ્યોગોના ઉપસ્થિત ઉદ્યોગપતિશ્રીઓનું સન્માન કરવામાં આવેલ હતું. **અદાણી ગ્રુપના કરણ અદાણી, સાંઘી ગ્રુપના ગૌરાંગ ભટ્ટ, કંડલા પોર્ટ ટ્રસ્ટના શ્રી પી.ડી. વાઘેલા, જિંદાલ ગ્રુપના શ્રી જયેશ ઠક્કર, એન્કર ગ્રુપના શ્રી દામજીભાઈ એંકરવાલા, ઇફ્કોના મેજર સિંઘ, રત્નમણિ ગ્રુપના શ્રી પ્રકાશભાઈ સંઘવી, મીનાના જયપાલસિંઘ અને કંડલા એનર્જીના શ્રી સંજય રાવનું બહુમાન કરવામાં આવેલ હતું.** અતિથિ વિશેષશ્રી તરીકે **મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ ચુડાસમા, ઔડાના ચેરમેન શ્રી ધર્મેન્દ્ર શાહ, સિને સંગીત ડાયરેક્ટર પદ્મશ્રી આણંદજી વીરજી શાહ, ફોકિયાના એમ.ડી. શ્રી નિમેષ ફડકે, પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ, જીતોના શ્રી ઉત્કર્ષ શાહ તથા શ્રી ગણપતભાઈ ચૌધરી, દોશી આયનના શ્રી આસિતભાઈ દોશી અને હર્ષા એન્જિનિયરીંગના શ્રી હરીશભાઈ રંગવાલા** ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમ ખૂબ જ સફળતાને વરેલ હતો.

★ રવિવાર, તા. ૫-૫-૨૦૧૩ના રોજ મળેલ ટ્રસ્ટ મંડળની મીટિંગમાં હવે પછી સમૂહ શ્રદ્ધાંજલી સભા ન રાખવા નિર્ણય લેવામાં આવ્યો.

★ સોમવાર, તા. ૧૩-૫-૨૦૧૩ના રોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તથા શ્રી પ્રતાપભાઈ દંડ નવા સચિવાલય - ગાંધીનગર ગયેલ હતા અને જળ સિંચાઈ વિભાગના ચીફ એન્જિનિયર શ્રી ગુલાટી સાથે **કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણી** અંગે વિસ્તૃત ચર્ચા કરેલ હતી.

★ મંગળવાર, તા. ૧૪-૫-૨૦૧૩ના રોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તથા શ્રી પ્રતાપભાઈ દંડ – શ્રી મલયભાઈ ઝવેરી સાથે ગાંધીનગર, નવા સચિવાલય ગયેલ હતા અને ત્યાં સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર

શ્રી જે. એન. સિંઘને મળી તેમની સાથે કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના ૦.૫ એમ.એ.એફ. પાણીના કાર્યો અંગે ચર્ચા કરેલ હતી.

★ મંગળવાર, તા. ૨૫-૬-૨૦૧૩ના રોજ ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીશ્રી સુરેશચંદ્ર મહેતા શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા કે જ્યારે તેમની સાથે કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના વધારાના પાણી અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ ગુરૂવાર, તા. ૧૦-૭-૨૦૧૩ના રોજ યોગી સભાગૃહ - દાદર, મુંબઈ ખાતે 'કચ્છ શક્તિ' તરફથી કચ્છી નૂતન વર્ષના દિવસે ઍવોર્ડ સમારંભ રાખવામાં આવેલ હતો કે જેમાં સામાજિક ક્ષેત્રે નોંધપાત્ર કાર્યો કરવા બદલ **શ્રી અશોક મહેતાને "કચ્છ શક્તિ નેશનલ એવોર્ડ - ૨૦૧૩"** અર્પણ કરવામાં આવેલ હતો. ભારતભરમાંથી વિવિધ ક્ષેત્રની ટોટલ ૧૯ વ્યક્તિઓને આ ઍવોર્ડ આપવામાં આવેલ હતા. આ કાર્યક્રમ સમયે શ્રી ક.જૈ.સે.સ.ના ૧૦થી પણ વધુ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

★ *બુધવાર, તા. ૩૧-૭-૨૦૧૩ :* શ્રી ક.વી.ઓ. મહાજન - મુંબઈએ ઉત્તરાંચલમાં ૧૫ ગામ દત્તક લીધેલ હોવાથી અને દરેક ગામમાં કામ કરવાનો ખર્ચ અંદાજિત રૂા. ૫ લાખ હોવાથી, એ યોજનામાં સહકાર આપવા શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીનો મુંબઈથી ફોન હતો. આ બાબતની ચર્ચા શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કે.આર. શાહ, શ્રી શાંતિલાલ મુળજી સાવલા, શ્રી નરેન્દ્ર છ. શાહ વગેરે ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીઓ વચ્ચે કરવામાં આવેલ હતી.

★ *બુધવાર, તા. ૩૧-૭-૨૦૧૩ :* શ્રી હરખચંદ સાવલાનો અમેરિકાથી ફોન હતો કે ત્યાં કો-જૈનાની નવી સરનામા ડિરેક્ટરી બહાર પડનાર હોવાથી તેમાં શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદની ફૂલ પેઈજ જાહેરાતની વિગત મોકલી આપવા તેમણે જણાવેલ હતું. જાહેરાતનો ખર્ચ ૧૦૦૦ ડોલર તેઓ ત્યાં ચૂકવી દેશે.

★ *શુક્રવાર, તા. ૨-૮-૨૦૧૩ :* આજ રોજ શ્રી અશોક મહેતા તથા ડૉ. કાંતિભાઈ ગોર **કચ્છની આર્કિટેક્ચરલ કોલેજ** માટે જમીન સંપાદન પ્રક્રિયા અંગે એડિ. કલેક્ટર શ્રી ડી.બી. શાહ પાસે રૂબરૂ જઇને તેઓને જોઈતી વિગતનો કચ્છ યુનિવર્સિટીનો પત્ર (અગાઉથી મેળવી લીધેલ હોવાથી) આપેલ હતો. આ બાબતે ઝડપી કાર્યવાહી કરવા એડિ. કલેક્ટરશ્રીને વિનંતી કરવામાં આવી હતી.

★ *ગુરૂવાર, તા. ૧૫-૮-૨૦૧૩ :* આજે સ્વાતંત્ર્ય દિવસ હોવાથી શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં પાલડી વોર્ડ ભાજપના પ્રમુખ ડૉ. તેજસ દેસાઈના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું. આ સમયે ૭૦થી વધુ લોકો ઉપસ્થિત રહેવા પામેલ હતા. ત્યારબાદ પ્રથમ માળે હોલમાં સરસ્વતી સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો કે જ્યારે ઉપસ્થિતોની સંખ્યા ૪૦૦ જેટલી થઈ જવા પામેલ હતી.

★ *રવિવાર, તા. ૧-૯-૨૦૧૩ :* આજ રોજ ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળેલ હતી. (૧) પર્યાવરણ સમિતિને ભુજપુર પાંજરાપોળ તથા તુંબડીમાં પ્રાઈવેટ પ્લોટ પર વૃક્ષારોપણના ખર્ચની મંજૂરી આપવામાં આવી. (૨) ઉત્તરાખંડમાં થયેલ અતિવૃષ્ટિ સામે શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીની એક ગામ દત્તક લેવાની અપીલને મંજૂરી આપવામાં આવી. (૩) શ્રી કચ્છી જૈન ક્રેડિટ કો.ઓ. સોસાયટીને તેના શરૂઆતના ખર્ચ માટે રૂા. ૧.૦૦ લાખનું દાન આપવાનું નક્કી કરવામાં આવ્યું. (૪) સમાજના ૩૦ વર્ષથી વધુ ઉંમરના સભ્યને વર્ષમાં એક વખત ફ્રી મેડિકલ ચેક-અપની સુવિધા આપવાનું નક્કી કરવામાં આવ્યું. (૫) રીનોવેટેડ મેડિકલ સેન્ટરનું પુનઃ ઉદ્ઘાટન કરવાનું નક્કી કરવામાં આવ્યું.

★ *મંગળવાર, તા. ૧૦-૯-૨૦૧૩ :* **શ્રી પી. કે. લહેરીને મળીને નર્મદા નદીની કચ્છ બ્રાંચ કેનાલ વિશે શ્રી અશોક મહેતા તથા ડો. ચંદ્રકાંત દેઢિયાએ અનેકવિધ ચર્ચા કરેલ હતી.**

★ ત્યારબાદ સરદાર સરોવર નર્મદા નિગમના પૂર્વ ચીફ એન્જિનિયર શ્રી કિરીટભાઈ સંઘવી સાથે પણ આ બાબતે ચર્ચા કરવામાં આવી.

★ *શનિવાર, તા. ૧૪-૯-૨૦૧૩ :* ભુજ ખાતે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની સામાન્ય સભા મળેલ હતી. આવતા ૩ વર્ષ માટે શ્રી અશોક મહેતાની ચેરમેનપદે, શ્રી શશીકાંતભાઈ ઠક્કર વાઈસ ચેરમેનપદે, શ્રી પ્રતાપભાઈ દંડ સેક્રેટરી તરીકે અને

શ્રી બી.કે. પટેલની ખજાનચી પદે પુનઃ વરણી કરવામાં આવેલ હતી. 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ'ની બીજી આવૃત્તિ તથા તેની અંગ્રેજીમાં પણ આવૃત્તિ બહાર પાડવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ ભુજમાં જાયન્ટ હોલ ખાતે જાયન્ટ્સ ગ્રુપના સભ્યો વચ્ચે શ્રી અશોક મહેતાએ કચ્છના પાણી પ્રશ્ને એક વક્તવ્ય આપેલ હતું.

★ *સોમવાર, તા. ૪-૧૧-૨૦૧૩ :* આજે નૂતન વર્ષ નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન પર નૂતન વર્ષાભિનંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો કે જેમાં ૪૦૦ જેટલી વ્યક્તિઓ ઉપસ્થિત રહેલ હતી.

★ *રવિવાર, તા. ૧૦-૧૧-૨૦૧૩ :* આજે બીદડામાં માતૃવંદનાનો ઉદ્‌ઘાટન સમારોહ હતો. શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના ૧૦ ઉપરાંત આજે બીજી પાંચેક વ્યક્તિઓ આવેલ હતી. બધાએ સાથે મળીને ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ભાગ લીધેલ હતો. બીદડાથી રવાના થઈ આ ગ્રુપે વડીલ વંદના - ગુંદાલાની મુલાકાત લીધેલ હતી કે જ્યાં હાલે ૭૦ જેટલા વડીલોનો નિવાસ છે. ગુંદાલાથી આ ટીમ ભચાઉ પહોંચેલ હતી. અહીં વિચરતા સમુદાયના લોકોને એકત્રિત કરી, તેમને હુન્નર ઉદ્યોગમાં લગાવવા અને તેમના બાળકોને માટે એક સ્પેશિયલ સ્કૂલ બનાવી તેઓને અભ્યાસ કરાવવા શ્રી ચંદ્રકાંત ગોગરીએ આદરેલ કાર્યના અનુસંધાને એક સમારંભ ગોઠવવામાં આવેલ હતો. આ સમારંભમાં ઉપસ્થિત રહી અમદાવાદની ટીમ પરત અમદાવાદ આવવા નીકળેલ હતી.

★ *શુક્રવાર, તા. ૧૫-૧૧-૨૦૧૩ :* **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રથમ ઉપપ્રમુખ શ્રી કાંતિલાલ વેલજી સાવલાનું આજે સવારના ૧૧ વાગ્યાના સુમારે દુઃખદ અવસાન થયેલ હતું.** તેમની સ્મશાનયાત્રામાં ૫૦૦થી પણ વધુ લોકો સામેલ થયા હતા.

★ *રવિવાર, તા. ૧૭-૧૧-૨૦૧૩ :* શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં શ્રી કાંતિલાલ વેલજી સાવલાની પ્રાર્થના સભા યોજવામાં આવેલ હતી. જેમાં ૮૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહેલ હતા. ત્યારબાદ સમાજ તરફથી ત્યાં શોકસભાનું પણ આયોજન કરવામાં આવેલ હતું કે જેમાં અમદાવાદ સ્થિત મોટાભાગના કચ્છી ઘટક સમાજોના આગેવાનો ઉપસ્થિત રહેલ હતા.

★ *મંગળવાર, તા. ૧૯-૧૧-૨૦૧૩ :* પ્રલીન પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ વતી તેમના ટ્રસ્ટીશ્રીઓ સ્મિતાબેન વગેરે કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. તેઓએ ભવન પર ચાલતા મેડિકલ સેન્ટરની મુલાકાત લીધેલ હતી. ત્યારબાદ તેઓએ સમાજના પ્રમુખ શ્રી અશોક મહેતા સાથે વાર્તાલાપ કરેલ હતો. તેઓ આ મેડિકલ સેન્ટરનો ઉપયોગ કરતા જરૂરિયાતવાળા દર્દીઓ માટે દર વર્ષે અમુક રકમ ડોનેશન્સ સ્વરૂપે આપવા માંગે છે તેના અનુસંધાને આ મુલાકાત ગોઠવાયેલ હતી.

★ *રવિવાર, તા. ૨૪-૧૧-૨૦૧૩ :* કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની 'કચ્છના સર્વાંગી ઇતિહાસ'ની પરામર્શ સમિતિ તથા સંપાદન સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ હતા.

૧. આ બુકની બીજી આવૃત્તિ બહાર પાડવી.
૨. જેઓના લેખો બદલાયા નથી તેમની સહમતિ મેળવવી.
૩. જે લેખોની સંદર્ભ સૂચિ નથી તે તૈયાર કરાવવી.
૪. અંગ્રેજી ટ્રાન્સલેશન ઝડપી પૂરું કરાવવું.
૫. જે નવા ૪ પ્રકરણ ઉમેરાવાના છે તેના બાકી રહેતા ૨ પ્રકરણો જલ્દીથી મંગાવવા.

★ *મંગળવાર, તા. ૨૬-૧૧-૨૦૧૩ :* આજ રોજ અ.મ્યુ.કો.ના પાલડી વિભાગના વૃક્ષારોપણનું કાર્ય કરતા બે ઓફિસરો ભવન પર આવ્યા હતા. **વૃક્ષારોપણ માટે અ.મ્યુ.કોર્પોરેશને શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદને જે ૬ શાળાઓ ફાળવેલ છે તેની તેઓએ ચર્ચા કરેલ હતી.** તેઓના કહેવા પ્રમાણે વૃક્ષારોપણ માટેના છોડ ૧$^{૧}/_{૨}$' થી ૨' ઊંચાઈના અ.મ્યુ.કો. તરફથી ફ્રી માં આપવામાં આવશે. દરેક છોડ પર ટ્રી ગાર્ડ લગાવવાનો ખર્ચ અંદાજે રૂા. ૭૦૦/- થશે કે જે આપણે ભોગવવાનો રહેશે. આ બાદ જરૂરી ચર્ચા કરી સૌ છૂટા પડ્યા હતા.

★ *ગુરૂવાર, તા. ૨૮-૧૧-૨૦૧૩ :* આજ રોજ શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રદીપ જોશી અ.મ્યુ.કો.ના ચીફ સિવિલ એન્જિનિયર શ્રી આનંદ પટેલને તેમની દાણાપીઠ ખાતેની ઓફિસે **ઝૂંપડપટ્ટીની જગ્યાએ પાકા મકાન બનાવવાની યોજના સમજવા રૂબરૂ ગયેલ હતા** અને આ યોજના વિશે વિસ્તૃત જાણકારી મેળવેલ હતી. તેમણે જણાવેલ કે આ અંગે તેઓ આવતા

પંદરેક દિવસમાં ટેન્ડર બહાર પાડનાર હોવાથી જો આપણને આ બાબત ઈન્ટરેસ્ટ હોય તો ટેન્ડર ભરવા જણાવેલ હતું.

★ *રવિવાર, તા. ૧-૧૨-૨૦૧૩ :* શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળેલ હતી. સંસ્થાના કાયમી ટ્રસ્ટી તથા પ્રથમ ઉપપ્રમુખ શ્રી કાંતિભાઈ સાવલાના દુઃખદ અવસાનથી સૌપ્રથમ બે મિનિટ મૌન પાળી તેમને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવેલ હતી. (૧) કાંતિભાઈ સાવલાના સ્થાને શ્રી કે.આર. શાહને કારોબારી સમિતિમાં મોકલવાનો નિર્ણય લેવાયેલ હતો. (૨) **તા. ૧-૪-૨૦૧૪થી ૫ વર્ષ માટે રૂા. ૧.૧૭ કરોડમાં સાંસ્કૃતિક કેન્દ્રનો કોન્ટ્રાક્ટ શણગાર ડેકોરેટર્સને આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.** (૩) શ્રી કચ્છી જૈન ભવનના ચોથા માળના ૧૬ રૂમોને રીનોવેટ કરવાના રૂા. ૨૪ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી.

★ ત્યારબાદ કારોબારી સમિતિની મીટિંગ મળેલ હતી કે જેમાં સહુથી પ્રથમ શ્રી કાંતિભાઈ સાવલાના માનમાં બે મિનિટ મૌન પાળવામાં આવેલ હતું. (૧) પર્યાવરણ સમિતિએ રજૂ કરેલ અ.મ્યુ.કો.ની ૬ શાળાના વૃક્ષારોપણ માટેના ખર્ચના રૂા. ૧.૭૫ લાખને મંજૂર કરવામાં આવેલ હતા. (૨) સદ્‌ગત શ્રી કાંતિભાઈ સાવલાના સ્થાને પ્રથમ ઉપપ્રમુખ તરીકે શ્રી પ્રતાપભાઈ દંડની વરણી કરવામાં આવેલ હતી. (૩) શ્રી પ્રતાપભાઈ દંડની માનદ્ મંત્રીની ખાલી પડેલ જગ્યા પર શ્રી કે.આર. શાહની વરણી કરવામાં આવેલ હતી. (૪) તબીબી સેવા સમિતિના કન્વીનર તરીકે શ્રી અશ્વિનભાઈ સાવલાની વરણી કરવામાં આવેલ હતી.

★ *બુધવાર, તા. ૪-૧૨-૨૦૧૩ :* કન્સેશનલ દરે પોસ્ટ કરવાની મંગલ મંદિરને જે સુવિધા પોસ્ટ ખાતા તરફથી અગાઉ આપવામાં આવેલ હતી અને તાજેતરમાં તે અંગે સસ્પેન્ડ કરવાનો જે ઓર્ડર પોસ્ટ ડિપાર્ટમેન્ટ તરફથી આપવામાં આવેલ હતો, તેની સામે હાઈકોર્ટમાંથી સ્ટે મેળવી તેને પોસ્ટલ ડિપાર્ટમેન્ટ પર આજ રોજ રૂબરૂમાં બજાવવામાં આવેલ હતો કે જેથી હવે જ્યાં લગી કોર્ટનો ચુકાદો ન આવે ત્યાં લગી મંગલ મંદિર કન્સેશનલ દરે પોસ્ટ કરવાની પ્રક્રિયા ચાલુ રહેશે.

★ *ગુરૂવાર, તા. ૫-૧૨-૨૦૧૩ :* મુંબઈથી પધારેલ **શ્રી લલીતભાઈ મૈશેરી**ને નવનીત આવાસ યોજનાના ગૃહ ઉદ્યોગ માટેના બે ફ્લેટ બતાવવામાં આવ્યા હતા અને તેના પ્લાન પણ તેઓશ્રીને આપવામાં આવેલ હતા. આ ફ્લેટમાં કયા પ્રકારના ગૃહ ઉદ્યોગની કઈ મશીનરી બેસાડી શકાય તેની વિગત શ્રી લલીતભાઈ આપણને પછીથી જણાવશે તેવું નક્કી કરીને છૂટા પડ્યા હતા.

★ *શુક્રવાર, તા. ૬-૧૨-૨૦૧૩ :* વિદ્યાનગર - આણંદ ખાતે વિદ્યાર્થી હોસ્ટેલના પ્રોજેક્ટ અંગે ગાલા બ્રશના (આણંદ) શ્રી મયૂર ગાલા સાથે આજરોજ ફોન પર વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. છેલ્લા ૨૭ વર્ષથી સ્થગિત થયેલ આ પ્રોજેક્ટ કઈ રીતે શરૂ કરી શકાય તેની વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. મુંબઈ સ્થિત ઉદ્યોગપતિ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ પણ આ પ્રોજેક્ટ અંગે સારો એવો રસ દાખવેલ છે.

★ *રવિવાર, તા. ૮-૧૨-૨૦૧૩ :* આજ રોજ ભુજથી **કુ. શિવાની ઝવેરી** ભવન પર આવેલ હતા. કચ્છના સર્વાંગી ઈતિહાસનું અંગ્રેજીકરણ કુ. શિવાની ઝવેરી હાલે કરી રહેલ છે. તેમણે અત્યાર સુધી ૭ ચેપ્ટર તૈયાર કરેલ છે. તેઓને અન્ય ૧૫-૧૭ ચેપ્ટર ફાઈનલ કરીને આપણે મોકલી આપશું તેવું તેમને જણાવેલ હતું. હાલની ગણનાએ આ ઈતિહાસનું અંગ્રેજીમાં ટ્રાન્સલેશન માર્ચ-૨૦૧૪માં પૂરું થાય તેવી ગણના રાખવામાં આવેલ છે.

★ *ગુરૂવાર, તા. ૧૨-૧૨-૨૦૧૩ :* શ્રી પ્રવીણભાઈ કાનજી દેઢિયા સાથે તેમના ગ્રુપની **નાની ખાખરની ૧.૫ થી ૨ એકર જમીનમાં વૃક્ષારોપણ કરવા અંગે** આજ રોજ મુંબઈ ખાતે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

★ *ગુરૂવાર, તા. ૧૯-૧૨-૨૦૧૩ :* **બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટીમાં આવેલ અને છેલ્લા ૨૧ વર્ષથી ચાલતી મહેતા હોસ્પિટલનું મકાન જોવા શ્રી ક.જૈ.સે.સ.ના ટ્રસ્ટીશ્રીઓ ગયેલ હતા.** હોસ્પિટલના માલીક શ્રી રૂપેશભાઈ મહેતાએ આ હોસ્પિટલ બતાવીને તેની સંપૂર્ણ જાણકારી આપેલ હતી. આ હોસ્પિટલ ૮૦૫ ચો.વારના પ્લોટ પર કાર્યરત રહેલ છે.

★ આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર પ્રલીન ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ મિસ સ્મિતા શાહ વગેરે આવેલ હતા. શ્રી કચ્છી જૈન ભવન પર ચાલતા મેડિકલ સેન્ટરમાં જરૂરિયાતવાળા દર્દીઓને દવાની ખરીદીમાં ૫૦ ટકા રાહત આપવી અને તે માટે આ ટ્રસ્ટ શ્રી ક.જૈ.સે.સ.ને **વર્ષ ૨૦૧૪ માટે રૂા. ૩ લાખ ફાળવશે** તેની વિગતો તેઓએ આ સમાજના ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીઓને આપેલ હતી. આ સમાજે તેઓના સરાહનીય કૃત્ય બદલ આભાર માનેલ હતો.

★ *શનિવાર, તા. ૨૧-૧૨-૨૦૧૩ :* શ્રી કચ્છી લોહાણા સમાજમાંથી શ્રી જગદીશભાઈ ઠક્કર વગેરે શ્રી કચ્છી લોહાણા સમાજના ૭૦ જેટલા ફોર્મ્સ લઈને અહીંના મેડિકલ સેન્ટરના કાર્ડ મેળવવા આવેલ હતા. શ્રી ક.જૈ.સે.સ. કોઈ પણ કચ્છી ઘટક સમાજના સભ્યોને તેના ચાર્જમાં ૨૫ ટકા કન્સેશન આપે છે તેમાં બીજા ૨૫ ટકા લોહાણા સમાજ આપશે. આ રીતે કચ્છી લોહાણા સમાજના પરિવારને ૫૦ ટકા કન્સેશન મળશે તેવી યોજના નક્કી કરી સૌ છૂટા પડ્યા હતા.

★ *જાન્યુઆરી-૨૦૧૪ : શૈક્ષણિક ક્ષેત્રે સમાજની પ્રગતિ*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કુલ ૩૩૦૦ની સંખ્યાની વસતિમાંથી ૧૮થી ૩૦ વર્ષની વચ્ચેની વયજૂથના ૬૩૩ યુવા - યુવતીઓની યાદી 'મંગલ મંદિર'ના જાન્યુઆરી-૨૦૧૪ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ હતી. સાથે સાથે તેઓના શિક્ષણની માહિતી પણ આપવામાં આવેલ હતી.

આ માહિતીના આધારે મુરબ્બી **શ્રી હંસરાજભાઈ કંસારા**એ એક માસની સતત મહેનત બાદ વિવિધ પ્રકારના કોઠાઓ સહિત એક અભ્યાસ લેખ તૈયાર કરેલ હતો.

મુરબ્બી શ્રી હંસરાજભાઈના અભ્યાસ પેપરના સમાપન અનુસાર અથવા તો તે સિવાય પણ કેટલાક મુદ્દાઓ ઉપસી આવેલ હતા કે જે અત્રે પ્રસ્તુત છે.

૧. ૧૯૪૭ની આઝાદી બાદ આજે વર્ષ ૨૦૧૪માં ૧૦૦ ટકા યુવાવર્ગ શિક્ષિત છે.

૨. સમાજની યુવતીઓ પણ ૧૦૦ ટકા શિક્ષિત છે અને અનેક સ્થળે યુવાનો કરતા યુવતીઓ શૈક્ષણિક ક્ષેત્રે આગળ છે.

૩. ૬૩૩માંથી ૪૨ વિદ્યાર્થી (૮ ટકા) ધોરણ-૧૨થી નીચેના અભ્યાસક્રમવાળા, ૯૭ વિદ્યાર્થી (૧૫ ટકા) ધોરણ-૧૨ સુધીના અભ્યાસવાળા, ૧૮૨ વિદ્યાર્થી (૨૯ ટકા) કોમર્સની લાઈન પસંદવાળા, ૧૯ વિદ્યાર્થી (૩ ટકા) આર્ટસની શાખાના અને ૨૧ વિદ્યાર્થી (૩.૩ ટકા) સાયન્સની લાઈન પસંદ કરવાવાળા છે.

૪. કોમર્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કંપની સેક્રેટરી વગેરે પ્રકારની વાણિજ્ય વ્યવસ્થાપનના ક્ષેત્રે લગભગ ૭૦ ટકા યુવાવર્ગ છે અને અન્યત્ર ૩૦ ટકા છે.

૫. મેડિકલની એમ.બી.બી.એસ. વગેરે પ્રકારની શાખામાં જનાર માત્ર ૧૨ વિદ્યાર્થી એટલે કે માત્ર ૨ ટકા વિદ્યાર્થી છે.

૬. આઈ.ટી. અથવા કોમ્પ્યુટર ક્ષેત્રે જનાર વિદ્યાર્થી ૩૨ એટલે કે માત્ર ૫ ટકા છે.

૭. એન્જિનિયરિંગ સાઈડે જનાર ૭૫ વિદ્યાર્થીઓ એટલે કે માત્ર ૧૨ ટકા છે.

૮. સાઈકોલોજી, આર્કિટેક્ચર, ફાઈન આર્ટ, માસ કોમ્યુનિકેશન વગેરે પ્રકારની સર્જનાત્મક બ્રાંચમાં જનાર વિદ્યાર્થી ૧૩ની સંખ્યામાં એટલે કે માત્ર ૨ ટકા છે.

૯. પોલિટિક્સ, સોશિયલ એન્જિનિયરિંગ, આઈ.એ.એસ. જેવા ક્ષેત્રે જનાર એક પણ વિદ્યાર્થી નથી.

**તારવણ એ નીકળે છે કે મેડિકલ, આઈ.ટી., કોમ્પ્યુટર, આર્કિટેક્ચર, માસ કોમ્યુનિકેશન વગેરે પ્રકારની ટેકનોલોજી બ્રાંચમાં જનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ ૨૦ ટકા જેટલું છે અને વાણિજ્ય બ્રાંચનો અભ્યાસ કરનાર (અને તેમાં પણ મુખ્યત્વે કોમર્સ ગ્રેજ્યુએટ)નું પ્રમાણ ૭૦ ટકા જેટલું છે.**

**આ પ્રકારનું અભ્યાસ ક્ષેત્ર સમાજના ભાવિ માટે કોઈ પણ સંજોગોમાં આશાસ્પદ ના ગણી શકાય. આપણે માત્ર કોઈની ઓફિસો માટે ક્લેરિકલ સ્ટાફ જ ઉત્પન્ન કરી શકીએ છીએ. જીવનમાં જાતે આગળ વધી પોતાની સર્જનાત્મક શક્તિથી સમાજને સમૃધ્ધ બનાવે તેવા આ પરિણામો નથી જ નથી.**

સમાજના વિચારવંત નાગરિકે આ પ્રશ્ને મનોમંથન કરી, સમાજનો યુવાવર્ગ યોગ્ય દિશા અને યોગ્ય ક્ષેત્રે આગળ વધે તેવા પ્રયાસો આદરવા જરૂરી છે. સમાજને સમૃધ્ધ બનાવવા સમાજના યુવા વર્ગને યોગ્ય ઉચ્ચ અભ્યાસક્રમમાં જોડવા જરૂરી છે.

અહીં શ્રી કચ્છી જૈન સેવા સમાજના યુવા વર્ગના અભ્યાસનું વિશ્લેષણ કરવામાં આવેલ છે. પરંતુ આજની સમાન પરિસ્થિતિમાં અન્ય કચ્છી ઘટક સમાજોની પણ આ જ પરિસ્થિતિ રહેવા પામેલ હોય તે શક્ય છે. એટલું જ નહીં, પણ અમદાવાદ કે ગુજરાતના કોઈ પણ સમાજની વત્તા-ઓછા અંશે આ પ્રકારની જ પરિસ્થિતિ હોઈ શકે તેવી શક્યતા પૂરેપૂરી દેખાય છે.

આપણે સમગ્ર ભારત દેશને સમૃધ્ધ બનાવવાના સ્વપ્ન સેવતા હોઈએ તો દરેક ઘટક સમાજની થીંક ટેંકે તેઓના સમાજના યુવા વર્ગના અભ્યાસક્રમને યોગ્ય મોડ આપવો ખૂબ જ અગત્યનું છે.

આ દૃષ્ટિ નજર સમક્ષ રાખી દરેક ઘટક સમાજે યોગ્ય ઈલાજ સત્વરે હાથ પર લેવા જરૂરી છે.

★ *બુધવાર, તા. ૧-૧-૨૦૧૪ :* ઈ.સ. ૨૦૧૪નો આજનો પ્રથમ દિવસ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદે વૃક્ષારોપણના કાર્યક્રમથી ઉજવેલ હતો. વૃક્ષારોપણની શરૂઆત સ્કાઉટ ભવનથી કરવામાં આવેલ હતી. અ.મ્યુ.કો.ના મેયર શ્રીમતી મીનાક્ષીબેન પટેલ તથા અન્ય કાઉન્સિલરો તથા શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના અને શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ હતા. અહીં ૨૮ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું. **અ.મ્યુ.કો.ની ૬ શાળાઓમાં અંદાજિત ૧૫૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવનાર છે** કે જેની સામે એક વૃક્ષના રૂા. ૧૦૦૦/- લેખે સમાજના ભાઈઓએ અત્યાર સુધી ૧૨૫ વૃક્ષો માટે પોતાના દાન જાહેર કરેલ છે. મેયર શ્રીમતી મિનાક્ષીબેન પટેલે કાંકરીયા પ્રાણી સંગ્રહાલય માટેના નિભાવ ખર્ચની માંગણી કરતા, શ્રી કચ્છી જૈન સેવા સમાજે તેમના પ્રતિસાદ સ્વરૂપે ૧૧ પશુ-પક્ષીઓ માટે રૂા. ૨૫,૦૦૦/-ના દાનની જાહેરાત કરેલ હતી.

★ *શનિવાર, તા. ૪-૧-૨૦૧૪ :* **આજ રોજ ડો. ચંદ્રકાંત દેઢિયા આણંદ ગયેલ હતા. ત્યારે તેમણે શ્રી મયુર ગાલા સાથે રહી વલ્લભ વિદ્યાનગર ખાતેના જૂના હોસ્ટેલ પ્રોજેક્ટની સાઇટનું નિરીક્ષણ કરેલ હતું.**

★ *રવિવાર, તા. ૫-૧-૨૦૧૪ :* આજ રોજ સવારમાં ૯ વાગે કારોબારી સમિતિની મીટિંગ મળેલ હતી. (૧) કચ્છી યલો પેજીસના વિમોચનની તારીખ તા. ૨૩-૩-૨૦૧૪ની નક્કી કરવામાં આવેલ હતી. (૨) તા. ૨૮-૨-૨૦૧૪ સુધી જે સભ્યોના લવાજમ ન આવે તેઓને માર્ચ-૨૦૧૪થી મંગલ મંદિર ન મોકલવાની દરખાસ્તને ભલામણ સહિત ટ્રસ્ટ મંડળ પર મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૩) **મહેતા હોસ્પિટલની ખરીદી અંગેની વિગતો આ સભા સમક્ષ રજૂ કરવામાં આવી હતી.** (૪) ડાયાલિસિસ સેન્ટર ઊભું કરવાની વિગતો પણ આ સભા સમક્ષ રજૂ કરવામાં આવેલ હતી.

★ આજ રોજ સવારમાં ૧૧ વાગે ટ્રસ્ટ મંડળની મીટિંગ મળેલ હતી. (૧) પ્રલીન ચેરીટેબલ ટ્રસ્ટની રૂા. ૩ લાખની ઓફર અને તેના અનુસંધાનની યોજનાનો સ્વીકાર કરવામાં આવેલ હતો. (૨) **ભવનની આસપાસ કોઈ હોસ્પિટલ ખરીદીને અથવા ભાડેથી લેવાની દરખાસ્તને આગળ ધપાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.** (૩) શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ડાયાલિસિસ સેન્ટર શરૂ કરવાની યોજના આગળ વધારવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ *સોમવાર, તા. ૨૦-૧-૨૦૧૪ :* મહેતા હોસ્પિટલવાળા શ્રી રૂપેશભાઈ મહેતા આજ રોજ ભવન પર આવેલ હતા ત્યારે તેમને મેડિકલ સેન્ટર બતાવવામાં આવેલ હતું. તે જોઈ તેઓ પ્રભાવિત થયેલ હતા.

★ **શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના એક સમયના પ્રમુખ શ્રી ઉમરશીભાઈ કુરૂવાનું ૯૧ વર્ષની જૈફ ઉંમરે અવસાન થયેલ હતું.**

★ *શુક્રવાર, તા. ૨૪-૧-૨૦૧૪ :* શ્રી ઉમરશીભાઈ કુરૂવાની જૈન ભવનની પ્રાર્થના સભા બાદ સમાજ તરફથી શ્રદ્ધાંજલી સભા રાખવામાં આવેલ હતી કે જ્યારે બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ હતા.

★ *રવિવાર, તા. ૨૬-૧-૨૦૧૪ :* પ્રજાસત્તાક દિન નિમિત્તે ભવનના પટાંગણમાં કચ્છી લોહાણા સમાજના પ્રમુખ શ્રી જગદીશભાઈ ઠક્કરના વરદ્ હસ્તે આજ રોજ ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

★ *ગુરૂવાર, તા. ૬-૨-૨૦૧૪ :* **આજ રોજ ડો. રાજુલબેન તેમણે જાતે બનાવેલ કચ્છી લિપિ લઇને ભવન પર આવેલ હતા.** તેમની સાથે તે અંગે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

★ *ગુરૂવાર, તા. ૬-૨-૨૦૧૪ :* **સિવિલ હોસ્પિટલના યુરોલોજી વિભાગના વડા ડો. એચ. એલ. ત્રિવેદીને મળવા શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશ્વિનભાઈ સાવલા તથા શ્રી પરાશર વ્યાસ રૂબરૂમાં તેમની પાસે ગયેલ હતા** અને ડાયાલિસિસ સેન્ટર માટે તેઓશ્રી સાથે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી. તેઓએ બધા જ પ્રકારની મદદ કરવા તૈયારી દાખવેલ હતી અને **જાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ડાયાલિસિસ સેન્ટરનું સ્થળ જોવા આવેલ હતા.**

★ *શનિવાર, તા. ૧૫-૨-૨૦૧૪ :* આજ રોજ ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળેલ હતી. (૧) શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના

ડાયાલિસિસ સેન્ટરનું ઉદ્‌ઘાટન તા. ૨૦-૪-૨૦૧૪ના રોજ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૨) શ્રી હરખચંદભાઈ સાવલાની આવેલ ઑફરના અનુસંધાને હાયર એજ્યુકેશન માટે જરૂરી ફંડ એકત્રિત કરી, તેમાં આગળ વધવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૩) અન્ય પણ કેટલાક જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

★ *શનિવાર, તા. ૨૭-૨-૨૦૧૪ :* આજ રોજ શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડ પવઇ - મુંબઈ ખાતે હીરાનંદાની પરિસરમાં રહેતા શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીને ત્યાં રૂબરૂ ગયા હતા અને તેમની સાથે તા. ૨૦-૪-૨૦૧૪ના ડાયાલિસિસ સેન્ટરના ઉદ્‌ઘાટન અંગે ચર્ચા કરેલ હતી. આ સેન્ટરનું ઉદ્‌ઘાટન શ્રી ચંદ્રકાંતભાઈના વરદ્ હસ્તે થવાનું છે તે આ અગાઉ નક્કી થઈ ગયેલ હતું.

ત્યારબાદ **શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ તથા શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ ઘાટકોપર ખાતેના શ્રી લલીતભાઈ મૈશેરીના પ્રોડક્શન યુનિટની મુલાકાત લીધેલ હતી અને વિવિધ ગૃહ ઉદ્યોગ અંગે ચર્ચા કરેલ હતી.**

★ *સોમવાર, તા. ૩-૩-૨૦૧૪ :* હૈદ્રાબાદના શ્રી સુશીલ ધીરજલાલ ટોકરશી કાપડિયા તથા શ્રી ગૌતમ ચોરડિયા થકી ફેજીનેસ કંપનીને શ્રી કચ્છી વિશ્રામ ગૃહના ડાયાલિસિસ સેન્ટરના ૯ મશીન માટે મૌખિક ઓર્ડર આપવામાં આવેલ હતો. પેપર વર્ક હવે પછી કરવામાં આવશે.

★ *બુધવાર, તા. ૨૬-૩-૨૦૧૪ :* તા. ૨૦-૪-૨૦૧૪ના ઉદ્‌ઘાટનમાં ઉપસ્થિત રહેવા સિવિલ હોસ્પિટલના કિડની વિભાગના શ્રી એચ. એલ. ત્રિવેદીને રૂબરૂમાં જઇ આમંત્રિત કરવામાં આવેલ હતા. તે જ રીતે રાજસ્થાન હોસ્પિટલના ચેરમેન શ્રી ગૌતમભાઈ જૈન, કો-ચેરમેન શ્રી શ્યામચરણ રૂંગટા વગેરેને પણ રૂબરૂમાં જઈ આમંત્રિત કરવામાં આવેલ હતા.

★ શ્રી રમેશભાઈ કુંવરજી સાવલા - ગાંધીનગરે આજે એક ડાયાલિસિસ મશીનના નકરાનો સ્વીકાર કરેલ હતો.

★ *શુક્રવાર, તા. ૨૮-૩-૨૦૧૪ :* તા. ૨૦-૪-૨૦૧૪ના ડાયાલિસિસ સેન્ટરના ઉદ્‌ઘાટનમાં અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેવા વી-ટ્રાન્સ મુંબઈના શ્રી મહેન્દ્રભાઈ કુંવરજી શાહે સ્વીકાર કરેલ હતો.

★ *મંગળવાર, તા. ૧-૪-૨૦૧૪ :* શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ચેન્નાઇથી ડિસ્પેચ કરવામાં આવેલ ૯ ડાયાલિસિસ મશીનોની ડિલીવરી મળી ગયેલ હતી.

★ શ્રી અશ્વિનભાઈ શ્રોફે ડાયાલિસિસ સેન્ટરના ૧૦ દિવસના સૌજન્યનો સ્વીકાર કરેલ હતો (૧ દિવસના સૌજન્યના : રૂા. ૧૧,૦૦૦/-)

★ *ગુરૂવાર, તા. ૧૭-૪-૨૦૧૪ :* દીપ ઈન્ડસ્ટ્રીઝના શ્રી શાંતિલાલ મુળજી સાવલાએ ૧ ડાયાલિસિસ મશીનના નકરાનો સ્વીકાર કર્યો હતો.

★ *શુક્રવાર, તા. ૧૮-૪-૨૦૧૪ :* નવનીત એજ્યુકેશન લિમિટેડે ૧ ડાયાલિસિસ મશીનના નકરાનો સ્વીકાર કરેલ હતો.

★ *રવિવાર, તા. ૨૦-૪-૨૦૧૪ :* તા. ૨૦-૧૦-૨૦૧૩ના પાલડી ભવન પરના રીનોવેટેડ મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન સમયે મુંબઈ સ્થિત કચ્છી ઉદ્યોગપતિ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ એક જાહેરાત કરેલ હતી કે શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ તેની કર્મભૂમિ અમદાવાદમાં એક ડાયાલિસિસ સેન્ટર ઊભું કરે તો તેઓ આ સંસ્થાને રૂા. ૫૧ લાખનું ડોનેશન આપશે.

આજે તા. ૨૦-૪-૨૦૧૪ના શાહીબાગ ખાતેના શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર શ્રી ક.જૈ.સે.સ.- અમદાવાદે સ્થાપિત કરેલ ૯ મશીન સાથેનું ડાયાલિસિસ સેન્ટરના ઉદ્‌ઘાટન સમયે શ્રી ચંદ્રકાંત ગોગરી ખુશખુશાલ નજરે દૃષ્ટિગોચર થતા હતા.

આ પ્રસંગે મુંબઈ, હૈદ્રાબાદ, ચેન્નાઇ વગેરે અનેક સ્થળેથી કચ્છી મહાનુભાવો પધારેલ હતા. અમદાવાદ સ્થિત કચ્છી જૈનો તથા કચ્છી સમાજના અનેક આગેવાનો પણ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ઉપસ્થિત રહેલ હતા.

સૌપ્રથમ શ્રી અશોક કુંવરજી શાહ તથા શ્રી મહેન્દ્ર કુંવરજી શાહે ''શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર''ની તક્તીનું અનાવરણ કરેલ હતું.

ત્યારબાદ શ્રી હરીશભાઈ રંગવાલાના હસ્તે ડાયાલિસિસ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ૯ ડાયાલિસિસ મશીનના ૯ અલગ અલગ મહાનુભાવોના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન કરાવવામાં આવ્યા હતા.

ત્યારબાદ સ્ટેજ ફંકશન દરમિયાન કચ્છી બિઝનેસ ડિરેક્ટરીનું વિમોચન શ્રી મેઘજીભાઈ પટેલના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું.

★ *ગુરૂવાર, તા. ૨૪-૪-૨૦૧૪ :* આજ રોજ ભુજ ખાતે શ્રી અશોક મહેતા, શ્રી પ્રદીપ જોશી, શ્રી શશીકાંતભાઈ ઠક્કર તથા શ્રી રજનીભાઈ પટવા પ્રથમ DILR ની ઓફિસમાંથી શ્રી નાઇને સાથે લઇ ભાટ ગામની સીમના સર્વે નંબર ૪૬ પર ગયા હતા કે જે જમીન સંપાદિત કરવા માટે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની આર્કિટેક્ચરલ કૉલેજ માટે આપણે પ્રયાસ કરી રહ્યા છીએ. અગાઉ જે જમીન નિર્ધારીત કરેલ હતી તેમાં ઊંચા ટેકરા અને ખીલ્લા હોવાથી તેના બદલે તેની બાજુની જમીન, જે સમથળ છે તેના અંગે વિચારણા કરવામાં આવેલ હતી. આ જમીનની માપણી કરી તેના પ્લાન બનાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ *બુધવાર, તા. ૭-૫-૨૦૧૪ :* આજ રોજ ભવન પર કોષ્ટી સમાજની (મૂળ મધ્ય પ્રદેશના પરંતુ ૭૦ કરતાં પણ વધુ વર્ષોથી અમદાવાદમાં રહેતા) કારોબારી સમિતિના ૧૫ જેટલા સભ્યો ભવન પર આવેલ હતા અને તેમના સમાજના (ટોટલ ૨૪૦૦ સભ્યો છે) સભ્યોને ભવન પર ચાલતા મેડિકલ સેન્ટર સાથે જોડવા ૧૭૬ જેટલા ફોર્મ ભરાવીને લાવેલ હતા. તેઓના મેડિકલ કાર્ડ બનાવવા એ ફોર્મ્સ અત્રે સુપ્રત કરીને ગયેલ હતા.

★ *રવિવાર, તા. ૧૮-૫-૨૦૧૪ :* આજે સાંજના ૫ વાગે મુંદ્રા ખાતે શ્રી મધુભાઈ માંકડનું સન્માન કરવા મળેલ ૭૦૦ જેટલા ખેડૂતોની સભામાં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ચેરમેન શ્રી અશોક મહેતા અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેલ હતા.

★ *મંગલ મંદિર : જૂન-૨૦૧૪*

મંગલ મંદિર, જૂન-૨૦૧૪ના અંકમાં નીચે મુજબના સમાચાર પ્રસારિત કરવામાં આવ્યા હતા.

### *ધોરણ-૧૨ પછી હાયર એજ્યુકેશન માટે લોનની સગવડતા*

સમાજના જે વિદ્યાર્થીઓ હાયર એજ્યુકેશન લેવા માંગતા હોય અને તેઓ જો ભારત દેશમાં રહીને અભ્યાસ કરવા માંગતા હોય તો તેઓને રૂા. ૧૦/- લાખ સુધીની લોન અને વિદેશ જઈને ભણવા માંગતા હોય તો તેઓને રૂા. ૨૦/- લાખ સુધીની લોન બેંકમાંથી સરળતાપૂર્વક આપી શકાશે. જે વિદ્યાર્થીઓને આ પ્રકારની લોન જોઈતી હોય તો તેઓ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખશ્રી અશોક મહેતા (મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯) અથવા માનદ્ મંત્રી શ્રી કે. આર. શાહ (મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦)નો સંપર્ક સાધી શકે છે.

*માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

★ *શુક્રવાર, તા. ૬-૬-૨૦૧૪ :* માતૃવંદના - બીદડા ખાતે શ્રી કોમલભાઈ સાવલા, શ્રી અશોક મહેતા, શ્રી કીર્તિભાઈ ખત્રી, ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી ભગવાનભાઈ પટેલ, શ્રી હરેશભાઈ ધોળકિયા, શ્રી નરેશભાઈ અંતાણી તથા શ્રી મહેન્દ્રભાઈ ગઢવી એકત્રિત થયેલ હતા અને કચ્છના શિક્ષણ વિષયે બે દિવસની એક ચિંતન શિબિર રાખવાનું આયોજન વિચારેલ હતું. ચિંતન શિબિરના વિષયો, તેના વક્તા, સેશન કન્વીનર, ઉપસ્થિત શ્રોતાગણ વગેરે વિષયે ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

★ *શુક્રવાર, તા. ૧૩-૬-૨૦૧૪ :* ગુજરાત રાજ્યના વર્ષ ૨૦૧૪-૨૦૧૫ની બજેટ જોગવાઈઓમાં કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના કાર્યોના ખર્ચનો સમાવેશ કરવામાં આવેલો ન હોવાથી કચ્છના દરેક લોક પ્રતિનિધિશ્રીને પત્રો લખીને મોકલી આપવામાં આવ્યા અને તેના સમાચાર બનાવી, કચ્છમિત્ર પર મોકલવામાં આવ્યા. આ બાબતે કચ્છના કેટલાક ધારાસભ્યશ્રી સાથે ફોન પર ચર્ચા પણ કરવામાં આવી.

★ **આજ રોજ ભુજ ખાતેના ટાઉન પ્લાનિંગ ડિપાર્ટમેન્ટના શ્રી જે. પી. પટેલ, શ્રી મહેશ્વરી તથા શ્રી પરમારને સાથે લઈ શ્રી રજ્જુ પટવા તેઓને આર્કિટેક્ચરલ કોલેજ જ્યાં કરવા માંગીએ છીએ તે જમીન રૂબરૂમાં બતાવી આવેલ હતા.**

★ *શનિવાર, તા. ૧૪-૬-૨૦૧૪ :* કચ્છને નર્મદા નદીના ફાળવેલ વધારાના પાણીના કાર્યો માટે વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના બજેટમાં વિશ્વાસપાત્ર સાધનોના જણાવ્યા અનુસાર રૂા. એકની પણ ફાળવણી કરવામાં આવેલ ન હોવાના કચ્છમિત્ર પર મોકલેલ સમાચાર આજે કચ્છમિત્રમાં પ્રથમ પાને મુખ્ય સમાચાર તરીકે ચમકાવવામાં આવ્યા. તેના કારણે કચ્છમાંથી દિવસભર અનેક ફોન આવતા રહ્યા.

**વર્ષ ૨૦૧૩-૨૦૧૪ દરમિયાન સમાજની વિવિધ પ્રવૃત્તિઓનો લાભ કેટલા લોકોએ લીધેલ હતો તેની વિગત 'મંગલ મંદિર'ના જૂન ૨૦૧૪ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ કોઠા અને ત્યારબાદના તેના તારણની વિગત અત્રે અક્ષરસઃ રજૂ કરવામાં આવેલ છે.**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓ અમદાવાદમાં ત્રણ સ્થળેથી થઈ શકે છે. તેના પોતાના અમદાવાદના વિવિધ વિસ્તારોમાં ૩ ભવન આવેલ હોવાથી વર્ષ ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન આ ભવનોનો કઈ રીતે લાભ લેવામાં આવ્યો તેની વિગત અત્રે પ્રસ્તુત કરવામાં આવેલ છે. તેના ત્રણ ભવનો એટલે (૧) શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, (૨) શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, (૩) શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતા મંદિર. તદુપરાંત શ્રી કચ્છી જૈન ભવન પર મેડિકલ સેન્ટર પણ કાર્યરત છે.

*વિગતવાર માહિતી નીચે મુજબ છે.*

| | મેડિકલ સેન્ટર શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ | શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતા મંદિર | ટોટલ |
|---|---|---|---|---|---|
| અતિથિ ભવનનો લાભ લેનાર વ્યક્તિઓ | — | ૧૦,૭૬૪ | ૨૬,૮૫૯ | ૬,૩૮૬ | ૪૪,૦૦૯ |
| કેન્ટીનનો લાભ લેનાર વ્યક્તિઓ | — | ૪૩,૦૨૪ | ૬૭,૨૧૩ | — | ૧,૧૦,૨૩૭ |
| જલારામ અન્નક્ષેત્રનો લાભ લેનાર વ્યક્તિઓ | — | — | ૫,૭૭૬ | — | ૫,૭૭૬ |
| કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમનો લાભ લેનાર વ્યક્તિઓ | — | — | ૨૦,૦૩૭ | — | ૨૦,૦૩૭ |
| શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરમાં સમાજના સભ્ય પરિવારમાંથી લાભ લેનાર વ્યક્તિઓ | ૫,૭૮૬ | — | — | — | ૫,૭૮૬ |
| સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો | ૭૮૦ | — | — | — | ૭૮૦ |
| મોતિયાના ઑપરેશન | ૧૮૭ | — | — | — | ૧૮૭ |
| સોનોગ્રાફી | ૧૦,૯૨૨ | — | — | — | ૧૦,૯૨૨ |
| ટી.એમ.ટી. | ૨૭૩ | — | — | — | ૨૭૩ |
| બોડી ચેક-અપ | ૪,૭૦૨ | — | — | — | ૪,૭૦૨ |
| કન્સલ્ટિંગ, લેબોરેટરી ચેકિંગ વગેરે | ૧,૦૮,૪૩૫ | — | — | — | ૧,૦૮,૪૩૫ |
| **ટોટલ...** | **૧,૩૧,૦૮૫** | **૫૩,૭૮૮** | **૧,૧૯,૮૮૫** | **૬,૩૮૬** | **૩,૧૧,૧૪૪** |

*ઉપરોક્ત વિગતોને આપણે નીચે પ્રમાણે મૂલવી શકીએ.*

૧. વર્ષ ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ કુલ ૩,૧૧,૧૪૪ વ્યક્તિઓએ લીધેલ હતો.

૨. તેમાંથી મેડિકલ સેન્ટરનો લાભ કુલ ૧,૩૧,૦૮૫ વ્યક્તિઓએ લીધેલ હતો.

૩. શ્રી કચ્છી જૈન ભવનનો લાભ કુલ ૫૩,૭૮૮ વ્યક્તિઓએ લીધેલ હતો.

૩. શ્રી કચ્છી વિશ્રામ ગૃહનો લાભ કુલ ૧,૧૯,૮૮૫ વ્યક્તિઓએ લીધેલ હતો.

૪. શ્રી કચ્છી જૈન સેવા ભવનનો લાભ કુલ ૬,૩૮૬ વ્યક્તિઓએ લીધેલ હતો.

*વધુ વિસ્તૃતપણે નિહાળીએ તો તેની વિવિધ સેવાઓનો લાભ નીચે મુજબની વ્યક્તિઓએ લીધેલ હતો.*

૧. વર્ષ ૨૦૧૩-૨૦૧૪ દરમ્યાન સંસ્થાના ત્રણે અતિથિ ભવનનો લાભ કુલ ૪૪,૦૦૯ વ્યક્તિઓએ લીધેલ હતો.

૨. કેન્ટીનનો લાભ કુલ ૧,૧૦,૨૩૭ વ્યક્તિઓએ લીધેલ હતો.

૩. જલારામ અન્નક્ષેત્રનો લાભ ૫,૭૭૬ વ્યક્તિઓએ લીધેલ હતો. (વિના મૂલ્યે ભોજન)

૪. કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ જોવા ૨૦,૦૩૭ વ્યક્તિઓ પધારેલ હતી.

૫. મેડિકલ સેન્ટરમાં સમાજના સભ્ય પરિવારોની ૫,૭૮૬ વ્યક્તિઓએ લાભ લીધેલ હતો.

૬. લાભ લેવામાં સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબોની સંખ્યા ૭૮૦ની રહેવા પામેલ હતી.

૭. વર્ષ દરમ્યાન મોતિયાના ઑપરેશન ૧૮૭ થયેલ હતા. (સપ્તાહમાં બે દિવસ)

૮. વર્ષ દરમ્યાન ૧૦,૯૨૨ સોનોગ્રાફી કરવામાં આવેલ હતી.

૯. વર્ષ દરમ્યાન ટી.એમ.ટી. કરાવનારની સંખ્યા ૨૭૩ રહેવા પામેલ હતી.

૧૦. વર્ષ દરમ્યાન ૪૭૦૨ વ્યક્તિઓએ પોતાના બોડી ચેક-અપ કરાવેલ હતા.

૧૧. મેડિકલ સેન્ટરની કન્સલ્ટિંગ સેવા, લેબોરેટરીની સેવા વગેરેનો લાભ ૧,૦૮,૪૩૫ વ્યક્તિઓએ લીધેલ હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજની સ્થાનિક પ્રવૃત્તિઓમાં ઉત્તરોત્તર વધારો થતો રહે છે.

તાજેતરમાં જ ડાયાલિસિસ સેન્ટર ઊભું કરવામાં આવેલ છે.

અન્ય પ્રોજેક્ટો પણ વિચારણા હેઠળ રહેલ છે.

તદુપરાંત સમાજના સભ્યોની પ્રવૃત્તિઓની વાત કરીએ તો યુવા વિકાસ, મહિલા ઉત્કર્ષ, વયસ્ક કાર્યક્રમ, શૈક્ષણિક લોન, વીમા યોજના, સાધર્મિક સહાય, વિદ્યાર્થીઓને પુરસ્કાર, વિવિધ વર્કશોપ, રમતગમત, નવરાત્રિ કાર્યક્રમ, સ્વામિવાત્સલ્ય જેવી યોજનાઓમાં વિવિધ સભ્યો, બાળકો, યુવાઓ, મહિલાઓ વગેરે વર્ષ દરમ્યાન લાભ લે છે અને આ પ્રવૃત્તિઓના કારણે ભવનો સદાયે ધમધમતા રહે છે.

---

★ *રવિવાર, તા. ૨૭-૭-૨૦૧૪ :* આજ રોજ સમાજની વાર્ષિક સામાન્ય સભા શ્રી કચ્છી જૈન ભવન પર મળી ત્યારે ૨૦૪ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. ઓડિટ થયેલ ગત વર્ષના હિસાબો મંજૂર રાખવામાં આવેલ હતા. દાતા ટ્રસ્ટી ગ્રુપ, માનદ્ ટ્રસ્ટી ગ્રુપ તથા સ્વજન ટ્રસ્ટી ગ્રુપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયેલ હતા. કારોબારી સમિતિની ૬ સીટ માટે ૧૨ ઉમેદવારો હોતાં, તેની ચૂંટણી કરવામાં આવેલ હતી કે જેમાં ૬ ઉમેદવારો ચૂંટાઈને આવ્યા હતા.

★ **ત્યારબાદ તરતમાં જ ટ્રસ્ટ મંડળની પ્રથમ મીટિંગ મળેલ હતી. જેમાં હાલના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મહેતાએ નવા મેનેજિંગ ટ્રસ્ટી તરીકે શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડનું નામ સૂચવતા, નવા મનેજિંગ ટ્રસ્ટી તરીકે શ્રી પ્રતાપ નારાણજી દંડની વરણી કરવામાં આવેલ હતી** અને અન્ય ૬ ટ્રસ્ટીશ્રીઓને કારોબારી સમિતિમાં મોકલવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ ૬ ટ્રસ્ટીઓમાં શ્રી મનુભાઈ ગો. શાહ, શ્રી મણિલાલ કું. ગોસર, શ્રી કે. આર. શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રી અશોક મહેતા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાનો સમાવેશ થતો હતો.

★ ત્યારબાદ સમાજની આ વર્ષની કારોબારી સમિતિની પ્રથમ મીટિંગ યોજવામાં આવેલ હતી. આ મીટિંગમાં નીચે મુજબના નિર્ણયો લેવાયેલ હતા.

| | |
|---|---|
| શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | – પ્રથમ ઉપપ્રમુખ |
| શ્રી મણિલાલ કુંવરજી ગોસર | – દ્વિતીય ઉપપ્રમુખ |
| શ્રી કે. આર. શાહ | – માનદ્ મંત્રી |
| શ્રી હસમુખભાઈ ખાંડવાલા | – સહમંત્રી |
| શ્રી કે.ડી. શાહ | – ખજાનચી |
| શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | – સહ ખજાનચી |

★ *ગુરૂવાર, તા. ૭-૮-૨૦૧૪ :* ૧૫ સભ્યોની એક ટીમ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના નેજા હેઠળ ત્રણ અલગ અલગ વેહીકલ દ્વારા કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોનું નિરીક્ષણ કરવા પ્રથમ રાધનપુર પહોંચેલ હતી. રાધનપુરમાં શ્રી મુકેશભાઈ ઝવેરી વગેરે મળેલ હતા. ત્યાંથી તેઓ ૦.૦ કિ.મી. એટલે કે બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના, હમીરપર ગામ પાસે પહોંચ્યા. ત્યાંથી કચ્છ બ્રાંચ કેનાલ શરૂ થાય છે ત્યાં કચ્છ બ્રાંચ કેનાલનું મુખ જોઈ, કેનાલના વિવિધ ભાગો જોતાં ૨૯ કિ.મી. પર રેડિયલ ગેઈટ જોયું. ત્યાંથી ૩૯.૦૦ કિ.મી. પર ૧૦ મીટરનો કેનાલનો ફૉલ જોયો. ત્યાંથી ૪૫.૦૦ કિ.મી.થી ૪૭.૫૦ કિ.મી. સુધી લાંબા સાયફનનું નિરીક્ષણ કર્યું. ૪૭.૫ કિ.મી.થી ૮૨.૦૦ કિ.મી. પર આવ્યા કે જયાં પાટણ જિલ્લાની હદ પૂરી થાય છે અને કચ્છ જિલ્લાની હદ શરૂ થાય છે. ત્યાંથી ૧૦૦.૦૦ કિ.મી. પર પ્રથમ પમ્પિંગ સ્ટેશન જોઈ સૌ છૂટા પડ્યા. એક વેહીકલમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ, શ્રી કે. આર. શાહ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા સામખિયાળી ગયા અને બાકીના બે વેહીકલોએ અમદાવાદ તરફ પ્રયાણ કર્યું.

★ *શનિવાર, તા. ૮-૮-૨૦૧૪ :* કચ્છમાં વૃક્ષારોપણનું પ્લાનિંગ કરવા નીકળેલ ટીમે પ્રથમ સામખિયાળીની સાઈટ જોઈ, ત્યાંથી ગાંધીધામ થઈને ભુજપુર પાંજરાપોળની સાઈટ પર વૃક્ષારોપણના જરૂરી આયોજનો કર્યા. ત્યાંથી મોટી ખાખર, નાની ખાખર અને તુંબડીની જમીનોનું નિરીક્ષણ કરી યોગ્ય આયોજનો ગોઠવ્યા. રાત્રી રોકાણ માતૃ વંદના - બીદડા ખાતે કર્યું.

★ *રવિવાર, તા. ૯-૮-૨૦૧૪ :* બીદડામાં શ્રી એલ.ડી. શાહ તથા આચાર્ય શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને મળી, ગોધરા જઈ, ત્યાંની જમીનનું નિરીક્ષણ કરી યોગ્ય આયોજનો ગોઠવ્યા. ગોધરાથી વી.આર.ટી.આઈ., બહુંતેર જિનાલય થઈ ભુજ પહોંચ્યા. ભુજમાં ડી.એફ.ઓ. શ્રી ગુજ્જરને તથા શ્રી પંકજભાઈ મહેતાને મળી રાત્રે અમદાવાદ પહોંચ્યા.

★ *શુક્રવાર, તા. ૫-૯-૨૦૧૪ :* **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક ટ્રસ્ટી અને અગ્રીમ હરોળના એક કાર્યકર શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા (અમદાવાદ - બાંઢીયા)નું આજરોજ દુઃખદ અવસાન થયેલ હતું.**

★ *રવિવાર, તા. ૭-૯-૨૦૧૪ :* શ્રી કચ્છી જૈન ભવનના સાંસ્કૃતિક હોલ ખાતે સાંજના ૪.૩૦થી ૬.૦૦ દરમિયાન તેમની પ્રાર્થના સભા રાખવામાં આવેલ હતી કે જયારે અનેક લોકોએ આ સભામાં ઉપસ્થિત રહેલ હતા.

ત્યારબાદ સાંજના ૬ વાગે તે જ સ્થળે સમાજ તરફથી એક શ્રદ્ધાંજલી સભાનું આયોજન ગોઠવવામાં આવેલ હતું કે જેમાં પણ બહોળા પ્રમાણમાં જનસંખ્યા ઉપસ્થિત રહેલ હતી.

★ *બુધવાર, તા. ૧૭-૧૨-૨૦૧૪ :* **શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદની પર્યાવરણ સમિતિ દ્વારા આજ રોજ નાની ખાખર ગામમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.** નાની ખાખરના આગેવાન શ્રી પ્રેમજીભાઈ લધાભાઈની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણી પ્રસંગે યોજવામાં આવેલ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનો પણ સમાવેશ કરવામાં આવેલ હતો. શ્રી ક.જૈ.સે.સ. વતી શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે. આર. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. શ્રી નારાણજી કાલુભા જાડેજા તથા અન્ય મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવેલ હતો.

★ *મંગળવાર, તા. ૨૩-૧૨-૨૦૧૪ :* શ્રી કચ્છી જૈન ભવન પર પ્રલીન ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ (૧) શ્રી એસ. એમ. મજગાંવકર, (૨) શ્રીમતી સ્મિતાબેન કે. શાહ, (૩) દર્શિનીબેન પાઠક પધારેલ હતા અને સંસ્થાના પદાધિકારીઓ સાથે ચર્ચા વિમર્શ કરવામાં આવેલ હતા. જરૂરિયાતવાળા દર્દીઓ માટે દવામાં ૫૦ ટકા રાહતવાળી યોજના જે પ્રલીન ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી ચાલે છે તે ૧ જાન્યુઆરીથી ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ સુધીની હોવાથી તેને ૩૧મી માર્ચ ૨૦૧૫ સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

★ *ડિસેમ્બર ૨૦૧૪ થી જાન્યુઆરી ૨૦૧૫ :* ઉપરોક્ત સમયગાળા દરમિયાન શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ, સાધર્મિક સહાય સમિતિ, ભવન રીનોવેશન સમિતિ, મેડિકલ કાર્ડ સમિતિ અને વયસ્ક સમિતિની મીટિંગો મળતી રહી અને પોતાના ક્ષેત્રના કાર્યો અંગે જરૂરી નિર્ણયો લઇ પોતાના કાર્યક્રમો કરતા રહ્યા.

★ *સોમવાર, તા. ૨૬-૧-૨૦૧૫ :* આજે ૬૬મા પ્રજાસત્તાક દિવસે પાલડી ભવનના પટાંગણમાં **ડો. હિમાંશુ શાહના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું.** સારી એવી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ હતા.

★ *શનિવાર, તા. ૭-૨-૨૦૧૫ :* આજ રોજ વયસ્ક સમિતિ દ્વારા જૂના હિંદી તથા ગુજરાતી ગીતોનો રમઝટભર્યો રંગારંગ કાર્યક્રમ, ૧૧૫ જેટલા વડીલોની હાજરીમાં યોજવામાં આવેલ હતો.

★ *શનિવાર, તા. ૨૩-૨-૨૦૧૫ :* શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતે જે ગેઈટ ચોકી છે તેમાં ડાયાલિસિસના B+ દર્દીઓ

માટે ડાયાલિસિસ રૂમ બનાવવાની ચર્ચા વિચારણા કરવામાં આવી.

★ *રવિવાર, તા. ૧૫-૩-૨૦૧૫ :* તેરા પાંજરાપોળની જમીન પર તથા તેરા ગ્રુપ શાળાની સ્કૂલોમાં આવતી વરસાદની સીઝનમાં અંદાજિત ૧૫૦૦ વૃક્ષો વાવવાની ચર્ચા વિચારણા કરવામાં આવી.

★ નલિયાથી ૨૫ કિ.મી. દૂર લાંઘા પીરની દરગાહની આજુબાજુ ૨૫૦/૩૦૦ વૃક્ષો વાવવાની વિચારણા કરવામાં આવી.

★ નલિયામાં પોલીસ સ્ટેશન તથા પોલીસ ક્વાર્ટરમાં ૨૦૦/૨૫૦ વૃક્ષો વાવવાની વિચારણા કરવામાં આવી.

★ પીંગલેશ્વર મહાદેવની જમીન પર ૨૦૦/૨૫૦ વૃક્ષો વાવવાની વિચારણા કરવામાં આવી.

★ રાપર ગઢવારી પાંજરાપોળની ગોચર જમીન પર ૧૦૦/૧૫૦ વૃક્ષો તથા ગામમાં વિવિધ સ્થળે ૧૦૦/૧૫૦ વૃક્ષો વાવવાની વિચારણા કરવામાં આવી.

★ *શનિવાર, તા. ૪-૪-૨૦૧૫ :* શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ગેઈટ કેબિનમાં **ડાયાલિસિસના B+ દર્દીઓ માટે શ્રી અશોકભાઈ રામજી સાવલા તથા શ્રીમતી પ્રેમીલાબેન અશોકભાઈ સાવલાના વરદ્ હસ્તે ઉદ્ઘાટન કરાવવામાં આવ્યું હતું** કે જ્યારે શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના અનેક અગ્રણીઓ તથા અન્યો ઉપસ્થિત રહ્યા હતા.

★ *મંગળવાર, તા. ૭-૪-૨૦૧૫ :* શ્રી ક.જૈ.સે.સ.નું એક પ્રતિનિધિમંડળ મુખ્યત્વે ડાયાલિસિસ સેન્ટરની તિથિઓ નોંધાવવા માટે મુંબઈ ગયેલ હતું કે જેઓ આજે (૧) શ્રીમતી મંજુલાબેન મણિલાલ વોરા, (૨) શ્રી વલ્લભજી ભાણજી ગડા, (૩) શ્રી ચંપકભાઇ હરિયા, (૪) નવનીત પબ્લિકેશન્સના શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા તથા શ્રી સુનીલભાઈ ગાલા, (૫) શ્રી બુધ્ધિચંદભાઈ મારૂ તથા (૬) શ્રી રસિકભાઈ શામજી શાહને રૂબરૂ મળેલ હતા કે જ્યારે દરેકે ખૂબ સારો પ્રતિભાવ આપેલ હતો.

★ *બુધવાર, તા. ૮-૪-૨૦૧૫ :* મુંબઈ ગયેલ પ્રતિનિધિ મંડળે દહીંસરમાં નવનીત હાઈટેક હોસ્પિટલ તથા પ્રિન્સ હેલ્થ સેન્ટરની મુલાકાત લીધેલ હતી.

★ **મુંબઈ ગયેલ પ્રતિનિધિ મંડળે પૂનમ બિલ્ડર્સના શ્રી પારસ બાબરીયા તથા તેમના આર્કિટેક્ટશ્રીને સાથે રાખીને બોરીવલીમાં એક બિલ્ડિંગ જોવા ગયા હતા કે જેના ૨૦ માળમાંથી ૧૦ માળ આપણને અતિથિ ભવન બનાવવા માટે મળી શકે તેવી ચર્ચા વિચારણા કરેલ હતી.**

★ *ગુરૂવાર, તા. ૯-૪-૨૦૧૫ :* મુંબઈ ગયેલ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના પ્રતિનિધિ મંડળે આજ રોજ પવઈ ખાતે શ્રી લહેરીન ખોનાની, ત્યારબાદ શ્રી ચંદ્રકાંત ગોગરીની અને પછી શ્રી સુંદરજીભાઈ ગડા, શ્રી વલ્લભજી ભાણજી ગડા, શ્રી પ્રતાપ ચાંપશી લોડાયા, શ્રી ચીમનભાઈ મોતા, શ્રી જયેશભાઈ જૈન વગેરે અગ્રણીઓની ડાયાલિસિસ સેન્ટરની તિથિઓના અનુસંધાને મુલાકાત લીધેલ હતી.

★ *શુક્રવાર, તા. ૧૦-૪-૨૦૧૫ :* મુંબઈ ગયેલ પ્રતિનિધિ મંડળે આજ રોજ ડાયાલિસિસ સેન્ટરની તિથિના અનુસંધાને શ્રી કિરીટભાઈ લાપસીયા, શ્રી કેશવજી ઉમરશી છાડવા, શ્રી નરેન્દ્રભાઈ પ્રીતમલાલ શાહ, શ્રી પીયુષભાઈ વિશનજી સાવલા, શ્રી જાદવજીભાઈ એન્કરવાલા તથા શ્રી રાયચંદભાઈ ધરમશીના સુપુત્રોની મુલાકાત લીધેલ હતી.

★ *રવિવાર, તા. ૧૯-૪-૨૦૧૫ :* **શ્રી કચ્છી જૈન ભવન પર શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિની એક મીટિંગ મળેલ હતી. આ મીટિંગમાં પ્રો. જયરાજ પંડ્યાએ લઘુમતી જ્ઞાતિઓને અપાતા લાભ અંતર્ગત જૈન કોલેજ શરૂ કરવા દરખાસ્ત મૂકેલ હતી. આ વિગત ટ્રસ્ટ મંડળમાં રજૂ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.**

★ *બુધવાર, તા. ૩-૬-૨૦૧૫ :* શ્રી કચ્છી જૈન ભવન પર વયસ્ક સમિતિના યોજવામાં આવેલ ડાયરા તથા વિશિષ્ટ પ્રકારની હાઉસીની રમતમાં લગભગ ૧૪૫ વડીલોએ આનંદભેર ભાગ લીધો હતો.

★ *ગુરૂવાર, તા. ૧૮-૬-૨૦૧૫ :* આજ રોજ વૃક્ષારોપણના કાર્ય માટે એક ગ્રુપ કચ્છમાં ગયેલ હતું. પ્રથમ તેઓએ ગાંધીધામમાં ટ્રી ગાર્ડ માટે વાયર નેટ માટે વિવિધ વ્યાપારીઓની મુલાકાત લીધેલ હતી. ત્યારબાદ ભુજપુર તથા મોટી ખાખરમાં થયેલ વૃક્ષારોપણનું નિરીક્ષણ કરેલ હતું. ત્યારબાદ ભવાનીપુર સરકારી નર્સરીમાં ઉપલબ્ધ રોપા અંગે જાણકારી મેળવેલ હતી. ત્યારબાદ તેરાથી રમેશભાઈ દંડને લઈ **લાધાપીરની દરગાહની મુલાકાત લીધેલ હતી અને અહીં ૫૦૦ રોપાનું વાવેતર કરવાનો નિર્ણય લીધેલ હતો.** ત્યારબાદ તેરા પરત આવી અહીં પાંજરાપોળ અને વિવિધ શાળાઓમાં વૃક્ષારોપણ કરવા અંગે ચર્ચા કરેલ હતી.

★ *શુક્રવાર, તા. ૧૯-૬-૨૦૧૫ :* આજે કચ્છ ગયેલ ગ્રૂપે નલિયા ખાતે શ્રી કિરણ મોતા ડેકોરેટર્સ સાથે ટ્રી ગાર્ડ બનાવવા અંગે ચર્ચા કરેલ હતી. **ત્યારબાદ જખૌમાં ૩ શાળા અને પોલીસ ચોકીમાં વૃક્ષારોપણ અંગે નિર્ણય લેવામાં આવેલ હતો.** ત્યાંથી કોઠારામાં રોપાઓનું નિરીક્ષણ કરી ગોધરા ખાતે શ્રી મણિલાલભાઈના ફાર્મમાં રોપાઓનું નિરીક્ષણ કરેલ હતું.

★ *રવિવાર, તા. ૨૧-૬-૨૦૧૫ :* શ્રી કચ્છી જૈન ભવન પર **સર્વાંગી વિકાસ સમિતિ**ની બેઠક મળેલ હતી. **કેરિયર ગાઇડન્સ વર્કશોપ**માં ભાગ લેનાર દરેક બાળકને **'Career's 360'** નામનું મેગેઝીન સ્પોન્સર કરી મોકલવાનું નક્કી કરવામાં આવ્યું હતું કે જેમાં **૫૦ ટકા રકમ શ્રી દેવેન છેડા તરફથી અને બાકીની ૫૦ ટકા રકમ સમાજ ભોગવશે તેવું નક્કી કરવામાં આવેલ હતું.** આ ઉપરાંત કોલેજ શરૂ કરવા અંગે સર્વે કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ *શનિવાર, તા. ૨૭-૬-૨૦૧૫ :* આજ રોજ મહેસાણા સ્થિત દીક્ષીતભાઈ પંચાલને ટ્રી ગાર્ડની ખરીદી માટેનો ઓર્ડર આપવામાં આવેલ હતો.

★ *રવિવાર, તા. ૧૯-૭-૨૦૧૫ :* શ્રી ક.જૈ.સે.સ.ની ૨૮મી સામાન્ય સભા શ્રી કચ્છી જૈન ભવન ખાતે મળેલ હતી કે જેમાં ટ્રસ્ટ મંડળના તથા કારોબારી સમિતિના ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા હતા.

★ *શનિવાર, તા. ૧૫-૮-૨૦૧૫ :* ભારતના ૬૯મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં નવનીત ગ્રુપના **શ્રી શાંતિલાલ રામજી ગાલાના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું.**

★ *મંગળવાર, તા. ૧૮-૮-૨૦૧૫ :* શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે. આર. શાહ, શ્રી મનુભાઈ શાહ, શ્રી શાંતિલાલ મુ. સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી અશોક મહેતાની ઉપસ્થિતિમાં 'સંસ્થાની વર્તમાન પરિસ્થિતિ તથા મુખપત્ર મંગલ મંદિર' બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ હતી.

★ *બુધવાર, તા. ૨-૯-૨૦૧૫ :* શ્રી કચ્છી જૈન ભવનના ઈમ્પેક્ટ એપ્રુવલ માટે ભવનના પટાંગણમાં કાર પાર્કિંગના બે માળના જે પ્લાન બનાવવામાં આવ્યા, તે આજે અ.મ્યુ.કો.માં શ્રી ભાવેશભાઈને તથા ટી.ડી.ઓ. શ્રી મુકેશભાઈને બતાવવામાં આવેલ હતા અને તેઓએ આ પ્લાન કવરીંગ લેટર સાથે મ્યુનિ.માં સબમિટ કરી દેવા જણાવેલ હતું.

★ *રવિવાર, તા. ૨૭-૯-૨૦૧૫ :* **સંસ્થાનો ૫૩મો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ** અને સ્વામિવાત્સલ્ય જમણવારનો કાર્યક્રમ ટાગોર હોલ ખાતે મનાવવામાં આવેલ હતો કે જ્યારે ૧૮૦૦ જેટલી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ હતા.

★ *બુધવાર, તા. ૩૦-૯-૨૦૧૫ :* શ્રી કચ્છી જૈન ભવન ખાતે શ્રી મુકેશભાઈ ઝવેરી સાથે ભુજમાં ડોસાભાઈ લાલચંદ ધર્મશાળાના પ્રથમ માળે મેડિકલ સેન્ટર કાર્યરત કરવા ચર્ચા થયેલ હતી. પ્રતાપભાઈ દંડ, કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. ભુજના મકાનના પ્લાન અને ભુજમાં કાર્યરત ડૉક્ટરોનું લીસ્ટ મોકલી આપવા શ્રી મુકેશભાઈને જણાવવામાં આવેલ હતું.

★ *સોમવાર, તા. ૫-૧૦-૨૦૧૫ :* આજ રોજ શ્રી મુકેશભાઈ ઝવેરીએ મેડિકલ સેન્ટર માટેની જગ્યાના પ્લાન તથા કાર્યરત ડૉક્ટરોનું લીસ્ટ મોકલી આપેલ હતું.

★ *શુક્રવાર, તા. ૧૬-૧૦-૨૦૧૫ :* શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી અને એક સેવાભાવી કાર્યકર **શ્રી નરેન્દ્ર છગનલાલ શાહનું તા. ૧૫-૧૦-૨૦૧૫ના રોજ દુઃખદ અવસાન** થતાં આજ રોજ તેમની પ્રાર્થના સભામાં સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે સમાજ વતી શોક ઠરાવ રજૂ કરેલ હતો.

★ *બુધવાર, તા. ૨૮-૧૦-૨૦૧૫ :* ડોસાભાઈ લાલચંદ ધર્મશાળા - ભુજનો મેડિકલ રીપોર્ટ તૈયાર કરી શ્રી મુકેશભાઈ ઝવેરીને મોકલી આપવામાં આવ્યો.

★ *શુક્રવાર, તા. ૩૦-૧૦-૨૦૧૫ :* શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક ટ્રસ્ટી અને અગ્રીમ કાર્યકર **શ્રી મણિલાલ કુંવરજી ગોસરનું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.**

★ *રવિવાર, તા. ૧-૧૧-૨૦૧૫ :* **મહિલા સુરક્ષા જાગૃતિ અભિયાન અંતર્ગત સ્વબચાવની તાલીમ** આપતો ત્રિ-દિવસીય કેમ્પ, પાલડી ભવન ખાતે શુક્રવાર તા. ૩૦-૧૦-૨૦૧૫થી રવિવાર તા. ૧-૧૧-૨૦૧૫ના રોજ યોજવામાં આવેલ હતો કે જેમાં ૧૩ વર્ષથી ૫૩ વર્ષ સુધીની બહેનોએ હાજર રહી પોતાની ઉંમર અને ક્ષમતા પ્રમાણે તાલીમ ગ્રહણ કરેલ હતી.

★ *ગુરૂવાર, તા. ૧૨-૧૧-૨૦૧૫ :* નૂતન વર્ષ નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન પર નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ રાખવામાં આવ્યો હતો કે જ્યારે બહોળા પ્રમાણમાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. સ્વામિવાત્સલ્ય જમણવારના દિવસે જે સાંસ્કૃતિક કાર્યક્રમ

યોજવામાં આવેલ હતો તેના કલાકારોનું આજે આ સમારંભના સમયે બહુમાન કરવામાં આવેલ હતું.

★ *શુક્રવાર, તા. ૨૦-૧૧-૨૦૧૫ :* નવનીત ભવન, આવાસ યોજના - બહેરામપુરા ખાતે શ્રી રતનવીર ગૃહ ઉદ્યોગ સમિતિ તથા શ્રી મહિલા આધિપત્ય ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે બ્યુટી કલ્ચર એન્ડ હેલ્થ કેર અને બેકરી કોર્સ ચાલુ કરવામાં આવ્યા હતા કે જેમાં બ્યુટી કલ્ચરમાં ૨૦ બહેનોએ અને બેકરી કોર્સમાં ૨૦ બહેનોએ હાજરી આપેલ હતી.

★ *બુધવાર, તા. ૨-૧૨-૨૦૧૫ :* આજે બપોરે આવાસ યોજનાના શ્રી રતનવીર ગૃહ ઉદ્યોગ ખાતે બહેનો રોજગાર મેળવી શકે તે બદલ એક વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો કે જેમાં ૧૬ જેટલી બહેનોએ ભાગ લીધેલ હતો.

★ *ગુરૂવાર, તા. ૩-૧૨-૨૦૧૫ :* આજ રોજ આવાસ યોજનામાં શ્રી રતનવીર ગૃહ ઉદ્યોગ ખાતે (૧) વેદાંત ઈન્ટરનેશનલ ગ્રુપના શ્રી રજનીકાંત વેદાંત આવ્યા હતા કે જે વેદાંત ગ્રુપના નાયબ ચેરમેન છે અને નિવૃત્ત નાયબ કલેક્ટરશ્રી છે. (૨) આદર્શ સ્કૂલના વ્યવસ્થાપક શ્રી મફતભાઈ મોદી પણ આવ્યા હતા. (૩) ઈમરાનભાઈ આવ્યા હતા. ત્રણે મહાનુભાવોએ અલગ અલગ વિષયે ઉપસ્થિત બહેનોને માર્ગદર્શન આપ્યું હતું.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક ડોનર અને હિતેચ્છુ **શ્રી હરખચંદભાઈ સાવલાનું આજ રોજ અમેરિકામાં દુઃખદ અવસાન થયેલ હતું.**

★ *મંગળવાર, તા. ૮-૧૨-૨૦૧૫ :* આવાસ યોજના - રતનવીર ગૃહ ઉદ્યોગ ખાતે ગુજરાત યુનિ. સાથે જોડાયેલા એવા શ્રી ઈમરાનભાઈના તથા શ્રી મહિલા આધિપત્ય ફાઉન્ડેશનના સહયોગથી મહિલા સશક્તિકરણના વિષય ઉપર વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો.

★ *બુધવાર, તા. ૧૩-૧-૨૦૧૬ :* આજ રોજ ભવન પર વયસ્ક સમિતિનો દશાબ્દિ કાર્યક્રમ ઉજવાઈ ગયો કે જેમાં ૧૮૫ની સંખ્યામાં વડીલોએ ભાગ લીધેલ હતો.

★ *મંગળવાર, તા. ૨૬-૧-૨૦૧૬ :* સમાજની સામાન્ય સભા આજ રોજ પાલડી ભવન ખાતે મળેલ હતી કે જેમાં ૧૨૫ સભ્યો હાજર રહેલ હતા. આ સભામાં ૮ બંધારણીય સુધારા મંજૂર થયેલ હતા અને ૫ સુધારા મંજૂર થઈ શકેલ ન હતા.

★ *તા. ૧૦-૪-૨૦૧૬ :* શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા પાલડી ભવન ખાતે તા. ૪ એપ્રિલથી તા. ૧૦ એપ્રિલ – એમ ૭ દિવસના ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટે **કેરિયર ગાઇડન્સ વર્કશોપ**નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ હતું. **આ કાર્યક્રમ દરમિયાન કેરિયર ગાઇડન્સ માટે ૧૨ એક્સપર્ટસ તથા પર્સનાલિટી ડેવલપમેન્ટ માટે ૧૧ એક્સપર્ટસની સેવાનો લાભ મળેલ હતો.**

★ *તા. ૧૮-૪-૨૦૧૬ :* શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે. આર. શાહ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ મુંબઈમાં શ્રી દીપકભાઈ ભેદા, શ્રી કિરણભાઈ હરિયા, શ્રી નવીનભાઈ ઉમરશી ગંગર તથા શ્રીમતી મંજુબેન પ્રભુલાલ શાહની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી અને ડાયાલિસિસ સેન્ટરની તિથિ યોજના વિશે વાત કરેલ હતી.

★ *તા. ૧૯-૪-૨૦૧૬ :* ઉપરોક્ત ટીમે આજ રોજ મુંબઈમાં શ્રી ચંદ્રકાંત નરશી લોડાયા, શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા, શ્રી મહેન્દ્રભાઈ ગડા તથા શ્રી સંજયભાઈ વીરાની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી અને ડાયાલિસિસ સેન્ટરની તિથિ યોજના વિશે વાત કરી હતી.

★ *તા. ૨૦-૪-૨૦૧૬ :* ઉપરોક્ત ટીમે આજે મુંબઈમાં શ્રી હંસકુમાર ખીમજી, શ્રી સુનીલભાઈ ગાલા, શ્રી અનિલભાઈ ગાલા, શ્રી બિપીનભાઈ ગાલા, શ્રીમતી મંજુલાબેન વોરા, શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા તથા શ્રી હેમાંગભાઈ ધરમશીની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી.

★ *તા. ૩૦-૪-૨૦૧૬ :* મુંબઇ અતિથિ ભવન બિલ્ડરના પ્રતિનિધિ શ્રી પંકજ બાબરીયા તથા શ્રી પારસ બાબરીયા સાથે શ્રી કચ્છી જૈન ભવન પર એક મીટિંગ યોજવામાં આવેલ હતી કે જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ, શ્રી હસમુખભાઈ શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં આ પ્રોજેક્ટને આગળ વધારવા માટે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

★ *તા. ૫-૫-૨૦૧૬ :* આજ રોજ જીઓના ડાયરેક્ટર શ્રી પ્રતાપભાઈ જૈન પાલડી ભવન પર પધારેલ હતા ત્યારે તેમને ત્રીજા માળ પર ચાલતું મેડિકલ સેન્ટર બતાવવામાં આવેલ હતું.

★ *તા. ૬-૫-૨૦૧૬ :* આદર્શ અમદાવાદના હોદ્દેદારો શ્રી કિરીટભાઈ શાહ તથા શ્રી દિનેશભાઈ શાહ સાથે નવનીત ભવન

પર સીવણ ક્લાસ તથા કમ્પ્યુટર ક્લાસ શરૂ કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

★ *તા. ૨૨-૬-૨૦૧૬ :* શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ, શ્રીમતી પુષ્પાબેન શાહ, શ્રી કેશુભાઈ દેસાઈ, શ્રીમતી શાંતાબેન દેસાઈ, મહુવા જિલ્લાના તલગાજરડા ગામે શ્રી મોરારીબાપુની શુભેચ્છા મુલાકાત લેવા ગયેલ હતા અને ત્યાં તેઓએ શ્રી કચ્છી જૈન સેવા સમાજની સામાજિક પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપેલ હતી. શ્રી મોરારીબાપુએ આ વિગતો ધ્યાનપૂર્વક સાંભળેલ હતી.

★ *તા. ૩૦-૭-૨૦૧૬ :* શ્રી કચ્છી જૈન ભવન પર વાર્ષિક સામાન્ય સભા મળી હતી. નિવૃત્ત થતા ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સમિતિના સભ્યશ્રીઓના સ્થાને નવા ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સભ્યો બિનહરીફ ચૂંટાયા હતા.

★ *તા. ૭-૮-૨૦૧૬ :* આજ રોજ ટ્રસ્ટ મંડળની મીટિંગ મળેલ હતી. મેનેજિંગ ટ્રસ્ટી તરીકે શ્રી પ્રતાપ નારાણજી દંડ ચૂંટાયા હતા.

★ આજ રોજ કારોબારી સમિતિની મીટિંગમાં (૧) પ્રથમ ઉપપ્રમુખ તરીકે શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ, (૨) દ્વિતીય ઉપપ્રમુખ તરીકે શ્રી શાંતિલાલ મુળજી સાવલા, (૩) માનદ્ મંત્રી તરીકે શ્રી કે. આર. શાહ, (૪) સહમંત્રી તરીકે શ્રી હસમુખ બાબુભાઈ શાહ, (૫) ખજાનચી તરીકે શ્રી કે.ડી. શાહ તથા સહ ખજાનચી તરીકે શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર ચૂંટાયા હતા.

★ *તા. ૧૫-૮-૨૦૧૬ :* **રીટાયર્ડ હાઈકોર્ટ જજ શ્રી કાંતિલાલભાઈ પૂજના વરદ્ હસ્તે આજ રોજ પાલડી ભવનના પટાંગણમાં ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું.**

★ *તા. ૩૦-૮-૨૦૧૬ :* સંસ્થાના એક હિતેચ્છુ કાર્યકર અને પૂર્વ કારોબારી સભ્ય **શ્રી બાબુભાઈ ખેતશી મહેતાનું દુઃખદ અવસાન થયેલ હતું.**

★ *તા. ૧૫-૯-૨૦૧૬ / તા. ૧૬-૯-૨૦૧૬ :* શ્રી રતનવીર ગૃહ ઉદ્યોગ માટે તા. ૧૫-૯-૨૦૧૬ના રોજ પ્રીતિબેન ઠક્કર દ્વારા કલાકંદ અને સેઝવાન નુડલ્સની વાનગી તૈયાર કરી પ્રેક્ટીકલ તથા થીયરી દ્વારા ખૂબ જ સુંદર રીતે આ વાનગી બનાવવાનું શીખવવામાં આવેલ હતું.

★ તા. ૧૬-૯-૨૦૧૬ના રોજ શ્રીમતી સંગીતાબેન શાહે માઈક્રોવેવ ઑવનમાં બનતી ત્રણ વાનગીઓ (૧) હાંડવો, (૨) બ્રાઉની અને (૩) ગાર્લીક બ્રેડ કેવી રીતે બને તેની થીયરી અને પ્રેક્ટીકલ દ્વારા ખૂબ જ સારી રીતે સમજાવેલ હતું.

ઉપરોક્ત બંને કાર્યક્રમોમાં ૭૦ બહેનોએ ભાગ લીધેલ હતો.

★ *તા. ૧૮-૯-૨૦૧૬ :* સંસ્થાના એક જૂના કાર્યકર અને કારોબારી સભ્ય **શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ (કોરડિયા)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ હતું.**

★ *તા. ૧૮-૯-૨૦૧૬ :* ટાગોર હોલ ખાતે **સંસ્થાનો વાર્ષિક સ્નેહ મિલન**, સ્વામિવાત્સલ્ય જમણવાર તથા સરસ્વતી સન્માનનો કાર્યક્રમ ઉજવાયેલ હતો. લગભગ ૧૮૦૦ની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ હતા. આજના કાર્યક્રમ દરમિયાન રાપરની કોલેજના પ્રોફેસર શ્રી રમજાનભાઈ હસણિયાનું જૈન ધર્મ ઉપરનું વ્યાખ્યાન ખૂબ જ અસરકારક અને માણવાલાયક રહેલ હતું.

★ *તા. ૨૦-૯-૨૦૧૬ :* શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પાર્કિંગમાં ૧૦ મિકેનિકલ લીફ્ટ બનાવીને લગાવવાનો ઑર્ડર શ્રી કૌશિકભાઈને આપેલ હતો.

★ *તા. ૧૪-૧૦-૨૦૧૬ :* શ્રી કચ્છી જૈન ભવનના ખુલ્લા પ્રાંગણમાં મિકેનિકલ લીફ્ટ લગાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું.

★ *તા. ૧૦-૧૨-૨૦૧૬ :* તા. ૭-૧૨-૨૦૧૬થી તા. ૧૦-૧૨-૨૦૧૬ દરમિયાન ગૃહ ઉદ્યોગ સમિતિ દ્વારા નવનીત ભવન - બહેરામપુરા ખાતે મહિલાઓ માટે શિરોધારા પંચકર્મ મસાજ શિબિર ગોઠવવામાં આવેલ હતી.

★ *તા. ૧૪-૧૨-૨૦૧૬ :* વયસ્ક સમિતિ દ્વારા જૂનાગઢ તરફનો ત્રણ દિવસનો પ્રવાસ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

★ *તા. ૧૭-૧૨-૨૦૧૬ :* પાલડી ભવનના પાર્કિંગમાં ૯ મિકેનિકલ લીફ્ટ લગાવી તેને કાર્યરત કરવામાં આવેલ હતી.

★ મહિલા ઉત્કર્ષ સમિતિના નેજા હેઠળ **હલ્લાબોલ ફિલ્મ શો** માં ૧૬૦ બહેનોએ ભાગ લીધેલ હતો.

★ *તા. ૧૮-૧૨-૨૦૧૬ :* **સંસ્થાના કર્મચારીઓની પિકનીક** ૬૯ જેટલા લોકો સાથે મહુડી, તારંગા, અંબાજી માટે રવાના થયેલ હતી.

★ *તા. ૨૪-૧૨-૨૦૧૬ :* ભવન ખાતે મુંબઈ અતિથિ ભવનના બિલ્ડર સાથે બાંધકામની અડચણો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ *જાન્યુઆરી-૨૦૧૭ :* મહિના દરમિયાન શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ, ગૃહ ઉદ્યોગ સમિતિ વગેરેના કાર્યક્રમો ચાલતા રહ્યા.

★ *તા. ૫-૧-૨૦૧૭ :* મંગલ મંદિરના જાન્યુઆરી-૨૦૧૭ના અંકમાં વસતિ પત્રક - ૨૦૧૭ ઓનલાઈન બહાર પાડવા માટે જાહેરાત કરવામાં આવેલ હતી અને તેના માટેના ફોર્મ પણ પ્રકાશિત કરવામાં આવેલ હતા.

★ *તા. ૨૬-૧-૨૦૧૭ :* પાલડી ભવનના પટાંગણમાં ૬૮મા પ્રજાસત્તાક દિને **એડિ. ડી.જી.પી. - ગાંધીનગરના શ્રી પ્રવીણભાઈ ગોંદિયાના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું.** ત્યારબાદના ફંકશનમાં સમારંભ પ્રમુખ તરીકે શ્રી શાંતિભાઈ ગાલા બિરાજમાન હતા અને ગુજરાતમાં સૌ પ્રથમ હૃદય પ્રત્યારોપણ કરનાર **કાર્ડિયાક સર્જન ડો. ધીરેન શાહનું શ્રી પ્રવીણભાઈ ગોંદિયાના વરદ્ હસ્તે બહુમાન કરવામાં આવેલ હતું.**

★ *ફેબ્રુઆરી-૨૦૧૭ :* માસ દરમિયાન શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ, વયસ્ક સમિતિ વગેરે સમિતિઓના કાર્યો ચાલતા રહ્યા.

★ *તા. ૭-૨-૨૦૧૭ :* આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી અશોક મહેતાએ પૂનમ ડેવલોપર્સના શ્રી પારસભાઈ બાબરીયા સાથે રહી **SRAના એક્ઝીક્યુટીવ એન્જિનિયર શ્રી પી.પી. મહિષીની મુલાકાત લીધેલ હતી** અને સૂચિત અતિથિ ભવનના અટકી પડેલા બાંધકામ અંગે ચર્ચા કરેલ હતી. એ જ રીતે તા. ૯-૨-૨૦૧૭ના શ્રી વિજયભાઈ બાબરીયા તથા શ્રી પારસ બાબરીયા સાથે મીટિંગ કરી મિડાસ ટાવરની ઓ.સી. મેળવવા બાકી રહેતી કાર્યવાહીની યોગ્ય જાણકારી મેલવેલ હતી.

★ *તા. ૭-૨-૨૦૧૭થી તા. ૯-૨-૨૦૧૭ :* મુંબઈ ગયેલ સમાજના પ્રતિનિધિ મંડળના શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતાએ શ્રી ચંપકભાઈ હરિયા, શ્રી હંસકુમાર ખીમજી, શ્રી ગુલાબભાઈ ખોના, શ્રી પ્રવીણચંદ્ર શાહ, શ્રી હેમાંગ ધરમશી વગેરેની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી. તેઓએ ઍડવોકેટ શ્રી શશાંકભાઈ શાહની પણ મુલાકાત લીધેલ હતી.

★ *તા. ૨૬-૨-૨૦૧૭ :* ઉચ્ચ શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિના નેજા હેઠળ **ડૉ. ધીરેન શાહનો અંગદાન અંગેના વક્તવ્યનો કાર્યક્રમ** શ્રી કચ્છી જૈન ભવન પર ગોઠવવામાં આવેલ હતો.

★ *તા. ૧-૩-૨૦૧૭ :* શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે. આર. શાહ તથા જનરલ મેનેજર શ્રી પ્રકાશ માંડલિયાએ કચ્છ યુનિ.ના વાઈસ ચાન્સેલર શ્રી ચંદ્રસિંહજી જાડેજા, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી હરેશભાઈ ધોળકિયા તથા લાઈબ્રેરીયન શ્રી હર્ષદ નિર્મલ સાથે મીટિંગ કરી કચ્છ યુનિ.માં કચ્છ કોર્નર સ્થાપી ત્યાં કચ્છી સાહિત્યના પુસ્તકો મૂકવા અંગે વિસ્તૃત ચર્ચા કરેલ હતી.

★ *તા. ૨-૩-૨૦૧૭ :* ભુજ ખાતે ફોકિયાએ બોલાવેલ CSR ના ખર્ચ માટેની ચર્ચા કરવા CSR Conclave - ૨૦૧૭માં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે. આર. શાહ તથા શ્રી પ્રકાશ માંડલિયાએ ભાગ લીધેલ હતો.

★ *તા. ૩-૩-૨૦૧૭ :* કચ્છ યુનિ.માં કચ્છ કોર્નરમાં રાખવાના પુસ્તકો અંગે શ્રી પ્રતાપભાઈ દંડે દલપત દાણિધારીયાની મુલાકાત લીધેલ હતી. ત્યારબાદ શ્રી સમીર ભટ્ટ સાથે કચ્છ મ્યુઝિયમની મુલાકાત લીધેલ હતી. કચ્છ મ્યુઝિયમમાં રાખેલ પુસ્તકોની યાદી મેળવીને શ્રી હરેશભાઈ ધોળકિયાને પહોંચાડેલ હતી. ત્યારબાદ કચ્છના મહારાઓની શુભેચ્છા મુલાકાત લીધેલ હતી. ત્યારબાદ મિરઝાપુર સ્થિત શ્રી રમણિકભાઈ શાહની મુલાકાત લઈ, તેમની પાસેથી કચ્છ વિશેના જૂના પુસ્તકો મેળવી શ્રી હરેશભાઈ ધોળકિયાને પહોંચતા કરેલ હતા. ત્યારબાદ મહારાઓશ્રી વિજયરાજજી લાઈબ્રેરીમાં શ્રી દિનેશભાઈ શાહની મુલાકાત લીધેલ હતી.

★ *માર્ચ-૨૦૧૭ :* સંકલ્પ દ્વારા છ ગાઉ યાત્રાનો કાર્યક્રમ, યુવા વિકાસ સમિતિ દ્વારા ધૂળેટીનો કાર્યક્રમ તથા શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા કેરિયર કાઉન્સેલિંગના કાર્યક્રમ માર્ચ-૨૦૧૭માં યોજવામાં આવેલ હતા.

★ *તા. ૨૧-૩-૨૦૧૭ :* **મુંબઈ અતિથિ ભવનના બિલ્ડર પારસ બાબરીયાને એસ.આર.એ.માં ડેવલપર બદલી કરાવવા બાબતની એગ્રીમેન્ટની કોપી એસ.આર.એ.માંથી મેળવી વહેલી તકે મોકલી આપવા તેમને જણાવવામાં આવેલ હતું.**

★ *તા. ૨૭-૩-૨૦૧૭ :* **એસ.આર.એ.માં ડેવલપર બદલી કરાવવા માટેની એગ્રીમેન્ટની કોપી પૂનમ ડેવલપર્સ તરફથી મળી જતાં તેને એલ.ડી. શાહના શશાંક પર તથા ડો. ચંદ્રકાંત દેઢિયાને અમેરિકા મોકલી આપવામાં આવેલ હતી તથા શ્રી અશોકભાઈ મહેતાને પણ એ કોપી મોકલી આપવામાં આવેલ હતી.**

★ *તા. ૨૦-૪-૨૦૧૭ :* મુંબઈથી ઍડવોકેટ શ્રી શશાંકભાઈ શાહ તરફથી મુંબઈ અતિથિ ભવનના નવા એગ્રીમેન્ટના ડ્રાફ્ટ

માટેના સૂચનો મળી ગયેલ હોવાથી તે ડૉ. ચંદ્રકાંત દેઢિયાને અમેરિકા તથા શ્રી અશોકભાઈ મહેતા પર મોકલી આપવામાં આવ્યા.

★ *તા. ૮-૪-૨૦૧૭ :* શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા વર્ષ ૨૦૧૪માં શરૂ કરવામાં આવેલ મિશનના પરિણામ સ્વરૂપ તા. ૨-૪-૨૦૧૭થી તા. ૮-૪-૨૦૧૭ દરમિયાન કારકિર્દી અંગે સમજ આપવા એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું કે જેમાં **૧૮ જેટલા તજજ્ઞોએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને ગાઇડન્સ આપેલ હતું.**

★ *તા. ૨૬-૪-૨૦૧૭ :* તા. ૨૬-૪-૨૦૧૭ના રોજ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના કર્મચારીઓનું એક ગેટ-ટુ-ગેધર ફંકશન ભવન ખાતે રાખવામાં આવેલ હતું.

★ *તા. ૧૭-૬-૨૦૧૭ :* તા. ૧૪-૬-૨૦૧૭થી તા. ૧૭-૬-૨૦૧૭ સુધી બાલ સમૃદ્ધિ યોજનાની સમિતિ દ્વારા નવનીત ભવન, આવાસ યોજના સાથે ડ્રોઈંગનો એક વર્કશોપ રાખવામાં આવેલ હતો.

★ *તા. ૨૨-૫-૨૦૧૭ :* વયસ્ક સમિતિ દ્વારા આજ રોજ મિમિક્રી તથા લોક સાહિત્યનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

★ *જુલાઈ-૨૦૧૭ :* **જુલાઈ-૨૦૧૭ના અંકથી મંગલ મંદિરમાં દૈનિક ડાયરી પ્રસારિત કરવાનું મોકૂફ રાખવામાં આવેલ હતું.**

★ શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ, સાંસ્કૃતિક સમિતિ, સરસ્વતી સન્માન સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ વગેરે સમિતિઓના કાર્યક્રમો અથવા આયોજનો ચાલતા રહ્યા.

★ *તા. ૩૧-૭-૨૦૧૭ :* મેઘ તાંડવના કારણે બનાસકાંઠા પર આવેલ આફતના કારણે ત્યાંના લોકોના દુઃખમાં સહભાગી થવા અને તેઓને મદદ કરવા તા. ૩૧-૭-૨૦૧૭ના રોજ શ્રી અનિલભાઈ હરિયા, શ્રી કે.ડી. શાહ, શ્રી લહેરચંદ પુનશી શાહ, શ્રી કિશોરભાઈ ઠક્કર વગેરે ત્યાં પહોંચી ગયા હતા અને ત્યાંના જિલ્લા કલેક્ટર તથા મામલતદારશ્રી દ્વારા અસરગ્રસ્તોને ધાનેરા મુકામે જઇ ૫૦૦ કીટનું વિતરણ કરેલ હતું કે જેની અંદાજિત કિંમત રૂા. ૩ લાખ જેટલી થયેલ હતી.

★ ૧૫ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ પાલડી ભવન પર ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

★ *સપ્ટેમ્બર-૨૦૧૭ :* તા. ૧૨-૯-૨૦૧૭થી તા. ૧૫-૯-૨૦૧૭ દરમિયાન વયસ્ક સમિતિ દ્વારા રાજસ્થાનના પ્રવાસનું આયોજન કરવામાં આવેલ હતું.

★ શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિના કાર્યક્રમો ચાલુ રહેવા પામેલ હતા.

★ *નવેમ્બર-૨૦૧૭ :* વાર્ષિક સામાન્ય સભા પછી વર્ષ ૨૦૧૭-૧૮ના નવા ટ્રસ્ટ મંડળ, કારોબારી સમિતિ તથા વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી.

★ યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૪-૧૧-૨૦૧૭ અને તા. ૫-૧૧-૨૦૧૭ના રોજ **બિઝનેસ સેમિનાર**નું આયોજન કરવામાં આવેલ હતું.

★ તા. ૧૯-૧૧-૨૦૧૭ના રોજ યુવા વિકાસ સમિતિ દ્વારા નરારા (જામનગર) આઇલેન્ડની મુલાકાતનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

★ *તા. ૧૫-૩-૨૦૧૮ :* હઠીસિંઘ વિઝ્યુઅલ આર્ટ સેન્ટર ખાતે અમદાવાદની આઠ મહિલાઓનું વોટર કલર ચિત્રોનું પ્રદર્શન સુપ્રસિદ્ધ ચિત્રકાર અને ચિત્ર વિશ્લેષક શ્રી નટુ પરીખ તથા પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી ભાવેશ ઝાલાને હસ્તે ખુલ્લુ મૂકાયું હતું. **શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના માનદ્ મંત્રીના જીવનસંગીની શ્રીમતી પુષ્પાબેન શાહનો આ આઠ મહિલા ચિત્રકારમાં સમાવેશ થયેલ હતો.** સમાજ માટે આ ગૌરવની બીના બની ગયેલ છે.

★ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના ટ્રસ્ટી અને સિનિયર કાર્યકર શ્રી મગનલાલ મોતીચંદ સંઘવીની પૌત્રી **કુ. હેમાંગી પરેશકુમાર મગનલાલ સંઘવીએ RMIT યુનિવર્સિટી - મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા)થી Master of Advertisingની ડિગ્રી મેળવી સમાજને ગૌરવ અપાવેલ છે.**

★ *તા. ૮-૪-૨૦૧૮ :* તા. ૮-૪-૨૦૧૮ના રોજ પાલડી ભવન ખાતે રામાપીરનો ટેકરો (નવા વાડજ) વિસ્તારમાં રહેતા અને ધોરણ-૧૦ની પરીક્ષા આપી હોય તેવા ઝૂંપડામાં રહેતા બાળકોનો એક દિવસનો સેમિનાર આયોજાઈ ગયેલ હતો. ૨૨ બાળકોએ પોતાના એક શિક્ષક સાથે એક આખા દિવસ દરમિયાન કારકિર્દી અંગેનું માર્ગદર્શન મેળવ્યું હતું. દિવસ દરમિયાન બાળકોને ચા-પાણી નાસ્તો તથા જમવાની સગવડ સંસ્થા તરફથી આપવામાં આવેલ હતી. બાળકોને બધી જ એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યૂટમાં ફેરવવામાં આવ્યા હતા.

★ *તા. ૨૨-૪-૨૦૧૮ :* લાયન્સ ક્લબ ઓફ સરખેજ તથા સપ્તપદી મેરેજ બ્યુરો તથા શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદની મેરેજ બ્યુરો સમિતિ દ્વારા ટાઉન હોલ ખાતે **જીવનસાથી પસંદગી મહાસંમેલન**નો કાર્યક્રમ યોજાઈ ગયેલ હતો. આ કાર્યક્રમમાં ૩૮૮ ઉમેદવારો જોડાયા હતા.

★ *તા. ૧૫-૮-૨૦૧૮ :* ૧૫ ઓગસ્ટના સ્વાતંત્ર્ય દિવસે વિખ્યાત વૈજ્ઞાનિક તથા કચ્છના સપૂત **શ્રી શિવજીભાઈ દૂધૈયાના વરદ્ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.**

★ વર્ષ ૨૦૧૮-૨૦૧૯ માટે મેનેજિંગ ટ્રસ્ટી તરીકે શ્રી પ્રતાપભાઈ દંડ, પ્રથમ ઉપપ્રમુખ તરીકે શ્રી મનુભાઈ શાહ, દ્વિતીય ઉપપ્રમુખ તરીકે શ્રી શાંતિભાઇ સાવલા, માનદ્ મંત્રી તરીકે શ્રી હસમુખભાઈ ખાંડવાલા અને સહમંત્રી તરીકે પ્રદીપભાઈ મહેતા તથા ખજાનચી તરીકે શ્રી કે.ડી. શાહની વરણી કરવામાં આવેલ હતી.

★ *તા. ૨૬-૯-૨૦૧૮ :* શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદનો ૫૫મો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ, ક્ષમાપના કાર્યક્રમ અને સ્વામિવાત્સલ્ય જમણવારનો કાર્યક્રમ આજ રોજ ટાગોર હોલ ખાતે ઉજવાઈ ગયો.

★ *તા. ૨૫-૧૧-૨૦૧૮ :* **તા. ૨૫-૧૧-૨૦૧૮ના રોજ ભુજ ખાતે સમાજ તરફથી એક બિઝનેસ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું** કે જે આખા દિવસ દરમિયાન ચાલેલ હતો અને તે યશસ્વીપણે પૂર્ણ થયેલ હતો. શ્રી તારાચંદભાઈ છેડા, શ્રી મૂકેશભાઈ ઝવેરી, શ્રી કમલેશભાઈ સંઘવી, શ્રી ભદ્રેશભાઈ મહેતા, શ્રી ચિરાગભાઈ શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

★ *તા. ૨૫-૧૨-૨૦૧૮ :* યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૪-૧૨-૨૦૧૮થી તા. ૧૫-૧૨-૨૦૧૮ — એમ કુલ ૧૧ દિવસની **સમેતશિખરજી યાત્રા પ્રવાસ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના ૧૯ સભ્યો જોડાયા હતા.

★ *તા. ૧૦-૧-૨૦૧૯ :* શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વર્ષો સુધી સુકાની રહી ચૂકેલ, ખૂબ જ સાદા, સરળ અને નિરાભિમાની તથા સમાજના એક અગ્રીમ અને અદના કાર્યકર, કે જેમને હંમેશાં "કાયમી"ના નામે ઓળખવામાં આવતા, એવા **શ્રી હીરજી પાસુભાઈ શાહનું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.** તેમના અવસાન થકી ક્યારેય પણ ન પૂરાય તેવી ખોટ સમાજ પર આવી પડેલ છે. તેઓશ્રીને આ સમાજ સદાયને માટે યાદ કરતો રહેશે.

★ *તા. ૧૦-૩-૨૦૧૯ :* પરિચય મિલન (મેરેજ બ્યુરો) સમિતિ દ્વારા સમસ્ત જૈન પરિવારના લગ્નોત્સુક યુવા વર્ગના **સાતમા પરિચય મિલન**નું અમદાવાદમાં ટાઉન હોલ ખાતે રવિવાર, તા. ૧૦-૩-૨૦૧૯ના રોજ એક મિલન સમારંભ યોજાઈ ગયો કે જેમાં ૨૫૦ યુવક-યુવતીઓએ પોતાના નામો નોંધાવેલ હતા. આ કાર્યક્રમ ખૂબ જ સફળતાને વરેલ હતો.

★ *સપ્ટેમ્બર-૨૦૧૯ :* વર્ષ ૨૦૧૯-૨૦ના હોદ્દેદારો તરીકે મેનેજિંગ ટ્રસ્ટી તરીકે શ્રી પ્રતાપભાઈ દંડ, પ્રથમ ઉપપ્રમુખ તરીકે શ્રી મનુભાઈ શાહ, દ્વિતીય ઉપપ્રમુખ તરીકે શ્રી શાંતિભાઈ સાવલા, માનદ્ મંત્રી તરીકે શ્રી પ્રદીપભાઈ મહેતા, સહમંત્રી તરીકે શ્રી રોહિતભાઈ સંઘવી, ખજાનચી તરીકે શ્રી કે.ડી. શાહ અને સહ ખજાનચી તરીકે શ્રી રજનીકાંત ધરમશી પારેખની વરણી કરવામાં આવી હતી.

★ *તા. ૧૫-૯-૨૦૧૯ :* તા. ૧૫-૯-૨૦૧૯ના રોજ પાલડી ભવન ખાતે સંસ્થાનો ૫૬મો વાર્ષિક સ્નેહમિલન સમારંભ તથા સ્વામિવાત્સલ્ય જમણવારનો કાર્યક્રમ યોજાયેલ હતો. આ સમયે બ્લડ ડોનેશન કેમ્પનું પણ એક અતિ સુંદર આયોજન કરવામાં આવેલ હતું.

★ *તા. ૨૬-૧-૨૦૨૦ :* દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવેલ હતી અને **ધ્વજવંદન, સંસ્થાના પીઢ કાર્યકર શ્રી મગનલાલ મોતીચંદ સંઘવીના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું.**

★ *એપ્રિલ-૨૦૨૦થી જુલાઈ-૨૦૨૦ :* કોરોના મહામારી થકી લોકડાઉનના કારણે સતત ૩ મહિના સુધી સમાજની પ્રવૃત્તિઓ બંધ રહેવા પામેલ હતી. કોરોના કાળમાં અમદાવાદ આવી ફસાઈ ગયેલ અનેક કચ્છી પરિવારોને સરકારશ્રીમાંથી સ્પેશિયલ પરમિશન મેળવી, તેમને પટેલ ટ્રાવેલ્સની બસ દ્વારા કચ્છના જે તે ગામે પહોંચતા કરવામાં આવેલ હતા.

★ *તા. ૧૫-૮-૨૦૨૦ :* દર વર્ષની માફક આજના સ્વાતંત્ર્ય દિને પાલડી ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. **આજના કાર્યક્રમની વિશેષતા એ હતી કે આજનું ધ્વજવંદન સંસ્થામાં ૪૦ વર્ષથી પ્યુન તરીકે કાર્યરત અને સૌથી વયસ્ક સ્ટાફ મેમ્બર શ્રી છગનલાલ ઠાકોરના હસ્તે કરાવવામાં આવેલ હતું.**

★ *તા. ૨૬-૧-૨૦૨૧ :* રાષ્ટ્રના ૭૧મા પ્રજાસત્તાક દિને શ્રી કચ્છી જૈન ભવનના પ્રાંગણમાં **ધ્વજવંદન, અહિંસાને વરેલા**

**શ્રી બચુભાઈ હીરજી રાંભિયાના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું.**

★ *માર્ચ-૨૦૨૧ :* મંગલ મંદિરના માર્ચ-૨૦૨૧ના અંકમાં શ્રી કચ્છી જૈન સમાજ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ - અમદાવાદનું તા. ૩૧-૩-૨૦૨૦ સુધીના પૂરા થતા વર્ષનું પાકું સરવૈયું જાહેર કરવામાં આવેલ છે. આ સરવૈયાના હિસાબે ટોટલ નફો રૂા. ૭૭,૬૨૩/- જાહેર કરવામાં આવેલ હતો.

*આ સરવૈયાના હિસાબે :*

૧. માર્ચ-૨૦૧૯ના રોજ શેર કેપીટલ જે રૂા. ૪,૩૨,૦૦૦/- હતી તે ચાલુ વર્ષે વધીને રૂા. ૧૦,૯૩,૫૦૦/- થયેલ હતી.

૨. સોસાયટીના સભ્યોની સંખ્યા ૨૧૨ થયેલ હતી.

૩. ગત વર્ષે રૂા. ૬,૬૬,૦૫૭ની લોન આપવામાં આવી હતી. એ સામે ચાલુ વર્ષે રૂા. ૧૪,૫૨,૬૩૭ની લોન આપવામાં આવેલ હતી.

★ *એપ્રિલ-૨૦૨૧ :* સમાજના સભ્યોને ઝેર મુક્ત અને રસાયણ મુક્ત અનાજ મળે તે માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે **ઓર્ગેનિક અનાજના વિતરણની વ્યવસ્થા** કરેલ હતી.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કો.ઓ. ક્રેડિટ સોસાયટીની તા. ૧૪-૩-૨૦૨૧ની સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે ૧૫ ટકા ડિવિડંડ સાથે એક આકર્ષક ભેટ આપવાની જાહેરાત કરવામાં આવેલ હતી.

★ આગામી વર્ષ માટે ક્રેડિટ સોસાયટીના હોદ્દેદારોની વરણી નીચે મુજબ કરવામાં આવી હતી :

| | |
|---|---|
| ચેરમેન | : શ્રી પ્રતાપભાઈ દંડ |
| ઉપપ્રમુખ | : શ્રી કે. ડી. શાહ |
| મંત્રીશ્રી (મેનેજિંગ ડાયેરક્ટર) | : શ્રી રજનીકાંત પારેખ |
| ખજાનચી | : શ્રી નલીનભાઈ મોમાયા |

★ *જૂન-૨૦૨૧ :* કપડવંજ કેળવણી મંડળ (પ્રથમ ફાઉન્ડેશન - યુ.એસ.એ. અને વિનમાર ઈન્ટરનેશનલ) તરફથી શ્રી ક.જૈ.સે.સ.ને વર્તમાન પરિસ્થિતિ કોરોના મહામારીની પરિસ્થિતિમાં કોન્સન્ટ્રેટર મશીન નંગ-૪ તેના યોગ્ય ઉપયોગ કરવા માટે સપ્રેમ ભેટ મળેલ છે. આ મશીનો **મેડિકલ ઓફિસર ડૉ. દક્ષાબેન રામાવત**ના પ્રયત્નોથી પ્રાપ્ત થયેલ છે.

★ *રવિવાર, તા. ૧૧-૭-૨૦૨૧ :* **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપક્રમે કચ્છી નૂતન વર્ષ - અષાઢી બીજ નિમિત્તે રવિવાર, તા. ૧૧-૭-૨૦૨૧ના રોજ ગરબા, ગીત વગેરેનો કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન પરથી ઓનલાઇન (કોરોના સંક્રમણના કારણે) પ્રસારિત કરેલ હતો.** આ કાર્યક્રમનું સંચાલન શ્રી હિમાંશુ ઠક્કરે કરેલ હતું. બંને સમાજના પ્રમુખો સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત રહેલ હતા.

પ્રથમ પ્રભુ વંદના, ત્યારબાદ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના કલાકારોની નાની-મોટી સ્ટ્રીક્સ, ત્યારબાદ પ્રફુલ્લભાઈ ભાનુશાળીનું કારાઓકે પર ગાયેલું મોર બની થનગનાટ કરે... ગીત, ભાનુશાળી બહેનોએ તૈયાર કરેલ રાજસ્થાની ઘુમ્મર, શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના કલાકારોએ તૈયાર કરેલ વેસ્ટર્ન ડાન્સ વગેરે કાર્યક્રમોથી નૂતન વર્ષ ખૂબ જ સારી રીતે ઉજવવા પામેલ હતો.

વિવિધ સમાજોનું બહુમાન ઓનલાઈન કરવામાં આવ્યું. આભારવિધિ પ્રદીપ મહેતાએ કરી હતી.

★ *રવિવાર, તા. ૧૫-૮-૨૦૨૧ :* શ્રી કચ્છી જૈન ભવન પર આઝાદીના ૭૫મા સ્વાતંત્ર્ય દિને શ્રી કચ્છી જૈન ભવન પર **પાલડી વિસ્તારના મ્યુનિ. કાઉન્સિલર શ્રી જૈનીકભાઈ નૌતમભાઈ વકીલના વરદ્ હસ્તે ધ્વજ વંદન કરાવવામાં આવેલ હતું.**

★ *રવિવાર, તા. ૧૯-૯-૨૦૨૧ :* શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદની ૩૩મી તથા ૩૪મી સામાન્ય સભા શ્રી કચ્છી જૈન ભવન પર રવિવાર તા. ૧૯-૯-૨૦૨૧ના રોજ મળેલ હતી. આ સભામાં માનદ્ મંત્રીએ ગત બે વર્ષનો સંસ્થાની કાર્યવાહીનો અહેવાલ આપ્યો હતો. ખજાનચીશ્રીએ ગત બે વર્ષના ઓડિટેડ હિસાબો રજૂ કરેલ હતા કે જે સર્વાનુમતે મંજૂર રાખવામાં આવેલ હતા. સામાન્ય સભામાં ટ્રસ્ટી તથા કારોબારી સમિતિના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવેલ હતા.

વર્ષ ૨૦૨૧-૨૨ માટેના હોદ્દેદારો નીચે મુજબ રહેલ હતા :

૧. શ્રી પ્રતાપ નારાણજી દંડ – પ્રમુખ તથા મેનેજિંગ ટ્રસ્ટી
૨. શ્રી શાંતિલાલ મુળજી સાવલા – પ્રથમ ઉપપ્રમુખ
૩. શ્રી હિરેન કે. શાહ – દ્વિતીય ઉપપ્રમુખ
૪. શ્રી રજનીકાંત ધરમશી પારેખ – માનદ્ મંત્રી
૫. શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી – સહમંત્રી
૬. શ્રી કે.ડી. શાહ – ખજાનચી
૭. શ્રી વિમેશ ગુલાબચંદ શાહ – સહ ખજાનચી

★ *રવિવાર, તા. ૧૭-૧૦-૨૦૨૧ :* **શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ તથા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સંયુક્ત ઉપક્રમે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે "કચ્છના વિકાસ કાર્યો" અંગે એક ચિંતન શિબિરનું આયોજન આજ રોજ ગોઠવવામાં આવેલ હતું.** આ મીટિંગમાં KRIDA - મુંબઈના કર્મયોગી **શ્રી મયંક ગાંધી** તથા તેમની સાથેના કચ્છી સેવાભાવી મહાનુભાવો સાથેની આ શિબિર હતી. શ્રી મયંક ગાંધી ઉપરાંત તેમની ટીમના શ્રી સુભાષ પાટીલ, શ્રી બી.કે. ચંદ્રેશભાઈ, શ્રી ધીરજ રાંભિયા, શ્રી બીરેન વોરા, શ્રી બી.કે. જાનકીદેવી, શ્રી ગોવિંદભાઈ મંગે, શ્રી અમૃતભાઈ શાહ, શ્રી વિશાલ ગડા તથા શ્રીમતી મીરાંબેન સતરા જેવા મહાનુભાવો આ ચિંતન શિબિરમાં ઉપસ્થિત રહેલ હતા.

કચ્છમાં ખેતી ક્ષેત્રે કરવાના કામો અંગેની આ ચિંતન શિબિરમાં વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.

★ *તા. ૨૪-૧૨-૨૦૨૧ :* **છેક ૧૯૭૦થી જોડાયેલા સંસ્થાના એક વડીલ કાર્યકર શ્રી મુળજી નરશી લોડાયાનું આજ રોજ મુંબઈ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.**

★ *તા. ૨૬-૧-૨૦૨૨ :* એસ. ટી. સ્ટેન્ડ પાસે આવેલ સેવાભવન ખાતે શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ સંચાલિત તથા રોટરી ક્લબ ઓફ અમદાવાદ - વાસણા પ્રાયોજિત **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટરનું ઉદ્‌ઘાટન આજ રોજ ડો. ચંદ્રકાંત દેઢિયાના પરિવારજનોના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું.** આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ વાસણાના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

એસ.ટી. સ્ટેન્ડ પરના ડાયાલિસિસ સેન્ટરના ઉદ્‌ઘાટન અગાઉ રાષ્ટ્રના ૭૩મા પ્રજાસત્તાક દિને શ્રી કચ્છી જૈન ભવન પર **રોટેરીયન અભિષાબેન ઝવેરીના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું.**

★ *રવિવાર, તા. ૩-૪-૨૦૨૨ :* ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા રવિવાર, તા. ૩-૪-૨૦૨૨ના રોજ **'યુનીક પેરેન્ટીંગ ક્લબ'**ની સ્થાપના કરવામાં આવેલ હતી કે જે દ્વારા બાળકોના વિકાસની વિગતો જાણી શકાય છે.

★ *મંગળવાર, તા. ૧૯-૪-૨૦૨૨ :* આજ રોજ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના કેટલાક અગ્રણીઓ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી હિરેન કે. શાહ, શ્રી મુકેશ સાવલા, શ્રી ચંદ્રેશ લોડાયા, શ્રી હસમુખ ખાંડવાલા તથા શ્રી રાજેન્દ્ર દોશીએ **વૈષ્ણોદેવી સર્કલ પાસે સમગ્ર વિશ્વના પાટીદાર સમાજે સ્થાપેલ "સરદાર ધામ"ની મુલાકાત લીધેલ હતી.** આ 'સરદાર ધામ'ના ગુજરાતમાં અન્ય પાંચ સ્થળે – વડોદરા, સુરત, રાજકોટ, મહેસાણા તથા ભુજ ખાતે કાર્યાલય છે.

*આ સમાજના પાંચ લક્ષ્યબિંદુઓ છે.*

*૧. બિલ્ડિંગ પ્રોજેક્ટ : રૂા. ૧૦૦૦ કરોડના ખર્ચે ૧૦ હજાર દીકરા - દીકરીઓ માટે સુવિધાયુક્ત છાત્રાલય બનાવવું.*

*૨. **GPSC, UPSC, Defence, Judiciary, Civil Services Center :** ૧૦૦૦ દીકરા - દીકરીઓને વહીવટી સેવામાં મોકલવા.*

*૩. ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન (GPBO) દ્વારા પ્રથમ હરોળના ૧૦,૦૦૦ ઉદ્યોગપતિઓનું સંગઠન કાર્યરત કરવું.*

*૪. ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમીટ (GPBS) સન ૨૦૧૮, ૨૦૨૦, ૨૦૨૨, ૨૦૨૪, ૨૦૨૬માં યોજવી.*

*૫. રાષ્ટ્રવાદી યુવા તેજ / તેજસ્વિની સંગઠન અંતર્ગત ૧ લાખથી વધુ રાષ્ટ્રપ્રેમી યુવાઓનું સંગઠન કાર્યરત કરવું.*

*ટૂંકમાં, આ 'સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ' કરવાનું ધ્યેય ધરાવતી સંસ્થા છે. આ માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરેલ છે અને હજુ વધારે થઈ રહેલ છે.*

*સરદાર ધામ ઊભું કરવા પાછળ અત્યાર સુધી રૂા. ૨૦૦ કરોડનો ખર્ચ દાતાઓના સહયોગથી થયેલ છે. વિશ્વભરમાંથી લગભગ ૫૦ ટ્રસ્ટીઓ જોડાયેલા છે. આ બધી વિગતો માનદ્ મંત્રી CA શ્રી બી.કે. પટેલે આપેલ હતી.*

*૧૩ માળના આ બિલ્ડિંગમાં ૧૬૦૦ વિદ્યાર્થીઓ રહી શકે છે. અહીં ૪૦૦ ચો.ફૂટવાળા ૪૮૦ રૂમો છે. અહીં વિદ્યાર્થીને રહેવા, ભોજન, તાલીમ, પુસ્તકાલય વગેરેની સગવડ સાથે વાર્ષિક માત્ર રૂા. ૨૦,૦૦૦ (જે વાલીની આવક રૂા. બે લાખથી વધુ હોય) લેવામાં આવે છે. જે વાલીની આવક રૂા. બે લાખથી ઓછી હોય તેની પાસેથી વાર્ષિક માત્ર રૂા. ૧૦,૦૦૦ લેવામાં આવે છે.*

★ *તા. ૩૦-૪-૨૦૨૨ :* એપ્રિલ-૨૦૨૨ના દરમિયાન કારોબારી સમિતિની મીટિંગ તા. ૧૭-૪-૨૦૨૨ના રોજ મળેલ હતી. તદુપરાંત નીચે મુજબની સમિતિઓએ પોતાના વિભાગની મીટિંગો બોલાવી તે અંગેની કાર્યવાહી કરેલ હતી. મહિલા ઉત્કર્ષ સમિતિ, મેરેજ બ્યુરો સમિતિ, સરસ્વતી સન્માન સમિતિ, અંગદાન સમિતિ, સભ્ય તથા મેડિકલ કાર્ડ સમિતિ, તબીબી સહાય - સમાજ સુરક્ષા અને બાલ કલ્યાણ સમિતિ, વયસ્ક સમિતિ, સાંસ્કૃતિક હોલ સમિતિ, મંગલ મંદિર સમિતિ, નવા પ્રોજેક્ટ સમિતિ, હિસાબી સમિતિ, યુવા વિકાસ સમિતિ, સાધર્મિક સહાય સમિતિ, ભવન સમિતિ, રીનોવેશન સમિતિ, બોપલ મેડિકલ સમિતિ તથા શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ.

★ *તા. ૧-૫-૨૦૨૨ :* કારોબારી સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં **શ્રી મહેન્દ્ર દોશીને 'મંગલ મંદિર'ના કાર્યકારી સહતંત્રી તરીકે ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.**

★ *તા. ૨-૫-૨૦૨૨ :* **અડાલજ સ્થિત અંબુજા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની મુલાકાત લેવામાં આવેલ હતી.** ત્યાં ચાલતા નર્સિંગ, એ.સી., ફ્રીજ, વોશિંગ મશીન તેમજ વાયરમેનના કોર્સ અંગે માહિતી મેળવેલ હતી. આ મુલાકાતમાં શ્રી અશોક મહેતા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી હિરેન શાહ, શ્રી મૂકેશભાઈ સાવલા, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રાજેન્દ્ર દોશી જોડાયા હતા.

★ *તા. ૮-૫-૨૦૨૨ :* ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા **પેરેન્ટીંગ અંગેનો સેમિનાર** ભવન પર યોજાયેલ હતો કે જેમાં ૧૦૦થી વધુ વ્યક્તિઓએ ભાગ લીધેલ હતો.

★ *તા. ૧૦-૫-૨૦૨૨ :* **આજ રોજ સી.જી. રોડ પર આવેલ 'કલાપુરમ્' નામના સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર**ની શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોક મહેતા, શ્રી હિરેન શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ તથા શ્રી મૂકેશ સાવલા દ્વારા મુલાકાત લેવામાં આવેલ હતી. અહીં ચલાવવામાં આવતા ગ્રાફિક ડિઝાઈન, ફેશન ડિઝાઈન, ફોટોગ્રાફી, વીડિયોગ્રાફી, એડવર્ટાઇઝીંગ, પ્રિન્ટ મીડિયા, ક્લેમેશન અને ફાઇન આર્ટસ વગેરેની માહિતી મેળવવામાં આવેલ હતી.

★ *તા. ૧૫-૫-૨૦૨૨ :* રોટરી ક્લબના ડિસ્ટ્રીક્ટ ગવર્નર અને અન્ય હોદ્દેદારોએ એસ.ટી. ભવન પરના ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લીધેલ હતી ત્યારે સમાજના અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

★ *તા. ૨૫-૫-૨૦૨૨ :* અંબુજા ફાઉન્ડેશનની ગાંધીનગર સ્થિત સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ઇન્ચાર્જ શ્રી રામસિંગભાઈ ચૌહાણ તથા નાગપુર સ્થિત શ્રી મહેન્દ્રભાઈ પટેલે શ્રી કચ્છી જૈન ભવનની આજ રોજ મુલાકાત લીધેલ હતી. ત્યારે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોક મહેતા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી હિરેન કે. શાહ અને શ્રી કે.ડી. શાહ ઉપસ્થિત રહેલ હતા અને શ્રી ક.જૈ.સે.સ.માં સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર શરૂ કરવાના અનુસંધાને ચર્ચા કરેલ હતી. ત્યારબાદ તેઓએ એસ.ટી. ભવનની મુલાકાત પણ લીધેલ હતી.

★ *તા. ૭-૬-૨૦૨૨ : શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદનું એક પ્રતિનિધિ મંડળ આજ રોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મળવા ગયેલ હતું. આ મુલાકાતનો હેતુ કચ્છી બોલીને વૈકલ્પિક ભાષા તરીકે સ્વીકાર કરાવવા તેમના થકી પ્રયાસ માટેનો હતો. મુખ્યમંત્રીશ્રીએ એ બાબત આગળ કાર્યવાહી કરવાનું વચન આપેલ હતું.*

*તા. ૧૮-૯-૨૦૨૨ના સ્નેહમિલન સમારંભમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેવા તેમને આમંત્રણ આપવામાં આવેલ હતું. જેનો તેઓએ સ્વીકાર કરેલ હતો.*

*કોઈ સરકારી જમીન શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદને ફાળવી તેના પર સામાજિક કાર્યો કરવાના હેતુ અંગે પણ તેઓશ્રી સાથે ચર્ચા કરવામાં આવેલ હતી.*

★ *તા. ૧૦-૭-૨૦૨૨ :* રોટરી ક્લબ ઓફ વાસણાની નવી ટીમના ઇન્સ્ટોલેશન કાર્યક્રમમાં પ્રતાપભાઈ દંડ, અશોક મહેતા,

હિરેન કે. શાહ, અશ્વિન સાવલા વગેરે હાજર રહ્યા હતા અને તેઓના ગ્રુપ સાથે ભવિષ્યના કાર્યક્રમોની તથા ભવિષ્યમાં સંયુક્તપણે ઉજવવાના કેમ્પ અંગેની ચર્ચા કરેલ હતી.

★ *તા. ૧૧-૭-૨૦૨૨ :* તા. ૧૦-૭-૨૦૨૨ તથા તા. ૧૧-૭-૨૦૨૨ના રોજ અમદાવાદમાં સારો એવો એટલે કે બે દિવસમાં ૧૮ ઇંચ જેવો વરસાદ પડતા, પાલડી ભવનના બેઝમેન્ટમાં પુષ્કળ પાણી ભરાઈ ચેલ હતા કે જે પાણીને બહાર કાઢવા ૩૦ કલાક સુધી સતતપણે પંપ ચલાવવામાં આવેલ હતો. **તેના કારણે બેઝમેન્ટના ફિઝીયોથેરાપી વગેરે વિભાગમાં મૂકેલ મશીનરીને સારું એવું નુકસાન થયેલ હતું.**

★ જુલાઈ-૨૦૨૨ દરમિયાન **સફલ બિલ્ડર્સના શ્રી ધીરેનભાઈ** પાસે સમાજના ટ્રસ્ટીશ્રીઓ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોક મહેતા, શ્રી હસમુખ ગઢેચા વગેરે ગયેલ હતા અને તેઓ નમસ્તે સર્કલ પર મેડિકલ સેન્ટર માટે જે જગ્યા ફાળવે છે તેના અનુસંધાને અન્ય ખર્ચ માટે ડોનેશન્સની વ્યવસ્થા કરી આપે તેવી વિનંતી તેમને કરવામાં આવેલ હતી.

★ *તા. ૨૧-૭-૨૦૨૨ :* ચાંગોદર ખાતેના હેમલોન સિન્થેટીક લિમિટેડના ડાયરેક્ટર શ્રી જયેશભાઈ મજમુદારના આમંત્રણ પ્રમાણે આજ રોજ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના હોદ્દેદારો શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી શાંતિભાઈ સાવલા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ વગેરે તેઓના ડેફોડિલ્સ એવન્યુ ખાતેના મકાનના પ્રથમ માળે આવેલ ૧૬૦૦ ચો.ફૂટના યુનીટમાં મેડિકલ સેન્ટર ઊભું કરવાની ચર્ચાના અનુસંધાને ગયેલ હતા. આ યુનીટની બાજુમાં બીજું પણ ૧૬૦૦ ચો. ફૂટનું યુનીટ છે. તે અંગે પણ ચર્ચા કરેલ હતી. આપણે ત્યાં મેડિકલ સેન્ટરની સ્થાપના કરીએ તો તેઓ આ યુનીટને રીનોવેટ કરી મેડિકલ સેન્ટરને લાયક બનાવી આપશે તેવું પણ જણાવેલ હતું. આ અગાઉ તેઓએ પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ સાથે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ચર્ચા કરેલ હતી. ત્યારબાદ તેઓએ તેમના યુનીટના પ્લાન પણ મોકલી આપેલ હતા.

★ *તા. ૧૫-૮-૨૦૨૨ :* આજ રોજ સવારના ૯ વાગે પાલડી ભવનના પટાંગણ ખાતે **શ્રીમતી લીલાબેન વિસારીયાના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ હતું** કે જ્યારે સારી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ હતા.

★ *રવિવાર, તા. ૧૮-૯-૨૦૨૨ :* આજ રોજ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદે પર્યુષણ પછીનો સ્નેહ મિલન સમારંભ તથા સ્વામિવાત્સલ્ય જમણવાર વગેરેનો કાર્યક્રમ ટાગોર હોલ ખાતે યોજેલ હતો.

**આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પધારેલ હતા.**

અતિથિ વિશેષશ્રીઓ તરીકે (૧) ગુજરાત વિધાનસભાના અધ્યક્ષા **શ્રીમતી નીમાબેન આચાર્ય**, (૨) એલિસબ્રિજ વિભાગના ધારાસભ્ય **શ્રી રાકેશભાઈ શાહ**, (૩) ભાજપના અમદાવાદ શહેર અધ્યક્ષ **શ્રી અમિતભાઈ શાહ**, (૪) ભાજપના સહ કોષાધ્યક્ષ **શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ**, (૫) પૂર્વ નાણાંમંત્રી **શ્રી બાબુભાઈ મેઘજી શાહ** તથા (૬) પૂર્વ કોર્પોરેટર **શ્રી આશિષભાઈ ધીરુભાઈ શાહ** ઉપસ્થિત રહેલ હતા.

કાર્યક્રમમાં અન્ય અતિથિ વિશેષશ્રીઓ તરીકે (૧) બિપીન કોર્પોરેશનના **શ્રી બિપીનભાઈ જૈન**, (૨) વી-ટ્રાન્સના **શ્રી મહેન્દ્રભાઈ શાહ**, (૩) અમેરિકા સ્થિત ન્યુરોલોજિસ્ટ **ડૉ. બીના અનિલ શાહ**, (૪) નવનીત ગ્રુપના **શ્રી રાજુભાઈ ગાલા** તથા **શ્રી સંદીપભાઈ ગાલા** તથા (૫) દીપ ઈન્ડસ્ટ્રીઝના **શ્રી પારસભાઈ સાવલા** તથા **શ્રી રૂપેશભાઈ સાવલા** ઉપસ્થિત રહેલ હતા.

શ્રી જયેશભાઈ મજમુદાર, શ્રી કીર્તિભાઈ બારૂ, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી મેઘજીભાઈ પટેલ, શ્રી હિમાંશુ ઠક્કર, શ્રી પ્રેમજીભાઈ પટેલ, શ્રી પરબતભાઈ પટેલ વગેરે અગ્રણીશ્રીઓ પણ ઉપસ્થિત રહેલ હતા.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શ્રીમતી નીમાબેન આચાર્ય વગેરેનું વિવિધ ટ્રસ્ટીશ્રીઓના વરદ્ હસ્તે બહુમાન કરાવવામાં આવેલ હતું. શ્રી ભૂપેન્દ્રભાઈ તથા શ્રીમતી નીમાબેને પ્રાસંગિક પ્રવચનો પણ આપેલ હતા.

ત્યારબાદ મંચ પર ઉપસ્થિત દરેક મહેમાન અને દાતાશ્રીઓનું બહુમાન કરવામાં આવેલ હતું.

**શ્રી જયેશભાઈ મજમુદાર**નું પણ ચાંગોદર મેડિકલ સેન્ટરના પ્રણેતા તરીકે બહુમાન કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે **ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા** તથા **ડૉ. બીના અનિલ શાહ**નું મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે બહુમાન કરાવવામાં આવેલ હતું.

કાર્યક્રમના આ ભાગના અંતે આભારવિધિ શ્રી હિરેન કે. શાહે કરેલ હતી.

કાર્યક્રમના બીજા ભાગ તરીકે સંવત્સરી પ્રસંગે પરસ્પર મિચ્છામિ દુક્કડમ્ કરી સામૂહિક ક્ષમાપના કરેલ હતી. **૧૦૦થી વધુ વખત રક્તદાન કરનાર શ્રી શૈલેષ શાહ તથા શ્રી મનીષ વીરાનું સન્માન કરવામાં આવ્યું હતું. તે સાથે બ્લડ ડોનેશન સમિતિના કન્વીનર શ્રી કમલેશભાઈનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.** સંસ્થાની મેડિકલ પ્રવૃત્તિઓ વિશે શ્રી અશ્વિનભાઈ સાવલાએ જાણકારી આપેલ હતી.

આ બાદ ત્રીજા વિભાગીય કાર્યક્રમમાં વિવિધ પ્રકારના મનોરંજન કાર્યક્રમો યોજવામાં આવેલ હતા.

આ કાર્યક્રમ દરમિયાન બ્લડ ડોનેશન કેમ્પ અને મેમોગ્રાફી / પેપ ટેસ્ટની નિઃશુલ્ક તપાસ માટે રજિસ્ટ્રેશન કરવામાં આવેલ હતું.

બપોરના સમયે સ્વામિવાત્સલ્યનો અને સાંજના સમયે હાઈ-ટી ની મજા માણી સૌ છૂટા પડ્યા હતા. અંદાજિત ૧૮૦૦ લોકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા.

★ *રવિવાર, તા. ૨૫-૯-૨૦૨૨ :* આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર સંસ્થાની ૩૫મી સામાન્ય સભા મળેલ હતી.

આ મીટિંગમાં ટ્રસ્ટ મંડળના તથા કારોબારી સમિતિના નિવૃત્ત થતા સભ્યોની સામે નવા નોંધાયેલા ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયેલ હતા.

**શ્રી કે.ડી. શાહે** વર્ષ ૨૦૨૧-૨૨ના **ઓડિટેડ હિસાબો રજૂ કર્યા** તે સર્વાનુમતે મંજૂર થયેલ હતા.

**શ્રી વિમેશ શાહે** આ જ હિસાબો **પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા** રજૂ કરી ઉપસ્થિત લોકોને યોગ્ય સમજ આપેલ હતી.

★ *રવિવાર, તા. ૨૫-૯-૨૦૨૨ :* વર્ષ ૨૦૨૨-૨૩ના ટ્રસ્ટ મંડળની પ્રથમ મીટિંગ આજ રોજ ભવન પર મળેલ હતી.

વર્ષ ૨૦૨૨-૨૩ના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે શ્રી પ્રતાપભાઈ દંડની વરણી કરવામાં આવેલ હતી.

૬ ટ્રસ્ટીશ્રીઓને કારોબારી સમિતિમાં મોકલવામાં આવ્યા હતા.

**એસ.ટી. ભવન પરના સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર માટે શ્રી બિપીનચંદ્ર જૈન તરફથી રૂા. ૨૫ લાખના અનુદાનની જે જાહેરાત કરવામાં આવી તેનો સ્વીકાર કરવામાં આવેલ હતો.**

અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સાથે જોડાવાનું નક્કી કરવામાં આવેલ હતું.

એસ.ટી. સ્ટેન્ડ પરના સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના **પ્રથમ વર્ષના ખર્ચના રૂા. ૧૪ લાખના ખર્ચનું અનુદાન આપવાની નવનીત પરિવારના શ્રી શાંતિલાલભાઈ ગાલા** તરફથી જે જાહેરાત કરવામાં આવી તેનો સ્વીકાર કરવામાં આવેલ હતો.

ટ્રસ્ટ મંડળના નેજા હેઠળની ૬ સમિતિઓના કન્વીનરશ્રીઓની વરણી કરવામાં આવેલ હતી.

★ *શનિવાર, તા. ૧-૧૦-૨૦૨૨ :* **આજ રોજની ટ્રસ્ટ મંડળની મીટિંગમાં ગીતા મંદિર પરના સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનું નામ શ્રી બિપીનચંદ્ર જૈન કૌશલ્ય વિકાસ કેન્દ્ર રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું.**

તા. ૧૮-૯-૨૦૨૨ના વાર્ષિક કાર્યક્રમ સમયના બધા જ કાર્યકરોનું નૂતન વર્ષ મિલન સમારંભના સમયે બહુમાન કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ *શનિવાર, તા. ૧-૧૦-૨૦૨૨ :* આજ રોજ વર્ષ ૨૦૨૨-૨૩ની કારોબારી સમિતિની પ્રથમ મીટિંગ મળેલ હતી. જેમાં નીચે પ્રમાણેના નિર્ણયો લેવામાં આવેલ હતા : (૧) પ્રથમ ઉપપ્રમુખ તરીકે શ્રી શાંતિલાલભાઈ સાવલા, (૨) દ્વિતીય ઉપપ્રમુખ તરીકે શ્રી હિરેનભાઈ કે. શાહ, (૩) માનદ્ મંત્રી તરીકે શ્રી રજનીભાઈ પારેખ, (૪) સહમંત્રી તરીકે શ્રી વિશાલ મહેન્દ્ર શાહ, (૫) ખજાનચી તરીકે શ્રી કે.ડી. શાહ અને (૬) સહ ખજાનચી તરીકે શ્રી વિમેશ ગુલાબચંદ શાહની વરણી કરવામાં આવેલ હતી.

વિવિધ પ્રકારની ૨૩ સમિતિઓના કન્વીનરશ્રીઓની વરણી કરવામાં આવેલ હતી.

★ *તા. ૧૫-૧૦-૨૦૨૨ :* આજ રોજ ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળેલ હતી કે જેમાં નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ હતા.

૧. સ્કીલ ડેવલપમેન્ટ સમિતિની રચના કરવામાં આવી હતી અને તેના કન્વીનર તરીકે શ્રી હિરેન કે. શાહની વરણી કરવામાં આવેલ હતી.

૨. ગીતા મંદિર ખાતે સૌ પ્રથમ આસિસ્ટન્ટ નર્સિંગ (જી.ડી.એ.) (જનરલ ડ્યુટી નર્સ)નો કોર્સ શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું અને તેના પ્રથમ વર્ષના રૂા. ૧૮ લાખના ખર્ચની મંજૂરી આપવામાં આવેલ હતી.

૩. આ સભાને જણાવવામાં આવેલ હતું કે ચાંગોદર મેડિકલ સેન્ટરના એમ.ઓ.યુ. તા. ૧૪-૧૦-૨૦૨૨ના રોજ થઈ

ગયેલ છે અને લીઝ ડીડ દિવાળી પછી તરતમાં કરાવી લેવામાં આવશે.

૪. સમાજનું નવું વસતીપત્રક બહાર પાડવાનું નક્કી કરવામાં આવેલ હતું.

૫. પાલડીના મેડિકલ સેન્ટરના ડૉક્ટરો સાથે આવતા દિવસોમાં એક ગેટ-ટુ-ગેધર સમારંભ રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું.

૬. ઘેર ઘેર દવા પહોંચાડવા માટે દવા વિતરણ સમિતિની રચના કરવામાં આવી હતી. જેના કન્વીનર તરીકે શ્રી કમલેશ મનુભાઈ શાહ અને સહ કન્વીનર તરીકે શ્રી લક્ષ્મીચંદ વીરાની વરણી કરવામાં આવેલ હતી.

★ *સપ્ટેમ્બર-૨૦૨૨ :* સમાજના દરેક સભ્યના સિમ્સ હોસ્પિટલ દ્વારા વિતરણ કરવામાં આવતા ગોલ્ડ હેલ્થ કાર્ડ મેળવી લેવામાં આવેલ છે કે જેના કારણે કોઈ પરિવારને ભવિષ્યમાં સિમ્સ હોસ્પિટલની સેવા લેવાની જરૂરત પડે તો તેને અલગ અલગ વિભાગમાં ૧૦થી ૨૫ ટકા સુધીનું કન્સેશન મળી શકે.

ચાલુ મહિનામાં દેહદાન માટે નવા ૮ સભ્યોના ફોર્મ ભરાવવામાં આવેલ છે.

★ *મંગળવાર, તા. ૮-૧૧-૨૦૨૨ :* **આજે ગીતા મંદિર ભવન પર સમાજના પ્રથમ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરી તેને કાર્યરત કરવામાં આવેલ હતું.** સૌપ્રથમ આસિસ્ટન્ટ નર્સિંગનો કોર્સ – ૩૦ વિદ્યાર્થીઓની બેચ સાથે શરૂ કરવામાં આવેલ હતો. સમાજના અગ્રણીઓ તથા **અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર**ના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ હતા. ડૉ. ચંદ્રકાંત દેઢિયાના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન કરાવવામાં આવેલ હતું.

★ *બુધવાર, તા. ૯-૧૧-૨૦૨૨ :* સંસ્થાના ચાંગોદર ખાતેના ત્રીજા મેડિકલ સેન્ટર માટે ડોનેશન્સ મેળવવા આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોક મહેતા, શ્રી હસમુખ ગઢેચા તથા શ્રી હિરેન કે. શાહ હર્ષા એન્જિનિયર્સના શ્રી હરીશભાઈ રંગવાલા તથા શ્રી રાજુભાઈ શાહને મળવા ગયેલ હતા. તેઓએ સારો રીસ્પોન્સ આપેલ હતો અને ડોનેશન્સ બાબત પછીથી જણાવશે તેવું જણાવેલ હતું.

ત્યારબાદ આ ટીમે ચાંગોદર મેડિકલ સેન્ટરની મુલાકાત લીધેલ હતી.

★ *સોમવાર, તા. ૨૮-૧૧-૨૦૨૨ :* નવનીત ગ્રુપના શ્રી સંદીપભાઈ ગાલા સાથે શ્રી અશોક મહેતા, શ્રી હિરેન કે. શાહ તથા ડૉ. હિતેન્દ્ર શાહે આજ રોજ નીચેના કારણસર એક મીટિંગ કરેલ હતી.

૧. બોપલ મેડિકલ સેન્ટર માટે વધુ જગ્યા ફાળવવા.

૨. બોપલ મેડિકલ સેન્ટરના સામેના મકાનમાં સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર શરૂ કરવા.

૩. નવા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના પ્રથમ વર્ષના ખર્ચની રકમ મેળવવા બાબતે.

૪. સંસ્થાના નવા ઊભા થઈ રહેલા ચાંગોદર મેડિકલ સેન્ટર બાબત.

ઉપરોક્ત દરેક બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.

★ *સોમવાર, તા. ૧૯-૧૨-૨૦૨૨ :* **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક ખાસ સમર્થક અને નવનીત પરિવારના મોભી શ્રી શાંતિલાલભાઈ ગાલાનું આજ રોજ દુઃખદ અવસાન થયેલ હતું.**

★ *મંગળવાર, તા. ૨૦-૧૨-૨૦૨૨ :* નવનીત પરિવારના મોભી સ્વ. શાંતિલાલભાઈ ગાલાની પ્રાર્થના સભામાં આજ રોજ શ્રી ક.જૈ.સે.સ.ના મોટા ભાગના ટ્રસ્ટીશ્રીઓ તથા અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

★ *મંગળવાર, તા. ૨૭-૧૨-૨૦૨૨ :* આજ રોજ હર્ષા એન્જિનિયરીંગવાળા શ્રી રાજુભાઈ શાહ કે જેઓ ચાંગોદર ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ પણ છે, તેમણે ચાંગોદર ખાતેના મેડિકલ સેન્ટરની સાઇટની મુલાકાત લીધેલ હતી કે જ્યારે તેમને ડૉ. હિતેન્દ્ર શાહ તથા શ્રી ધવલ મજમુદારે બધી વિગતો સમજાવેલ હતી.

★ *બુધવાર, તા. ૨૮-૧૨-૨૦૨૨ :* એપ્રિલ-૨૦૨૩થી માર્ચ-૨૦૨૪ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ૬૦ વર્ષની ઉજવણીના કાર્યક્રમના અનુસંધાને ચર્ચા કરવા શ્રી અશોકભાઈ મહેતા, શ્રી હિરેન કે. શાહ તથા શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર એકત્રિત થયેલ હતા.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શ્રી કચ્છી જૈન ભવન – પાલડી

*– ફાલ્ગુની હિરેન*

૧૯૮૬માં શરૂ થયેલું ગીતા મંદિર ખાતેનું સમાજનું કાર્યાલય અને સેવા ભવન જરૂરિયાત કરતા નાનું પડવા લાગ્યું. સમાજની પ્રવૃત્તિઓનો વ્યાપ વિસ્તરવા લાગ્યો. સાથે જ સેવા કરવા માટેના સપનાંઓ પણ વિસ્તીર્ણ થયાં. સમાજના દૂરંદેશી અગ્રણીઓએ નવી - વધુ મોટી જગ્યાની જરૂર જણાશે જ એવું વિચારી આગોતરૂં આયોજન પણ કરી લીધું હતું અને એ દિશામાં પ્રયત્નો પણ શરૂ કરી દીધા હતા. યોગ્ય જગ્યા માટે ખોજ તો શરૂ થઈ જ ગઈ હતી.

એવામાં સમાજના પ્રમુખ **ડૉ. ચંદ્રકાંત દેઢિયા** દિકરીના લગ્ન પ્રસંગે અમેરિકા ગયા. અમેરિકા જતી વેળાએ જ એરપોર્ટ પર એક ગુજરાતી પરિવારનો મેળાપ થયો. વાતચીતમાં જાણ્યું કે તેઓ પણ અમદાવાદના જ છે. આજથી ત્રણ દાયકા અગાઉ કોઈનીય વિદેશયાત્રા જૂજ થતી અને એમાંય વિદેશમાં કોઈ ગુજરાતી - અમદાવાદી મળી જાય એવું તો સ્વપ્નેય વિચારી ના શકાય. એટલે સાવ અજાણ્યા દેશમાં કોઈ પોતાનું મળી ગયું હોય એવા આનંદ સાથે વાતચીત થઈ. અને પછી તો અમેરિકામાં એ પરિવારના ઘરે ભોજન પણ ગોઠવાયું. આ આકસ્મિક મુલાકાતમાં આપણને સમાજ માટે નવી જગ્યાનો એક વિકલ્પ મળી આવ્યો.

એ ગુજરાતી પરિવાર, એ **કલાગુરૂ રવિશંકર રાવળ**નો પરિવાર હતો. રવિશંકરભાઈનું પાલડી ખાતે મકાન હતું, જે એમના નિધન બાદ વેચવાનું હતું. વતન પરત આવીને ડૉ. દેઢિયાએ ટ્રસ્ટમંડળ દ્વારા નિયુક્ત કરાયેલ ખરીદ સમિતિ સમક્ષ આ જગ્યા પણ જોવાનો પ્રસ્તાવ મૂક્યો. ઘણી જગ્યાઓ જોયા બાદ સમિતિએ અહેવાલ રજૂ કર્યો. તેમાં બે જગ્યાઓ આખરી વિચારણા માટે યોગ્ય જણાઈ હતી. એક એલિસબ્રિજ પાસે અને એક લૉ ગાર્ડન પાસે. આ બંને જગ્યાઓ અંગે જરૂરી કાનૂની ચકાસણી કરવા કાયદા નિષ્ણાતોની મદદ લેવાઈ. સાથે જ જગ્યા ખરીદવા માટે જરૂરી કાર્યવાહી તથા આર્થિક આયોજનો પણ શરૂ થયા. અંતે સપ્ટેમ્બર ૧૯૮૯માં પાલડી ખાતેની જગ્યા ખરીદવાનો નિર્ણય લેવાયો.

સમાજનું બીજુ સંકુલ આકાર લેશે, એ નક્કી થતાં જ સમાજના મોભી અગ્રણી **શ્રી માવજીભાઈ ધારશી કુરિયા**એ નવા પ્રોજેક્ટ માટે રૂા. પાંચ લાખની માતબર રકમનું બિનશરતી દાન આપ્યું. સમાજના સક્રિય શુભ ચિંતકની આ ઉદાર સખાવતથી સૂચિત પ્રકલ્પના પાયામાં પ્રાણ પૂરાયા. અંદાજિત ૭૫-૮૦ લાખના ખર્ચે તૈયાર થનાર નવા મકાન માટેની આર્થિક જરૂરિયાતને પહોંચી વળવાનું બળ સૌ કાર્યકરોને મળ્યું.

શરૂઆતમાં એક વર્ષની મુદત માટે જમીન સંપાદન તથા અન્ય ખર્ચ માટેની રકમ લોન પેટે એકત્રિત કરવાનું ઠેરવાયું. સ્થાનિક સ્તરે જ વીસ લાખ જેટલી રકમ એકઠી કરવા નક્કી થયું. નવા સંકુલમાં કોમ્યુનિટી હોલ, વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ, આરોગ્ય નિદાન કેન્દ્ર, લાઈબ્રેરી વગેરે સવલતો પૂરી પાડવા માટે વિચારણા થઈ. સૂચિત પ્રોજેક્ટ માટે સૂચનો લેવાયા. નકશા અને અંદાજ મેળવવાની કાર્યવાહી થઈ. યોજનાઓ બનાવાઈ. કાયમી ફંડમાં દાન મેળવવા માટે આયોજનો થયા.

તા. ૧૭-૯-૧૯૮૯ના રોજ આયોજિત સમાજના ૨૬મા વાર્ષિકોત્સવમાં ઉપસ્થિત અતિથિ વિશેષ **શ્રી વિજયભાઈ છેડા**એ **"કચ્છી ભવન"** ઊભું કરવાની સમાજની પ્રવૃત્તિની અનુમોદના કરી હતી અને ભવનમાં હેલ્થ સેન્ટર બનાવી આરોગ્ય ક્ષેત્રે લોકોની સેવા કરવાનું સૂચન કર્યું હતું. બીજા અતિથિ વિશેષ **ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી સ્વરૂપચંદભાઈ શાહે** નવા સંકુલમાં કેળવણીને - **શિક્ષણ પ્રવૃત્તિ**ને પણ પૂરતું સ્થાન આપવા કહ્યું હતું. અતિથિ વિશેષ **શ્રી બાબુભાઈ નાગડા**એ ૧૦ લાખથી શરૂ કરીને એક કરોડના પ્રોજેક્ટ સુધી પહોંચવા બદલ સમાજના સાહસ અને શક્તિને બિરદાવ્યા હતા. તેમણે અંગત જ્ઞાન મુજબ જણાવ્યું હતું કે, ૪ પ્રકારની જમીનોમાંથી **'તપોભૂમિ'** સમાન જમીન આપણને પ્રાપ્ત થઇ છે. ગુજરાતના જ્યોતિર્ધર કલા કુલગુરૂ શ્રી રવિશંકર રાવળ જેવા મહાનુભાવની જગ્યા મળવી એ સમાજનું અહોભાગ્ય છે. તન-મન અને ધનથી વહેલી તકે આમાં દાનનો પ્રવાહ વહેવડાવીને લાભ લેવા એમણે સૌ કોઈને અપીલ કરી હતી. અન્ય અતિથિ વિશેષ **જેઠાલાલભાઈ સાવલા**એ કહ્યું હતું, "તમારે એક કરોડ રૂપિયા માટે ઝોળી ફેલાવવાની જરૂર નહીં પડે. દાનનો પ્રવાહ આપોઆપ તમારા સુધી પહોંચશે."

સૂચિત પ્રોજેક્ટ માટે બાનાખત થયેલ જમીનના પ્લોટની કિંમત જેટલી રકમ વગર વ્યાજની લોન તરીકે ઊભી કરવા માટે નંખાયેલ ટહેલને ખૂબ સારો પ્રતિસાદ મળતા, જમીનનો કબજો નિયત સમય કરતા વહેલો મળી શકશે એવી શ્રધ્ધાથી કાર્યકરોએ

ઈન્કમ ટેક્સ વિભાગ, રીઝર્વ બેંક તથા સ્થાનિક સોસાયટી વગેરે તરફથી વેચાણ કરારની મંજૂરી માટેના પ્રયત્નો બમણા વેગે શરૂ કર્યા. **ઓગસ્ટ ૧૯૮૯માં જમીન ખરીદવા અંગે બાનાખત** થઈ ગયો હતો અને કુલ કિંમતના ૧૦ ટકા રકમ પણ ચૂકવાઈ ગઈ હતી. પરંતુ ત્યારબાદ કાનૂની કાર્યવાહીમાં ધાર્યા કરતા વધુ સમય નીકળી ગયો. માર્ચ ૧૯૯૦ સુધીમાં આવકવેરા વિભાગ, બેંક અને કો.ઓ. હાઉસિંગ સોસાયટીની કાયદાકીય પ્રક્રિયાઓ પૂર્ણ થતાં, જમીન ખરીદી માટે ૧૫%નો બીજો હપ્તો પણ ચૂકવાઈ ગયો.

તા. ૧૮-૩-૧૯૯૦ના રોજ મળેલ ખાસ સામાન્ય સભામાં કાયમી ભંડોળ ઊભું કરવા અંગે ચર્ચા કરાઈ. જેમાં વિચારણાને અંતે નિર્ણય લેવાયો કે નવા સંકુલ પર **મુખ્ય નામ માટે લક્કી ડ્રો** કરવો અને એ માટે રૂા. ૫,૦૦૦/-ની એક, એવી બે હજાર પાંચસો જેટલી કૂપનો થકી સમાજમાંથી અને અમદાવાદ બહારથી રકમ એકઠી કરવી. ઉપરાંત સંકુલમાં જુદા જુદા વિભાગો ઉપર નામની તક્તી લગાડવા માટેના નકરા પણ નક્કી કરાયા. ત્રીજા અને ચોથા હપ્તા માટેની નાણાંકીય વ્યવસ્થા કરવા માટે અગ્રણીઓ કામે લાગ્યા. જ્ઞાતિજનોના ઉદારદિલ સહયોગથી જરૂરી રકમ વગર વ્યાજે મળી ગઈ. અંતે **૧૬૫૦ ચોરસ વારના પ્લોટ** માટે નક્કી કરાયેલ પૂરેપૂરી રકમ **રૂા. ૨૮,૭૧,૬૧૫/-** ચૂકવીને આખરી દસ્તાવેજ સાથે જમીનનો પૂરો કબજો સંસ્થાને મળી ગયો.

**તા. ૨૪-૦૬-૧૯૯૦**ને રવિવારનો દિવસ આપણા માટે ખાસ બની રહ્યો. એ દિવસે **'અષાઢી બીજ'** હતી. એટલે કે કચ્છી નવા વર્ષનો શુભ દિવસ હતો. એ વિશેષ દિવસે પાલડી ખાતેની બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટીના બંગલા નંબર ૪૩-૪૪ પર બનેલ રવિશંકર રાવળનો બંગલો, જે હવે સમાજે ખરીદી લીધો હતો, તેમાં **કુંભ સ્થાપન** કરવામાં આવ્યું. 'અષાઢી બીજ'ના મંગલ દિને કરાયેલ કુંભ સ્થાપનમાં શ્રી કચ્છી જૈન મહિલા મંડળ **'ભક્તિ મંડળ'**ની બહેનો દ્વારા પવિત્ર નવકાર મંત્ર ગાઈ, ખાસ સ્તવનો રજૂ કરાયા હતા. બહોળી સંખ્યામાં ઉપસ્થિત સમાજના સભ્ય પરિવારોએ અતિ આનંદ અને ઉત્સાહથી આ પ્રસંગને વધાવી લીધો હતો. નવા સંકુલનું મંગલાચરણ શુભ દિને શુભ ઘડીમાં થઈ ગયું. પરંતુ આ મહા પ્રકલ્પની તો પાશેરામાં પહેલી પૂણી હતી. હજી તો એક લાંબી સફર ખેડવાની હતી.

ઓગસ્ટમાં યોજાયેલ વાર્ષિક સામાન્ય સભામાં, મકાન પર મુખ્ય નામ માટે વિચારાયેલ લક્કી ડ્રો માટેના નિયમો નક્કી કરાયા તથા નવા મકાનના બાંધકામમાં કઈ કઈ પ્રવૃત્તિઓ માટે કેટલી જગ્યા ફાળવવી તે અંગે વિચારણા થઈ. તે મુજબ સાંસ્કૃતિક કેન્દ્ર, પાર્કિંગ પ્લોટ, એક્ઝીબિશન કમ ડિસ્પ્લે સેન્ટર, કોન્ફરન્સ હોલ, મેડિકલ સેન્ટર, મહિલા વેલફેર સેન્ટર, યુવા કેન્દ્ર, લાઈબ્રેરી, ૧૦-૧૫ નાના-મોટા રૂમો, સમાજ / ટ્રસ્ટ મંડળની ઓફિસ, સ્ટોર રૂમ વગેરેની જોગવાઈ કરવા વિચારાયું.

તા. ૨-૯-૧૯૯૦ના યોજાયેલ વાર્ષિકોત્સવ પણ ઐતિહાસિક બની રહ્યો. **શ્રી અશોકભાઈ મહેતા**એ વર્ષ દરમ્યાન થયેલ કામગીરીનો અહેવાલ આપી **ઇનામી કૂપનદાન** અંગે માહિતી આપી. આ પ્રોજેક્ટ માટે શરૂઆતમાં જ બિનશરતી રૂા. ૫ લાખનું દાન આપનાર **માવજીભાઈ**ના ધર્મપત્ની **શ્રીમતી લક્ષ્મીબહેને** ૨૫ ભેટ કૂપનના વિતરણની જવાબદારી લીધી. તો **શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા**એ **કાનજી રવજી પરિવાર વતી** ૨૫ કૂપનોનું દાન જાહેર કર્યું. સંસ્થાના પૂર્વ મંત્રી અને સક્રિય કાર્યકર **શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહે** અમદાવાદ બહાર ૨૦૦ કૂપનના વિતરણની જવાબદારી લીધી. સંસ્થાના ટ્રસ્ટી **શ્રી બંસીલાલ મગનલાલ ગડા** અને સંકલ્પના પ્રમુખ **શ્રી મહેશભાઈ શાહે** ૨૫-૨૫ કૂપનના વિતરણની તથા **શ્રી હરખચંદ કુંવરજી સાવલા** અને **શ્રી મહેન્દ્ર કુંવરજી શાહ** (વિજય ટ્રાન્સપોર્ટ)એ ૧૧-૧૧ ભેટ કૂપન સ્વીકારીને સહયોગ આપ્યો. કૂપન દાન યોજનાના શ્રી ગણેશ ધમાકેદાર થયા.

★ નવા મકાનના પ્લાન માટે આર્કિટેક્ટ સાથે બેસીને વિવિધ વિકલ્પો અંગે વિચારણા શરૂ થઈ. તો બીજી બાજુ લક્કી ડ્રો માટેના કૂપનોની વહેંચણીનું કામ અન્ય કાર્યકરોએ ઉપાડી લીધું. **હીરજીબાપા, અશોક મહેતા** તથા અન્યોએ કચ્છની મુલાકાત લીધી. ત્યાં **ગાંધીધામ મ્યુનિસિપાલિટીના પ્રમુખ શ્રી ધીરજભાઈ** તથા **શ્રી પ્રવીણભાઈ દંડ**નો સારો સહકાર મળ્યો. કચ્છના તત્કાલીન સાંસદ **શ્રી બાબુભાઈ મેઘજી શાહ** તથા ધારાસભ્ય **શ્રી તારાચંદભાઈ છેડા**એ પણ સમાજના કાર્યકરોને સમય અને સહયોગ આપ્યા.

★ ત્યારબાદ કાર્યકરોએ મુંબઈ ભણી નજર દોડાવી. **શ્રી હીરજીભાઈ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, મુળજીભાઈ લોડાયા, અશોકભાઈ મહેતા, બંસીલાલ ગડા, ભોગીલાલ શાહ, મહેશ ગાલા** – સૌએ મુંબઈના વિવિધ સમાજો અને પહોંચતી વ્યક્તિઓની મુલાકાતો લીધી. સમાજોના અગ્રણીઓને મળીને આપણા ભવન માટેની યોજના સમજાવી. મુંબઈમાં **શ્રી વિજય છેડા** તથા **ચંપકભાઈ હરિયા**નો સહકાર ઉલ્લેખનીય રહ્યો. **દામજીભાઈ એન્કરવાલા** અને **જાદવજીભાઈ, નવનીત પરિવાર**ના

**અમરચંદભાઈ તથા ડુંગરશીભાઈ ગાલા**, **શ્રી બિપીનભાઈ જૈન**, **આરતી ગ્રુપ**ના **શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી** – સૌનો ઉત્સાહજનક પ્રતિભાવ સાંપડ્યો.

મુંબઈથી પ્રગટ થતી **ખબર પત્રિકા**માં અને **'કચ્છ ગુર્જરી'**ના જાન્યુઆરી-૧૯૯૧ના અંકમાં કૂપન યોજનાની જાણકારી અપાઈ તથા મુંબઈના વિવિધ સ્થળે પ્રોજેક્ટના ૨૮,૦૦૦ પેમ્ફલેટ્સનું વિતરણ પણ કરાયું હતું.

★ કૂપન દાનમાં વેગ લાવવા માટે ટ્રસ્ટ મંડળે કૂપન લેનાર દાતાઓને અલગ તારવ્યા.

૧. ૨૫ કે તેથી વધુ ભેટ કૂપન લેનારને **"નિર્માણ દાતા"** કહેવા.

૨. ૧૦ થી ૨૫ કૂપન લેનારને **"સન્માનનીય દાતા"** કહેવા.

૩. ૫ થી ૧૦ કૂપન લેનારને **"સમાજ શુભેચ્છક"** ગણવા અને

૪. ૧ થી ૫ કૂપન લેનારને **"સામાન્ય દાતા"** ગણવા.

★ **શ્રી મગનભાઈ સંઘવી, શ્રી દામજી હીરજી સંગોઈ** તથા **હીરજીભાઈ શાહે** ૧૦ દિવસ માટે પૂર્વ ભારતની મુલાકાત લીધી. ત્યાં **ઝરિયા, ધનબાદ, રાઉરકેલા, કલકત્તા** વગેરે ક્ષેત્રોની મુલાકાત લઈ ૪૦ કૂપનોનું દાન મેળવ્યું. વધુ દાનની સંભાવનાઓ પણ ઊભી કરાઈ. તો બીજી એક ટીમ ૧૦ દિવસ માટે મુંબઈ ગઈ. જેમાં **બંસીલાલ ગડા, મુરજીભાઈ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા** અને **પ્રતાપભાઈ**ની મહેનતના અંતે ૩૦ કૂપનોનું દાન મળ્યું હતું. તો પદમશી **ચત્રભુજ ડાઘા, આર. આર. મહેતા** તથા અન્ય કાર્યકરો તથા મહિલા વિભાગની મહેનતથી સ્થાનિકે જ લગભગ ૫૦-૫૫ જેટલી કૂપનો માટે સહયોગ મળ્યો હતો.

માર્ચ ૧૯૯૧ સુધીમાં સમાજને ૨૫૦ કૂપનોના દાનના નાણાં મળી જતાં, વ્યાજમુક્ત લોન સ્વરૂપે મળેલ શરૂઆતી મદદ રકમ નિયત સમય પહેલા જ પરત કરી દેવાઈ.

તે પછી, પાલડી ખાતેના સૂચિત વિવિધલક્ષી સંકુલ માટે બાંધકામની કાર્યવાહી લગભગ બે વર્ષ સુધી સ્થગિત થઈ ગઈ હતી. આ જગ્યાના જૂના બંગલામાં બે ભાડુઆતો હતા. તે પૈકીના એક દરજીએ શરૂઆતમાં જ રાજીખુશીથી પોતાની દુકાન ખાલી કરીને સંસ્થાને જગ્યા સોંપી દીધી હતી. પરંતુ અન્ય ભાડુઆતે અવ્યવહારુ માંગણીઓ સામે મૂકી હતી. સમજાવટથી પણ કોઈ નિવેડો નહીં આવતા સિટી સિવિલ કોર્ટમાં રજુઆત કરવામાં આવી હતી. તે દરમ્યાન મુંબઈ **'જન્મભૂમિ'**ના તંત્રી **હરીન્દ્રભાઈ દવે**ની દરમ્યાનગીરીથી ભાડુઆત સામે કોર્ટ મારફતે સમજુતી સધાતા, કાયદાકીય ગૂંચ ઉકેલાઈ અને બીજા ભાડુઆતની રૂમનો કબજો પણ સંસ્થાને મળી ગયો હતો. આ સાથે જ જૂના બંગલાને જમીનદોસ્ત કરી, કાટમાળ ખસેડી, જમીનને સમતળ કરવામાં આવી. ભવન નિર્માણના કાર્ય સામેની અડચણ દૂર થઈ.

માથાભારે ભાડુઆત પાસે જગ્યા ખાલી કરાવી કબજો મેળવવામાં સામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવી, કામ પાર પાડવામાં સમાજના ટ્રસ્ટી **શ્રી મણિલાલભાઈ ગોસર**નો પણ સહયોગ રહ્યો હતો.

નગર પાલિકાના નિયમ અનુસાર ૧૮૦૦ ચો.વાર કે એથી મોટા પ્લોટ ઉપર બહુમાળી મકાન ઊભું કરી શકાય અને પ્લોટના માપ કરતા દોઢ ગણી FSI મળી શકે. સંસ્થાએ ખરીદેલો પ્લોટ ૧,૬૬૪ ચો.વાર હતો. એટલે આસપાસના પ્લોટમાંથી ખૂટતી FSI જેટલી જમીન હસ્તગત કરવાના પ્રયત્ન કરાયા, જે સફળ ન થઈ શક્યા.

અંતે અમદાવાદ - ગાંધીનગરમાં વસતા દરેક કચ્છી જૈન પરિવારના સહિયારા સામાજિક સ્વપ્ન સાકાર થવાની દિશામાં મંગલાચરણ થયું. તા. **૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૪**ના રોજ આ ભવનના **ભૂમિ પૂજન**નો ભવ્ય સમારોહ યોજાયો. શુભ મુહુર્ત સવારે ૭ વાગ્યાનું હોવાથી વહેલી સવારે ૬ વાગ્યા પહેલા જ સૌ કાર્યકરો ઉત્સાહમાં પહોંચી ગયા. **વિધિકાર શ્રી હીરાલાલ કુબડિયા**એ શાસ્ત્રોક્ત રીતે સ્નાત્રપૂજા કરાવી. ત્યારબાદ જાણીતા જૈન જ્યોતિર્વિદ **શ્રી બાબુભાઈ વી. નાગડા**એ ભૂમિ પૂજનની વિધિ કરાવી. ૭ના ટકોરે સમાજના મેનેજિંગ ટ્રસ્ટી **ડૉ. ચંદ્રકાંત દેઢિયા**ના હસ્તે નિયત સ્થાન પર પ્રથમ ખીલી રોપાઈ. **સર્વશ્રી હીરજીભાઈ, અશોકભાઈ, મુળજીભાઈ, મણિલાલભાઈ, કાંતિભાઈ** અને **ભોગીલાલભાઈ** આ વિધિમાં સહભાગી થયા. માનવંતા મહેમાનો **સર્વશ્રી બિપીનભાઈ જૈન, બાબુભાઈ મેઘજી શાહ, લક્ષ્મીચંદ વેરશી મસાલાવાલા, કાનજીભાઈ કાંતિલાલ મહેતા** અને **ચાંપશીભાઈ દેવશી નંદુ**ના હસ્તે ભૂમિપૂજન થયું.

કુંભ સ્થાપન વિધિ **શ્રીમતી મીનાબેન નીતિન ભવાનજી દેઢિયા**ના હસ્તે કરાઈ. આ શુભ કાર્યમાં **શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયા, દમયંતીબેન મહેતા, પ્રભાબેન કાંતિલાલ સાવલા, લક્ષ્મીબેન કુરિયા, જયાબેન હીરજી શાહ** તથા **કોકીલાબેન**

**શાહ** જોડાયાં હતાં. ભૂમિ પૂજનમાં **પ.પૂ. વિજય યશોરત્નસૂરીશ્વરજી મ.સા.**ની મંગલવાણી / આશિર્વાદનો પણ લાભ મળ્યો.

ત્યારબાદ આયોજિત સમારોહનું અધ્યક્ષપદ જાણીતા સામાજિક કાર્યકર અને સફળ ઉદ્યોગપતિ આરતી ગ્રુપના **શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી** (નાના ભાડિયા)એ શોભાવ્યું હતું. સાથે જ વિશિષ્ટ મહેમાનો તરીકે **શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા** (લાયજા), **શ્રી બિપીનભાઈ જૈન** (નાની ખાખર), **મુરજીભાઈ સાવલા** (તુંબડી), **માલશીભાઈ ચરલા** (આધોઈ), **મૂલચંદ કરમચંદ શેઠ** (મુંદ્રા), **ધીરજલાલ શાહ** (ગાંધીધામ) સહિત અન્ય સામાજિક અને રાજકીય અગ્રણીઓએ મંચસ્થ થઈને સમારંભની ગરિમા વધારી હતી. રાજ્યના મંત્રી મંડળમાં કચ્છના એકમાત્ર પ્રતિનિધિ, **કાયદામંત્રી શ્રી નવીનભાઈ શાસ્ત્રી**ની હાજરી પણ નોંધનીય રહી હતી. મહેમાનોએ પ્રાસંગિક પ્રવચનોમાં સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

કાર્યક્રમ દરમ્યાન **શ્રી જગશી જેઠા પરિવાર** તરફથી સૂચિત સાંસ્કૃતિક કેન્દ્ર માટે **રૂા. ૧૧ લાખ** અને **મુરજીભાઈ સાવલા પરિવાર** તરફથી જૈન આરાધના કેન્દ્ર માટે **રૂા. ૫ લાખ**ના માતબર રકમના દાનની જાહેરાત થતાં જ વાતાવરણ ઉત્સાહની ઉર્જાથી ભર્યુંભર્યું થઈ ગયું અને દાનનો ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો. જોતજોતામાં રૂા. ૩૫ લાખની ઑફર થઈ ગઈ. આ સૌ દાતાશ્રીઓનું તથા અગાઉ મળેલ રૂા. ૩૨ લાખના દાતાશ્રીઓનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું. ભૂમિ પૂજન વિધિકાર શ્રી બાબુભાઈને ચાંદીના પતરા પર બનેલ સન્માનપત્ર અર્પણ કરાયું.

અંતમાં સમારંભ અધ્યક્ષ **ચંદ્રકાંતભાઈ ગોગરી**એ ક્યાંય નામની તક્તી લગાવ્યા વિના રૂા. પાંચ લાખની જાહેરાત કરી અને એમાંની અડધી રકમ કચ્છના **શ્રી વિવેકાનંદ ફાઉન્ડેશન**ને ફાળવવા અનુરોધ કર્યો.

૨૪મી તારીખે વહેલી સવારનો સમય હોવાથી સૌ મહેમાનો આગલા દિવસે જ આવી પહોંચ્યા હતા. સૌ માટે શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર - કોબા અને ગાંધીનગર સ્થિત અક્ષરધામની મુલાકાતનું આયોજન કરાયું હતું તથા રાત્રિ ભોજન બાદ **કચ્છી ડાયરો 'ઇ પાંજે કચ્છજો પાણી'** યોજાયો હતો. જેમાં કચ્છી કલાકારો **લાલ રાંભિયા, ગુલાબ દેઢિયા, વિશનજી મારૂ, પ્રીતિ ગોગરી** વગેરેએ મોડી રાત સુધી રંગ જમાવ્યો હતો.

સમાજના કાર્યકર્તાઓએ જુદી જુદી જવાબદારીઓ ઉપાડી લઈને બે દિવસનો કાર્યક્રમ સુપેરે પાર પાડ્યો હતો.

★

૧૯૯૫ના ફેબ્રુઆરી સુધીમાં પાલડી સંકુલનું કામ સંતોષકારક ગતિએ આગળ વધતાં ભોંયરાનો સ્લેબ ભરાઈ ગયો. સંસ્થાનું **રજત જયંતી વર્ષ** ચાલી રહ્યું હોવાથી એ જ વર્ષે બાંધકામ પૂર્ણ કરવાના સંકલ્પ સાથે કાર્યકર્તાઓ મહેનત કરી રહ્યા હતા. માર્ચમાં પહેલા માળનો સ્લેબ ભરાઈ ગયો. સમાજનું કાર્યાલય પણ પાલડી ખાતે કાર્યરત થઈ ગયું હતું.

ત્યારબાદ **હીરજીભાઈ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, અશોકભાઈ** અને **મુળજીભાઈ દક્ષિણ ભારત**ની મુલાકાતે ગયા. મદ્રાસ, મદુરાઈ, કોઈમ્બતુર, તીરૂપુર વગેરે સ્થળોના ૧૦ દિવસના આ પ્રવાસનું એકમાત્ર પ્રયોજન હતું, સંકુલ માટેની લકી ડ્રો કૂપનોનું વિતરણ. પ્રથમ તેઓ મદ્રાસ ગયા. જ્યાં ૬૦ કૂપનોનું વિતરણ થયું. જ્યાં સર્વશ્રી **બાબુભાઈ દેવરાજ શાહ, મિલાપચંદભાઈ રૂપચંદ શાહ, ભદ્રેશભાઈ વાડીલાલ શાહ, વિઠ્ઠલભાઈ દેવશી વોરા, મનસુખલાલ ગોરધન મહેતા, મહેન્દ્રભાઈ લાલચંદ શાહ, રતનશીભાઈ હીરજી છેડા, દિનેશભાઈ મંગળદાસ ભેદા** વગેરેનો સુંદર સહયોગ સાંપડ્યો હતો.

ત્યારબાદ મદુરાઈની બે દિવસની મુલાકાતમાં ૨૦ કૂપનોનું ભેટ - દાન મળ્યું. જેમાં **શ્રી રતિલાલ કેશવજી મેઘજી શાહ** (મુંદ્રા), **શ્રી ગાંગજીભાઈ કુંવરજી વોરા** (સમાઘોઘા) અને **શ્રી રમણિકલાલ રામજી શાહ** (બીદડા), સમાજના 'શુભેચ્છક દાતા'ઓ બન્યા હતા. એટલે કે પાંચ કે તેથી વધુ ભેટ કૂપનોનો સહકાર તેમણે આપ્યો હતો. **શ્રી રવજી મોરારજી લાલને** ૧ કૂપન સ્વીકારેલ હતી.

જાન્યુઆરી ૧૯૯૬ સુધીમાં સંકુલના બેઝમેન્ટ, હોલો પ્લીન્થ, પહેલો માળ અને બીજો માળ – એ સ્લેબ ભરાઈ ગયા હતા. અત્યાર સુધી સિમેન્ટ, રેતી, કપચી, ઈંટોની ખરીદી થતી હતી. હવે લાકડું, કોટા સ્ટોન, માર્બલ વગેરેની ખરીદી પણ શરૂ થઈ. દર મહિને અંદાજે ૮-૧૦ લાખ રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો હતો. સ્થાનિક કુટુંબો પાસેથી આર્થિક ટેકો મેળવવામાં **કચ્છી જૈન મહિલા સમાજે** પણ સક્રિય પ્રયત્નો શરૂ કર્યા.

સંકુલનું બાંધકામ પૂર્ણતાને આરે આવતા, તેના ઉદ્‌ઘાટનની **તારીખ ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૭** નિર્ધારીત કરાઈ. ભંડોળ ઊભું કરવા માટેની ભેટ કૂપનનો ડ્રો પણ તે દિવસે કરવાનું નક્કી થયું. ભવ્યાતિભવ્ય ઉદ્‌ઘાટન સમારંભ માટેની તૈયારીઓ શરૂ

થઈ ગઈ. પ્રોગ્રામ સમિતિ, આમંત્રણ સમિતિ, સુવેનિયર કમિટી, ઉતારા વ્યવસ્થા, બાંધકામ, મનોરંજન, સ્વાગત, ટ્રાન્સપોર્ટ, ફંડ કલેક્શન, સંકલન, જમણ, વાસ્તુપૂજન અને સ્વયંસેવક – એમ અલગ અલગ ૧૭ સમિતિઓ બની અને જવાબદારીઓ સોંપાઈ ગઈ.

૧૨મી ડિસેમ્બરે ભવન સંકુલ પર એક મીટિંગ મળી. જેમાં ઉદ્‌ઘાટન સમારંભ માટે નિમાયેલ વિવિધ સમિતિઓએ પોતપોતાની કામગીરી અને તૈયારીનો અહેવાલ આપ્યો તથા ઉદ્‌ઘાટન સમારંભ અંગેના કાર્યક્રમની રૂપરેખાને આખરી ઑપ અપાઈ ગયો. તા. ૨૪, ૨૫ અને ૨૬ જાન્યુઆરી – એમ ત્રણ દિવસનો પ્રોગ્રામ ઘડાયો.

| | | |
|---|---|---|
| તા. ૨૪-૧-૧૯૯૭, શુક્રવાર : | બપોરે ૧૨.૩૦ કલાકે | **પંચ કલ્યાણક પૂજા** |
| તા. ૨૫-૧-૧૯૯૭, શનિવાર : | સવારે ૧૦ થી ૧ | **ઉદ્‌ઘાટન સમારંભ, વસતીપત્રક** અને **સોવેનિયરનું વિમોચન** તથા બહુમાન |
| | બપોરે ૨.૦૦ થી ૬.૦૦ | **અમદાવાદ દર્શન** |
| | રાત્રે ૯.૦૦ થી ૧૨.૦૦ | **મનોરંજન કાર્યક્રમ** |
| તા. ૨૬-૧-૧૯૯૭, રવિવાર : | સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ | વિવિધ ઉદ્‌ઘાટનો, **ભેટ કૂપન ડ્રો નો કાર્યક્રમ.** |

અંતે જેની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી, તે ઘડી આવી પહોંચી. સમાજના જ સભ્યોએ જે સ્વપ્ન સેવ્યું હતું, તે સમાજના કાર્યકરોના સ્વસ્થ મનથી, દઢ સંકલ્પથી અને નિષ્ઠાસભર પ્રયત્નોથી સાકાર થયું હતું. ફેબ્રુઆરી ૧૯૯૪માં ખાતમુહૂર્ત કર્યા પછી આ ભવ્ય મહાલય ઊભું કરવામાં ત્રણ વર્ષ લાગ્યા. હિમાલય જેવી અડચણો અને આપ્તજનોની જ શંકાના ધુમ્મસ જેવા બધા જ પડકારો પાર કરીને નિર્માણ પામેલ **"સમાજ મંદિર"** સમાજને જ સમર્પિત કરવાનો અવસર આવી પુગ્યો.

ત્રણ દિવસીય કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ સમિતિએ દેશભરમાં લગભગ ૪,૦૦૦ જેટલા આમંત્રણો વેળાસર મોકલાવ્યા હતા. જેમાંથી આશરે ૫૦૦ જેટલા મહેમાનો બહારગામથી આવ્યા હતા. સ્વાગત સમિતિના સભ્યો દિવસ-રાત સ્ટેશન પર રહી સૌને પ્રેમથી આવકારો આપતા અને ઉતારા વ્યવસ્થા કમિટીના સભ્યો મહેમાનોને તેમના ગંતવ્ય સ્થાને પહોંચાડવાની વ્યવસ્થા કરતા. બસ, મેટાડોર અને ટેક્સી વગેરે પૂરતા પ્રમાણમાં તૈયાર રાખીને ટ્રાન્સપોર્ટ સમિતિએ કોઇને આવવા જવામાં અડચણ ન પડવા દીધી. મંડપ બાંધકામ સમિતિએ પાલડી સંકુલ ખાતે, વચ્ચે એક પણ પીલ્લર વગરનો સુવિધાયુક્ત સુંદર શમિયાણો ઊભો કર્યો હતો. આ ઉદ્‌ઘાટન સમારોહ માટે સમાજના નાના મોટા સૌ કોઈ યથાશક્તિ સેવામાં જોડાઈ ગયા હતા. અમદાવાદના એકે એક કચ્છી જૈન કુટુંબના ઉમંગ અને ઉત્સાહ ચરમસીમા પર હતા, જે સ્વાભાવિક જ હતું. પરંતુ કચ્છ, મુંબઇ અને દેશની અલગ અલગ દિશાએથી આવનાર મહેમાનોનો ઉલ્લાસ અને આનંદ પણ અનેરો હતો. એનું કારણ એ જ કે, ભવન નિર્માણમાં સમાજે દૂર-સુદૂર વસતા મિત્રોને - કચ્છી જૈનોને પણ જોડ્યા હતા. એથી એ સૌ કોઈ પણ જાણે પોતાનો જ કાર્યક્રમ હોય એવી ભાવનાથી, એ હક્કથી, એ આનંદથી આવ્યા હતા. એ થકી તો આ કાર્યક્રમને ચાર ચાંદ લાગી ગયા હતા.

વિવિધલક્ષી સંકુલની નાણાંકીય જરૂરિયાતને પહોંચી વળવા માટે રૂા. ૫,૦૦૦/-ની ભેટ કૂપનનો વિચાર મૂકાયો, ત્યારે એક તબક્કે તો ૧૫૦૦ કૂપનોનું પણ વિતરણ થઈ શકશે કે કેમ એવો પ્રશ્નાર્થ ઉદ્‌ભવ્યો હતો. પરંતુ સંન્નિષ્ઠ કાર્યકરોના અથાગ પરિશ્રમને અંતે ૨,૦૮૬ કૂપનો થકી સહયોગ મળ્યો. સ્થાનિક અમદાવાદ ઉપરાંત **મુંબઈ, મદ્રાસ, હૈદ્રાબાદ, મદુરાઈ, બેંગ્લોર, ઝરિયા, ધનબાદ, રાયપુર, વડોદરા, ભુજ, ગાંધીધામ** વગેરે અનેક શહેરોમાંથી હુંફાળો પ્રતિસાદ મળ્યો હતો. એટલે જ આ વિવિધ સ્થળેથી પણ શુભેચ્છકો ઉમટ્યા હતા.

૨૫મી અને ૨૬મીના ભવ્ય કાર્યક્રમ પહેલાં, અનિષ્ટોને ઓગાળી નાખતા અરિહંત પ્રભુના આશિર્વાદ મેળવવાના આશય સાથે **૨૪મી જાન્યુઆરી**ના રોજ **પંચ કલ્યાણક પૂજા** ભણાવાઈ હતી. જૈન વિધિકાર **શ્રી હીરાલાલભાઈ કુબડિયા** અને પાર્ટીએ વિધિપૂર્વક આ પૂજા ભણાવી. જેના માટેનો આર્થિક સહયોગ **શ્રીમતી પ્રેમીલાબેન ઉમરશીભાઈ કુરૂવા પરિવાર**નો હતો.

૨૫મી તારીખે સવારે ૯ વાગ્યામાં બધા જ મહેમાનો પાલડી ભવન ખાતે પહોંચી ગયા. શિરામણ અને ભવન નિરીક્ષણથી ખુશ થયેલા સૌ સભા સ્થળે ગોઠવાયા. સમારંભ પ્રમુખ તરીકે સફારી ઈન્ડસ્ટ્રીઝના **શ્રી સુમતિભાઈ મહેતા** અને મુખ્ય મહેમાન તરીકે **રાજ્યના નાણાંમંત્રી શ્રી બાબુભાઈ મેઘજી શાહ** ઉપસ્થિત હતા. ઉપરાંત અતિથિ વિશેષ તરીકે ભુજના ધારાસભ્ય **શ્રી મુકેશ ઝવેરી**, પૂર્વ ધારાસભ્ય **શ્રી ચંપકલાલ શાહ**, ઉપરાંત કચ્છી અગ્રણીઓ - ઉદ્યોગપતિઓ સર્વશ્રી **નેણશીભાઈ લધા ગાલા, શ્રી દામજી જાદવજી છેડા, શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા, શ્રી વલ્લભજી ખેતશી શાહ, શ્રી ટોકરશી શિવજી સાવલા,**

**શ્રી બિપીનભાઈ કાનજી જૈન, શ્રી લક્ષ્મીચંદ વેરશી મસાલાવાલા, શ્રી નવીનભાઈ ઉમરશી શાહ** વગેરેની મંચ પર ઉપસ્થિતિ કાર્યક્રમને શોભાવી રહી હતી. સમારંભના ઉદ્‌ઘાટક તરીકેનો લહાવો **શ્રી મણિલાલભાઈ કુંવરજી ગોસરે** લીધો હોઈ તેમણે ધર્મપત્ની સાથે દીપ પ્રગટાવી સમારંભ ખુલ્લો મૂક્યો હતો.

પ્રાર્થના ગીત બાદ સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ **ડૉ. ચંદ્રકાંત દેઢિયા**એ સ્વાગત પ્રવચન કરી, સફરના સ્મરણો વાગોળી સમાજની સંગઠન શક્તિને બિરદાવી, સહભાગીઓનો ઋણ સ્વીકાર કર્યો હતો. પુષ્પ સ્વાગત બાદ **શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા**ના હસ્તે સુવેનિયર **'સંભારણું'**નું વિમોચન કરાયું. જેને સુવેનિયર સમિતિએ માહિતીસભર અને રસ-સભર ઉત્તમ લેખોથી સમયસર તૈયાર કર્યું હતું. **શ્રી વલ્લભજી ખેતશી શાહે 'વસતીપત્રક ૧૯૯૬'**નું વિમોચન કરી, તે સમાજને અર્પણ કર્યું. અમદાવાદ - ગાંધીનગરમાં અને આસપાસ વસતા કચ્છી જૈન પરિવારો અંગેની વિસ્તૃત માહિતી પૂરી પાડતું આ વસતીપત્રક, **શ્રી પોપટલાલ ધરોડ**ની આગેવાનીમાં સમિતિએ મહિનાઓની જહેમત બાદ તૈયાર કર્યું હતું. સૌ કોઈએ સમાજના આ નવા નજરાણાને વધાવી લઈને પ્રોત્સાહક શુભેચ્છાઓ પાઠવી, સૂચનો કરી, અભિનંદન આપ્યા.

ત્યારબાદ સૌ મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યા. મહેમાનોનું સ્મૃતિચિહ્ન અને શાલ અર્પણ કરી બહુમાન કરાયું. ઉપરાંત નાણાંમંત્રી **બાબુભાઈ શાહ**ના હસ્તે આર્કિટેક્ટ **શ્રી મયંક ગજ્જર**, સ્ટ્રક્ચરલ ડિઝાઈનર **શ્રી નરેશ શાહ**, સંસ્થાના ઈજનેર **શ્રી શાંતિભાઈ મિસ્ત્રી**, યુવા કોન્ટ્રાક્ટર્સ **શ્રી અમિત ભટ્ટ** અને **શ્રી પ્રજ્ઞેશ દોશી** તથા પૂર્વ કોન્ટ્રાક્ટર **શ્રી પ્રદીપ ગુપ્તા**નું બહુમાન કરાયું.

મહેમાનો સાથેનું બપોરનું સમૂહ ભોજન યુવરાજ ઈન્ડસ્ટ્રીઝવાળા **શ્રી વલ્લભજી ખેતશી શાહ** તરફથી હતું. ભોજન બાદ બહારગામથી પધારેલા મહેમાનો માટે **અમદાવાદ દર્શન**નું આયોજન હતું. પર્યટન સમિતિએ **ગાંધી આશ્રમ, તપોવન અને અડાલજની વાવ** બતાવીને મહેમાનોને ખુશ કરી દીધા હતા. સાંજના ભોજન બાદ હાસ્ય સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં **વસંત પરેશ, કિરીટ વ્યાસ** અને **પી. ખરસાણી**એ ત્રણ કલાક ભરપૂર મનોરંજન પીરસ્યું. રાત્રે ૧૨ વાગે પણ કલાકારો કે શ્રોતાઓ કાર્યક્રમ પૂરો કરવા તૈયાર ન હતા. પ્રોગ્રામ સમિતિએ બે દિવસના સ્ટેજ ફંકશન ઉપરાંત દિવસ દરમિયાન પણ મહેમાનો કંટાળે નહીં, એવા રસપ્રદ ભરચક કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.

આગલી રાતના મોડે સુધી પ્રોગ્રામ માણ્યા બાદ પણ બીજા દિવસે સ્થાનિકો અને મહેમાનો સવારે ૯ વાગે ભવન પર હાજર થઈ ગયા હતા. મહેમાનો અને સભ્યોની ભરચક હાજરીમાં **૨૬મી જાન્યુઆરી - ગણતંત્ર દિવસ**ની ઉજવણી થઈ. મધ્ય પ્રદેશથી ચૂંટાયેલા **રાજ્યસભાના સભ્ય શ્રી રાઘવજીભાઈ લખમશી સાવલા**એ સંકુલના પટાંગણમાં તિરંગો લહેરાવ્યો. રાષ્ટ્રગીત અને દેશ ભક્તિના ગીતોની સૂરાવલીઓ વચ્ચે, દેશપ્રેમના માહોલને અનુરૂપ પ્રવચન પણ કર્યું. ઉપરાંત **દીપક મેપાણી** અને **વર્ષા મેપાણી** દ્વારા **શ્રી પ્રદીપ ઝવેરી**ના ફોટોગ્રાફ્સ પ્રદર્શિત કરાયા હતા. કચ્છની ગ્રામીણ સંસ્કૃતિ અને કલાકૃતિઓના સુંદર ફોટોગ્રાફ્સ, ઉપસ્થિત સૌએ જોયા - માણ્યા. ત્યારબાદ સૌ ઉદ્‌ઘાટન સમારંભ માટે ગોઠવાયા.

સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ **ડૉ. ચંદ્રકાંત દેઢિયા**ના સ્વાગત પ્રવચન તથા મહાનુભાવોના પુષ્પ સ્વાગત બાદ સમારંભ પ્રમુખ **શ્રી જગશીભાઈ જેઠા**એ દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો શુભારંભ કર્યો. સંસ્થાના માનદ્ મંત્રી **શ્રી અશોકભાઈ મહેતા**એ સંસ્થા દ્વારા ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓ અંગે જાણકારી આપી. **શ્રી બાબુભાઈ નાગડા**એ જણાવ્યું કે ક્ષેત્રભાવ - દ્રવ્ય અને કાળની દૃષ્ટિએ આ જમીન **કર્મભૂમિ** છે. સામાજિક કાર્યો માટે આ સ્થળ અનુકૂળ હોવાથી સેવાના ભગીરથ કાર્યો સમાજ દ્વારા થશે એવી શુભવાણી ઉચ્ચારી સમાજના આ સોપાનને બિરદાવ્યું.

ત્યારબાદ **શ્રી બિપીનભાઈ કાનજી જૈન**ના હસ્તે શ્રી કચ્છી જૈન ભવનનું ઉદ્‌ઘાટન થયું. તત્પશ્ચાત **શ્રી ભવાનજી રામજી દેઢિયા**એ **સાંસ્કૃતિક કેન્દ્ર**નું, **શ્રી લક્ષ્મીચંદ વેરશી મસાલાવાલા**એ **મેડિકલ ચેક-અપ સેન્ટર**નું તથા **શ્રી નવીનભાઈ ઉમરશી શાહે સેવા ભવન**નું ઉદ્‌ઘાટન કર્યું. આમ, વિવિધલક્ષી સંકુલ સમાજના ઉપયોગ માટે ખુલ્લું મૂકાતાં ઉપસ્થિત સૌ ખુશીથી ઝુમી ઉઠ્યા.

ત્યારબાદ સમાજની એક નવતર પહેલ સમ **"બાલ સમૃદ્ધિ યોજના"**ની શરૂઆત થઈ. મુખ્ય મહેમાન **શ્રી ટોકરશી શિવજી સાવલા**એ તા. ૨૬-૧૨-૧૯૯૬ના રોજ પહેલી વર્ષગાંઠ મનાવનાર **ચિ. નિસર્ગ કમલેશ મનુભાઈ શાહ**ને રૂા. ૨,૦૦૦/-નું યુનિટ ટ્રસ્ટનું વાઉચર આપીને બાલ સમૃદ્ધિ યોજનાનો વિધિવત પ્રારંભ કરાવ્યો. આ ગીફ્ટ વાઉચર થકી બાળક જ્યારે ૨૦ વર્ષનું થાય ત્યારે અનેકગણી વધીને તે રકમ મળે, તેવું આયોજન છે. આ યોજના માટે **શ્રી માવજી ધારશી કુરિયા** અને **શ્રી બાબુભાઈ વી. નાગડા**એ નાણાંકીય સહાય પૂરી પાડી હતી. આ પ્રસંગે કચ્છી જૈન ભવનના પ્રેરક દાતા તરીકે મુ. **શ્રી માવજીભાઈ ધારશી**

**કુરિયા**નું શાલ ઓઢાડી બહુમાન કરાયું.

બે દિવસીય ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત દરેક મહાનુભાવોએ સંસ્થાની એકતાના અને આવું ભવ્ય સંકુલ ઊભું કરવામાં મળેલી સફળતાના ભારોભાર વખાણ કર્યા. કાર્યકર્તાઓની જહેમત અને કચ્છીઓની દાનવીરતાની પ્રશંસા કરી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આ સંસ્થા **કચ્છની એમ્બેસી**ની માફક કાર્ય કરી, ઉત્તરોત્તર પ્રગતિ કરે અને પરમાર્થના કાર્યો કરતી રહે એવી શુભેચ્છાઓ પણ પાઠવી. પ્રવચનમાં પીરસાતા પ્રોત્સાહનના શબ્દોથી સમગ્ર વાતાવરણમાં અનેરો ઉત્સાહ ફેલાઈ ગયો.

**શ્રી પ્રેમજીભાઈ કાનપુરિયા, શ્રી કુંવરજીભાઈ નરશી લોડાયા (મુંબઇ)**એ તથા **શ્રી માવજીભાઈ કુરિયા**એ શાલ અને સ્મૃતિ ચિહ્ન અર્પણ કરીને સમાજના પ્રમુખ **ડૉ. ચંદ્રકાંત દેઢિયા** તથા મંત્રી **અશોકભાઈ**નું અભિવાદન કર્યું હતું. **શ્રી જગશીભાઈ છેડા**એ **શ્રી હીરજીભાઈ** અને **મુરજીભાઈ**નું સન્માન કર્યું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સભ્યોએ પણ સમાજના પ્રમુખ અને મંત્રીને સન્માનપત્ર અર્પણ કરી તેમની સેવાઓને બિરદાવી હતી. ઉપરાંત શ્રી માવજીભાઈ તરફથી ઉપસ્થિત સર્વે મહેમાનો, ટ્રસ્ટ મંડળના સભ્યો, મહિલા સમાજ તથા સંકલ્પને **ચાંદીના સિક્કા** યાદગીરી રૂપે ભેટ અપાયા હતા. **શ્રી હીરજીભાઈ શાહે** કૂપનના વેચાણમાં સહકાર આપનાર સૌ કોઈનો આભાર માન્યો હતો.

બાદમાં, સમાજના મહત્ત્વાકાંક્ષી સંકુલ નિર્માણમાં સમગ્ર દેશના શુભેચ્છકોને સાંકળવાના મૌલિક વિચાર સમ ભેટ કૂપનોનો ડ્રો શરૂ થયો. આ એક એવો વિચાર હતો, જેના થકી નાનામાં નાની વ્યક્તિ પણ સમાજને ઉપયોગી થવાનો, ફાળો આપવાનો સંતોષ લઈ શકે. વળી લાખોપતિ ન હોય એવી સામાન્ય વ્યક્તિના નામની તક્તી મકાન પર લાગે, તેવી શક્યતા પણ મળે. કરોડોની ઈમારત ઉપર, પાંચ હજારની માત્ર એક કૂપન લેનારને પણ પોતાનું નામ મૂકવાની તક મળે. આવા ક્રાંતિકારી વિચારવાળી ભેટ કૂપન યોજનાની ડ્રો પદ્ધતિ અંગે, **ડ્રો સમિતિના કન્વીનર શ્રી આણંદજી વેલજી વીરા**એ સમજ આપી. મહેમાનો **શ્રી રતનશી પ્રેમજી ગોગરી (હૈદ્રાબાદ)** અને **શ્રી ઉમરશી પાસુ શાહ (સાંગલી)**ને ડ્રોની કાર્યવાહીના નિરીક્ષક બનાવાયા. કુલ ૨,૦૮૯ ભેટ કૂપનોનું સંસ્થાને દાન મળ્યું હતું. તે પૈકી **૧૩૭૭** નંબરની કૂપન ડ્રો માં ભાગ્યશાળી રહી. જે મદુરાઈના હોટલ સુપ્રીમના માલિક **શ્રી રવજીભાઈ મોરારજી લાલન**ને અપાઈ હતી. નિયમ મુજબ રવજીભાઈ જે નામ સૂચવે, એ નામ સમગ્ર સંકુલને અપાશે, એ અંગે તેમને જાણ કરવામાં આવી.

સંકુલના મુખ્ય નામ બાદ મેડિકલ ચેક-અપ સેન્ટર અને અતિથિ ભવનના રૂમોની ફાળવણી માટે ડ્રો યોજાયો હતો. મેડિકલ ચેક-અપ સેન્ટરના કુલ ૧૮ રૂમો પૈકી પાંચ મોટા રૂમના દાતાઓ સર્વશ્રી **મેઘજી કચરાભાઈ છેડા, લક્ષ્મીચંદ વેરશી કારાણી, શાંતિલાલ મુળજી સાવલા, પ્રેમચંદ માણેકચંદ મહેતા** અને **પદમશી કાનજી મૈશેરી**ના નામે અલગ અલગ રૂમોની ફાળવણી થઈ. ઉપરાંત સાત નાના રૂમોના દાતાઓ **સર્વશ્રી બિપીનચંદ્ર કાનજી રવજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ**, **ચાંપશી દેવશી નંદુ, ઝવેરચંદ લાલજી છેડા, ઉગરચંદ પોપટલાલ ગઢેચા, શ્રી અરજણ એન્ડ ખીમજી સાર્વજનિક ટ્રસ્ટ, શ્રી ભવાનજી પ્રેમજી દેઢિયા** અને **શ્રી માલશી મેઘજી ચરલા**ના નામોની તક્તી કયા રૂમ પર લાગશે, તે ડ્રો દ્વારા નક્કી થયું.

તે પ્રમાણે અતિથિ ભવનના કુલ ૧૯ રૂમોમાંથી સાતના દાન મળ્યા હોવાથી તે નામોનો પણ ડ્રો થયો. જે પૈકી ચાર મોટા રૂમના દાતાઓ સર્વશ્રી **ગિરીશ દામજી પોલડિયા, શ્રી મણિલાલ પ્રેમચંદ વસા, શ્રી શાંતિલાલ મગનલાલ રાંભિયા** અને **રવજી દેવરાજ રાંભિયા**ને તેમના નામના રૂમો ફાળવાયા. તથા ૩ નાના રૂમો **શ્રી મણિલાલ મૂલચંદ છેડા, શ્રી વીરજી પ્રેમજી ગાલા** અને **શ્રી જયંતીલાલ ડુંગરશી મોતા**ને જુદા જુદા રૂમોની ફાળવણી ડ્રો દ્વારા થઈ.

એકમેકથી ચડિયાતા પ્રોત્સાહક પ્રવચનો, ઉદ્‌ઘાટનો અને ડ્રો દરમિયાન પણ દાનની ગંગા અવિરતપણે વહેતી રહી અને દાનવીરો સાથે કાર્યકર્તાઓ અને શ્રોતાઓને પણ પોરસાવતી રહી. આ બે દિવસ દરમિયાન સભા મંચ સંચાલનની કામગીરી **શ્રી કલ્યાણજી હીરજી સાવલા 'ઉર્મિલ'** દ્વારા ખૂબ સુંદર રીતે કરાઈ હતી. તેમની વાકછટા અને અસ્ખલિત શૈલીએ સ્ટેજ ફંકશન્સને શીરા જેવા ગળ્યા અને સુંવાળા બનાવી દીધા હતા. જે માટે તેમનું પણ શાલ ઓઢાડી અભિવાદન કરાયું.

અતિ આનંદ અને ઉમંગના વાતાવરણમાં સૌ તરબોળ હતા. એવામાં સમાચાર આવ્યા કે મુંબઈ જતી ટ્રેનોમાં કાંઈક ગરબડ છે. પધારેલા મહેમાનોમાંથી મોટાભાગના મુંબઈના હતા. એ સૌના મનમાં 'હવે શું કરીશું? કેવી રીતે જઈશું?' એ બધા પ્રશ્નો ચિંતા પ્રેરે, તે પહેલાં તો મંચ પરથી જાહેરાત કરાઈ કે જરૂર પડે મહેમાનોને સમયસર વડોદરા પહોંચાડવાની વ્યવસ્થા થઈ ગઈ છે. હકીકતમાં તો **ટ્રાન્સપોર્ટ કમિટી**એ ગણતરીની મિનિટોમાં જ મહેમાનોને છેક મુંબઈ સુધી પહોંચતા કરવાની પણ વ્યવસ્થા સાથે બે બસને તૈયાર રાખી હતી. આમંત્રિતો તો આપણી ત્વરીત નિર્ણય શક્તિ અને વ્યવસ્થા ક્ષમતા જોઈને મોંમાં આંગળા નાખી ગયા.

સમાજની યુવા પાંખ **'સંકલ્પ'**એ બંને દિવસ દરમિયાન રસોડાની, મનોરંજનની, ઉતારા વ્યવસ્થા, રહેઠાણ, સભા મંડપની

એમ દોડધામ માંગી લેતી અનેક જવાબદારીઓ સફળતાપૂર્વક ઉપાડી લીધી હતી અને અગ્રણીઓ - વડીલોને એ ચિંતામાંથી મુક્ત કર્યા હતા. દરેક સ્થળે, દરેક ટીમના સ્વયં સેવકોએ પોતપોતાનું કામ સુપેરે નિભાવ્યું.

જમણવાર સમિતિએ આ બે દિવસો દરમિયાન સ્વાદિષ્ટ નાસ્તા અને ભોજન સમયસર પીરસ્યા હતા. લગભગ ૨૨૦૦ લોકો એક સાથે જમે તોય ક્યાંય ધક્કામુક્કી ન થાય, અવ્યવસ્થા ન સર્જાય, તેવું આયોજન થયું હતું. આ વ્યવસ્થામાં **શ્રી કાંતિભાઈ સાવલા**નો પ્લોટ ખૂબ કામ આવ્યો. **જમણવાર સમિતિ, સ્વાગત સમિતિ** કે **ટ્રાન્સપોર્ટ સમિતિ**ના સ્વયંસેવકોએ શિયાળાની કડકડતી ઠંડીમાં રસોડામાં કે રેલવે સ્ટેશન પર રાત ગાળીને પોતાની ફરજ બજાવી હતી. કેટલાય કાર્યકરો નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવતા રહ્યા. એમણે બે દિવસના અન્ય કોઈ કાર્યક્રમ જોયા / માણ્યા પણ નહીં. પરંતુ તેમને સોંપાયેલું કાર્ય સુપેરે પાર પાડી આખાય અવસરને સફળ બનાવવામાં અમૂલ્ય યોગદાન આપ્યું. પડદા પાછળ રહીને સહયોગ આપનાર સૌ સ્વયં સેવકોના કાર્યોને બિરદાવી, તેમનું ઋણ સ્વિકારી, આભાર માનવામાં આવ્યો.

ઉપરાંત કાર્યક્રમ દરમિયાન કાર્યરત સવેતન કર્મચારીઓનો પણ આભાર માની, સૌને એક પગાર બોનસ તરીકે આપવાની જાહેરાત કરાઈ હતી. આમ, સમાજે અદના આદમીને પણ બિરદાવી તેમની યથાર્થ કદર કરી. સમાજ વતી સૌનું ઋણ સ્વિકારી **શ્રી મુરજીભાઈ નરશી શાહે આભારવિધિ** કરી હતી. આમ, બે દિવસના સમારંભનું સમાપન થયું. **શ્રી કાંતિલાલ વેલજી સાવલા પરિવાર** તરફથી **સ્વામિવાત્સલ્ય ભોજન**નું આયોજન હતું. ઉપસ્થિત સર્વે, માત્ર પેટથી જ નહીં, મનથી પણ સંતૃપ્ત થઈ ગયા હતા. બંને દિવસના કાર્યક્રમો નાના અમથા ઘસરકા વગર પાર પડ્યા. ટ્રેનો રદ થવાની અણધારી સમસ્યાનો હલ પણ જાણે પાંપણના પલકારા પહેલાં જ મળી ગયો હતો. દરેક જગ્યાએ, દરેક અવસરે, દરેક કાર્યનું જડબેસલાક આયોજન અને બેજોડ અમલીકરણ જોવા મળ્યા.

બેશક! આવું ભગીરથ કાર્ય ટીમ વર્ક વગર તો સંભવ થઈ જ ન શકે. **માવજીબાપા**નો અડીખમ આર્થિક ટેકો, **હીરજી બાપા**નો સંપૂર્ણપણે સમર્પિત સહયોગ અને **ડૉ. ચંદ્રકાંત દેઢિયા**ના દૂરંદેશી સફળ નેતૃત્વ ઉપરાંત **મુરજીભાઈ લોડાયા, બંસીલાલ ગડા, પ્રતાપભાઈ દંડ, મગનભાઈ સંઘવી, વિરેન્દ્ર લોડાયા, કાંતિલાલ સાવલા, હસમુખ ગઢેચા, મણિલાલ ગોસર, આણંદજીભાઈ વીરા** વગેરે કાર્યકરોના સંન્નિષ્ઠ પ્રયાસો થકી આર્થિક દૃષ્ટિએ અશક્ય લાગતું કાર્ય પણ સિધ્ધ થયું. તદ્ઉપરાંત એક વ્યક્તિનો વિશેષ રીતે ઉલ્લેખ કરવો પડે. જેમના યોગદાનને પ્રમુખ ડૉ. દેઢિયાએ પોતાના પ્રવચનમાં પણ વિશેષ રીતે બિરદાવ્યું હતું. એ અભિવ્યક્તિ શબ્દસઃ

*"આમ બાહ્ય મોરચો તો અમે સંભાળી લીધો. પરંતુ સ્થાનિકે એક યોધ્ધો, પોતાના સ્વાસ્થ્ય અને વ્યવસાયના ભોગે પણ અડીખમ રહીને મોરચો સંભાળી રહ્યો હતો. આર્કિટેક્ટ, કોન્ટ્રાક્ટર, માલ-સામાનની ખરીદી, કાયદાકીય ગૂંચ, મજુરોના પ્રશ્નો, નાણાંકીય વ્યવહાર વગેરે અનેક બાબતોનું કુશળતાપૂર્વક સંકલન કરી, રોજબરોજની સમસ્યાઓનો કુનેહથી નિકાલ લાવી, ભવન નિર્માણની સૌ જવાબદારી આયોજનબધ્ધ અને સમયસર મારા સાથી કાર્યકર **શ્રી અશોકભાઈ મહેતા**એ નિષ્ઠાપૂર્વક નિભાવી છે."*

ઉપરાંત, બે દિવસના દબદબાભર્યા ઉદ્ઘાટન સમારંભ દરમિયાન બેજોડ વ્યવસ્થા, મીઠી મહેમાનગતિ, સ્વાદિષ્ટ ભોજન, આવાગમન અને ઉતારાનું સુવિધાસભર આયોજન, યાદગાર સ્થળ પ્રવાસ અને મનોરંજન કાર્યક્રમ તથા અવિસ્મરણીય મંચ સમારોહથી ઉપસ્થિત સર્વે સાનંદ પ્રભાવિત થયા હતા. આ સફળતા માટે કાર્યરત લગભગ પંદરેક સમિતિઓના સંકલનનું ભગીરથ કાર્ય સુપેરે પાર પાડવામાં પણ **શ્રી અશોકભાઈ**ની આગવી સુઝને ધન્યવાદ આપીએ તેટલા ઓછા પડે.

આપણા સમાજના એકતાના પ્રતિક સમા ભવ્ય પ્રકલ્પ વિવિધલક્ષી સંકુલ - આપણા ભવનના નિર્માણની સફર દરમિયાન નાણાંકીય હિસાબોની ખૂબ જ અટપટી અને કપરી જવાબદારી આપણા તત્કાલીન **ખજાનચી શ્રી મગનભાઈ સંઘવી**એ ચીવટપૂર્વક સંભાળી હતી *(આ લખાઈ રહ્યું છે ત્યારે ત્રણ દિવસ પૂર્વે જ તા. ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ શ્રી મગનભાઈનું દેહાવસાન થયું છે. સમાજે એક નિષ્ઠાવાન કાર્યકર અને જાગૃત નાગરિક ગુમાવ્યા છે. મગનભાઈના આત્માની શાંતિ માટે પ્રાર્થના.)*

સમાજ માટે જગ્યા જોવાથી લઈને સુંદર સંકુલના ઉદ્ઘાટન સુધીની એક સુદીર્ઘ સફર, **'ટીમ સ્પિરીટ'** થકી **'ડ્રીમ'**ને મૂર્તિમંત કરવાની યાત્રા બની રહી. ભારતભરમાંથી પધારેલા ૫૦૦ જેટલા મહેમાનો શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદની સંગઠન શક્તિ, આયોજન ક્ષમતા અને બૃહદ્ સમાજ સેવા ભાવનાની સુવાસ લઈને વિદાય થયા.

***આપણે સેવા ક્ષેત્રે નવા સીમાચિહ્નો સ્થાપવાના પ્રથમ સોપાન પર ડગ માંડ્યા....***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## મેડિકલ સેન્ટર - પાલડી

*– ફાલ્ગુની હિરેન*

*સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ ।*
*સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિત્ દુઃખભાગ્ભવેત ॥*

આપણા પ્રાચીન ગ્રંથોમાં પ્રસ્તુત આ કેવી ઉચ્ચ વિભાવના છે! સૌ સુખી રહે, સૌ રોગમુક્ત રહે, સૌ મંગલમય ઘટનાઓના સાક્ષી બને, કોઇને દુઃખના ભાગી ના બનવું પડે, સૌના કલ્યાણની આવી પુનિત ભાવના આપણા શાસ્ત્રો થકી આપણા સંસ્કારોમાં અને આપણી વિચારધારામાં વણાઈ ગઈ છે. કેટલાય વાલીઓએ પોતાના બાળકોને પ્રાતઃકાળે ઊઠીને, બંને હથેળી જોડીને, પૂરા ભાવથી બોલતાં શીખવ્યું હશે. "સૌનું હો કલ્યાણ, સહુ રહે સુખી; કોઈ ન હો દુઃખી." આ માત્ર અઢાર અક્ષરોની અસર આકાશને આંબે તેવી છે. માત્ર ત્રણ વાક્યનો જાદુ, એના સકારાત્મક વિચારોના વલયોને વિશ્વભરમાં વેરતો હશે. પ્રાર્થનાના સ્થળ, શબ્દો અને રીત બધાની પોતીકી હશે. પરંતુ મૂળ લાગણી તો એકસમાન હશે – જગત કલ્યાણની. આથી જ ઘોર કલિકાલ કહેવાતા વર્તમાન સમયમાં પણ, 'સ્વ'ને ભૂલી 'સમાજ' માટે વિચારતા સ્વપ્નદ્રષ્ટાઓ છે. સત્કાર્યો માટે વિશાળ દાનભંડારો ખોલી નાખનાર અને નાની અમથી મરણમૂડીય ખર્ચી નાખનાર ઉદારદિલ દાતાઓ છે. નિઃસ્વાર્થભાવે કામમાં ખૂંપી જનાર કર્મીઓ છે. માત્ર સંતોષના ઓડકારથી પેટ ભરતા સેવાના આ ભેખધારીઓ, કળીયુગને, 'સતયુગ'થી પણ સારો બનાવી રહ્યા છે.

સદ્નસીબે, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને સૌના કલ્યાણ વિશે વિચારી શકે એવા જાગૃત અને સેવાભાવી સભ્યો મળ્યા. જેમણે મંડળ બનાવી પહેલાં પોતાના નાના વર્તુળ માટે પ્રવૃત્તિઓ શરૂ કરી. પછી વર્તુળને જ વિસ્તૃત કર્યું. સંપ, સહકાર અને સંગઠન વધુ મજબૂત થતાં દ્રષ્ટિ પણ વધુ ખૂલી. પરિવાર સિવાયના લોકોની સવલતો અંગે પણ વિચારો જાગ્યા. સૌથી પહેલા પગ મૂકવા ઓળખ ઊભી કરવા પોતીકું મકાન બનાવ્યું. જેમાં બહારગામથી આવતા અતિથિઓને ઉતારો મળે એવી સગવડ અપાઈ. ગીતા મંદિર ખાતે પ્રથમ અતિથિ ભવન ઊભું થયું અને તરત જ દીર્ઘદ્રષ્ટા અગ્રણીઓએ સમયથી આગળ જોવાનું શરૂ કર્યું. વધુ મોટી જગ્યામાં અનેકવિધ કાર્યો થઈ શકે એવું વિવિધલક્ષી સંકુલ ઊભું કરવાના પ્રયત્નો કર્યા. વિશાળ જગ્યા લેવાઈ ગયા બાદ KJSS ના હોદ્દેદારોએ એમાં થઈ શકે એવી પ્રવૃત્તિઓની યાદી બનાવી. અતિથિ ભવન અને સમાજની પ્રવૃત્તિઓ માટેની સગવડો ઉપરાંત શું કરવું? એનું મનોમંથન શરૂ થયું.

'પહેલું સુખ તે જાતે નર્યા' – આ ઉક્તિની યથાર્થતા સમજી સંકુલમાં તબીબી કેન્દ્ર થઈ શકે કે કેમ? તે અંગેની શક્યતાઓ ચકાસાઈ. મેડિકલ સેન્ટર માટેનો અનુભવ હતો નહીં. એટલે શું કરવું, કેવી રીતે કરવું? એ અંગે સંપૂર્ણ અંધારપટ હતો.

તે વખતે સક્રિય કાર્યકરોમાં માત્ર એક જ ડૉક્ટર હતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા. અને તે પણ પશુઓના ડૉક્ટર. તેઓ સરકારના પશુપાલન વિભાગમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત હતા. પરંતુ મેડિકલ સેન્ટર તો શું, એક ક્લિનિક ચલાવવાનો પણ અનુભવ ન હતો. જે કામમાં કોઈ જાણકારી ન હોય, અનુભવ ન હોય, તે કામમાં ઝંપલાવવું જોઈએ કે નહીં તેવી વિમાસણ થઈ. એમાંય આ તો લોકોના સ્વાસ્થ્ય સાથે સંકળાયેલી વાત હતી. એટલે પ્રશ્નો વધુ હતા.

પાલડી સંકુલ ખાતે મૂળ તો અતિથિ ભવન માટેના રૂમો બનાવવાનો જ આશય હતો. પરંતુ અન્ય શક્યતાઓ માટે દરવાજા (મન) ખુલ્લા હતા. તે વખતે **મુંબઈમાં સાંતાક્રુઝ**ની કચ્છીઓની એક લાયન્સ ક્લબ હતી. તેઓ એક મેડિકલ સેન્ટર ચલાવતા હતા – **મારૂ હોસ્પિટલ**. એટલે અમદાવાદથી **ડૉ. ચંદ્રકાંત દેઢિયા** તથા **હીરજી બાપા** ઉપડ્યા મુંબઈ અને પહોંચી ગયા પેલા મેડિકલ સેન્ટરમાં. એમણે જોયું કે ત્યાં નાના નાના સાંકડા રૂમોમાં તબીબી સેવાઓ ચાલી રહી હતી. એટલે સૌથી પહેલો વિચાર એ બંનેને એ આવ્યો, કે આપણા રૂમો તો આના કરતાં મોટી સાઈઝના છે.... એ કેન્દ્રમાં દિવસ દરમિયાન દર્દીઓની ભીડ રહેતી તેમણે જોઈ. એમાંય ફિઝીયોથેરાપી વિભાગમાં અને આયુર્વેદ વિભાગમાં વધુ ધસારો જોયો. ત્યાંના વ્યવસ્થાકોને મળીને, ચર્ચા કરીને મેડિકલ સેન્ટર કેવી રીતે ચાલે તેની વિગતો મેળવી. જરૂરી મુળભૂત જાણકારી મેળવી બંને અગ્રણીઓએ અમદાવાદ પરત ફરી અન્ય કાર્યકરો સાથે ચર્ચા કરી.

મુંબઈ મેડિકલ સેન્ટરની મુલાકાત પછી પાલડી ભવન ખાતે મેડિકલ સેન્ટર ઊભું કરવાની વાત નક્કી થઈ ગઈ. આ ખૂબ મોટી સેવા થશે, એ વિષયે સર્વસંમતિ સધાઈ ગઈ. પછી તો અન્ય હોસ્પિટલ અને તબીબી કેન્દ્રોની મુલાકાતો શરૂ થઈ ગઈ. કચ્છની ખ્યાત **બિદડાની સર્વોદય હોસ્પિટલ** તથા સ્થાનિકે **જીવરાજ મહેતા હોસ્પિટલ, ઠાકરશી હોસ્પિટલ**, અન્ય ખાનગી હોસ્પિટલ્સ અને મેડિકલ ચેક-અપ સેન્ટરની મુલાકાતો લેવાઈ. સ્વાસ્થ્ય સુવિધાઓ પૂરી પાડવા અંગેની શક્ય તમામ જાણકારી એકત્રિત કરાઈ. આ બધી માહિતી તો વ્યવસ્થાપન અંગેની હતી. મેડિકલ સેન્ટરના પ્લાનિંગ માટે, ટીમમાં ડૉક્ટર્સની ઉપસ્થિતિ અનિવાર્ય જણાઈ. પ્રેક્ટીસિંગ - અનુભવી ડૉક્ટરની મદદ વગર આયોજનમાં ખામી રહી જવાની શક્યતા હતી. એટલે આ કામ માટે યોગ્ય તબીબની શોધખોળ કરાઈ. સમાજના જ કોઈ ડૉક્ટર મળી રહે તે વધુ ઉચિત હતું. આથી સમાજના જ બે ડૉક્ટર્સ **ડૉ. અતુલ ઘરોડ** અને **ડૉ. હિતેન્દ્ર શાહ**નો સંપર્ક કરાયો. સમાજના પાયાના સભ્ય અને અગ્રણી કાર્યકર **શ્રી પોપટલાલ ઘરોડના પુત્ર ડો. અતુલ, અમદાવાદમાં સર્જન તરીકે પ્રેક્ટીસ કરતા હતા.** મૂળ અંજારના વતની **ડો. હિતેન્દ્ર મોહનલાલ શાહ અમદાવાદમાં દાંતના ડોક્ટર તરીકે પ્રેક્ટીસ કરતા હતા.** આ બંને યુવા ડૉક્ટર્સની મદદ લેવામાં આવી. તેમને મેડિકલ સમિતિમાં સમાવવામાં આવ્યા. તેમના સલાહ - સૂચન પ્રમાણે મેડિકલ ચેક-અપ સેન્ટરને આકાર અપાયો. આયોજનો શરૂ થયા.

મુંબઈના અનુભવ મુજબ **પહેલાં ફિઝીયોથેરાપી અને આયુર્વેદ –** એમ બે શાખાઓ શરૂ કરવી અને બધું સમુસુતરું ઉતરે તો ધીમે ધીમે નવી તબીબી સેવાઓ ઉમેરતા જવું એમ નક્કી થયું. તે દરમિયાન એક નવી મુશ્કેલી આવી. જો કે મુશ્કેલી નવી ન હતી. વર્ષ ૧૯૬૯-૭૦ દરમિયાન પણ આ પરિસ્થિતિ આવી હતી. જ્યારે સંસ્થાને માત્ર વીસા ઓસવાળ જ્ઞાતિ સુધી સીમિત ન રાખતા, વધુ જ્ઞાતિઓને ભેળવવાની દરખાસ્ત હતી. ફરી એના જેવી સ્થિતિ સર્જાઈ. ઘણા કાર્યકરો ઇચ્છતા હતા કે મેડિકલ સેન્ટરની સેવાઓ માત્ર સમાજના સભ્યો પૂરતી સીમિત રહે. પરંતુ દૃષ્ટિવાન અગ્રણીઓ વધુ વ્યવહારુ હતા. તે સમયે સમાજની સભ્ય સંખ્યા ઓછી હતી. વળી સભ્યો મણિનગર, નરોડા, વટવા એમ દૂર દૂરના વિસ્તારોમાં ફેલાયેલા હતા. એ વખતે પોતાનું વાહન હોવું પણ વૈભવ ગણાતું. પાલડી ભવન પર તબીબી સેવા લેવા બસ કે રીક્ષામાં આવવું પણ મોટાભાગના લોકોને પોસાય તેમ ન હતું. જો મેડિકલ સેન્ટરની સેવાઓને માત્ર સભ્યો પૂરતી રાખીએ, તો સમાજના દર્દીઓની સંખ્યા ખૂબ જ પાંખી રહે અને જો પૂરતી સંખ્યામાં દર્દીઓ ન આવે, તો ડૉક્ટરનો ખર્ચ કેમ પોસાય? વળી સમાજનો અભિપ્રાય શરૂઆતથી જ વિશાળદર્શી રહ્યો હતો. સમાજને તો મદદરૂપ થવું જ, સાથે બૃહદ્ સમાજ સુધી પણ લાભ પહોંચાડવા મેડિકલ ભવનની સેવાઓ સૌ માટે ઉપલબ્ધ કરાવવાની વાતનો પ્રચંડ વિરોધ થયો. પરંતુ **માવજીબાપા, હીરજી બાપા, ડૉ. દેઢિયા** વગેરેએ મક્કમતાથી સૌને સમજાવ્યા અને મનાવ્યા. વ્યવહારુ અને પ્રગતિશીલ વિચારસરણીનો વિજય થયો.

**૧૯૯૭ના રોજ શ્રી કચ્છી જૈન ભવનના ઉદ્‌ઘાટનની સાથે સાથે નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટરનું તથા તેના પૂર્વ નિર્ધારીત બે વિભાગોનું પણ ઉદ્‌ઘાટન કરાયું. ફિઝીયોથેરાપી અને આયુર્વેદ શાખાઓની સેવાઓ શરૂ થઈ ગઈ.** આ બે વિભાગો તો તત્કાલ શરૂ થઈ ગયા. પરંતુ દર્દીઓને આ સેન્ટર સુધી કેવી રીતે પહોંચાડવા? મેડિકલ સેન્ટરની ખબર લોકો સુધી પહોંચે તે માટે છાપામાં ફરફરિયા નાંખતા. જાહેર સ્થળોએ એ પેમ્ફલેટ્સનું વિતરણ કરાતું. ઉપરાંત હોદ્દેદારોએ શાણપણ દેખાડતા પગલાં પણ લીધા. પાલડી ભવન પર નિયમિતપણે નિદાન કેમ્પ યોજવા શરૂ કર્યા. ઘણાખરા કેમ્પ નિઃશુલ્ક રહેતા અથવા નજીવો દર લઈને ચકાસણી કરાતી. આ કેમ્પમાં લોકો આવતા. ફૉલો-અપ માટે ફરીથી આવતા. એમ ધીમે ધીમે ભવન પરનો ફૂટ ફૉલ વધ્યો.

સમાજના સભ્યોને તબીબી સેવામાં જરૂરિયાતમંદોને રાહત આપવાનું નક્કી કર્યું / જાહેર કર્યું, તો તેની અવળી અસર પડી. સભ્યોને રાહત લેવામાં શરમ લાગતી. એટલે નો'તા આવતા. એટલે અગ્રણીઓ દાખલો બેસાડવા માટે પોતે જ ભવનના મેડિકલ સેન્ટરનો લાભ લેતા. આ જોઈને, અન્ય સભ્યોનો ક્ષોભ દૂર થયો. અને સૌ પરિવાર આપણા પોતાના તબીબી કેન્દ્ર પર લાભ લઈને પોરસાવા લાગ્યા. સભ્યોનો અને બહારના દર્દીઓનો સારો પ્રતિસાદ મળ્યો. તબીબી ક્ષેત્રે આવી રાહતદરની સારવારની મહત્તા અને ઉપયોગીતા પુરવાર થઈ. એટલે એક પછી એક વિભાગો શરૂ થતા ગયા. સવલતો અને આધુનિક સાધનો વખતોવખત ઉમેરાતા ગયા. લાભ લેનાર દર્દીઓની સંખ્યા વધતી ચાલી અને આજે ડે-કેર આઉટડોર પેશન્ટ માટેનું આ સેન્ટર તેની કામગીરી અને સારવાર માટે પ્રખ્યાત થઈ ચૂક્યું છે. નામાંકિત ડૉક્ટર્સ પણ સેવાર્થે KJSS સાથે જોડાયા છે. સમાજના બે મેડિકલ સેન્ટર્સ કાર્યરત છે. ત્રીજું એપ્રિલ ૨૦૨૩ના પ્રથમ અઠવાડિયામાં ખૂલ્લું મૂકાવાનું છે. ત્રણ ત્રણ ડાયાલિસિસ સેન્ટરો ચાલે છે.

**શ્રી અશ્વિન સાવલાની નિગરાનીમાં પાલડી મેડિકલ** સેન્ટર તથા ૧૯૯૬થી મેડિકલ સમિતિમાં સક્રિય રહીને આપણા પ્રથમ સેન્ટરને આટલું વિકસાવવામાં યોગદાન આપનાર **ડૉ. હિતેન્દ્રભાઈ શાહના માર્ગદર્શનમાં બોપલ સ્થિત નવનીત મેડિકલ**

**સેન્ટર ચાલી રહ્યું છે. ડો. હિતુભાઈની મહેનતથી જ તૃતીય મેડિકલ સેન્ટર ખૂબ જ ટૂંકા સમયમાં ઊભું થઈ રહ્યું છે.** તેમની અનુભવી દૃષ્ટિ મુજબ આજે પણ તબીબી કેન્દ્રો અપડેટ થઈ રહ્યા છે. નવી ટેકનોલોજીથી સજ્જ થઈ, સમય સાથે તાલ મિલાવી, બૃહદ્ સમાજને બહુ ઉપયોગી સાબિત થઈ રહ્યા છે. દરરોજ કેટલાય દર્દીઓની દુઆઓ મેળવી સમાજ ખરા અર્થમાં પુણ્યનું ભાથું બાંધી રહ્યો છે.

આટલા વર્ષો દરમિયાન અનેક ચિકિત્સકોની મેડિકલ ઓફિસર તરીકે સેવાઓ મળી. જેમાં **ડૉ. હર્ષદ મહેતા, ડૉ. દેવીન્દ્રાબેન** તથા **ડૉ. દક્ષાબેન રામાવત** (વર્તમાન M.O.)ની કામગીરી નોંધનીય છે. મેડિકલ સેન્ટરની શાખ વધારતા નિષ્ણાત ડૉક્ટર્સ, એ આપણી મોંઘેરી અસ્ક્યામત છે. જેમણે કરોડો કમાવવાની લાલચ છોડીને, મોટી હોસ્પિટલને બદલે સમાજના મેડિકલ સેન્ટરમાં સેવા આપવાનું મુનાસીબ માન્યું. આપણી સાથે વર્ષોથી જોડાયેલા એ સૌ દેવદૂતોનો ઋણ સ્વીકાર ન કરીએ, તો નગુણા ઠરીએ. એ સૌ જૂના જોગીઓમાં **ડૉ. નીતુબેન પરીખ** (M.D. Physician), **ડૉ. દેવલ શાહ** તથા **ડૉ. લીના કોઠારી** (આંખના ડૉક્ટર્સ), **ડૉ. અપૂર્વ શાહ** તથા **ડૉ. તપન શાહ** (જનરલ સર્જન), **ડૉ. જુલીબેન દેસાઈ** (સ્કીન), **ડૉ. રાગેશ ફડિયા, ડૉ. તેજલ શાહ** અને **ડૉ. કૌશલ શાહ** (E.N.T.), **ડૉ. દિનેશ શાહ** તથા **ડૉ. શિલ્પાબેન તોશ્નીવાલ** (ફિઝીશિયન), **ડૉ. પ્રતીક મોદી** (ડેન્ટલ), **ડૉ. મૈત્રેય પરીખ** (મનોરોગ), **ડૉ. સ્નેહલ શાહ** અને **ડૉ. રાજેશ પરીખ** (ઓર્થો.) જેવા સફળ તબીબો વર્ષોથી આપણા સેન્ટર પર કાર્યરત છે.

આ ઉપરાંત મેડિકલ સેન્ટર પર શરૂઆતમાં જ આયુર્વેદ વિભાગ શરૂ કરાવવામાં જેઓ કાર્યરત હતા, એવા **ડૉ. ગાર્ગીબેન વસાવડા** વચ્ચે થોડા વર્ષો બાદ કરતાં સતત ભવન સાથે જોડાયેલા છે. તો **ડૉ. ચાર્મી શાહ** અને **ડૉ. નીલય શાહ** હોમિયોપેથી વિભાગ સંભાળી રહ્યા છે.

સુપર સ્પેશિયાલિટી યુરોલોજીસ્ટ તરીકે **ડૉ. આશિષ પરીખ** અને **ડૉ. હિમાંશુ શાહ (આપણા સમાજના સભ્ય)**ની સેવાઓ મળે છે. તો Eco Cardio માટે **ડૉ. પરાગ પરીખ** અને **ડૉ. નીલ રૂપારેલીયા** તથા રેડિયોલોજિસ્ટ તરીકે **ડૉ. શેફાલીબેન શાહ** અને **ડૉ. કેતકીબેન પટેલ** જેવા નિષ્ણાતોની સેવાઓ અવિરત મળી રહી છે. અહીં ન ઉલ્લેખાયેલ કેટલાક નામી - અનામી તબીબો પણ KJSSની સ્વાસ્થ્ય ક્ષેત્રની સેવાના સહભાગી છે.

પાલડી મેડિકલ સેન્ટરમાં યોગદાન આપનારની વાત હોય ત્યારે એક નામ અવશ્ય લેવું પડે – **પીન્ટુભાઈ પટેલ**નું. જેઓ છેક ૧૯૯૮થી આપણા સેન્ટર સાથે જોડાયેલા છે. એમની સહજ ઉર્જાથી એ સતત આખાય કેન્દ્રમાં ફરતા રહીને શ્રેષ્ઠ સંકલનની જવાબદારી સફળતાથી અદા કરી રહ્યા છે, સૌને મદદરૂપ થઇ રહ્યા છે. ઉપરાંત વિવિધ વિભાગોમાં વર્ષોથી ડૉક્ટર્સના મદદનીશ રહેલા કે કાઉન્ટર પરની કામગીરી કરનાર નિષ્ઠાવાન સ્ટાફ પણ હવે જાણે KJSSના પરિવારજનો બની રહ્યા છે.

સમાજના ૬૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે જ્યારે સમાજના ઈતિહાસને રેખાંકિત કરી રહ્યા છીએ, ત્યારે સમાજની મુખ્ય અને વધુ વખણાયેલ મેડિકલ ક્ષેત્રની પ્રવૃત્તિઓના ભૂતકાળ અંગેની વિગતોનું પણ દસ્તાવેજીકરણ જરૂરી માન્યું. આટલા વર્ષોમાં સંસ્થા દ્વારા હાથ ધરાયેલ સ્વાસ્થ્ય સંબંધી અને તબીબી કેન્દ્રની બધી ગતિવિધિઓ તથા આજ સુધીના દરેક પડાવોની માહિતી અહીં એકઠી કરી છે. આશા છે, વાચકોને આ ઓછી જાણીતી વિગતો પણ રસપ્રદ લાગશે.

★

★ તા. ૮-૩-૧૯૮૭ના રોજ માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી સેવાભવન ખાતે હૃદયના રોગો અને એના દર્દીઓએ લેવાની સંભાળ અંગે માહિતીપ્રસદ પરિસંવાદ યોજાઈ ગયો. જેના મુખ્ય વક્તા તરીકે અમદાવાદના જાણીતા કાર્ડિઓ થોરાસીક સર્જન **ડૉ. તુષાર શાહ** ઉપસ્થિત હતા. તેઓ હૃદય, ફેફસાં, લોહીની નળીઓ અને અન્નનળીના નિષ્ણાત સર્જન છે. **ગુજરાતમાં ઓપન હાર્ટ સર્જરી શરૂ કરવાનો શ્રેય જેમના ફાળે છે, એવા સેવાભાવી ડોક્ટર તુષારભાઈ**એ હૃદયના રોગો, કારણો, સારવાર અને સંભાળ અંગે વિસ્તૃત રસપ્રદ માહિતી આપી હતી.

★ અમદાવાદ - ગાંધીનગરમાં વસતા સૌ કચ્છી ભાઈ-બહેનો ઉપરાંત જ્યાં સમાજનું વિવિધલક્ષી સંકુલ આકાર લઈ રહ્યું હતું તે બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટીના સર્વ રહેવાસીઓના લાભાર્થે, સમાજે તા. ૧૭-૯-૧૯૯૫ના રોજ નિઃશુલ્ક તબીબી પરીક્ષણ અને નિદાન કેમ્પનું આયોજન કર્યું હતું. કેમ્પનું સંચાલન યુવા તબીબો **ડૉ. અતુલ ઘરોડ** (સર્જન), **ડૉ. હિતેન્દ્ર શાહ** (ડેન્ટલ સર્જન) તથા **ડૉ. રાજેન્દ્ર ટોપરાની** (કેન્સર સર્જન)ની ટીમે કર્યું હતું. ઉપરાંત આ કેમ્પમાં ઓર્થોપેડિક સર્જન,

આંખના સર્જન, ગાયનેકોલોજિસ્ટ, ફિઝિશિયન, ઈ.એન.ટી. નિષ્ણાત, પેથોલોજિસ્ટ અને ચામડીના નિષ્ણાત ડૉક્ટર્સે સેવાઓ આપી હતી. કેમ્પમાં ૧૨૬ સભ્યોએ બોડી ચેક-અપ કરાવ્યું હતું. નોંધનીય વાત એ હતી કે પરીક્ષણ અને નિદાન તદ્દન મફત હતા, પરંતુ નોંધણી ફી રૂા. ૫/- હતી. વર્તમાન સમયમાં તબીબી ચેક-અપ સેન્ટર તરીકે જ્યારે પાલડીનું મેડિકલ સેન્ટર ખ્યાત થઈ ચૂક્યું છે, એ સ્થળે **સંકુલમાં આ સૌપ્રથમ પરીક્ષણ અને નિદાન કેમ્પ થયો હતો.** જેનું ઝીણવટભર્યું અને ચોક્સાઈ પૂર્વકનું આયોજન અભિનંદનીય હતું.

★ તા. ૩૦-૩-૧૯૯૭ના રોજ પાલડી ભવન ખાતે **'આયુર્વેદ ચિકિત્સા' અને 'એક્યુપંક્ચર ચિકિત્સા'** વિષયો પર વાર્તાલાપ યોજાયો હતો. જાણીતા વૈદ્ય **ડૉ. કિરીટભાઈ પંડ્યા**એ આયુર્વેદ અંગે માહિતી આપી હતી અને આપણા સમાજના જ જાણીતા એક્યુપંક્ચરીસ્ટ **ડૉ. પી. જી. શાહે** સ્લાઇડ શો મારફતે એક્યુપંક્ચર પદ્ધતિની સમજ આપી હતી.

★ તા. ૨૩-૧૧-૧૯૯૭ના રોજ પાલડી ભવન ખાતે **આયુર્વેદ સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ** યોજાયો હતો. આ પ્રથમ નિઃશુલ્ક કેમ્પનો ૨૨૮ લોકોએ લાભ લીધો હતો. એને સફળ બનાવવા **શ્રી અશ્વિન સાવલા, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પોપટલાલ ધરોડ, શ્રી વિરેન્દ્ર આસારિયા** તથા વૈદ્ય **શ્રીમતી ગાર્ગીબેન વસાવડા**એ ખૂબ જહેમત ઉઠાવી હતી.

★ **૨૬ જાન્યુઆરી, ૧૯૯૮**ના રોજ મેડિકલ સેન્ટરમાં **દંત ચિકિત્સા વિભાગ તથા પંચકર્મ ચિકિત્સા વિભાગ**ની શુભ શરૂઆત થઈ. **ડૉ. હિતેન્દ્ર શાહે** દાંત અને તેની જાળવણી વિશે તથા **ડૉ. ગાર્ગીબેન વસાવડા**એ પંચકર્મ અને તેના ફાયદા વિશે માહિતી આપી હતી.

★ એપ્રિલ ૧૯૯૮થી **ફિઝીયોથેરાપી વિભાગ** શરૂ થયો.

★ તા. ૧૯-૪-૧૯૯૮ના રોજ પાલડી ભવન ખાતે નિઃશુલ્ક **ડેન્ટલ નિદાન કેમ્પ** યોજાયો હતો. જેમાં ૨૫૬ દર્દીઓએ દાંતની સમસ્યાઓનું નિદાન કરાવ્યું હતું.

★ તા. ૬-૯-૧૯૯૮ના રોજ યોજાયેલ **૩૫મા વાર્ષિક મિલન સમારંભ**માં પાલડી સ્થિત મેડિકલ સેન્ટરમાં **વધુ નવ તબીબી શાખાઓની સેવાઓનો શુભારંભ થયો.** જેમાં કન્સલ્ટીંગ વિભાગમાં **મેડિસીન, જનરલ સર્જરી, પીડિયાટ્રીક, ઓર્થોપેડિક, ગાયનેકોલોજી, સ્કીન, આઈ અને ઈ.એન.ટી.** ઉપરાંત પરીક્ષણ વિભાગમાં **એક્સ-રે, સોનોગ્રાફી અને પેથોલોજી લેબોરેટરી** શરૂ કરાઈ. આ સેવાઓને માત્ર આપણા સમાજ સુધી સીમિત ન રાખતાં, બૃહદ્ સમાજની જનતા માટે પણ ઉપલબ્ધ કરાઈ. આ જ કાર્યક્રમમાં યુથ વિંગ 'સંકલ્પ' દ્વારા તૈયાર થયેલ, સ્વાસ્થ્ય ક્ષેત્રે બહુઉપયોગી એવી **"બ્લડ ગ્રુપ ડિરેક્ટરી"**નું વિમોચન પણ કરાયું. આ ઉપરાંત પહેલા શરૂ કરાયેલ આયુર્વેદ, ફિઝીયોથેરાપી અને દંત ચિકિત્સા વિભાગમાં લોકોનો ધસારો વધતો રહ્યો છે. સપ્ટેમ્બર અને ઓક્ટોબર – બે મહિનામાં ફિઝીયોથેરાપીમાં ૧૧૫૩, આયુર્વેદ વિભાગમાં ૯૯૦ અને દંત ચિકિત્સા વિભાગમાં ૫૫૫ કેસ નોંધાયા હતા.

★ તા. ૨-૫-૧૯૯૯ના રોજ મળેલી ટ્રસ્ટ બોર્ડની મીટિંગમાં નિર્ણય લેવાયો કે સમાજના દરેક સભ્યના પરિવારને રૂા. ૧૦૦૦/- સુધીની તબીબી સેવાઓ રાહતના દરે આપવી. આ માટે સભ્યએ પરિવારજનોની વિગતો આપતું ફોર્મ ભરી, **કુટુંબ કાર્ડ** મેળવી લેવા જણાવાયું.

★ સમાજના ઉપક્રમે **સ્વાસ્થ્ય વીમા યોજના**ની કાર્યવાહી શરૂ કરાઈ. ૫ થી ૭૫ વર્ષની કોઈ પણ વ્યક્તિ જરૂરી ફી અને ડિપોઝીટ ભરીને આ યોજનામાં જોડાઈ શકે.

★ મધ્યમ વર્ગની કોઈ પણ વ્યક્તિ ઓચિંતી બીમાર પડે અને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થવું પડે ત્યારે આવા પરિવારના ખિસ્સા પર અણધાર્યો આર્થિક બોજ આવી પડે છે. આવી પરિસ્થિતિમાં સ્વાસ્થ્ય વીમો આશીર્વાદરૂપ સાબિત થતો હોય છે. સમાજના દરેક સભ્યોની સુખાકારી માટે ચિંતિત સમાજે સ્વાસ્થ્ય વીમા યોજના થકી રક્ષાકવચ પૂરું પાડવાનો જાગૃત પ્રયાસ કર્યો. જેના થકી મામૂલી વીમા પ્રીમિયમની રકમ ભરીને તબીબી સારવારના મસમોટા ખર્ચના ખાડામાંથી ઉગરી શકાય. જરૂરિયાતમંદ સભ્યોના વીમાના પ્રીમિયમની રકમ પણ સમાજે ચૂકવી. સમાજના ૩ માસથી લઈને ૭૫ વર્ષના વડીલોને સ્વાસ્થ્ય કવચ અપાયું.

★ તા. ૨૬-૯-૧૯૯૯થી KJSS - અમદાવાદ સંચાલિત પાલડી ખાતેના તબીબી કેન્દ્ર પર **નવી સુપર સ્પેશિયાલિટી બ્રાંચ** તથા અન્ય નવી મેડિકલ સેવાઓ શરૂ થઈ. જેમાં **કાર્ડિયોલોજી, એન્ડો ક્રાઇનોલોજી અને ડાયાબિટીસ, પ્લાસ્ટીક સર્જરી,**

**ગેસ્ટ્રો એન્ટ્રોલોજી, યુરોલોજી, કેન્સર, ન્યુરો ફિઝીશિયન, સાઇકિયાટ્રીસ્ટ અને ડાયેટીશિયન**ની સેવાઓ ઉમેરાઈ.

★ તા. ૨૬-૯-૧૯૯૯ના રોજ આયોજિત વાર્ષિક સ્નેહ મિલન સમારંભ દરમિયાન તાજેતરમાં જ શરૂ થયેલ **સ્વાસ્થ્ય વીમા યોજનાના પ્રથમ લાભાર્થી શ્રી હરખચંદભાઈ પ્રેમજી શાહ**ને મેડિક્લેઈમનો રૂા. ૧૫,૩૦૦/-નો ચેક અર્પણ કરાયો. તેમને એપેન્ડિક્સનું ઑપરેશન કરાવવું પડ્યું હતું.

★ **બોડી ચેક-અપ, ડાયાબિટીસ કેન્દ્ર તથા બાળ રસી કેન્દ્ર**નો મેડિકલ વિભાગમાં ઉમેરો કરવામાં આવ્યો.

★ પાલડી ખાતે પધારતા **સાધુ-સાધ્વીજીની સારવાર** અને દવાનો પણ **વૈયાવચ્ચ સમિતિ** દ્વારા પ્રબંધ કરાયો.

★ ઓક્ટોબર ૧૯૯૯થી પાલડી મેડિકલ સેન્ટર સાથે સંકળાયેલા તબીબોની સંખ્યા ૫૦ની થઈ ગઈ.

★ તા. ૯-૧-૨૦૦૦ના રોજ પાલડી મેડિકલ સેન્ટર ખાતે **આયુર્વેદ અને નેત્ર ચિકિત્સા કેમ્પ** યોજાઈ ગયો. જે અંતર્ગત આયુર્વેદ વિભાગમાં ૧૮૨ દર્દીઓની તપાસ - નિદાન કરી પાંચ દિવસની દવા નિઃશુલ્ક અપાઈ હતી. જે માટે **ડૉ. ગાર્ગીબહેન વસાવડા, ડૉ. મહેન્દ્ર વ્યાસ** તથા **ડૉ. સેજલ અપ્પા**એ સેવાઓ આપી હતી. તો ૧૩૯ દર્દીઓએ આંખોની તપાસ કરાવી હતી. ભવન ખાતે **મોતિયાના ઓપરેશન રાહત દરે** કરવામાં આવે છે, તેની સૌને સમજ અપાઈ હતી. આંખ વિભાગમાં **ડૉ. રાજેશ લોહાણા, ડૉ. સરોજબહેન શાહ, ડૉ. મીનાબહેન શેઠ, ડૉ. લીનાબહેન કોઠારી, ડૉ. ટ્વિંકલ શાહ** અને **ડૉ. રૂપલ શાહે** સેવાઓ આપી હતી. આ કેમ્પ માટે રૂા. ૨૫,૦૦૦/-નો આર્થિક સહયોગ **શ્રી કાંતિલાલ વેલજી સાવલા**એ આપ્યો હતો.

★ તબીબી સમિતિ દ્વારા દર મહિને ચિકિત્સા કે નિદાનના બે કેમ્પ યોજવાનું આયોજન થયું.

★ તા. ૨૧-૧-૨૦૦૦ના રોજ **સ્તન કેન્સર અંગે ડો. તરંગ પટેલનું વક્તવ્ય** ગોઠવાયું હતું. જેમાં સ્તન કેન્સર વિશે સ્લાઇડ શો દ્વારા માહિતી આપવામાં આવી હતી તથા પ્રશ્નોત્તરી પણ યોજાઈ હતી. સમાજની **મહિલા ઉત્કર્ષ સમિતિ** દ્વારા આ કાર્યક્રમ યોજાયો હતો.

★ તા. ૨૩-૧-૨૦૦૦ના રોજ **ફક્ત સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબોના જનરલ બોડી ચેક-અપનો કેમ્પ** યોજાયો હતો. જેમાં ૬૬ મહારાજ સાહેબો પધાર્યા હતા. આ કેમ્પ માટે **જૈન ડોક્ટર્સ ફેડેરશન તથા શ્રી આણંદજી કલ્યાણજી પેઢી**નો સહયોગ મળ્યો હતો.

★ તા. ૧૨-૨-૨૦૦૦ના રોજ પાલડી મેડિકલ સેન્ટર ખાતે ૩ નવા વિભાગો શરૂ થયા – **હોમિયોપેથી, નેફ્રોલોજી તથા પીડિયાટ્રીક સર્જરી વિભાગ.**

★ તા. ૨૦-૨-૨૦૦૦ના રોજ **હોમિયોપેથી સારવાર અને નિદાન કેમ્પ** યોજાયો. જેનો ૮૫ વ્યક્તિઓએ લાભ લીધો તથા **દંત ચિકિત્સા નિદાન કેમ્પ**નો ૧૦૩ લોકોએ લાભ લીધો.

★ તા. ૧૪-૨ થી તા. ૧૬-૨-૨૦૦૦ સુધી આંખની તકલીફોના નિદાન માટે **'દષ્ટિ પખવાડિયું'** ઉજવાયું. જેનો ૨૪૦ વ્યક્તિઓએ લાભ લીધો.

★ તા. ૨૯-૨-૨૦૦૦ના રોજ એક વિશેષ કેમ્પમાં ૧૭૦ પ્રૌઢો તથા વૃદ્ધોના હાડકાંની સ્થિતિની ચકાસણી કરતો **બોન ડેન્સિટી કેમ્પ** નિઃશુલ્ક યોજાયો.

★ તા. ૧૨-૩-૨૦૦૦ના રોજ **બાળરોગ નિદાન કેમ્પ, સ્ત્રી રોગ નિદાન કેમ્પ તેમજ કેન્સર નિદાન કેમ્પ** યોજાયો. જેનો ૯૬ લોકોએ લાભ લીધો.

★ તા. ૨૬-૩-૨૦૦૦ના રોજ યોજાયેલ **ઇ.એન.ટી. તથા ચામડીના રોગોના કેમ્પ**નો લાભ ૧૪૯ વ્યક્તિઓએ લીધો.

★ તા. ૯-૪-૨૦૦૦ના **હૃદયરોગ, બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ નિદાન કેમ્પ** યોજાયો. **ગ્લુકોમીટર** નામના નવા મશીનની મદદથી લોહીના એક ટીપાંથી માત્ર ૪૫ મિનિટમાં બ્લડ સુગર કેટલી છે તેનું નિદાન કરાયું હતું. જેનો ૫૩ લાભાર્થીઓએ લાભ લીધો.

★ તા. ૨૧-૫-૨૦૦૦ના રોજ **ટાઈફોઈડ**ની તેમજ **ઝેરી કમળા** (હિપેટાઈટીસ-બી)ની **રસીકરણ શિબિર** યોજાઈ. ૩૮૩ વ્યક્તિઓને કુલ ૫૫૦ રસી મૂકાઈ.

★ તા. ૨૯-૬-૨૦૦૦ના રોજ **ઓલ્ટરનેટીવ થેરાપી અંગે સેમિનાર** યોજાયો. જેમાં **એક્યુપ્રેશર, એક્યુપંક્ચર, મેગ્નેટીક થેરાપી, અરોમા થેરાપી** વગેરે વૈકલ્પિક ઉપચાર પદ્ધતિઓ અંગે માહિતી આપવામાં આવી.

★ નવેમ્બર-૨૦૦૦ના **પેથોલોજી લેબોરેટરીનું આધુનિકીકરણ** કરાયું. રૂા. ૫.૫૦ લાખના ખર્ચે નવા બે મશીનો વસાવાયા. એક **Cell Counter** – જે કમ્પ્યુટરાઈઝ્ડ ફુલ્લી ઓટોમેટીક આધુનિક મશીનમાં લોહીના ૧૮ જેટલા પરીક્ષણ વધુ ચોક્સાઈપૂર્વક થાય છે. તથા બીજું **Elisa Reader** જે **થાઈરોઈડના પરીક્ષણ** માટેનું આધુનિક મશીન છે.

★ સભ્યોને કુટુંબ દીઠ વાર્ષિક રૂા. ૧,૦૦૦/-ની મર્યાદામાં તબીબી સેવામાં ૫૦% રાહત અપાતી હતી. આ સવલતમાં સુધારા મુજબ હવેથી કુટુંબના દરેક સભ્યને વાર્ષિક રૂા. ૫૦૦/-ની મર્યાદામાં ૫૦% રાહત આપવાનું નક્કી કરાયું. ઉપરાંત ૪૫ વર્ષથી વધુ વયના સભ્ય અને પરિવારજન વર્ષમાં એક વખત બોડી ચેક-અપ નિઃશુલ્ક કરાવી શકશે તેવો નિર્ણય લેવાયો.

★ ૨૭મી ફેબ્રુઆરીથી ૯મી માર્ચ ૨૦૦૧ – વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા **ઓર્થોપેડિક ઓપરેશન તથા ગાયનેક સર્જરી** નિઃશુલ્ક કરવા માટેનું આયોજન હતું. તે માટેના નિદાન કેમ્પ પાલડી મેડિકલ સેન્ટર ખાતે યોજાયા હતા. જેમાં ૨૯૩ દર્દીઓના નિદાન બાદ ૪૨ ઑપરેશન યોગ્ય જણાયા હતા. અન્ય સર્જરી માટે ૭૭ની તપાસણી થઈ અને ૨૫ કેસ સર્જરી માટે રીફર થયા. તો ગાયનેક વિભાગના ૨૧ કેસોની ચકાસણી બાદ ૯ કેસ સર્જરી માટે મોકલાયા.

★ તા. ૧-૭-૨૦૦૧ના રોજ **હિપેટાઈટીસ-બી (ઝેરી કમળા) વિરૂધ્ધના રક્ષણ માટે રસીના ત્રણ ડોઝ** નજીવી કિંમતે અપાયા. ૩૧૦ લોકોએ આ રસી મૂકાવી.

★ તા. ૪-૧૧-૨૦૦૧ના રોજ **ડાયાબિટીસ નિદાન તથા માર્ગદર્શન કેમ્પ** યોજાયો.

★ તા. ૧૦-૨-૨૦૦૨ના રોજ મળેલ ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના નિર્ણય મુજબ સમાજના **સભ્ય પરિવારમાં જન્મતાં બાળકને, તે ચાર વર્ષનું થાય ત્યાં સુધી જરૂરી રસીઓ નિઃશુલ્ક અપાશે. જેમાં પોલિયો, ત્રિગુણી, ધનુર, ઓરી, ગાલ પચોડિયા, ટાઇફોઇડ અને ઝેરી કમળાની રસીઓ તથા તેના બુસ્ટર ડોઝ સમાવિષ્ટ છે.**

★ તા. ૧૨-૧૨-૨૦૦૨ના રોજ મળેલ મેડિકલ સમિતિની મીટિંગના નિર્ણય મુજબ સમાજના સભ્યો માટે **નિઃશુલ્ક બોડી ચેક-અપની વય મર્યાદા ૪૫થી ઘટાડીને ૪૦ વર્ષની કરાઈ.**

★ તા. ૧૫-૧૨-૨૦૦૨ના રોજ **આંખના રોગોનો નિદાન કેમ્પ** યોજાઈ ગયો.

★ નવેમ્બર ૨૦૦૩ની ટ્રસ્ટ બોર્ડની મીટિંગમાં મેડિકલ સેન્ટરની સુવિધાઓમાં સુધારા કરાયા હતા. જે મુજબ **તબીબી સારવારમાં સભ્યોને અપાતી ૫૦%ની રાહત વધારીને ૭૫% કરવાનો નિર્ણય થયો.** ઉપરાંત સભ્ય દીઠ અપાતી રાહતની મર્યાદા રૂા. ૫૦૦/- હતી તે વધારીને રૂા. ૧૫૦૦/- કરાઈ.

★ તા. ૨૫, ૨૬ અને ૨૭મી નવેમ્બરના રોજ **ત્રિ-દિવસીય યોગ શિબિર** યોજાઈ. સમાજના હોદ્દેદારો તથા આસપાસના રહીશો સહિત આશરે ૮૦ લોકોએ તેનો લાભ લીધો.

★ તા. ૨૨-૧૨-૨૦૦૩થી સમાજના હોલમાં યોગાભ્યાસ અને પ્રાણાયામના તાલીમવર્ગો શરૂ થયા. સમાજના જ **યોગાચાર્ય શ્રી રસિકભાઈ મહેતા**ના માર્ગદર્શન હેઠળ આ વર્ગ શરૂ થયા.

★ ગાંધીનગરના સાંસદ **શ્રી એલ. કે. અડવાણી**ની ગ્રાન્ટમાંથી તા. ૮-૨-૨૦૦૪ના રોજ KJSS - અમદાવાદ તથા અમદાવાદ મેડિકલ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે પાલડી મેડિકલ સેન્ટર ખાતે **"આરોગ્ય મેળો"** યોજાયો. જેમાં દર્દીઓને વિવિધ રોગોના મફત નિદાન ઉપરાંત લેબ ટેસ્ટ, ઈ.સી.જી., એક્સ-રે તથા સોનોગ્રાફીની સેવાઓ પણ નિઃશુલ્ક અપાઈ હતી. જરૂરિયાતમંદોને દવા પણ મફત અપાઈ હતી. આ મેળામાં મેડિસીન, ઓર્થોપેડિક, સર્જરી, આંખ, ચામડી, ઈ.એન.ટી., સ્ત્રી રોગ, બાળ રોગ ઉપરાંત આયુર્વેદ અને હોમિયોપેથી વિભાગમાં કુલ ૧૨૭૦ દર્દીઓએ લાભ લીધો હતો. ૫૦૦ દર્દીઓને દવાનું વિતરણ કરાયું હતું. આ નિમિત્તે યોજાયેલ સમારંભમાં **નાયબ વડાપ્રધાન શ્રી લાલકૃષ્ણ અડવાણીજી**, કેન્દ્રિય સંરક્ષણ રાજ્યમંત્રી **શ્રી હરીન પાઠક**, ગુજરાતના કાયદા મંત્રી અને કચ્છના પ્રભારી **શ્રી અશોક ભટ્ટ**, શિક્ષણ મંત્રી **શ્રીમતી આનંદીબેન પટેલ**, ઔડાના ચેરમેન **શ્રી સુરેન્દ્રભાઈ પટેલ**, ધારાસભ્ય **શ્રી ભાવિન શેઠ** તથા પૂર્વ મેયર **શ્રીમતી માલીની અતીત** વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અડવાણીજીએ આપણા તબીબી કેન્દ્રનું નિરીક્ષણ કરી **ડૉ. દેવલભાઈ શાહ** પાસે પોતાની આંખોની તપાસણી પણ કરાવી હતી. તેમણે આપણી સંસ્થામાં ઉપલબ્ધ સેવાઓને

બિરદાવી હતી.

★ તા. ૮-૨-૨૦૦૪ના રોજ પાલડી મેડિકલ સેન્ટર ખાતે **ટ્રેડ મિલ ટેસ્ટ** એટલે કે **TMT**ની સુવિધા શરૂ થઈ. જેના ઉદ્‌ઘાટક તરીકે નવનીત પરિવારના **શ્રી હરખચંદ ગાલા (છોટુભાઈ)** તથા અતિથિ વિશેષ તરીકે જાણીતા **કાર્ડિયાક સર્જન શ્રી અનિલ જૈન** ઉપસ્થિત રહ્યા હતા. **શ્રીમતી પ્રભાબેન સાવલા** તરફથી TMT ની તપાસ કરાવનાર પ્રથમ ૨૫૦ સભ્યોને ૨૫%ની વધારાની રાહત જાહેર કરાતાં, પ્રથમ ૨૫૦ સભ્યો માટે આ તપાસ નિઃશુલ્ક બની રહી.

★ તા. ૧૮-૪-૨૦૦૪ના સમાજની યુવા વિકાસ સમિતિ દ્વારા **'શવાસનથી હૃદયરોગ નિવારો'** – આ વિષય પર એક વક્તવ્ય યોજાયું. જેમાં ખ્યાતનામ કાર્ડિયોલોજિસ્ટ **ડૉ. રમેશ કાપડિયા**એ ઉપયોગી માહિતી આપી હૃદયરોગથી બચવાના સરળ ઉપાયો સૂચવ્યા હતા.

★ સમાજના યુવાનો દ્વારા રચિત સદ્‌વિચાર પરિવાર થકી સભ્યોને **વ્હીલચેર, વોકર, કમોડ ચેર, યુરીન ટબ, કિડની ટ્રે, બેડ પાન** જેવા દર્દીઓ માટે ઉપયોગી મેડિકલ સાધનો વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવાયા. આ માટે મણિનગર, એલિસબ્રિજ, સેટેલાઈટ, શાહીબાગ, ગાંધીનગર એમ જુદા જુદા વિસ્તારોમાં કાર્યકરોની ટીમ નીમાઈ.

★ તા. ૮-૮-૨૦૦૪ના રોજ **આયુર્વેદ કેમ્પ** યોજાયો.

★ તા. ૨૪-૧૦-૨૦૦૪ના રોજ મેડિકલ સેન્ટર ખાતે **આંખના મોતિયાનો તથા હોમિયોપેથીનો ફ્રી નિદાન કેમ્પ** યોજાયો. જેમાં નિદાન ઉપરાંત એક અઠવાડિયાની દવા પણ મફત અપાઈ. મોતિયાના ઑપરેશન **ફેકો ઇમલ્સીફિકેશન** દ્વારા ટાંકા વગર કિફાયતી દરે કરવાના શરૂ કરાયા હતા. આ કેમ્પમાં મોતિયા માટે રૂા. ૫૦૦૦/- સુધીના ખર્ચમાં ૫૦% રાહત અપાઈ હતી. ૧૫૮ દર્દીઓને તપાસી ૪૫ જણાના ઑપરેશન કરવાનું નક્કી કરાયું હતું. હોમિયોપેથી કેમ્પનો પચાસેક દર્દીઓએ લાભ લીધો હતો.

★ KJSS ના અમદાવાદમાં વસતા બધા જ સભ્યોના પરિવાર માટે, તા. ૧લી ઓક્ટોબર ૨૦૦૪થી **પરિવાર સ્વાસ્થ્ય વીમો તથા અકસ્માત વીમો** લેવામાં આવ્યો છે. સમાજના સૌ સભ્યો પરિજનો સ્વસ્થ રહે તથા પોતાના અને પરિવારના આરોગ્ય પ્રતિ જાગૃત રહે તે માટે સમાજ દ્વારા સમયાંતરે વિવિધ વિષયે પ્રવચનો, પ્રવૃત્તિઓ તથા આરોગ્ય અંગેના કેમ્પ યોજાતા રહે છે. પરંતુ વર્તમાન ફાસ્ટ યુગમાં રોગ અને અકસ્માતના અણધાર્યા પ્રસંગો પણ ઝડપથી વધી રહ્યા છે. અનિશ્ચિતતાના આ અસૂર સામે સભ્ય પરિવારને સધિયારાની હૂંફ દેવાના આશયથી **સંસ્થાએ આખાય સમાજ માટેના વીમા ઉતરાવી તેની પ્રીમિયમની રકમ પણ ભરી દીધી છે.** ઓચિંતી આવી પડેલી બીમારીની સારવાર દરમિયાન ખર્ચાના ખાડામાં ઉતરી પડતા પરિવારને તથા સ્વજનના આકસ્મિક મૃત્યુના સંજોગોમાં આ યોજના થકી પરિવારને થોડો આર્થિક ટેકો મળી રહેશે. આ યોજનાને બનાવવામાં સામાજિક સુરક્ષા સમિતિના **શ્રી મગનલાલ સંઘવી** તથા **શ્રી હસમુખભાઈ ગઢેચા**એ ખૂબ મહેનત કરી હતી.

★ તા. ૧૦-૧૦-૨૦૦૪ના રોજ મેડિકલ સેન્ટર ખાતે ૩૪ **સાધુ - સાધ્વીજીઓના ફુલ બોડી ચેક-અપ કેમ્પ** કરાયા. આ માટે જૈન ડોક્ટર્સ ફેડરેશનનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

★ તા. ૧૯-૧૨-૨૦૦૪ના **ફ્રી ડાયાબિટીસ ચેક-અપ કેમ્પ અને ફ્રી આયુર્વેદિક નિદાન કેમ્પ** યોજાયો. ૧૧૦ વ્યક્તિઓની તપાસણી બાદ ૨૫ લોકોના લોહીમાં શર્કરાનું પ્રમાણ વધુ આવ્યું હતું. તેમને યોગ્ય માર્ગદર્શન અપાયું. આયુર્વેદ કેમ્પનો ૬૩ જણે લાભ લીધો.

★ સમગ્ર ફેબ્રુઆરી માસને (તા. ૧-૦૨ થી ૨૮-૨ સુધી) KJSS દ્વારા **ફુલ બોડી ચેક-અપ મહિના** તરીકે ઉજવવાનું નક્કી કરાયું. આ માટે સમાજની બેઝીક સ્કીમના ૨૫૦/- રૂા.માં પણ ૫૦% રાહત આપવાની જાહેરાત કરાઈ. આ માટે જનતાનો ખૂબ સારો પ્રતિસાદ મળતાં ૧૫મી માર્ચ સુધી કેમ્પ લંબાવાયો અને તે માટેની નોંધણી પણ છલકાઈ જતાં નવા નામ લેવાનું બંધ કરવું પડ્યું. આ સમય દરમિયાન **કુલ ૪૬૧ વ્યક્તિઓના ચેક-અપ થયા.** જેમાંથી ૬૯ વ્યક્તિઓને ડાયાબિટીસ, ૯૨ને હાઈ કોલેસ્ટેરોલ તથા ૪૬ને બ્લડ પ્રેશરની તકલીફ હોવાનું જણાયું હતું. બે વ્યક્તિઓને કેન્સર અને એક વ્યક્તિની કિડની ફેઈલ હોવાનું પણ જાણમાં આવ્યું હતું.

★ પાલડીના મેડિકલ સેન્ટર પરથી હવે **વોટર બેડ** અને **ફાઉલર કોટ** (હેન્ડલથી આગળનો ભાગ ઊંચો થઈ શકે તેવા પલંગ)ની સુવિધા મળતી થઈ. નાત-જાત-ધર્મના ભેદભાવ વગર કોઈ પણ વ્યક્તિ ડિપોઝીટની રકમ અને ભાડું ભરીને

આ સગવડ મેળવી શકશે.

★ તા. ૭-૨-૨૦૦૫ના રોજ પાલડી મેડિકલ સેન્ટરમાં સેવા આપતા ડૉક્ટર્સ સાથે ડિનર મીટિંગ ગોઠવાઈ હતી. જેમાં ૩૫ ડોક્ટરોએ હાજર રહીને તબીબી પ્રવૃત્તિ વધુ વિકસાવવા અંગે ચર્ચા કરી જરૂરી સૂચનો કર્યા હતા.

★ એપ્રિલ ૨૦૦૪થી માર્ચ ૨૦૦૫ દરમિયાન કુલ **૭૯,૧૦૫** વ્યક્તિઓએ તબીબી સેવાઓનો લાભ લીધો હોવાનું નોંધાયું છે.

★ તા. ૧૫-૮ના રોજ મહિલા ઉત્કર્ષ સમિતિના નેજા હેઠળ **ફ્રી થેલેસેમિયા બ્લડ ટેસ્ટ કેમ્પ** તથા યુવતીઓ માટે **મફત રૂબેલા રસીકરણ કેમ્પ**નું આયોજન થયું. જેનું ઉદ્‌ઘાટન શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલાના હસ્તે કરાયું. ૧૫૫ યુવક - યુવતીઓએ થેલેસેમિયા માટે લોહીની તપાસ કરાવી તથા ૧૦૦ યુવતીઓ / બહેનોએ રૂબેલાની રસી લીધી.

★ મેડિકલ સેન્ટરના વિસ્તરણ હેતુથી ફિઝીયોથેરાપી, આયુર્વેદ, પંચકર્મ તેમજ હોમિયોપેથી વિભાગોને મકાનમાં અન્યત્ર ખસેડી, તેના ઉદ્‌ઘાટન કરાયા.

★ તા. ૨-૧૦-૨૦૦૫ના યોજાયેલ કેન્સર કેમ્પમાં ૨૧ મહિલાઓએ મેમોગ્રાફી તથા પેપ ટેસ્ટ કરાવ્યા તથા ૧૦ પુરુષોએ પરીક્ષણો કરાવ્યા. આ બધા પરીક્ષણો રાહતના દરે કરવામાં આવ્યા હતા. મહિલા ઉત્કર્ષ સમિતિ તથા તબીબી સહાય સમિતિના સંયુક્ત ઉપક્રમે ગાંધી જયંતિની આમ વિશિષ્ટ રીતે ઉજવણી કરાઈ. "કેન્સરનું નિદાન જેટલું વહેલું, તેટલું બચવું સહેલું."

★ તા. ૨૦-૧૧-૨૦૦૫ના રોજ **આંખના રોગોના ફ્રી નિદાન કેમ્પ**નો ૧૦૫ વ્યક્તિઓએ લાભ લીધો. એમાંથી ૨૯ જણાને મોતિયાના ઓપરેશનની જરૂર હોવાનું જણાતા, તે પાલડી મેડિકલ સેન્ટર ખાતે ૫૦%ના રાહત દરે ઉપલબ્ધ કરાઈ.

★ તા. ૨૭-૧૧-૨૦૦૫ના રોજ કેન્સર નિષ્ણાત ડૉ. શિલીન શુક્લનો વાર્તાલાપ યોજાયો. મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં કેન્સર વિશેની જાણકારી ખૂબ સરળ ભાષામાં અપાઈ હતી. આશરે ૧૦૦ વ્યક્તિઓ ઉપસ્થિત રહી હતી.

★ સંસ્થા KJSS તથા પ્રકૃતિ પ્રેમી પરિવાર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭-૧૧-૨૦૦૫ના શરૂ થયેલ પ્રાકૃતિક ચિકિત્સા શિબિર તા. ૩-૧૨-૨૦૦૫ના રોજ સંપન્ન થઈ. જેમાં ૫૦ વ્યક્તિઓએ ભાગ લીધો હતો.

★ તા. ૨૨-૧-૨૦૦૬ના રોજ યોજાયેલ **ઓર્થોપેડિક કેમ્પ**નો ૮૦ લોકોએ લાભ લીધો.

★ તા. ૨૬-૧-૨૦૦૬ના રોજ પાલડી ભવન સંકુલની સાથે મેડિકલ સેન્ટર પણ દસમા વર્ષમાં પ્રવેશી રહ્યું હતું. તે નિમિત્તે મેડિકલ સેન્ટરમાં કાર્યરત ૪૦ ડૉક્ટર્સ સાથે સમાજના અગ્રણીઓનું એક ગેટ-ટુ-ગેધર યોજાયું હતું. જેમાં ડૉક્ટર્સની સેવાઓને બિરદાવી, ભવિષ્યના વિકાસશીલ પગલાંઓ અંગે ચર્ચા કરાઈ હતી.

★ તા. ૨૯-૧-૨૦૦૬ના રોજ આઈ કેમ્પ — આંખના રોગ તથા મોતિયાના નિદાનનો નિઃશુલ્ક કેમ્પ યોજાયો. જેનો ૭૫ વ્યક્તિઓએ લાભ લીધો.

★ તા. ૨૦-૨-૨૦૦૬ના રોજ લાયોનેસ ક્લબ ઓફ અમદાવાદ મેઈન દ્વારા આપણા મેડિકલ સેન્ટરના ફિઝીયોથેરાપી વિભાગ માટે Cervical Traction Instrument (in sitting position) ભેટ મળ્યું.

★ તા. ૧૨-૩-૨૦૦૬ના યોજાયેલ **રક્તદાન શિબિર**માં ૧૩૫ બોટલ રક્ત એકત્રિત થયું.

★ વૈકલ્પિક ચિકિત્સા સમિતિ દ્વારા મેડિકલ સેન્ટર ખાતે વિવિધ આયુર્વેદિક કેમ્પ યોજાયા હતા. જૂન, જુલાઈ અને ઓગસ્ટ એમ ત્રણ મહિના દરમિયાન **પથરીના રોગ અંગે નિઃશુલ્ક નિદાન** કરાયા હતા. જેનો ૭૦ દર્દીઓએ લાભ લીધો.

જુલાઈ અને ઓગસ્ટમાં **કમર અને હાડકાંના દુઃખાવા માટેના નિદાન કેમ્પ**નો ૪૯ વ્યક્તિઓએ લાભ લીધો. ઓગસ્ટ માસમાં **ચામડીના રોગોના નિદાન કેમ્પ**માં ૧૬ વ્યક્તિઓએ તપાસ કરાવી.

૧૫મી ઓગસ્ટના યોજાયેલ **સર્વરોગ આયુર્વેદ નિદાન કેમ્પ**માં ૧૨૮ લોકોએ પરીક્ષણ કરાવ્યા.

★ ૧૫મી ઓગસ્ટે જ યોજાયેલ **થેલેસેમિયા પરીક્ષણ તથા રૂબેલા રસીકરણ કેમ્પ**નો અનુક્રમે ૧૦૮ વ્યક્તિઓએ તથા ૪૮ બહેનોએ લાભ લીધો હતો.

★ **પાલડી ભવન ખાતે મેડિકલ સ્ટોર શરૂ કરાયો (વર્ષ ૨૦૦૬).**

★ તા. ૨૦-૧૧-૨૦૦૬ના રોજ પાલડી ભવન ખાતે **ઓસ્ટીઓપોરોસીસ અંગે કેમ્પ** યોજાયો. ડૉ. નીતુબેન પરીખે ૪૦ વર્ષની વય પછી હાડકાંના બંધારણમાં થતા ફેરફારોને કારણે હાડકાંની યોગ્ય તપાસ તથા સંભાળની જરૂરિયાત જણાવી હતી. સમાજના ૭૦-૭૫ વ્યક્તિઓ સાથે કુલ ૧૬૨ વ્યક્તિઓએ આ કેમ્પનો લાભ લીધો.

★ તા. ૪-૧૨-૨૦૦૬ના રોજ મળેલી મેડિકલ સમિતિની મીટિંગમાં ભવન પરના ફૂલ ટાઈમ સેવા આપનાર ડોક્ટર્સના માનદ્ વેતનમાં વધારો કરાયો. મેડિકલ સેન્ટરના રીશફલીંગ તથા 'દવા કેન્દ્ર' અંગે પણ ચર્ચા કરાઈ.

★ તા. ૧૮-૨-૨૦૦૭ના રોજ **ડાયાબિટીસ કેમ્પ** યોજાયો. આ કેમ્પ માત્ર ડાયાબિટીક દર્દીઓ માટેનો જ હતો. આવા ૨૮ દર્દીઓએ જુદા જુદા ટેસ્ટ કરાવી સારવાર અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. ખાનગી લેબમાં રૂા. ૨૫૦૦/-માં થતા આ પરીક્ષણો કેમ્પ દરમિયાન માત્ર રૂા. ૨૦૦/-ની નજીવી કિંમતે કરવામાં આવ્યા હતા.

★ તા. ૧૨-૨થી તા. ૧૭-૨ દરમિયાન **હોમિયોપેથીક મફત નિદાન કેમ્પ** યોજાયો. જેનો ૬૦ વ્યક્તિઓએ લાભ લીધો.

★ સમાજના ચક્ષુદાતા અને દેહદાતા પૂર્વ ટ્રસ્ટી સ્વ. બાબુભાઈ કે. શાહની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે પરિજનોએ રક્તદાન કેમ્પ યોજ્યો હતો. અને ૫૪ બોટલ રક્ત એકત્રિત કર્યું હતું.

★ તા. ૨૫-૨ થી તા. ૩-૩ દરમિયાન **યોગ શિબિર** યોજાઈ ગઈ. જેનો ૫૦-૬૦ વ્યક્તિઓએ લાભ લીધો.

★ તા. ૧૫-૪ના રોજ ભવન પર **આર્થરાઈટીસ માટેનો કેમ્પ** યોજાયો. જેમાં ૧૦૦ વ્યક્તિઓએ લાભ લીધો. લાયન્સ ક્લબ ઓફ વિલેપાર્લે (વેસ્ટ)ના ૨૨ કચ્છીઓ પણ આ કેમ્પમાં ઉપસ્થિત રહ્યા હતા.

★ તા. ૨૪-૪ના રોજ **'લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય'** – આ વિષય અંગે શિબિર યોજાઈ હતી. ઘણા લોકોએ તાવરીયાજી નિર્દિષ્ટ શ્વસન પદ્ધતિ અંગે જાણકારી મેળવી હતી.

★ મેડિકલ સેન્ટરમાં ડેન્ટલ વિભાગમાં તથા અન્ય રૂમોમાં રીનોવેશનનું કાર્ય શરૂ થયું.

★ ૨૬ જુલાઈના રોજ મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા M To M **માસિકથી મેનોપોઝ**નો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં સ્ત્રી રોગના નિષ્ણાત **ડો. દર્શનાબેન ઠક્કરે** માસિક ધર્મની શરૂઆતથી અંત સુધીની સફર દરમિયાન ઊભી થતી સમસ્યાઓ તથા તેના નિવારણ અંગે સ્લાઈડ શો દ્વારા સરળ સમજ આપી હતી. કાર્યક્રમમાં ૭૬ બહેનો હાજર રહી હતી.

★ ૧૫ ઓગસ્ટના રોજ આયોજિત **થેલેસેમિયા કેમ્પ**માં ૬૧ યુવક-યુવતીઓએ લોહીનું પરીક્ષણ કરાવ્યું હતું તથા ૧૯ બહેનોએ **રૂબેલાની રસી** લીધી હતી.

★ તા. ૧૮-૮ના રોજ મેડિકલ સેન્ટરમાં કાર્યરત **ડોક્ટર્સનું વાર્ષિક મિલન** યોજાયું હતું. KJSS ના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ડૉક્ટરોએ ઉપયોગી સૂચનો કર્યા હતા. સમારંભમાં ૨૫ જેટલા ડૉક્ટરો ઉપસ્થિત રહ્યા હતા.

★ KJSS એ એની મેડિકલ સેવાઓનો વ્યાપ વધાર્યો. **મોતિયાના ઓપરેશન** માટે છ અલગ અલગ શ્રેણીના લેન્સ ઉપલબ્ધ કરાવાયા.

★ ઉપરાંત **ઓર્થો ડેન્ટલ ટ્રીટમેન્ટ પણ શરૂ કરાઈ**. જેમાં ઓસ્ટ્રેલિયન ટ્રીટમેન્ટ, સ્ટ્રેટ વાયર રીમુવેબલ એપ્લીકેશન, બ્રેકેજ, પેઢાની સારવાર, બોન ગ્રાફટીંગ તથા વિઝડમ ટુથ (ડહાપણની દાઢ), ફ્રેક્ચર કે સિસ્ટ માટેની સારવાર ઉપલબ્ધ બની.

★ તા. ૨૩-૧૨-૨૦૦૭ના રોજ આંખના રોગોના ફ્રી નિદાન તથા ફેકો મશીન દ્વારા મોતિયાના ઓપરેશન રાહત દરે કરવા અંગેનો કેમ્પ યોજાયો. **ડૉ. દેવલભાઈ શાહ** તથા **ડૉ. લીનાબેન કોઠારી** દ્વારા ૧૨૩ દર્દીઓની આંખોની તપાસ થઈ. જેમાંથી ૫૪ દર્દીઓને મોતિયાના ઑપરેશનની જરૂરત જણાઈ. ઑપરેશન માટે શ્રી કાંતિલાલ સાવલા તથા શ્રી શાંતિલાલ સાવલા તરફથી રૂા. ૧૧-૧૧ હજાર જાહેર થયા. ઉલ્લેખનીય બાબત એ હતી કે આંખોના રોગોના નિષ્ણાત **ડો. દેવલભાઈ શાહ તરફથી પણ રૂપિયા ૧૧ હજારનું દાન મળ્યું.**

★ ૯મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ વયસ્ક સમિતિ દ્વારા યોજાયેલ કાર્યક્રમનો વિષય હતો : **'કિડની સંલગ્ન રોગો - નિદાન - સારવાર.'** ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન તથા ગુજરાત કિડની ફાઉન્ડેશન સાથે સંકળાયેલ તબીબોએ જીવનભર કિડનીને તંદુરસ્ત કેમ રાખવી, નાદુરસ્ત કિડનીની સાચવણી કેવી રીતે કરવી, જો કિડની ફેઈલ થાય તો કેવા લક્ષણો દેખાય અને એવા સંજોગોમાં શું કરવું જોઈએ, એ અંગે નિષ્ણાતોએ સરળ ભાષામાં અને AV દ્વારા ઉપયોગી જાણકારી આપી હતી.

★ ૨૬મી જાન્યુઆરીના રોજ મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા **કેન્સર માટે સંપૂર્ણ બોડી ચેક-અપ કેમ્પ** યોજાયો. ૫૩ બહેનોએ માત્ર રૂા. ૫૦/-ના દરે આ તપાસણી કરાવી હતી.

★ દેહદાન સમિતિના શ્રી કમલેશભાઈ બાબુભાઈ શાહના સમયસર પ્રયાસોથી શ્રીમતી કોકિલાબેન કિરીટભાઈ શાહના અવસાન બાદ તેમના પરિવારજનો દ્વારા દેહનું દાન કરવામાં આવ્યું.

★ સમાજના સક્રિય કાર્યકર અને ટ્રસ્ટી **શ્રી હરખચંદ સાવલા**ને મગજમાં કેન્સરની ગાંઠનું નિદાન થયું. ઑપરેશન કરીને ગાંઠ કઢાવી લીધા પછી તેઓના દીકરાઓએ ઇન્ટરનેટ પરથી જાણ્યું કે અમેરિકામાં આના માટે એક રસી શોધાઈ છે, જે કેન્સરના દર્દીઓની આયુષ્ય રેખાને લંબાવી શકે. અમેરિકાની સ્ટેનફોર્ડ હોસ્પિટલમાં CDX - 110 નામની આ રસી અંગે પ્રયોગાત્મક સંશોધનો થઈ રહ્યા હતા. શ્રી સાવલાએ આ પ્રયોગનો અખતરો પોતાના પર કરવા સંમતિ આપી. અમદાવાદમાં પોતાનું કામકાજ આટોપી લઈને તેઓ અમેરિકા પહોંચી ગયા.

આ પ્રયોગાત્મક સારવારમાં તેમણે દર બે અઠવાડિયે લોહીની તપાસ કરાવવી, નિયમિત કિમોથેરાપી કરાવવી, આ પ્રયોગની ખાસ દવા અને રસી લેવાની, દર અઠવાડિયે MRI કરાવવું પડતું. ગ્લિઓબ્લાસ્ટોમા (દર્દનો પ્રકાર)વાળા દર્દીઓ પર થતાં સંશોધન માટે શ્રી સાવલા ત્રીજા દર્દી હતા. એમની સારવાર દરમિયાન 'સાન ફ્રાન્સિસ્કો ક્રોનિકલ'ના રીપોર્ટરે શ્રી સાવલાનો ઇન્ટરવ્યુ લીધો હતો. ત્યારે તેમણે પોતાની ગાંઠને કેન્સરની ગાંઠ નહીં, હર્ષની ગાંઠ ગણાવી હતી. જીવનની અનિશ્ચિતતાને સ્વિકારી, આવતીકાલ માટે નચિંત એવા શ્રી સાવલાના સકારાત્મક અને આશાવાદી અભિગમ જોઈને, એ રીપોર્ટર પણ દંગ રહી ગયા.

★ મે-૨૦૦૮માં મેડિકલ સેન્ટરમાં **ડિજિટલ એક્સ-રે મશીન** લગાવાયું.

★ તા. ૨૫-૫ના રોજ પાલડી ભવન ખાતે અમદાવાદ અને ગાંધીનગરના કચ્છી ઘટક સમાજોના હોદ્દેદારો - અગ્રણીઓ સાથે એક બેઠક યોજાઈ. જેમાં દરેક કચ્છી કુટુંબોને પાલડી મેડિકલ સેન્ટરની સેવાઓમાં ૨૫% રાહત આપવાનું નક્કી કરાયું.

★ તા. ૨૨-૭ના રોજ મળેલ મીટિંગમાં **ડૉ. નીતુબેન પરીખે** મેડિકલ સેન્ટરમાં **ડાયાબિટીસ અને ઓબેસિટી સેન્ટર શરૂ કરવા સૂચન કર્યું** હતું.

★ તા. ૧૫-૮-૨૦૦૮ના રોજ **થેલેસેમિયા પરીક્ષણ કેમ્પ તથા ફ્રી રૂબેલા વેક્સિન કેમ્પ** યોજાયો હતો.

★ તા. ૧૪-૧૧ના રોજ મળેલ મેડિકલ સમિતિની બેઠકમાં પાલડી તબીબી કેન્દ્રને ISO 9002-2008 મળી શકે કે કેમ તે અંગે જાણકારી લેવાઈ હતી તથા ઓબેસિટી સેન્ટર ચાલુ કરવા અને આંખોના નિદાન કેમ્પ અંગે ચર્ચા કરાઈ.

★ *તા. ૨૧-૧૨-૨૦૦૮ :* શ્રી કચ્છી જૈન ભવન પર આજે **મેદસ્વીપણા** તથા **ઓસ્ટીઓપોરાસીસ એટલે કે હાડકાંની ઘનતા માપવા** વગેરેની ચકાસણી અંગેના **ફ્રી ચેક-અપ કેમ્પ** યોજવામાં આવેલ હતો કે જેમાં શ્રી કચ્છી જૈન સમાજના તથા અન્યો મળીને લગભગ ૩૮૦થી વધુ વ્યક્તિઓએ તેનો લાભ લીધેલ હતો.

★ *તા. ૨૮-૧૨-૨૦૦૮ :* આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર **ફ્રી આઈ કેમ્પ** યોજવામાં આવેલ હતો કે જેમાં ૧૨૦ વ્યક્તિઓએ પોતાની આંખોની ચકાસણી કરાવેલ હતી કે જેમાંથી ૩૧ વ્યક્તિઓના મોતિયાના ઑપરેશન કરાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ *રવિવાર, તા. ૧૯-૪-૨૦૦૯ :* આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર **બાળ આરોગ્ય કેમ્પ** યોજવામાં આવેલ હતો કે જેમાં ૪૫ બાળકોના મેડિકલ ચેક-અપ કરાવવામાં આવેલ હતા. તેમાંથી કેટલાક બાળકોને આગળની ટ્રીટમેન્ટની જરૂરિયાત છે તેવું પણ નક્કી કરવામાં આવેલ હતું.

★ *શનિવાર, તા. ૯-૫-૨૦૦૯ :* આજ રોજ મેડિકલ સેન્ટરમાં સેવા આપતા ડૉક્ટર્સશ્રીઓ સાથે એક ગેટ-ટુ-ગેધરનું આયોજન ગોઠવવામાં આવેલ હતું અને આ સમારંભમાં મેડિકલ ક્ષેત્રના પ્રશ્નો વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.

★ *રવિવાર, તા. ૨૭-૯-૨૦૦૯ :* તબીબી સેવા સમિતિ આયોજિત શ્રી કચ્છી જૈન ભવન પર **સ્કીન વિશે વાર્તાલાપ** અને **ફ્રી નિદાન કેમ્પ** યોજવામાં આવેલ હતો. ૧૩૫ વ્યક્તિઓ ઉપસ્થિત રહેલ હતી કે જેમાંથી ફ્રી નિદાન કેમ્પનો ૫૫ લોકોએ લાભ લીધેલ હતો.

★ *મંગળવાર, તા. ૨૯-૯-૨૦૦૯ :* તબીબી સેવા સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મીટિંગમાં ગિરિરાજ પેઈન ક્લિનિકવાળા ડૉ. દિવ્યા ચોક્સીએ ઉપસ્થિત રહી, **પેઇન થેરાપી અને ઓઝોન થેરાપી** અંગે જરૂરી માહિતી આપેલ હતી. આ પ્રકારની ચિકિત્સા અહીંના મેડિકલ સેન્ટરમાં પણ ચાલુ કરી શકાય તેમ તેઓએ જણાવેલ હતું. આ મીટિંગમાં નાઇટ કેર સેન્ટર અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

★ *રવિવાર, તા. ૧૩-૧૨-૨૦૦૯ :* આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર **સાંધાના દુઃખાવા માટે એક નિઃશુલ્ક આયુર્વેદ કેમ્પ**નું આયોજન ગોઠવવામાં આવેલ હતું કે જેમાં ૧૩૪ દર્દીઓએ લાભ લીધેલ હતો.

★ ૨૦૧૦માં પાલડી મેડિકલ સેન્ટર ખાતે **ડાયાબિટીસ કલબ અને પેઇન મેનેજમેન્ટ ક્લિનિક**ની સેવા શરૂ થઈ.

★ *શનિવાર, તા. ૧૦-૪-૨૦૧૦ :* આજ રોજ પાલડી ભવનના મેડિકલ વિભાગમાં **સોનોગ્રાફી વિભાગ માટે આવેલ નવા ડોપ્લર મશીનનું ઉદ્‌ઘાટન** નવનીત પ્રકાશનના **શ્રી શાંતિભાઈ ગાલાના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું.** આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજના આગેવાનો સહિત અંદાજિત ૭૫ની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ હતા.

★ *રવિવાર, તા. ૨૦-૬-૨૦૧૦ :* આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી અશ્વિન સાવલા, ડૉ. ધીરેન શાહ, ડૉ. હિતેન્દ્ર શાહ વગેરે મળેલ હતા અને **'ક્લિનિકલ રીસર્ચ સેન્ટર' સ્થાપવા અંગે જરૂરી ચર્ચા વિચારણા કરી**, તે બાબતે આગળ વધવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

★ *બુધવાર, તા. ૨૩-૬-૨૦૧૦ :* **'ક્લિનિકલ રીસર્ચ સેન્ટર' સ્થાપવા અંગે** ડૉ. દેવલ શાહને ત્યાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ તથા શ્રી અશ્વિન સાવલાએ ચર્ચા વિચારણા કરેલ હતી.

★ *સોમવાર, તા. ૫-૭-૨૦૧૦ :* આજ રોજ પાલડી ભવન પર મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી. આ મીટિંગમાં નીચે મુજબ નક્કી કરવામાં આવેલ હતું : (૧) ક્લિનિકલ રીસર્ચ બાબતે આગળ વધવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૨) તા. ૧૮-૭-૨૦૧૦ના રોજ ડૉક્ટર્સ સાથે ગેટ-ટુ-ગેધર રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૩) હાર્ટ કેર બાબતે તા. ૨૯-૮-૨૦૧૦ના રોજ એક સેમિનાર રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૪) વર્ષ ૨૦૦૯-૧૦ના વિવિધ વિભાગોની કામગીરી અંગે તેની બેલેન્સ શીટ પર ચર્ચા કરી ૮ વિભાગના ડૉક્ટર્સ સાથે જરૂરી ચર્ચા કરવાનું શ્રી અશ્વિનભાઈ સાવલાને જણાવવામાં આવેલ હતું.

★ *રવિવાર, તા. ૧૮-૭-૨૦૧૦ :* આજ રોજ મેડિકલ સેન્ટરના **ડોક્ટર્સશ્રીઓ સાથે એક ગેટ-ટુ-ગેધર સમારંભ**નું આયોજન કરવામાં આવેલ હતું કે જેમાં ડૉક્ટર્સશ્રીઓએ કરેલ સૂચનની નોંધ કરી લેવામાં આવેલ હતી. આ મિલન સમારંભમાં ૨૦ જેટલા ડૉક્ટર્સ ઉપસ્થિત રહેલ હતા.

★ *રવિવાર, તા. ૧૯-૮-૨૦૧૦ :* મેડિકલ સેવા સમિતિ આયોજિત હૃદયરોગ, તેની સારવાર અને તેના અનુસંધાને જીવનશૈલી વિષયે કચ્છી જૈન ભવન પર એક પરિસંવાદ યોજવામાં આવેલ હતો કે જેના વક્તા તરીકે **ડૉ. ઉર્મિલ શાહ** તથા **ડૉ. ધીરેન શાહ** ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમનું સંચાલન અશ્વિન સાવલાએ કરેલ હતું.

★ *ગુરૂવાર, તા. ૯-૯-૨૦૧૦ :* બીના મેડિકલ સ્ટોર્સવાળા શ્રી જયેશભાઈએ બ્રાન્ડેડ જનરીક દવા તથા જનરીક દવાઓની વિગત રજિસ્ટરમાં લખીને મોકલી આપેલ હતી.

★ *રવિવાર, તા. ૧૯-૯-૨૦૧૦ :* મેડિકલ સમિતિના નેજા હેઠળ શરીરમાં વિવિધ ભાગોમાં થતા દુઃખાવા વિશેનો એક પરિસંવાદ અને ત્યારબાદ નામ નોંધાવનાર વ્યક્તિઓનું ચેક-અપ કરાવવામાં આવેલ હતું. બોન ડેન્સિટી મીટર મશીનથી ઉપસ્થિત દરેકના હાડકાંઓમાં કેલ્શિયમનું પ્રમાણ, હાડકાંઓમાં નબળાઈ અને ખામીઓ વગેરેનું ચેકિંગ કરવામાં આવેલ હતું. અંદાજિત ૨૫૦થી વધુ સંખ્યામાં લોકો આ સેમિનારમાં ઉપસ્થિત રહ્યા હતા.

★ *શનિવાર, તા. ૨૩-૧૦-૨૦૧૦ :* આજ રોજ મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી. આ મીટિંગમાં (૧) મેમોગ્રાફી માટે ટાઈ અપ કરવા અંગે, (૨) મેડિકલ સેન્ટરમાં એક રજિસ્ટર રાખી તેમાં દરરોજનો રીપોર્ટ લખવા અંગે, (૩) પેથોલોજી લેબોરેટરીમાં એક્સ્ટર્નલ તથા ઈન્ટર્નલ ક્વોલિટી કંટ્રોલ માટે એજન્સી નીમવા અંગે, (૪) પેથોલોજી લેબોરેટરીમાં ૧૬ ટ્યુબના નવા સેન્ટ્રીફ્યુઝ મશીન ખરીદવા બાબતે, (૫) પેથોલોજી લેબોરેટરી માટે એક નવું પ્રિન્ટર મશીન ખરીદવા બાબતે, (૬) આંખ વિભાગના જૂના મશીનના સ્થાને એક નવું મશીન ખરીદવા બાબતે, (૭) ડેન્ટલ વિભાગમાં સવારના ભાગે વધુ યોગ્ય ડૉક્ટરની નિમણુંક કરવા બાબતે તથા (૮) ડૉ. દેવીન્દ્રાબેન શાહના રાજીનામાથી ખાલી પડેલ જગ્યા માટે નવા ડૉક્ટરની નિમણુંક કરવા માટે જરૂરી નિર્ણયો લેવાયા હતા.

★ *રવિવાર, તા. ૨૧-૧૧-૨૦૧૦ :* બીમા મેડિકલ સ્ટોર્સવાળા શ્રી જયેશ હરખચંદ શાહ ભવન પર આવેલ હતા. તેમની સાથે બ્રાન્ડેડ દવાના બદલે **બ્રાન્ડેડ જનરીક દવા** વાપરવામાં આવે તો લોકોના દવાના કર્ચમાં ૭૦-૭૫ ટકાનો ઘટાડો થઈ શકે તે અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. ભવનના મેડિકલ સ્ટોરમાં બ્રાન્ડેડ જનરીક દવાનું પણ વેચાણ કરવામાં આવે તેવી વિચારણા કરવામાં આવેલ હતી.

★ તા. ૧-૧-૨૦૧૧ : મેડિકલ સેન્ટરમાં **સાઇકોલોજિસ્ટ**ની સેવા શરૂ થઈ.

★ રવિવાર, તા. ૧૩-૨-૨૦૧૧ના રોજ શ્રી કચ્છી જૈન ભવન પર **આંખના મોતિયાના નિદાન માટે એક નિઃશુલ્ક કેમ્પ** રાખવામાં આવેલ હતો. જેમાં ૩૦ પુરુષ અને ૧૪ મહિલાઓએ ભાગ લીધેલ હતો. અહીંના મેડિકલ સેન્ટરમાં અવારનવાર કાર્ડિયાક સંબંધિત કેમ્પ, હાડકાંના રોગો અંગે કેમ્પ, કેન્સર, શરીરમાં થતા અસહ્ય દુઃખાવા, બોન મેરો - ડેન્સિટી વગેરેના કેમ્પો નિઃશુલ્ક રાખવામાં આવે છે.

★ તા. ૩-૪-૨૦૧૧ના રોજ મળેલ ટ્રસ્ટ મંડળની મીટિંગમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બહારગામ રહેતા સભ્યોને પણ પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં સ્થાનિક સભ્યો જેટલા જ લાભો આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ વર્ષ ૨૦૧૦-૧૧માં પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં લગભગ રૂા. ૫.૬૦ લાખની કિંમતના નવા સાધનો વસાવવામાં આવેલ હતા.

★ ગત વર્ષના અંતે વસાવેલ સાધનો દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧માં **સોનોગ્રાફી અને ડોપ્લર મશીનથી ઇકો કાર્ડિયોગ્રાફી, સોફ્ટ ટીસ્યુ સોનોગ્રાફી તથા ડોપ્લર ટેસ્ટની સવલતો** આ સેન્ટરમાં જ ઉપલબ્ધ કરાવવામાં આવેલ હતી.

★ મેડિકલ સેન્ટરમાં જે સવલતો ઉપલબ્ધ કરી શકાયેલ નથી તેવી એમ.આર.આઈ., સીટી સ્કેન, મેમોગ્રાફી, ઓપીજી એક્સ-રે, બેરીયમ ટેસ્ટ વગેરેની સવલતો માટે અન્ય લેબોરેટરી / હોસ્પિટલો સાથે ટાઈ-અપ કરવામાં આવેલ હતા કે જેથી પેશન્ટને સારા એવા કન્સેશનલ દરે આ સેવાઓ ઉપલબ્ધ થઈ શકે.

★ તા. ૧૧-૧૨-૨૦૧૧ના રોજ મેડિકલ સેન્ટરમાં કાન-નાક-ગળાની તકલીફ, દાંતની તકલીફ તથા બહેરાશની તપાસ માટે **ઓડિયોગ્રામના નિઃશુલ્ક નિદાન કેમ્પ**નું આયોજન ગોઠવવામાં આવેલ હતું. જેમાં ટોટલ ૬૭ વ્યક્તિઓએ લાભ લીધેલ હતો.

★ તા. ૨૨-૪-૨૦૧૨ના રોજ **આંખના મોતિયાનો તથા આયુર્વેદ વિભાગ –** એમ બે કેમ્પનું આયોજન નિઃશુલ્ક ધોરણે કરવામાં આવેલ હતું. આંખના વિભાગમાં ૬૪ દર્દીઓ અને આયુર્વેદ વિભાગમાં ૬૧ દર્દીઓએ લાભ લીધેલ હતો.

★ તા. ૨૮-૪-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન પર મેડિકલ સેન્ટરના ડૉક્ટર્સશ્રીઓ સાથે એક ગેટ-ટુ-ગેધર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં મેડિકલ સેન્ટરના વિકાસ માટે વિવિધ ચર્ચાઓ કરવામાં આવેલ હતી. ઉપસ્થિત ડૉક્ટર્સશ્રીઓએ પણ જરૂરી સૂચનો કરેલ હતા. અંદાજિત ૮૦ વ્યક્તિની ઉપસ્થિતિ આ કાર્યક્રમ દરમિયાન રહેવા પામેલ હતી.

★ તા. ૧૭-૬-૨૦૧૨ના રોજ **હોમિયોપેથિક અને સૌંદર્યલક્ષી** તેમજ ૧૫ વર્ષ સુધીના બાળકોના **સ્વાસ્થ્ય સંબંધિત કેમ્પ** તથા ૫ વર્ષ સુધીના બાળકો માટે **બાળ રસી કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૧૦૪ લોકોએ ભાગ લીધેલ હતો.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળે નક્કી કરેલ હતું કે અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી જૈન નિયાણી બહેનોને તેના પરિવાર સહિત કચ્છી જૈન સમાજના કાર્યરત મેડિકલ સેન્ટરમાં ૨૫ ટકા કન્સેશન આપવું. ત્યારબાદ આ નિર્ણયમાં સુધારો કરીને **નિયાણી બહેનોને તથા તેના પરિવારને પણ ૭૫ ટકા કન્સેશન આપવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.**

★ તા. ૧૫-૭-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન ભવન પર **સામાન્ય (જનરલ) સ્વાસ્થ્ય કેમ્પનું આયોજન ગોઠવવામાં આવેલ હતું** કે જેમાં ૨૩૭ વ્યક્તિઓએ લાભ લીધેલ હતો. ડાયાબિટીસ, થાઈરોઈડ, લો હિમોગ્લોબીનની તકલીફવાળા, વિટામિન બી-૧૨ અને વિટામિન-ડી ની ઉણપવાળા દર્દીઓને તેમજ બી.એમ.ડી. બોન ડેન્સિટીના ટેસ્ટ વગેરેનું નિઃશુલ્ક નિદાન કર્યા બાદ નિષ્ણાત ડૉક્ટરો દ્વારા યોગ્ય સારવાર માટે ભલામણ કરવામાં આવેલ હતી.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષમાં સમાજના બાળકોને **ન્યુમોનિયાની (ન્યુમોકાકેલ) રસી તથા રોટા વાઇરસની (ઝાડાની) રસી નિઃશુલ્ક આપવાની જાહેરાત** કરવામાં આવેલ હતી.

★ બુધવાર, તા. ૩૧-૧૦-૨૦૧૨ના રોજ મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી. (૧) જે પ્રાઈવેટ ડૉક્ટરો વિવિધ પરીક્ષણ કરવા પોતાના પેશન્ટોને શ્રી કચ્છી જૈન ભવન પર મોકલે છે તેઓને દિપાવલીના શુભ સંદેશાઓ મોકલવાનું નક્કી કરવામાં આવેલ હતું. **(૨) કચ્છી જૈન ભવન બહાર વિવિધ પ્રકારના કેમ્પો રાખવા ચર્ચા કરવામાં આવેલ હતી. (૩) અમદાવાદમાં અન્યત્ર બ્લડ કલેક્શન સેન્ટર તથા મેડિકલ સેન્ટર ઊભા કરવા અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં**

**આવેલ હતી.**

★ મંગળવાર, તા. ૮-૧-૨૦૧૩ના રોજ મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી. જેમાં (૧) અમદાવાદની આજુબાજુના ગામડાં / શહેરોમાં વિવિધ વિભાગોના કેમ્પ રાખવા, (૨) અમદાવાદમાં અન્યત્ર બ્લડ કલેક્શન સેન્ટર ઊભા કરવા. (૩) સમાજના સભ્યોના બાળકો માટે ન્યુમોનિયા માટેની પ્રિવિનર-૧૩ અને ઝાડા માટેની રોટાવાઈરસ રસી તા. ૩૧ માર્ચ, ૨૦૧૩ સુધી (સુવર્ણ જયંતી વર્ષના અંત ભાગ સુધી) વિનામૂલ્યે આપવાનું ચાલુ રાખવું. (૪) જૂના થયેલ ઓટો એનાલાઈઝર મશીન બદલી તેના બદલે નવું મશીન વસાવવું વગેરે બાબતે જરૂરી નિર્ણયો લેવાયેલ હતા.

★ તા. ૨૪-૦૩-૨૦૧૩થી કે.એસ. દેઢિયા મૂકબધિર વિદ્યા મંદિરના ૧૦૦ વિદ્યાર્થીઓને પાલડી ભવનના મેડિકલ સેન્ટરમાં સમાજના સભ્યોને મળતા બધા જ લાભો આપવાનું ઠરાવાયું.

★ શુક્રવાર, તા. ૫-૪-૨૦૧૩ના રોજ "કચ્છ વાગડ લોહાણા સમાજ"ના સભ્યોના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરના ૨૫૮ કાર્ડ વાગડ લોહાણા સમાજના પ્રમુખ શ્રી સંજયભાઈ ઠક્કર પર મોકલી આપવામાં આવેલ હતા.

★ મંગળવાર, તા. ૭-૫-૨૦૧૩ના મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી. (૧) રાત્રે ૭ થી ૮ની ફિઝીયોથેરાપી માટે યોગ્ય પ્રચાર કરવાનું નક્કી કરવામાં આવ્યું. (૨) ફિઝીયોથેરાપી વિભાગ માટે **લેસર મશીન** (અંદાજિત કિંમત રૂા. ૨.૫૦ લાખ), **હોટ પેક મશીન** (અંદાજિત કિંમત રૂા. ૧૯,૦૦૦/-) તથા **સી.પી.એમ. મશીન** (અંદાજિત કિંમત રૂા. ૩૫,૦૦૦/-) ખરીદવા ચર્ચા વિચારણા કરવામાં આવી. અન્ય પણ કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા.

★ *મંગળવાર, તા. ૬-૮-૨૦૧૩ :* આજે રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી. બીજું સોનોગ્રાફી મશીન, ફેકો મશીન, બીજું એક ઓટો એનાલાઇઝર તથા નવા ટી.એમ.ટી. મશીન વસાવવા અંગે જરૂરી ચર્ચા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા. બોડી ચેક-અપની બધા પ્રકારની જરૂરિયાતો આવરી લેતી નવી યોજના બનાવવા વિશે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

★ *ગુરૂવાર, તા. ૨૯-૮-૨૦૧૩ :* આજે મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી. (૧) કોઈ પણ ઉંમરની વ્યક્તિ માટે બોડી ચેક-અપની ૬ સ્કીમો (વિવિધ ઉંમરના અનુસંધાને) ફાઈનલ કરવામાં આવેલ હતી. (૨) **ફિઝીયોથેરાપી વિભાગમાં મ્યુઝીક સિસ્ટમ મૂકવાનું નક્કી કરવામાં આવેલ હતું.** (૩) ફાયર એક્સ્ટીન્ગ્યુશર માટે ૩ કાર્બન ડાયોક્સાઇડના સિલિન્ડર ખરીદી લેવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ તા. ૧-૯-૨૦૧૩થી સમાજની **૩૦ વર્ષથી ઉપરની દરેક વ્યક્તિને વર્ષમાં એકવાર ફુલ બોડી ચેક-અપ વિનામૂલ્યે** કરાવવાની યોજના અમલમાં મૂકાઈ.

★ તા. ૨૦-૧૦-૨૦૧૩ના રોજ રીનોવેટેડ પાલડી મેડિકલ સેન્ટરનું લોકાર્પણ થયું.

★ તા. ૧-૧-૨૦૧૪ : પાલડી સ્થિત દવાની દુકાનેથી સૌ કોઈને ૧૦ ટકા વળતર અપાય છે. તે ઉપરાંત જરૂરિયાતમંદ દર્દીઓને વધારાના ૫૦ ટકાનું વળતર આપવાની શરૂઆત પ્રલીન ચેરીટેબલ ટ્રસ્ટના સહકારથી થઈ.

★ *ગુરૂવાર, તા. ૯-૧-૨૦૧૪ :* મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી. (૧) આવતા મહિનામાં યોજવામાં આવનાર કેમ્પો તથા ડાયાલિસિસ સેન્ટરના પ્રોજેક્ટ વિશે ચર્ચા કરવામાં આવેલ હતી. (૨) એક નવી સુપર સ્પેશિયાલિટી બ્રાંચ – રૂમેટોલોજી વિશે ચર્ચા કરવામાં આવેલ હતી. (૩) યોગની સુવિધા અત્યારે અઠવાડિયામાં જે બે દિવસ ચાલે છે તે ૫ દિવસની કરવા ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. (૪) **આંખનો કેમ્પ સળંગ એક મહિના સુધી ચાલુ રાખવા ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.**

★ તા. ૨૦-૪-૨૦૧૪ : **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે સમાજના પ્રથમ ડાયાલિસીસ સેન્ટરનું લોકાર્પણ થયું.**

★ *રવિવાર, તા. ૧૪-૯-૨૦૧૪ :* શ્રી કચ્છી જૈન ભવન પરના સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે મેડિકલ સેન્ટરમાં સેવા આપતા ડૉક્ટરો સાથે આજ રોજ વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં લગભગ બધા જ ડૉક્ટર્સશ્રીઓ ઉપસ્થિત રહેવા પામેલ હતા. આ મિલન સમારંભમાં વિવિધ વિષયે ચર્ચા અને સૂચનો કરવામાં આવેલ હતા. મેડિકલ સેન્ટરના મુખ્ય દાતા નવનીત પરિવારના શ્રી શાંતિલાલભાઈ ગાલા તથા મેડિકલ ચેક-અપ સેન્ટરના મુખ્ય દાતા પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા

વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ મેડિકલ સેન્ટર આવતા દિવસોમાં વધુને વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવેલ હતી.

★ *રવિવાર, તા. ૨૩-૧૧-૨૦૧૪ :* આજ રોજ મેડિકલ સમિતિ દ્વારા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે **કિડની તથા પ્રોસ્ટેટના રોગ, લક્ષણ અને અટકાવ વિશે એક સેમિનારનું આયોજન** ગોઠવવામાં આવેલ હતું. આ સેમિનારમાં 'ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન'ના અધિકારી સુશ્રી પૂર્વીબેન, નેફ્રોલોજિસ્ટ ડૉ. જગદીપ શાહ તથા યુરોલોજિસ્ટ ડૉ. હિમાંશુ શાહ દ્વારા વિવિધ મુદ્દાઓની રજૂઆત કરવામાં આવેલ હતી અને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ હતું.

★ *બુધવાર, તા. ૨૧-૧-૨૦૧૫ :* શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે. આર. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી નરેન્દ્ર ખોનાએ સાથે બેસીને ચર્ચા કરી કે મેડિકલ સેન્ટરમાં MRI સેન્ટર તથા મેમોગ્રાફી પરીક્ષણ ચાલુ કરવા.

★ *ગુરૂવાર, તા. ૨૨-૧-૨૦૧૫ :* શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે. આર. શાહ તથા શ્રી શાંતિભાઈ સાવલાએ **પાલડી ભવન ખાતે સી.ટી. સ્કૅન તથા એમ.આર.આઈ. ડાયગ્નોસ્ટીક સેન્ટર ચાલુ કરવા ચર્ચા વિચારણા કરી.**

★ *મંગળવાર, તા. ૧૬-૬-૨૦૧૫ :* આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર **"ઘુંટણનો ઘસારો – આર્થરાઈટીસ" પર એક રસપ્રદ પરિસંવાદ યોજવામાં આવેલ હતો.** હાડકાંના નિષ્ણાત ડૉક્ટર સમીર બાબરીયાએ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનથી ઘુંટણનો ઘસારો, તેને સંબંધિત સાંધાઓ નબળા પડતા કેવી રીતે અટકાવી શકાય, તેની તકલીફના સમયે વિવિધ પ્રકારના ઉપાયો કયા? વગેરેની સમજ સાથેની વિગત આપવામાં આવી હતી. વધુમાં ટી.કે.આર. - રીપ્લેસમેન્ટ, જરૂરી કસરત, વૉક, ઝડપથી દોડની આવશ્યક્તા વગેરે મુદ્દાઓ પર ખૂબ જ સુંદર માર્ગદર્શન આપેલ હતું. અનેક લાભાર્થીઓએ પોતાની વિવિધ પ્રકારની તકલીફો અંગે ઓ.પી.ડી.માં ડૉક્ટરોનું કન્સલ્ટેશન પણ મેળવેલ હતું. પરિસંવાદમાં ૬૦થી વધુ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

★ *ગુરૂવાર, તા. ૨-૭-૨૦૧૫ :* કચ્છી જૈન ભવન પર નિષ્ણાત યુરોલોજિસ્ટ ડૉ. હિમાંશુ શાહે **"પથરીની સમસ્યા તથા નિવારણ"** વિષયે ખૂબ જ અર્થસભર વક્તવ્ય આપેલ હતું. ૩૫ વ્યક્તિઓએ આ વર્કશોપમાં ભાગ લીધેલ હતો.

★ *ગુરૂવાર, તા. ૧૭-૧૨-૨૦૧૫ :* તબીબી સેવા સમિતિ દ્વારા મેડિકલ સેન્ટરમાં એક **ન્યુરોપથી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.** મંગળવાર તા. ૧૫ ડિસેમ્બર ૨૦૧૫ અને ગુરૂવાર તા. ૧૭ ડિસેમ્બર ૨૦૧૫ – એમ બે દિવસના કેમ્પના આયોજનમાં ૧૧૦ વ્યક્તિઓએ ભાગ લીધેલ હતો. આ કેમ્પ દરમિયાન **ડૉ. નીતુબેન પરીખે** આશરે ૩૦ મિનિટનું પ્રવચન પણ આપેલ હતું.

★ *તા. ૧૪-૮-૨૦૧૬ :* આજની ટ્રસ્ટ બોર્ડની મીટિંગમાં મેડિકલ સેન્ટર માટે નવું સોનોગ્રાફી મશીન ખરીદવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ *શનિવાર, તા. ૧૦-૯-૨૦૧૬ :* મેડિકલ સેન્ટર ખાતે **હાડકાંની ઘનતા (બી.એમ.ડી.) માપવાનો નિઃશુલ્ક કેમ્પ** યોજાયેલ હતો. ૭૭ વ્યક્તિઓએ આ કેમ્પનો લાભ લીધેલ હતો. મશીનથી પગના હાડકાંનું ચેક-અપ કરવામાં આવેલ હતું. **માત્ર ૫ વ્યક્તિઓના પગના હાડકાં બરાબર હતા. ૫૨ વ્યક્તિઓમાં કેલ્શિયમની ઉણપ વરતાઈ હતી. ૨૦ વ્યક્તિઓના હાડકાં પોલા થઇ ગયાનું નિદાન કરાયું હતું.** ૫૫ વ્યક્તિઓએ ઓર્થોપેડિક સર્જનનું કન્સલ્ટેશન કરાવવામાં આવેલ હતું. દર્દીઓને દવા આપવામાં આવી હતી તેમજ હાડકાંના ઘસારા તથા રીપ્લેસમેન્ટ માટે સલાહ આપવામાં આવેલ હતી.

★ *રવિવાર, તા. ૨૬-૨-૨૦૧૭ :* મેડિકલ સેન્ટરમાં સેવા આપતા ડૉક્ટર મિત્રોનું સ્નેહ મિલન સમારંભ યોજવામાં આવેલ હતું. આ સમારંભના અતિથિ વિશેષ પદે શ્રી રાજુભાઈ ગાલા, શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા તથા શ્રી રૂપેશ કાંતિલાલ સાવલા બિરાજમાન હતા. **સંસ્થાના મેડિકલ સેન્ટરમાં ૧૦ વર્ષથી વધુ સેવા આપતા ૨૧ ડોક્ટર્સનું વિવિધ મહાનુભાવોના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવેલ હતું.** મેડિકલ સમિતિના કન્વીનર ડૉ. હિતેન્દ્રભાઈ શાહે ૧૯૯૭થી શરૂ થયેલ મેડિકલ સેન્ટરની અત્યાર સુધીની કાર્યવાહીની માહિતી આપેલ હતી.

★ *તા. ૧૮-૩-૨૦૧૭ :* શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે. આર. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા ડૉ. હિતેન્દ્ર શાહે શ્રી શાંતિલાલ મુળજી સાવલા તથા પારસ સાવલાની મુલાકાત લઈ **સી.ટી. સ્કૅન તથા એમ.આર.આઈ. ઇમેજિંગ સેન્ટર** સ્થાપવા માટે જરૂરી ચર્ચા વિચારણા કરેલ હતી.

★ *મે-૨૦૧૭ :* મેડિકલ સમિતિ દ્વારા મંગલ મંદિરના મે-૨૦૧૭ના અંકમાં **હાઈ બ્લડ પ્રેશર વિશે** વિગતવાર માહિતીની

સમજ આપવામાં આવેલ હતી.

★ *જૂન-૨૦૧૭ :* તબીબી સેવા સમિતિ દ્વારા મંગલ મંદિરના જૂન-૨૦૧૭ના અંકમાં (૧) મૂત્રાશયમાં પથરી ધરાવતા દર્દીઓ માટે આહારસૂચિ તથા (૨) હાર્ટ એટેક અંગે અગત્યની માહિતી પ્રસારિત કરવામાં આવેલ હતી.

★ *સપ્ટેમ્બર-૨૦૧૯ :* **સપ્ટેમ્બર-૨૦૧૯ના મંગલ મંદિરમાં જાહેરાત કર્યા મુજબ ભવનના મેડિકલ સ્ટોર્સમાંથી બ્રાન્ડેડ દવાની સાથે સાથે બ્રાન્ડેડ જનરીક દવા પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. બ્રાન્ડેડ જનરીક દવાની અસરકારકતા બ્રાન્ડેડ દવા જેટલી જ રહેવા પામે છે અને તે એમ.આર.પી. કરતાં ૫૦થી ૬૦ ટકા ઓછા દરે પ્રાપ્ત થઈ શકશે.** જેઓને બ્રાન્ડેડ જનરીક દવાનો લાભ લેવાનો હોય તેઓ ઉપરોક્ત સ્ટોર્સ પરથી આ પ્રકારની દવા મેળવી શકશે.

★ *તા. ૫-૫-૨૦૨૨ :* આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી. આ મીટિંગમાં મેમોગ્રાફીના ચાર્જિસ, ઇ.એન.ટી. ડિપાર્ટમેન્ટ માટે માઇક્રોસ્કોપ ખરીદવા, ઓડિયોગ્રામના ચાર્જિસ અંગે, સમાજના સભ્યોને મેડિકલ કાર્ડમાં આપવામાં આવતા કન્સેશન વધારવા માટે તથા ૧૮થી ૩૦ વર્ષની વ્યક્તિઓ માટે બોડી ચેક-અપની સ્કીમ વિચારવા અંગે ચર્ચા કરી નિર્ણયો લેવામાં આવ્યા હતા.

★ *તા. ૧૫-૬-૨૦૨૨ :* **મેડિકલ સેન્ટરમાં મેમોગ્રાફી કમ સોનોગ્રાફી મશીનનું ડોનરશ્રીના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન કરાવવામાં આવેલ હતું.** ઉપરાંત ઇ.એન.ટી. વિભાગમાં કાનની સારવાર માટે **માઇક્રોસ્કોપ** અને નાક અને ગળાની **એન્ડોસ્કોપી મશીન**ની પણ અનાવરણ વિધિ કરી, સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ હતી.

★ ઓડિયોગ્રામ રૂમનું કામકાજ ચાલુ છે અને **ટૂંક સમયમાં ઓડિયોગ્રામની સારવાર શરૂ થઇ જશે.** ફિઝીયોથેરાપી વિભાગમાં ડાયાથર્મી અને અલ્ટ્રાસાઉન્ડ મશીનો ખૂબ જ જૂના હોવાથી બે નવા મશીનો લેવાનું નક્કી કરવામાં આવ્યું. બી.પી. માપતી સમયે પેશન્ટની હિસ્ટ્રી લેવા ડૉક્ટરની નિમણુંક કરવામાં આવેલ છે. એસ.ટી. સ્ટેન્ડ ડાયાલિસિસ સેન્ટરમાં MBBS ડૉક્ટરની નિમણુંક કરવામાં આવી છે અને ત્યાં જનરલ પ્રેક્ટીસ પણ શરૂ કરવામાં આવી છે.

★ *સોમવાર, તા. ૫-૧૨-૨૦૨૨ :* શ્રી કચ્છી જૈન ભવન પર આજથી ૬ દિવસ સુધી ચાલનાર આયુર્વેદિક કેમ્પનું પ્રમુખશ્રીના વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન કરી તેની શરૂઆત કરવામાં આવેલ હતી. આજે તેનો અનેક લોકોએ લાભ લીધેલ હતો.

★ *સોમવાર, તા. ૧૨-૧૨-૨૦૨૨ :* પાલડી ભવન પરના મેડિકલ સેન્ટરમાં **ઓડિયોગ્રામ તથા સ્પીચ થેરાપી કેમ્પનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.** જેમાં ૨૭ લોકોએ ઓડિયોગ્રામ કરાવેલ હતો અને ૮ લોકોએ સ્પીચ થેરાપીનો લાભ લીધેલ હતો.

★ *સોમવાર, તા. ૧૯-૧૨-૨૦૨૨ :* આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર છ દિવસ ચાલનાર **હોમિયોપેથીક કેમ્પ**નું ઉદ્‌ઘાટન કરી તેને જનરલ પબ્લિક માટે ખુલ્લુ મૂકવામાં આવેલ હતું.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## નવનીત મેડિકલ સેન્ટર - બોપલ અને નવનીત ડાયાલિસિસ સેન્ટર - બોપલ

*– અશોક મહેતા*

★ *તા. ૧૪-૭-૨૦૧૯ :* તા. ૧૪-૭-૨૦૧૯ની સામાન્ય સભામાં સમાજના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રતાપભાઈ દંડે માહિતી આપેલ હતી કે બોપલ ખાતેના **ગાલા હબ એનેક્સ**ના બીજા અને ત્રીજા માળે એટલે કે ૩૨૦૦ + ૩૨૦૦ = ૬૪૦૦ ચો.ફૂટ જગ્યા આપણને નવનીત ફાઉન્ડેશન દ્વારા મેડિકલ સેન્ટર માટે ફાળવવામાં આવેલ છે. તદુપરાંત તેઓ તરફથી રૂા. ૧.૫૦ કરોડનું ડોનેશન પણ આપવામાં આવેલ છે. એ જ રીતે ત્રીજા માળના મેડિકલ ચેક-અપ સેન્ટરમાં **દીપ ઇન્ડસ્ટ્રીઝ તરફથી** રૂા. ૧ કરોડના ડોનેશનની જાહેરાત કરવામાં આવેલ છે. આ રીતે ટૂંક સમયમાં બોપલ ખાતે આપણું બીજું મેડિકલ સેન્ટર કાર્યરત થઈ શકશે.

★ *તા. ૧૦-૧૧-૨૦૧૯ :*

શ્રી કચ્છી જૈન ભવનના મેડિકલ સેન્ટરમાં કાર્યરત ડૉક્ટર્સ તથા બોપલ વિસ્તારના ડોક્ટર્સને આમંત્રિત કરી, બોપલ મેડિકલ સેન્ટરની પ્રિમાઈસીસમાં તા. ૧૦-૧૧-૨૦૧૯ના રોજ એક મિલન સમારંભનું આયોજન ગોઠવવામાં આવેલ હતું કે જે સફળતાને વરેલ હતું.

સૌપ્રથમ ઉપસ્થિત ડૉક્ટર્સશ્રીઓએ બીજા તથા ત્રીજા માળના મેડિકલ સેન્ટરના વિવિધ વિભાગોનું નિરીક્ષણ કરેલ હતું અને ત્યારબાદ સહુ લોકો આ કાર્યક્રમમાં જોડાયા હતા. ડૉ. ધીરેન શાહ, ડૉ. હિમાંશુ શાહ, ડૉ. દેવલ શાહ, ડૉ. રાજીવ ઝા, ડૉ. અપૂર્વ પટેલ વગેરે ડૉક્ટરો આ કેન્દ્રની મુલાકાત લીધા બાદ પ્રભાવિત થયા હતા અને સંસ્થાને જરૂરત હોય ત્યારે પોતાની સેવા આપવાની તૈયારી દાખવેલ હતી.

દાતા પરિવારના શ્રી રાજુભાઈ ગાલા, શ્રી સંદીપભાઈ ગાલા, શ્રી પારસ સાવલા વગેરે પણ ઉપસ્થિત રહેલ હતા.

સંસ્થાના અગ્રણીઓ ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી કે.ડી. શાહ, શ્રી હિરેન શાહ, શ્રી પ્રદીપ મહેતા વગેરે પણ ઉપસ્થિત રહેલ હતા.

★ *તા. ૧૨-૧-૨૦૨૦ :*

**બોપલ ખાતેના નવનીત મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન રવિવાર, તા. ૧૨-૧-૨૦૨૦ના રોજ યોજવામાં આવેલ હતું.**

સૌપ્રથમ નવનીત મેડિકલ સેન્ટરના નામની તક્તીનું ઉદ્‌ઘાટન સમારંભ પ્રમુખ તથા મુખ્ય અતિથિ વિશેષ **શ્રી દીપકભાઈ ભેદા**ના હાથે કરાવવામાં આવેલ હતું.

બીજા માળે આવેલ **નવનીત મેડિકલ સેન્ટરની** તક્તીની અનાવરણ વિધિ હર્ષા એન્જિનિયરીંગવાળા જાણીતા ઉદ્યોગપતિ અને સમારંભના અતિથિ વિશેષ **શ્રી હરીશભાઈ રંગવાલા**એ કરેલ હતી.

ત્યારબાદ બીજા માળે દાતા **શ્રીમતી કંચનબેન નવીનચંદ્ર શાહ**ના હસ્તે ઓ.પી.ડી. વિભાગની તક્તીનું અનાવરણ કરવામાં આવેલ હતું.

ત્રીજા માળે **દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટરની તક્તી**ની અનાવરણ વિધિ પટેલ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના મેનેજિંગ ડાયરેક્ટર તથા સમારંભના અતિથિ વિશેષ **શ્રી મેઘજીભાઈ ખેતાણી**ના હસ્તે કરાવવામાં આવેલ હતી.

ડેન્ટલ વિભાગનું ઉદ્‌ઘાટન એચ. એન. સફલ ગ્રૂપના અગ્રણી **શ્રી આર.કે. પટેલ**ના હસ્તે કરાવવામાં આવેલ હતું.

સોનોગ્રાફી વિભાગનું ઉદ્‌ઘાટન નવનીત પરિવારના **શ્રી રાજુભાઈ ગાલા** તથા **સંગીતાબેન ગાલા**એ કરેલ હતું.

ફિઝીયોથેરાપી વિભાગનું ઉદ્‌ઘાટન **શ્રી અખિલભાઈ હરિયા** તથા તેમના પરિવારજને કરેલ હતું.

એક્સ-રે વિભાગનું ઉદ્‌ઘાટન **શ્રીમતી કમલબેન શાહ** તથા **શ્રીમતી તરુબેન શાહે** કરેલ હતું.

પેથોલોજી લેબોરેટરીનું ઉદ્‌ઘાટન **શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા** તથા **શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ સાવલાએ** કરેલ હતું.

સમારંભના પ્રમુખ તરીકે મુખ્ય અતિથિ વિશેષ શ્રી દીપકભાઈ ભેદા હતા.

આ પ્રસંગે દરેક મહેમાનોનું તથા દરેક દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે ડોનેશનની સારી એવી રકમની જાહેરાતો પણ થયેલ હતી.

★ *મે-૨૦૨૧ :* નવનીત મેડિકલ સેન્ટર - બોપલ ખાતે અ.મ્યુનિ.કો. દ્વારા ૧૮ વર્ષથી ઉપરની ઉંમરની વ્યક્તિઓ માટે વિના મૂલ્યે **કોરોના રસીકરણ કેન્દ્ર** શરૂ કરવામાં આવેલ હતું. રસીકરણ માટેની ટીમ જોધપુર અર્બન હેલ્થ સેન્ટર પરથી આવેલ હતી.

★ *રવિવાર, તા. ૧૪-૧૧-૨૦૨૧ :*

આજ રોજ ગાલા હબ એનેક્સ - બોપલના પ્રથમ માળે અંદાજિત ૧૨૦૦ ચો.ફૂટ જગ્યામાં ૮ મશીન સહિતના **"નવનીત ડાયાલિસિસ સેન્ટર"નું ઉદ્‌ઘાટન શ્રી શાંતિલાલભાઈ ગાલા તથા શ્રીમતી વિમળાબેન ગાલાના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું.** આ સેન્ટર આજરોજથી જ કાર્યરત થઈ જવા પામેલ છે.

આ સમારોહના પ્રમુખપદે શ્રી પ્રતાપભાઈ દંડ બિરાજમાન હતા. અતિથિ વિશેષ પદે **શ્રી હેમંતભાઈ એન. શાહ, શ્રી ચેતનભાઈ ડી. શાહ** તથા **શ્રી જીગીષભાઈ એન. દોશી** બિરાજમાન હતા. તદુપરાંત મંચ પર એચ.એન. સફલ ગ્રૂપના **શ્રી ધીરેન વોરા** તથા **શ્રી ઉદયન વોરા** તેમજ **શ્રી રાજુભાઈ ગાલા, શ્રી સંદીપભાઈ ગાલા, શ્રી પારસભાઈ સાવલા** વગેરે બિરાજમાન હતા.

અતિથિ વિશેષશ્રીઓનું તથા ડોનેશન આપનાર મહાનુભાવોનું સન્માન કરવામાં આવેલ હતું. ૧૦ મશીનના દાતાશ્રી તથા ૮ બેડના દાતાશ્રીઓનું પણ સન્માન કરવામાં આવેલ હતું.

★ *રવિવાર, તા. ૧૩-૩-૨૦૨૨ :* નવનીત મેડિકલ સેન્ટર - બોપલ ખાતે આજરોજ સેન્ટરના ડૉક્ટરો તથા આજુબાજુના વિસ્તારમાં પ્રેક્ટીસ કરતાં **ડોક્ટરોનું એક ગેટ-ટુ-ગેધર કાર્યક્રમ** યોજવામાં આવેલ હતું કે જે દ્વારા આજુબાજુના વિસ્તારના ડૉક્ટરો નવનીત મેડિકલ સેન્ટરથી તથા તેના ઓ.પી.ડી. તેમજ પરીક્ષણ ક્ષેત્રના વિવિધ વિભાગોથી માહિતગાર થઈ શકે. લગભગ ૧૦ જેટલા ડૉક્ટરોએ આ પ્રસંગે પોતાના પ્રતિભાવો રજૂ કરેલ હતા. આ પ્રસંગે શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના ટ્રસ્ટ મંડળના તથા કારોબારી સમિતિના સભ્યો સારી એવી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા.

★ *શનિવાર, તા. ૨૩-૪-૨૦૨૨ :* આજ રોજ અહીં **ઓર્થોપેડિક તથા ડેન્ટલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.** ઓર્થોપેડિક ફ્રી કેમ્પનો ૩૮ દર્દીઓએ લાભ લીધેલ હતો. ડેન્ટલ ફ્રી કેમ્પનો ૨૭ દર્દીઓએ લાભ લીધેલ હતો.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## "મંગલ મંદિર"

*– ફાલ્ગુની હિરેન*

૧૯૭૦માં શ્રી કચ્છી જૈન સેવા સમાજ તરીકે કચ્છી જ્ઞાતિના ચાર ફિરકાનું એક સંગઠન બન્યું. એમાં જોડાયેલા લોકોની સંખ્યા અંદાજે ૧૦૦-૧૫૦ની હશે. પરંતુ ત્યારે વાર્ષિક એક સ્નેહમિલન થતું. વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી, ભોજન લઇ સૌ છૂટા પડતા. ગણ્યા ગાંઠ્યા લોકોને બાદ કરતાં મોટાભાગના અન્ય કચ્છી જૈનોમાં હજી સંસ્થા માટે પોતીકું આકર્ષણ ઊભું થયું ન હતું. સમાજના સભ્ય બનવા માટે કોઈ લવાજમ હતું નહીં. કોઈ કચ્છી જૈનના સંપર્કમાં આવે તે સભ્ય. સક્રિય કાર્યકરો વારાફરતી પ્રમુખ - મંત્રી પદે બેસતા / બેસાડતા. ૧૯૭૪માં તે સમયે અગ્રીમ હરોળના **હીરજી બાપા**ને લાગ્યું કે સમાજને ખરેખર સંગઠિત કરવા માટે સમાજની પત્રિકા જેવું કંઈક બહાર પાડવું જોઈએ. જેથી સૌ એકમેક વિશે જાણતા થાય, એકમેકને ઓળખતા થાય તથા એકમેક માટે આત્મીયતા કેળવતા થાય. આ વિચાર સાથે તેમણે સવાણી ટ્રાન્સપોર્ટમાં ઝોનલ મેનેજર તરીકે કામ કરતા અને સાહિત્યમાં રૂચિ ધરાવતા **શ્રી પ્રભુલાલભાઈ કપૂરચંદ સંઘવી**ને વાત કરી. પ્રભુલાલભાઈ ૧૯૭૫માં **સમાજના માનદ્ મંત્રી** તરીકે નિયુક્ત થયા હતા. હીરજી બાપાના સૂચન પર મંથન કર્યા બાદ પ્રભુલાલભાઈએ જરૂરી તપાસ કરી. કાગળ, છપાઈ અને પોસ્ટલ ખર્ચના આંકડા માંડ્યા. ૧૦૦-૧૫૦ જેટલા સભ્યો, પાંચ પૈસાની ટપાલ ટિકિટ અને કાગળ તથા છપાઈના કંઈક રૂપિયા ગણીને આશરે પચાસેક રૂપિયાનો ખર્ચ એક અંક પાછળ થાય. એ વખતે એટલો નિભાવ ખર્ચ પણ સંસ્થાને પોસાય એમ ન હતો.

ખર્ચ પર કાપ કેવી રીતે મૂકી શકાય એના વિકલ્પોને અંતે નક્કી થયું કે માત્ર ચાર પાનાની આ પત્રિકા છપાવવી. સસ્તો કાગળ વાપરવો અને ટપાલ ટિકિટના પૈસા બચાવવા માટે પત્રિકાને પોસ્ટ કરવાને બદલે સૌના ઘરે હાથોહાથ પહોંચાડવી. આ માટે દસા, વીસા, ગૂર્જર સમાજના સભ્યોએ અલગ અલગ વિસ્તારો વહેંચી લીધા. સમાજ પ્રમાણે પત્રિકાના વિતરણની જવાબદારી લઈ લીધી. એ સમયે લોકો પાસે સમય પુષ્કળ હતો પણ પૈસા ન હતા. આજે લોકો પાસે પૈસા છે પણ એકમેક માટે સમય નથી. પહેલા પાંચ અંક માટે **મે. નવનીત પ્રકાશન કેન્દ્ર**એ ખર્ચ ઉઠાવી લીધો. પછીના ત્રણ અંકના ખર્ચની જવાબદારી તત્કાલીન પ્રમુખ **બાબુભાઈ વીરમ શાહે** ઉપાડી લીધી. પત્રિકાને પ્રેરણાદાયી નામ અપાયું **"પ્રેરણા."** આટલી કવાયત પછી **ઓગસ્ટ ૧૯૭૫**માં 'પ્રેરણા'નો પહેલો અંક બહાર પડ્યો.

માત્ર ચાર પાનાની આ પત્રિકામાં અમદાવાદમાં રહેતા કચ્છી જૈનોની નાનામાં નાની વિગતો છપાઈ. લગ્ન, સગપણ, બાળક જન્મ, મૃત્યુ નોંધ, ઉદ્‌ઘાટન વગેરેના સમાચાર છપાયા. આમ, પ્રસવ પછી નવજાત મુખપત્ર 'પ્રેરણા'એ પહેલું ડગ ભર્યું અને સૌના સહકારથી એ ચાલતું રહ્યું.

'પ્રેરણા' મુખપત્ર ઘરે ઘરે પહોંચ્યું. એમાં છપાયેલા સમાચાર / વિગતો વાંચીને લોકો પોતાની વિગતો મોકલવા લાગ્યા અને બીજાના સમાચાર મેળવવા રાહ જોવા લાગ્યા. 'પ્રેરણા' મેળવવામાં કોઈ બાકી ન રહી જાય, એ માટે સૌના સરનામા એકઠા કરીને મુખપત્ર પર હાથે લખવામાં આવતા. ધીમે ધીમે વ્યાપ વધ્યો. પછી સૌને હાથોહાથ મુખપત્ર પહોંચાડવું મુશ્કેલ બન્યું. એટલે પછી એ સમયના પોસ્ટલ ચાર્જ મુજબની ટિકિટ ચોંટાડી એને પોસ્ટ કરવું શરૂ કર્યું.

એ સમયે ન્યુઝ પેપર એક્ટ મુજબ, જો આપનું પ્રકાશન રજિસ્ટર્ડ હોય તો ટપાલ ખર્ચમાં ૫૦% રાહત મળતી. એટલે તંત્રી પ્રભુલાલભાઈએ 'પ્રેરણા' મુખપત્રને રજિસ્ટ્રેશન માટે દિલ્હી મોકલાવ્યું. જે ૨-૩ વખત રીજેક્ટ થયું. પ્રભુલાલભાઈએ દિલ્હી પત્ર વ્યવહાર કર્યો. મોબાઈલ તો હતા નહીં. લેન્ડ લાઈનના કાળા ડબલા હતા. દિલ્હીની સરકારી ઓફિસમાં જેટલી વાર ફોન કરતા, કોઈ નવી જ વ્યક્તિ મળતી. દર વખતે નવેસરથી એમને પ્રશ્ન સમજાવવો પડતો. આખરે કોઈ પરિણામ ન મળતાં, પ્રભુલાલભાઈ રૂબરૂ દિલ્હી ગયા. સમસ્યાનું કારણ જાણ્યું. બીજું કોઈ પ્રકાશન 'પ્રેરણા'ના નામે રજિસ્ટર્ડ હોવાથી આપણા મુખપત્રનું રજિસ્ટ્રેશન થઈ શકતું ન હતું, એ ખબર પડી. એટલે નવા નામો શોધવાની કવાયત શરૂ થઈ. પાંચ નામોના વિકલ્પ સાથે મુખપત્ર ફરી દિલ્હી મોકલાયું અને એમાંથી ''મંગલ મંદિર'' નામ આપણને મળ્યું / પસંદ થયું. એટલે **જાન્યુઆરી-૧૯૭૭થી "મંગલ મંદિર"** નામ સાથે સમાજનું મુખપત્ર રજીસ્ટર્ડ થઈ ગયું અને તેને માત્ર બે પૈસાના નજીવા ખર્ચથી પોસ્ટ કરવાની માન્યતા મળી. તે પૂર્વે ''પ્રેરણા''ના ૧૧ અંક બહાર પડ્યા હતા.

રજિસ્ટ્રેશન થયા બાદ પોસ્ટ ઓફિસનું નિયત ફોર્મ ભરવું પડતું. 'For Private Circulation Only' એમ લખવું પડતું.

મુખપત્ર પોસ્ટ કરવા માટે એક તારીખ નિર્ધારીત કરાય. જો એ તારીખ ન સચવાય તો વળી બે રૂપિયાની ટિકિટ લગાડવી પડે. આવી બધી જફાઓ સાથે પણ "મંગલ મંદિર" સમાજની કડીરૂપ બનવાનું કાર્ય કરતું રહ્યું. સમાજના સભ્યોને એક તાંતણે બાંધવામાં સફળ રહ્યું. સમાજના સુગ્રથિત વિકાસમાં પાયારૂપ બની રહ્યું.

"મંગલ મંદિર" મુખપત્રમાં સમાચારો અને સુવિચારો ઉપરાંત સાંપ્રત ઘટનાઓ અંગે તંત્રીલેખ છપાતો. તે ઉપરાંત નાના નાના અન્ય લેખો, નિબંધ કે રંગપૂરણી સ્પર્ધાઓની વિગતો વગેરે લેવાતા ગયા. ક્યારેક વળી ટચુકડી જા.ખ. પણ મળી જતી. સમાજના કાર્યોમાં સક્રિય રહેવાની સાથે સાથે પ્રભુલાલભાઈએ સમાજના મુખપત્રને પ્રકાશિત કરવાનું કાર્ય સહજ રીતે કર્યું. લગભગ અઢી વર્ષ સુધી તેમણે આ જવાબદારી સંભાળી. **જુલાઈ ૧૯૭૭ના "મંગલ મંદિર"નો વિશેષાંક** બહાર પડાયો. જેનો ઉદ્દેશ્ય હતો માસિક મુખપત્ર પ્રકાશિત કરવામાં થતા ખર્ચને પહોંચી વળવું. જેમાં સમાજના જ સૌ સભ્યોએ જાહેરાત મેળવવામાં સારી એવી મદદ કરી હતી. (સંભવતઃ 'મંગલ મંદિર'નો એ પ્રથમ વિશેષાંક હશે.) ત્યારબાદ મે-૧૯૭૮થી 'મંગલ મંદિર'ના સંચાલનનું કાર્ય **શ્રીમતી પ્રમીલાબહેન કુરૂવા**એ સંભાળ્યું.

પ્રમીલાબહેન ગાંધીયુગના અગ્રણી **સ્વ. બી.એન. મહેશ્વરી**ના પુત્રી હતાં. સામાજિક સેવા વારસામાં મળેલી હોવાથી આઝાદીની ૧૯૪૨ની લડત વખતે મહાત્મા ગાંધીની હાકલ પર કોલેજનો બહિષ્કાર કરીને તેઓ આઝાદીની ચળવળમાં જોડાઈ ગયાં હતાં. અનેક સ્ત્રી મંડળોમાં સક્રિય પ્રમીલાબહેન કેટલાક મુખપત્રોમાં નિયમિત રીતે કોલમો લખતાં હતાં. **પતિ ઉમરશીભાઈ કુરૂવા**ની જેમ પ્રમીલાબહેન પણ આપણા સમાજના કાર્યોમાં સક્રિય હતાં. ૧૯૭૩થી ૧૯૭૭ સુધી તેઓ કારોબારી સમિતિના સભ્ય પણ હતાં. એમની આવડત અને તૈયારી જોતાં 'મંગલ મંદિર'ની જવાબદારી તેમને સોંપાઈ. મુખપત્રમાં નવી નવી કોલમો ઉમેરીને તેઓ તેને વૈવિધ્યસભર બનાવતાં ગયાં. તંત્રી સ્થાનેથી લખાયેલ તેમના પ્રગતિશીલ વિચારો સમાજના સભ્યોને પ્રેરીત કરતા રહ્યા.

પ્રમીલાબહેને તેમના પહેલા જ અંકથી 'મંગલ મંદિર'માં સમાજ દર્પણ ઉપરાંત નવી કોલમો શરૂ કરી. વલોવતન, સ્ત્રી સૌરભ, શિશુ મંગલ, ઉગતી પેઢીને... વગેરે. ઉપરાંત અધ્યાત્મ અને જૈન તીર્થોની માહિતી પણ ખરી. સમાજના સભ્યોને 'મંગલ મંદિર' માટે ગમતી કોલમોમાં લખાણ કરવા માટે તેઓ અવારનવાર સભ્યોને પ્રેરીત કરતાં હતાં તથા તંત્રીલેખમાં સાંપ્રત સમાજની ઘટનાઓ, પ્રશ્નોને વાચા આપી, વિચાર કરવા પ્રેરે તેવા લખાણો લખતાં.

★ વર્ષ ૧૯૭૮ના સપ્ટેમ્બરના અંકમાં K.G. થી લઈને ધોરણ-૧૨માં પરીક્ષાઓમાં તથા કોલેજોમાં ઉત્તીર્ણ થનારા સમાજના સૌ બાળકોના નામ પ્રથમ વખત પ્રકાશિત કરવામાં આવ્યા.

★ જૂન ૧૯૭૯ના 'મંગલ મંદિર'ના સમાજ દર્પણમાં લખાણ લેવાયું હતું : "આપને ત્યાં કોઈપણ જાતની નોકરીની જગ્યા ખાલી હોય કે આપ કોઈને કંઈ કામ આપી શકો તો 'મંગલ મંદિર' કાર્યાલયને જણાવવા વિનંતી. જેથી જરૂરિયાતવાળાને તે મુજબ માર્ગદર્શન આપી શકાય." આ સંદર્ભે કચ્છ જિલ્લાની ગ્રામીણ બેંકો માટે, ફિલ્ડ આસિસ્ટન્ટની, પાન-બીડીની દુકાનમાં કામ કરવા યુવાનોની તથા ઘર દેરાસર માટે પૂજારીની જરૂર હોવાનું જુલાઈના અંકમાં જણાવાયું હતું.

★ તા. ૧૩-૧-૧૯૮૦ના રોજ મળેલી સમાજની સામાન્ય સભામાં કારોબારી સમિતિએ દરેક માસે 'મંગલ મંદિર'માં જાહેર ખબરો લેવાનું નક્કી કર્યું. મુખપત્રના છેલ્લા પાને એક સ્ટ્રીપના રૂા. ૧૦૦/- લેખે કુલ બે સ્ટ્રીપ જાહેર ખબર લઇ શકાય, તેવું સૂચન કર્યું. જૂન માસથી જાહેર ખબર શરૂ થઈ ગઈ હતી.

★ **નવેમ્બર-ડિસેમ્બર ૧૯૮૦**નો 'મંગલ મંદિર'નો અંક **દીપોત્સવી વિશેષાંક** તરીકે પ્રગટ થયો – સંભવતઃ 'મંગલ મંદિર'નો પ્રથમ દીપોત્સવી વિશેષાંક. તંત્રી **શ્રીમતી પ્રમીલાબહેન**ના અથાગ પરિશ્રમથી, મંત્રી **અશોક મહેતા**ની ઉત્સાહસભર મહેનતથી અને શુભેચ્છકોના વિજ્ઞાપનરૂપી પ્રોત્સાહનથી, માત્ર આઠ પાનાના પ્રકાશિત થતા માસિક માટે, ૯૦ પાનાનો વિશેષાંક સંભવ બન્યો. આ અંકમાં પ્રથમવાર બે ટાઈટલ પેજ હતા. એક પર કચ્છનો નકશો અને બીજા પર જૈન દેરાસરનો ફોટો છપાયો ('જય કચ્છ'ના તંત્રીના સહયોગથી). ૩૭ પાનાની જાહેરાતો છપાઈ હતી. જેના માટે સર્વશ્રી **કનકભાઈ મહેતા, બાબુભાઈ વીરમ, વિરેન્દ્રભાઈ આસારીયા, પ્રતાપભાઈ દંડ, શાંતિલાલભાઈ ગાલા, માવજીભાઈ કુરિયા, મુળજીભાઈ લોડાયા, મગનભાઈ સંઘવી, હીરજીભાઈ શાહ** – સૌએ સારી જહેમત ઉઠાવી હતી. 'મંગલ મંદિર'ના આ પ્રથમ દળદાર વિશેષાંકમાં કચ્છના ઐતિહાસિક, ભૌગોલિક અને પ્રાકૃતિક લેખો ઉપરાંત કચ્છ, અમદાવાદ અને મુંબઈ વિશેના ઉપયોગી માહિતીસભર લેખો તથા કવિતાઓ - વાર્તાઓ સમાવાઈ હતી.

★ સપ્ટેમ્બર-ઓક્ટોબર ૧૯૮૦ : **દશાબ્દિ વિશેષાંક.**

★ ડિસેમ્બર-૧૯૮૧ના અંકમાં સમાજના ૨૦૯ સભ્યોના ઓફિસ કે રહેઠાણના ટેલીફોન નંબરો છપાયા હતા.

★ સમાજના સભ્ય **મહેન્દ્રભાઈ ચી. ઝોટા**ના સૂચનના આધારે 'મંગલ મંદિર' દ્વારા **પત્ર-મૈત્રી વિભાગ** શરૂ થયો.

★ એપ્રિલ-મે ૧૯૮૩નો અંક **શૈક્ષણિક વિશેષાંક** તરીકે છપાયો. એસ.એસ.સી. પછી શું? તેની કારકિર્દીલક્ષી માહિતી એમાં પ્રકાશિત કરાઈ. જો કે આ અંક માત્ર ૧૦ પાનાનો જ હતો.

★ બદલાતા સમયની સાથે તાલ મિલાવતા નવી પેઢીને અનુરૂપ શિક્ષણ વિશે, નવા અભ્યાસક્રમો વિશે જાણકારી મેળવી વિદ્યાર્થીઓ પોતાના ભાવિને વધુ ઉજ્જવળ બનાવી શકે તે હેતુથી જાન્યુઆરી-૧૯૮૧ના અંકમાં વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોની યાદી પ્રગટ કરાઈ.

★ **સપ્ટેમ્બર-ઓક્ટોબર ૧૯૮૧**માં **દશાબ્દિ વિશેષાંક** બહાર પડાયો. ૫૮ પાનાના આ અંકમાં પહેલી વખત તત્કાલીન હોદ્દેદારો અને કારોબારી સમિતિના સભ્યોના ફોટા સાથે વિગતો છપાઈ.

★ 'મંગલ મંદિર'નું તંત્રીપદ પ્રમીલાબહેને મૃત્યુપર્યંત એટલે કે જૂન ૧૯૮૪ સુધી સળંગ છ વર્ષ સુધી સંભાળ્યું. તેમના આકસ્મિક અવસાનથી 'મંગલ મંદિર' માટે અચાનક ખાલીપો આવી ગયો. મુખપત્ર કોણ ચલાવી શકે એ મોટો પ્રશ્ન ઊભો થયો. છેલ્લા ૯ વર્ષથી સતત પ્રકાશિત થતું મુખપત્ર એકાએક બંધ કેમ કરાય? આ સમજદારીપૂર્વકની જવાબદારી કોણ લઈ શકે? હવે શું થશે? કેવી રીતે થશે? એવા અનેક પ્રશ્નાર્થ સાથેની પડકારજનક પરિસ્થિતિ ઊભી થઈ.

તે સમયે મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે **ડૉ. ચંદ્રકાંત દેઢિયા** સમાજમાં પૂરેપૂરા ઓતપ્રોત હતા. તેમના ધર્મપત્ની **શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા** પણ ભક્તિ મંડળ અને મહિલા મંડળ સુપેરે ચલાવી રહ્યાં હતાં. આથી સમાજના અગ્રણીઓએ મસલત કરીને ચંદ્રિકાબેનને 'મંગલ મંદિર'નું તંત્રીપદ સંભાળવા સૂચન કર્યું. લેખન ક્ષેત્રે તેમને ઝાઝો અનુભવ ન હતો. આથી તેઓ તંત્રીપદની જવાબદારી માટે ખચકાટ અનુભવતાં હતાં. આ પદ માટેની અનુભવ શૂન્યતા અંગે પણ મોટી વિમાસણ હતી. વિચારણાને અંતે તેમણે ઓગસ્ટ ૧૯૮૪થી 'મંગલ મંદિર'ના સંપાદકની જવાબદારી સ્વિકારી લીધી.

★ કચ્છી ભાષા - બાબાણી બોલીના સાધક, મૂર્ધન્ય સાહિત્યકાર, ઇતિહાસકાર અને લેખક આદરણીય દુલેરાય કારાણી એ અરસામાં જ અમદાવાદમાં રહેવા આવ્યા હતા. એટલે ચંદ્રિકાબહેન કારાણી બાપા પાસે પહોંચી ગયાં. એમનું માર્ગદર્શન અને સહકાર માંગ્યા. તેમણે 'મંગલ મંદિર'માં બાળકોનો વિભાગ **'બાલુડેં જ્યું ગાલિયું'**, કચ્છના સમાચારનો વિભાગ **'વલો વતન'** અને મહિલાઓ માટે શરૂ થયેલ વિભાગ **'કચ્છી કોયલેજા ટૌંકા'** (જે હાલમાં બંધ છે) — આ સૌ વિભાગના શિર્ષકોના સૂચન કર્યા હતા. આ વિભાગોના નામ, ફઈબા બનીને કારાણીબાપાએ પાડ્યા હતા. ઉપરાંત તેઓ અવારનવાર 'મંગલ મંદિર' માટે લેખ લખતા ગયા / મોકલતા ગયા.

★ **'બાલુડેં જ્યું ગાલિયું'** વિભાગ સપ્ટેમ્બર ૧૯૮૪થી શરૂ થયો. જે અંતર્ગત **'કત કત કિંક દસાં'**ના શિર્ષક હેઠળ બાળ મિત્રોના મગજ કસવા કોયડા, ઉખાણા, કચ્છી પિરોલીયું વગેરે રજૂ થયા. જેના જવાબો બાળ મિત્રો પાસે મંગાવી, પછીના અંકમાં સાચા જવાબો અને સાચા જવાબો મોકલનારના નામો છાપવામાં આવ્યા. આમ, મંગલ મંદિરે ખરા અર્થમાં Interactive થવાનું ક્રાંતિકારી કદમ ભર્યું. ઉપરાંત **'ખિલજા મ ભલા'** અને **'બચુડો'**ના મથાળા સાથે રમૂજસભર ટુચકાઓએ હાસ્ય રસ પીરસવાનું શરૂ કર્યું. જેને ખૂબ જ પ્રોત્સાહક પ્રતિભાવ સાંપડ્યો. બાળકોને ઉપયોગી લેખ, વાર્તા, ઉખાણા, કોયડા વગેરે મોકલવા માટે પણ વાચકોને આહ્વાન અપાયું. જેથી વધુ લોકો મુખપત્ર સાથે સક્રિય રીતે જોડાય અને પોતાનું યોગદાન આપે. મેટર મોકલનારના નામ સાથે જે તે વિગત પ્રકાશિત થવા લાગી. આ વિભાગનું સંકલન **શ્રી પોપટભાઈ ધરોડે** સુપેરે ઉપાડી લીધું.

★ આ ઉપરાંત સમાજલક્ષી સમાચારો **'સમાજ દર્પણ'**માં અને કચ્છના સમાચારો **'વલો વતન'**માં લેવાતા. મહિલાઓ માટે સૌંદર્યલક્ષી કે ગૃહ ઉપયોગી ટીપ્સ તથા પ્રેરણાદાયી ઘટનાઓ તથા જીવન દર્શનની ફિલસૂફી સમજાવતા લેખો - અવતરણોનો અંકમાં સમાવેશ થતો. આગામી કાર્યક્રમો અંગેની જાહેરાત તથા પાસ થયેલ વિદ્યાર્થીઓ માટેનું ફોર્મ વગેરે પણ છપાતા. વાર્ષિક સ્નેહમિલન બાદ કાર્યક્રમનો અહેવાલ, બાલ મંદિરથી લઈને ઉચ્ચ અભ્યાસક્રમોમાં ઉત્તીર્ણ થયેલા સૌ વિદ્યાર્થીઓના નામ, તપસ્વીઓ - ઉપવાસીઓની સૂચિ પણ 'મંગલ મંદિર'માં પ્રકાશિત થતી.

તે સમયે સ્વામિવાત્સલ્ય ભોજન માટે **આના ફોડ** પદ્ધતિથી ભંડોળ એકત્ર કરીને કાર્યક્રમનો ખર્ચ પૂરો કરવા પ્રયત્ન થતા. આના ફોડમાં લખાવાયેલ દાન અને દાતાઓનું લીસ્ટ તથા શૈક્ષણિક સહાય કે અન્ય મથાળા હેઠળ મળતાં આર્થિક સહયોગ અંગે પણ વિગતો છપાતી.

★ ધીમે ધીમે આ મુખપત્રની લોકપ્રિયતા અને ફેલાવો વધતા ગયા. કોયડાના જવાબ ઉપરાંત લોકોના પ્રતિભાવો તથા સૂચનો પણ આવવા લાગ્યા. તેથી **'આંજો કાગર'** વિભાગ પણ શરૂ કરાયો.

★ ૧૯૮૫નો ફેબ્રુઆરી - માર્ચનો સંયુક્ત અંક સળંગ **૧૦૦મો અંક** હોવાથી એ અંક **શતાંક વિશેષાંકરૂપે** પ્રગટ કરાયો. એ અંકથી મહિલાઓ માટેનો વિભાગ **'કચ્છી કોયલેં જા ટૌંકા'** પણ શરૂ થયો. ૯૬ પાનાના આ દળદાર અંકમાં વિવેચનાત્મક નિબંધ, સાહિત્યિક લેખો, કાવ્યો, કચ્છી ભાષા અંગેના વિચારો, રમૂજ - ગમ્મત ઉપરાંત અમદાવાદના જૈન મંદિરોની યાદી, જૈન તીર્થોની રાજ્યવાર યાદી, મ્યુનિ. સેવા માટેના ટેલિફોન નંબરો તથા AMTS અમદાવાદની બસ સેવાના રૂટ અંગેની માહિતી પણ સમાવાઈ હતી. શુભેચ્છકોએ જાહેરાતો આપીને આર્થિક સહયોગ આપ્યો હતો.

★ દરમિયાન ૧૯૮૫માં સમગ્ર ગુજરાતમાં અનામત વિરોધી આંદોલનો થયા. એમાંય વર્ગ વિગ્રહ અને કોમી દંગલો વચ્ચે અમદાવાદ કરફ્યુગ્રસ્ત થયું અને લશ્કરે હવાલો લીધો. આથી બે મહિના અંક બહાર ન પડાયો અને મે - જૂન - જુલાઈનો સંયુક્ત અંક કરવો પડ્યો.

★ એપ્રિલ-૧૯૮૯નો અંક **"શ્રી કારાણી સ્મૃતિ વિશેષાંક"** તરીકે પ્રકાશિત થયો.

*અય મોત! તું અચીને મુંકે ચૂપ કરે છડે*
*પણ ન્યારી ગેન! કવિતા મુંજી, કચ્છકે સુણાઈયાં તો!*

*– દુલેરાય કારાણી*

★ લિપિ વગરની કચ્છી ભાષાને લોકજીભે રમતી કરનાર કચ્છી લોક કલા, લોક સાહિત્ય અને કચ્છી લોક સંસ્કૃતિથી વિશ્વને અવગત કરાવનાર મૂર્ધન્ય સર્જક હતા, **શ્રી દુલેરાય કારાણી**. તેમણે કચ્છના ગામડે ગામડે, નેસડે નેસડે ફરીને ગ્રામજનોના હૃદયમાં સચવાયેલ અને મુક્ત હલકે કંઠથી નીતરતા ગીતોનો સંચય કર્યો. પાળિયાઓ, ખાંભીઓ કે કિલ્લાના કાંગરાના કણ કણને ઢંઢોળી, એમાં ધરબાયેલી વાર્તાઓને જીવંત કરી. બાબાણી બોલી કચ્છીના લોક સાહિત્યના મહાસાગરને ઉલેચીને તેમણે કચ્છના સંતોની અને શૂરાઓની, સતીઓની ને દાતાઓની, પ્રેમની ને જંગની કથાઓને જનજનમાં જાણીતી કરી હતી. **'કચ્છના મેઘાણી'** તરીકે જાણીતા સર્જક કારાણી બાપાનું તા. ૨૬-૦૨-૧૯૮૯ના રોજ ૯૪મા જન્મ દિને જ મૃત્યુ થયું. કચ્છી ભાષા અને સાહિત્યના સંનિષ્ઠ સેવકને 'મંગલ મંદિર'ની સંવેદનશીલ અને યથાર્થ શબ્દાંજલી અર્પતો વિશેષાંક બહાર પડાયો.

★ ઓક્ટોબર-૧૯૯૧નો અંક **કેળવણી વિશેષાંક** તરીકે પ્રગટ થયો.

★ 'મંગલ મંદિર'માં ખૂબ લોકપ્રિય બનેલ વિભાગ 'બાલુડેં જ્યું ગાલિયું'નું સંપાદન શ્રી પોપટલાલ ધરોડ વર્ષોથી સફળતાપૂર્વક કરી રહ્યા હતા. ઉપરાંત 'વલોવતન'ની જવાબદારી પણ તેઓએ જ સંભાળી હતી. સમાજમાંથી અન્ય કોઈ ભાઈ-બહેન સ્વેચ્છાએ આગળ આવીને આ જવાબદારી સંભાળે એવી તેમની અપીલના પ્રતિસાદરૂપે **૧૯૯૪**માં 'બાલુડેં જ્યું ગાલિયું' વિભાગની જવાબદારી **શ્રી ગુલાબચંદ રાંભિયા**એ ઉપાડી લીધી.

★ જૂન-જુલાઈ ૧૯૯૪નો અંક **દ્વિ-શતાબ્દિ અંક** તરીકે પ્રકાશિત થયો.

★ મે-૧૯૯૫થી **શ્રી સૂરજલાલ મહેતા** પ્રૂફ રીડર તરીકે અને ત્યારબાદ જુલાઈ-૧૯૯૭થી **સહ સંપાદક** તરીકે જોડાયા. ઓક્ટોબર-૧૯૯૮થી તેઓ સંપાદક મંડળમાં સમાવિષ્ટ હતા. નવેમ્બર-૨૦૦૨ સુધી તેમની સેવાઓ મંગલ મંદિરને મળી. સમાજના કાર્યક્રમોના અહેવાલ લખવામાં અને મુખપત્રના લખાણની જોડણી સુધારમાં **શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા**ની આવડતનો લાભ સમાજને પ્રાપ્ત હતો.

★ ઓગસ્ટ ૧૯૯૬થી 'કચ્છી કોયલેં જા ટૌંકા' વિભાગનું કામ **શ્રીમતી ચંદ્રાબેન મહેન્દ્રભાઈ શાહે** સંભાળ્યું.

★ ફેબ્રુઆરી ૧૯૯૭નો અંક **કચ્છી જૈન ભવન - પાલડીના ઉદ્‌ઘાટન વિશેષાંક** તરીકે છપાયો.

★ ઓગસ્ટ ૧૯૯૭થી 'મંગલ મંદિર' સાથે મુદ્રા પ્રિન્ટર્સ અને જયેશ શાહ જોડાયા. વચ્ચેના ૨-૩ વર્ષોને બાદ કરતાં, જયેશ શાહ મંગલ મંદિરની ડિઝાઈન અને મુદ્રણનું કામ સુંદર રીતે સંભાળી રહ્યા છે. એમાં સર્જનાત્મક વૈવિધ્ય ઉમેરી રહ્યા છે.

★ KJSS - અમદાવાદના સંચાલન માટે ૨૧ ટ્રસ્ટીઓનું ટ્રસ્ટ મંડળ અને ૧૭ સભ્યોની કારોબારી સમિતિ કાર્યરત છે. જુલાઈ ૧૯૯૬થી જૂન ૧૯૯૭ના વર્ષ દરમિયાન ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિની ૮-૮ બેઠકો મળી હતી. જુલાઈ ૧૯૯૭ના

અંકમાં ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સભ્યોના નામ અને તેમણે અટેન્ડ કરેલી મીટિંગની સંખ્યા સાથેની વિગત પ્રકાશિત કરવામાં આવી હતી.

★ ફેબ્રુઆરી ૧૯૯૮નો અંક **શ્રી કચ્છી જૈન ભવન નામકરણ વિશેષાંક** તરીકે પ્રગટ થયો. જેનું **મુખપૃષ્ઠ મલ્ટી કલર**નું હતું. ૮ પાના પર બે દિવસીય સમારોહની તસવીરો છપાઈ હતી. ઉપરાંત સમારોહનો અહેવાલ તથા અનુપસ્થિત શુભેચ્છકોની સૂચિ પણ સમાવાઈ હતી.

★ જૂન ૧૯૯૯ના અંકથી **'મંગલ મંદિર'માં શબ્દ રમત** શરૂ થઈ. આડી અને ઊભી ચાવીઓ દ્વારા મળતી હિન્ટથી સાચા શબ્દોને ચોકઠામાં ભરવાની આ રમત થકી ગુજરાતી શબ્દ ભંડોળને વધુ સમૃધ્ધ કરવાના ઉપક્રમ ઉપરાંત વાચકો સાથેનો સેતુ બાંધવાનો પણ ઉદ્દેશ્ય હતો.

★ સાથે સાથે સામાન્ય જ્ઞાન ચકાસણીની એક કોલમ **'કહો જોઈએ?'** પણ શરૂ થઈ. જેમાં ૩-૩ વિકલ્પો સાથે ૧૦ પ્રશ્નો પૂછાયા હતા. વાચકે સાચા જવાબો સમય મર્યાદા પહેલાં મોકલવાના રહેતા. સાચા જવાબો અને સાચા જવાબો આપનારનું નામ પછીના અંકમાં પ્રકાશિત થતું. આ અંગેના સંકલનની જવાબદારી **શ્રી સૂરજલાલ મહેતા**એ સંભાળી હતી.

★ સમાજની કારોબારી સમિતિની પેટા **સમિતિઓએ વર્ષ દરમિયાન કરેલ કામગીરીનો અહેવાલ** જુલાઈ ૧૯૯૯ના અંકમાં છપાયો.

★ ઓક્ટોબર ૧૯૯૯ના અંકમાં તા. ૨૯-૮ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાનો વિસ્તૃત અહેવાલ માનદ્ મંત્રી **શ્રી અશોકભાઈ મહેતા**એ આપ્યો. સમાજની વર્તમાન સમિતિઓની પ્રવૃત્તિઓ અને ભાવિ આયોજન અંગેની વિગતો તેમાં હતી.

★ જાન્યુઆરી ૨૦૦૦થી 'મંગલ મંદિર'માં **કચ્છી રૂઢી પ્રયોગો એના અર્થ સાથે શરૂ થયા.**

★ ફેબ્રુઆરી ૨૦૦૦થી જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી નવો વિભાગ શરૂ કરાયો – **"ચતુર કરો વિચાર."** આ માટે જોડકણા, કોયડા વગેરેનું સંકલન **શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયા**એ સંભાળ્યું.

★ માર્ચ ૨૦૦૧નો અંક **ભૂકંપ વિશેષાંક** બની રહ્યો.

★ જાન્યુઆરી ૨૦૦૨નો અંક **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ઉદ્‌ઘાટન વિશેષાંક** તરીકે છપાયો.

★ માર્ચ ૨૦૦૨થી 'મંગલ મંદિર'માં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના **'આધાર સ્તંભો'ની લેખમાળા શરૂ થઇ.** સમાજના સંન્નિષ્ઠ સેવકો અને પાયાના પથ્થરો સમાન સૌ કાર્યકરોનો અને તેમની સેવાનો પરિચય કરાવવાનો હેતુ હતો. માળાના પ્રથમ મણકા તરીકે સમાજના નખશીખ હિતેચ્છુ **શ્રી માવજીભાઈ ધારશી કુરિયા** અને તેમના સહજીવનચારિણી **શ્રીમતી લક્ષ્મીબહેન કુરિયા**નો પરિચય છપાયો.

★ 'મંગલ મંદિર'ના સંપાદકો **શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા** તેમજ **શ્રી સૂરજલાલ મહેતા**એ જવાબદારીમાંથી મુક્ત કરવા રાજીનામું મોકલાવેલું. પરંતુ તા. ૩૦-૭-૨૦૦૨ના મળેલ સભામાં તેને નામંજૂર કરી, મુખપત્રના સંપાદનનું કાર્ય ચાલુ રાખવા માટે વિનંતી કરાઈ હતી.

★ ઓક્ટોબર ૨૦૦૨થી **'મંગલ મંદિર'ના સંપાદક પદેથી શ્રી સૂરજલાલ મહેતાએ નિવૃત્તિ લીધી.** ૧૯૯૫ના મે માસથી તેઓ મુખપત્રના જોડણી સુધારક તરીકે જોડાયા. જુલાઈ ૧૯૯૭માં સહ સંપાદક બન્યા તથા ઓક્ટોબર ૧૯૯૮થી સંપાદક પદ સંભાળ્યું. ત્યાર પછીના સાત વર્ષોમાં તેમણે શબ્દ રમત, કહો જોઈએ?, જ્ઞાન ચકાસો, ચતુર કરો વિચાર જેવા વિભાગો દ્વારા 'મંગલ મંદિર'ને વધુ રસપ્રદ બનાવ્યું. પોપટભાઈ ધરોડની 'વલોવતન' કોલમને પણ તેમણે સંભાળી. સમાજના મોટા પ્રસંગો / કાર્યક્રમોનો આંખે દેખ્યો અહેવાલ આપીને વાચકને કાર્યક્રમનો તાદશ્ય ચિતાર આપતા રહ્યા. નાદુરસ્ત તબિયત તથા તેમણે હાથમાં લીધેલ 'ગુજરાતી પર્યાય કોષ'ની રચનાના કામને પ્રાધાન્ય આપવા, તેમણે 'મંગલ મંદિર'ની જવાબદારીમાંથી નિવૃત્તિ લીધી.

★ માર્ચ ૨૦૦૩નો અંક **'મંગલ મંદિર'નો સળંગ ૩૦૦મો અંક** હતો. ૨૩૬ પાનાના આ દળદાર અંકમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપરાંત વિધાનસભાના અધ્યક્ષ, ધારાસભ્યો, સફળ ઉદ્યોગપતિઓ, કલાકાર તથા આપણા હિતચિંતકોના શુભેચ્છા સંદેશાઓ લેવાયા હતા. સંસ્થાની સ્થાપના થઈ ત્યારથી એટલે કે ૧૯૬૩થી ૧૯૭૭ સુધી શ્રી કચ્છી વીસા ઓસવાળ

મિત્રમંડળના પ્રમુખશ્રીઓની યાદ, શ્રી કચ્છી જૈન સમાજ તરીકે રૂપાંતર થયું ત્યારથી એટલે કે ૧૯૭૯થી ૧૯૮૪ સુધીના પ્રમુખ - મંત્રીઓની સૂચિ તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરીકે રૂપાંતર થયું ત્યારથી એટલે કે ૧૯૮૪થી ટ્રસ્ટ મંડળ અને કારોબારી સભ્યોની નામાવલી પ્રકાશિત થઈ. સમાજ દ્વારા ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓની તથા ભવિષ્યના પ્રકલ્પોની જાણકારી પણ અપાઈ. કચ્છના ધરતીકંપોનો ઈતિહાસ, તાજેતરના ભૂકંપ વખતની સમાજની કામગીરી, નર્મદાના નીર, કચ્છી સપૂતો પરના લેખો, કચ્છ વિશેના લેખો તથા અન્ય ઉપયોગી અને રસપ્રદ લેખોથી ભરપૂર આ વિશેષાંક બની રહ્યો. અઢળક જાહેરાતો થકી પણ ખૂબ શુભેચ્છાઓ અને સહયોગ પ્રાપ્ત થયો.

**વિસરાતું વાદ્ય 'મોરચંગ' કે વિસરાતી વ્યક્તિ 'પગી'** વિશેનો લેખ, **'કચ્છના નરબંકા', 'તવારીખે કચ્છ', 'કચ્છી સર્જકો' કે કચ્છની સમસ્યા નર્મદાના નીર, ગાંડો બાવળ** વગેરે વિશે છણાવટ સાથેની માહિતીસભર વાંચન સામગ્રી થકી આ ૩૦૦મો વિશેષાંક સાચવવા યોગ્ય સ્મરણિકા સમો બની રહ્યો.

★ સપ્ટેમ્બર ૨૦૦૩થી 'મંગલ મંદિર'ના **સંપાદક મંડળમાં શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી રોહિતભાઈ આર. ગાંધી** જોડાયા.

★ નવેમ્બર ૨૦૦૪થી સમાજની વિવિધ પ્રવૃત્તિઓનો માસિક અહેવાલ પ્રગટ કરવાની શરૂઆત થઈ. જેથી સમાજના સામાન્ય સભ્ય સુધી પણ સમાજની ગતિવિધિઓની જાણકારી પહોંચી શકે.

★ જાન્યુઆરી ૨૦૦૫થી 'મંગલ મંદિર'માં નવી કોલમ શરૂ થઈ – **"અતીતના ઓવારેથી."** જેમાં સમાજના મુખપત્ર 'પ્રેરણા'ના શરૂઆતના અંકોમાંથી અંશો ફરી પ્રગટ કરાયા હતા.

★ 'મંગલ મંદિર'ના અંકોનું કદ વધ્યું. દરેક માસિક અંકમાં પાનાની સંખ્યાની સાથે વાંચન સામગ્રીનું વૈવિધ્ય પણ વધતું ગયું.

★ મે ૨૦૦૫થી મંગલ મંદિરના અંકમાં છપાયેલ સામગ્રીની અનુક્રમણિકા આપવી શરૂ થઈ. સમાજના જ સભ્યોએ હવે કલમ ઉપાડી અને પોતાના વિચારોની અભિવ્યક્તિ શરૂ કરી. **ચિત્રસેન શાહ**ની હાસ્ય કટાક્ષિકા અવારનવાર પ્રગટ થતી. ઉપરાંત **કિરીટ નંદુ, હરખચંદ સાવલા, કાજલ ગાલા, સંગીતા ગાલા, સુલુબેન શાહ** વગેરેએ લેખન પર હાથ અજમાવ્યો અને વાચકો તરફથી એના સકારાત્મક પ્રતિભાવો પણ મળ્યા. મુખપત્રમાં નવી કોલમો ઉમેરાઈ. નવા લેખકોના સર્જનથી નવી તાજગી વર્તાઈ.

★ જૂન ૨૦૦૫ના અંકમાં, ૨૦૦૪ના વસતી પત્રકને આધારે KJSS દ્વારા સમાજના કુટુંબોનો મેડિકર વીમો ઉતરાવ્યો હતો, તે બધા જ, કુલ ૫૯૮ના સભ્યોના નામોની યાદી પ્રકાશિત થઈ.

★ કેટલાક વાચકોના સૂચનને પગલે, **'મંગલ મંદિર' પુરસ્કાર યોજના** જુલાઈ-૨૦૦૫થી અમલમાં મૂકાઈ. જેમાં **લેખકો અને વાચકવર્ગ બંને માટે માસિક અને વાર્ષિક પુરસ્કાર આપવાનો નિર્ણય કરાયો. દરેક મહિનાની શ્રેષ્ઠ કૃતિ તથા શ્રેષ્ઠ પ્રતિભાવને** પ્રમાણપત્ર તથા ૫૦ ગ્રામની ચાંદીની લગડી આપવાનો તથા વર્ષના ઉત્તમ લેખ અને પ્રતિભાવ આપનારને સર્ટીફિકેટ તથા ૫૦૦ ગ્રામ ચાંદીની લગડી આપવાનું નક્કી થયું. સ્પર્ધાના નિયમો ઘડાયા અને તટસ્થ નિર્ણાયકોની સમિતિ રચાઈ. ૨૦૦૫-૦૬ માટે પુરસ્કારનું સૌજન્ય **માતુશ્રી વેલબાઈ દેવશી ખેતશી ખોના**ના નામે પરિજન **ક્ષમા પ્રશાંત ખોના** તરફથી મળ્યું.

★ સપ્ટેમ્બર ૨૦૦૫થી મંગલ મંદિરના સંપાદક મંડળમાં **શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ** જોડાયા.

★ મંગલ મંદિર લેખક પુરસ્કાર યોજના અંતર્ગત જુલાઈના અંકની શ્રેષ્ઠ કૃતિ "ભારતીય અર્થતંત્રનું એક ઉપકારક પરિબળ – વિદેશ અભ્યાસની ખેવના" માટે લેખક **શ્રી ધીરજભાઈ સોમપુરા**ની તથા ઓગસ્ટ-૨૦૦૫ની કૃતિ "અંધ વિદ્યાર્થીઓની લેખણ લાકડી"ના લેખિકા **શ્રીમતી અરુણા બિલ્ગી જાડેજા**ની પસંદગી થઈ.

★ પુરસ્કાર યોજનાની જાહેરાત પછી વાચકોના પ્રતિભાવો પણ વધી ગયા. સપ્ટેમ્બર-૨૦૦૫ના અંકમાં ૧૬-૧૭ પાના ભરીને વાચકોના પત્રો **'આંજો કાગર'** વિભાગમાં પ્રકાશિત થયા.

★ તા. ૧૦-૮-૨૦૦૫ના નવા સંપાદક મંડળની બેઠકમાં મુખપત્રની ગુણવત્તા, સાઈઝ, મલ્ટી કલર પ્રિન્ટીંગ વગેરે માટે ચર્ચા કરાઈ. 'મંગલ મંદિર'ની વાર્ષિક કિંમત રૂા. ૧૦/- કરવાનું ઠરાવાયું. મંગલ મંદિર માટે સંપાદક મંડળ, વ્યવસ્થાપક સમિતિ તથા જાહેરખબર સમિતિ – એમ ત્રણ સમિતિઓ કાર્ય કરી રહી છે.

★ સપ્ટેમ્બર અને ઓક્ટોબર ૨૦૦૫ના અંકો **શ્રી કચ્છી વિશ્રામગૃહ ડ્રો વિશેષાંકો** તરીકે પ્રગટ થયા તથા **નવેમ્બર ૨૦૦૫**નો અંક **દીપોત્સવી અંક** તરીકે બહાર પડ્યો. આમ સળંગ ૩ મહિના વિશેષાંકો બહાર પડ્યા અને બધા ૧૫૦ પાનાના અંકો હતા.

★ ડિસેમ્બર ૨૦૦૫ના અંકથી કર્ણમધુર સ્તવનો, ભક્તિગીતો, પ્રાર્થના ગીતો, ભજનોથી અંકની શરૂઆત કરવાનો આરંભ થયો. સાથે જ ચીરકાળ સુધી સ્મરણોમાં સચવાયેલી રહેતી ગુજરાતી સાહિત્ય જગતની કૃતિઓ પીરસવાનું શરૂ થયું. કવિ દલપત રામની પ્રાર્થના 'ઓ ઈશ્વર ભજીએ તને...' તથા ઇંદુલાલ ગાંધી રચિત (લાગણીસભર કાવ્ય) **'ડોશીમાનો કાગળ'** પ્રકાશિત થયા.

★ વર્ષ ૨૦૦૬થી મંગલ મંદિરના આંતર - બાહ્ય કલેવરમાં બદલાવ આવ્યો. મલ્ટીકલર મુખપૃષ્ઠ સાથે એનું કદ બદલાયું. તો એમાં સમાવિષ્ટ લેખન સામગ્રી પણ ઉમદા થતી ગઈ. ગુજરાતી ભાષાની કર્ણમધુર પ્રાર્થનાઓ, ભક્તિગીતો, સ્તવનોને મુખપત્રમાં સ્થાન આપી, ભાષા સાહિત્યની અસ્મિતાને ઉજાગર કરવાનો સ્તુત્ય પ્રયાસ કરાયો.

સમાજના સમાચારો – સમાજ દર્પણ તથા બાલુડેં જ્યું ગાલિયું રંગીન કાગળમાં છપાયા. મુખપૃષ્ઠ પર કચ્છની સંસ્કૃતિને રજૂ કરાઈ.

★ ઓગસ્ટ ૧૯૭૫માં શરૂ થયેલ ૮ પાનાની પત્રિકા હવે ૧૦૦-૧૨૫ પાનાની વાંચન સામગ્રી સાથે સમાજની માહિતી પહોંચાડતું મુખપત્ર બન્યું. આશરે ૧૦૦ કોપીથી શરૂ થયેલી યાત્રા ૨૦૦૬માં ૨૧૦૦ નકલો સુધી પહોંચી. રૂા. ૨૦૦/-થી ય ઓછો માસિક ખર્ચ હવે ૫૦,૦૦૦/- સુધી પહોંચ્યો. સંસ્થા પરથી આ ખર્ચનું ભારણ ઓછું કરવા મંગલ મંદિર માટે એપ્રિલ ૨૦૦૬થી લવાજમ યોજના લાગુ કરવાનું નક્કી થયું. જે માટેના દરો

એક વર્ષ માટે : રૂા. ૧૫૦/-

ત્રણ વર્ષ માટે : રૂા. ૪૦૦/-

પાંચ વર્ષ માટે : રૂા. ૬૦૦/-

આજીવન (૧૫ વર્ષ) માટે : રૂા. ૧૫૦૦/- નક્કી થયા.

★ એપ્રિલ ૨૦૦૬થી 'મંગલ મંદિર'માં એક નવી કોલમ **"અમદાવાદના કચ્છી ઉદ્યોગ ગૃહો"** શરૂ થઈ. મુખપત્રના પૂર્વ તંત્રી સ્વ. પ્રમીલાબેન કુરૂવાના પુત્રી **સુશ્રી ચૌલાબેન કુરૂવા**એ આ લેખમાળાની જવાબદારી ઉપાડી લીધી.

★ માર્ચ ૨૦૦૬થી **"બૃહદ્ કચ્છ"** કોલમ શરૂ થઈ.

★

| | | *મંગલ મંદિર લેખક પુરસ્કાર* | *મંગલ મંદિર વાચક પુરસ્કાર* |
|---|---|---|---|
| *જુલાઈ-૨૦૦૫* | : | શ્રી ધીરજભાઈ સોમપુરા | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી |
| *ઓગસ્ટ-૨૦૦૫* | : | શ્રીમતી અરુણા બિલ્ગી જાડેજા | શ્રી શાંતિલાલ વશનજી શાહ |
| *સપ્ટેમ્બર-૨૦૦૫* | : | શ્રીમતી ગીતા હીરજી સાવલા | શ્રીમતી ચંદ્રા મહેન્દ્ર શાહ |
| *ઓક્ટોબર-૨૦૦૫* | : | શ્રીમતી ફાલ્ગુની હિરેન | શ્રી ચિત્રસેન શાહ |
| *નવેમ્બર-૨૦૦૫* | : | ડૉ. પુલીન વસા | શ્રી અશોક વાડીલાલ શાહ |
| *ડિસેમ્બર-૨૦૦૫* | : | શ્રીમતી સ્મિતા વિશાલ શાહ | શ્રી લહેરચંદ વેલજી મૈશેરી |
| *જાન્યુઆરી-૨૦૦૬* | : | શ્રી કિરીટ નંદુ | શ્રી અશોક વી. શાહ |
| *ફેબ્રુઆરી-૨૦૦૬* | : | શ્રી નવીન લાલકા | શ્રી બાબુલાલ ગોર |
| *માર્ચ-૨૦૦૬* | : | — | શ્રીમતી દેવકાંબહેન હીરજી ગાલા |
| *એપ્રિલ-૨૦૦૬* | : | શ્રી જગદીશ ર. શાહ | શ્રીમતી અમિતા નલીન દેસાઈ |
| *મે-૨૦૦૬* | : | શ્રી સુધા પી. ઝવેરી | શ્રી અશોક વાડીલાલ શાહ |
| *જૂન-૨૦૦૬* | : | ડૉ. મુલજી કે. ગડા | — |

આમ, મંગલ મંદિરની માસિક પુરસ્કાર યોજના ૧૨ મહિના બાદ પૂર્ણ જાહેર કરાઈ.

★ જુલાઈ ૨૦૦૫થી જૂન ૨૦૦૬ દરમિયાન પ્રસિદ્ધ થયેલી કૃતિઓમાંથી શ્રેષ્ઠ કૃતિના લેખક તરીકે **શ્રીમતી ફાલ્ગુની હિરેન**ની પસંદગી કરાઈ. તેમણે **"વિદેશની સાંસ્કૃતિક સફર"** શિર્ષક હેઠળ તેમના ઇટાલી અને નેધરલેન્ડ્સના સાંસ્કૃતિક પ્રવાસનું વર્ણન ૧૦ કડીઓમાં કર્યું હતું. સમગ્ર વર્ષ દરમિયાન શ્રેષ્ઠ પ્રતિભાવ માટેનો પુરસ્કાર **શ્રી અશોક વાડીલાલ શાહ**ને અપાયો.

★ 'શ્રેષ્ઠ લેખક' માટેની નિર્ણાયક સમિતિમાં ખ્યાત કચ્છી લેખક **ડૉ. ગુલાબ દેઢિયા** તથા **ડૉ. ગિરીશ વીંછીવોરા**એ સેવા આપી હતી. જ્યારે શ્રેષ્ઠ પ્રતિભાવના નિર્ણાયકો તરીકે કચ્છી સમાજના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના તંત્રી **શ્રી હંસરાજભાઈ કંસારા** તથા સહતંત્રીઓ **શ્રીમતી મીનાક્ષીબેન માંકડ** તથા **શ્રીમતી રીનાબેન જગદીશ ઠક્કરે** કામગીરી કરી હતી.

★ ઓગસ્ટ ૨૦૦૬નો અંક **શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયા**નો સંપાદક તરીકેનો છેલ્લો અંક હતો. ૧૯૮૪થી ૨૦૦૬ સુધી સળંગ ૨૨ વર્ષો સુધી મંગલ મંદિરની જવાબદારી સુપેરે સંભાળી. પછી મુખપત્રનું બેટન **શ્રી અશોકભાઈ મહેતા**ને સોંપી, તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ જાહેર કરી, મંગલ મંદિરની જવાબદારીને અલવિદા કહ્યું.

★ સપ્ટેમ્બર ૨૦૦૬થી **અશોક મહેતા**એ મુખ્ય તંત્રીપદ સંભાળ્યું. સાથે તંત્રી મંડળમાં **શ્રી સૂરજલાલ મહેતા** તથા **શ્રી મનુભાઈ શાહ** હતા.

★ સમાજનું મુખપત્ર મંગલ મંદિર વર્ષોથી સભ્યોના ઘરે નિઃશુલ્ક પહોંચાડાતું હતું. પરંતુ પોસ્ટ ખાતા દ્વારા વિનામૂલ્યે મોકલાતા સામયિકોને પોસ્ટેજમાં અપાતી રાહત બંધ કરાતા, મંગલ મંદિર માટે લવાજમ યોજના અમલી કરાઈ.

★ તંત્રીપદ સંભાળતા જ શ્રી અશોકભાઈ મહેતાએ ઓક્ટોબર-૨૦૦૬નો અંક **દીપોત્સવી અંક** તરીકે બહાર પાડ્યો. ૨૨૪ પાનાના આ દળદાર અંકમાં જાહેરખબરો પણ ભરપૂર લેવાઈ.

★ માર્ચ ૨૦૦૭નો અંક **"કચ્છ ઉદ્યોગ વિશેષાંક"** તરીકે પ્રગટ થયો. જેમાં શરૂઆતમાં ગુજરાત રાજ્યના ઉદ્યોગમંત્રી શ્રી અનિલ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા તથા ઉદ્યોગ વિભાગના અગ્રસચિવ શ્રી ડી. રાજગોપાલનની મુલાકાત (ઇન્ટરવ્યુ) પ્રકાશિત થયા. ઉપરાંત અદાણી પોર્ટના ચેરમેન શ્રી ગૌતમ અદાણી, શાહ એલોયઝના CMD શ્રી રાજેન્દ્રભાઈ શાહ તથા રત્નમણિ મેટલ્સ એન્ડ ટ્યુબ્સ લિ.ના MD શ્રી પ્રકાશભાઈ સંઘવી સાથે થયેલી પ્રશ્નોત્તરી છપાઈ. આ વાતચીત **તંત્રી શ્રી અશોક મહેતા** તથા **શ્રી હંસરાજ કંસારા**એ કરી હતી. ઉપરાંત કચ્છના વિવિધ ઉદ્યોગો, તેમની સમસ્યાઓ તથા વિકાસ અંગેના લેખો પ્રકાશિત થયા. નિષ્ણાતો દ્વારા ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં લખાયેલ લેખોમાં કચ્છના ઉદ્યોગ જગતની ઉપયોગી માહિતી હતી. ભૂકંપ પહેલા કચ્છમાં મધ્યમ અને મોટા કદના ૧૨ ઉદ્યોગો હતા. જેની સામે ભૂકંપ બાદ આશરે ૧૦૦ જેટલા ઉદ્યોગો કાર્યરત થયા છે. અથવા મંજૂરી બાદ ઊભા થઈ રહ્યા છે. આની સૂચિ પણ અંકમાં સમાવાઈ હતી. ઉપરાંત તાલુકા પ્રમાણે કયા કયા ઉદ્યોગો છે તેની વિગતો પણ પ્રકાશિત કરાઈ.

વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭માં કચ્છમાં ઉદ્યોગો સ્થાપવા માટે થયેલા MOUs ની તાલુકા પ્રમાણે, ઉત્પાદન ક્ષેત્ર પ્રમાણે, મળતા પ્રોત્સાહન પ્રમાણે, એમ વિવિધ માહિતી સરળ કોષ્ટકમાં ઉપલબ્ધ કરાવાઈ હતી. કંપનીનું નામ, પ્રોજેક્ટની વિગત, સ્થળ, મૂડી રોકાણની રકમ તથા રોજગારીની તક કેટલી પેદા થશે – આ બધી વિગતો પણ અપાઈ.

આ ઉપરાંત ૨૦૦૫માં વાઇબ્રન્ટ સમિટમાં થયેલ સમજુતી કરાર અને તે મુજબ થયેલ પ્રગતિનો ચિતાર પણ આપવામાં આવ્યો હતો.

આ દળદાર અંક ચાર ભાગમાં વિભાજિત હતો. પ્રથમ વિભાગમાં ગુજરાતી લેખો, દ્વિતીય વિભાગમાં અંગ્રેજી લેખો, તૃતીય વિભાગમાં ગુજરાતની અને ખાસ કરીને કચ્છના ઉદ્યોગોની આંકડાકીય રીતે વર્ગીકૃત કરેલી માહિતી અને ચતુર્થ વિભાગમાં સમાજના સમાચારોને આવરી લેવામાં આવ્યા હતા.

★ મે-૨૦૦૭ના અંકમાં થયેલ જાહેરાત મુજબ ઓક્ટોબર-૨૦૦૭નો **દીપોત્સવી અંક "મુંબઈ વિશેષાંક"** તરીકે બહાર પાડવાનો હોઈ જૂનના અંકમાં આ વિશેષાંક માટે અલગ અલગ ફોર્મ્સ છપાયા. જ્ઞાતિઓ - સમાજો, સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો, વ્યાપાર ગૃહો, બિલ્ડર - કોન્ટ્રાક્ટરો, સામયિકના પ્રકાશકો વગેરે પાસેથી માહિતી એકઠી કરવાનો ઉપક્રમ રહેવા પામેલ હતો.

★ ઓગસ્ટ ૨૦૦૭થી મુખપત્રમાં **"મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર"** વિભાગ શરૂ થયો. જેમાં મંગલ મંદિરના ગત માસના અંકની વિગતો પરથી પ્રશ્ન પૂછાય. વાચકોએ તેનો ઉત્તર આપવાનો. આ વિભાગના સંકલનની જવાબદારી **શ્રીમતી ચંદ્રાબેન શાહે** ઉપાડી.

★ ઓક્ટોબર ૨૦૦૭ના અંકમાં વર્ષ ૨૦૦૭-૦૮ માટેની KJSS ની વિવિધ સમિતિઓના સભ્યોના ફોન નંબરો સાથેની વિગતો છપાઈ.

★ નવેમ્બર ૨૦૦૭નો અંક દીપોત્સવી અંક **'મુંબઇ વિશેષાંક'** તરીકે પ્રકાશિત થયો. જેમાં મુંબઈ અતિથિ ભવન અને મુંબઈ વિશેષાંકની પ્રસ્તાવના બાદ મુંબઈમાં સ્થિત ૬ કચ્છી વ્યક્તિ વિશેષો અંગે લેખ છપાયા. જેમાં શ્રી ડુંગરશીભાઈ રામજી ગાલા (નવનીત પ્રકાશન), શ્રી ચંદ્રકાંત ગોગરી (આરતી ઇન્ડસ્ટ્રીઝ), વાગડના પ્રતિભાશાળી વ્યક્તિ શ્રી દામજી વીજપાર સાવલા, સેવાના ભેખધારી શ્રી મેઘજી જેઠાભાઈ (રામજીયાણી) પટેલ, મળવા જેવા માડુ શ્રી મંગલ ભાનુશાળી તથા સમાજરત્ન શ્રી રામજીભાઈ રાજગોર વિશે લેખ લખાયા. ઉપરાંત શેઠશ્રી વેલજી લખમશી નપુ, ખીમજી માડણ ભુજપુરીયા, શ્રી બી.એન. મહેશ્વરી, ભવાનજી અરજણ ખીમજી, પૂ. અધા શ્રી કરમશી સોમૈયા, શ્રી સુમતિચંદ્ર હેમચંદ્ર મહેતા, શેઠ કેશવજી નાયક, શેઠશ્રી નરશી નાથા, શ્રી મણિલાલ લક્ષ્મીચંદ વોરા તથા શ્રી લીલાધર પાસુ શાહ જેવી દિવંગત પ્રતિભાઓની જીવન ઝરમરના લેખ છપાયા. આ ઉપરાંત મુંબઈ સ્થિત વિવિધ જ્ઞાતિઓ - પેટા જ્ઞાતિઓ, ઘટક સમાજોની વિગતો, વિવિધ કચ્છી સંસ્થાઓની માહિતી અપાઈ. યુરો સીરામિક્સ જેવા કચ્છી ઉદ્યોગગૃહો, વી-ટ્રાન્સ જેવા કચ્છી વ્યાપાર ગૃહો તથા કચ્છી સામયિકોની માહિતી અપાઈ. આ સૌની ડિરેક્ટરી રૂપે વિગતો પણ અપાઈ. ઉપરાંત અન્ય રસપ્રદ વાંચન સામગ્રી, જાહેર ખબરો તથા સંસ્થાના સમાચારોથી આશરે અઢીસો પાનાનો આ વિશેષાંક ભર્યોભર્યો થઈ રહ્યો.

★ મંગલ મંદિરમાં વર્ષ દરમિયાન પ્રકાશિત વિવિધ લેખોમાંથી વર્ષના શ્રેષ્ઠ લેખક તરીકે **શ્રીમતી અરુણાબહેન જાડેજા**ને પુરસ્કૃત કરાયા.

★ ડિસેમ્બર ૨૦૦૭થી મંગલ મંદિરમાં મુંબઈ સ્તિત કચ્છી મહારથીઓની કોલમ **'વ્યક્તિ વિશેષ'** શરૂ કરાઈ. **જેઠાલાલ ગંગર 'મંગલમ'** આ શ્રેણીના લેખ લખી રહ્યા હતા.

★ મંગલ મંદિરમાં લગ્ન વિષયક વિગતો વિનામૂલ્યે છાપવાનું જાહેર કરાયું. યોગ્ય જીવનસાથીની પસંદગી માટે મંગલ મંદિરે આ સ્તુત્ય પગલું ભર્યું. આ માટે ફેબ્રુઆરીના અંકમાં એક ફોર્મ પ્રકાશિત થયું. ફોર્મ ભરીને ઉમેદવારો પોતાની વિગતો મોકલી શકે અને મુખપત્રમાં એને પ્રકાશિત કરી પાત્રની શોધ કરી રહેલા સુધી પહોંચી શકાય, એ ઉદ્દેશ હતો.

★ 'મંગલ મંદિર' દ્વારા વધુ એક વિશેષાંક "અમદાવાદ ગાંધીનગર વિશેષાંક" બહાર પાડવાનું આયોજન હોઈ, ફેબ્રુઆરીના અંકમાં આ માટેની વિગતો ભરવાના ફોર્મ્સ છપાયા. અમદાવાદ - ગાંધીનગર સ્થિત જે વિવિધ જ્ઞાતિ સમાજો, કચ્છી સંસ્થાઓ, ઉદ્યોગગૃહો, વ્યાપાર ગૃહો, ડેવલપર - બિલ્ડર - કોન્ટ્રાક્ટર્સ, વર્તમાનપત્ર - મુખપત્ર - સામયિકના પ્રકાશકો, પ્રોફેશનલ્સ, સરકારી અધિકારી - કર્મચારી તથા વિદ્યાર્થીઓ માટે અલગ અલગ ફોર્મ્સ છપાયા.

★ એપ્રિલ ૨૦૦૮થી **મંગલ મંદિરના મુખપૃષ્ઠમાં આમૂલ પરિવર્તન કરાયું.**

★ મે ૨૦૦૮થી **'સાંપ્રત સાહિત્યની કલમ સફર'** નામની નવી કોલમ શરૂ થઈ. **શ્રી પંકજ**, આ કોલમ થકી દર મહિને સાહિત્ય જગતની સફર કરાવે તેવું નક્કી થયું.

★ સાથે જ **'મારું મુંબઈ – મારું કચ્છ'** નામની એક મૌલિક કોલમ પણ ઉમેરાઈ. જેમાં મુંબઈના સમાજની રસપ્રદ માહિતી સૌને પહોંચાડવાનો ઉપક્રમ હતો. આ શ્રેણી પણ **શ્રી પંકજ** દ્વારા લખાઈ.

**'સિને સૃષ્ટિની આજકાલ'** આ કોલમમાં **શ્રી ચંદર આભિરી** સિને જગતની અવનવી માહિતી આપશે. મંગલ મંદિરના નિયમિત વાચકોને વાંચન સામગ્રીનું વૈવિધ્ય મળી રહે તે માટે રૂપેરી પરદાની મસાલેદાર વાતો અહીં પીરસવાનો હેતુ હતો.

★ મંગલ મંદિરના આગામી વિશેષાંક "અમદાવાદ ગાંધીનગર વિશેષાંક" માટેની વિગતો મેળવવા તંત્રી શ્રી અશોક મહેતાએ વિવિધ સમાજો તથા વ્યક્તિઓને મળવાનું શરૂ કર્યું.

★ જુલાઈ ૨૦૦૮નો અષાઢી બીજ વિશેષાંક બે અંકમાં બહાર પડાયો. **અમદાવાદ - ગાંધીનગર વિશેષાંક ભાગ-૧ અને ભાગ-૨** પ્રકાશિત થયા. અમદાવાદ - ગાંધીનગરના ઇતિહાસ, અહીં વસતા કચ્છીઓની સંખ્યા, આર્થિક સ્થિતિ તથા ઘટક સમાજની માહિતી અપાઈ. તેજસ્વી તારલા શિર્ષક હેઠળ **શ્રી રૂપેશ સાવલા, શ્રી પ્રશાંત ઠક્કર, શ્રી નવીન પટેલ, શ્રી રાજેન્દ્ર મજીઠિયા** તથા **શ્રીમતી ફાલ્ગુની હિરેન** વિશે લેખ છપાયા. તો વ્યક્તિ વિશેષમાં **શ્રી જેન્તીભાઈ ભાનુશાળી, શ્રી વિનેશ અંતાણી, શ્રી નારણભાઈ પચાણભાઈ પટેલ, શ્રી મનુભાઈ શાહ** તથા **શ્રી હંસરાજ કંસારા**ને સમાવાયા.

લેખ વિભાગમાં કચ્છ અને તેની વિવિધતા, સાંસ્કૃતિક ક્ષેત્રે અને શૈક્ષણિક ક્ષેત્રે કચ્છીઓનું પ્રદાન, કચ્છની ભૂ-સંપદા, પુરાતત્ત્વ, હુન્નરો વગેરે અંગેના લેખો આવરી લેવાયા. ઉપરાંત અન્ય રસપ્રદ લેખો અને નિયમિત કોલમો તો ખરી જ...

વિશેષાંકના બીજા ભાગમાં અમદાવાદ અને ગાંધીનગરના જોવાલાયક સ્થળો, ધાર્મિક સ્થળો, હોટેલ્સ, હોસ્પિટલ્સ, રેલવેનું સમયપત્રક, પીનકોડ નંબર, એસ.ટી.ડી. નંબર, દેશભરના અતિથિગૃહો, ધર્મશાળાઓ, સેનેટોરિયમની યાદી વગેરે ઉપયોગી માહિતી પ્રગટ કરાઈ. અમદાવાદ - ગાંધીનગરના વિવિધ ઘટક સમાજો તથા તેમની પ્રવૃત્તિઓ, અન્ય મંડળોની માહિતી અપાઈ.

**'નામાંકિત નિવૃત્ત કચ્છી સરકારી અધિકારીઓ'** – આ શિર્ષક હેઠળ **ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, શ્રી ઉમરશીભાઈ જે. કુરવા, શ્રી પ્રભાશંકર જે. ધોળકિયા, શ્રી હરિલાલ સોમજી છાયા** તથા **શ્રી પુરુષોત્તમ બી. જોશી**ના પરિચય લેખો તથા **'સ્વર્ગીય નામાંકિત કચ્છી અધિકારીઓ'**ના મથાળા હેઠળ **સ્વ. શ્રી તુલસીદાસ મુળજી શેઠ, સ્વ. શ્રી સત્યેન્દ્ર શાહ, સ્વ. શ્રી સદરુદ્દીન ખોજા, સ્વ. શ્રી મધુભાઈ ભટ્ટ, સ્વ. શ્રી અંબરીષ મહેતા**ના ચરિત્ર ચિત્રો આલેખાયા.

ઉપરાંત કચ્છી ઘટક સમાજો, શૈક્ષણિક સંસ્થાઓ, કચ્છી ઉદ્યોગગૃહો, વ્યાપાર ગૃહો, ડેવલપર્સ - બિલ્ડર્સ તથા પ્રિન્ટ મીડિયાના પ્રકાશનો, પ્રોફેશનલ્સ, સરકારી અધિકારીઓ, ઉચ્ચ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ વગેરેની માહિતી કોષ્ટકરૂપે અપાઈ.

આમ સવા બસ્સો - અઢીસો પાનાનો એક એવા બંને ભાગના આ વિશેષાંકો ખરા અર્થમાં દળદાર અને 'ગાગરમાં સાગર' સમ બની રહ્યા.

★ ૩૩ વર્ષથી નિયમિત રીતે પ્રકાશિત થતાં મુખપત્ર 'મંગલ મંદિર'નો જુલાઈ ૨૦૦૮નો **અષાઢી બીજ વિશેષાંક "અમદાવાદ ગાંધીનગર વિશેષાંક" તરીકે બહાર પડાયો.** તા. ૪-૭-૨૦૦૮ના રોજ આયોજિત સમારંભમાં **નવનીત પરિવારના શ્રી શાંતિભાઈ ગાલાના હસ્તે આ વિશેષાંકનું વિમોચન કરાયું.** બે ભાગમાં વિભાજિત ૪૫૦ પાનાના આ વિશેષાંકને સૌ ઉપસ્થિતોએ વધાવી લીધો હતો. આ અંકમાં સમાવિષ્ટ ઘટક સમાજોના પ્રતિનિધિઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત હતા.

★ સપ્ટેમ્બર ૨૦૦૮થી પ્રખ્યાત **લેખક શ્રી દિનકર જોષી લિખિત** લઘુનવલ **"અયોધ્યાનો રાવણ અને લંકાનો રામ"**ની શ્રેણી શરૂ થઇ.

★ તા. ૧૪-૯-૨૦૦૮ આયોજિત વાર્ષિક સ્નેહ મિલન સમારંભમાં વર્ષ ૨૦૦૭-૨૦૦૮ના શ્રેષ્ઠ લેખક તરીકે **શ્રી ધનલક્ષ્મીબેન ગડા** તથા **શ્રી મુરજી ગડા**ને જાહેર કરાયા.

★ ૨૦૦૮નો નવેમ્બરનો અંક **દીપોત્સવી અંક** તરીકે બહાર પડાયો.

★ *જાન્યુઆરી ૨૦૦૯ :* મંગલ મંદિરનો **જાન્યુઆરી-૨૦૦૯નો અંક દક્ષિણ ગુજરાત વિશેષાંક** તરીકે ભાગ-૧ અને ભાગ-૨ એમ બે ભાગમાં પ્રસારિત કરવામાં આવેલ હતો. ભાગ-૧ ૨૫૦ પાનાનો અને ભાગ-૨ ૨૬૦ પાનાનો હતો. આ અંકોમાં દક્ષિણ ગુજરાતની કચ્છી સંસ્થાઓ અને અગ્રણીઓની માહિતી આપવામાં આવેલ હતી.

★ *તા. ૧૮-૧-૨૦૦૯ :* દક્ષિણ ગુજરાત કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજના ૧૦મા વાર્ષિક મિલન સમારંભમાં અંદાજિત ૫૦૦ વ્યક્તિઓની ઉપસ્થિતિમાં **મંગલ મંદિર – દક્ષિણ ગુજરાત વિશેષાંકનું વિમોચન ડૉ. રમેશ દેઢિયા, શ્રી અશોક મહેતા** તથા **શ્રી મનસુખભાઈ છેડા**ના વરદ્ હસ્તે ઉત્સાહજનક વાતાવરણમાં કરવામાં આવેલ હતું.

★ *ગુરૂવાર, તા. ૫-૧૧-૨૦૦૯ :* આજ રોજ મંગલ મંદિર સમિતિની એક મીટિંગ મળેલ હતી. આ મીટિંગમાં લવાજમ ગ્રાહકોની સંખ્યા વધારવા તથા વધુ જાહેરાતો મેળવવા પ્રયાસ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ *ગુરૂવાર, તા. ૧૮-૩-૨૦૧૦ :* પ્રિન્ટ વિઝનવાળા શ્રી યજ્ઞેશભાઈ સાથે વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના મંગલ મંદિરના પ્રિન્ટીંગ બાબતે શ્રી કચ્છી જૈન ભવન પર મીટિંગ કરવામાં આવી હતી. છેવટે એપ્રિલ ૨૦૧૦નો અંક ત્યાં પ્રિન્ટ કરાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ *શનિવાર, તા. ૧૭-૪-૨૦૧૦ :* પ્રિન્ટ વિઝનના યજ્ઞેશ પંડ્યા વગેરે સાથે મીટિંગ યોજાઈ હતી. મુદ્રા કોમ્પ્યુટર્સવાળા જયેશ શાહ પણ આ મીટિંગમાં ઉપસ્થિત રહેલ હતા. વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન દર મહિને મંગલ મંદિર પ્રિન્ટ કરાવવાનું પ્રિન્ટ વિઝન સાથે નક્કી કરી તેના બાર મહિનાના ભાવ પણ નક્કી કરી લેવામાં આવ્યા હતા.

★ *જુલાઈ ૨૦૧૦ :* મંગલ મંદિરનો **જુલાઈ-૨૦૧૦નો અંક અષાઢી બીજ વિશેષાંક** તરીકે બહાર પાડવામાં આવેલ હતો.

★ *શુક્રવાર, તા. ૨૮-૫-૨૦૧૦ :* મંગલ મંદિર વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના 'શ્રેષ્ઠ લેખ'ના લેખકશ્રીઓને તથા 'શ્રેષ્ઠ આંજો કાગર' મોકલનારને અભિનંદન આપતા પત્રો લખીને મોકલી આપવામાં આવેલ હતા.

★ *સોમવાર, તા. ૨૦-૯-૨૦૧૦ :* મુદ્રા પ્રિન્ટર્સવાળા જયેશ શાહને ભવન પર બોલાવી તેમની સાથે મંગલ મંદિરના પ્રિન્ટીંગ બાબતના વિવિધ વિષયે શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી સૂરજલાલ મહેતાએ ચર્ચા કરેલ હતી.

★ *નવેમ્બર ૨૦૧૦ :* મંગલ મંદિરનો **નવેમ્બર-૨૦૧૦નો અંક દીપોત્સવી અંક** તરીકે પ્રસારીત કરવામાં આવેલ હતો.

★ તા. ૧૮-૪-૨૦૧૧ના રોજ શ્રી અશોક મહેતા તથા શ્રી દિનેશ મહેતાએ 'મંગલ મંદિર' જ્યાં છપાય છે તે પ્રિન્ટ વિઝનની મુલાકાત લીધેલ હતી. ત્યાં યોગેશભાઈ પંડ્યા સાથે રૂબરૂ ચર્ચા કરેલ હતી. પ્રિન્ટ વિઝનના ભાવપત્રક ઊંચા પડતા હોવાથી મે-૨૦૧૧થી 'મંગલ મંદિર' અન્યત્ર છપાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

★ 'મંગલ મંદિર'નો **જુલાઈ-૨૦૧૧નો અંક અષાઢી બીજ વિશેષાંક તરીકે પ્રસારિત કરવામાં આવેલ હતો.**

★ 'મંગલ મંદિર'નો ઓગસ્ટ-૨૦૧૧નો અંક ૪૦૦મા અંક તરીકે પ્રસારિત થયેલ હતો. **આ અંકને "કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ" સ્વરૂપે વિશેષાંક તરીકે બહાર પાડવામાં આવેલ હતો.** આ અંક માટે શ્રી વજુભાઈ વાળા, શ્રીમતી આનંદીબેન પટેલ, શ્રી જયનારાયણ વ્યાસ, શ્રી વાસણભાઈ આહીર, શ્રી જયંતીભાઈ ભાનુશાળી, શ્રી બાબુભાઈ મેઘજી, શ્રી સુરેશચંદ્ર મહેતા, શ્રી પુષ્પદાન ગઢવી, શ્રી તારાચંદ છેડા, શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ચંદ્રકાંત ગોગરી, શ્રી કાંતિસેન શ્રોફ વગેરેએ શુભેચ્છા સંદેશાઓ મોકલી આપેલ હતા. **આ અંકમાં કચ્છની ગઈકાલ, આજ અને આવતીકાલના અનુસંધાને અનેક અભ્યાસપ્રદ લેખો પ્રસારિત કરવામાં આવેલ હતા.**

★ **'મંગલ મંદિર'નો ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૧નો અંક દીપોત્સવી અંક – "સંભારણા વિશેષાંક" ૧ અને ૨** તરીકે પ્રસારિત કરવામાં આવેલ હતો કે જેમાં વર્ષ ૧૯૭૫થી વર્ષ ૨૦૦૪ સુધી પ્રસારિત કરવામાં આવેલ વિવિધ વાનગીઓનું અલગ અલગ વિભાગમાં સંકલન કરવામાં આવેલ હતું. આ અલગ અલગ વિભાગ એટલે તંત્રી લેખો, જૈન તત્ત્વજ્ઞાન, ધર્મ, માહિતી, વિચાર-મંથન, વિચાર વિમર્શ, કચ્છનો પાણી પ્રશ્ન, શિક્ષણ, પર્યાવરણ, સમાજ દર્પણ, ખનીજ - મિનરલ, પ્રવાસ વર્ણન, જીવન ઝરમર વગેરે દ્વારા આ લેખોનું સંકલન કરી ફરીથી પ્રસારિત કરવામાં આવેલ હતા.

★ **'મંગલ મંદિર'નો એપ્રિલ-૨૦૧૩નો અંક "કચ્છી સંસ્થા વિશેષાંક" તરીકે પ્રસારિત કરવામાં આવેલ હતો.** 'મંગલ મંદિર'નો આ અંક સુવર્ણ જયંતી વર્ષના અંતિમ કાર્યક્રમોના સમાચાર સ્વરૂપે પ્રસારિત થયેલ હતો. આ અંકમાં ભારતભરની બાવન કચ્છી સંસ્થાઓની વિગતો પ્રસારિત કરવામાં આવેલ હતી.

★ તા. ૧૫-૪-૨૦૧૩ના રોજ પોસ્ટ ખાતાના સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી પવનકુમાર અને ડેપ્યુટી સુપ્રિ. શ્રી ભાવસારને મળવા તેમની આશ્રમ રોડ ખાતેની ઓફિસે શ્રી અશોક મહેતા તથા શ્રી દિનેશ મહેતા ગયેલ હતા અને પોસ્ટ ડિપાર્ટમેન્ટ તરફથી **'મંગલ મંદિર'ના વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૦૫ના સમયની એરિયર્સની રકમ રૂા. ૧,૨૩,૦૦૦/- ભરી જવા** જે પત્ર આવેલ છે તેની વિગતો સમજવા પ્રયાસ કરેલ હતો. **પોસ્ટ ખાતા દ્વારા બે જ વિકલ્પ જણાવવામાં આવેલ હતા : (૧) વાંધા સાથે પૂરી રકમ ભરવી અને નહીં તો (૨) પોસ્ટ ખાતા દ્વારા અપાયેલ કન્સેશન કેન્સલ કરવામાં આવે.**

★ 'મંગલ મંદિર' માટે વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૦૫ દરમિયાનની પોસ્ટખાતા દ્વારા લીકેજ રેવન્યુ ચાર્જિસના રૂા. ૧,૨૩,૦૦૦/- ભરવાની જે નોટીસ આવેલ હતી તે સામે એડવોકેટ શ્રી ધન્વિન કે. પૂજ દ્વારા તા. ૨૯-૪-૨૦૧૩ના રોજ હાઈકોર્ટમાં રીટ કરવામાં આવી.

★ મંગળવાર, તા. ૩૦-૪-૨૦૧૩ના રોજ 'મંગલ મંદિર'ના પોસ્ટીંગ માટે પોસ્ટ ખાતાની રૂા. ૧,૨૩,૦૦૦/-ની ડિમાન્ડ અંગે આજે પોસ્ટ ખાતા સામે હાઈકોર્ટમાંથી સ્ટે મેળવવામાં આવ્યો.

★ શુક્રવાર, તા. ૩-૫-૨૦૧૩ના રોજ 'મંગલ મંદિર' પર પોસ્ટ ખાતા દ્વારા આવેલ ગેરવાજબી લેણાની રકમ સામે હાઇકોર્ટમાંથી મેળવેલ સ્ટે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, પોસ્ટ વિભાગ, અમદાવાદ પર બજાવવામાં આવ્યો.

★ **'મંગલ મંદિર'નો જુલાઈ-૨૦૧૩નો અંક "અષાઢી બીજ : કચ્છી સંસ્થા વિશેષાંક-૨" તરીકે પ્રકાશિત કરવામાં આવેલ હતો.** આ અંકમાં વિવિધ ક્ષેત્રે કાર્યરત ૨૪ કચ્છી સંસ્થાઓની માહિતી આપવામાં આવેલ હતી.

★ *મંગળવાર, તા. ૫-૧૧-૨૦૧૩ :* **'મંગલ મંદિર'નો નવેમ્બર-૨૦૧૩ના દીપોત્સવી વિશેષાંકમાં કચ્છના પાણી પ્રશ્ને વર્ષ** ૨૦૦૩થી વર્ષ ૨૦૧૩ સુધી જે લેખો પ્રસારિત કરવામાં આવ્યા છે તે લેખોનું સંકલીકરણ આ એક જ અંકમાં કરવામાં આવેલ હતું. કે જેનો પાછળથી વાચક વર્ગે વિશાળ પ્રતિભાવ આપેલ હતા.

★ *ગુરૂવાર, તા. ૫-૧૨-૨૦૧૩ :* 'મંગલ મંદિર' તેના વાચક વર્ગમાં કેટલું પ્રિય છે અને તે કેટલું વંચાય છે તેના પ્રતિભાવ જાણવા 'મંગલ મંદિર'ના ડિસેમ્બર-૨૦૧૩ના અંકમાં એક યોજના જાહેર કરવામાં આવી કે જેની મુદત તા. ૩૧-૩-૨૦૧૪ સુધીની રાખવામાં આવી. આ યોજના અનુસાર –

૧. જેમને ત્યાં છેલ્લા ૧૦ વર્ષના અંકો એટલે કે જાન્યુઆરી-૨૦૦૪થી ડિસેમ્બર-૨૦૧૩ સુધીના અંકો સચવાયેલા હશે તેમને રૂા. ૧૦,૦૦૦/-નો પુરસ્કાર આપવામાં આવશે.

૨. જેમને ત્યાં છેલ્લા ૫ વર્ષના અંકો એટલે કે જાન્યુઆરી-૨૦૦૯થી ડિસેમ્બર-૨૦૧૩ સુધીના અંકો સચવાયેલા હશે તેમને રૂા. ૫,૦૦૦/-નો પુરસ્કાર આપવામાં આવશે.

૩. જેમને ત્યાં છેલ્લા ૩ વર્ષના અંકો એટલે કે જાન્યુઆરી-૨૦૧૧થી ડિસેમ્બર-૨૦૧૩ સુધીના અંકો સચવાયેલા હશે તેમને રૂા. ૧,૦૦૦/-નો પુરસ્કાર આપવામાં આવશે.

'મંગલ મંદિર'ના વાચક વર્ગના સભ્યોએ આ યોજનાનો પ્રતિસાદ તા. ૩૧-૩-૨૦૧૪ સુધી આપવાનો રહેશે.

★ *મંગળવાર, તા. ૪-૩-૨૦૧૪ :* 'મંગલ મંદિર'નો અષાઢી બીજ – **કચ્છી નૂતન વર્ષ વિશેષાંક "કચ્છ : એક અલગ રાજ્ય – તેના ફાયદા તથા ગેરફાયદા"** વિષય પર પ્રસારિત કરવાનો હોવાથી તે અંગેના અભ્યાસપ્રદ લેખો મંગાવવા વિવિધ ક્ષેત્રની ૫૦ જેટલી વ્યક્તિઓને પત્રો લખીને મોકલી આપવામાં આવેલ હતા.

★ *તા. ૫-૪-૨૦૧૪ :*

'મંગલ મંદિર' તેના વાચક વર્ગમાં કેટલું લોકપ્રિય છે તેની ચકાસણી કરવા તેના ડિસેમ્બર-૨૦૧૩ના અંકમાં એક જાહેરાત આપવામાં આવેલ હતી કે જેઓના ઘરમાં ૧૦,૫ કે ૩ વર્ષના 'મંગલ મંદિર'ના અંકો સચવાયેલા હશે તેઓને આકર્ષક ભેટ રકમ સમાજ તરફથી આપવામાં આવશે. આ જાહેરાતની અવધિ તા. ૩૧-૩-૨૦૧૪ સુધીની રાખવામાં આવી હતી. ત્યારબાદ 'મંગલ મંદિર'ના એપ્રિલ-૨૦૧૪ના અંકમાં તેમાં નીચે મુજબના પરિણામો જાહેર કરવામાં આવેલ હતા.

| *ક્રમાંક* | *યોજનામાં ભાગ લેનારનું નામ* | *યોજના અનુસાર કયા વર્ષના અંકો રજૂ કર્યા* | *કુલ કેટલા વર્ષના અંકો ગણતરી યોગ્ય* | *યોજના અનુસાર પુરસ્કાર પાત્ર રકમ* |
|---|---|---|---|---|
| **૧.** | **શ્રી ગુલાબચંદ ડી. સાવલા - અમદાવાદ** | **વર્ષ ૨૦૦૪થી વર્ષ ૨૦૧૩** | **૧૦ વર્ષના** | **રૂા. ૧૦,૦૦૦/-** |
| ૨. | શ્રીમતી અલકા એ. સંઘવી - અમદાવાદ | વર્ષ ૨૦૦૯થી વર્ષ ૨૦૧૩ | ૫ વર્ષના | રૂા. ૫,૦૦૦/- |
| ૩. | શ્રી લીલાધર લખમશી વિસરીયા - મુંબઈ | વર્ષ ૨૦૦૯થી વર્ષ ૨૦૧૩ | ૫ વર્ષના | રૂા. ૫,૦૦૦/- |
| ૪. | શ્રી રશ્મિનભાઈ ખોના - મુંબઈ | વર્ષ ૨૦૦૯થી વર્ષ ૨૦૧૩ | ૫ વર્ષના | રૂા. ૫,૦૦૦/- |
| ૫. | શ્રી શશીકાંતભાઈ ઠક્કર - માધાપર, ભુજ | વર્ષ ૨૦૦૯થી વર્ષ ૨૦૧૩ | ૫ વર્ષના | રૂા. ૫,૦૦૦/- |
| ૬. | શ્રી નીતિન એચ. સંઘવી - ગાંધીનગર | વર્ષ ૨૦૧૧થી વર્ષ ૨૦૧૩ | ૩ વર્ષના | રૂા. ૧,૦૦૦/- |
| ૭. | શ્રી મહેન્દ્ર કે. મહેતા - કોચી | વર્ષ ૨૦૧૧થી વર્ષ ૨૦૧૩ | ૩ વર્ષના | રૂા. ૧,૦૦૦/- |
| ૮. | શ્રી અશોકકુમાર ભોગીલાલ શાહ - અ'વાદ | વર્ષ ૨૦૧૧થી વર્ષ ૨૦૧૩ | ૩ વર્ષના | રૂા. ૧,૦૦૦/- |
| ૯. | શ્રીમતી કામિની સ્નેહલ શેઠ - અમદાવાદ | વર્ષ ૨૦૧૧થી વર્ષ ૨૦૧૩ | ૩ વર્ષના | રૂા. ૧,૦૦૦/- |
| ૧૦. | શ્રી જયંત જી. દેઢિયા | વર્ષ ૨૦૧૧થી વર્ષ ૨૦૧૩ | ૩ વર્ષના | રૂા. ૧,૦૦૦/- |
| ૧૧. | શ્રીમતી દક્ષાબેન ધનસુખલાલ શાહ | વર્ષ ૨૦૧૧થી વર્ષ ૨૦૧૩ | ૩ વર્ષના | રૂા. ૧,૦૦૦/- |

તદુપરાંત **શ્રી મહેન્દ્ર લખમશીભાઈ મોતા** - અમદાવાદ પાસે ૧૦ વર્ષથી પણ વધુના અંકો સચવાયેલા પડ્યા છે અને તેઓ પ્રથમ ઈનામને પાત્ર છે. પરંતુ તેઓએ નમ્રતાપૂર્વક ઈનામ સ્વિકારવાની ના પાડેલ હતી.

આ પરિણામ પરથી તારવણ એ કાઢવામાં આવ્યું કે 'મંગલ મંદિર' વાચકવર્ગમાં લોકપ્રિય છે અને તેને દિવસાદિવસ વધુ સારું બનાવતા રહેવું પડે.

★ *જુલાઈ-૨૦૧૪ :* 'મંગલ મંદિર' નો જુલાઈ-૨૦૧૪નો અંક **"અષાઢી બીજ વિશેષાંક"** તરીકે પ્રસારિત કરવામાં આવેલ હતો. **"કચ્છ એક અલગ રાજ્ય : તેના ફાયદા તથા ગેરફાયદા"**ના વિષય પર આ અંકમાં વિવિધ ૧૭ ચિંતનશીલ લેખકોના લેખ પ્રસારિત કરવામાં આવેલ હતા. **પૂર્વ મુખ્યમંત્રી સુરેશચંદ્ર મહેતા, પૂર્વ મુખ્ય સચિવ પ્રવીણ કે. લહેરી, પૂર્વ નાણાંમંત્રી સનત મહેતા, પૂર્વ નાણાંમંત્રી બાબુભાઈ મેઘજી શાહ, મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજા, પૂર્વ ચૂંટણી કમિશનર પ્રભાકર ધોળકીયા** વગેરે લોકોના અભ્યાસપ્રદ લેખોનો આ અંકમાં સમાવેશ કરવામાં આવેલ છે.

★ *ઓક્ટોબર-૨૦૧૪ :* 'મંગલ મંદિર' નો ઓક્ટોબર-૨૦૧૪નો અંક **દીપોત્સવી અંક – સંભારણા વિશેષાંક-૩** તરીકે પ્રસારિત કરવામાં આવેલ હતો કે જેમાં વર્ષ ૨૦૦૬થી વર્ષ ૨૦૦૮ સુધીના વિવિધ વિભાગોના લેખો પુનઃ પ્રસારિત કરવામાં આવેલ હતા.

★ *શુક્રવાર, તા. ૧૫-૫-૨૦૧૫ :* શ્રી કચ્છી જૈન ભવન પર પ્રતાપભાઈ દંડ, કે. આર. શાહ, હસમુખભાઈ ખાંડવાલા, મનુભાઈ શાહ તથા અશોકભાઈ મહેતા મળેલ હતા અને તા. ૨૬-૪-૨૦૧૫ની ટ્રસ્ટ મંડળની મીટિંગમાં નક્કી થયા મુજબ 'મંગલ મંદિર' માટે એક વ્યવસાયીક તંત્રી / સંપાદક શોધી કાઢવાની જવાબદારી મનુભાઈ શાહને સુપ્રત કરવામાં આવેલ હતી.

★ *મે-૨૦૧૫ :* 'મંગલ મંદિર'ના એપ્રિલ-૨૦૧૪થી માર્ચ-૨૦૧૫ દરમિયાન પ્રસિદ્ધ થયેલ લેખન સામગ્રીમાંથી શ્રેષ્ઠ લેખ, શ્રેષ્ઠ વાર્તા તથા શ્રેષ્ઠ આંજો કાગર વિભાગના પત્ર બાબતે ત્રણ સભ્યોની નિર્ણાયક સમિતિએ પોતાનો ફાઈનલ નિર્ણય પ્રસારિત કરવા માટે આપેલ હતા.

★ *ઓક્ટોબર-૨૦૧૫ :* **'મંગલ મંદિર'ના તંત્રી મંડળમાં પરિવર્તન કરવામાં આવ્યું. શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ શાહ તથા શ્રી દિનેશચંદ્ર મહેતાના સ્થાને હવે શ્રી પ્રતાપભાઈ દંડ 'મંગલ મંદિર'ના મુખ્ય તંત્રી તરીકે ફરજ બજાવશે તેવું નક્કી કરવામાં આવ્યું. શ્રી કેશુભાઈ દેસાઈ સવેતન સંપાદક તરીકે જોડાયા હતા.**

★ *નવેમ્બર-૨૦૧૫ :* 'મંગલ મંદિર'નો નવેમ્બર-૨૦૧૫નો અંક **"વાર્તાસાગર વિશેષાંક"** તરીકે પ્રકાશિત કરવામાં આવેલ હતો કે જેમાં અલગ અલગ લેખકોની વિવિધ વિષયે ૫૦ જેટલી વાર્તાઓ પ્રસારિત કરવામાં આવેલ હતી.

★ *શનિવાર, તા. ૨૧-૧૧-૨૦૧૫ :* શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે 'મંગલ મંદિર' સલાહકાર સમિતિની એક બેઠક મળેલ હતી. જેમાં **શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે. આર. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી મનુભાઈ શાહ તથા શ્રી કેશુભાઈ દેસાઈ** હાજર રહ્યા હતા. તેના અનુસંધાને 'મંગલ મંદિર'ના ગેટ-અપ વગેરે અંગે યોગ્ય નિર્ણયો લેવાયા હતા.

★ *તા. ૨૨-૫-૨૦૧૬ :* સમાજના મુખપત્ર 'મંગલ મંદિર'માં સહભાગી કચ્છના સાહિત્ય સર્જકો તથા પત્રકારો સાથે મંગલમ્ હોટલ - ભુજ ખાતે વિચારગોષ્ઠિનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી મહેન્દ્ર દોશી, શ્રી કેશુભાઈ દેસાઈ વગેરે સમાજ તરફથી ઉપસ્થિત રહેલ હતા. આજની મીટિંગમાં શ્રી ધીરેન્દ્રભાઈ મહેતા, શ્રી હરેશભાઈ ધોળકિયા, શ્રી કાંતિભાઈ ગોર, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી દીપકભાઈ માંકડ, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી નવીન જોશી, શ્રી બાબુલાલ ગોર, નીતાબેન કિશોર જોશી, ભરત'કુમાર' ઠાકર તથા શ્રી મદનકુમાર અંજારીયા ઉપસ્થિત રહેલ હતા.

★ *એપ્રિલ-૨૦૧૬ :* **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઇતિહાસના ૪૫ પ્રકરણ, ફેબ્રુઆરી ૨૦૧૬ સુધી શ્રી પ્રતાપભાઈ દંડે તૈયાર કરીને પ્રસારિત કરાવેલ હતા કે જે તા. ૨૬-૧-૨૦૧૧ સુધીનો ઇતિહાસ હતો. ત્યારબાદ તેના પ્રકરણ નંબર ૪૬ અને ૪૭ શ્રી દિનેશભાઈ જગજીવન શાહે પૂર્ણ કરેલ હતા કે જે તા. ૨૧-૬-૨૦૧૨ સુધીના હતા અને તે 'મંગલ મંદિર'ના માર્ચ-૨૦૧૬ તથા એપ્રિલ-૨૦૧૬ના અંકમા પ્રસારિત થયેલ હતા.**

★ *તા. ૧૪-૭-૨૦૧૬ :* 'મંગલ મંદિર' સલાહકાર સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર મળેલ હતી કે જ્યારે **શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી મનુભાઈ શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કેશુભાઈ દેસાઈ તથા શ્રી મહેન્દ્રભાઈ દોશી** ઉપસ્થિત રહેલ હતા. આજની મીટિંગમાં (૧) 'મંગલ મંદિર'ના વિભાગોની ગોઠવણી ફરીથી કરવાનું, (૨) નવેમ્બર-૨૦૧૬નો અંક દીપોત્સવી અંક તરીકે બહાર પાડવાનું તથા (૩) કચ્છી સાહિત્યકારોની ડિરેક્ટરી બહાર પાડવાનું નક્કી

કરવામાં આવેલ હતું.

★ *નવેમ્બર-૨૦૧૬ :* **'મંગલ મંદિર' નો નવેમ્બર-૨૦૧૬નો અંક દીપોત્સવી વિશેષાંક "૨૧મી સદીનું કચ્છ" તરીકે બહાર પાડવામાં આવેલ હતો. આ અંકના સંપાદક તરીકે શ્રી હરેશભાઈ ધોળકિયાએ પોતાની સેવાઓ આપેલ હતી.** આ અંકનું વિમોચન ભુજ ખાતે તા. ૬-૧૧-૨૦૧૬ના રોજ કચ્છ યુનિ.ના કુલપતિ ડૉ. ચંદ્રસિંહ જાડેજાના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ શ્રી દામજીભાઈ એન્કરવાલાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતો.

★ *જાન્યુઆરી-૨૦૨૦ :* **'મંગલ મંદિર'નો જાન્યુઆરી-૨૦૨૦નો અંક ૫૦૦મો અંક હતો અને તેને સંભારણા-૪ વિશેષાંક તરીકે પ્રકાશિત કરવામાં આવેલ હતો.**

★ *માર્ચ-૨૦૨૦ :* **માર્ચ-૨૦૨૦થી શ્રી દિનેશ મહેતા 'મંગલ મંદિર'ના તંત્રી મંડળમાં સહતંત્રી તરીકે જોડાયા છે.**

★ *એપ્રિલ-૨૦૨૦થી જુલાઈ-૨૦૨૦ :* 'મંગલ મંદિર'નો એપ્રિલ-૨૦૨૦થી જુલાઈ-૨૦૨૦નો અંક (સંયુક્ત અંક) **"કોરોના સંક્રમણ : કોવિડ-૧૯" વિશેષાંક** તરીકે પ્રકાશિત કરવામાં આવેલ હતો. કોરોના મહામારી થકી સમસ્ત ભારત અને ગુજરાતમાં લોકડાઉનના કારણે જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ-૨૦૨૦ના અંકો પ્રકાશિત થઈ શકેલ ન હતા. જુલાઈ-૨૦૨૦ના અંકથી પ્રકાશન ચાલુ કરવામાં આવેલ હતું. આ અંકમાં કોરોના વિશેની અઢળક માહિતી પ્રસારિત કરવામાં આવેલ હતી. આ અંકમાં સમાજના સભ્યોને મળતા લાભોની વિગત પણ પ્રસારિત કરવામાં આવેલ છે.

★ *નવેમ્બર-૨૦૨૦ :* **'મંગલ મંદિર'નો નવેમ્બર-૨૦૨૦નો અંક હાસ્ય તરંગ દીપોત્સવી વિશેષાંક તરીકે બહાર પાડવામાં આવેલ હતો.**

★ *જુલાઈ-૨૦૨૧ :* **'મંગલ મંદિર'નો જુલાઈ-૨૦૨૧નો અંક અષાઢી બીજ "કચ્છ વિશેષાંક" તરીકે બહાર પાડવામાં આવેલ હતો.**

★ *નવેમ્બર-૨૦૨૧ :* **'મંગલ મંદિર'નો નવેમ્બર-૨૦૨૧નો અંક "સાહિત્ય સરગમ" દીપોત્સવી વિશેષાંક તરીકે બહાર પાડવામાં આવ્યો હતો.**

★ *એપ્રિલ-૨૦૨૨ :* **'મંગલ મંદિર' એપ્રિલ-૨૦૨૧ના અંકથી સહતંત્રી શ્રી દિનેશ આર. મહેતાના સ્થાને કાર્યકારી સહતંત્રી શ્રી મહેન્દ્ર દોશીએ કાર્યભાર સંભાળી લીધેલ હતો.**

★ *શનિવાર, તા. ૧-૧૦-૨૦૨૨ :* **આજ રોજ મળેલ કારોબારી સમિતિની મીટિંગમાં 'મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૨૨ના અંકથી મુખ્યતંત્રી તરીકે શ્રી અશોક મહેતાનું નામ નક્કી કરવામાં આવેલ હતું.**

ત્યારબાદ તા. ૬-૧૦-૨૦૨૨ના રોજ કેટલાક ટ્રસ્ટીશ્રીઓની ઉપસ્થિતિમાં નીચે મુજબ તંત્રી મંડળની રચના કરવામાં આવી હતી :

*અશોક મહેતા – મુખ્ય તંત્રી*
*મહેન્દ્ર દોશી - સભ્ય*
*ફાલ્ગુની હિરેન - સભ્ય*
*ચૌલા કુરૂવા - સભ્ય*
*રસિક ખીમજી મહેતા - સભ્ય*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## "મંગલ મંદિર" : ઉડતી નજરે....

★ ઓગસ્ટ ૧૯૭૫ : **"પ્રેરણા"** માસિકની શરૂઆત **શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી** દ્વારા કરવામાં આવી.

★ જાન્યુઆરી ૧૯૭૭થી મુખપત્રને **'મંગલ મંદિર'** નામ અપાયું.

★ એપ્રિલ ૧૯૭૮ સુધી **પ્રભુલાલભાઈ**એ તંત્રીપદે કામ સંભાળ્યું.

★ મે ૧૯૭૮થી મહિલા અગ્રણી **શ્રીમતી પ્રમીલાબેન ઉમરશી કુરૂવા** તંત્રી બન્યાં.

★ ઓગસ્ટ ૧૯૭૮માં 'મંગલ મંદિર'માં સમાજની પ્રવૃત્તિની વિગતો ફોટો સાથે પ્રકાશિત થઈ.
માંગલ્ય, તંત્રી સ્થાનેથી, સમાજ દર્પણ, વલોવતન, ધર્મ મંગલ, સ્ત્રી સૌરભ, ઉગતી પેઢી જેવી કોલમ — ૮ પાના.

★ નવેમ્બર-ડિસેમ્બર ૧૯૮૦ : 'મંગલ મંદિર'નો **દીપોત્સવી વિશેષાંક**. જે ૮ પાનાને બદલે ૯૪ પાનાનો હતો. જેમાં ૫૬ પાનાનું લખાણ અને ૩૮ પાનાની જાહેરખબરો હતી. 'મંગલ મંદિર'માં પહેલીવાર જાહેર ખબરો પ્રકાશિત થઈ અને કવર પેજ માટે ગ્લોસી પેપર વપરાયાં. દળદાર અંક વિવિધતાસભર લેખોથી ભરપૂર હતો.

★ સપ્ટેમ્બર-ઓક્ટોબર ૧૯૮૧ : **દશાબ્દિ વિશેષાંક**. સમાજની સ્થાપનાને દસ વર્ષ પૂર્ણ થયા એ અવસરે ૬૦ પાનાનો અંક. મંત્રીશ્રીનું નિવેદન કૉલમમાં **ડૉ. ચંદ્રકાંત દેઢિયા**એ અતિથિગૃહ અને વિદ્યાર્થી ગૃહની જરૂરતને આવરી લેતા 'કચ્છી ભવન'ની આવશ્યક્તા જણાવી.

★ ડિસેમ્બર-૧૯૮૧ના અંકમાં નોંધાયેલા સભ્યોના નામ - નંબરની માહિતી છપાઈ. જેમાં ૨૦૯ સભ્યો સમાવિષ્ટ હતા.

★ જૂન ૧૯૮૪માં પ્રમીલાબેનનું અકાળે અવસાન થતાં **શ્રીમતી ચંદ્રિકાબેન ચંદ્રકાંત દેઢિયા**એ મંગલ મંદિરની જવાબદારી ઉપાડી. મુખપત્રના સંપાદક તરીકે સુકાન સંભાળ્યું.

★ જુલાઈ ૧૯૮૪નો અંક **કાળા અક્ષરે** છપાયો. પહેલાં પાને **શ્રીમતી પ્રમીલાબહેન કુરૂવા**ના નિધનના અને છેલ્લા પાને સમાજના પાયાના અગ્રણી કાર્યકર **શ્રી બાબુભાઈ વીરમ લોડાયા**ના અવસાનના સમાચાર હતા.

★ સપ્ટેમ્બર ૧૯૮૪થી બાળકો માટે ખાસ વિભાગ **"બાલુડેં જ્યું ગાલિયું"**ના શિર્ષક હેઠળ શરૂ થયો. **પોપટલાલ ધરોડે** આ વિભાગ સંભાળ્યો.

| | | |
|---|---|---|
| ★ | ફેબ્રુઆરી-માર્ચ ૧૯૮૫ | 'મંગલ મંદિર'નો **૧૦૦મો અંક** વિશેષાંક સ્વરૂપે બહાર પડાયો. આ અંકથી **'કચ્છી કોયલેંજા ટહુંકા'** વિભાગ શરૂ થયો. |
| ★ | નવેમ્બર ૧૯૮૭ | **દીપોત્સવી વિશેષાંક** |
| ★ | એપ્રિલ ૧૯૮૯ | **શ્રી કારાણી સ્મૃતિ વિશેષાંક** |
| ★ | જૂન-જુલાઈ ૧૯૯૪ | મંગલ મંદિરનો **૨૦૦મો અંક** વિશેષાંક સ્વરૂપે |
| ★ | ફેબ્રુઆરી ૧૯૯૭ | **શ્રી કચ્છી જૈન ભવન - પાલડી તથા મેડિકલ સેન્ટર ઉદ્‌ઘાટન સમારોહ વિશેષાંક. રંગીન કવર પેજની શરૂઆત.** |
| ★ | માર્ચ ૨૦૦૩ | મંગલ મંદિરનો **૩૦૦મો અંક** |
| ★ | માર્ચ ૨૦૦૪ | **આરોગ્ય વિશેષાંક** |
| ★ | ઓક્ટોબર ૨૦૦૪ | **મુંબઇ સેમિનાર વિશેષાંક** |
| ★ | સપ્ટેમ્બર ૨૦૦૫ | **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ડ્રો વિશેષાંક-૧** |
| ★ | ઓક્ટોબર ૨૦૦૫ | **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ડ્રો વિશેષાંક-૨** |
| ★ | જાન્યુઆરી ૨૦૦૬ | મંગલ મંદિરને એ-૪ સાઈઝનું કરવામાં આવ્યું. |
| ★ | ઓગસ્ટ ૨૦૦૬ | **શ્રીમતી ચંદ્રિકાબેન ચંદ્રકાંત દેઢિયાના તંત્રીપણા હેઠળનો છેલ્લો અંક.** |
| ★ | સપ્ટેમ્બર ૨૦૦૬ | **શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા**ના તંત્રીપણા હેઠળનો પ્રથમ અંક. |

★ ઓક્ટોબર ૨૦૦૬ **દીપોત્સવી વિશેષાંક**
★ માર્ચ ૨૦૦૭ **કચ્છ ઉદ્યોગ વિશેષાંક**
★ નવેમ્બર ૨૦૦૭ **દીપોત્સવી વિશેષાંક (મુંબઈ વિશેષાંક)**
★ જુલાઈ ૨૦૦૮ **અમદાવાદ - ગાંધીનગર વિશેષાંક**
★ નવેમ્બર ૨૦૦૮ **દીપોત્સવી વિશેષાંક**
★ જાન્યુઆરી ૨૦૦૯ **દક્ષિણ ગુજરાત વિશેષાંક ભાગ-૧ અને ભાગ-૨**
★ જૂન ૨૦૦૯ **અષાઢી બીજ વિશેષાંક**
★ ઓક્ટોબર ૨૦૦૯ **દીપોત્સવી વિશેષાંક** (ગુજરાતના રાષ્ટ્રીય નેતાઓ)
★ જુલાઈ ૨૦૧૦ **અષાઢી બીજ વિશેષાંક**
★ ઓગસ્ટ ૨૦૧૧ **૪૦૦મો અંક** વિશેષાંક – કચ્છ : ગઈકાલ, આજ અને આવતીકાલ
★ ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૧ **સંભારણા વિશેષાંક ભાગ-૧ અને ભાગ-૨**
મંગલ મંદિર ૧૮૭૫થી ૨૦૦૪ વચ્ચે પ્રસારિત થયેલી ઉત્કૃષ્ટ કૃતિઓ ફરીથી છપાઈ.
★ જાન્યુઆરી ૨૦૧૩ કચ્છ - અમદાવાદ અને મુંબઈની બાવન જેટલી સંસ્થાઓની વિગતવાર માહિતી.
★ જુલાઈ ૨૦૧૩ **કચ્છી સંસ્થા વિશેષાંક** - અષાઢી બીજ વિશેષાંક
★ નવેમ્બર ૨૦૧૩ **દીપોત્સવી વિશેષાંક : સંભારણા વિશેષાંક-૨**
વિષય : કચ્છ અને તેની પાણીની સમસ્યા (વર્ષ ૨૦૦૩થી ૨૦૧૩ સુધી મંગલ મંદિરમાં પ્રસારિત કરવામાં આવેલ ખાસ લેખોનું પ્રસારણ)
★ જાન્યુઆરી ૨૦૧૪ **યુવક - યુવતીઓની માહિતી વિશેષાંક**
★ માર્ચ ૨૦૧૪ **આકર્ષક પુરસ્કાર યોજના** (જૂના મંગલ મંદિરના અંકો અંગે)
★ જુલાઈ ૨૦૧૪ **અષાઢી બીજ વિશેષાંક** (કચ્છ એક અલગ રાજ્ય : ફાયદા અને ગેરફાયદા)
★ ઓક્ટોબર ૨૦૧૪ **દીપોત્સવી અંક : સંભારણા વિશેષાંક-૩**
★ તા. ૧૬-૦૬-૨૦૧૫ના રોજ **'મંગલ મંદિર'ને ICE એવોર્ડ ૨૦૧૫** એનાયત.
★ સપ્ટેમ્બર ૨૦૧૫ **શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા**ના તંત્રીપણા હેઠળનો છેલ્લો અંક.
★ ઓક્ટોબર ૨૦૧૫ **શ્રી પ્રતાપ નારાણજી દંડ**ના તંત્રીપણા હેઠળનો પ્રથમ અંક. શ્રી કેશુભાઈ દેસાઈ સવેતન સંપાદક તરીકે જોડાયા.
★ નવેમ્બર ૨૦૧૫ **વાર્તાસાગર વિશેષાંક**
★ નવેમ્બર ૨૦૧૬ **દીપોત્સવી અંક – ૨૧મી સદીનું કચ્છ**
★ ઓક્ટોબર ૨૦૧૭ **દીપોત્સવી અંક (કચ્છની વર્તમાન વિભૂતિઓ)**
★ નવેમ્બર ૨૦૧૮ **દીપોત્સવી અંક – કચ્છના સાહિત્ય સર્જકો વિશેષાંક**
★ જુલાઈ ૨૦૧૯ **અષાઢી બીજ : કચ્છ વિશેષાંક**
★ ઓગસ્ટ ૨૦૧૯ **રાષ્ટ્રીય પર્વ વિશેષાંક**
★ નવેમ્બર ૨૦૧૯ **દીપોત્સવી કચ્છી ઓજસ વિશેષાંક**
★ જાન્યુઆરી ૨૦૨૦ **સંભારણા-૪ વિશેષાંક** – 'મંગલ મંદિર'નો **૫૦૦મો અંક**
★ એપ્રિલ-મે-જૂન-જુલાઈ ૨૦૨૦ **કોરોના સંક્રમણ કોવિડ-૧૯ વિશેષાંક**
★ નવેમ્બર ૨૦૨૦ **હાસ્ય તરંગ - દીપોત્સવી વિશેષાંક**
★ જુલાઈ ૨૦૨૧ **કચ્છ વિશેષાંક**
★ સપ્ટેમ્બર ૨૦૨૧ **પર્યુષણ પર્વ આરાધના વિશેષાંક**
★ નવેમ્બર ૨૦૨૧ **સાહિત્ય સરગમ દીપોત્સવી વિશેષાંક**
★ માર્ચ ૨૦૨૨ વૈશ્વિક મહિલા દિવસના પ્રસંગે **'મા' વિશેષાંક**
★ ઓક્ટોબર ૨૦૨૨ **શ્રી પ્રતાપ નારાણજી દંડ**ના તંત્રીપણા હેઠળનો છેલ્લો અંક.
★ નવેમ્બર ૨૦૨૨ ફરીથી **શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા**ને મંગલ મંદિરનું તંત્રીપદ સુપ્રત કરવામાં આવ્યું.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ધરતીકંપ – ૨૦૦૧

*– ફાલ્ગુની હિરેન*

૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના ભૂકંપને પગલે કચ્છ જિલ્લો હતો ન હતો થઈ ગયો.

'મંગલ મંદિર'ના ફેબ્રુઆરી અને માર્ચના અંકો કાળી શાહીમાં છપાયા. સાંજે ૪ વાગે દૂરદર્શનના સમાચારમાં જાણવા મળ્યું કે તીવ્ર ભૂકંપનું કેન્દ્રબિંદુ કચ્છમાં હતું. પરંતુ કચ્છ સાથેનો સંદેશા વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. મા ભોમ પર આફત ઉતરી આવી છે, એટલી ખબર પડતા જ KJSS ના ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યોની એક તાકીદની બેઠક ૨૭મીએ બોલાવાઈ. માદરે વતન પર આવેલી અણધારી આફતમાં કચ્છને તથા કચ્છી ભાઈભાંડુની વહારે ધાવા સમાજે તત્કાળ સાત સભ્યોની **ભૂકંપ રાહત સમિતિ**નું ગઠન કર્યું. જેમાં **ડૉ. ચંદ્રકાંત દેઢિયા** - કન્વીનર, **શ્રી નવીનભાઈ શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હીરજીભાઈ શાહ, શ્રી મુરજી લોડાયા, શ્રી અશોકભાઈ મહેતા** તથા **શ્રી વીરેન્દ્ર લોડાયા** હતા. ખાદ્ય સામગ્રી, દવા, પાણી વગેરે રાહત સામગ્રીનો જથ્થો કચ્છમાં મોકલવો એવો નિર્ણય થયો. યુધ્ધના ધોરણે એ અનિશ્ચિત આફત સામે કામ કરવા માટે કાર્યકર્તાઓ પળનોય વિચાર કર્યા વગર આગળ આવ્યા. રાહત સહાય માટે ટહેલ નંખાઈ અને ગણતરીના કલાકોમાં પાલડી ભવન ગરમ કપડાં, ધાબળા, ગોદળા, વાસણો, પગરખાં, બેટરી, ફાનસ, સાબુ, શેતરંજી, તંબુ, સાડી, માચીસ, મીણબત્તી, સ્ટવ, બ્રશ-પેસ્ટ, તાલપત્રી, ચાદર, ઓશીકાં, ડોલ જેવી અનેક જીવનજરૂરી વસ્તુઓ ઉપરાંત દાળ, ચોખા, ગોળ, ખાંડ, લોટ, તેલ, મિલ્ક પાઉડર, બિસ્કીટ, નાસ્તા જેવી ખાદ્ય સામગ્રીઓથી છલકાઈ ગયો.

હાજર કાર્યકર્તાઓ સામાન છૂટો પાડવામાં લાગી ગયા. રાત સુધીમાં ચાર ટ્રકોમાં સામાન ભરાઈ ગયો. એક ટ્રક ગાંધીધામ - ભચાઉ જવા રવાના થઈ. બીજી ટ્રક અંજાર જવા અને અન્ય બે ટ્રકો કચ્છના અન્ય અંતરિયાળ ગામોમાં જાય એમ નક્કી થયું. દરેક ટ્રકમાં રાહત સામગ્રી ઉપરાંત દસ સ્વયંસેવકો તથા એક ડૉક્ટર પણ સામેલ હતા. તા. ૨૭મીની રાત્રે જ રવાના થઈને ટ્રક ૨૮મી સવારે તો કચ્છમાં જે તે સ્થળે પહોંચી ચૂકી હતી. કચ્છની ખાનાખરાબીનો સાચો અહેસાસ તો નજરે જોનારને જ થયો. ઠેરઠેર તૂટેલાં મકાનો, મદદ માટે દોડતા માણસો અને લાચારીની શૂન્યમનસ્ક અવસ્થા દેખાઈ રહી હતી. સૌ કોઈ પોતાની સૂઝ મુજબ કાર્ય કરી રહ્યા હતા. ક્યાંક સામગ્રી કરતાં જરૂરિયાત ખૂબ વધુ હતી તો ક્યાંક મળેલી મદદના ઢગલાને લોકો વચ્ચે વહેંચણી કરનાર હાથ ઓછા પડતા હતા.

ટ્રકમાં ગયેલા તબીબોએ ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી અને ગંભીર રીતે ઘાયલ થયેલાઓને ટ્રકમાં જ અમદાવાદ લવાયા. પાલડી ભવનનું સાંસ્કૃતિક કેન્દ્ર હંગામી હોસ્પિટલમાં તબદિલ કરાયું. ઘાયલોની સારવાર માટે દવા અને સાધનોનો ખર્ચ **શ્રી વિશ્વ ગુજરાતી સમાજ** તરફથી મળ્યો. વધુ ગંભીર દર્દીઓના જરૂરી ઑપરેશન કરી પછીની સારવાર પણ નિઃશુલ્ક કરી આપવામાં **ડૉ. હેમાંગ અંબાણી** અને **ડૉ. પુલીન શાહે** મોટો સહયોગ આપ્યો. ઉપરાંત **ડૉ. નીરવભાઈ, ડૉ. નીતુબહેન પરીખ** વગેરે ભવન સાથે સંકળાયેલા લગભગ બધા જ ડૉક્ટર્સની સેવાઓ મળી.

બીજી તરફ સમાજની ટહેલ પર નાણાંકીય સહયોગ પણ મળવો શરૂ થઈ ગયો. તો સરકાર દ્વારા પણ KJSS ને કચ્છ જિલ્લાની જવાબદારી સોંપાઈ. **પાલડી ભવન બચાવ અને રાહતકાર્યનું મુખ્ય કેન્દ્ર બની ગયું.** સમાજના પ્રમુખ, મંત્રી, ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, મહિલાઓ, યુવાઓ સૌ કોઈ યથાશક્તિ આ સેવાયજ્ઞમાં જોડાઈ ગયા. શરૂઆતમાં તૈયાર ફૂડ પેકેટ્સ, પાણી, દવાઓ વગેરે; બીજા તબક્કામાં ખાદ્ય સામગ્રી, અનાજ વગેરે અને ત્રીજા તબક્કામાં તંબુ, તાડપત્રી વગેરે કચ્છ મોકલાયા. બધી સામગ્રી કચ્છમાં પહોંચાડી એના યોગ્ય વિતરણ માટે **સામખિયાળી ખાતે બેઝ કેમ્પ ઊભો કરાયો. શ્રી હીરજીભાઈ શાહે** કચ્છની ટીમોના સંકલનની જવાબદારી ઉપાડી લીધી. અમદાવાદ ખાતે સ્વયંસેવકોની ફોજ ઊભી કરી એમને કામ માટે તૈયાર કરી ગતિશીલ કરવાનું કામ **શ્રી હિરેન શાહે** કર્યું. **શ્રી બિપેન્દ્ર ગોગરી, શ્રી પ્રકાશ મહેતા** તથા **શ્રી જીત શાહે** પહેલી ખેપ કરી. પછીથી **શ્રી નવદીપ શાહે** કચ્છમાં જ તંબુ તાણી દીધા. હકીકતમાં શિયાળાની કાતિલ ઠંડીમાં આ સૌ સ્વયંસેવકોએ તંબુમાં જ વસવાટ કરીને અનોખી સેવા કરી. **ડૉ. હિતેન્દ્ર શાહ** અને **શ્રી અશ્વિન સાવલા**એ કામચલાઉ ઊભી કરાયેલ હોસ્પિટલની

વ્યવસ્થા સાચવી. મોટી સંખ્યામાં ટ્રક તથા અન્ય વાહનો ઉપલબ્ધ કરાવવાની કપરી કામગીરી ટ્રસ્ટી **શ્રી વિરેન્દ્ર લોડાયા** અને **મુકેશ લાલકા**એ ઉપાડી લીધી.

વિપુલ પ્રમાણમાં ઠલવાતી રાહત સામગ્રીના સ્વીકારની કામગીરી **શ્રી ભાઈલાલભાઈ પટેલે** સંભાળી. આવતા અને જતા માલ સામાનની નોંધ રાખવાની અઘરી જવાબદારીમાં **શ્રી હિરેન પોલડિયા, શ્રી કિરીટ નંદુ** વગેરેનો સહયોગ મળ્યો. બલ્કમાં આવતી ખાદ્ય સામગ્રી (૫૦ કે ૧૦૦ કિલોના અનાજના કટ્ટા)ને નાના નાના પેકિંગમાં ભરી વિતરણ સરળ બનાવવાના માથાકુટિયા કામમાં સમાજની **ભક્તિ મંડળની બહેનો તથા શ્રી કચ્છી મહિલા સમાજની બહેનો**ની મદદ મળી. રાજ્ય સરકાર તથા અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓના સંકલન માટે **શ્રી હસમુખ ગઢેચા**નું યોગદાન મહત્ત્વનું રહ્યું. આપણી કામગીરીને દેશ-વિદેશમાં પ્રસિધ્ધિ આપનાર પ્રચાર માધ્યમો સાથેના સંકલનની વ્યવસ્થા **ફાલ્ગુની હિરેને** સંભાળી. **કુ. રાજુલ કુરિયા**એ કચ્છથી આવેલા દર્દીઓ અને તેમના પરિવારજનોને સાંત્વનાની હૂંફ આપી, મોટો માનસિક સધિયારો આપ્યો. **શ્રી પ્રતાપભાઈ દંડ**ના કચ્છ સાથેના સંપર્કો, આ વિપરીત પરિસ્થિતિમાં કામ લાગ્યા. **શ્રી કાંતિલાલ સાવલા, શ્રી શાંતિલાલ સાવલા, શ્રી મગનભાઈ સંઘવી, શ્રી મુરજીભાઈ લોડાયા, શ્રી નવીનભાઈ પોલડિયા, શ્રી નીતિનભાઈ ગાલા, શ્રી બાબુભાઈ ગોગરી** તથા કચ્છી સમાજના અગ્રણી **શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી કલ્યાણજીભાઈ પટેલ** વગેરેની ભવન પરની નિયમિત ઉપસ્થિતિ ખૂબ ઉપયોગી બની રહી.

**નવનીત પરિવાર, વિસત ઓટોમોબાઈલ્સ** તથા **શ્રી બિપીનભાઈ જૈન** તરફથી તરત જ મળેલ આર્થિક સહયોગ બાદ, નામી-અનામી અનેક દાતાઓ તરફથી રોકડ તથા સામગ્રીના રૂપે સહયોગનો અવિરત ધોધ વહેતો રહ્યો. **ડૉ. બીના શાહ** અને **ડૉ. અનિલ શાહ**ના પ્રયત્નોથી **૨૮,૫૦૦ અમેરિકી ડોલરનું ફંડ** પ્રાપ્ત થયું. તદુપરાંત **ઇજિપ્ત, મલેશિયા, સાઉથ આફ્રિકા, જર્મની, ઇંગ્લેન્ડ** વગેરે દેશોમાંથી પણ સહાય મળી. KJSS ના કામથી પ્રભાવિત થઈને દેશ અને દુનિયામાંથી ધન અને સહાય મળતી રહી. **મધ્ય પ્રદેશ**ના આરોગ્ય વિભાગ તરફથી સમાજને એક **ફરતું ઓપરેશન થિયેટર** અને ડૉક્ટર્સની ટીમ આપવામાં આવી. તેમની મદદથી આપણા સ્વયંસેવકોએ લગભગ ૫૦૦ જેટલા દર્દીઓને સ્થળ પર જ સારવાર આપી અને અન્ય જરૂરિયાતમંદોને અમદાવાદ લઈ આવી, જરૂરી ઑપરેશન / સારવાર કરાઈ.

ભોપાલથી આર્ય સમાજ શાળાના ૩૪ વિદ્યાર્થીઓ, **આર્મી કેન્ટોનમેન્ટ યુથ ક્લબ**ના ૨૦ યુવાનો, **વિશ્વ ગુજરાતી સમાજ**ના દસેક સેવકો, **મધ્ય પ્રદેશ અને પંજાબ**ના સ્વયંસેવકો, અમદાવાદના જુદા જુદા વિસ્તારમાંથી આવીને મદદ કરી રહેલા ૧૦૦ જેટલા યુવક - યુવતીઓ તથા આપણા સમાજના સેવાભાવી સભ્યો — સૌએ કચ્છની આપત્તિને પોતાની અંગત આપત્તિ ગણી અમૂલ્ય સેવા સહાય કરી.

કચ્છના **નવે નવ તાલુકાના ૧૨૫ જેટલા ગામોમાં** તથા **સુરેન્દ્રનગરના ૨૦ જેટલા ગામોમાં** રૂબરૂ જઈને આ સ્વયંસેવકોએ રાહત સામગ્રી પહોંચાડી હતી. પીડિતોને સાંત્વના પાઠવી હતી. ૧૦૦ જેટલી ટ્રકોમાં ભરીને આ જરૂરી વસ્તુઓ પહોંચાડાઈ હતી.

★ ભૂકંપના વિનાશક તાંડવ નૃત્યના બીજા જ દિવસથી અસરગ્રસ્તોને પ્રાથમિક જરૂરિયાતની ચીજવસ્તુઓ પહોંચાડવાની શક્ય કામગીરી કરાઈ. ધરતીકંપને કારણે કચ્છના કેટલાંય ગામોના ગામો સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયા. મોટાભાગના મકાનો ધરાશાયી થયા. બચી ગયેલા કેટલાક ઘરો વસવાટ યોગ્ય, સુરક્ષિત રહ્યા ન હતા. કડકડતી ઠંડીમાં ખુલ્લા આકાશ નીચે મજબૂરીમાં સૂઈ રહેતા સેંકડો કચ્છીઓ માટે છત પૂરી પાડવી આવશ્યક હતી. બીજા તબક્કામાં પ્લાસ્ટીક કે તાડપત્રીના તંબુઓની મોટી માંગ ઊભી થઈ હતી. પરંતુ બજારમાં મર્યાદિત જથ્થો ઉપલબ્ધ હતો. જો કે દેશના અન્ય રાજ્યોમાંથી આપણને મોટી સંખ્યામાં તંબુઓ દાનરૂપે મળ્યા. શક્ય તેટલી કામચલાઉ જોગવાઈ તો કરાઈ. પરંતુ રાહતકામ બાદ હવે પુનર્વસનનો પડકાર મોં ફાડીને ઊભો હતો. તાકીદના ધોરણે કામચલાઉ આવાસો ઊભા કરવા અનિવાર્ય હતા. સમાજે ઉપલબ્ધ નાણાંકીય જોગવાઈમાંથી આવા આવાસો બનાવવા વિચાર્યું.

★ ૧૫મીથી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન સમાજનું એક પ્રતિનિધિ મંડળ કચ્છના વિવિધ સ્થળોની મુલાકાતે ગયું હતું. તેણે સામખિયાળીમાં ચાલતા બેઝ કેમ્પ તથા અન્ય સ્થળોએ જઈને જાતમાહિતી મેળવી હતી. હાલ ચાલી રહેલા કામો તથા કચ્છની ભવિષ્યની જરૂરિયાત અંગે વિચારણા કરી હતી. KJSS નાત-જાતના કે ધર્મના ભેદભાવ વગર કચ્છીઓની જે રીતે સેવા કરી રહ્યું હતું, તે જોઈને જૈન - જૈનેતર, કચ્છી - બિનકચ્છી સૌ કોઈ તરફથી ઉદારદિલે ફંડ મળી રહ્યું હતું.

**માર્ચના અંત પહેલાં તો ભૂકંપ રાહત નિધિમાં રૂા. ૧ કરોડથી વધુ સહાય આવી ચૂકી હતી.**

★ દરમિયાન પહેલી એપ્રિલે મળેલી ટ્રસ્ટ બોર્ડની મીટિંગમાં ભૂકંપ અસરગ્રસ્તો માટે ૧૩' X ૧૩'ના અને ૨૦' X ૧૦'ના હંગામી પરંતુ મજબૂત આવાસો બનાવવાની વાતને મંજૂરી અપાઈ. તે મુજબ **લાકડિયા** (ભચાઉ)માં ૬૦, **બાંઢીયા** (અબડાસા)માં ૨૫, **ભુજ**માં ૧૩, **તેરા** (અબડાસા)માં ૧૨, **શેરડી**માં ૧૦ અને **અંજાર**માં ૩ મળી, કુલ ૧૨૩ હંગામી આવાસો અર્પણ કરાયા હતા. જે માટે **રૂપિયા ૨૫ લાખ ૪૮ હજાર**નો ખર્ચ કરાયો. **ગોધરાની કન્યા છાત્રાલય સંકુલ**ના રીપેરીંગ માટે **રૂા. ૭,૫૦,૦૦૦/-**ની માતબર રકમ ફાળવાઈ.

★ અબડાસા તાલુકાના ૨૫-૩૦ ગામોના લોકોને પેથોલોજી લેબ અને એક્સ-રે જેવી તબીબી સુવિધા પૂરી પાડતા **કોઠારા સાર્વજનિક દવાખાનાના મકાનના પુનઃનિર્માણ માટે** સદર ટ્રસ્ટના પ્રમુખ **શ્રી કુંવરજી નરશી લોડાયા**ને **રૂા. ૬.૫૦ લાખ**નો ડ્રાફ્ટ અર્પણ કરાયો.

★ કચ્છમાં ૨૦ જેટલી હાઈસ્કૂલોનું સંચાલન કરતી સંસ્થા **'સારસ્વતમ્'** સંચાલિત શાળાઓના અસરગ્રસ્ત મકાનોના રીપેરીંગ અને રીટ્રોફિટીંગ માટે **છસરા ગામને રૂા. ૬.૫૦ લાખ, બાડા ગામને રૂા. ૪.૫૦ લાખ, ગુંદાલા ગામને રૂા. ૪.૧૪ લાખ તથા કોડાય ગામને રૂા. ૨.૬૬ લાખ – એમ કુલ રૂા. ૧૭.૩૦ લાખ ફાળવાયા.**

★ આ દરમિયાન પણ દાનનો અવિરત પ્રવાહ ચાલુ જ રહ્યો. **રાઉરકેલાના ગુજરાતી સમાજે** લગભગ **૧૫ લાખ**નું દાન કર્યું અને KJSSની પ્રવૃત્તિઓને બિરદાવતો ઠરાવ પણ પસાર કર્યો. તો મૂળ અંજારના અને કેલિફોર્નિયામાં સ્થાયી થયેલા **શ્રી રશ્મિકાંત નટવરલાલ શાહે** ભૂકંપગ્રસ્ત કચ્છની મુલાકાત લીધી. ત્યાં કાર્યરત અનેક સંસ્થાઓની કામગીરી જોઈ. આપણા સમાજની કાર્યપદ્ધતિ વધુ પારદર્શક અને ઉપયોગી જણાતાં, તેમણે **સવા લાખ ડોલર્સ** એટલે કે અંદાજે **૫૮ લાખ રૂપિયા**ની રકમ મોકલી આપી. જેમાંથી **ગોધરાની ધનજી કેશવજી તથા પાંચુભાઈ મણશી કન્યા છાત્રાલય**ના સંપૂર્ણ સંકુલના જીર્ણોધ્ધાર માટે રૂા. ૭.૫૦ લાખ ફાળવાયા. તા. ૨૪-૬-૨૦૦૧ના સમાજના હોદ્દેદારોની હાજરીમાં તેનો ચેક અર્પણ કરાયો.

★ કચ્છમાં શિક્ષણની ફરજ બજાવનાર શિક્ષકો આગામી સત્રમાં શૈક્ષણિક કાર્ય શરૂ કરી શકે, તે માટે **રામાણિયા, છસરા, ગુંદાલા, કોટડા રોહા તથા કોટડી મહાદેવપુરી**માં કુલ ૩૭ હંગામી આવાસો શિક્ષકો માટે ફાળવવામાં આવ્યા. **નાગ્રેચા, મોથાળા અને ભાગપર**માં કુલ ૪૨ હંગામી આવાસો અર્પણ થયા.

★ **નખત્રાણા તાલુકાના મોરઝર** ગામે પણ તૈયાર થયેલા મકાનો સમાજના અગ્રણીઓએ ગ્રામજનોને સોંપ્યા હતા.

સમાજ દ્વારા લગભગ ૨૫૦ લોકોને સીંગલ રૂમના ઘરો બનાવી અપાયાં. સ્કૂલ, હોસ્ટેલ તેમજ હોસ્પિટલ્સ બનાવવા / રીપેર કરવા માટે પણ સહાય અપાઈ. રાશન-પાણી, વાસણ, તંબુ વગેરે સામગ્રીઓ પૂરી પાડવા ઉપરાંત જરૂરતમંદોને રોકડ સહાય પણ અપાઈ. આમ સમાજે ભૂકંપ પીડિતોને આશરે ત્રણ કરોડ રૂપિયાની મદદ કરીને, માતૃભૂમિની સરાહનીય સેવા કરી અને અમૂલ્ય આશીર્વાદ મેળવ્યા. ■

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## લગ્ન-સગપણ પરિચય મેળા

*– ફાલ્ગુની હિરેન*

પરિવર્તન એ સંસારનો નિયમ છે. પહેલાના સમયમાં સંયુક્ત કુટુંબ પ્રથા પ્રચલિત હતી. પરિવારો મોટા હતા. એ સમયે પરિવારની પરંપરા પ્રમાણે, વિચારસરણી મુજબ કુટુંબના વડીલો જ યુવા પેઢીના જોડકાં ગોઠવી દેતા. સામાન્યતઃ સરળતાથી વિવાહના કામો પતી જતાં. પછી સમય બદલાયો. જેમાં છોકરા - છોકરી પોતાની જાતે, પોતાના જીવનસાથીની પસંદગી કરવા લાગ્યા. એમાં પરિવારની જરૂરિયાત અને યુવાનોની પોતાની અપેક્ષાઓ વચ્ચે અંતર આવતા, કોઈ પાત્ર પર સંમતિની મહોર લગાવવામાં 'જનરેશન ગેપ' નડતર થતું ગયું. લગ્ન માટેની ઉંમર તો પાછી ઠેલાતી ગઈ, સાથે જ મોટી ઉંમર સુધી કુવારાં રહેલા યુવક - યુવતીઓની સંખ્યા વધતી ગઈ. આ બાબત દરેક પરિવાર અને સમાજ માટે એક સમસ્યા બની ગઈ.

છેલ્લા કેટલાંક વર્ષોથી દરેક સમાજ / પરિવાર આ સામાજિક સમસ્યાનો સામનો કરી રહ્યો છે. મા-બાપ પોતાના સંતાનોના ભવિષ્ય માટે સતત ચિંતિત રહેતા હોય છે. અમદાવાદ કે મુંબઈ જેવા મોટા શહેરોમાં વસતા યુવક-યુવતીઓ પણ લગ્ન લાયક ઉંમર વટાવી ચૂક્યા પછી પણ યોગ્ય સાથી શોધી શકતા નથી. તો નાના ગામ કે અન્ય શહેરોમાં છૂટાછવાયા વસતા ઉમેદવારોની તો વાત જ ક્યાં કરવી? વધતી જતી ઉંમર યુવાનો માટે હતાશાનું અને માતા-પિતા માટે ચિંતાનું કારણ બની જાય છે. દરેક સમાજમાં ડોકાઈ રહેલ આ મુશ્કેલીનો હલ કાઢવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પ્રયાસ કર્યો.

યોગ્ય જીવનસાથીની ખોજની આ ખૂબ અગત્યની અને અંધારી મૂંઝવણ થોડી હળવી કરવા, પસંદગીનો વ્યાપ વધારવામાં આંગળી ચીંધવાનું પુણ્યકાર્ય સમાજે ઉપાડી લીધું. આ માટે વર્ષ ૧૯૯૬માં એક સમિતિ – **"પરિણય મિલન સમિતિ"**નું ગઠન થયું. આ સમિતિના કન્વીનરપદે આપણા સ્થાપક સભ્ય, પૂર્વ પ્રમુખ અને સમાજસેવાને સંપૂર્ણપણે સમર્પિત એવા **શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ**ની નિમણુંક થઈ. તેઓ સમાજના યુવક - યુવતીઓના જોડકાં ગોઠવવા માટે જાગૃત રહીને વ્યક્તિગત રીતે સક્રિય હતા જ. બાદમાં સમિતિની વિધિસર રચના થતાં, તેઓ દેશમાં અન્યત્ર થતી લગ્ન વિષયક તપાસોમાં રસ લેતા થયા. સમાજના મુખપત્ર 'મંગલ મંદિર'માં પણ લગ્ન વિષયક જાહેરાતો છપાવી શરૂ થઈ.

અમદાવાદની વ્યક્તિ માટે અન્ય રાજ્યના પાત્રની ચકાસણી કરવી, કે બીજેથી આવતા માંગા માટે આપણા સમાજના ઉમેદવારોની વિગતો આપી, જોડકા જોડવામાં તેઓ કડીરૂપ બનતા રહ્યા હતા.

આ કાર્યની માંગ વધતી ચાલી. તે જોઈને સમિતિએ વિચાર્યું કે આપણે સમાજના નેજા હેઠળ ઘર આંગણે જ એક પરિચય સંમેલનનું આયોજન કરીએ. મહિનાઓની મહેનત બાદ એ ખાસ દિવસ આવી ગયો. **તા. ૯-૯-૨૦૦૧**ના દિવસે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓના પુસ્તકમાં એક નવું પ્રકરણ ઉમેરાયું – **લગ્નોત્સુક યુવક યુવતી સગપણ પરિચય સંમેલનનું.** મહાનુભાવોની ઉપસ્થિતિમાં સંમેલનનું ઉદ્‌ઘાટન થયું. ત્યારબાદ પરિચય કાર્યક્રમ થયો. જેમાં ઉમેદવારોએ મંચ પરથી સ્વ-પરિચય આપ્યો. એક-મેકમાં રસ ધરાવતા યુવક-યુવતીઓએ બંને પક્ષના વાલીઓની ઉપસ્થિતિમાં વધુ માહિતીની આપ-લે કરી. બે દિવસીય સમારોહના અંતે જ એક સગપણની જાહેરાત થઈ ગઈ હતી અને અન્ય વધુ સંબંધો પછીથી બંધાયા હતાં.

આ પ્રથમ પરિચય મેળામાં ૧૩૮ યુવકો અને ૫૯ યુવતીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી ૧૩૦ યુવકો અને ૪૦ યુવતીઓ સંમેલનમાં હાજર રહ્યા હતા. નોંધાયેલા સૌ ઉમેદવારોના નામ-સરનામા, ફોન નંબર, જ્ઞાતિ, પેટા જ્ઞાતિ, સંપ્રદાય, જન્મ તારીખ, અભ્યાસ, વજન, ઊંચાઈ, બ્લડ ગ્રુપ, વર્ણ, ચશ્મા છે કે નહીં તથા કુંડળીમાં માને છે કે નહીં – આ બધી વિગતો સાથે અને પાસપોર્ટ સાઈઝ ફોટા સાથેની એક પુસ્તિકા પણ પ્રકાશિત કરાઈ હતી.

બે વર્ષ બાદ **દ્વિતીય પરિચય સંમેલન તા. ૧૪-૬-૨૦૦૩**ના રોજ યોજાયું. જેમાં ૧૦૪ યુવકો અને ૩૨ યુવતીઓએ નોંધણી કરાવી.

તા. ૧૦ અને ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૦૭ના સમાજ દ્વારા **તૃતીય પરિચય સંમેલન** યોજાયું. પાત્ર શોધનો વ્યાપ વધારવા માટે સમસ્ત જૈનોની સંસ્થા **શ્રી જૈન સમાજ વિકાસ ફેડરેશન - અમદાવાદ**ના સહકારથી સમસ્ત જૈન સમાજના ઈચ્છુક ઉમેદવારોને આ સંમેલનમાં સમાવિષ્ટ કરાયા હતા. જેથી લગ્ન લાયક મુરતિયાઓની સંખ્યા પણ ખૂબ વધી હતી. ત્રીજા પરિચય સંમેલનમાં ૧૦૦ યુવતીઓ અને ૧૪૦ યુવકોએ નોંધણી કરાવી હતી.

**તા. ૫-૬-૨૦૧૧**ના રોજ **ચતુર્થ પરિચય સંમેલન**નું આયોજન થયું. અગાઉના સંમેલનોમાં જાણવા મળેલું કે યુવતીઓ વધુ ભણેલી હોય છે અને યુવકોને અભ્યાસમાં રસ ઓછો હોવાને કારણે મેળ ખાતો નથી. તદુપરાંત ઉમેદવારો પોતપોતાનું શહેર છોડીને અન્યત્ર જવા તૈયાર થતા ન હોવાને કારણે સગપણ ગોઠવવા મુશ્કેલ બની રહ્યા છે. આથી સમિતિએ પરિચય પુસ્તિકામાં જ થોડી બાંધછોડની અપીલ કરી હતી. તે વખતે ઉમેદવારોની સૂચિમાં જૈનો ઉપરાંત જૈનેતરોને પણ સમાવી લેવાયા હતા. જેમાં ૬૯ યુવતીઓ અને ૮૬ યુવકો નોંધાયા હતા.

તા. ૧૬-૧૨-૨૦૧૨ના રોજ યોજાયેલ **પાંચમા પરિચય સંમેલન**માં ૬૯ સ્ત્રીઓ તથા ૭૯ પુરુષ ઉમેદવારોએ ભાગ લીધો હતો. જેમની માહિતી રંગીન ફોટા સાથે પ્રકાશિત થઈ હતી.

છઠ્ઠા પરિચય સંમેલનની જગ્યાએ માત્ર **માહિતી પુસ્તિકા** છપાઈ હતી. જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સાથે **લાયન્સ ક્લબ ઓફ સરખેજ** અને **સપ્તપદી મેરેજ બ્યુરો** પણ સહભાગી થયા હતા. સમસ્ત જૈન સમાજ માટે જીવનસાથી પસંદગી મહાસંમેલન માટેની પરિચય પુસ્તિકા **'નવગુજરાત સમય'** દ્વારા પ્રકાશિત કરાઈ હતી. જેમાં ૯૨ યુવતીઓ અને ૨૯૬ યુવકોની માહિતી આપવામાં આવી હતી.

**સાતમો લગ્નોત્સુક પરિચય મેળો તા. ૧૦-૩-૨૦૧૯ના રોજ યોજાયો હતો.** કમનસીબે સમાજની પરિચય મિલનની પ્રવૃત્તિનો આરંભ કરીને તેને આટલી સફળતા અપાવનાર સ્વપ્નદષ્ટા અને સમાજના મોભી **શ્રી હીરજીબાપા**નું થોડા સમય અગાઉ જ નિધન થયું. પરંતુ સમિતિના સભ્યોએ એમના સ્વપ્ન સમાન આ પ્રવૃત્તિને સફળતાપૂર્વક ચલાવવાનું બીડું ઉપાડી લીધું. સમિતિના કાર્યકર્તા **અમીબેન નીતિન શાહને કન્વીનર પદ સોંપાયું** અને સમિતિએ સાતમો પરિચય મેળો સફળતાપૂર્વક પાર પાડ્યો. એ વર્ષની પરિચય પુસ્તિકામાં નવી રીતે ઉમેદવારોની માહિતી છપાઈ. જેમાં ૬૨ કુંવારી અને ૭ ફરી પરણવા ઈચ્છુક યુવતીઓ તથા ૧૫૨ કુંવારા યુવકો અને ૧૨ ફરી પરણવા માંગતા યુવકો હતા. આ પુસ્તિકામાં પરિચય સંમેલન સમિતિમાં અત્યાર સુધી જોડાયેલા સૌ કાર્યકરોના ફોટા પ્રકાશિત થયા હતા. અગાઉના છ સંમેલનો દ્વારા લગભગ ચાલીસેક જોડા જોડાયાં હતાં. એમાંના ૧૮ યુગલોની ખુશહાલ તસવીરો તથા કેટલાકના પ્રતિભાવો પણ આવરી લેવાયા હતા. ■

# શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળ

– *ફાલ્ગુની હિરેન*

*શક્તિનો અવતાર છે નારી*
*ધૈર્યનો ભંડાર છે નારી*
*નારી વિના આ જગ છે નશ્વર*
*જીવનનો આધાર છે નારી.*

ઈતિહાસ સાક્ષી છે કે મુશ્કેલ સમયમાંથી માર્ગ કાઢવામાં તથા વિકાસ ભણી ગતિ ઝડપી કરવામાં સ્ત્રીઓનું યોગદાન રહેલું છે. ઘર - પરિવારને સાચવતી સ્ત્રીની સાચી ક્ષમતા, સમસ્યાની સ્થિતિમાં જ દેખાઈ આવે છે. મહિલાઓના મહત્ત્વને ઉજાગર કરવા અને તેમના યોગદાન વધારવા યુનો - રાષ્ટ્ર સંઘે, વર્ષ ૧૯૭૫થી મહિલા દિવસની ઉજવણી શરૂ કરી. ૮મી માર્ચના એ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનો હેતુ સ્ત્રીઓને મજબૂત કરવાનો નથી. સ્ત્રીઓ પહેલેથી જ સક્ષમ છે. પરંતુ વિશ્વ તેમની તરફનો અને તેમની ક્ષમતાઓને સમજવાનો દૃષ્ટિકોણ બદલે, તે ઉદ્દેશ્ય છે. મહિલા દિવસની જાહેરાત થયાના દશક બાદ 'મંગલ મંદિર'ના સંપાદિકાએ અગ્ર લેખમાં સમાજના સૌ લોકોને વિધવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય થવા આહ્વાન આપ્યું. સાંસ્કૃતિક, શૈક્ષણિક, રમતગમત કે મેડિકલ સમિતિઓ તથા મહિલા વિભાગ અને યુવા વિભાગ શરૂ કરી, સમાજના વધુને વધુ સભ્યોને પ્રવૃત્તિમાં પરોવવાનું ઈજન આપ્યું. સમાજના અગ્રણીઓએ એ દિશામાં પ્રયાસો આદર્યા.

તે સમયે સમસ્ત કચ્છી મહિલા સમાજ સક્રિય હતો. તેથી KJSS ની બધી બહેનો એમાં જ પ્રવૃત્ત થતી હતી. શ્રી કચ્છી જૈન મહિલા મંડળ રચવા માટે મીટિંગો અને ચર્ચાઓ શરૂ થઈ. અંતે **૧૯૮૬ની ૧૫મી માર્ચે શ્રી કચ્છી જૈન મહિલા મંડળની સ્થાપના થઇ.** જે અંતર્ગત **શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળ - અમદાવાદ**ના, ૧૯૮૬ના વર્ષના હોદ્દેદારોની નિમણુંક કરાઈ. જે આ મુજબ હતા :

*પ્રમુખ : શ્રીમતી મધુરીબેન હરખચંદ ગાલા*
*ઉપપ્રમુખ : શ્રીમતી લક્ષ્મીબેન મોરારજી દેઢિયા*

*મંત્રી : શ્રીમતી ચંદ્રિકાબેન ચંદ્રકાંત દેઢિયા*

*સહમંત્રી : શ્રીમતી દમયંતીબેન અશોક મહેતા*

*ખજાનચી : શ્રીમતી લક્ષ્મીબેન આણંદજી વીરા*

ઉપરાંત **ઝવેરબેન ટોકરશી મારૂ, જ્યોત્સનાબેન બિપીનચંદ્ર ગોગરી, કાંતાબેન ડુંગરશી દેઢિયા, નિર્મળાબેન દેવચંદ દેઢિયા, કંચનબેન નવીનચંદ્ર શાહ, પ્રભાબેન લક્ષ્મીચંદ વીરા, ભાનુબેન દામજી સંગોઈ, સવિતાબેન પ્રભુલાલ વોરા, પ્રભાબેન વિજયસેન શાહ** તથા **દક્ષાબેન ધનસુખલાલ શાહ –** એમ ૧૫ સભ્યો હતાં. દર મહિનાની ૧લી અને ૧૫મી તારીખે પ્રમુખ મધુરીબેનના નિવાસ સ્થાને બપોરે ૩ થી ૫ દરમિયાન મળવાનું નક્કી કરાયું. સંસ્થાને એક હાર્મોનિયમ, બે ખંજરી તથા ૨૦ નંગ પૂજાની ચોપડી, મંજીરા અને દાંડિયાની જોડી ભેટ મળ્યા.

દરેક મીટિંગમાં સભ્ય સંખ્યા વધતી ગઈ અને ડિસેમ્બર ૧૯૮૬ સુધીમાં મંડળની સભ્ય સંખ્યા ૩૬ની થઈ ગઈ.

સ્થાપનાના બીજા જ મહિને મંડળની બહેનોએ સમાજના સભ્ય ધનસુખલાલ એમ. શાહના નવા મકાનની વાસ્તુ પૂજા સુંદર રીતે ભણાવી હતી.

વર્ષ ૧૯૮૭માં એસ.ટી. ખાતેનું મકાન લેવાઈ જતાં, ભક્તિ મંડળની બહેનોનું મુલાકાત / રીયાઝ કરવાનું સ્થળ ભવન થઈ ગયું. ગચ્છ, પક્ષ કે જ્ઞાતિની વ્યક્તિગત મમતને પગલે સભ્યોમાં વિચારભેદ થયાં. મતમતાંતર બાદ સમાજની મૂળ વિચારધારા પ્રમાણે એકતાની ભાવનાને કેન્દ્રમાં રાખી આગળ વધવાનો નિર્ણય થયો. જો કે, એના કારણે અન્ય ગચ્છ કે જ્ઞાતિની સૂગ રાખનારાં સભ્યો મંડળથી અળગા થઈ ગયા. સંખ્યાબળ જરૂર ઘટી ગયું પરંતુ બાકીના સભ્યોનો સંપ તથા સમાજની સંવાદિતા વધુ સબળ બની ગયા. ૧૯૮૭માં ભક્તિ મંડળના **પ્રમુખ તરીકે શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયા, ઉપપ્રમુખ અને ખજાનચી તરીકે શ્રીમતી દમયંતીબેન મહેતા, મંત્રી તરીકે શ્રીમતી પ્રભાબેન વી. શાહ, સહમંત્રી તરીકે દક્ષાબેન ધનસુખલાલ શાહ તથા કારોબારી સભ્ય તરીકે શ્રીમતી અલકાબેન પુષ્પકાંત શાહ**ની નિમણુંક થઈ.

રસપ્રદ બાબત એ છે કે ભક્તિ મંડળની સ્થાપના થઇ તે દિવસથી નિયમિત પ્રેક્ટીસ માટે કે પૂજા માટે મળેલ બહેનોની હાજરી પૂરવામાં આવતી. એ **હાજરીપત્રક હજી શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયા પાસે સચવાયેલું પડ્યું છે.** મહિનામાં બે દિવસ પ્રેક્ટીસ માટે મળવા ઉપરાંત ભક્તિ મંડળની બહેનોને પૂજા ભણાવવા કે સ્તવનો અને ભક્તિ સંગીત માટે નિમંત્રણ અપાતું. પૂજા માટેની પણ હાજરી પૂરાતી. મોડા પહોંચનારની ગેરહાજરી થતી અને કારણ જણાવ્યા વગર ગેરહાજર રહેનારને **રૂા. ૧/-નો દંડ થતો. રૂા. ૨૧/- વાર્ષિક ફી હતી.** દર બે વર્ષે મંડળની બહેનોને લહાણી અપાતી. ઉપરાંત **વર્ષ દરમિયાન સૌથી વધુ હાજરી હોય તેમને રોકડ ઇનામ અપાતું.** પૂજા, પ્રાર્થના કે સાંજીમાં બહેનોને ભેટ લહાણી મળતી. પરિવારમાં સંતાનના જન્મ કે દીકરા - દીકરીના લગ્ન કે ધંધામાં નવી બરકતની ખુશાલીમાં સમાજના સભ્યો ભક્તિ મંડળને શુભેચ્છા તરીકે રોકડ આપતા. જેનો ઉપયોગ મંડળ ચલાવવામાં, તપસ્વીઓને નાળિયેર અને રોકડ આપવામાં તથા મંડળની બહેનોને તીર્થયાત્રા કરાવવામાં થતો. મંડળ તરફથી સ્તવન સ્પર્ધા પણ કરાતી તથા વિજેતાઓને ઇનામો પણ અપાતા.

મંડળમાં જોડાયેલ બહેનો માટે આ એક અતિ પ્રિય પ્રવૃત્તિ હતી. ધર્મ સાથેનું અનુસંધાન જાળવી રાખવા ઉપરાંત આ પ્રવૃત્તિ તેમને રોજિંદી ઘટમાળમાંથી બહાર નીકળી, શરીર અને મનને પુનઃ ચેતનવંતા કરવામાં મદદરૂપ થતી. બહેનો આતુરતાપૂર્વક મંડળના દિવસની રાહ જોતાં. તેની પ્રવૃત્તિઓમાં ઉલટભેર જોડાતાં. એકમેક પ્રત્યે લાગણીનો અનુબંધ એટલો મજબૂત થયો કે બહેનોને મંડળમાં પરિવાર જેવી હૂંફ પ્રાપ્ત થતી.

નિયુક્ત કારોબારી કન્વીનર ચંદ્રિકાબેનના માર્ગદર્શનમાં સુપેરે કાર્ય કરતી રહી. પરંતુ એમાં નવી જનરેશનનો ઉમેરો ન થયો. વર્ષ ૨૦૦૧માં દમયંતીબેન મહેતાનું અવસાન થયું. મંડળની સંખ્યા ૧૫-૨૦ની રહેતી. પછીથી આ સંખ્યા ૧૫થીય ઓછી થઈ ગઈ. બહેનોની ઉંમર વધતાં પલાંઠી વાળીને બેસવામાં ઘણાંને તકલીફ પડવા લાગી. ભક્તિ મંડળના કર્તાહર્તા શ્રીમતી ચંદ્રિકાબેનને જ ઘુંટણની તકલીફ ઊભી થતાં, સર્જરી કરાવવી પડે તેવા સંજોગો થયા. અંતે વર્ષ ૨૦૧૪માં હૃદય પર પથ્થર રાખીને કચ્છી જૈન ભક્તિ મંડળ બંધ કરવું પડ્યું. મંડળના ઘણા સભ્યો પરધામે સીધાવી ગયાં છે. પરંતુ આજે પણ હયાત ઘણા બહેનોના પરસ્પર પ્રેમના સંબંધો અતૂટ છે.

હાલ આ પ્રવૃત્તિ બંધ થયે વર્ષો વીતી ગયાં છે. પરંતુ ઈતિહાસના પાના ઉથલાવતી વેળાએ, એક સમયનો જીવંત ધબકાર ઝીલી લેવો ઉચિત લાગ્યું. ■

"મંગલ મંદિર"

એપ્રિલ-૨૦૨૩ ● વિશેષાંક

# સંપુટ-૨

# વિવિધ લેખો

[ ❀ કચ્છ ❀ કચ્છનું પુરાતત્ત્વ
❀ વિવિધા ❀ વ્યક્તિ વિશેષ ]

# મંગલ મંદિર : એપ્રિલ-૨૦૨૩

## શ્રેષ્ઠ લેખ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તા. ૧૪-૪-૨૦૨૩ના રોજ ૬૦ વર્ષ પૂર્ણ કરી, ૬૧મા વર્ષમાં પ્રવેશ કરે છે. તેથી સમાજ એપ્રિલ-૨૦૨૩થી માર્ચ-૨૦૨૪ સુધીના વર્ષને ષષ્ઠી પૂર્તિના અવસરે વિવિધ કાર્યક્રમો કરી ઉજવણી કરવા માંગે છે.

સૌપ્રથમ તા. ૭-૪-૨૦૨૩ના રોજ તે અમદાવાદના એક પરા સમાન ચાંગોદર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટના એરીયામાં સમાજના ત્રીજા મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરી તેનું લોકાર્પણ કરવા માંગે છે. તે સેન્ટરના ડોનર પરમકૃપા ચેરીટેબલ ફાઉન્ડેશન હોવાથી આ મેડિકલ સેન્ટરનું નામ ‘‘પરમકૃપા મેડિકલ સેન્ટર’’ રાખવામાં આવેલ છે.

સાથે સાથે આ સમાજ દ્વારા તેના માસિક મુખપત્ર મંગલ મંદિરના એપ્રિલ-૨૦૨૩ના અંકને ‘‘ષષ્ઠીપૂર્તિ વિશેષાંક’’ તરીકે પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઇતિહાસની અત્યાર સુધીની માહિતી તથા નામાંકિત, અભ્યાસુ અને ચિંતનશીલ લેખકોના કચ્છ વિશેના વિવિધ વિષયે (ઘરમાં હંમેશને માટે સંગ્રહી રાખવા જેવા) લેખો પ્રસારિત કરવાનું આયોજન કરેલ છે.

આ અવસરે એવું પણ નક્કી કરવામાં આવેલ છે કે મંગલ મંદિરના એપ્રિલ-૨૦૨૩ના અંકમાં પ્રકાશિત કરવામાં આવનાર લેખોમાંથી સૌથી ઉત્તમ કક્ષાના લેખની પસંદગી નિર્ણાયક સમિતિ દ્વારા કરવામાં આવશે અને એ લેખકશ્રીને યોગ્ય રીતે પુરસ્કૃત કરવામાં આવશે.

### નિર્ણાયક સમિતિ

*નિર્ણાયક સમિતિમાં સેવા આપવા માટે નીચે મુજબના મહાનુભાવોએ તેનો સ્વીકાર કરેલ છે.*

| | |
|---|---|
| ★ **શ્રી કેશુભાઈ દેસાઈ** | **ગાંધીનગર** |
| ★ **શ્રી રોહિતભાઈ શાહ** | **અમદાવાદ** |
| ★ **શ્રી બલવીરસિંહજી જાડેજા** | **અમદાવાદ** |
| ★ **બહેનશ્રી દર્શનાબેન ધોળકિયા** | **ભુજ** |

સાથે સાથે ‘મંગલ મંદિર’ના વાચક વર્ગને પણ નિમંત્રિત કરવામાં આવે છે કે તેઓ પણ પોતાની દૃષ્ટિએ જે લેખ શ્રેષ્ઠ હોય તે અમને પત્ર દ્વારા જણાવે. જે વાચકની પસંદગી નિર્ણાયક સમિતિના નિર્ણયને અનુરૂપ આવશે તેમને પણ યોગ્ય રીતે પુરસ્કૃત કરવામાં આવશે.

*– તંત્રી મંડળ, મંગલ મંદિર*

# કચ્છનો ઇતિહાસ



વનરાજસિંહ જાડેજા

**મળી આવેલા અવશેષોને આધારે કચ્છ, પ્રાચીન સિંધુ સંસ્કૃતિનો ભાગ મનાય છે. ઇ.સ. ૧૨૭૦માં સ્થપાયેલ કચ્છ એક સ્વતંત્ર પ્રદેશ હતો. ઇ.સ. ૧૮૧૫માં કચ્છ બ્રિટીશ સામ્રાજ્ય હેઠળ આવ્યું અને રજવાડા તરીકે કચ્છના મહારાવશ્રીએ બ્રિટીશ સત્તા સ્વિકારી. ઇ.સ. ૧૯૪૭માં ભારતની સ્વતંત્રતા પછી, કચ્છ ભારતના તત્કાલીન 'મહા ગુજરાત' રાજ્યનો એક જિલ્લો બન્યું. ૧૯૫૦માં કચ્છ ભારતનું એક રાજ્ય બન્યું. ૧ નવેમ્બર, ૧૯૫૬ના રોજ કચ્છ મુંબઈ રાજ્ય હેઠળ આવ્યું. ૧૯૬૦માં ભાષાના આધારે મુંબઈ રાજ્યનું મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં વિભાજન થયું અને કચ્છ ગુજરાતનો એક ભાગ બન્યું.**

૧૯૪૭માં ભારતના ભાગલા પછી સિંધુ અને કરાંચીનું બંદર પાકિસ્તાન હેઠળ ગયું. સ્વતંત્ર ભારત સરકારે કંડલામાં અદ્યતન બંદરનો વિકાસ કરવાનો નિર્ણય કર્યો. કંડલા બંદર પશ્ચિમ ભારતનું જ એક મહત્ત્વનું બંદર નથી પરંતુ વિશ્વનું પણ પ્રથમ હરોળનું બંદર છે. ભૌગોલિક સ્થિતિની નજરે હાલ તે એશિયાનાં શ્રેષ્ઠ બંદરોમાં સ્થાન ધરાવે છે.

ઇતિહાસમાં ૧૬ જૂન, ૧૮૧૯ના દિવસે કચ્છમાં ધરતીકંપ નોંધાયો છે. જેનાથી અલ્લાહ બંધનું સર્જન થતાં, સિંધુ નદીના પાણી કચ્છના લખપત વિસ્તારમાં આવતા બંધ થયા હતા અને કચ્છને ત્યારથી પાણીની અછતનો સામનો કરવાની શરૂઆત કરવી પડી હતી. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ૭.૯ મેગ્નિટ્યુડના આવેલ પ્રચંડ ધરતીકંપનું કેન્દ્ર કચ્છના ભુજ અને ભચાઉ વચ્ચેના લોડાઇ - ધ્રંગ વિસ્તારમાં આવેલું હતું. કચ્છના ૧૮૫ વર્ષના નોંધાયેલા ભૂસ્તરશાસ્ત્રીય ઇતિહાસમાં આ સૌથી તીવ્ર ધરતીકંપ હતો જેમાં ૧૮,૦૦૦ ઉપરાંતના લોકોએ જીવ ગુમાવ્યા હતા અને હજારો ઘર નાશ પામ્યા હતા અને જાનમાલ સાથે અબજો રૂપિયાનું નુકસાન થયેલ હતું.

૧૯૬૭માં કચ્છમાં ભૂખી નદીની ભેખડોમાંથી આદ્યપાષાણ યુગની બેસાલ્ટની પતરીઓ જાણીતા પુરાતત્ત્વવિદ ડૉ. હસમુખ સાંકળિયાએ શોધી કાઢી હતી. મધ્યપાષાણ યુગના અવશેષો પણ મળી આવ્યા છે. પ્રાગહડપ્પાકાલીન કોટ દીજીમાં મળેલ ઘડાના જેવું વાસણ અને પથ્થરના કોટના અવશેષો દેશલપરમાંથી મળી આવ્યા છે. લાખાપર, દેશલપર, સુરકોટડા અને પાબુમઠમાં વિકસિત હડપ્પીય સંસ્કૃતિના અવશેષો મળે છે. થોડા વર્ષો પહેલાં ધોળાવીરામાંથી પણ હડપ્પા સંસ્કૃતિના અવશેષો પ્રાપ્ત થયા છે. આ અવશેષો પરથી જણાય છે કે મોંહે-જો-દડો અને હડપ્પાની જેમ ધોળાવીરા પણ આ સંસ્કૃતિનું મહત્ત્વનું કેન્દ્ર હતું. જ્યારે ટોડિયો, કટેસર, લૂણા વગેરે અનુહડપ્પાકાલીન છે. આ સમય ઇ.પૂ. ૨૦૦૦થી ૧૬૦૦ આસપાસનો ગણાય છે. પાણિનીની અષ્ટાધ્યાયી મહાભારત, વાયુપુરાણ અને જૈન સાહિત્યમાં અને ટોલેમી અને 'પેરિપ્લસ ઓફ ધી ઈરિથ્રિયન સી'ના લેખકનાં વર્ણનોમાં કચ્છનો ઉલ્લેખ મળે છે. કચ્છનો ખરો ઈતિહાસ અંધૌના પાંચ પાળિયા ઉપરના લેખોથી આરંભાય છે. ક્ષત્રપોનું શાસન ઇ.સ. ૭૬થી ૪૦૦ સુધી હતું. ત્યારબાદ ગુપ્ત અને મૈત્રકોનું ૪૦૦થી ૭૮૮ સુધી હતું. કચ્છમાં પ્રચલિત ધ્રુ, મેતર, અશ્વર શબ્દો મૈત્રકકાલીન ધ્રુવ, મહત્તર અને અશ્વરોહનું રૂપાંતર જણાય છે. હર્ષવર્ધનના સમયમાં ચીની મુસાફર હ્યુ-એન-સંગે કોટેશ્વર અને તેની નજીકનાં બૌદ્ધ વિહાર અને મઠોની સાતમી સદીમાં મુલાકાત લીધી હતી. જુનૈદે આક્રમણ કરેલા દેશોની યાદીમાં કચ્છનો ઉલ્લેખ છે. આઠમી સદી દરમિયાન ચારણો, કાઠી અને સમા જાતિના રાજપૂતોનું પહેલું જૂથ આવ્યું હતું. દસમી સદીથી આરબો કચ્છના દક્ષિણ કિનારે વેપાર અર્થે વસ્યા હતા. ભદ્રેશ્વરની ખીમલી મસ્જિદ આ હકીકતની સૂચક છે.

- **કચ્છના ક્ષત્રપ શિલાલેખો :**

પશ્ચિમી ક્ષત્રપો તરીકે જાણીતા ગુજરાતના શક જાતિના રાજાઓના આશરે ત્રીસેક શિલાલેખોમાંથી નવ તો માત્ર કચ્છ જિલ્લામાંથી હાથ લાગ્યા છે. છ અંધૌમાંથી તથા ખાવડા, મેવાસા અને વાંઢમાંથી એક-એક, અંધૌના છમાંથી ચાર લેખો શક સંવત ૫૨ (ઇ.સ. ૧૩૦)ના છે. જે ચાષ્ટન - રૂદ્રમાતાના સંયુક્ત શાસનકાળના છે. અહીંનો પાંચમો લેખ શક સંવત ૧૧૪નો રૂદ્રસિંહ પહેલાના સમયનો છે. છઠ્ઠો લેખ વર્ષ ૧૧નો અને ચાષ્ટનનો છે અને તેથી પશ્ચિમી ક્ષત્રપોના શાસનકાળની પૂર્વમર્યાદા માટે ઘણો મહત્ત્વનો છે. વાંઢમાંથી હાથ લાગેલો આશરે વર્ષ ૧૧૦નો સ્તંભલેખ રૂદ્રસિંહ પહેલાના સમયનો છે. ખાવડાનો રૂદ્રદામાનો લેખ આશરે વર્ષ ૬૨નો છે. મેવાસાનો

લેખ સંભવતઃ રૂદ્રસિંહ પહેલાના સમયનો અને વર્ષ ૧૦૩નો હોવાનું જણાય છે.

પશ્ચિમી ક્ષત્રપોના ઈતિહાસ અને સંસ્કૃતિના આલેખન માટે આ નવ લેખો મહત્ત્વના છે. ભુજના કચ્છ સંગ્રહાલયમાં સુરક્ષિત આ બધા લેખો બ્રાહ્મી લિપિમાં અને સંસ્કૃત-પ્રાકૃત મિશ્રિત ભાષામાં તથા ગદ્યમાં છે.

આ લેખો (૧) સ્મૃતિ સ્તંભોની (લષ્ટિ, યષ્ટિ, પાળિયા) શરૂઆત, (૨) રાજબિરૂદો (રાજા, ક્ષત્રપ, મહાક્ષત્રપ, સ્વામી), (૩) સંયુક્ત શાસનનો પ્રશ્ન, (૪) આભીરોનો નિર્દેશ (અંધૌ અને મેવાસાના લેખોમાં), (૫) મેવાસા લેખની ગૂંચવણ, (૬) કચ્છનું ઐતિહાસિક મહત્ત્વ, (૭) શક સંવતના પ્રારંભક જેવા મુદ્દા વિશે પ્રકાશ પાડે છે.

ભારતમાં સ્મૃતિ સ્તંભો ખોડવાના રિવાજના આ પહેલ પ્રથમ નમૂના છે. અંધૌના વર્ષ ૫૨ના ચાર લેખોમાં ક્ષત્રપ અને મહાક્ષત્રપનાં બિરૂદો એકસાથે પ્રયોજાયા હોઈ સંયુક્ત શાસનની પ્રથાનું સૂચન કરે છે. આ લેખોથી રાજ્યાધિકારનો આવો નિયમ સૂચિત થાય છે : રાજવારસો મહાક્ષત્રપના અનુજને મળતો અને અનુજ પછી અનુજનો ક્રમ પૂરો થતાં રાજવારસાનો અધિકાર અગ્રજના અગ્રજપુત્રને મળતો. જે અનુજક્રમે આગળ વધતો. યુદ્ધકાળમાં ક્યારેક આમાં અપવાદ થતો. આભીરોનો નિર્દેશ સેનાપતિ તરીકે થયો છે. આથી ક્ષત્રપ શાસનમાં આ લોકોનું લશ્કરના હેતુસર ઘણું મહત્ત્વ સ્વીકારાયું હતું.

આ નવ લેખોએ કચ્છ વિસ્તારનું ઐતિહાસિક મહત્ત્વ પ્રસ્થાપિત કર્યું છે. જો કે અંધૌ, ખાવડા, મેવાસા અને વાંઢ હાલ રાજકીય, વાણિજ્યિક કે આર્થિક મહત્ત્વ ધરાવતાં ગામો ન હોવા છતાં પશ્ચિમી ક્ષત્રપોના શાસનકાળ દરમિયાન લગભગ એક સૈકા સુધી એમનું રાજકીય મહત્ત્વ હતું. કેમકે અંધૌનો એક લેખ વર્ષ ૧૧નો અને બીજો લેખ વર્ષ ૧૧૪નો છે. આથી આ ચારેય ગામો ત્યારે તાલુકાના કે જિલ્લાના મથક તરીકે સ્થાન ભોગવતા હોય.

કચ્છ જિલ્લાનાં આ ચાર ગામોથી પ્રાપ્ત ક્ષત્રપલેખોથી એવું સૂચવાય છે કે ચાષ્ટન કુળના ક્ષત્રપ રાજાઓ મધ્ય એશિયા અથવા ઈરાનથી સીધા ગુજરાત આવ્યા હોય અને પહેલપ્રથમ કચ્છ વિસ્તારમાં સ્થાયી થયા હોય. આથી આ ગામોમાં અને આસપાસમાં પુરાવસ્તુકીય ઉત્ખનન કરવામાં આવે તો સંભવતઃ પશ્ચિમી ક્ષત્રપોના ઈતિહાસ માટે ઉપયોગી માહિતી હાથવગી થાય.

અંધૌના વર્ષ ૧૧ના લેખથી હવે તો પ્રતિપાદિત થયું છે કે શક સંવતનો પ્રારંભ પશ્ચિમ ક્ષત્રપના કોઈ રાજા ચાષ્ટને કર્યો હતો, કુષાણ રાજા કનિષ્કે નહીં.

ઈ.સ. ૧૧૪૭ અને ૧૩૨૦માં સમા રાજપૂતોનાં બે જૂથો આવ્યા હતા. જાડાના પુત્ર ઉપરથી જાડેજા અટક પ્રચલિત બની છે. ઈ.સ. ૯૪૨થી ૧૩૦૪ સુધી ચૌલુક્યોનું શાસન હતું. એ હકીકત ભદ્રેશ્વર, કેરાકોટ, અંજાર, કોટાય વગેરે મંદિરોનાં સ્થાપત્ય પરથી સ્પષ્ટ થાય છે. ભીમદેવ, સિધ્ધરાજ, અર્જુનદેવ અને સારંગદેવના કુલ છ તામ્રપત્રો કચ્છમાંથી મળ્યા છે. મુઝફ્ફરશાહના શાસન દરમિયાન કચ્છ ગુજરાતના સુલતાનોના આધિપત્ય નીચે આવ્યું.

**૧૫૪૯માં ખેંગારજી પહેલાએ ભુજની સ્થાપના કરી. ૧૫૮૦થી માંડવી બંદરનો ઉદય થયો.** ૧૬૧૭માં જહાંગીરની અમદાવાદમાં ભારમલજી પહેલાએ મુલાકાત લીધી હતી અને તેને સો કચ્છી ઘોડાં, હજાર અશરફી અને રૂા. ૨૦૦૦નું નજરાણું કર્યું હતું. જહાંગીરે હાથી, ઘોડો, કટાર, રત્નજડિત તલવાર વગેરેની વળતી ભેટ તેને આપી હતી. રાવને પોતાના નામના કોરી, ઢીંગલા, પાંચિયા, અધિયા જેવા સિક્કા પાડવાની છૂટ મળી હતી. ૧૫૭૮માં મુઝફ્ફરશાહ ત્રીજાએ કચ્છમાં થોડો વખત આશ્રય લીધો. તે પછી ભોજરાજજી (૧૬૩૩-૧૬૪૫) અને ખેંગારજી બીજા (૧૬૪૫-૧૬૫૪) થઈ ગયા. જામ તમાચીના શાસન દરમિયાન શાહજહાંના મોટા પુત્ર દારા શિકોહે નાસભાગ દરમિયાન ૧૬૫૯માં ભુજમાં આશ્રય લીધો હતો. રાયધણજી પહેલા (૧૬૬૬-૧૬૯૮)ના સમયમાં કચ્છ અનેક જાગીરોમાં વહેંચાઈ ગયું અને નવા કિલ્લા બંધાયા. એમના અવસાન બાદ કાંયાજીએ મોરબીનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. પ્રાગમલજી પહેલાએ (૧૬૯૮-૧૭૧૫) હાલારમાંનો બાલંભાનો કિલ્લો જીત્યો તથા પોતે પહેલા મહારાવ કહેવાયા. દેશળજી પહેલાના સમયમાં (૧૭૧૮-૧૭૪૧) દીવાન દેવકરણે રાજ્યની આવક અને વેપાર વધાર્યા હતા. મુઘલોનાં આક્રમણોને તેમણે ખાળ્યાં હતાં. દેશળજી તેમની ન્યાયપ્રિયતા માટે જાણીતા હતા. અમદાવાદના સૂબા સરબુલંદખાને કચ્છ ઉપર ચઢાઈ કરી હતી પણ તેની હાર થઈ હતી. રાવ લખપતજી (૧૭૪૨-૧૭૬૨)ના સમયમાં મહાજનના મહત્ત્વનો સ્વીકાર કરી તે અંગેનું તામ્રપત્ર આપવામાં આવ્યું હતું. રામજી માલમે હોલેન્ડની મુલાકાત લીધી હતી. ભરતકામ, મીનાકારી, કાચ તથા તોપ ઢાળવાની કલા તથા ચાંદીનું નકશીકામ કચ્છના કારીગરોને તેમણે શીખવ્યું હતું. રાવ લખપતજી કવિ અને કવિઓના આશ્રયદાતા હતા. વ્રજ ભાષાની કવિતાની પાઠશાળા ભુજમાં શરૂ કરાઈ હતી. આ પ્રકારની આ સર્વપ્રથમ કાવ્યશાળા અનન્ય ગણાય. કવિ દલપતરામ આ શાળામાં કવિતાના પહેલા પાઠ ભણ્યા હતા. રાવ ગોડજી બીજાના સમયમાં (૧૭૬૨-૧૭૭૯) આઈના મહેલ રામજી માલમે તૈયાર કરાવ્યો હતો. આ વખતે માંડવીમાં ૪૦૦ વહાણોનો બેડો અને જહાજવાડો હતો. ૧૭૮૦ પછી કચ્છી વેપારીઓ મસ્કતથી ઝાંઝીબાર ગયા હતા. ક્રમશઃ સમગ્ર પૂર્વ આફ્રિકામાં તેમણે તેમનું

વ્યાપારી સામ્રાજ્ય જમાવ્યું હતું અને ૧૮૭૦ સુધી ઝાંઝીબારના સુલતાનોના સલાહકાર રહ્યા હતા. રાવના સમયમાં સિંધનો સુલતાન ગુલામશાહ ક્લોરો ચઢી આવ્યો અને ઝારાના યુદ્ધમાં જાડેજા સરદારોની આગેવાની હેઠળ ઘણા કચ્છીઓ વીરગતિને વર્યા હતા. કચ્છી રાજકન્યા પરણવાની તેની મુરાદ બર ન આવતાં તેણે સિંધુની શાખાનું પાણી બંધ બાંધી કચ્છમાં આવતું અટકાવ્યું હતું અને લખપત આસપાસનો પ્રદેશ વેરાન બની ગયો હતો. રાવ રાયધણજી બીજાના સમયમાં (૧૭૭૯-૧૮૧૪) તેના જુલમને કારણે કચ્છનું મહાજન, ભાયાતો તથા લશ્કરના જમાદારોએ બળવો પોકાર્યો હતો અને થોડો વખત તેમનો 'બારભાયા'નો કારભાર ચાલ્યો હતો. આ દરમિયાન કચ્છના ક્રોમવેલ સમાન ફતેહ મહમદ જમાદારનો ઉદય થયો હતો. તેણે મહારાણીશ્રીના આદેશ પ્રમાણે જાડેજા સરદારો અને મહાજનોના સહકારથી બધી સત્તા હાથમાં લઈ કચ્છનું એકીકરણ કર્યું અને તુણા અને લખપત બંદરો વિકસાવ્યા. આ સમયે સ્વામી સહજાનંદનું આગમન થયું. ભારમલજી બીજાના (૧૮૧૪-૧૮૧૯) સમયમાં અંગ્રેજોએ પગપેસારો કર્યો.

૧૮૧૬માં ભારમલજી સાથે અને ૧૮૧૯માં રાવ દેશળજી સાથે અંગ્રેજોએ સંધિ કરી અંગ્રેજી સત્તાનું આધિપત્ય સ્વીકારવા રાવને ફરજ પાડી. રાવ તરફથી અંજાર અને બીજા ગામો ઈસ્ટ ઈન્ડિયા કંપનીને મળતાં કેપ્ટન મેકમર્ડોએ મૃત્યુ સુધી તેનો વહીવટ સંભાળ્યો હતો. લક્ષ્મીદાસ કામદારે રાજ્યના હિતની રક્ષા કરવામાં અને અંગ્રેજો સાથે મસલત કરવામાં મુખ્ય ભાગ ભજવીને કચ્છની સેવા કરી હતી. **૧૮૧૯માં કચ્છના ભયંકર ધરતીકંપમાં ૧૫૪૩ ઘર પડી ગયા હતા. રણ ઊંચું આવ્યું હતું. અલ્લાહજો બંધને કારણે સિંધુનું પાણી મળતું તદ્દન બંધ થયું હતું.** દેશળજી બીજાના (૧૮૧૯-૧૮૬૦) સમયમાં સામાજિક દૂષણો જેવા કે ગુલામોનો વેપાર, સતી, સમાધિ, ત્રાગાં અને કન્યાને દૂધપીતી કરવાના રિવાજો ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. આ ઉપરાંત બંધારણીય વહીવટનો પ્રારંભ થયો. રાવ પ્રાગમલજી બીજાના સમયમાં (૧૮૬૦-૧૮૭૫) નવા યુગનો ઉદય થયો. શાળાઓ, રસ્તા, દવાખાનાં, તળાવો વગેરે ઘણાં લોકોપયોગી કામો તેમના શાસન દરમિયાન થયા. ખેંગારજી ત્રીજાએ ૧૮૭૬-૧૯૪૨ સુધી રાજ્ય કર્યું. કલાશાળા, કંડલાનું બંદર તથા તુણા-અંજાર રેલવેનો તેમના શાસન દરમિયાન આરંભ થયો. **૧૯૨૫માં મહાત્મા ગાંધીજીએ કચ્છની મુલાકાત લીધી ત્યારે તેમની અને ખેંગારજી વચ્ચે ભુજમાં મુલાકાત યોજાઈ હતી.** આ સમય દરમિયાન કચ્છના નાના રણમાં આવતા સુરખાબ (ફ્લેમિંગો) પક્ષીઓની ભાળ મળી. વિજયરાજજીએ ૧૯૪૨-૧૯૪૮ સુધી શાસન કર્યું. ૧૯૪૭ પછી સિંધમાંથી આવેલા નિર્વાસિતોને વસાવવા ગાંધીધામ નગરનું આયોજન કરાયું. **મદનસિંહજી છેલ્લા રાજવી હતા (૧૯૪૮). તેમણે કચ્છને જવાબદાર રાજતંત્ર આપ્યું અને ભારત સાથેનું જોડાણ સ્વીકાર્યું. ૧૯૪૮થી ૧૯૫૨ સુધી કચ્છમાં કમિશનરનો વહીવટ રહ્યો અને તેમણે કચ્છને આધુનિક વહીવટી તંત્ર આપ્યું.** ૧૯૫૨માં દસમી જાન્યુઆરીના રોજ પંડિત જવાહરલાલ નહેરુએ મહાબંદર કંડલાનું શિલારોપણ કર્યું. **જુલાઈ ૧૯૫૨થી કચ્છ 'સી' વર્ગનું રાજ્ય બન્યું અને ૧૯૫૬ સુધી સલાહકારોની મદદથી રાજ્યના વહીવટનું સંચાલન થતું રહ્યું. ૧-૧૦-૧૯૫૬થી કચ્છ દ્વિભાષી મુંબઈ રાજ્ય સાથે જોડાયું અને ૧-૫-૬૦થી ગુજરાત રાજ્યના એક જિલ્લા તરીકે તેનો સમાવેશ કરાયો.** એપ્રિલ ૧૯૬૫માં છાડબેટ તથા કચ્છના રણના કેટલાક ભાગ ઉપર દાવો કરી પાકિસ્તાને કચ્છ ઉપર આક્રમણ કર્યું. ગુજરાતના તત્કાલીન મુખ્યપ્રધાન બળવંતરાય મહેતા સરહદી પ્રદેશનું વિમાન દ્વારા નિરીક્ષણ કરી રહ્યા હતા ત્યારે તે વિમાન તોડી પડાતાં સુથરી નજીક તેમનું અવસાન થયું હતું. **ટ્રીબ્યુનલ દ્વારા સરહદી વિવાદ મિટાવવા નિર્ણય લેવાયો. સ્વીડન, યુગોસ્લાવિયા અને ઇરાનના ન્યાયાધીશોની બનેલી ટ્રીબ્યુનલે ૧૯-૨-૧૯૬૮ના રોજ આપેલા ચુકાદા મુજબ છાડબેટ સહિત કચ્છના રણનો ૧૦ ટકા ભાગ પાકિસ્તાનને ફાળે ગયો.** ૧૯૭૧ના યુદ્ધ વખતે કચ્છનો મોરચો મહદાંશે શાંત હતો. ૧૯૬૦ પછી કચ્છે શિક્ષણ, વ્યાપાર, માર્ગોનું બાંધકામ તથા બંદરો વગેરે એક બાબતોમાં ઝડપી વિકાસ સાધ્યો છે. **૧૯૫૬માં ધરતીકંપને કારણે અંજારનો ઘણો ભાગ નષ્ટ થયો અને નવું અંજાર વસાવવામાં આવ્યું હતું.**

**૨૦૦૧ના ધરતીકંપ બાદ કચ્છે વિકાસની ઊંચી છલાંગ લગાવી છે.** ૨૦૦૧ પછીના કચ્છે વિકાસની હરણફાળ ભરેલી છે. અનેક પ્રકારના નવા ઉદ્યોગોનું આગમન તેમજ અનેક પ્રકારના નવીન પ્રકલ્પો અને સરકારની હકારાત્મક અને વિકાસાત્મક નીતિઓને લીધે કચ્છના અવિરત વિકાસની પ્રક્રિયા ચાલુ છે. **તેમાં રણોત્સવ, સફેદ રણ, કાળો ડુંગર, ક્રાંતિ તીર્થ, સ્મૃતિવન, બાળ સ્મારક, માંડવી બીચ વગેરે જેવા પ્રવાસન ધામો જોવા દેશ-વિદેશના લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બનીને આ સદીના બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચનના મુખે કહેવાયેલ ઉક્તિ "કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા"ને વર્તમાનમાં સાકાર કરી રહ્યા હોય તેવા દૃશ્યો કચ્છના પ્રવાસનમાં જોવા મળી રહ્યા છે.**

*સંદર્ભ : વીકિપીડિયા અને મીડિયામાં પ્રસારિત અહેવાલો તેમજ વિવિધ વિશિષ્ટ વ્યક્તિ વિશેષોના બ્લોગો.*

*ભુજ, કચ્છ.*
*મો. ૮૮૪૯૧ ૮૪૦૧૧*

# કચ્છ : પ્રાચીનથી અર્વાચીન



વનરાજસિંહ જાડેજા

ગુજરાત રાજ્યનો અને દેશનો સૌથી મોટો જિલ્લો અને ભૂતપૂર્વ દેશી રાજ્ય કાચબા જેવા તેના આકારને કારણે અથવા કાદવવાળી ઉજ્જડ ભૂમિને કારણે તેનું નામ કચ્છ પડ્યું છે. આભીર કે આહિરોના વસવાટને કારણે તેને આભીરિયા કે આબીરિયા નામ પણ મળેલું છે. આ બંને નામો ત્રીજી ચોથી સદી સુધી પ્રચલિત હતા.

કચ્છ ઉપર શાસન કરવાવાળા રાજવંશોમાં જાડેજા વંશે કચ્છ ઉપર દીર્ઘકાળ સુધી શાસન કર્યું. ઈ.સ. ૧૫૪૯માં મહારાવશ્રી ખેંગારજી દ્વારા ભુજની સ્થાપનાકાળથી લઈને મહારાવશ્રી મદનસિંહજી દ્વારા ૧૯૪૮માં કચ્છનું ભારત સંઘમાં વિલીનીકરણ સુધી જાડેજા રાજસત્તા દ્વારા કચ્છના સમગ્રતયા વિકાસ માટે અને પગલાંઓ લેવામાં આવ્યા હતા. ત્યારબાદ 'ક' વર્ગના રાજ્યમાં સમાવેશ અને ગુજરાત રાજ્યની સ્થાપનાના સમયગાળાથી રાજ્યના એક જિલ્લા તરીકે કચ્છ અસ્તિત્વ ધરાવે છે.

પ્રાચીનકાળથી એક અને અખંડ રહેલા કચ્છનો સફેદ પુરાણમાં 'કચ્છ મંડલ', વાયુ પુરાણમાં 'કચ્છિય' અને પાણિનીમાં 'કચ્છક' તરીકે ઉલ્લેખ છે. આ પ્રદેશ 'આભીર' નામે પણ ઓળખાયો છે. 'કચ્છ મંડલ'માં ૧૪૨૨ ગામ હોવાનું સ્કંદ પુરાણમાં કહેવાયું છે.

'કચ્છ' સંજ્ઞાનું મૂળ કારણ તો એ જલમય પ્રદેશ હોવાનું છે. અમર કોષમાં 'કચ્છ' અને 'અનૂપ'ને પર્યાય માન્યા છે. આ શબ્દ સકક્ષ – 'મર્યાદા' અર્થના શબ્દનો પ્રાકૃત વિકાસ હોઈ શકે, જે સંસ્કૃત તરીકે પ્રચારમાં આવ્યો હોય.

આ જિલ્લો ૨૨° ૪૪' ઉ.અ.થી ૨૪° ૪૧' ઉ.અ. અને ૬૮° ૦૯' પૂ.રે.થી ૭૧° ૫૪' પૂ.રે. વચ્ચે આવેલો છે. તેની સરહદ બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લાને સ્પર્શે છે. અન્ય તરફ કચ્છનો અખાત અને અરબી સમુદ્ર તેમજ સીરક્રીક આવેલા છે. તેનું ક્ષેત્રફળ ૪૫,૬૫૨ ચો.કિ.મી. છે. તેની લંબાઈ ૨૫૬ કિ.મી. અને પહોળાઈ ૨૪થી ૭૨ કિ.મી. છે. તેના ભુજ, માંડવી, મુંદ્રા, ગાંધીધામ, અંજાર, ભચાઉ, રાપર, નખત્રાણા, અબડાસા અને લખપત – એમ દસ તાલુકા છે. ભચાઉ અને રાપર તાલુકા વાગડ તરીકે અને દક્ષિણ કિનારાનું મેદાન કાંઠી કે કંઠી તરીકે ઓળખાય છે.

કચ્છના મધ્ય ભાગમાં ઉત્તર, મધ્ય અને દક્ષિણ ધાર તરીકે ઓળખાતી ડુંગરમાળા છે. તેની ચારે બાજુનો અને ખીણનો પ્રદેશ સપાટ છે. કચ્છના રણમાં આવેલ પચ્છમનો કાળો ડુંગર ૪૫૮ મી. અને મધ્ય ભાગમાં આવેલ ધીણોધર ૩૮૭ મી. ઊંચો છે. વાગડમાં કંથકોટનો ડુંગર છે. આ ડુંગરો પૂર્વથી પશ્ચિમ ફેલાયેલા છે. કચ્છના રણને મળતી ઉત્તર તરફ વહેતી નદીઓ તથા દક્ષિણે કચ્છના અખાત અને અરબી સમુદ્રને મળતી ત્રીસેક નદીઓ ૨૦ કિ.મી.થી ૫૫ કિ.મી. જેટલી લાંબી અને સૂકી છે. કચ્છનો ઉત્તર અને પશ્ચિમ ભાગ વેરાન અને સૂકો છે. **વાગડ અને દક્ષિણ કિનારાનો પ્રદેશ ફળદ્રુપતા, વધુ વરસાદ અને સમૃદ્ધિ બાબતમાં બીજા ભાગો કરતાં અલગ પડી જાય છે.** નૈઋત્યના મોસમી પવનોના માર્ગથી કચ્છ દૂર હોઈ સરેરાશ ૩૨૨ મિ.મી. વરસાદ પડે છે. માંડવીમાં સૌથી વધુ ૪૦૭ મિ.મી. અને લખપતમાં સૌથી ઓછો ૨૪૯ મિ.મી. વરસાદ પડે છે. પાંચ વરસમાં એકાદ વરસ સારું હોય છે. ભુજનું સરેરાશ તાપમાન ૩૨.૮° સે. રહે છે. શિયાળામાં આ તાપમાન ૭° સે. થી ૧૫° સે. રહે છે. કચ્છનો શિયાળો આકરો હોય છે. નલિયાનું તાપમાન ૦.૫° સે. થઈ જાય છે. સતત વાતા પવનો અને દરિયાનું સામીપ્ય ઉનાળામાં મોટાભાગે હવામાનને સમઘાત રાખે છે, છતાં ક્યારેક ઉનાળામાં તાપમાન ૪૪° સે. થાય છે. માંડવીમાં પવનચક્કી દ્વારા વીજળી મેળવાય છે. ખેતી તથા ઘરવપરાશ માટે વીજળી મળે છે.

કુલ જમીનના ૪% વિસ્તારમાં જંગલો છે. બાવળ, ખેર, બોરડી, ખીજડો, ગોરડ અને ગૂગળનાં છૂટાછવાયા વૃક્ષો ઘાસનાં 'રખાલ' તરીકે ઓળખાતા મેદાનોમાં જોવા મળે છે. આ જંગલોમાંથી ઘાસ ઉપરાંત ગુંદર, મેઘ, ગૂગળ વગેરે મળે છે. દરિયાકાંઠે ઉગતા ચેર કે તમ્મર ઊંટનો ચારો અને બળતણ તરીકે તેમજ જમીનનું ધોવાણ અટકાવવા ઉપયોગી છે. કચ્છમાં દીપડા, વરુ, નીલગાય, શિયાળ, હરણો, જંગલી ગધેડાં વગેરે જંગલવાસી પ્રાણીઓ અને ગાય, બળદ, ઘેટા, ઘોડો, ઊંટ વગેરે ઉપયોગી પ્રાણીઓ છે. કચ્છી ઘોડા સારી ઓલાદના હોય છે. બન્ની અને કચ્છનો સમગ્ર પ્રદેશ ઘેટાં, બકરાં અને ગાયના ઉછેર માટે અનુકૂળ છે. થરી ઓલાદની ગાય વધુ દૂધ આપે છે.

કચ્છમાં બોક્સાઈટ, બેન્ટોનાઈટ, લીગ્નાઈટ, કાચ માટેની

રેતી, ફટકડીની માટી, ચૂનાના પથ્થરો, બાંધકામ માટેના પથ્થરો, ચિરોડી, રંગીન માટી વગેરે ખનીજો નીકળે છે. **દરિયાકાંઠે અને રણ વિસ્તારમાં એમ બધું મળીને છ લાખ ટનથી પણ વધારે મીઠું ઉત્પાદિત થાય છે.** કંડલા, મુંદ્રા અને જખૌમાં તેના મોટા કેન્દ્રો છે અને આ બંદરોએથી તેની નિકાસ થાય છે. કચ્છના રણ અને અખાતના વિસ્તારમાંથી તેલ અને ગેસ મળવાનો સંભવ છે. **લીગ્નાઇટનું ઉત્પાદન હાલ પાંચ લાખ ટન છે.** ભૂતકાળમાં અહીં જંગલો હશે. ટર્શિયરી યુગનો લીગ્નાઇટ કોલસો અહીં મળે છે.

૨૦૦૧ની વસતી ગણતરી પ્રમાણે કચ્છની કુલ વસતી ૧૫,૨૬,૩૨૧ છે. તે પૈકી ૨૫% લોકો શહેરવાસી અને ૭૫% ગામવાસી છે. કુલ વસતીના ૨૬.૦૮ ટકા શહેરોમાં રહે છે. **કચ્છમાં રહેતા કચ્છી લોકો કરતાં અનેકગણા વધુ લોકો મુંબઈ શહેર, ભારતનાં અન્ય રાજ્યો તથા પરદેશોમાં વસે છે.** સ્ત્રી-પુરુષોનું સંખ્યા પ્રમાણ સરખું છે. કિ.મી. દીઠ વસતીની ગીચતા ૨૫ છે. **સાક્ષરતાનું કુલ પ્રમાણ ૪૦% છે.** તે પૈકી પુરુષોમાં ૪૪.૧૪% અને સ્ત્રીઓમાં ૨૬.૬૮% છે. અહીંના લોકો ગુજરાતી બોલે છે. સ્થાનિક ગ્રામવાસીઓ કચ્છી ભાષા બોલે છે. કચ્છી સિંધી ભાષાની ઉપભાષા છે.

લોકોનો મુખ્ય ધંધો ખેતી અને પશુપાલન છે. ગૃહ ઉદ્યોગો સહિત બધા પ્રકારના ઉદ્યોગોમાં અને પરિવહન, વ્યાપાર અને અન્ય સેવાઓમાં લોકો રોકાયેલા છે. **વરસાદ અનુકૂળ હોય તો ૬ લાખ હેક્ટર જમીનમાં વાવેતર થાય છે.** બાજરી, કપાસ, કઠોળ, ઘઉં, મગફળી, એરંડા મુખ્ય પાક છે. કુલ સિંચાઇ પૈકી ૮૨% સિંચાઈ કૂવા અને ટ્યુબવેલ દ્વારા થાય છે. સિત્તેર જેટલાં તળાવો દ્વારા અને નહેરથી પણ સિંચાઈ થાય છે. સૌથી મોટા રૂદ્રમાતા બંધની સિંચાઈ ક્ષમતા ૨૩૦૭ હેક્ટર છે. અહીંના ઉદ્યોગોમાં મીઠાના કારખાનાં, જિન પ્રેસ, તેલની મિલો છે. હાથશાળ અને યંત્રશાળ દ્વારા પણ કાપડ તૈયાર થાય છે. **ભરતકામ, ચાંદીનું નકશીકામ, કાપડનું છાપકામ અને તેનું રંગાટીકામ, ઉપરાંત સૂડી અને ચપ્પુ બનાવવાના ગૃહ ઉદ્યોગ વિકસ્યા છે.** કેટલાક લોકો લીગ્નાઈટ, બેન્ટોનાઈટ, બોક્સાઈટ, ચૂનાના પથ્થરો, ચિરોડી વગેરેના ખાણકામ સાથે સંકળાયેલા છે.

૧૯૬૫થી મુક્ત વ્યાપાર ઝોનના ૨૯૫ હેક્ટર વિસ્તારમાં સ્ટેનલેસ સ્ટીલના વાસણો, સાબુ, રસાયણો, દવાઓ, તૈયાર કપડાં, રબરની વસ્તુઓ અને વીજળીનાં સાધનો બનાવવાનાં કારખાના સ્થપાયા છે. કચ્છના અખાતમાં તથા માંડવી અને જખૌ નજીક મત્સ્ય ઉદ્યોગ વિકસ્યો છે. કચ્છી 'કોટિયું' (જહાજ) તેની મજબૂત બાંધણી માટે જાણીતું છે. કચ્છી નાવિકો વહાણવટાની જાણકારી અને દરિયાઈ સાહસ માટે જાણીતા છે.

વાસ્કો-દ-ગામાને ભારતનો દરિયાઈ માર્ગ બતાવનાર કાનજી માલમ કચ્છી હતો. માંડવીથી કેપ ઑફ ગુડ હોપ થઈને ઈંગ્લેન્ડ પહોંચી, મલબાર થઈને માંડવી સલામત પાછું આવનાર આ કચ્છી કોટિયું હતું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકન સી-પ્લેનને લખદીવ (લક્ષદ્વીપ)ની સાંકડી નાળમાંથી બહાર કાઢનાર કચ્છી નાવિકો હતા.

**આ જિલ્લાનું મુખ્ય શહેર ભુજ છે.** માધાપુર, મુંદ્રા, માંડવી, નલિયા, રાપર, ભચાઉ, અંજાર, ગાંધીધામ અને કંડલા અન્ય શહેરો છે. નારાયણ સરોવર, કોટેશ્વર, માતાનો મઢ, ભદ્રેશ્વર, ધીણોધર, હાજીપીર વગેરે અહીંનાં જાણીતા યાત્રાધામો છે. **કંડલા ભારતનાં મુખ્ય અગિયાર બંદરો પૈકીનું એક છે.** બિનલોહ ધાતુઓ, ખાતર, ગંધક, સુપર ફોસ્ફેટ, પેટ્રોલિયમ, અનાજ, રસાયણો, યંત્રો, ખજૂર વગેરેની આયાત થાય છે જ્યારે રૂ, તેલીબિયા, મીઠું, બેન્ટોનાઇટ, બોક્સાઇટ, ચોખા, ચા, ચિરોડી, લોખંડનો ભંગાર વગેરેની નિકાસ થાય છે.

૧૯૯૮માં આવેલા ભયંકર વાવાઝોડાથી કચ્છનું કંડલા બંદર તારાજ થયેલું. ૨૦૦૧ના જાન્યુઆરીની ૨૬મીએ સવારે થયેલા ભૂકંપ (રિક્ટર માપ ૭.૯)ને કારણે કચ્છનાં ભુજ, રાપર, ભચાઉ તેમજ અન્ય ગામોને પારાવાર નુકસાન થયેલું અને જાનમાલની ખુવારી મોટા પાયા પર થયેલી.

૨૦૦૧ પછીના કચ્છે વિકાસની હરણફાળ ભરેલી છે. અનેક પ્રકારના નવા ઉદ્યોગોનું આગમન તેમજ અનેક પ્રકારના નવીન પ્રકલ્પો અને સરકારની હકારાત્મક - વિકાસાત્મક નીતિઓને લીધે કચ્છના અવિરત વિકાસની પ્રક્રિયા ચાલુ છે. તેમાં રણોત્સવ, સફેદ રણ, દત્તધામ - કાળા ડુંગર, ક્રાંતિ તીર્થ, સ્મૃતિ વન, બાળ સ્મારક, માંડવી બીચ વગેરે જેવા પ્રવાસન ધામો જોવા દેશ-વિદેશના લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બનીને આ સદીના બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચનના મુખે કહેવાયેલ ઉક્તિ ''કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા''ને વર્તમાનમાં સાકાર કરી રહ્યા હોય તેવા દશ્યો કચ્છના પ્રવાસનમાં જોવા મળી રહ્યા છે.

*સંદર્ભ : વીકિપીડિયા અને મીડિયામાં પ્રસારિત અહેવાલો તેમજ વિવિધ વિશિષ્ટ વ્યક્તિ વિશેષોના બ્લોગો.*

*ભુજ, કચ્છ. • મો. ૮૮૪૯૧ ૮૪૦૧૧*

શુભેચ્છા સહ...
**પૃથ્વી શાહ – ગાંધીનગર**
**મો. ૯૮૨૪૬ ૬૬૧૦૮ / ૮૭૮૦૩ ૯૬૩૩૪**

# કચ્છનું ઉદ્યોગીકરણ :

## આફતમાંથી અવસર અને પછી આગળ વધો, વધતા રહો



ભાવિન વોરા
વરિષ્ઠ યુવા પત્રકાર - ભુજ

### *અટલજીની 'નયા કચ્છ બનાયેંગે'ની ખેવના ઔદ્યોગિક વિકાસ થકી સફળ*

એ જ પોતીકો પ્રદેશ કે જ્યાં હડપ્પીય સભ્યતાનો વારસો સચવાયેલો છે, પોતાની અલગ બોલી છે, જ્યાં રણમાં નંદનવન છે, પારકાઓને પોતીકું બનાવતું પ્રવાસન છે, અહીંની ધરતીનો વાલીડો વરસાદ છે અને ભોજનને 'મા'ની ઉપમા અપાયેલી છે તેવા કચ્છ, બૃહદ્ કચ્છીઓ અને કચ્છીયતની નોંધ વિશ્વ સ્તરે લેવી પડે છે. જેની કુળદેવી મા આશાપુરા છે, 'મુંજી માતૃભૂમિ કે નમન' જેવું અલાયદું પ્રાદેશિક ગીત છે તેવા કચ્છની અને કચ્છીઓની મહત્ત્વાકાંક્ષાઓ અગણિત છતાં સીમિત છે. વિશાળ ભોમકા ઉપર આધુનિક ઔદ્યોગિક ભૂંગળાઓને સમાવીને દેશના અર્થચક્રમાં સોશિયો ઈકોનોમિક ભૂમિકામાં કચ્છનો વિકાસ એ ખરેખરો વિકાસ સાબિત થયો છે કારણકે જ્યારે પણ દુનિયાના કોઈપણ વિસ્તારોમાં કુદરતી આપત્તિઓ આવે અને તેમાં પણ ખાસ કરીને ભૂકંપની વિનાશક અસરો વર્તાય ત્યારે કચ્છના વિકાસની દુહાઈઓ સાથે ધરતીકંપ પછીના નવસર્જનને મોડલ તરીકે ગણવામાં આવે છે. હા, નપાણિયા મુલક તરીકે પંકાઈ ગયેલા કચ્છના પુનઃવસનમાં અને ઔદ્યોગિકીકરણના પહેલુઓમાં નવા મળેલા નર્મદાના નીર પણ ઔદ્યોગિક વિકાસને વેગ આપનારા રહ્યા છે. સરવાળે વિશાળ જમીન, પાણી અને સરકારની ૨૦૦૪-૦૫ની આર્થિક છુટછાટોએ આપત્તિ પછીના અભિશાપને અવસરમાં પલટવાની સફળ હિમાયત પૂરી પાડી છે. અલબત્ત, ૨૦૦૧ના વિનાશકારી ભૂકંપના બે દાયકા પછી નાના ઔદ્યોગિક માળખા સંકોચાયા છે પરંતુ મોટા એકમોએ પોતાના કદ મોટા કર્યા છે.

રાજાશાહી કે 'ક' વર્ગના રાજ્ય તરીકે કચ્છને યાદ કરવાનું થાય અને ઉદ્યોગની વાત થાય તેમાં રાજાશાહીનો ઉલ્લેખ કરીએ, તો રાવ લખપતજી અને રાયધણજીના સમય દરમિયાન રામસિંહ માલમની મદદથી કચ્છમાં ઉદ્યોગ શરૂ થયા હતા. ત્યારબાદ કચ્છ એટલે છેવાડાના વિસ્તાર તરીકે નગણ્ય રહ્યો. ૧૯૯૦ના દાયકામાં મુંદ્રામાં સ્થપાયેલું ખાનગી બંદર સોશિયલ અપલીફટમેન્ટ માટે નિમિત્ત બન્યું. ઉદ્યોગમંત્રી તરીકેનું પદ માંડવીના ધારાસભ્ય સુરેશચંદ્ર મહેતાને ફાળે આવ્યું અને તેમણે કાનજી માલમના પ્રાદેશિક વારસ તરીકેની ભૂમિકા ભજવી અને મુંદ્રાના દરિયાને ખરા અર્થમાં બંદર બનાવ્યું. આજે સાત સમંદર પર મુંદ્રા બંદર થકી દેશનો વેપાર વણજ અગણિત મીંડાઓ સાથે જોડાઈ ચૂક્યો છે.

હવે, કચ્છના પાયે ગુજરાત અને દેશના આર્થિક ચક્રના બદલાવની વાત કરવી હોય તો ભૂકંપની ત્રિજ્યા ચોક્કસ માપવી પડે. વર્ષ ૨૦૦૧માં વિનાશકારી ભૂકંપ બાદ તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ તબાહ કચ્છને 'નયા કચ્છ બનાયેંગે'ની વાત કરીને એક દિશા આપી. ભુજમાં સવાસો કરોડની હોસ્પિટલ આપીને એક મનોબળ આપ્યું તો સાથે નવસર્જન માટેના દ્વાર પણ ઉઘાડી દીધા હતા. આવામાં વિશ્વ બેંક અને એશિયા બેંકની આર્થિક સહાય મળે તો એ વિસ્તારના વિકાસનો ગ્રાફ ઊંચો જ ચઢવાનો છે તેનો દાખલો કચ્છે બેસાડ્યો.

કચ્છમાં ઔદ્યોગિક ક્રાંતિ થવી એ સ્વપ્ન સમાન માની શકાય. કારણકે જે વિસ્તાર પાણી, ખેતી અને રેલ, એર પરિવહન સહિતની માળખાકિય સવલતો માટે ઝઝુમતો હોય ત્યાંનો અદનો માનવી ક્યારેય વિચારી ન શકે કે તેની પાસે રહેલી જમીનના ભાવ લાખોમાં આવશે. તેના પરિવારના સભ્યો કંપનીઓમાં ટ્રાન્સપોર્ટ, લેબર કે કન્સ્ટ્રક્શન સહિતના કોન્ટ્રાક્ટ રાખતા થશે. ભૂકંપીય સ્થિતિના કારણે ઔદ્યોગિકીકરણની ક્રાંતિની ક્ષિતિજો ખૂલી અને હવે ઉદ્યોગપતિઓ પોતાના મહાકાય એકમોનું વિઝન કચ્છમાં જોઈ રહ્યા છે.

**એક એવું તારણ સામે આવ્યું કે ૨૦૦૦ કરોડના રોકાણવાળા પ્રદેશમાં બે દાયકે ૧.૫૦ લાખ કરોડના ઉદ્યોગોનું ટર્નઓવર થઈ રહ્યું છે.** કચ્છને પીવાના અને સિંચાઈના પાણી આપવા માટેના પ્રયાસો ચાલુ હતા તેમાં તેમણે ઔદ્યોગિક એકમોને ધારાધોરણો મુજબ છૂટ આપી અને પાણીના મામલે ન આવતી ઈન્ડસ્ટ્રીઝના લોકોએ કચ્છ તરફ જોવા માંડ્યું અને રોકાણનો ગ્રાફ ઉપર ચઢ્યો. **૨૦૦૫ના અંતે રોકાણ ૧૩૦૦૦ કરોડને સ્પર્શી ગયું.** ૨૦૦૫થી ૨૦૧૦ના ગાળામાં મુંદ્રા નજીક બે મોટા પાવર પ્લાન્ટ કમિશન્ડ થયા. સિનારીયો ચેન્જ થયો. જમીનોના ભાવ આસમાનને આંબવા લાગ્યા. **ગરીબી રેખા નીચે જીવતા લોકોને તેમની બંજર કહી શકાય તેવી જમીનો અચાનક જ લાખેણી બની ગઈ છે. રૂપિયા ૬૦ હજારથી ૪ લાખ સુધી પ્રતિ એકર એવા ભાવે વેચસાટ શરૂ થઇ અને જમીન માલીકો સમૃદ્ધ થવા લાગ્યા હતા.** મુંદ્રાના નવીનાળ, શિરાયા વિસ્તારમાં અદાણી જૂથનો ૪૬૦૦ મેગવોટનો અને ટાટા જૂથનો ૪૦૦૦ મેગાવોટનો પ્લાન્ટ, ભદ્રેશ્વર પાસે ઓપીજીનો ૩૦૦ મેગાવોટનો પાવર પ્લાન્ટ

નંખાયા. **અદાણી પાવરે ૨૦૦૦૦ કરોડ, ટાટા પાવરે ૧૮૦૦૦ કરોડ અને ઓપીજીએ ૧૫૦૦ કરોડનું રોકાણ કર્યું.**

ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ફોકિઆ)માં નોંધાતા આંકડાઓ જોઈએ તો, ભૂકંપ પહેલા રણકાંધીએ આવેલા ભુજ તાલુકાના હાજીપીરના ખારા પાટમાં મરીન કેમિકલના ઉદ્યોગો હતા. ૨૦૧૦થી ૨૦૧૫નો સમય મરીન કેમિકલ ઇન્ડ્રસ્ટીઝને વેગ આપનારો રહ્યો. **હાજીપીર વિસ્તારમાં બ્રોમિન ઇન્ડસ્ટ્રીઝમાં ૨૫૦૦ કરોડનું માતબર રોકાણ આવ્યું.** ૮૫ ટકા મરીન કેમિકલના ઉત્પાદનના કારણે ભારત વિશ્વમાં ૧૨મા ક્રમે છે. બીજી બાજુ, ત્રણ સુગર પ્લાન્ટ પણ ધમધમતા થયા હતા. સિમેન્ટ, ટેક્સટાઈલ, ખાદ્ય અને ઈન્ડસ્ટ્રીયલ સોલ્ટ, સીમલેસ સિલિન્ડર, શો પાઈપ, ટીમ્બર કન્વર્ઝન ઝોન, ઓટોમોબાઈલ, મિનરલ્સ ઈન્ડસ્ટ્રીઝ માટે ઉદ્યોગકારોએ તેમના એકમો શરૂ કરવામાં પાછું વાળીને ના જોયું. ટેક્સટાઈલમાં અંજાર પાસે વિશ્વનો સૌથી મોટો પ્લાન્ટ સ્થપાયો. સીમલેસ સિલિન્ડરના પ્રોડક્શનમાં વિશ્વનું બીજા નંબરનું સ્થાન મેળવ્યું છે. શો પાઈપ માટે કચ્છ હબ બની ચૂક્યું છે અને નંબર વન પ્રોડક્શન હાઉસ આ જિલ્લો તેના માટે કહી શકાય છે. ઈન્ડસ્ટ્રીયલ સોલ્ટમાં ભારતનું ૭૦ ટકા મીઠું કચ્છના વિસ્તારોને જોડતા અગરો અને એકમોમાં ઉત્પાદિત થાય છે. તો ખાદ્ય મીઠાની ૨૦ રીફાઈનરી ગાંધીધામ, ભચાઉ સહિતના વિસ્તારોમાં ધમધમી છે. દેશમાં ખાદ્ય તેલની ૫૦ ટકા જરૂરિયાત કચ્છમાં સ્થાપિત તેલ એકમો એડીબલ ઓઈલ પૂરું પાડી રહ્યા છે. કંડલા પોર્ટ સેક્ટરને જોડતા આયાતી લાકડાંના ટીમ્બર કન્વર્ઝન ઉદ્યોગના આંકડા પણ કરોડોમાં કારોબાર કરી રહ્યા છે. ૮ થી ૧૦ હજાર કરોડનું લાકડું આયાત થાય છે અને બંદરીય વિસ્તારની નજીક આવેલા ૨૨૦૦ કારખાનાઓમાંથી દેશભરમાં પહોંચે છે. વિનિયર અને સનમાઈકા બોર્ડના કારખાનાઓની સંખ્યા પણ ૧૦૦ સુધી પહોંચી છે. તો ટીએમટી બાર સળીયા પણ કચ્છમાં વાર્ષિક રૂપિયા ૨૦ લાખ ટનનું ઉત્પાદન ધરાવે છે. પેકેજિંગના એકમો પણ વાર્ષિક ૬૦૦ કરોડનું ટર્નઓવર કરે છે. કચ્છની સંસ્કૃતિ સાથે જોડાયેલી હસ્તકલાથી પણ એકાદ લાખ કસબીઓ ૫૦૦ કરોડનો કારોબાર વાર્ષિક ધોરણે કરી જાણે છે.

ભુજ તાલુકાના ખાવડા વિસ્તારમાં કેન્દ્ર સરકાર પુરસ્કૃત સોલાર કોર્પોરેશન, એનટીપીસી જેવી કંપનીઓ અને અદાણી, સુઝલોન તથા અન્ય ખાનગી કંપનીઓના સંયોજનમાં **૬૦ હજાર હેક્ટર જમીનમાં ૪૧૫૦૦ મેગા વોટનો સોલાર રીન્યુએબલ પ્લાન્ટ આવી ચૂક્યો છે** અને સરહદી વિસ્તારને સાચવવા સાથે સામાજિક, આર્થિક બદલાવની ભૂમિકામાં નવી દિશા ચીંધનારો બનશે. **આ વિસ્તારમાં રણ પ્રવાસને પણ એક ઉદ્યોગ જેવા પરીબળ તરીકેનું સ્થાન મેળવ્યું છે** અને તેમાં ગ્રામીણ યુવાન પેઢી રોજગારી મેળવી રહી છે. કચ્છની સંસ્કૃતિને ઉજાગર કરવા લાગી છે. ધોળાવીરાથી ખાવડાના ઘડુલી - સાંતલપુર નેશનલ હાઈવે એવા રોડ ટુ હેવનના લીધે સરકિટ ટુરિઝમનો નવો પહેલુ અમલી બની ચૂક્યો છે. વે ફોરવર્ડનો આયામ અટકે તેમ નથી કારણકે **આગામી પાંચેક વર્ષમાં બે દાયકામાં ન થયું હોય તેવું રોકાણ અંદાજે બે લાખ કરોડનું ફંકશનિંગ થવાની ગણતરી અને ઉદ્યોગ જગતમાં સર્જાયેલા પહેલુઓ પરથી સમજી શકાય છે.**

ફોકિઆના મેનેજિંગ ડિરેક્ટર નિમેષ ફડકે તો ત્યાં સુધી કહેતા રહે છે કે, નવી આર્થિક નીતિ અનુસાર વિશ્વની સારી કેમિકલ કંપનીઓની ભાગીદારી શક્ય બને તેમ **૩૦ હજાર કરોડનું કેમિકલ કોમ્પ્લેક્સ પણ કચ્છમાં આવી શકે છે.** તો માઈનિંગ અને કોલમાં એલ્યુમિના પ્રોજેક્ટ માટેના સારા દિવસો અને બોક્સાઈટ અને કોલના સંયુક્ત ઓક્શનની તૈયારી પણ કચ્છના ઈન્ડસ્ટ્રીયાલિઝમના બારણે ઊભી હોવાનું મનાય છે. **પીવાના પાણી માટે ગુજરાત સરકારની માંડવી મુંદ્રાના દરિયાકાંઠે બે ડી-સેલિનેશન પ્લાન્ટની જાહેરાત જલ્દીથી જલ્દી અમલી બને તે જરૂરી માનવામાં આવે છે.** સાથે જ ભદ્રેશ્વર પાસે ૧૫૦ એમએલડીનો સ્થપાનારો ડી-સેલિનેશન પ્લાન્ટ પણ કચ્છના ઉદ્યોગ જગતનું પાણી બતાવશે. ઉદ્યોગ જગતમાં મંદીની બૂમરાણો વચ્ચે એક તબક્કે એ પણ ચર્ચા સાંભળવા મળતી આવી છે કે, વાયોરથી કોટેશ્વરના ૧૨૦૦ કરોડના રેલવે નવી લાઈનનો પ્રોજેક્ટ, પ્રવાસન, ડિફેન્સ, ઈન્ડસ્ટ્રીયલ વેલફેર સહિતના મામલે આવી રહેલો કારોબાર કલ્પના બહારનો વિકાસ હશે.

## ઇન્ડસ્ટ્રીયલ ટુરિઝમ કચ્છના ભૂકંપના બે દાયકે નવો આયામ બની શકે

કચ્છમાં દેશની સૌથી ઊંચી પવનચક્કી, એફ.એમ.સી.જી., ટેક્સટાઈલ, એગ્રો સહિત સંખ્યાબંધ કંપનીઓ તેમની વસ્તુઓનું ઉત્પાદન કરી રહી છે ત્યારે તેમના એકમો સુધી કચ્છના લોકો અને બહારથી આવતા સહેલાણીઓ સુરક્ષાના ધારાધોરણો સુધી પહોંચે તેમ કંઈક આયોજન કંપનીઓ અને ફોકિઆ, કચ્છની ચેમ્બર્સ સહિતના ઉદ્યોગ સંગઠનોએ કરવાનો અત્યારનો સમય યોગ્ય કહી શકાશે. વૈશ્વિક મંદીના લીધે અમુક એકમો પણ શટડાઉન થઈ ચૂક્યા છે પણ જે એકમો ટકી ગયા છે તેમણે તેમની પ્રોડક્ટની તાકાતનું પ્રવાસન ઊભું કરવું જોઈએ.

કચ્છમાં ભારે જોખમી પ્રકારના ઉદ્યોગો પણ છે અને બિસ્કીટ, સાબુ, સેનીટાઈઝર, પીપીઈ કીટ, માસ્ક બનાવતી કંપનીઓ પણ છે. આવામાં બે પોર્ટ પણ છે અને તેનો કારોબાર મોટો છે. લોકો જાતભાતના ભાષણોમાં ઉદ્યોગીકરણની વાતો સાંભળતા હશે પણ તેમના સુધી પહોંચતી વસ્તુઓ કેમ બને છે તે મેરીટ અને નિયમોના આધારે દર્શાવાશે તો કચ્છમાં સહેલાણીઓ ઈન્ડસ્ટ્રીયલ ટુરિઝમનો પણ લાભ લઈ શકશે અને કંપનીઓનો કારોબાર પણ લોકજીભે ચઢશે. ચોક્કસ, કચ્છના અર્થતંત્રને પણ ફાયદો થશે. આમ, વિકાસ ટકી ગયો છે ત્યારે હવે તેને સમૃદ્ધ કરવા અને આત્મનિર્ભરતા યુગમાં લોકોને પ્રવાસન સાથે જ્ઞાન આપવા માટે આવા આયામો ઊભા કરવા પડશે. ■

# કચ્છનું શિક્ષણ : ‘બ્રાન્ડેડ’ બનવાની અઢળક તકો!



હરેશ ધોળકિયા

જેમ જેમ સમય આગળ વધતો જાય છે, સમગ્ર જગત એક વિરાટ બજાર બનતું જાય છે. તેમ તેમ બધી જ બાબતો કોઈ વિશિષ્ટ નામે ઓળખાવવાની હરીફાઈ શરૂ થઈ છે. દરેકની એક અનોખી ઓળખ બનવા લાગી છે. તેને બજારની ભાષામાં “બ્રાન્ડિંગ” કહેવાય છે. વસ્ત્રો, વસ્તુઓ... બધું જ ‘બ્રાન્ડેડ’ બનવા લાગ્યું છે અને આ બ્રાન્ડિંગનું એટલું તો મહત્ત્વ હોય છે કે તેનો જો કોઈ ઉપયોગ કરે, તો મનાય છે કે, તે વ્યક્તિનું વ્યક્તિત્વ ‘અપ-ટુ-ડેટ’ બની જાય છે. સામાન્ય વ્યક્તિની પણ એક ઓળખ ઊભી થાય છે. અરે! વસ્તુઓ કે સામાન્ય વ્યક્તિઓ જ નહીં, સાધુ સંતો પણ બ્રાન્ડેડ બનવા લાગ્યા છે. કોઈ એમ કહે કે તે ફલાણા ફલાણા સંતના શિષ્ય છે, તો તેનો વટ પડી જાય છે! અથવા કોઈ કહે કે પોતે કોઈ ખાસ સંસ્થાના સભ્ય છે, તો બધા તેના તરફ આભા થઈ જોઈ રહે છે.

પરિણામ એ આવ્યું છે કે બધા જ પોતાને બ્રાન્ડિંગમાં ઢાળવા લાગ્યા છે અને તેનો ભોગ શિક્ષણ પણ બન્યું છે. કોઈ શૈક્ષણિક સંસ્થા “અ” વિષયમાં શ્રેષ્ઠ છે કે બીજી સંસ્થા “બ” વિષયમાં માસ્ટર છે એમ જાહેરાત કરે છે. એટલે કોઈએ આ ‘અ’ કે ‘બ’ વિષયમાં નિષ્ણાત થવું હોય તો એ સંસ્થામાં જ પ્રવેશ મેળવવો રહે છે. એટલે આવી બ્રાન્ડેડ સંસ્થાઓમાં પ્રવેશ મેળવવાની હોડ લાગે છે. અને તેને જોઈ બીજી સંસ્થાઓ પણ પોતાને કોઈ એક બાબતમાં બ્રાન્ડ બનવાનો પ્રયાસ કરે છે.

આ બાબત એક સંદર્ભમાં ખોટી નથી. તેના કારણે શૈક્ષણિક સંસ્થા તે એક બાબતમાં ગુણવત્તાયુક્ત બને છે. તેનું શિક્ષણ ઉત્તમ બને છે. તેમાંથી બહાર પડતા વિદ્યાર્થીઓ તે વિષયમાં નિષ્ણાત તરીકે કામ કરી શકે છે. આજે ભારતની આઈ.આઈ.ટી. કે આઈ.આઈ.એમ. સંસ્થાઓ એક સંદર્ભમાં મેનેજમેન્ટ કે ટેકનોલોજી બાબતે બ્રાન્ડેડ સંસ્થાઓ છે. તો અમેરિકામાં હાર્વર્ડ યુનિવર્સિટી જેવી કેટલીક સંસ્થાઓ પણ અમુક વિષયમાં શિક્ષણ લેવા બાબતે બ્રાન્ડેડ છે. તેમાંથી બહાર આવતા વિદ્યાર્થીઓ વૈશ્વિક સંદર્ભમાં જાણીતા થાય છે.

આપણે તો કચ્છનો વિચાર કરીએ. કચ્છમાં એવા કોઈ વિષયો કે મુદ્દાઓ છે, જેમાં કચ્છની શૈક્ષણિક સંસ્થાઓ કે યુનિવર્સિટી બ્રાન્ડિંગ કરી શકે?

થોડો વિચાર કરીએ તો તે શક્ય છે એવું દર્શન થાય છે. કચ્છ એક વિશિષ્ટ ભૌગોલિક અને સાંસ્કૃતિક પ્રદેશ છે. ભલે અહીં ભારતીય સંસ્કૃતિ જ છે, પણ વિશિષ્ટ ભૌગોલિક સ્થિતિના કારણે કેટલીક બાબતો અહીં જે છે તે બીજે જોવા નથી મળતી. આ બાબતને જો શિક્ષણમાં બ્રાન્ડિંગ બનાવવામાં આવે તો સમગ્ર જગતમાં વિદ્યાર્થીઓ અને સંશોધકો આકર્ષી શકાય તેમ છે. થોડા પર વિચાર કરીએ.

**સૌથી પહેલાં આવે છે કચ્છનું ભૂસ્તર.** સમગ્ર જગતમાં જે વિશિષ્ટ ભૂસ્તરો છે, તેમાં કચ્છનું પણ એક આગળ પડતું ભૂસ્તર છે. આ પ્રદેશ કરોડો વર્ષ પુરાણો છે. તેનું ભૂસ્તર, તેની જમીન, તેના ડુંગરા વગેરે સમગ્ર જગતના સંશોધકોને સતત આકર્ષતું રહ્યું છે. સૌથી પ્રાચીન સંસ્કૃતિ ‘ધોળાવીરા સંસ્કૃતિ’ અહીં આવેલ છે. આ બે નો – ભૂસ્તર અને ધોળાવીરા સંસ્કૃતિનો ઉપયોગ કરી જો યુનિવર્સિટી કક્ષાએ અભ્યાસક્રમ તૈયાર થાય અને તેમાં વૈશ્વિક કક્ષાના પ્રાધ્યાપકો મૂકવામાં આવે, તો સમય જતાં યુનિવર્સિટીનો આ વિભાગ વૈશ્વિક કક્ષાએ જાણીતો થાય અને સમગ્ર જગતના સંશોધકો અહીં આવી સંશોધન કરે.

સદ્‌ભાગ્યે, કચ્છ યુનિવર્સિટીમાં આ બાબતે વિભાગ તો શરૂ કરવામાં આવ્યો છે. તેમાં, હજી શરૂઆત હોવાથી, પ્રાથમિક કક્ષાએ સંશોધન પણ શરૂ થયું છે. વળી, તેના પ્રાધ્યાપકો ઉત્સાહી હોવાથી રાષ્ટ્રીય અને વિશ્વ કક્ષાના સંશોધકોને આકર્ષવામાં પણ સફળ થયા છે. તેમાં પણ ૨૦૦૧ના ભૂકંપ પછી તો સહજ રીતે સંશોધકો અહીં આવતા રહ્યા છે. હવે તેમને આ વિભાગનો ટેકો મળવો શરૂ થયો છે. તેથી સંશોધન વધતું જાય છે. સ્થાનિક વિદ્યાર્થીઓ પણ અહીં અભ્યાસ કરતાં કરતાં તેમના સંપર્કમાં આવે છે અને તેઓ પણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સેમિનારો વગેરેમાં ભાગ લઇ નિષ્ણાત બનવા તરફ આગળ વધે છે.

પણ હવે જેની જરૂરત છે તે છે આ અભ્યાસક્રમને બ્રાન્ડેડ બનાવવો. આ અભ્યાસક્રમનું એ સ્તરે વિશિષ્ટીકરણ (સ્પેશિયલાઇઝેશન) કરવામાં આવે કે આ વિશિષ્ટીકરણનો જો અભ્યાસ કરવો હોય તો સમગ્ર જગતના વિદ્યાર્થીને આ યુનિવર્સિટીના આ વિભાગમાં જ પ્રવેશ મેળવવો પડે. કેમ લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ કે મેસેચ્યુસેટ્સ યુનિવર્સિટીઓ પોતપોતાના વિષયમાં આંતરરાષ્ટ્રીય બ્રાન્ડિંગ ધરાવે છે, તેમ આ ભૂસ્તર વિભાગમાં કચ્છ યુનિવર્સિટીનો આ વિભાગ જ વૈશ્વિક

સ્તરને આકર્ષે. ભવિષ્યમાં નોબેલ ઇનામ સંસ્થાને ધ્યાન આપવું પડે તેવા સંશોધકો આ સંસ્થા આપે. કચ્છના શિક્ષણ જગતમાં આ વિભાગ કે મુદ્દો શ્રેષ્ઠ બ્રાન્ડિંગ કરી આપે તેવો છે. જરૂર છે તે સ્તરે વિચારવાની અને આયોજન કરવાની.

**એવો બીજો વિભાગ છે "હસ્તકળા."** કચ્છની હસ્તકળા એક વિશિષ્ટ ભાત ધરાવે છે. અહીં માત્ર સંખ્યાની દૃષ્ટિએ જ નહીં, પણ ગુણવત્તા અને વૈવિધ્યની દૃષ્ટિએ પણ હસ્તકળાઓ જુદી પડે છે. થોડા વર્ષોથી તેના વિકાસ માટે અલબત્ત અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ કે સરકાર કામ કરે છે. પણ તેને બ્રાન્ડેડ બનાવવાની દિશામાં કોઈ વિચાર થયો હોય તેવું દેખાતું નથી. ફેશનની દૃષ્ટિએ તેમાં પ્રયોગો થઈ રહ્યા છે કે તેનાં મ્યુઝીયમો પણ ઊભા થઈ રહ્યાં છે, પણ તેને "વૈશ્વિક બ્રાન્ડ" બનાવવાનો કોઈ ગંભીર વિચાર થતો નથી દેખાતો. મોટાભાગે તેનો રોજગારીની દૃષ્ટિએ જ વિચાર કરવામાં આવે છે. પણ જો બ્રાન્ડની દૃષ્ટિએ વિચાર કરાય, તો એક અલગ છાપ ઊભી થાય જે રોજગારીને પણ અનેકગણો ફાયદો કરી આપે. આ ક્ષેત્રમાં ઉત્તમ લોકો કામ કરે છે, પણ તેમણે હવે આ બ્રાન્ડ વેલ્યુ સંદર્ભે વિચાર અને આયોજન કરવાની તાતી જરૂર છે. તે વિશે કોઈ ખાસ શૈક્ષણિક સંસ્થા ઊભી કરવાની જરૂર છે જ્યાં આ બાબતનું જ શિક્ષણ અને સંશોધન કરાય. તેની જ તાલીમ અપાય.

**ત્રીજો વિભાગ છે દરિયો.** સમગ્ર ભારતમાં માત્ર કચ્છ પાસે જ સૌથી લાંબો દરિયા કિનારો છે. આ દરિયામાં પણ અનેક વૈવિધ્ય છે. આ દરિયો અનેક એવી બાબતો સમાવી બેઠો છે જેનું સંશોધન હજી રાહ જુએ છે. માત્ર એક જ બાબત તરફ ધ્યાન ખેંચીએ કે માંડવી કિનારે આટલી રેતી શા માટે ખેંચાઈ આવે છે? શું અહીં કોઈ ભૂગર્ભ દરિયાઈ પ્રવાહ પસાર થાય છે? તે રેતી ખેંચી લાવે છે? માંડવીનું બંદર આજ સુધી, ઉત્તમ બંદર હોવા છતાં, તેના કારણે હેરાન થયા કરે છે, પણ આ બાબતે કોઈ સંશોધન થયું હોય તેવો ખ્યાલ નથી. આ અને આવી અનેક બાબતોનો અભ્યાસ કરતી આંતરરાષ્ટ્રીય સ્તરની એક શૈક્ષણિક સંસ્થા ઊભી કરવામાં આવે તો જગતભરના વિદ્યાર્થીઓ અને સંશોધકો અહીં દોડતા આવે.

**એવો જ એક ધ્યાન ખેંચતો ચોથો મુદ્દો છે કચ્છની કોમો.** એક અદ્ભુત સમાજશાસ્ત્રીય મુદ્દો. અહીં કોમોનું વૈવિધ્ય છે તે વિશ્વના સમાજશાસ્ત્રીઓને આકર્ષતું રહ્યું છે. તેઓ તેનો અભ્યાસ કરે છે. પણ તેમને સ્થાનિક સ્તરે ખાસ માહિતી કે મદદ નથી મળતી. પણ જો યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં માત્ર આ મુદ્દા આધારિત અભ્યાસક્રમ અપાય અથવા કોઈ ખાસ સંસ્થા ઊભી કરવામાં આવે, તેના પર ઘનિષ્ટ સંશોધન કરાય, તેને બ્રાન્ડ બનાવાય, તો સમગ્ર જગત આકર્ષાવા તૈયાર છે. સંશોધકો ઠલવાઈ જશે અહીં.

**અને તેવો જ પાંચમો મુદ્દો છે કચ્છનું રણ.** જગતનું એકમાત્ર વિશિષ્ટ રણ. જગતના બધા જ રણોને અંગ્રેજીમાં 'ડેઝર્ટ' કહેવામાં આવે છે. માત્ર આ એક જ રણને અંગ્રેજીમાં પણ 'રન' જ કહેવાય છે. કેમ? કંઈક તો વિશિષ્ટતા હશે જ ને! અને જો તે હોય, તો તે પણ એક બ્રાન્ડ ન બની શકે? તેનું પણ વિશિષ્ટ શિક્ષણ ન આપી શકાય? ઇઝરાયેલમાં આ રણ હોત તો ક્યારનુંય વિશિષ્ટ બ્રાન્ડ બની ગયું હોત.

એવી રીતે ભૂકંપ, દુકાળ જેવા મુદ્દાઓ પણ બ્રાન્ડેડ અભ્યાસક્રમો બની શકે તેમ છે. વિશ્વની જે જે યુનિવર્સિટીઓમાં આ અભ્યાસક્રમો ભણાવાય છે તેમની સાથે જોડાણ કરી તેને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ બનાવી શકાય તેમ છે. ઉદાહરણરૂપે મરીનના અભ્યાસક્રમને ગોવાની ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઓશનોલોજી સાથે જોડી શકાય. હસ્તકળાને વિશ્વમાં આદિવાસી મ્યુઝીયમો સાથે જોડી શકાય વગેરે.

કચ્છની વિશિષ્ટતાઓ જોતાં તો તેના પાસે - યુનિવર્સિટી અને કોલેજો પાસે - અઢળક તકો છે. સામાન્ય અભ્યાસક્રમો ભલે ચાલે, પણ કેટલાક અભ્યાસક્રમો એવા ઊભા કરાય કે તે આંતરરાષ્ટ્રીય કક્ષાના – બ્રાન્ડેડ હોય – અને તેનો અભ્યાસ કરવા કેવળ ને કેવળ કચ્છની શૈક્ષણિક સંસ્થાઓમાં જ આવવું પડે. ટકોરાબંધ સંશોધકો અને સાહિત્ય અહીંથી જ મળે.

આ બધા પર અત્યારે માત્ર રોજગારીના સ્તરે જ ચિંતન કરવામાં આવે છે. તે કદાચ જરૂરી છે, પણ ત્યાંથી અટકી જવાની જરૂર નથી. તેનું આંતરરાષ્ટ્રીય કક્ષાનું બ્રાન્ડિંગ કરી તેના પર શિક્ષણ આપી શકાય તેવી વ્યવસ્થા કરવાની જરૂર છે. આ મુદ્દાઓ પર અત્યારે પણ 'કાઝરી' કે 'ગાઈડ' જેવી સંસ્થાઓ કે કચ્છ યુનિવર્સિટીમાં પણ કામ થાય છે, પણ તેને 'રૂટીન' માની કામ કરાય છે. તેમાં 'વિઝન' ભેળવી, તેને 'બ્રાન્ડિંગ' બનાવી, જગત સામે મૂકાય, તો આહા! આ જ બાબતો વૈશ્વિક સ્તરની બની જાય.

કચ્છની જમીન, સંસ્કૃતિ, લોકો, કચ્છી બોલી, રણ... આ બધું આપણા શૈક્ષણિક જગત સામે પડકાર ફેંકે છે. તે કહે છે કે, "અમે વિશિષ્ટ છીએ, અમને સામાન્ય ન સમજો. અમારો વિશિષ્ટ રીતે - બ્રાન્ડિંગ કરીને – ઉપયોગ કરાય તો કચ્છ બહુ થોડા સમયમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું શૈક્ષણિક 'હબ' બની શકે તેવી તાકાત ધરાવે છે."

કચ્છના વિઝનરી લોકો સામે આ પડકાર છે. સાથે મળી આ કામ ઉપાડાય તો આવતીકાલે કચ્છમાં પણ હાર્વર્ડ જેવી જ સુગંધ આવવાની શરૂ થઈ જાય. સમગ્ર કચ્છને બ્રાન્ડ બનાવી તેને વૈશ્વિક બનાવો. ખાતરી રાખવી કે કચ્છની શૈક્ષણિક સંસ્થાઓની એવી તો માંગ વધી જશે કે સમગ્ર જગતના સંશોધકો, વિદ્યાર્થીઓ અને જિજ્ઞાસુઓ તેનો લાભ લેવા દોડતા આવશે! ■

# કચ્છનું રણ સફેદ રણ કેમ છે?



સંકલન : ચૌલા કુરૂવા

***કચ્છનો રણ મહોત્સવ દુનિયામાં લોકપ્રિય થઈ ગયેલ છે. તો આ કચ્છનું રણ સફેદ રણ કેમ છે? White Rann : કચ્છનું રણ સફેદ કેમ છે? નિષ્ણાતોએ જણાવ્યું રહસ્ય!...***

આજે દર વર્ષે લાખો પ્રવાસીઓને પોતાની તરફ આકર્ષિત કરતું કચ્છનું સફેદ રણ એક સમયે રણ નહીં પરંતુ સમુદ્ર હતો જેની આસપાસ હજારો નદીઓ વહેતી. સફેદ રણ બનવા પાછળ રસપ્રદ કહાની છે.

છેલ્લા બે દાયકામાં કચ્છના સફેદ રણ તરફ દેશ વિદેશના પ્રવાસીઓ આકર્ષાયા છે. દૂર દૂર સુધી કંઈ ન દેખાય અને માત્ર અફાટ સફેદ જમીન દેખાતી હોય એવા આ રણને પહેલી વખત જોઈને સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ જાય છે. પણ શું તમને ખબર છે કે આ રણ સફેદ કેમ છે?

લોકો કહેશે કે મીઠાના કારણે આ રણ સફેદ છે. પણ આ મીઠું અહીં આવ્યું કઈ રીતે? અને શું પહેલાથી જ આ જમીન આવી હતી? એવી કઈ પ્રાકૃતિક ઘટનાઓ સર્જાઈ જેથી એક સમયે વિશાળ સાગર અને હજારો નદીઓની ભૂમિ પર આજે મીઠાના થર જામી ગયા અને તે સફેદ રણ બની ગયું.

*કચ્છ યુનિવર્સિટીના પૃથ્વી અને પર્યાવરણ વિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ. મહેશ ઠક્કરે અને નિષ્ણાતોએ જણાવ્યા અનુસાર...*

- **૫૦૦૦ વર્ષ પહેલા સફેદ રણ કેવું હતું?**

ચંદ્રની સપાટી સમું સફેદ રણ આજથી પાંચ હજાર વર્ષ પહેલાં પણ શું આવું જ હતું? તે જાણવા અનેક સંશોધકોએ રીસર્ચ કર્યા. ભૂસ્તરશાસ્ત્રીઓએ ઇતિહાસમાં મળતા પુરાવા ખૂંદી જાણ્યું છે કે પાંચ હજાર વર્ષ પહેલાં હડપ્પા સંસ્કૃતિના અવશેષો જે મળી આવ્યા છે તે મુજબ આ વિસ્તારમાં કોઈ રણ ન હતું. પરંતુ અહીં વિશાળ સાગર હતું જે હડપ્પા સંસ્કૃતિના એક મુખ્ય મથક ધોળાવીરા સુધી સીમિત હતું. તો ધોળાવીરાની આસપાસ હજારો નદીઓ વહેતી હતી. જેમાં એ સમયે ઇન-લેન્ડ નેવિગેશન સિસ્ટમ દ્વારા લોકો ધોળાવીરાથી હડપ્પા સંસ્કૃતિના અન્ય મથકો સુધી વેપાર કરતા.

- **૩૫૦૦ વર્ષ પહેલા સફેદ રણ કેવું હતું?**

સંશોધકોએ ત્રણથી ચાર હજાર વર્ષ જૂના અથર્વવેદનો અભ્યાસ કર્યો. જેમાં કચ્છનો ઉલ્લેખ એક મોટા ટાપુ તરીકે કરવામાં આવ્યો છે. જેની ચારેય તરફ પાણી હતું. સિંધ અને કચ્છની વચ્ચે જ્યાં આ અફાટ રણ આવેલું છે તેને સિંધુ સાગર કહેવામાં આવ્યું છે. તો તેની આસપાસ વહેતી નદીઓમાં પણ સર નદી અને કોરી નદીનો ઉલ્લેખ જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે, આજે આ નદી ક્રીક બની ગઈ છે અને સર ક્રીક ભારતનો પશ્ચિમી ખૂણો છે.

- **૨૦૦૦ વર્ષ પહેલાં સફેદ રણ કેવું હતું?**

આજથી અંદાજે બે હજાર વર્ષ પહેલા એકેલઝાન્ડર ધ ગ્રેટ જેને સિકંદરના નામે પણ ઓળખવામાં આવે છે, તે વિશ્વને કબજે કરવા નીકળ્યો હતો. ઇરાન, ઇરાક જેવા અનેક દેશો જીત્યા બાદ જ્યારે તે ભારતમાં પ્રવેશ્યો ત્યારે કચ્છમાં પ્રવેશ કરવો તેના માટે મુશ્કેલ બન્યું હતું. ઇતિહાસકારોએ વર્ણવ્યું છે કે સિંધ અને કચ્છ વચ્ચે છીછરા પાણીનો એક વિશાળ પ્રદેશ હતો, જેને પાર કરવો તેની લાખોની સેના માટે મુશ્કેલ હતું.

- **૧૦૦૦ વર્ષ પહેલાં સફેદ રણ કેવું હતું?**

ઇતિહાસમાંથી મળતા પુરાવાઓ મુજબ સૌરાષ્ટ્રના કાઠી રાજાઓને સિંધ જવું હોય અને જ્યારે સિંધના રાજાઓને સૌરાષ્ટ્ર તરફ જવું હોય ત્યારે તેઓ કચ્છમાંથી પ્રવેશ કરતા નહીં કારણકે છીછરા પાણીમાં તેમની બોટ પણ ચાલે તેમ ન હતી અને તેઓ પગપાળા ચાલી શકે તેવી પણ ભૂમિ આ ન હતી. માટે તેઓ લાંબો ફેરો ખાઈ રણને ફરીને પ્રવાસ પૂરો કરતા હતા.

- **૨૫૦ વર્ષ પહેલાં સફેદ રણ કેવું હતું?**

ઝારાના યુધ્ધ વિશે અનેક લોકો જાણતા હશે. ૧૭૬૨માં સિંધના ગુલામશા ક્લોરાને કચ્છની રાજકુમારી પસંદ આવતાં તેણે લગ્નની સાથે બંને રાજ્યોની સંધિ કરવાનો પ્રસ્તાવ મૂક્યો. કચ્છના રાજવીએ આ માંગ ન સ્વીકારતાં ગુલામશા ક્લોરાએ કચ્છ પર ચઢાઈ કરી હતી અને લખપતની ઉત્તર તરફ ઝારાના ડુંગર નીચે યુધ્ધ થયું હતું. આ યુધ્ધનો ઉલ્લેખ કરતાં ઇતિહાસકારો જણાવે છે કે આ પ્રદેશમાં મીઠું પણ છીછરું પાણી હતું જેમાં ચોખાની ખેતી થતી હતી. આ પ્રદેશને કચ્છીમાં સાયરા કહેવામાં આવે છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૭૩ ઉપર)

# ધોળાવીરાના ખેડૂતોની કથા અને વ્યથા



લીલાધર માણેક ગડા 'અધા'

આધુનિક કચ્છ આજે પ્રાંતીય, રાષ્ટ્રીય સીમાડાઓ વટાવી આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધ થયું છે. પાંચ દાયકા અગાઉનું સૂક્કુંભઠ્ઠ, વેરાન કચ્છ આજે લાખો સહેલાણીઓ, પ્રવાસી, કલા રસિકોનું માણવાલાયક સ્થળ બન્યું છે. કચ્છને વિશ્વવિખ્યાત બનાવવામાં ઘણાં બધા પરિબળોએ ભાગ ભજવ્યો છે. ઘણાં જૂનાં સ્થળોનું નવીનીકરણ થયું છે, જાળવણી થઈ રહી છે અને કેટલાક નવા સ્થળો, આર્ટ ગેલેરીઓ, પ્રવાસન સ્થળો નિર્માણ પામ્યા છે. **કચ્છમાં જૂના અને નવા સ્થળો જે આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રસિદ્ધ થયા છે તે છે, વૈશ્વિક સંસ્કૃતિની ધરોહર ધોળાવીરા અને નવું સ્થળ છે કચ્છનું સફેદ રણ.**

કચ્છનું રણ સ્વયં એક અજાયબી છે. કચ્છ અને સિંધ વચ્ચેનો આ વિસ્તાર રકાબી જેવા આકારનો છે. વૈશાખ - જેઠ મહિનામાં વાયરાના સહારે અરબી સમુદ્રમાં મોટી ભરતી આવે ત્યારે સમંદરના ખારા પાણી કિનારાઓ વળોટી રકાબી જેવા પ્રદેશમાં પ્રવેશે છે. અષાઢીએ વરસાદના પાણી પણ એમાં ભરાય છે અને એ પાણી વિસ્તારમાં સચવાઈ રહે છે. ફેબ્રુઆરી મહિનાથી તાપમાન વધે છે. પાણીનું બાષ્પીભવન થાય છે અને ખારાશ મીઠા સ્વરૂપે વિસ્તારમાં સચવાઈ રહે છે. એટલે આખો વિસ્તાર સફેદ મીઠાના ગાંગડાઓથી ભરાઈ જાય છે. આને રણ પ્રદેશ કહે છે અને જ્યાં મીઠાના ધરો - ધવલ પ્રદેશ બને છે તે છે સફેદ રણ (White Desert). ભુજથી ૮૫ કિ.મી. ઉત્તરમાં ધોરડો પાસે આજથી એક દાયકા અગાઉ એ વિસ્તારને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવ્યું. એ સ્થળ સફેદ રણ તરીકે જગપ્રસિદ્ધ થયું છે.

કચ્છના રણમાં નાના મોટા ટાપુઓ છે. આ જમીન ઊંચી હોવાથી રણમાં પાણી હોય ત્યારે આ ટાપુઓ કે બેટો ડૂબાણમાં નથી જતા. આ ટાપુઓ છે : **છાડબેટ** (જે પાકિસ્તાનના કબજામાં છે અને ત્યાં ચાર મહિના ભરવાડોની વસતી રહે છે), **કુંવર બેટ, બીઅર બેટ, પગડી બેટ, મોરી બેટ, શક્તિ બેટ, ભંજડો બેટ** ઇત્યાદિ. કુંવર બેટ કે મોરી બેટ પર આછી-પાંખી વસ્તી રહે છે. કચ્છના રણમાં સૌથી મોટો અને વસતી ધરાવતો ટાપુ છે ખડીર. **પંદર ગામડાં અને વાંઢોના ખડીર ટાપુની વસતી છે પંદર હજારની.** અહીં ખેતીવાડી અને પશુપાલન બે જ વ્યવસાયો છે. મુખ્યત્વે વસતી છે આહિર, પટેલ, કોળી તથા હરિજન અને જૂજ પ્રમાણ ગઢવી અને મુસલમાનોનો વસવાટ છે. ખડીર બેટ આમ તો બાકી દુનિયાથી સાત મહિના વિખૂટું રહેતું હતું અને માત્ર પાંચ મહિના – ફેબ્રુઆરીથી જૂન ઊંટ સવારી વડે મેઈન લેન્ડ સાથે અવર-જવર શક્ય હતી. ૧૯૬૫ના ભારત-પાક વચ્ચે કચ્છના છાડબેટ સંબંધે યુદ્ધ છેડાયું ત્યાર પછી ખડીરના અમરાપર અને રાપર તાલુકાના શિરાણીવાંઢ વચ્ચે રણપાર રસ્તો બન્યો અને જીપ કે મોટા વાહનથી અવરજવર શક્ય બની.

ખડીર ટાપુના પૂર્વ છેડે અમરાપર ગામ છે અને આશરે ૪૦ કિ.મી. દૂર પશ્ચિમ છેડે ધોળાવીરા ગામ છે. ધોળાવીરાથી રણ રસ્તે ખાવડા ૩૦ કિ.મી. થાય, જેમાં ૧૩ કિ.મી. રણ પાર કરવાનું હોય છે. ધોળાવીરાથી કાઢ વાંઢ રણ વાટ અને ત્યાંથી ૧૭ કિ.મી. ખાવડા જમીન રસ્તો છે. ખાવડાથી ધોળાવીરા અત્યાર સુધી ૨૨૦ કિ.મી. પ્રવાસ નવા રસ્તે ૧૯૦ કિ.મી. ઘટીને માત્ર ૩૦ કિ.મી. થાય છે. આ રસ્તે પ્રવાસ કરવાની ૪ જાન્યુઆરીના તક મળી. આદરણીય ડૉ. પ્રકાશ આમ્ટે દંપતીને ખાવડાથી નવા રસ્તે ખડીરનો પ્રવાસ કરાવ્યો હતો.

વિશ્વથી તદ્દન અજાણ્યો અને કચ્છના અન્ય વિસ્તારોથી અજાણ એવો મલક ૧૯૭૦-૭૧ દરમિયાન એકાએક વિશ્વના નકશા પર તરી આવ્યો.

***૧૯૬૯ના વરસમાં ખડીરમાં દુષ્કાળ પડ્યો. ખેતી પર નભતી પ્રજાને ભૂખમરો વેઠવાનો સમય આવ્યો. સરકારે ખડીરનાં ગામડાં માણસોને મજૂરી આપવા માટે માટીકામ (રાહતકાર્યો) શરૂ કર્યાં. ધોળાવીરામાં માટીકામ કરતી વખતે માટીનાં વાસણો મળ્યા. હાજરી કારકુન શંભુદાન ગઢવીએ માટીકામ રોકાવ્યું અને ભુજ મ્યુઝીયમના ક્યુરેટરને એની જાણ કરી અને સાથે સાથે જિલ્લા વિકાસ અધિકારીને પણ માહિતી આપી. આ વિગતો વડોદરાના પુરાતત્ત્વ વિભાગ સુધી આપવામાં આવી. પુરાતત્ત્વ વિભાગના આલા અફસરો ધોળાવીરા આવ્યા. આ સમય દરમિયાન થોડા ગ્રામજનોએ આડેધડ ખોદકામ કરી માટીનાં વાસણો અને અન્ય વસ્તુઓ લઈ ગયા જેની એમને કોઈ કિંમત ન હતી. પુરાતત્ત્વ વિભાગ સફાળું જાગ્યું અને જરૂરી વિસ્તારને***

*કોર્ડન કરી લેવામાં આવ્યો અને એના ફરતે કાંટાળી વાડ નાખવામાં આવી. પુરાતત્ત્વ વિભાગે પોતાના નિયમો અને પદ્ધતિ પ્રમાણે ખોદકામ કરવા અધિકારીઓની નિમણુંક કરી, પણ પ્રાથમિક સુવિધાઓને અભાવે અધિકારીઓને ધોળાવીરામાં ફાવ્યું નહીં. ધોળાવીરાનાં સદ્‌ભાગ્યે અહીં પુરાતત્ત્વ વિભાગે શ્રી એસ. એસ. બિસ્તની નિમણુંક કરી. શ્રી બિસ્તને ધોળાવીરાનાં ટેકરા અને આસપાસના વિસ્તારમાં બહુ જ રસ પડ્યો. તેઓ ધોળાવીરાનું મહત્ત્વ સમજી શક્યા અને એમણે ધોળાવીરાનાં અવશેષો પરથી ધૂળ હઠાવી ધોળાવીરાને ધબકતું કર્યું. એમના માનસપટ પર આજથી પાંચ હજાર વર્ષ પહેલાનું સિંધુ સંસ્કૃતિની ધજા ફરકાવતું ધોળાવીરા નીખરી આવ્યું.*

પાંચ હજાર વર્ષો પૂર્વેની સિંધુ સંસ્કૃતિનાં બે મહત્ત્વના અવશેષ નગરો મોંએ-જો-ડેરો અને હડપ્પા સિંધ-પાકિસ્તાનમાં છે. એ સંસ્કૃતિના એનાથી વધારે મહત્ત્વ ધરાવતા ધોળાવીરાના ભવ્ય ભૂતકાળને ઉજાગર કરવાની હામ બિસ્ત સાહેબે ભરી કારણકે હડપ્પા અને મોંહે-જો-ડેરો સ્થાનીય નગરો હતા, જ્યારે ધોળાવીરા સિંધ પ્રદેશ બહારના વિશ્વ સાથે જોડાયેલું બંદર હતું.

૧૯૭૫થી ૧૯૮૫ એ દસ વર્ષ દરમિયાન શ્રી એસ. બિસ્તસાહેબે કરેલી કામગીરી રંગ લાવી. પુરાતત્ત્વ અવશેષો અંગે સંશોધન કરનારાઓ, ઇતિહાસવિદો ધોળાવીરાની મુલાકાતે આવવા લાગ્યા. વાહન વ્યવહાર, રાત્રિરોકાણ અને અન્ય સુવિધાઓના અભાવ વચ્ચે ધીમે ધીમે ધોળાવીરા વિકસતું હતું. ૧૯૮૫ અને ત્યાર પછી ૧૯૯૦માં ધોળાવીરા નીરખવાની મને તક મળી હતી. ત્યારે ધોળાવીરામાં પ્રવાસીઓની સંખ્યા જૂજ પ્રમાણમાં હતી. સામખિયાળી અથવા ભચાઉથી રાપર સુધીનો માર્ગ રસ્તો ઠીકઠાક હતો પરંતુ રાપરથી બાલાસર - શીરાણી વાંઢ અને ત્યાંથી ૧૦ કિ.મી. રણ રસતો અમરાપર સુધી એટલે રાપરથી ખડીરનું અમરાપર ૬૫ કિ.મી. અને અમરાપરથી ધોળાવીરા ૩૫ કિ.મી. એટલે કુલ ૯૦ કિ.મી. રસ્તો કાપતા સાડા ત્રણ કલાક જેટલો સમય લાગતો.

● **ખેડૂતોને અન્યાય :**

ધોળાવીરાનો ધીમે પગલે વિકાસ થતો ગયો. ૧૯૯૦ પછી રસ્તાઓ પાકા થયા. વિદ્યુત પુરવઠો નિયમિત થયો. ધરતીકંપ પછી ધોળાવીરાનું નવનિર્માણ શ્રી પ્રમોદ મહાજનના નેતૃત્વ હેઠળ દિલ્હી અર્ધસરકારી સંસ્થા HUDCO એ કર્યું. ઘણી બધી માળખાકીય સુવિધાઓ ઊભી થઈ, પરંતુ ૧૯૭૦-૭૧ દરમિયાન સરકારના પુરાતત્ત્વ ખાતાએ જે ખેતરો હસ્તગત કર્યા હતા તે અંગે ૨૦૦૪ સુધી સરકારે કોઈ પણ ચોક્કસ કાર્યવાહી કરી ન હતી. ભારત સરકારે ૧૯૮૪માં પુરાતત્ત્વ અવશેષોના ખોદકામ, જાળવણી, સંશોધન અને પ્રવાસન માટે જમીન અધિગ્રહણ કરવાનો, પ્રાપ્ત કરવાનો કાયદો પસાર કર્યો હતો જે કાયદો કચ્છમાં વીસ પર્ષ પછી એટલે કે ૨૦૦૪માં લાગુ કરવામાં આવ્યો અને એ અન્વયે ૨૧ સપ્ટેમ્બર, ૨૦૦૪માં નાયબ કલેક્ટર - અંજારે ગુજરાત સરકાર વતી ૭૪.૧૫ એકર (૩૪.૬૭ હેક્ટર) જમીન (૨૦ ખેતરોની) હસ્તગત કરવાની નોટીસ બહાર પાડી. જે માટે સરકારે એના જડ મહેસૂલી નિયમોને વળગી રહી એકર દીઠ માત્ર રૂ. ૩૬૪૬/-નું વળતર જાહેર કર્યું. ખેડૂતોએ એ સ્વીકાર્યું નહીં. સરકારે સામ-દામની નીતિ અપનાવી. ત્યારના સરપંચે પોતાની આશરે બે એકર જમીનનું વળતર સ્વીકાર્યું જ્યારે બાકીના બાર ખેડૂતોએ આશરે ૭૨ એકર જમીન માટે વળતર સ્વીકારવાની ના પાડી. ખેડૂતોની આ લડતમાં કોઈ પણ લોક પ્રતિનિધિ, સંસ્થા, એન.જી.ઓ. કે વગદાર માણસોએ સાથ આપ્યો નહીં. **બાર ખેડૂતોમાંથી મોટાભાગે હરિજન, દલિતો, કોળીઓ હતા અને તેઓ અસંગઠિત હતા. એકાદ-બે જાગૃત ખેડૂતોએ અન્યાય થયો છે એવા ખેડૂતોને એકત્રિત કર્યા અને છેવટે કોર્ટનો આશરો લીધો અને આજે સોળ વર્ષ થયાં ધોળાવીરાના ૧૨ ખેડૂતો ન્યાયની આશાએ ધોળાવીરામાં મજૂરી કરે છે. મજૂરી ન મળે ત્યારે બેકાર રહે છે.**

આ વીસ ખેતરોના માલીક બાર ખેડૂતો છે. કુલ ૭૪.૧૫ એકર સંપાદિત જમીન પૈકી ૭૨ એકર જમીનનું રૂા. ૩૬૪૬/- એકર દીઠનું વળતર બાર ખેડૂતોએ સ્વીકાર્યું નથી. આ ખેડૂતોની આજે શું હાલત છે એના પર એક નજર કરીએ.

એમની જમીન આડે વાડ બાંધી ખેતી ન થઈ શકે એવી પરિસ્થિતિ ૧૯૭૪ની આસપાસ નિર્માણ થઈ હતી. પુરાતત્ત્વ વિભાગ તરફથી ખોદકામ થતું હતું ત્યારે આ પરિવારો મજૂરી કરતા હતા. મજૂરી નિયમિત મળતી ન હતી. પુરાતત્ત્વ વિભાગનું સંશોધન કામ બંધ થાય એટલે ખોદકામ બંધ થાય એટલે મજૂરી મળે નહીં અને ધોળાવીરામાં આજીવિકાનું અન્ય કોઈ સાધન નહીં. એટલે થોડા પરિવારોએ સ્થળાંતર કર્યું. આજે પણ તેઓ રોજીરોટી માટે વલખા મારી રહ્યા છે. પેટ ભરવા માટે કોઈ પરિવારોએ પોતાનું કિંમતી પશુધન પણ વેચી નાખ્યું છે. ૨૦૦૫ના સરકારશ્રીએ કાયદેસર નોટીસ દ્વારા જમીન પોતાના કબજામાં લઈ લીધી. એટલે કેટલાક ખેડૂતોએ ખેડૂત હક્ક પણ ગુમાવ્યા છે. એટલે તેઓ હવે ખેતર-જમીન ખરીદી પણ ન શકે.

ખેડૂતોએ સરકાર પાસે જમીનના બદલે જમીનની માંગણી કરી છે. જેથી એમની પરંપરાગત આજીવિકા એમની પાસે રહે. ધોળાવીરાની આસપાસ વન વિભાગની હજારો એકર જમીન પડતર પડી છે જેમાંથી સરકાર માત્ર ૭૨ એકર જમીન ન આપી શકે? સરકાર પડતર, ખેડાણ લાયક, ગૌચર જેવી હજારો એકર

જમીન મામૂલી ભાવે ઉદ્યોગો માટે ફાળવે છે. એ સરકાર વૈશ્વિક ધરોહર જેવા પુનિત કામ માટે માત્ર ૭૨ એકર જમીન આપી ન શકે? ખેડૂતોએ પોતાની જમીન વર્લ્ડ હેરિટેજમાં મફતમાં આપી અને એટલી જ જમીન એટલે કે ૭૨ એકર સરકારે ઑફર કરેલ રૂા. ૩૬૪૬/- ના ભાવે અન્યત્ર ખરીદવા તૈયાર છે એ માંગણી પણ સ્વીકારવામાં નથી આવી. અંજાર કોર્ટમાં ખેડૂતોનો કેસ એવા કારણસર કાઢી નાખવામાં આવ્યો કે ખેડૂતોએ કોર્ટ ફી ભરી ન હતી. આ માત્ર ટેકનિકલ મુદ્દો હતો. યુનોની વર્લ્ડ હેરિટેજ કમિટી ધોળાવીરા આવી ત્યારે આ ખેડૂતોને કમિટી સમક્ષ પોતાની વાત મૂકવાની તક પણ સરકારે આપી નહીં અને કમિટીને મળવા પણ દીધા નહીં. **ધોળાવીરાના ખેડૂતોને ૭૨ એકર માટે માત્ર રૂા. સવા ત્રણ લાખ ચૂકવવા માંગતી સરકારે વડનગરમાં પુરાતત્ત્વ ખાતાના સંગ્રહાલય માટે માત્ર ૬ વીઘા જમીન માટે રૂા. ૮૧ લાખ ચૂકવ્યા છે. ૨૦૧૪માં પાટણમાં રાણીની વાવ વર્લ્ડ હેરિટેજ જાહેર થઇ અને સરકારે એની આસપાસની જમીન સંપાદ કરી. સરકારી ભાવ સામે ખેડૂતો સંગઠિત બની લડ્યા. તેઓએ સધ્ધર વકીલ મારફત કેસ કર્યો અને વળતરમાં રૂા. ૩ કરોડ ૯૩ લાખ મેળવ્યા જ્યારે એ જ સરકાર ધોળાવીરાના ખેડૂતોને માત્ર રૂા. સવા ત્રણ લાખ આપવા માંગે છે.**

**કોઈ બાહોશ વકીલ આ મજબૂર ખેડૂતોનો કેસ હાથમાં લઇ એમને ન્યાય અપાવશે?** અત્યાર સુધી (છેલ્લા ૧૬ વર્ષથી) કોઈ પણ રાજનેતા, ધારાસભ્ય, સંસદસભ્ય આ ખેડૂતોને વહારે નથી આવ્યા. હજુ પણ તક છે. કોઈ એમનો પ્રશ્ન હાથમાં લેશે? કચ્છમાં છેલ્લા પંદર વર્ષમાં ઉદ્યોગોએ, જમીનની લે-વેચ કરનારાઓએ અબજો રૂપિયા કચ્છમાં કમાવ્યા છે. તેઓ આ બાર ખેડૂતો માટે રૂા. ત્રણેક કરોડ આપી એમને રાજી ન કરી શકે? **આ ખેડૂતો પૈકી એક ખેડૂતપુત્ર નાગજીભાઈ કહે છે, અમારા ધોળાવીરા ગામને વર્લ્ડ હેરિટેજ - વૈશ્વિક ધરોહરનો દરજ્જો મળ્યો એનો સૌથી વધારે આનંદ અમને છે. અમારી જમીન એમાં વપરાઈ એનો વિશેષ આનંદ છે. પણ એ આનંદથી અમારું પેટ થોડું ભરાય છે? સરકાર ન સમજે તો સમાજ, શ્રેષ્ઠીઓ, રાજકીય નેતાઓ અમને ન્યાય અપાવે એવી અમારી અરજી છે.** અમારી માંગણી ગેરવાજબી કેમ હોઈ શકે? સરકાર આજે નર્મદાની નહેર માટે જમીન સંપાદન કરી જેનું વળતર ઓછામાં ઓછું ચાર-પાંચ લાખ પ્રતિ એકર અપાયું છે. નાગજીભાઈ કહે છે કે વિશ્વભરમાં કચ્છને પ્રતિષ્ઠા અપાવવામાં અમે જે ગુમાવ્યું છે એની વ્યથામાં કોણ ભાગીદાર બનવા તૈયાર છે? ધોળાવીરા જાઓ ત્યારે નાગજીભાઈ કે અન્ય ખેડૂતોને મળજો જરૂર. જમીન સાટે એવી જ ઉપજાઉ જમીન અથવા પૂરું યોગ્ય વળતર — અમારી બે પૈકી એક પણ માંગણી સ્વીકારી સરકાર અમને ન્યાય આપે એવી ખેડૂતોની અરજી વ્યાજબી છે. સાથે સાથે એમના ખેડૂત હક્ક કાયમ રહે એ પણ જરૂરી છે.

એક નવો વિચાર સૂઝે છે, જે આ ખેડૂતોને ન્યાય આપી શકે. આપણે કચ્છમાં પાંજરાપોળોના નિભાવ માટે દર વરસે અબજો રૂપિયા વાપરીએ છીએ. દેરાસરો, અપાસરાઓ, મંદિરો, મસ્જિદો, દરગાહો, માતાજીનાં સ્થળો, પેઢીઓ, કથાઓ માટે પણ એટલા જ રૂપિયા વાપરીએ છીએ. એમાંથી માત્ર એક ટકો અલગ ફાળવી આ ખેડૂતોને આપીએ અને એમનું ઋણ અદા કરીએ. સરકારના બહેરા કાને એમનો અવાજ નહીં સંભળાય. કોર્ટનો ચુકાદો આવતા દાયકાઓ નીકળી જશે. જ્યારે ન્યાયનો કોઈ હેતુ બર નહીં આવે. આવા સંજોગોમાં મારી શ્રેષ્ઠીઓને વિનંતી છે કે જાગૃત નાગરિક તરીકે આપણે એમને ન્યાય આપીએ.

સમયના વહેણમાં આપણા નિર્માણો ગરક થઈ જશે, પરંતુ વિશ્વ ધરોહર ધોળાવીરા અમર રહેશે. સૌથી અગત્યની બાબત છે ધોળાવીરાનાં ખેડૂતોની કથા અને વ્યથાની વાત વિશ્વ સમક્ષ સોશિયલ મીડિયા દ્વારા (ફેસબુક - ઈન્સ્ટાગ્રામ) આ ક્ષેત્રમાં પ્રવીણ વ્યક્તિ મૂકે એ પણ એટલું અગત્યનું છે.

*મો. ૯૮૭૯૫૦૬૦૫૯*


# Relitrade Stock Broking Pvt. Ltd.

**SERVICES**

- Equity Trading
- Derivatives
- Commodities
- Mutual Funds
- Depository Services
- IPO
- Online Trading
- Margin Trading Fund
- SLBM

## Relitrade Stock Broking Pvt.

'O' Block, Mondel Re:a'l ?ark, Nr. Rajpath Club,
S.G. Highway, Ahmedabad - 380 059.
**E-mail : wecare@relitrade.in**
**Contact : (079) 6819 9999**

# દરિયાપટ પર સાગરસુતના કિરદાર!



હસમુખ અબોટી 'ચંદન'

આજના જેવા વૈજ્ઞાનિક સાધનો ઉપલબ્ધ ન હતા ત્યારે માલમો પોતાના અનુભવના સહારે અને હૈયા ઉકલતથી વિશ્વના કોઈ પણ દરિયાઈ ખૂણે જઈ શકતા. એ જ રીતે આજના યુગની જેમ ભૂતકાળમાં મશીનવાળા વહાણો ન હતા. માલમો માત્ર ને માત્ર પવન પર આધાર રાખી સઢના સહારે સાત સમુદ્રો પાર કરીને પેઢી દર પેઢી દરિયો ખેડતા. માલમો અને ભડાલા કોમ કચ્છી વહાણોને લઇ મલબાર કિનારાના બંદરોથી માંડી છેક રાતા સમુદ્ર, ઈરાની અખાત, મધ્ય પૂર્વ તથા આફ્રિકાના દેશો સુધી જતા. દૂર પૂર્વના સુવર્ણ ભૂમિ કલિમન્થન (બોર્નિયો), શુલવેસી (સેલબીસ), મુવાંગ્વાઇ (સિયામ), કમ્બોજ (કમ્બોડિયા), ચંપા (ઇન્ડોનેશિયા) સાથે સતત વેપારના લીધે આપણા સંબંધો બંધાયા હતા. જ્યારે આફ્રિકાના કિનારાના બંદરો - સેકોત્રા પર્વતથી (શિખોતરથી) માંડી દારેસલામ, માલાગાસી (માડાગાસ્કર), મોરેશિયસ, શિશિલિ (સિસલ), માલદીવ, સિંહલ દ્વીપથી લઈ આંદામાન - નિકોબાર વળી લક્ષદ્વીપ ટાપુઓ સુધી કચ્છના ખલાસીઓ અનેક યાતનાઓ ભોગવી દરિયો ખેડતા અને હજીયે ખેડે છે.

ઈતિહાસ ગવાઈ પૂરે છે કે ફિરંગીઓને ભારત સુધીનો દરિયાઈ માર્ગ બતાવનાર કાનજી માલમ કચ્છ માંડવીનો હતો. માંડવીના બુઝુર્ગ ખારવા રામજી કરસન જેઠવાનું કહેવું છે – 'અમેરિકાની ધરતી પર પગ મૂકનાર ભલે અમેરિગો અથવા કોલંબસનું નામ ઈતિહાસના પાને ચડી ગયું છે પરંતુ વાસ્તવમાં તેઓથી પહેલાં પણ કચ્છ - સૌરાષ્ટ્રના ઘણા માલમો ત્યાં પહોંચી ગયા હતા એવું અમારા ડોસલા કહેતા.'

રામસિંહ માલમ પણ એક ઐતિહાસિક વ્યક્તિ બની. તેણે પશ્ચિમના ઘણાં દેશોમાંથી કેટલીક હુન્નર વિદ્યા શીખીને ભુજમાં હુન્નરશાળા સ્થાપી. ભારતમાં હજુ ટેકનોલોજીનો વિકાસ થયો ન હતો એવા સમયે રામસિંહ માલમે કાચ, ઘડિયાળ, લોખંડ ગાળવાની ફાઉન્ડ્રી, તોપોનું કારખાનું, સોના-ચાંદી પર મીનાકારી જેવી વિદ્યાઓનો પ્રારંભ કર્યો હતો.

રણઘેલા રાજપૂતોમાંથી ઊતરી આવેલી જ્ઞાતિ એટલે ખારવા. ખારા પાણી પર વહન કરનારા એટલે ખારવા. કોઈકે સાચું જ કહ્યું છે કે, દરિયાની સાથે ખેલ કરવો સારો નહીં. જેમનું જીવન જ દરિયો છે એવા વહાણવટીઓના જીવન જાણવા-માણવા જેવા છે. વહાણ માલિકોનો વિશ્વાસ સંપાદન કરવામાં આ માલમો સફળ રહ્યા છે. 'વિશ્વાસે વહાણ ચાલે' ઉક્તિને ખરેખરી સફળ કરી દેખાડી છે.

પરંપરાગત અનુભવનું ભાથું એક માલમ પોતાના સઘળા કુટુંબને આપતો. આ ખારવાઓએ ભલે ઓછું અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરેલું હતું છતાંય સંપૂર્ણ દરિયાઇ જ્ઞાન ધરાવતા. શરૂઆતમાં 'પેટોડિયા' (વગર મહેનતાણા) તરીકે રહી વહાણોમાં ચડી જતા અને એક સજ્જ નાખુદા બની બહાર આવતા.

માલમો પાસે નક્ષત્રો અને તારાઓની પરખ શક્તિ અજબ-ગજબની હતી. કેટલાક નક્ષત્ર અને તારાઓને જોઈ દિશા, સ્થાન અને ચોક્કસ સમય નક્કી કરી લેતા. વાયરાઓના પણ એવા જ નિષ્ણાત. કયો પવન કઇ દિશામાં વાય છે અને તેનાથી કેટલું નુકસાન થઈ શકે તેમ છે તે મુજબ સઢ ચડ-ઉતાર કરતા. ખારવા, વાઘેર તેમજ ભડાલાઓની દરિયાઇ ભાષા જેટલી ભિન્ન તેટલા જ તેના પારિભાષિક શબ્દો પણ વિશિષ્ટ ને જાણવા-સમજવા જેવા. અક્ષાંસને અરજ, રેખાંશને તુલ, ક્ષિતિજને સીમ, વિષુવવૃત્તને ખત, ડિગ્રીને એટલે કે ૬૦ માઇલને દરજ્જો અને દરજ્જાના પાંચ ભાગને જામ તરીકે ઓળખે છે. એક દરિયાઈ માઇલ એટલે ૧.૮૦ કિ.મી. થાય.

અક્ષાંસ મેળવવા વલંદાઓ 'સેક્સ્ટન્ટ' ભારત લાવ્યા. આ અગાઉ આપણા માલમો 'ક્વાડ્રન્ટ'ની મદદથી આફ્રિકાના બંદરો સુધી પહોંચી જતા. ક્વાડ્રન્ટની મદદથી ધ્રુવ તારો અને દરિયાઈ સપાટીના ખૂણાનું માપ લઇ પોતાના વહાણનું સ્થાન દરિયામાં ક્યાં છે તે નિશ્ચિત કરતા. તેમની સાથેની ડાયરીમાં આ બધી વિગતો લખતા. ધ્રુવ તારો અને ક્ષિતિજ વચ્ચે માલમો આંગળા મૂકી જે ગણતરી કરતા એ તેમને જાણે જૂની પુરાણી પદ્ધતિ લાગી હશે. તેથી વડીલોએ વર્તુળ આકારના ચોથા ભાગ જેવો વળાંકવાળો લાકડાના ટુકડામાંથી 'ક્વાડ્રન્ટ' સાધન બનાવ્યું. જેના આધારે ધ્રુવ તારો અને દરિયાની સપાટીના ખૂણાનું માપ લઇ દરિયામાં પોતાના વહાણનું સ્થાન નક્કી કરતા. પાછળથી 'નૂરી' (દરિયાઇ પંચાંગ) પણ અમલમાં આવ્યું.

પોતાની જિંદગીના દાયકાઓ દરિયાલાલને સમર્પિત કરી

દીધા હોય એવા દરિયાખેડુઓની સત્ય ઘટનાઓ આધારિત સાહસ, હિંમત તેમજ ઔદાર્યની વાતો સાંભળવા મળે છે. દરિયામાં તોફાન, મહાકાય માછલીઓ કે મગરમચ્છ (ભાગુ), દરિયાઈ પર્વતો, ચાંચિયાઓ થકી પડતી મુશ્કેલી, અન્ય દેશોની જળસીમાની નજીક થતી હેરાનગતિ અને યુદ્ધો દરમિયાન પકડાઈ જઈ વિદેશોની જેલોમાં વર્ષો સુધી યુદ્ધ કેદીઓ બની વેઠેલી યાતનાઓની આંખો દેખી ઘટનાઓ પણ આપણે સાંભળી છે.

ઉપરોક્ત ઘટનાઓના સાક્ષીઓ કે ભોગ બનેલા લખપત - કોટેશ્વરથી લઈ છેક દક્ષિમ ગુજરાત સુધીના કાંઠે વસેલા ખારવા, ભડાલા, વાઘેર અને વહાણવટીઓ જેને 'મોટાભાઈ' તરીકે ઓળખે છે એવા વલસાડ બાજુના વહાણવટીઓના હૈયાની દાસ્તાન જાણવા મળશે. જાણે આ લોકો જ ન કહેતા હોય? — ***'સાંયર લેર્ય થોડિયું મુંજે ઘટમેં ઘણેર્યું, હિકડી પુગી ન તડ મથે તાં બઈયું ઉપડ્યું!'*** (દરિયાની લહેરો થોડીક છે; મારા ઘટમાં ઘણી છે. હજુ એક કિનારે પહોંચી નથી ત્યાં બીજી ઉપડે છે!) હા, આ લોકોના આંસુઓની સાથે સાથે ઉન્મેષભરી આંખોમાં હર્ષ પણ છલોછલ છલકાય છે. સમુદ્રી સફર પૂરી થાય એટલે એક સાગરખેડુ બીજા સાગરખેડુને પોતાના અનુભવો, માલ અને વહાણ વિશે ચર્ચા કરતો માલૂમ પડે છે. ઘરે પગ મૂકતાની સાથે જ ખારવણ પોતાના પતિ માટે ગળ્યું રાંધી, મોં મીઠું કરાવવાની સાથે, ભગવાનનો આભાર માની રાજીપો વ્યક્ત કરે છે. પતિ-પત્નીમાં પ્રેમ ઉભરાય છે. પછીનો સમય એટલે ઉત્સવોમાં પરોવાઈ જવાનો વખત.

વહાણમાં દસથી પંદર માણસોનો કાફલો હોય. એ બધાયનો ઉપરી નાખુદા કે નાખવો. માલમની કામગીરી વહાણને રસ્તો બતાવવાની, મુસાફરીના અંતરનો હિસાબ રાખવાની અને વહાણની સંપૂર્ણ જવાબદારી નાખુદાના શિરે રહેતી. નાખવાના માર્ગદર્શન તળેનો માણસ એટલે સરંગ અથવા સારંગ. તે અન્યો પાસેથી નાનું મોટું કામ લ્યે. કૂવાસ્તંભની કપરી જવાબદારી પિંજરિયો - પાંજરી નિભાવતો. ટોચ પરના 'ઢોલ' ઉપર બેસી તે કામ બખૂબીએ નિભાવતો. અગર મોટું વહાણ હોય તો નાખુદા અને પાંજરી બબ્બે હોય. રાત્રિના સમયે ત્રણ જણ (ખલાસીઓ) ચાર ચાર કલાક સુધી સુકાન, આલાત એવમ્ માલસામાનની જાળવણી માટે આંખનું મટકુંય માર્યા વગર પોતાની પોરી (ડ્યુટી) નિષ્ઠાપૂર્વક નિભાવતા. વહાણ પરના તમામ ખલાસીઓનું ભોજન 'ભંડારી' બનાવી આપે.

**સફર વચ્ચે શારીરિક ઇલાજો આયુર્વેદિક પદ્ધતિથી થાય. પેટમાં દર્દ થાય ત્યારે માલમ પોતાના ખલાસીને લસણ અને મીઠું ખવડાવી દે. પેશાબ બંધ પડી જાય ત્યારે 'ગોલ' નામની માછલીના મગજને પાણી સાથે ઘસવામાં આવે અને તેમાંથી બનતું પ્રવાહી ગોલ પીવડાવી દેવામાં આવે એટલે અડધા કલાકમાં પેશાબ છૂટ! અગર કામ કરતાં કંઈક વાગી જાય ત્યારે ઘા રૂઝાવવા વાસ્તે ટોપરાના તેલને દરિયાના પાણી સાથે મિશ્રણ કરી ઘા ઉપર ચોપડી પાટો બાંધી મૂકે.**

ગમે તેવા ઝંઝાવાતોમાંય ગણિત - ખગોળની અટપટી ગણતરીઓ કરી નિશ્ચિત સમયે પોતાના વહાણને ચોક્કસ દિશાએ હેમખેમ લઈ જઈ શકતો — કાબેલ, કુનેહબાજ અને હિંમતવાન એક નાખુદા. ભણતર કરતાં ગણતર વધે એ ન્યાયે પેઢી દર પેઢી કુશળતા કેળવી લેતો. જેના થકી પોતાની હોંશિયારીના લીધે તે બહુધા પ્રદેશોમાં પંકાયેલો રહેતો.

વહાણવટી ભાષામાં ચારેય ખૂણાઓના નામ અલગ અલગ ઓળખાતા. જેમ કે ઈશાનને મકરાણીલાલ, અગ્નિને કચ્છીલાલ, નૈઋત્યને મલબારીલાલ અને વાયવ્યને બખાઈલાલ તરીકે ઓળખ મળી. હવે ચારે દિશાઓ અને ખૂણાઓમાંથી વહેતા પવનને પણ એક જુદી રીતે ઓળખે. ઉત્તર દિશાને શિયાળાનો વાવડો, દક્ષિણને કોશનો વાવડો, પૂર્વને ઉગમણી અને પશ્ચિમને સુમાલના વાવડા તરીકે તેમજ ઈશાનના વાવડાને લીલા, અગ્નિના વાવડાને સૂર્યો, નૈઋત્યના વાવડાને ગાજુશ અને વાયવ્યના વાવડાને નાશી તરીકે સુંદર નામાભિધાન કર્યા.

તોફાન આવવાનું હોય ત્યારે હવામાન, આકાશ, દરિયાના પાણી તથા વીજળીના રંગો પરથી ક્યારેક અને કેવા પ્રકારનું તોફાન આવશે તેનો અંદાજ માલમો પોતાના અનુભવના આધારે કરી શકતા. પવન મંદ પડવા લાગે અને દરિયામાંથી પાણીના પરપોટા બહાર નીકળતા દેખાય તો એકાદ દિવસમાં મોટું તોફાન આવશે એવી શક્યતા બંધાય. જે દિશામાં વીજળી થાય તે દિશાએથી વાવાઝોડું આવે. આકાશનો રંગ લાલ થાય એટલે 'હાથિયા' નામનું તોફાન આવે. લાલ રંગની વીજળીમાં તડકો અને ગરમી વધે જ્યારે સફેદ રંગની વીજળી વરસાદ લાવે. પવન સાથેના વરસાદને 'ધારા' કહેવાય. છૂટી છવાયેલી નાની-નાની વાદળીઓ દોડાદોડ કરતી હોય ત્યારે તેજ વેગીલા પવનનો વરતારો મળી રહે.

કયું તોફાન ક્યારે થાય છે તે જાણવું રસપ્રદ છે. 'હાથિયો' તોફાન દિવાળીના સમયમાં થાય. 'પાંસઠિયો' દિવાળી પછીના બે માસ દરમિયાન થાય છે. 'જમસ્તાન' નામક તોફાન અરબસ્તાનથી હિંદ આવતા વહાણોને પોતાની ઝપટમાં લે છે. જે કારતક-માગશર-પોષમાં થાય છે. ત્યારે ખૂબ જ ઠંડી પડે અને ક્યારેક પાણીનું બરફ પણ બની જાય. 'નાશી' વાવડો મહા મહિનામાં થાય. 'સુમાલ' વાવડો ચૈત્ર-વૈશાખમાં હેરાન કરે. 'કોશ' અ અષાઢ માસમાં વરસાદ સહિત ત્રાટકે છે. જે ઉત્તર-

દક્ષિણમાં પવન ગોળ ગોળ ફરી વળે છે. શિયાળામાં મલબાર બાજુ 'નવા' નામક તોફાન દરિયાને યુધ્ધ મેદાનમાં ફેરવી દે છે. આફ્રિકા તરફના તોફાની પવનને 'મતલાઈ'નો વાવડો કહે છે. અંતે છીછરા પાણીની અંદર કિનારો દેખાતો ન હોય તેની ઉપર મોજા જોરથી ફાટતા હોય ત્યારે 'ધારી' નામનું તોફાન કિનારાને નુકસાન પહોંચાડી શકે છે. આવા વખતે દરેક નાખવો પૂર્ણ તૈયાર રહેતો.

આફ્રિકાથી આવતું વહાણ જ્યારે કચ્છના કોઈ પણ કિનારાની કંધી - કાંઠા પર પહોંચે ત્યારે નાખુદા વહાણના મુજરા પાસે ઊભી ક્ષિતિજ અને ધ્રુવતારા વચ્ચે આંગળીઓનું માપ લ્યે. પ્રત્યેક આંગળાનું માપ સાત દરજ્જા થાય. જેટલા આંગળા થાય તેને સાત વડે ગુણતા કિનારાનું માપ મળી રહે. કંધીનો ખ્યાલ અમસ્તો નહીં પણ સફરની વચ્ચે અગર 'મારેજો' (ત્રણેક ફૂટનું સાપોલિયું, જે કંધીના પાણીમાં દેખાય છે) દેખાય તો કંધીનો ખ્યાલ સાચો પડતો. તેમાંય પણ જે વ્યક્તિને મારેજો પ્રથમ દેખાય તેને નાખુદા બે પૈસા બક્ષીસરૂપે આપે. આગળ જતાં પક્ષીઓ દેખાય પછી ત્રીજા તબક્કામાં કંધીનું માપ નીકળે. જે ભુરદ્‌થી નીકળે. ભુરદ્‌ ૨૦થી ૨૫ વામ (એમ વામ ઊ ૬ ફૂટ) થાય એટલે કે કંધીના પાણી આવ્યા એમ માની લેવાતું. ત્યારબાદ પાણીની ઝડપના આધારે જે-તે કિનારે પહોંચવા કેટલો સમય લાગશે તે નક્કી કરતાં. બોલો ક્યાં અક્ષાંસ-રેખાંશની વાત આવી? જ્યાં આંગળીના આધારે અક્ષાંસ-રેખાંશ નક્કી થતા હોય ત્યાં સાધનોની શી જરૂર! વડીલોનો આ પ્રકારનો હિસાબ બહુ સાચો અને સચોટ નીકળતો. આટલું કર્યા પછી પણ ભરોસો ન બેસે ત્યારે દરિયાના પાણીનો રંગ તથા કચરા પરથી અંતિમ નિર્ણય લેવાતો. આ પરિસ્થિતિ ઈ.સ. ૯૦૦ની સાલથી ચાલી આવતી હતી. સાધનો વિના મોઢે કરેલાં કોષ્ટકોની મદદથી વહાણનું સંચાલન કરી નિર્ધારીત લક્ષ્ય સાંધી શકતા અને પોતાના ગંતવ્યે પહોંચી શકતા.

હોકાયંત્ર મુજબ ચારેય દિશા ૯૦ ઉપર હોય તેમ ચારે દિશાના ૯૦, ૧૮૦, ૨૭૦ અને ૩૬૦ને ૦ માની લઈ બંને દિશા વચ્ચેના અંતરને સાવણા-સાવણા ઊ ૯૦ કહે છે. ઉત્તરથી પૂર્વ બાજુએ જતાં હોકાયંત્રમાં સાત નાદ (દિશા સૂચન કરતી અણી અથવા તીર) મૂકાયેલાં હોય છે. સાત નાદ પર દારમ, સાત્રિસા, ઉઠણી, પોઈસ, ગોસકી, ચતરો, કારતકા અને સાવણા આવે છે. પૂર્વથી દક્ષિણ તરફ પણ એ જ રીતે દારમ, સાત્રિસા, ઉઠણી, પોઈસ... હોય. દક્ષિણથી પશ્ચિમ બાજુ જતાં અગોસ, ચોકી, તોરણ, કાગડો, હેથાવર, લોઢો, હરણા અને સાવણા આવે. ત્યારબાદ પશ્ચિમથી ઉત્તર તરફ જતા ફરી એક અગોસ, ચોકી, તોરણ... વગેરે જેવાં નિયત નામો હોય છે. હવે પ્રત્યેક આ નામોને સામસામેની બાજુએ લઈએ ત્યારે ઉપર્યુક્ત હોકાના પાઠ (ઘડિયો) મળી રહે. દરેક નક્ષત્ર તારાની દિશા અને ડિગ્રી મળી રહેશે. હા, સંસ્કૃત નામો પરથી ઓળખાતા નક્ષત્રોના નામો દરિયા ભવાટવીના મર્મીઓ ખુદની ભાષાને ઓળખે. ઉદાહરણ તરીકે સપ્તર્ષિને સાત્રિસા દક્ષિણ સ્થિત અગસ્ત્ય તારાને ચોકી, કૃતિકાને કારતકા, મૃગશિર્ષને હરણા ઈત્યાદિ.

કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતના દેશી વહાણોમાં બે કૂવાસ્તંભો રહેતા. ખૂવા ઉપર બે અથવા ગાબિયા સહિત ત્રણ સઢ લગાડવામાં આવતા. અસ્સલ દેશી વહાણમાં બે કૂવાસ્તંભ હોય છે. એક કૂવાસ્તંભમાં મુખ્ય સઢ અને તેની પાછળના કૂવાસ્તંભે કલમીનું સઢ લગાડવામાં આવે છે. આ કૂવાસ્તંભને કલમી પણ કહે છે. વહાણની આગળ કાતરાનું સઢ, પાછળ ગોસીસઢ તેમજ મુખ્ય સઢ ઉપર ગાબિયા નામનું સઢ ચડાવવામાં આવે છે. વહાણને આગળ ચલાવવા અને ગતિ આપવા મુખ્ય સઢની જરૂર પડે છે. એક સઢ વડે વહાણ ધીમું ચાલે છે. સામો પવન હોય ત્યારે મુખ્ય સઢ અને કલમી લાગે છે. બાજુના અથવા પાછળથી વહેતા પવને ગાબિયું લગાડવામાં આવે છે. વહાણવટી પોતાની ભાષામાં બાજુના પવનને 'છારગલો' અને પાછળના પવનને 'પુઠેરો' પવન કહે છે.

સઢની રચના અંગે વાત કરીએ એ પહેલાં કલમીનું સઢ મુખ્ય સઢ કરતાં લગભગ અડધું રાખવામાં આવે છે. તેના પીંછાથી ડોણા સુધી ૪૧ ફૂટ, પીંછાથી ધામણ સુધી ૪૧ ફૂટ, ધામણથી ગોસ સુધી ૨૭ ફૂટ અને ગોસથી ડોણા સુદી ત્રણ ફૂટ જેટલી લંબાઈ રાખવામાં આવે છે. કાતરામાં ત્રણ છેડાઓ હોય છે. આગળના તીરના ભાગથી ઉપરના છેડા સુધી અંદાજિત ૨૦ ફૂટ; જે તીરમાં બાંધવામાં આવે છે. તીરના છેડાથી ધામણ સુધી ૧૦ થી ૧૨ ફૂટ અને ધામણથી લઈ ઉપરના છેડા સુધી ૧૨ થી ૧૫ ફૂટ જેટલી પહોળાઈ ધરાવે છે. ગાબિયામાં ચાર છેડાઓ હોય છે. લાકડામાં બાંધીને રાખવામાં આવે છે. ગોસીના ત્રણ છેડાઓ હોય છે. ચાર ઈંચ વ્યાસવાળા જાડા ઊભા લાકડાની નીચે ત્રણ

શુભેચ્છા સહ...
કમલેશ મનુભાઈ શાહ - અમદાવાદ
મો. ૯૮૨૫૦ ૧૮૧૮૦

મીટર, એટલી જ જાડાઈ ધરાવતા નીચેના લાકડાથી ધામણ સુધી અઢી મીટર અને ઊભા લાકડાના છેડાથી ધામણ સુધી એટલે કે પણખ સુધી ચાર મીટર જેટલું કાપડ વપરાયેલું હોય છે.

વહાણમાં કામ કરનાર સૌ માણસો સાહસિક હોય છે. શારીરિક રીતે મજબૂત પણ ખરા. તેમના ભાગે મહેનતવાળું કામ હોય છે. લંગર નાખતી - ઉપાડતી વખતે, રસ્સાઓ ખેંચતી વખતે અને સઢ ચડાવતી - ઉતારતી વખતે ‘હમ્બો’ (લહેકાવાળા ગીતો) ગાતા સંભળાય છે.

હવે સઢ કેમ ચડે છે તેની પ્રક્રિયા પર એક નજર નાંખીએ. મુખ્ય સઢના હંજાનો હોદાર ધવરમાં નાખી, ધવરના ખાંચામાં બાંયા (લાકડાનો જાડો ધોકો) નાખ્યા પછી તેને બે-ચાર ખલાસીઓ ફેરવે છે. એક ખલાસી બળ આપતો જાય અને બોલતો જાય – ‘હે... માલી! જમસાં...’ બાકીના ખલાસીઓ એક વિશિષ્ટ લહેકાથી બોલતા જાય. પાંજરી સઢ ખોલવા માટે ડોણા ઉપરથી પરમણ પર ચઢે. ડોણામાં બાંધેલી પહેલી મસાલીને છોડે છે. આમ વારાફરતી મસાલીઓને છોડતો જાય. અટી પાસેની છેલ્લી મસાલીને છોડે કે નીચે અવાજ આપે – ‘હુલ્ભેશ!’ નીચે ઊભેલા ખલાસીઓ તે અવાજને આદેશ માની ધામણને ખેંચે છે. ધામણ ખેંચાય એટલે છારતા (સીંદરી) આપોઆપ તૂટી જાય અને સઢ આખું ખૂલી જાય. હાજર તમામ ખલાસીઓ ધામણ ખેંચવામાં લાગી જાય. ધામણનો છેડો ખેંચાઈ ગયા પછી તેને ગાફોલિયામાંથી પસાર કરવામાં આવે છે. નીકળેલા છેડાને ગિયામના હોદારને આંટો નાંખીને તેને ટાઈટ કરે છે અને તેને મસાલીથી બાંધી મૂકાય છે. ડોણાનો ડાંડારો એક જ ખલાસી દ્વારા ખેંચાશે અને આંતરી પર મૂકેલા હોલમાંથી રસ્સો પસાર કરી બાજુની ખીલીમાં બાંધી મૂકે છે. મોરામાં ગોસ બંધાઈ જાય એટલે સઢ ઉપર ચઢી જાય એટલે વહાણ ધીરે ધીરે ગતિ પકડે છે.

હવા જ્યારે દિશા બદલે છે ત્યારે વહાણને એ જ દિશામાં ચલાવવા સઢને ફેરવવા પડે છે. જેને ‘હેરિયો’ વાળવાનું કહે છે. હેરિયો વાળતી વખતે વહાણને સુખાણ (સુકાન)થી ફેરવવામાં આવે છે. જે લગભગ અડધા કિલોમીટરે વહાણ ફરે છે. સઢ - પરમણ ઊભું થાય એટલે કલમી, કાતરો, ગોસી, ગાબિયું વગેરેને પહેલાં બાંધવા પડે. એ પછી ડાંડારામાં ધામણ મૂકાવીને ડાંડારાને ખેંચવામાં આવે છે. ત્યારે સઢ અને પરમણ એકદમ ઊભા થઈ જાય છે. જે બાજુ જારી - સભાઈ હોય તેને કૂવાસ્તંભની સાઈડમાં બાંધી મૂકવામાં આવે છે અને સારને સઢની સામેની બાજુએ લગાડી, સામે વહાણની આંતરીમાં (કિનારી-ધાર) એક જાડું કડું બનાવેલું હોય છે તેમાં ડુંટી (સવા ફૂટ જેટલું લાકડું) પેલા કરામાં નાખ્યા બાદ સારના રાંઢવાને બધા ખલાસીઓ મળીને ખેંચીને ટાઈટ કરે છે. એ પછી જારી-સભાઈને ખેંચી લે એટલે સઢ થઇ ગયું તૈયાર!

તોફાન આવવાનું હોય ત્યારે હવામાન, આકાશ, દરિયાના પાણી તથા વીજળીના રંગો પરથી ક્યારેક અને કેવા પ્રકારનું તોફાન આવશે તેનો અંદાજ માલમો પોતાના અનુભવના આધારે કરી શકતા. પવન મંદ પડવા લાગે અને દરિયામાંથી પાણીના પરપોટા બહાર નીકળતા દેખાય તો એકાદ દિવસમાં મોટું તોફાન આવશે એવી શક્યતા બંધાય. જે દિશામાં વીજળી થાય તે દિશાએથી વાવાઝોડું આવે. આકાશનો રંગ લાલ થાય એટલે ‘હાથિયા’ નામનું તોફાન આવે. લાલ રંગની વીજળીમાં તડકો અને ગરમી વધે જ્યારે સફંદ રંગની વીજળી વરસાદ લાવે. પવન સાથેના વરસાદને ‘ધારા’ કહેવાય. છૂટી છવાયેલી નાની-નાની વાદળીઓ દોડાદોડ કરતી હોય ત્યારે તેજ વેગીલા પવનનો વર્તારો મળી રહે.

સમય જાણવા માટે સૂર્યની ગતિ તેના પડછાયા અને દિશા પરથી સમય નિશ્ચિત કરવામાં આવતો. રાત્રે તારાઓ, નક્ષત્રો, ગ્રહોના બદલાતા સ્થાનો પરથી સમય જાણી શકાતો. એક સમયે શીશામાં રેતી ભરી તેના બૂચમાં બારીક છિદ્ર કરી સૂર્યોદય વખતે એ શીશો બીજા શીશામાં ઊંધો વાળી દેતાં. ખાલી શીશા પર કલાકના આંક મારેલા હોય. તદુપરાંત સૂર્યના પડછાયાની નોંધ પણ કરી લ્યે. જેમ જેમ પડછાયો આગળ વધતો જાય તેમ તેમ રેતીનું માપ નીકળતું જાય અને સાંજના સૂર્યાસ્ત સમય સુધી ખાલી શીશામાં રેતી ભરાઈ જાય એટલે બાર-બાર કલાકનું ઘડિયાળ આપોઆપ ચાલુ રહેતું અને સમયનો તાળો મળી રહેતો. આ હતાં – અનુભવી માલમોના હાથવગાં સાધનો અને દિમાગની પેદાશ!


**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

## તબીબી ક્ષેત્રે
# કચ્છની સામાજિક સંસ્થાઓનું યશસ્વી યોગદાન



પ્રવીણચંદ્ર ઠક્કર

• **ભૂમિકા :**

**કચ્છમાં ૨૦૧૧ના સેન્સસ અનુસાર ૨૦.૯૦ લાખ અને અત્યારે ૨૦૨૩માં ૨૭.૮૦ લાખની વસતી છે.** કચ્છના ૧૪ શહેરો અને ૯૨૪ (નિવાસી-બિનનિવાસી) ગામો, ૪૫૬૭૪ ચો.કિ.મી. (૨૬૧૭૪ ચો.કિ.મી રણ સહિત)ના વિશાળ વિસ્તારમાં ફેલાયેલા છે. દૂર-સુદૂરના લોકો માટે આરોગ્યની આવશ્યક સુવિધાઓ પૂરી પાડવા ૬૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૧૭ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર્સ તેમજ ૩ સિવિલ હોસ્પિટલ્સ પણ પ્રવૃત્ત છે પણ સ્વિટ્ઝરલેન્ડ જેટલા વિસ્તૃત એરિયા અને વસતી માટે આટલી સરકારી સેવાઓ પર્યાપ્ત નથી. તેથી દૈવી સંપત્તિ ધરાવતા ઉદારદિલના મહાજનો આર્થિક, સામાજિક રીતે વંચિત, મધ્યમવર્ગને વાજબી દરની, શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ કરાવવા યજ્ઞકાર્ય કરી રહ્યા છે.

તબીબી ચિકિત્સા એટલે વિજ્ઞાન, કલા અને અધ્યાત્મનો સુભગ સમન્વય. તેથી કચ્છના સ્વાસ્થ્ય સારવાર કેન્દ્રના દૃષ્ટિ સંપન્ન સંચાલકો, ટ્રસ્ટીઓના દિશાદર્શન મુજબ મેડિકલ, પેરામેડિકલ અને અન્ય મિત્રો દર્દી અને તેના પરિવારજનો સાથે માત્ર મસ્તિષ્કથી નહીં હૃદયથી કામ લઈ રહ્યા છે. સ્વાસ્થ્ય એટલે રોગનો અભાવ જ નહીં પણ વિશ્વ આરોગ્ય સંસ્થાની વ્યાખ્યા પ્રમામે 'વ્યક્તિની શારીરિક, માનસિક સજ્જતાની સંપૂર્ણ પ્રતીતિ કરાવતી પરિસ્થિતિ.' કચ્છનું તબીબી વિશ્વ પોતાના વ્યવસાયની ગરિમા જાળવીને માનવદેહની નૈસર્ગિક સ્થિતિ યથાવત રાખવા ઉદ્યમશીલ છે.

આ આદર્શો અને ભાવના લક્ષ્યમાં રાખી કચ્છની અનેક સમાજસેવી આરોગ્ય સંસ્થાઓ પ્રવૃત્ત છે. **તાજેતરમાં જ આપણા માનનીય વડાપ્રધાનશ્રીએ લેઉવા પટેલ સમાજ દ્વારા ગુણવત્તાયુક્ત સારવાર આપવા ૨૦૦ બેડની કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન કર્યું હતું.** તેલંગાણામાં ટેલિમેડિસીન પદ્ધતિ પ્રમાણે કચ્છમાં પણ આ મોડેલ આધારિત ૧૫૦૦ની વસતી ધરાવતા નખત્રાણા તાલુકાના કચ્છના મોટા અંગીયા ગામમાં ઈન્ટરનેટના માધ્યમથી હેલ્થ કિઓસ્કની અદ્‌ભુત વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં ગામમાં દર્દીઓ ગામમાં બેઠા મોટા સ્ક્રીન ઉપર સરકારી, ખાનગી ડોક્ટરો સાથે પરામર્શ કરી પોતાની સમસ્યાઓ અંગે માર્ગદર્શન મેળવી શકે છે.

આ લેખમાં આપણે વિશેષ ચર્ચા કરવી છે માંડવી તાલુકામાં બીદડા, ભોજાય અને ભચાઉમાં આવેલા ૩ આરોગ્ય તીર્થની. આ સંસ્થાઓનો મંત્ર છે : "જનસેવા એ જ પ્રભુસેવા."

### શ્રી બીદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત શ્રી કે. એમ. પટેલ આરોગ્યધામ - બીદડા, તા. માંડવી, કચ્છ :

શ્રી બીદડા સર્વોદય ટ્રસ્ટની જૂન ૧૯૭૨માં સ્થાપના થઈ. પ્રારંભે પ્રસૂતિની સુવિધા. ૧૯૭૫માં ભવ્ય કેમ્પ દ્વારા ૫૫૧ દર્દીઓના ઓપરેશન થવાને પરિણામે સખી દાતાઓ પ્રોત્સાહિત થયા. શ્રી કલ્યાણજીભાઈ પટેલ અને તેમના પરિવારજનોના સહયોગથી ફેબ્રુઆરી ૧૯૮૪ના આરોગ્યધામ સાકાર પામ્યું જે 'સેવા પરમો ધર્મ'ના સૂત્ર સાથે આજે સમગ્ર ભારતમાં વિખ્યાત બનેલ છે. અહીં તમામ પ્રકારની સારવાર, સર્જરી માટે આવશ્યક અત્યાધુનિક સાધનો સાથે ૬૦ બેડની સુવિધા છે. ૧૯૭૫થી ૨૦૨૧ સુધી ૫૦ લાખથી વધુ દર્દીઓની તપાસ થઈ છે. દર વર્ષે આંખની ૧૦૦૦ તેમજ અન્ય ૧૦૦૦ સર્જરી, ૩૦૦ પ્રસૂતિ, ૬૦૦૦ બાળકોની સારવાર સંપન્ન થાય છે. વંચિત દર્દીઓ વર્ષે ૧ કરોડ રૂપિયા જેટલી આર્થિક મદદ મેળવે છે.

આ હોસ્પિટલની અનન્ય વિશેષતા છે સ્થાપના કાળથી છેલ્લા ૪૯ વર્ષથી યોજાતી આરોગ્ય શિબિર. વિશ્વમાં ભાગ્યે જ એવું કોઈ ટ્રસ્ટ હશે જે ગ્રામીણ સ્તરે વ્યાપક પ્રમાણમાં કેમ્પ કરી સામાન્ય લોકોને સર્વોત્તમ ફ્રી સર્વિસ પૂરી પાડે.

**દર વર્ષે જાન્યુઆરીમાં બીદડા મુકામે ૩ સપ્તાહ માટે સર્વરોગ નિદાન - સારવાર - ઓપરેશન મેગા કેમ્પ યોજાય છે.** દેશ-વિદેશના ૩૦૦૦ ડોક્ટર્સ, મેડિકલ-પેરા મેડિકલ સ્ટાફ તથા સ્વયંસેવકો, કચ્છ તેમજ અન્ય જિલ્લાઓમાંથી આવતા દર્દીઓનું નિદાન-સારવાર કરી નિઃશુલ્ક દવા, શ્રવણયંત્ર વિતરણ કરે છે, ઑપરેશન થાય છે. જાન્યુઆરી ૨૦૨૩માં આયોજિત કેમ્પમાં કિડની, કેન્સર, હૃદયરોગ, ડાયાબિટીસ, થાઈરોઈડ, દમ, ઘૂંટણ, સંધિવા, કાન-નાક-ગળા, સ્ત્રી-બાળ રોગ, આંખ-નાક,

માનસિક વગેરેના ૧૬૮૭૦ દર્દીઓએ સારવાર મેળવી હતી. જ્યારે ૬૦૩ જનરલ ઑપરેશન તેમજ આંખના ૨૫૦ ઑપરેશન થયા હતા. મેગા કેમ્પ ઉપરાંત વર્ષ દરમિયાન વિવિધ રોગ માટેના ૯૦ વિશિષ્ટ કેમ્પ યોજાય છે. આ ટ્રસ્ટની ૧૯૯૪માં પ્રારંભિત મુંબઈ સ્થિત હોસ્પિટલમાં દૈનિક ૫૦૦ દર્દીઓ લાભ મેળવે છે જ્યારે દર વર્ષે ૨૦૦૦ સર્જરી થાય છે.

આ ટ્રસ્ટે યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા અને મિશિગન સ્ટેટ યુનિવર્સિટી સાથે કરેલા કરાર એમ.ઓ.યુ. મુજબ ત્યાંના તજજ્ઞ ડૉક્ટર અહીં આવે છે. જુદા જુદા રોગ વિષયક સેમિનાર કરીને સ્થાનિક ડૉક્ટર્સને તાલીમ આપે છે. આ વર્ષે વિશ્વ આરોગ્ય સંસ્થાના સહકારથી ૩ માર્ચના 'હિયરીંગ દિવસ'ના જાગૃતિ કાર્યક્રમ યોજાયેલ અને જરૂરિયાતમંદને હિયરીંગ મશીન અપાયેલ હતા.

ઈ.સ. ૨૦૦૫થી ફેબ્રુઆરીમાં એક સપ્તાહ માંડવી મુંદ્રા તાલુકાની ૩૦થી ૪૦ પ્રાથમિક - માધ્યમિક શાળાના ૧૦,૦૦૦ બાળકોના એક સપ્તાહ માટે નિદાન-અનુસરણ કેમ્પ આકાર પામે છે. ન્યુયોર્ક ડેન્ટલ કોલેજના પૂર્વ પ્રોફેસર મૂળ પાટણના વિખ્યાત ડૉક્ટર ગિરીશભાઈ શાહ ઉપસ્થિત રહે છે. તેમની સાથે રહે છે બોસ્ટનના દેવચંદભાઇ ફુરિયા તેમજ મુંબઇ, અમેરિકાના અન્ય ડૉક્ટર્સની ટીમ. વિદ્યાર્થીઓના દાંતની તપાસ કરી સિલ્વર સિમેન્ટ ફિલીંગ, રુટ કેનાલ જેવી સારવાર અપાઈ છે. આંખ-કાન કે અન્ય અંગોનું ચેક-અપ કરી જરૂરી દવા, ચશ્મા અપાય છે. જરૂરિયાતવાળાની સર્જરી કરવામાં આવે છે.

હોસ્પિટલના પ્રાંગણ પર સાધુ-સાધ્વીજીઓના નિવાસ માટે ૮ ઉપાશ્રયો છે. તેઓ તેમજ અન્ય ધર્મના સંતો ટ્રસ્ટની તમામ સેવા નિઃશુલ્કપણે મેળવી આશિર્વાદ આપતા રહે છે. અમેરિકાથી દાન મેળવવા બીદડા આંતરરાષ્ટ્રીય ફાઉન્ડેશનની સ્થાપના કરાઇ છે. આ સંસ્થા અમેરિકામાં યોજાતા નિઃશુલ્ક કેમ્પમાં પણ સહભાગી થાય છે. તાજેતરમાં તુર્કી, સીરિયાના ભૂકંપગ્રસ્ત ઘવાયેલાઓની સઘન સારવાર માટે સંસ્થાએ વડાપ્રધાનશ્રીને દરખાસ્ત કરી છે.

ઈ.સ. ૨૦૦૧ના ભૂકંપ પછી બે દિવસમાં જ અહીંની હોસ્પિટલમાં ૬૦૦ દર્દીઓને દાખલ કરાયા હતા. એક વર્ષમાં ૧૦,૦૦૦ પીડિતોને સારવાર આપવામાં આવી હતી. જ્યારે ચારેક વર્ષમાં કુલ ૬૦,૦૦૦ દર્દીઓની સુશ્રુષા, ઑપરેશન થયા. ૩૭૫ ભૂકંપગ્રસ્ત લોકોના નિવાસો નિર્માણ પામ્યા. ઈ.સ. ૨૦૦૫થી તમામ પ્રકારના દિવ્યાંગોની સેવા-તાલીમ માટે ૪૮ પથારી, સાધનો સાથે રાષ્ટ્રપતિ ઍવોર્ડ પ્રાપ્ત 'જયા રીહેબિલીટેશન ઈન્સ્ટિટ્યૂટ એન્ડ રીસર્ચ સેન્ટર' કાર્યરત છે. દેશમાં આ પ્રકારના ૧૨ સેન્ટર્સ પૈકી આ કેન્દ્ર નમૂનેદાર છે.

૨૦૦૯થી ૧૦૪ બેડ સાથે રતનવીર નિસર્ગોપચાર અને સંશોધન કેન્દ્ર સક્રિય છે. ૨૦૧૮થી ૪૦ બેડ સાથે અષ્ટાંગ યોગ માટે 'તારા વેલનેસ સેન્ટર' અને 'યોગ ઇન્સ્ટિટ્યૂટ' કાર્યરત છે. આ ટ્રસ્ટ પ્રાણીઓ માટે જીવદયા, કોટિવૃક્ષ અભિયાન દ્વારા વૃક્ષારોપણ, સંવર્ધન અને જળસંગ્રહના કાર્યક્રમો પણ યોજે છે. સંસ્થાને રાજ્ય - રાષ્ટ્રીય કક્ષાના અનેક માન-સન્માન ઍવોર્ડઝ, 'લીમકા બુક ઑફ રેકર્ડ'માં સ્થાન મળ્યું છે. સમર્પિત ૨૫ સ્થાનિક ડૉક્ટર્સ, ૧૫ મુલાકાતી ડૉક્ટર્સ અને ૨૦૦થી વધુ અનુભવી કર્મચારી ધરાવતા ટ્રસ્ટના ચેરમેન છે શ્રી વિજયભાઈ છેડા. ટ્રસ્ટીઓ, મેનેજિંગ કમિટી, તબીબો, દાતાઓ, સ્ટાફ, સ્વયંસેવકો તથા સરકારના સહકાર-સમન્વયથી સંસ્થાએ સુવર્ણ જયંતી ઉત્સવ ઉજવવાનો પ્રારંભ કર્યો છે. 'મંગલ મંદિર'ની શુભ કામનાઓ.

*સંપર્ક : ૯૬૭૮૯ ૮૨૪૪૪, ૯૫૮૬૦ ૬૨૪૪૪*

*ઈ-મેઈલ : **bidadahospital@hotmail.com***

***Web site : www.bidada.org***

## શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી પાનબાઈ કારુભાઈ પાલણ હોસ્પિટલ ભોજાય, તા. માંડવી

કચ્છના પશ્ચિમ પ્રદેશ માંડવી, લખપત, અબડાસા અને નખત્રાણાના ગ્રામીણ વિસ્તારમાં, બીદડા ગામ સિવાય ઈ.સ. ૧૯૯૭ સુધી કોઈ સંતોષજનક આરોગ્ય સુવિધાઓ કે નિષ્ણાત ડૉક્ટર ઉપલબ્ધ નહોતા. દર્દીઓને ૮૦થી ૧૦૦ કિ.મી. દૂર શહેરી વિસ્તારમાં જવું પડે. સમય, શક્તિ અને નાણાંનો દુર્વ્યય થાય. અનેક લોકો સારવારના અભાવે દર્દનાક પરિસ્થિતિમાં જીવન વ્યતીત કર્યા કરે. આ કરુણાજનક સમસ્યાના પ્રત્યુત્તર રૂપે પ્રસિદ્ધ કર્મશીલ 'પગમેં ભમરી' જેવા પુસ્તકોના લેખક-ચિંતક, ૨૦૦૫ સુધી સર્વોદય ટ્રસ્ટ બીદડા અને ભચાઉની નામાંકિત હોસ્પિટલોના વ્યવસ્થાપન સાથે સંલગ્ન રહેલા શ્રી લીલાધરભાઈ ગડા 'અધા' અને રાજેન્દ્રપ્રસાદ જેવા મિત્રોને, માંડવીથી ૪૦ કિ.મી.ના અંતરે આવેલ ભોજાય ગામે એક અદ્યતન આરોગ્યધામની સ્થાપના કરવાનો વિચાર આવ્યો. ૧૯૯૬માં શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટની સ્થાપના થઇ. પ્રારંભે ૨ મેગા મેડિકલ કેમ્પ યોજાયા. ૫૦૦૦ દર્દીઓની હાજરી નિહાળીને જ આરોગ્યની તાતી આવશ્યક્તાનો તાગ મેળવી લેવામાં આવ્યો.

ડિસેમ્બર ૧૯૯૮માં ૪૦૦ ગામોને શક્ય તેટલી આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા આરંભ થયો ભોજાય સર્વોદય ટ્રસ્ટ પ્રેરીત ૧૫ બેડની રેફરલ હોસ્પિટલનો. અત્યારે ૪૦ બેડની વ્યવસ્થા છે. શરૂઆત થઈ એક્સ-રે, લેબોરેટરી, વિઝિટીંગ ડૉક્ટર, વિક્લી ક્લિનિક અને નિષ્ણાતોની સેવાઓથી. આજે ૧૨૦૦ની વસતી ધરાવતા અંતરિયાળ ભોજાય ગામની હોસ્પિટલમાં આશ્ચર્યજનક

રીતે વર્ષે ઓપરેશન થાય છે – ૨,૫૦૦.

આ ટ્રસ્ટ આરોગ્યની બાબતમાં કેટલું સજાગ, ગંભીર છે તેનું ઉદાહરણ જોઈએ. ઈ.સ. ૧૯૯૯માં મુંબઈની તાતા મેમોરિયલ હોસ્પિટલ દ્વારા ગર્ભાશય અને સ્તનના કેન્સર અંગે યોજાયેલી પ્રદર્શિની જોવા માટે ઉમટી પડેલી મોટી સંખ્યા જોઈને, ગર્ભાશયના ઑપરેશન માટે જરૂરી સાધનો ૩૬ કલાકમાં વસાવી લેવામાં આવ્યા. ગર્ભાશયના રોગો અને પ્રસૂતિ પછીની સંભાળ માટે મહિલા તાલીમ કેન્દ્રનો ઈ.સ. ૨૦૦૨માં તત્કાલીન સાંસદ સુનિલ દત્તના વરદ્ હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો.

ઈ.સ. ૨૦૦૧ના ભૂકંપ સમયે આ દવાખાનાને પરિણામે બે માસમાં ૧,૫૦૦ ઘાયલ દર્દીઓ તાત્કાલિક સારવાર મેળવી શક્યા. ૨૫૦ના મેજર ઑપરેશન શક્ય બન્યા. ટ્રસ્ટની મદદ દ્વારા ૩,૫૦૦ પરિવારો સહકારીતાના સિદ્ધાંતને કેન્દ્રમાં રાખી પોતીકા ઘરના નિર્માણ માટે સક્ષમ બન્યા. ૫૦ અપંગ વ્યક્તિઓએ સ્વરોજગાર માટે તાલીમ પ્રાપ્ત કરી.

આ હોસ્પિટલમાં આજે જનરલ, સ્ત્રીરોગ, ગાયનેક, નેત્રરોગ, દાંત, ઈ.એન.ટી., ન્યુરોલોજીની સારવાર-સર્જરી માટે તમામ સાધનો પ્રાપ્ય છે. આ સુસજ્જ હોસ્પિટલ ૪૦૦ ગામોની પ્રજાને તબીબી સેવાઓ પૂરી પાડવા ઉત્સુક છે. તેના વિભાગો - કાર્યક્રમો નીચે મુજબ છે : (૧) મહિલાઓના સ્ત્રીરોગ માટે શિબિર, (૨) રતનવીર આઈ ઇન્સ્ટિટ્યૂટ, નેત્રરક્ષા અભિયાન, (૩) જનઆરોગ્ય, મેડિકો સર્જિકલ કેમ્પ, (૪) લક્ષ્મીબેન માનસ મંદિર, (૫) ડાયાલિસિસ સેન્ટર, (૬) નવનીત વિહાર.

**૧. મહિલાઓના સ્ત્રીરોગ માટે શિબિર :**

મહિલાઓના પ્રજનન અવયવોના વિવિધ રોગના તાત્કાલિક સારવાર, ઓપરેશન માટે દર વર્ષે સ્ત્રી રોગ શિબિર યોજાય છે. ૧૮ કેન્દ્રોમાં દર માસે ૬૦૦ બહેનોના રોગની ચકાસણી થાય છે. ૮૦થી વધુ મહિલાઓના રાહતદરે ભોજાયમાં ઑપરેશન થાય. ૧૯૯૯થી આજ સુધી આ રીતે ૧૦ તાલુકાના ૮૭૫ ગામોમાં આવી ૧૦૫ શિબિરો યોજીને ૬૫૦૦ સફળ ઑપરેશન સંપન્ન થયા છે. (પથરીના ઑપરેશન માટે ભચાઉમાં ગોઠવણ કરવામાં આવી છે.)

**૨. રતનવીર આઈ ઇન્સ્ટિટ્યૂટ, નેત્રરક્ષા અભિયાન :**

ઈ.સ. ૨૦૦૩થી નેત્રરોગ ચિકિત્સા વિભાગ અને ઈ.સ. ૨૦૦૯થી નેત્ર રક્ષા અભિયાનનો પ્રારંભ થયો છે. મોતીયા મુક્ત કચ્છની ઝુંબેશ સાથે ગામડાંઓમાં નેત્રશિબિર યોજાય. જરૂરિયાતવાળા દર્દીઓના વિનામૂલ્યે આંખના ઑપરેશન થાય. ઈ.સ. ૨૦૧૨થી કચ્છની સર્વશ્રેષ્ઠ આંખની સ્વતંત્ર ૪૦ બેડ સાથેની રતનવીર આઈ હોસ્પિટલની સ્થાપના થઇ છે. દર વર્ષે ૩૦૦ ગામોમાં દર્દીઓની તપાસ થાય છે તેમજ રેટીના, કોર્નિયોગ્રાફ્ટીંગ, ઓક્યુપ્લાસ્ટી વગેરેના જરૂરિયાત ધરાવનારાઓ વિનામૂલ્યે સર્જરી દ્વારા આંખના અજવાળા પુનઃ પ્રાપ્ત કરે છે. અત્યાર સુધી આંખના ૩૦,૦૦૦ ઑપરેશન થયા છે.

**૩. જનઆરોગ્ય માટે મેડિકો સર્જિકલ કેમ્પ્સ :**

સ્ત્રી રોગ, આંખ ઉપરાંત ઈ.એન.ટી., દાંત, ચર્મ, હાડકાં હૃદયરોગ, બાળરોગ, જનરલ સર્જરી, પ્લાસ્ટીક સર્જરી માટે દર માસે ૮ કેન્દ્રોમાં નિયમિત ધોરણે કેમ્પ યોજાય છે. ૪૦૦ ગામડાંમાં ૫૦ દિવસ સુધી ચાલતા કેમ્પનો લાભ દર્દી મેળવે છે. આ રીતે અત્યાર સુધી સ્ત્રીરોગ, આંખ તેમજ અન્ય રોગોના કુલ ૪૦,૦૦૦ ઑપરેશન પરિપૂર્ણ થયા છે. દાંત વિભાગની ૧૫,૦૦૦ દર્દીઓએ સારવાર મેળવી છે.

**૪. લક્ષ્મીબહેન માનસ મંદિર**

ઈ.સ. ૨૦૦૫થી માનસિક ક્ષતિગ્રસ્ત બાળકો માટે નમૂનેદાર નિવાસી તાલીમશાળા માનસ મંદિર કાર્યરત છે. ૩૬ બાળકો શિસ્ત, લય અને સ્વાવલંબનની કેળવણી વિનામૂલ્યે મેળવે છે. સ્નેહ સંભાળ સાથે શિક્ષણ, વ્યવસાયલક્ષી તાલીમની અહીં બેનમૂન વ્યવસ્થા છે.

**૫. ડાયાલિસિસ સેન્ટર :**

કોરોના મહામારી વખતે કચ્છના ગ્રામીણ વિસ્તારના ડાયાલિસિસ કરાવતા દર્દીઓ ભારે મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતા. આવી કટોકટીના સમયે ટ્રસ્ટે તાત્કાલિક ધોરણે એપ્રિલ ૨૦૨૦માં ૬ મશીનો સાથે ડાયાલિસિસ સેન્ટર શરૂ કર્યું. આ સેન્ટરમાં અત્યારે વાર્ષિક ૨૪૦૦ ડાયાલિસિસ નિઃશુલ્ક કરવામાં આવે છે.

**૬. નવનીત વિહાર**

સ્ત્રીરોગ અંગે જાગૃતિ લાવવા તેમજ મહિલાઓની તપાસ અંગે સંકોચ દૂર કરવા, ધાઈ બહેનો (મિડવાઇફ)ને તાલીમ આપવા માટે નવનીત વિહાર તાલીમ કેન્દ્રોનો પ્રારંભ થયો. બે વર્ષમાં ૨૫૦ બહેનોને તાલીમ અપાઈ. સરકારશ્રીની આરોગ્ય કાર્યકરની યોજના કાર્યાન્વિત થયા પછી આ કેન્દ્ર બંધ કરવામાં આવ્યું છે.

*સંપર્ક : (૦૨૮૩૪) ૨૭૮૬૦૨ / ૬૦૬*

*મો. ૯૮૭૯૫૦૬૦૫૯*

***ઈ-મેઈલ : bhojayhospital@yahoo.co.in***

***Website : www.bhojaysarvodaytrust.org***

## શ્રી વાગડ વેલફેર સોસાયટી – ભચાઉ, કચ્છ

શ્રી વાગડ સર્વોદય ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૭૨માં ભચાઉ મુકામે આંખની હોસ્પિટલનો પ્રારંભ થયો. ઈ.સ. ૧૯૮૭થી તમામ વિભાગોની સુવિધાઓ સાથે ‘વાગડ વેલફેર સોસાયટી

હોસ્પિટલ' અસ્તિત્વમાં આવી. ઇ.સ. ૨૦૦૧ના ધરતીકંપમાં ધરાશાયી થયા પછી લીલાધરભાઈ ગડા, દીપકભાઈ મેપાણી જેવા અગ્રણીઓની પુરુષાર્થથી પ્રાપ્ત 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા રીલીફ ફંડ' તેમજ 'ભોજાય સર્વોદય ટ્રસ્ટ'ના સહયોગથી ઇ.સ. ૨૦૦૫માં આ સંસ્થા નવસર્જન પામી છે. અત્યારે જનરલ સર્જરી, ઓર્થોપેડિક, આંખ, સ્ત્રીરોગ, પ્રસૂતિ, બાળરોગ, કાન, નાક, ગળું, દાંત, ચામડીના રોગો, યુરોલોજી, ડાયાલિસિસ વગેરેની સારવાર સુવિધા માટે ૯ ડૉક્ટર્સ, ૧૦૮ પથારી – આઈ.સી.યુ. માટે ૭ બેડ, ૭ ઑપરેશન થિયેટર્સ, ૨૪ કલાક મેડિકલ સ્ટોર તથા ૨ એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ છે.

માનવ સેવાને વરેલી આ હોસ્પિટલમાં નહીં નફો, નહીં નુકસાનના ધોરણે દરેક સારવાર માટે વ્યાજબી ચાર્જિસ નક્કી કરવામાં આવ્યા છે. પૈસાના અભાવે કોઈપણ દર્દી સારવાર વિના રહી ન જાય તેની કાળજી સેવવામાં આવે છે. આ હોસ્પિટલ ભુજ - રાજકોટ હાઈવે પર આવેલી છે. તેથી અહીં વારંવાર થતાં અકસ્માત સમયે તાકીદની સારવાર કોઈ ભેદભાવ વિના પૂરી પાડતી આ એકમાત્ર સંસ્થા છે.

'શ્રી વાગડ કલા કેન્દ્ર' મુંબઈ દ્વારા, મુંબઈના વિવિધ ક્ષેત્રના નિષ્ણાત ડૉક્ટર્સને આ હોસ્પિટલમાં નિમંત્રી, પ્લાસ્ટીક સર્જરી, લેપ્રોસ્કોપી સર્જરી, યુરોલોજી (કિડની - પેશાબના રોગ), કાન, નાક, ગળા, દાંતના રોગ, હરસ-મસા-ભગંદર, મગજનો લકવો જેવા રોગોના નિદાન-સારવાર માટે સમયાંતરે મેડિકલ - સર્જિકલ કેમ્પ્સ યોજવામાં આવે છે.

જન્મથી હાડકાંની ખોડખાંપણ ધરાવતા કે બીમારી ધરાવતા બાળકો તેમજ સ્ત્રીઓના ગર્ભાશય અંગેના રોગો - કેન્સરની સારવાર માટે દર ૩ મહિને શિબિર યોજાય છે. આ તમામ કેમ્પની સેવાઓ વિનામૂલ્યે હોય છે. 'મોતીયામુક્ત કચ્છ અભિયાન' અન્વયે ૨૦૦ ગામડાંના દર્દીઓના મોતીયાના ઑપરેશન નિઃશુલ્ક કરી આપવામાં આવે છે. ડાયાલિસિસ સેવા માટે ૧૨ મશીન ઉપલબ્ધ છે. દર માસે ૪૫૦થી વધુ દર્દીઓ તેની નિઃશુલ્ક સેવાઓ મેળવે છે.

સંસ્થાના ડૉક્ટર્સ સપ્તાહમાં બે વખત રાપર કચ્છની સુશ્રુષા હોસ્પિટલમાં જઈને દર્દીઓને તપાસે છે. ભચાઉમાં ઑપરેશન થાય છે. તત્પશ્ચાત દર્દીઓ રાપરમાં જ વિશેષ સેવાઓ મેળવી શકે છે. કચ્છના દુર્ગમ સરહદી વિસ્તાર ખડીર ટાપુમાં 'યુરો ફાઉન્ડેશને' કોટેજ હોસ્પિટલનું નિર્માણ કરેલ છે. જેનું સંચાલન આ ટ્રસ્ટને સોંપાયેલ છે. આ ટ્રસ્ટના ચેરમેન વિનોદભાઈ ગડા છે.

*સંપર્ક : (૦૨૮૩૦) ૨૨૪૦૪૧*

*મો. ૯૬૮૭૭ ૮૦૮૭૩, ૯૦૧૬૨ ૯૨૩૭૮*

***૨૦૨, 'ઓર્કિડ', તસ્કીન સોસાયટી, શુક્લનગર ચાર રસ્તા, સમા, વડોદરા-૩૯૦ ૦૦૨. મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦***

## કચ્છનું રણ સફેદ રણ કેમ છે?

**(અનુસંધાન : પાના નં. – ૧૬૨ ઉપરથી ચાલુ)**

આ સાયરાની આસપાસ થયેલા યુધ્ધમાં ક્લોરાએ વિજય તો મેળવ્યો પણ વિષમ પરિસ્થિતિવાળા પ્રદેશમાં તે ટકી શક્યો નહીં અને પરત ફર્યો હતો. આ બાદ તેણે કચ્છને આર્થિક રીતે નુકસાન પહોંચાડવા સિંધથી અહીં આવતી નદીઓ પર ડેમ બાંધ્યા હતા. જેથી કચ્છ સુધી પાણી પહોંચે નહીં અને લાખો કોરીના ચોખાનું ઉત્પાદન કરતા કચ્છને મોટી નુકસાની થાય.

- **સફેદ રણના નિર્માણ પાછળનું મુખ્ય કારણ :**

ડૉ. ઠક્કર જણાવે છે કે હજારો લાખો વર્ષથી સતત ચાલતા ભૂકંપીય હલન ચલનના કારણે આ પ્રદેશમાં અનેક ફેરફારો આવ્યા છે. **સફેદ રણના નિર્માણમાં કોઈ ભૂકંપીય ઘટનાએ સૌથી મોટો ભાગ ભજવ્યો હોય તો તે ૧૮૧૯નું અલ્લાહ બંધ ભૂકંપ છે. ૧૬મી જૂનના સાંજે ૬.૪૬ વાગે ત્રાટકેલા આ ભૂકંપે એવી તબાહી મચાવી હતી કે ભુજમાં હજારો લોકોના મોત નીપજ્યા હતા. આ ભૂકંપમાં એક જ મિનિટની અંદર સિંધ અને કચ્છની વચ્ચે આવેલું એક ૯૦ કિ.મી. લાંબો અને ૧૦થી ૧૩ કિ.મી. પહોળો પ્રદેશ જમીનથી છ મીટર જેટલો ઊંચો ઉઠી ગયો હતો. આ કારણે સિંધમાં ગુલામશાએ બાંધેલા ડેમ ઉપરથી આવતું થોડું ઘણું પાણી પણ આવતું બંધ થઈ ગયું. જેથી લોકો તેને અલ્લાહે બાંધેલો બંધ એટલે કે 'અલ્લાહ બંધ' કહેવા લાગ્યા.**

આવા અનેક ભૂકંપીય હલન ચલનના કારણે કચ્છ અને સિંધ વચ્ચેનો આ પ્રદેશ જે આજે રણ બન્યો છે તે સતત ઉપર ઉઠતો રહ્યો છે અને **એક સમયે જ્યાં દરિયો હતો ત્યાં આજે માત્ર પવનના કારણે દરિયાનું પાણી કચ્છના પશ્ચિમી ખૂણેથી અંદર ધસી આવે છે. જો કે, જમીન પર વચ્ચે આવેલી એક ખૂંધના કારણે આ પાણી પાછું જઈ શકતું નથી અને સપાટ પ્રદેશ પર જમા થાય છે. સમુદ્રી પાણી હોવાના કારણે તેનું બાષ્પીભવન થયા બાદ જમીન પર મીઠાનું સ્તર જમા થાય છે. હર વર્ષે આ જ પ્રક્રિયાનું પુનરાવર્તન થાય છે અને નવા મીઠાના સ્તર બનતા જાય છે. આ રીતે એક સમયે દરિયા અને નદીઓનો પ્રદેશ આજે અફાટ સફેદ રણ બની લાખો લોકોને પોતાની તરફ આકર્ષે છે.**

જો કે હકીકત એ છે કે અહીં પગરખા ઉતારીને ચાલી નહીં શકાય – જોખમકારક છે.

*વધુ વાર રહેવામાં કે નહાવા ધોવામાં પણ મીઠાની ખારાશ ચામડીને દઝાડે છે.*

*જતે દહાડે રણની ખારાશ લોકોને દૂર લઈ જાય તો નવાઈ નહીં....*

# કચ્છની ખાડીઓમાં ચેરનાં જંગલ, દરિયામાં તરતા ઊંટ, ડોલ્ફિન અને પ્રવાસન



કીર્તિ ખત્રી

ફેબ્રુઆરીની ૭ અને ૮ તારીખે કચ્છના વિશ્વવિખ્યાત સફેદ રણમાં ધોરડો ખાતે જી-૨૦ રાષ્ટ્ર સમૂહના પ્રતિનિધિઓની પર્યટન વિષયક બેઠક મળી હતી. એ પ્રસંગે ‘દિવ્ય ભાસ્કર’ અખબારની ભુજ આવૃત્તિમાં રોનક ગજ્જરની બાયલાઇન સાથે છપાયેલા એક ખાસ અહેવાલમાં કચ્છમાં રણ પ્રવાસન સાથે લખપત અને અબડાસાના સરહદી કિનારે આવેલાં ચેરિયા (મેન્ગ્રુઝ)ના જંગલોનેય પશ્ચિમ બંગાળના સુંદરવન નામે જાણીતા ચેરિયાનાં જંગલોની જેમ પર્યટન સ્થળ તરીકે વિકસાવવાનું સૂચન કરાયું હતું. જી-૨૦ સમૂહની બેઠકમાં આ બાબતે ચર્ચા થઈ કે કેમ એની કોઈ માહિતી બહાર આવી નથી, પરંતુ કચ્છના ચેરિયા આચ્છાદિત જંગલોવાળી સરહદી ખાડીઓ, આ જંગલોમાં દરિયો તરીને ચરવા જતા ખારાઈ ઊંટ, એને ચરાવતા ફકીરાણી જત અને માલધારી રબારીઓની આગવી સંસ્કૃતિ ઉપરાંત એ વિસ્તારમાં જોવા મળતી ડોલ્ફિન વિશે કચ્છ સહિતના અખબારોમાં ત્રણેક દાયકાથી છૂટું છવાયું લખાતું રહ્યું છે. વિશેષ લેખ સુધ્ધાં લખાયા છે. આ લખનારે ‘કચ્છમિત્ર’ની પોતાની કટાર ‘વિશેષ’માં તેમ દિવાળી અંકમાં, ‘મુંબઈ સમાચાર’ અને ‘દિવ્ય ભાસ્કર’ની રવિવારની પૂર્તિની કટારોમાં વિસ્તૃત છણાવટ કરી છે અને રણ પ્રવાસનની જેમ કચ્છના ચેરના જંગલો અને ખાડીઓવાળા વિસ્તારોમાં પ્રવાસન વિકાસની પુષ્કળ તક હોવાનો નિર્દેશ કર્યો છે પણ સરકારે કે પર્યટન નિગમે ભાગ્યે જ કોઈ પહેલ કરી છે.

આ માટે સરહદી સંવેદનશીલતા જવાબદાર હશે કે કેમ એ કહેવું મુશ્કેલ છે પણ આપણે અત્યાર સુધી ચેરિયા (મેન્ગ્રુઝ)ના જંગલોથી છવાયેલી અબડાસા - લખપતની દરિયાઈ ખાડીઓને દેશવિરોધી પ્રવૃત્તિના ધામ તરીકે જ જાણી - પીછાણી છે. એનું કારણ સ્પષ્ટ છે અને તે એ કે સરહદી કચ્છમાં સોના ચાંદીની દાણચોરીથી માંડીને નાપાક ઘૂસણખોરી કે પછી શસ્ત્રોની હેરાફેરીના સનસનીખેજ પ્રકરણોમાં કોરીક્રીક, પડાલા ક્રીક, પબેવારી ક્રીક કે શેખરણપીર જેવા ટાપુઓ સતત ચમકતા રહ્યા છે. જખૌ નજીક ભારતીય માછીમારોના અપહરણ કરીને પાકિસ્તાની મરીન સિક્યુરીટી એજન્સી દ્વારા થતી ચાંચિયાગીરીમાં પણ સિરક્રીકનું નામ આપણે દાયકાઓથી સાંભળતા આવ્યા છીએ. ’૮૦ના દાયકામાં ખૂંખાર દાણચોર અને પાછળથી પાકિસ્તાનનો જાસૂસ બની ગયેલો સુમાર બોટલ પણ સામેપારથી ક્રીક માર્ગે જ ઘૂસી આવ્યા પછી મેડી ગામે ઝડપાયો હતો. તેથી સામાન્ય કચ્છવાસીના મનમાં આવી ખાડીઓ અને ચેરના જંગલ જાણે અવરજવર ન કરી શકાય એવા દૂર દૂરના ‘અસ્પૃશ્ય’ વિસ્તાર હોય એવી છાપ ઉપસી આવેલી છે.

કચ્છનો આ વિસ્તાર મૂળ તો સિંધુ નદીના ત્રિકોણ પ્રદેશનો ભાગ માત્ર છે. અલબત્ત ત્રિકોણ પ્રદેશનો મોટો ભાગ પાકિસ્તાનમાંની ક્રીકોથી છવાયેલો છે અને ત્યાં જ સિંધુ નદીના પાણી અરબી સમુદ્રને મળે છે. બાકી તો આજેય કચ્છના ચેરનાં જંગલો અને અટપટી ખાડીઓમાં સફર ખેડતાં પશ્ચિમ બંગાળનું સુંદરવન સહેજે યાદ આવી જાય છે. પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશ વચ્ચે ગંગાના ત્રિકોણ પ્રદેશમાં સુંદરવન પથરાયેલું છે. એનો ૭૨ ટકા ભાગ બાંગ્લાદેશમાં છે જ્યારે ૨૮ ટકા ભારતમાં છે. સફેદ વાઘ અને ટપકાંવાળા મૃગની અજીબ પ્રાણીસૃષ્ટિને લીધે ત્યાં પર્યટન ઉદ્યોગ પૂરબહારમાં વિકસ્યો છે. તો પછી કચ્છના ચેરનાં જંગલોવાળી ખાડીઓમાં પર્યટન વિકાસ કેમ ન થાય?

કુદરતના કરિશ્મા સમા કચ્છના આ વિસ્તારની લાક્ષણિકતાઓ અને ખૂબીઓની હવે વાત કરીએ. કોરી ક્રીક અને એના મુખ નજીકથી શરૂ થતા રણની સપાટી લગભગ એકસરખી હોવાથી કોટેશ્વર નજીકથી ઘૂસતું દરિયાની ભરતીનું પાણી ચોક્કસ સીઝનમાં છેક ખાવડા અને ખડીર સુધી પહોંચી જાય છે. ભરતી સમયે આટલે લાંબે સુધી પાણી પ્રવાસ કરે એવો વિશ્વનો આ પ્રથમ વિસ્તાર મનાય છે. વળી, સેંકડો વર્ષોથી ભારતી-ઓટની ચાલતી આ પ્રક્રિયા અને સૂર્યના પ્રખર તાપથી જામી જતાં નમકના થરની પ્રક્રિયાના પરિણામે ‘નમક સરોવર’ સર્જાયું છે તે પણ અજોડ છે. પચ્છમના પ્રહરી સમા કાળા ડુંગર પરથી નજર ફેરવતાં કુદરતનો આ અનેરો ચમત્કાર હૂબહૂ જોઈ શકાય છે.

આમ છતાં, ખરી મજા તો અટપટી ભૂ-રચના ધરાવતી ક્રીકમાં દરિયાઈ સફર ખેડતી વખતે પડે છે. કાદવવાળા ટાપુઓ પર મોટી નાળ, પછી નાની નાળ, એક નાળ... બીજી નાળ... અસંખ્ય નાળની રચના હેલિકોપ્ટરમાંથી કદાચ ગૂંચળું વાળીને

પડેલા સર્પસમૂહ જેવી લાગતી હશે. પણ આવી ક્રીકની ખૂબી એ છે કે, જ્યારે દરિયામાં પૂર બહારમાં ભરતી હોય ત્યારે ટાપુનો ઊંચો ભાગ માત્ર જ બહાર દેખાય છે. બાકીનો તમામ વિસ્તાર પાણી હેઠળ ગરકાવ થઈ જાય છે.

ઓટના સમયે આવા ટાપુ પરની નાળમાં વહાણ કે નાના મછવા નાંગર્યા હોય ત્યારે આપણને કલ્પના પણ ન આવે કે ભરતીના સમયે આવી મોટી નાળની ઉપર પાણી ફરી વળતું હશે અને આ પૈકી કેટલીક નાળ તો એટલી બધી ઊંડી છે કે ઓટ સમયે તેના તળિયે નાંગરેલા મછવાનો કૂવાથંભ પણ ટાપુ પર ઊભેલા આદમીને દેખાય નહીં.

આ લખનારે કોટેશ્વર સામેની ખાડીઓમાં સાંવલાપીર દરગાહની ત્રીસેક વર્ષ પહેલાં મુલાકાત લીધી ત્યારે આ બધું નજરોનજર જોયું હતું. પૂનમની મોટી ભરતી હતી અને પાણી બરાબર ચડ્યા હતા ત્યારે અમને દૂરથી માત્ર પીરની દરગાહ અને એનું આંગણું દેખાતું હતું. એની ચારેબાજુ પાણી ફરી વળ્યા હતા. પણ ઓટ શરૂ થઈ અને પાણી ઊતરવા લાગ્યા એ સાથે જ આખો ટાપુ ધીમે ધીમે બહાર-ઉપર વસતો હોય એવું કલ્પનાતીત ચિત્ર દેખાવા લાગેલું. ઓસરતું પાણી કાદવિયા વિસ્તારમાં નાની નાની નીકો અને ભૂલભૂલામણી જેવા ફાંટામાંથી દોડતું દોડતું દરિયામાં ભળી જતું હતું.

આકાર ઉપસવાની આ ક્રિયા ખરે જ અજીબ હતી. આ સમયે દાર્જીલીંગથી પહાડી પર જોયેલું સૂર્યોદયનું દશ્ય યાદ આવી ગયું. ત્યાં વહેલી સવારે - પરોઢિયે ચોક્કસ પોઇન્ટ પર પર્યટકો ભેગા થાય છે. સામે ધૂંધળા આકાશમાં કાંઈ જ દેખાતું નથી. સૂર્ય ધીમે ધીમે પૂર્વમાંથી ડોકિયું કાઢે અને એનું પ્રથમ કિરણ છેક પશ્ચિમ કાંચનજંઘા પર્વતમાળાના શિખરને સ્પર્શે એ સાથે જ પર્વતની ટોચ દેખાવા લાગે. સૂરજ જેમ જેમ બહાર આવતો જાય તેમ તેમ એના કિરણ આખી પર્વતમાળા પર પથરાતા જાય... દશ્ય ઉપસવા લાગે.

ખાડીઓ સંવેદનશીલ હોવાથી ત્યાં જવાની ખાસ પરવાનગી સીમા સુરક્ષા દળ કે કસ્ટમ પાસેથી લેવી પડે છે. પણ એનો અર્થ એમ નથી કે ત્યાં જવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. છતાં દૂરના સરહદી વિસ્તાર જવા દઈએ તો પણ અબડાસા અને લખપતના કિનારા નજીકની ખાડીઓ અને ચેરના ટાપુઓ પર તો ગામલોકો પોતાના ઊંટ ચરાવે છે અને ગાય-ભેંસ જેવા પશુ માટે ચેરિયાના પાન પણ વીણવા જાય છે. ત્યાં કચ્છની શાળાના વિદ્યાર્થીઓ, કચ્છના વતનીઓ કે પર્યટકો જાય એમાં કોઈને વાંધો શા માટે પડે? અહીં જ સિમેન્ટના કારખાના અને જેટીઓ છે.

ઉપરાંત, મુંદ્રા, અંજાર, ગાંધીધામ અને ભચાઉમાં પણ ખાડીઓ અને પ્રકૃતિના અદ્ભુત નજારા સમા ચેરના ઝાડી - જંગલ છે અને તે પૈકી કેટલાય ઊંટપાલન સાથે સંકળાયેલા ભાતીગળ રબારીઓ અને ફકીરાણી જતની જીવનશૈલીએ પર્યટકો માટે મોટું આકર્ષણ ઊભું કરી શકે તેમ છે. ગુજરાત ઈકોલોજી કમિશને ૨૦૦૮, ૨૦૦૯ અને ૨૦૧૦ – એમ ત્રણ વર્ષના રાજ્યવ્યાપી સર્વે પછી મેન્ગ્રુવ્ઝ (ચેરિયા) એટલાસ ઑફ ગુજરાત પ્રસિદ્ધ કરી છે. આ એટલાસમાં ગુજરાતના જે પણ વિસ્તારોમાં ચેરના જંગલ - ખાડી છે તેની તાલુકાવાર માહિતી નકશાઓ સાથે આપેલી છે. આ નકશાઓ અને અન્ય વિગતો જોતાં એમ કહી શકાય કે અબડાસા - લખપતમાં કોરી અને અન્ય ક્રીકોનો પથારો સૌથી વ્યાપક છે. એ પછી એના જેવો જ બીજા નંબરનો પથારો જંગી વિસ્તારનો છે. કચ્છના અખાતનો આ ખૂણાનો ભાગ છે. અહીં પણ નાના-મોટા ૫૦થી ૬૦ બેટ છે અને ઊંટ ચરાવવા ફકીરાણી જતોનોય રબારીઓ સાથે પડાવ છે. વળી અહીં પ્રવાસન પ્રવૃત્તિને સંબંધ છે ત્યાં સુધી ધોરીમાર્ગ સાવ નજીક છે. નેશનલ હાઈવેથી જંગી માત્ર ૨૦ કિ.મી. અને ત્યાંથી ૭ કિ.મી. દૂર દરિયાઈ ખાડી છે. તો વોંધમાં એનાથીયે નજીક છે. દરિયાની ખાડીઓ અને બેટોના સ્થાનિક તળપદા નામોયે અપાયેલા છે. પણ અહીં કાયદે-ગેરકાયદે નમક પકવવાની કુપ્રવૃત્તિ રાજકીય આશ્રય હેઠળ ફાલીફૂલી છે. તેથી ચેરિયાનાં જંગલોનો નખ્ખોદ વળી રહ્યો છે. માલધારીઓએ સંગઠિત બનીને વિરોધ કર્યો હોવા છતાં ચેરછેદન અટકતું નથી એ અલગ ચર્ચાનો વિષય છે. બાકી તો ખાડીઓ સરહદી હોય કે વસ્તીની વચ્ચોવચ હોય પણ ત્યાં પ્રવાસન શક્ય છે. ■

## પુસ્તક

તું જો પુસ્તકોમાં 'તરબોળ' થતો જઈશ
ઉતરી શબ્દોમાં ગગને ઉડતો વિહરીશ.

ભાવ પ્રભાવી હોય છે પુસ્તકો આખરે
જો પુસ્તકોને તારા મિત્રો સમજતો જઈશ.

પુસ્તકો તો જ્ઞાન વિજ્ઞાન કેરા ભંડાર છે,
એક દિન, માની એને પ્રભુ પૂજતો હોઈશ.

સારા પુસ્તકો તો ફિલસુફ - માર્ગદર્શક છે
કે તુજમાં તું એક 'માનવ' ઉભરતો ભાળીશ.

તું પાને પાને સત્-રસ નીતરતો પીજે,
ને તારા હૃદયે ઉંડાણે ઉતરતો રહીશ.

બસ, તું પુસ્તકો કેરું તાત્ત્વિક દર્શન જો,
હું તને દેવી સરસ્વતીને પૂજતો કરીશ.

*જસ્મીન દેસાઇ 'દર્પણ' - રાજકોટ*
*મો. ૯૪૨૮૩ ૪૯૮૧૨*

# કચ્છમાં સિંધુ સંસ્કૃતિ

## (પૌરાણિક અવશેષો ધોળાવીરા)



ડૉ. જેઠો લાલવાણી

અવિભાજ્ય ભારતમાં પાંચ હજાર વર્ષ પહેલાં સિંધુ નદીના કાંઠે જગતની સૌપ્રથમ માનવ સંસ્કૃતિએ આકાર લીધું હતું. મોહેં-જો-દડો અને હડપ્પન સંસ્કૃતિમાંથી આ સંસ્કૃતિના ભરપૂર પુરાવાઓ મળ્યા છે. આપણે ત્યાં ગુજરાતમાં સમકાલીન લોથલમાંથી પણ આ સંસ્કૃતિના વ્યાપક પુરાવાઓ મળ્યા છે અને આજ પ્રકારના પુરાવાઓ કચ્છમાં પણ મળ્યા છે. આ સમયગાળાને સિંધુ ખીણની સંસ્કૃતિનો સમય કહીએ છીએ. ભૌગોલિક દૃષ્ટિએ આ સ્થળો એકબીજાથી દૂર હોવા છતાં પણ તત્કાલીન બનાવોની સાંસ્કૃતિકએકતા, વૈચારિક એકતા, શાસન પદ્ધતિ એક વ્યાપક આદાન-પ્રદાનથી એકતા એનો જ્વલંત પુરાવો છે.

કચ્છમાં ધોળાવીરા, દેશલપુર, ગુંતલી, શિકારપુર, પલુપઠ, નાની રાયણ વગેરે સ્થળોએ સિંધુ સંસ્કૃતિના પુરાવાઓ પુરાતત્ત્વવિદોએ શોધી કાઢ્યા છે અને તેમાં ધોળાવીરા સૌથી મોટા નગર સ્વરૂપમાં ઉપસી આવ્યું છે. રાજાનો મહેલ, ઉપલું નગર, નીચલું નગર, કિલ્લો, નહાવાના હોજ, પાણી સંઘરવાની ટાંકીઓ, પાણી લઈ આવવાના નાળા અને નહેરો, દુકાનો, ઘર, રમત-ગમતના મેદાનો – આ તમામ વસ્તુઓ ધોળાવીરામાંથી મળી આવી છે. પુરાતત્ત્વવિદોના મતાનુસાર ધોળાવીરાની વસતી દસ હજાર આસપાસની હોવી જોઈએ. મોંહે-જો-દડોની વસતી ૩૫-૪૦ હજારની આસપાસ અને હડપ્પનની વસતી ૧૫ હજારની આસપાસ લગભગ સ્વીકારવામાં આવી છે.

આપણે ગર્વથી કહી શકીએ છીએ કે આપણી સંસ્કૃતિની સવાર ખૂબ જ ઉજ્જવળ હતી. આટલી વ્યવસ્થિત રીતે રહેતા, વિચારતા અને વિચરતા માનવોના જ આપણે સૌ વારસદાર છીએ. નૃવંશ શાસ્ત્ર મુજબ સિંધુ કાળના ભારતના લોકો મુખ્યત્વે (૧) પ્રોટોખારા ટ્રોલાઇડ, (૨) મોંગોલોઇડ અને (૩) ભૂમધ્ય આલ્વાઇન – એમ ત્રણ પ્રકારના હતા. મોટે ભાગે તેમનો વસવાટ નદી કિનારાઓ પર હતો. નદીના કાંઠે, ફળદ્રુપ વિસ્તારમાં ખેતી થતી. સુંદર જંગલો અને ઘાસિયા મેદાનોનો તે પ્રદેશ હતો.

આ લોકોનો મુખ્ય પાક ખેતી હતો. અનાજના વિપુલ જથ્થાને સાચવવા માટેના મોટા કોઠાર જોવા મળે છે. માટીકામ કરતા કુંભારો સમાજનું અગત્યનું અંગ હતા. ખાવાના, રસોઇના, ઘરવખરીનાં તમામ વાસણો માટીના બનતા. સિંધુ નદીના પૂરના કારણે અને વધુ પડતા વરસાદને કારણે સૌપ્રથમ આ સમયનાં લોકોએ ઈંટોને નિભાઠામાં પકવી મકાનો બાંધવાનું શરૂ કર્યું. તેમની નગર રચના પણ અતિશય સુવ્યવસ્થિત હતી. સૌથી અગત્યનું સ્થાન રાજાના મહેલનું રહેતું. તેની આસપાસ કિલ્લો રહેતો. આ કિલ્લો નદી કિનારાના વસવાટોમાં નદીના પૂર સામે રક્ષણ આપતો. તેનાથી થોડે દૂર ધનિક વેપારીઓના મકાનો, બજાર તથા દુકાનોવાળું ઉપલું નગર બનાવવામાં આવતું.

આ બધા મકાનો મોટા ઓરડાવાળા હતા. ઘણા ઓરડાવાળા ઉપરાંત બહુમાળી પ્રકારના હતા. દરેક માનવ સંકુલ વચ્ચે વચ્ચે સુંદર રસ્તાઓ રાખવામાં આવતા. આ રસ્તાઓ એકબીજાને કાટખૂણે કાપતા, ઘણા જ વિશાળ અને વ્યવસ્થિત હતા. આ રસ્તાઓ ઉપરથી બે પ્રાણીઓ વડે ખેંચાતા ગાડા સામસામે સરળતાથી પસાર થઇ શકે તેવી વ્યવસ્થા હતી. દરેક ઘરમાંથી વપરાયેલા પાણીના નિકાલની પણ વ્યવસ્થા હતી. બાથરૂમ કે મોરીમાંથી નીકળતું પાણી ઘરની બહાર ખોદેલા ખાડામાં રાખેલા મોટા પાટલા જેવા વાસણમાં જતું.ત્યાં મળ પાણીથી અલગ થઈ જતો. વધારાનું પાણી બંધ નાળાઓમાંથી શહેરની બહાર લઈ જવાની વ્યવસ્થા હતી.

ઉપલા નગરથી દૂર નીચલું નગર રહેતું. જેમાં સામાન્ય અને ગરીબ પ્રજા રહેતી. લોકોમાં ઘરેણાઓનો ઉપયોગ અને શોખ સર્વસામાન્ય હતો. સોનું, સેમિ પ્રીસિયસ પથ્થરો, ચાંદી, સીસુ, પથ્થરો, મણકા, શંખ વગેરે વસ્તુઓના ઘરેણા બનાવવાના નાના-મોટા કારખાનાઓ ખોદકામ દરમિયાન મળ્યા છે. વળી આભૂષણોથી લદાયેલી સ્ત્રીઓની મૂર્તિઓ ઉત્ખનનમાં મળી આવી છે.

આ લોકો સુતરાઉ કાપડનો ઉપયોગ કરવા ઉપરાંત સુતરાઉ કાપડની નિકાસ પણ કરતા. સુતરાઉ કાપડના ઉત્પાદન અને નિકાસ પણ સિંધુ સંસ્કૃતિનું એક મુખ્ય અધિપત્ય હતું. એટલે જ કદાચ ઇરાનના લોકો આવા સુતરાઉ કાપડને "સિંધુ" કહેતા. ગ્રીક ભાષામાં સુતરાઉ કાપડને "સિન્ધન" કહેવામાં આવતું.

આ લોકો માટીના વૃષભ, પંખીઓ, ગાડીઓ જેવા માટીના અસંખ્ય રમકડાં પણ પોતાના બાળકો માટે બનાવતા.

ધોળાવીરામાં એક મોટું રમત-ગમતનું મેદાન હતું. જેની એક તરફ નગરજનો અને બીજી તરફ રાજા પોતાનાં મહેલની અગાસીમાં બેસીને રમત-ગમત જોઈ શકે તેવી વ્યવસ્થા હતી.

ખોદકામ કરતી વખતે નાના-મોટા કદના વજન કરવાના વજનિય પણ મળ્યા છે. એ જ રીતે લંબાઈ, પહોળાઈ માપવા માટેની ફૂટપટ્ટીઓ પણ મળી છે. તેઓએ નક્ષત્ર અને ચંદ્રની ગતિ મુજબ ૧૨ રાશિઓ બનાવી હતી. આ પંચાંગ દ્વારા નદીના પૂર, વરસાદનાં આગમનની ગણતરી, વાવણી કરવાનો સમય વગેરે નક્કી કરવામાં આવતા.

સૂર્ય, ચંદ્ર, પવન, પાણી, અગ્નિની પૂજા કરતાં આ પ્રજાએ મંદિરો બનાવ્યા નથી. ક્યાંક માતૃકાઓ મળી આવી છે. સ્વસ્તિક, પશુપતિનાથ, મહાદેવની પૂજાના ચિહ્નો પણ મળ્યા છે. લિંગ પૂજા થતી હોવાના ચિહ્નો પણ મળ્યા છે.

આપણી ધાર્મિક માન્યતાઓ અને ધર્મનો પાયો પાંચ હજાર વર્ષથી પણ જૂનો છે તેમ કહી શકાય છે. સુમેર અને મેસોપોટેમિયામાં એ વખતે આપણી જેમ જ વ્યવસ્થિત માનવ વસવાટ હતો. ઊર, ખાર્ક (ઇરાક), ફાઈલાકા, સુસાહીસ્તર (ઇરાન), બહેરોન, તુમ્મોનિયા, સુમેર અને મેસોપોટેમિયાના નગરોના ઉત્ખનન દરમિયાન સિંધુ સંસ્કૃતિના અસંખ્ય સીલ, વાસણો તથા કાપડના ટુકડા જોવા મળ્યા છે. તેથી આ શહેરો સાથે હડપ્પન કાળના ભારતનો વ્યાપક વ્યવહાર અને વ્યાપાર હતો તે વિશ્વાસથી કહી શકાય છે.

વહાણવટાના પણ પુરાવાઓ મળ્યા છે. ખાસ કરીને લોથલમાં ખંભાતના અખાતમાંથી નદી રસ્તે આવતા વહાણો માટે એક ખૂબ જ સુંદર ગોદી હતી. જ્યારે દરિયામાં ભરતી આવતી ત્યારે આ ગોદીમાં ખૂબ જ પાણી ભરાતું. એ પાણીને રોકી રાખવા માટે દરવાજા પણ હતા. ચઢતી ભરતીમાં આ વહાણો ગોદીમાં દાખલ થતાં, માલ બંદર ઉપર ઉતરતો. આ વહાણવટાથી તેઓએ ઘણા ઘણા પ્રદેશોમાં પોતાનો વ્યાપારિક વ્યવહાર કર્યો હતો. તે સમયે ધોળાવીરા અને લોથલ બંદરો હતા.

સિંધુ સમયમાં ઘઉં, જુવાર, બાજરી, જવ, કપાસ વગેરેની ખેતી થતી. લોકો માંસાહારી પણ હતા. માછલીઓ ખાતા. ગાય, ભેંસ, બકરી, ડુક્કર જેવા પ્રાણીઓને પાળવામાં આવતા.

તે સમયમાં લાકડાનો ઉપયોગ પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે. તેનો ઉપયોગ બળતણમાં થતો. મકાનોની અંદર ઈમારતી લાકડાં તરીકે દેવદારનો ઉપયોગ જોવા મળે છે. સિંધુ ખીણમાં લાકડાંનો ઉપયોગ છત, દરવાજા, બારીઓ તેમજ સીડી વગેરે બનાવવામાં થતો. લાકડાં કાપવાની કરવતો પણ ખોદકામ દરમિયાન મળી છે.

ખોદકામમાં જે ધાતુઓ મળી છે તેમાં તાંબુ વિશેષ છે. તાંબાનો ઉપયોગ પતંગ, આભૂષણો, હથિયાર વગેરે બનાવવામાં થતો. ચાંદી, સીસુ અને સોનું પણ વપરાતું. તે સમયે જે હથિયારો બનાવવામાં આવતા તેમાં બરછી, ભાલા, તીરની નોક, તલવાર વગેરે હતા. ખોદકામમાં ધાતુઓ ગાળવાની ભઠ્ઠીઓ પણ મળી આવી છે. આ કાળમાં લોખંડનો ઉપયોગ બિલકુલ જણાતો નથી.

સિંધુ ખીણની સિંધુ લિપિ સૌથી વધારે ચર્ચાનો વિષય રહી છે. આ લિપિ હજુ સુધી કોઈ ઉકેલી શક્યું નથી. જો કે તેને ઉકેલવાના અથાગ પ્રયત્નો થયા છે. કોમ્પ્યુટરની પણ મદદ લેવામાં આવી છે. લિપિને ઉકેલવામાં સર્વશ્રી સુધાંશુકુમાર રાવ - બંગાળ, ફતેહસિંહ - રાજસ્થાન, શ્રી પરપોલા - ફિનલેન્ડ, શ્રી ઇરાવન મહાદેવ - દક્ષિણ ભારત, અમેરિકન ફેર સર્વિસ જુનિયર, શ્રી એસ.આર. રાવ તથા સ્વ. શ્રી પંડિત કિશનચંદ જેટલીએ પ્રયત્નો કર્યા છે.

રશિયન તથા ફિનલેન્ડનાં વિદ્વાનોનું માનવું છે કે સિંધુ લિપિ આધિ-દ્રવિડિયન ભાષાનું સ્વરૂપ છે. તેમાંની સંજ્ઞાઓ ધ્વનિ મૂલ્યવાળી છે. સિંધુ લિપિ, જમણેથી ડાબી તરફ લખાતી પણ અમુક મુદ્રાઓમાં ડાબેથી જમણી તરફ પણ લખાણ જોવા મળે છે.

સિંધુ ઘાટીના લોકોએ વ્યવસ્થિત પંચાંગ બનાવ્યું હતું અને તેઓ સૂર્ય અને ચંદ્રની ગતિ જાણતા હતા. મીન, કર્ક રાશિઓનો ઉલ્લેખ પણ મુદ્રાઓમાં જોવા મળે છે. શોધખોરોને હાથીદાંતની એક શલાકા પણ મળી આવી છે. જેમાં ચંદ્રના ભ્રમણ પ્રમાણે દિવસ ગણવાની વ્યવસ્થા છે.

હડપ્પન કાળના લોકોએ પોતાની ભાષા - બોલીને ચિત્રાંકિત કરીને મુદ્રાઓ ઉપર મુદ્રિત કરવાના પ્રયત્ન કર્યા છે. ખોદકામથી એક વસ્તુ સ્પષ્ટ થાય છે કે, એકબીજાથી સેંકડો કિલોમીટર દૂર રહેલા મોંહે-જો-દડો, હડપ્પા, લોથલ, ધોળાવીરા એમ દરેક સ્થળેથી મળી આવેલી મુદ્રાઓમાં અસાધારણ સમાનતા દૃષ્ટિગોચર થાય છે અને તેથી આ તમામ જગ્યાઓ એક જ રાજ્યસત્તાના તાબા હેઠળ હોઈ શકે.

વસ્ત્રો છાપવાના બીબાં, સુંદર નૃત્યની અનેક અંગભંગીઓ દર્શાવતી મૂર્તિઓ, ઘરેણાથી લદાયેલી સ્ત્રીની પ્રતિમાઓ, વિવિધ રમકડાં વગેરે બાબતો તત્કાલીન પ્રજાના કલા પ્રેમનાં દ્યોતક અને પરિચાયક છે. પ્રજા કલાપ્રેમી ઉપરાંત નૃત્ય અને સંગીતની પ્રેમી પણ હતી. અમુક નૃત્યાંગનાઓનો શારીરિક બાંધો સિંધુકાળની પ્રજાના શારીરિક બાંધાથી અલગ તરી આવે છે.

મોટા સાર્વજનિક હોલ, સાર્વજનિક મકાનો, રમત-ગમતના મેદાનો અને સાર્વજનિક સ્નાનાગરો, તત્કાલીન પ્રજાજનોના વિવિધ આનંદ પ્રમોદની રીતભાતની સાક્ષી પૂરી પાડે છે.

ખોદકામ દરમિયાન મળેલી માહિતી ઉપરથી જણાય છે કે આ પ્રજાને અવારનવાર આર્થિક પ્રતિકૂળતાઓ પણ નડી હતી. જાહેર બાંધકામમાં પણ આવી અસરો જોવા મળી છે. આ નગરોમાં સર્વનાશ કે વિનાશના નીચે પ્રમાણે તારણો તારવવામાં આવ્યા છે :

૧. મોટા પૂરથી થયેલો વિનાશ કે જેથી ત્રાસીને લોકો ભાગી

ગયા હોય.

૨. આગથી થયેલો સર્વનાશ તથા જીવલેણ વ્યાપક રોગચાળો.

૩. બાહ્ય આક્રમણો.

૪. જે પ્રજા ઉપર તેમનો વેપાર નભતો હતો તે પ્રજામાં થયેલા ફેરફારો.

૫. રાજકીય અરાજકતા.

ઉપર બાબતોને લગતા પુરાવા પણ અલગ અલગ સ્થળેથી જુદા જુદા મળ્યા છે.

લોથલમાં મોટા પૂરે ત્યાંના બંદરને બિલકુલ પૂરી નાખી તદ્દન નકામું બનાવી દીધું હતું. મોંહે-જો-દડોમાં પણ પૂરને લીધે વ્યાપક નુકસાન થયું હોવાના પુરાવા છે. શિકારપુરમાં મળી આવેલ રાખનો જાડો થર - આગને લીધે શહેરનો અંત આવ્યો હોવાનું સૂચન કરે છે. મોંહે-જો-દડોની ગલીઓમાંથી મળી આવેલા રાખો અને મકાનમાંથી મળી આવેલા મૃતદેહો ઉપરથી કોઈ આક્રમકે આ લોકોને રહેંસી નાખ્યા હોય અને બાકીના લોકો ભયના લીધે નાસી ગયા હોય તેમ માનવા પ્રેરે છે.

કચ્છમાં સિંધુ સંસ્કૃતિના ફેલાવાના મુખ્ય કારણો ઉપર પ્રમાણે છે. ભૌગોલિક રીતે જોઈએ તો કચ્છ એક ટાપુ હતો. અત્યારે જ્યાં રણ છે ત્યાં પૂર્વે દરિયો હતો અને આખુંય કચ્છ દરિયાથી ઘેરાયેલું હતું. સિંધુ નદીનું વહેણ પણ દરિયાને મળતું. તેથી સિંધુ નદીમાં થઇને કચ્છમાં વહાણવટુ સહેલાઈથી થઈ શકતું. તે ઉપરાંત કચ્છનાં ધોળાવીરા, નાની રાયણ અને નવી નાળ (હાલપ્રન્દ) જેવા બંદરોથી વ્યાપક પ્રમાણમાં પરદેશ સાથે વહાણ વ્યવહાર થતો.

કચ્છની વસાહતોમાંથી એકમાત્ર ધોળાવીરાની વસાહત જ શહેરી વસાહત હતી. બાકીની વસાહતો ગ્રામ કક્ષાની વસાહતો હોય તેમ જણાય છે. કચ્છમાં સર્વપ્રથમ ઉત્ખનન નખત્રાણા તાલુકામાં આવેલ દેશલપુર ગુંતેલી ગામે ૧૯૭૦-૭૨નાં અરસામાં ડૉ. કે.વી. સુંદર રાજનની રાહબરી હેઠળ કરવામાં આવ્યું. હાલમાં તે પ્રખ્યાત તીર્થધામ હાજીપીર જવાના રસ્તા પર આવતું નાનકડું ગામ છે.

અહીં સંપૂર્ણ પરિપક્વ હડપ્પન વાસણો, મણકા, વજનના તોલા, મુદ્રાઓ મળી આવ્યા છે. પૂર્વ હડપ્પન સ્થળ કોટડીજી (સિંધમાં) માંથી મળેલ પોટરી જેવી જ પોટરી અહીં પણ જોવા મળે છે. ઉત્ખનન દરમિયાન મોટા પ્રમાણમાં મળી આવેલા માનવસર્જિત પદાર્થો અને નગર રચના ઉપરથી કહી શકાય છે કે આ સ્થળ નાનું નગર જ હતું અને આ નગરના લોકો સમૃદ્ધ હતા. અહિંયા પૂર્વ હડપ્પન અને પરિપક્વ કાલીન હડપ્પન એમ બે કાળના અવશેષો મળ્યા છે.

પાલુ મઠનો ટીંબો રાપર તાલુકાનાં સૂવઇ ગામની નજીક છે. ૧૯૭૯-૯૭ દરમિયાન શ્રી ચીતલવાલાએ આ સ્થળે ઉત્ખનન કાર્ય હાથ ધર્યું હતું. પાલુ મઠ પરિપક્વ કાલીન હડપ્પન વસાહત હોવાનું જાણવા મળ્યું છે. અહીં જુદા જુદા સમયમાં થયેલા બાંધકામના એક ઉપર એક એમ ચાર થરો મળી આવ્યા છે. અહીંથી શિંગડાવાળા પ્રાણીની મુદ્રા પણ મળી છે. આ મુદ્રામાં હડપ્પન લિપિ પણ છે. અહીં જે વાસણો મળી આવ્યા છે તે ઉત્કૃષ્ટ પ્રકારના છે. તેના ઉપર વનસ્પતિમાંથી બનતા કાળા રંગ વડે સુંદર ચિત્રકળા કરવામાં આવ્યું છે. આ ચિત્રોમાં મોર, પીપળાના પાંદડા, ટપકા ઉપરાંત સીધી અને આડી રેખાઓ પણ ચીતરવામાં આવેલ છે.

આ વસાહત સિંધુ સંસ્કૃતિની સિંધની વસાહતો સાથે સામ્ય ધરાવતી હોવાનું અનુમાન છે.

નેત્રામાં ટેકરા પર વસાહત હોવાનાં ચિહ્નો મળ્યા છે. આ વસાહતમાંથી સિંધુ સંસ્કૃતિની બે સુંદર મુદ્રાઓ પણ મળી આવી છે. આ સ્થળનું ઉત્ખનન હજુ ચાલુ છે.

નાની રાયણ માંડવી તાલુકામાં માંડવી શહેરથી પાંચ કિ.મી. દૂર આવેલું એક નાનું ગામડું છે. રૂકમાવતી નદીના કિનારે વસેલા આ સ્થલેથી છેલ્લા પાંચ હજાર વર્ષ કરતાં પણ વધુ સમયથી થયેલા માનવ વસવાટના પુરાવાઓ મળ્યા છે. સાથે વિદેશો સાથેના વ્યાપારી સંપર્કના પુરાવાઓ પણ મળ્યા છે. અહિંયાથી જે વાસણો - ઘરવખરીની વસ્તુઓ મળી છે તેમાં રોમથી આયાત થયેલી લોટ દળવાની ઘંટી અને દારૂના વાસણો પરદેશ સાથેનો સંપર્ક સૂચવે છે.

આ જગ્યાએ પક્ષીનું માથું, પકવેલી માટી, મણકા, પથ્થરના મણકા, માટીની ગોટીઓ પણ મળ્યા છે.

● **શિકારપુર :**

કચ્છનાં ઉત્તર પૂર્વ કિનારે આવેલો આ ટીંબો સામખિયાળીથી ૧૯ કિ.મી. દૂર આવેલો છે. ૫ (પાંચ) હેક્ટર જેટલા વિસ્તારમાં ફેલાયેલો આ ટીંબો ૨૦ ફૂટ ઊંચો છે. જેમાં સિંધુ વસાહતના અવશેષોનો ખજાનો ભર્યો છે. ૧૯૮૮થી ૧૯૯૦ સુધી શ્રી વર્માએ પુરાતત્ત્વવિદ શ્રી ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ ઉત્ખનન થતાં અહીંના લોકો સુઘડ, શોખીન, ઘનિષ્ઠા અને કલાકાર હોવાનું જાણવા મળ્યું છે. અહીંના લોકો સૌંદર્યપ્રેમી હતા. લાલ અને સફેદ રંગના ચપટા મણકા અહીંની ખાસિયત છે. અહીંના લોકો ચોખા, બાજરી, જુવાર ઉગાડતા. મચ્છી પકડવાના આંકડા (હુક) પણ મળ્યા છે. સ્વસ્તિકના ચિહ્નવાળી એક લોકેટ જેવી મુદ્રા પણ મળી છે. આ સ્થળે કબ્રસ્તાન કે મડદા દાટવાની જગ્યાઓ પણ મળી છે. આ વિસ્તારનો અંત મોટી આગના કારણે થયો હોવાનું મનાય છે. સિંધ પાકિસ્તાનમાં શિકારપુર નામે જિલ્લો આવેલ છે. સિંધના શિકારપુર તેમજ કચ્છના શિકારપુરના નામમાં સામ્યતા છે.

- **ધોળાવીરા :**

ધોળાવીરા ખડીરમાં આવેલું કચ્છનું ઉત્તરનું એક ગામ અને કચ્છના સૌથી મોટા હડપ્પન સંસ્કૃતિના અવશેષ ધરાવતું સ્થળ છે. ચારે તરફ રણથી ઘેરાયેલો આ ટાપુ છે. શ્રી ભીસ્ટે ત્યાં ખોદકામ શરૂ કરેલ છે. ૧૯૭૦-૭૨માં શ્રી જગતપતિ જોશીએ અહીં પ્રારંભિક ઉત્ખનન કાર્ય કર્યું હતું. ત્રણ ભાગમાં વહેંચાયેલું આ નગર સિંધુ સ્થાપત્યનો ઉત્કૃષ્ટ નમૂનો છે. અહિયા રાજાના મહેલના ચાર દરવાજા ખૂબ જ સુંદર પથ્થરના સ્તંભો છે. જેમાં ઉત્તમ સુશોભિત કોતરણી છે. આવી કલાત્મક કોતરણી અન્યત્ર ક્યાંય જોવા મળતી નથી. એક દરવાજા ઉપર સિંધુ લિપિમાં લખેલ મોટું બોર્ડ છે. જેમાં લુગદી જેવા પદાર્થ વડે ચોંટેલા મણકાઓ દ્વારા સિંધુ લિપિમાં લખાણ કરવામાં આવ્યું છે. રાજાના મહેલમાં પાણીનો મોટો ટાંકો છે. જેમાં વરસાદી પાણી નજીકના ઝરણામાંથી વહે છે. આ પાણી લઈ આવવા માટે ભૂગર્ભમાં સુંદર નાળાઓ બાંધેલા છે. એ નાળામાં કચરો અને રેતી જેવો પદાર્થ તળીયે બેસી જાય અને પાણી જ હોજમાં આવે એવી વ્યવસ્થા કરેલી છે.

દરેક મકાનમાંથી ગંદા પાણીને ઘરની બહાર રાખેલી ભોખળમાં અને ત્યાંથી બંધ ગટરમાં બહાર લઈ જવાની વ્યવસ્થા છે. અહીં ઘરેણા બનાવવાની અને મણકા બનાવવાની દુકાનોની હારમાળા છે. જે તત્કાલીન પ્રજાની અલંકારપ્રિયતા સૂચવે છે. નજીકના વહેતા ઝરણા ઉપર બંધ બાંધી પાણી ગામમાં આપવાની સગવડ પણ કરી હતી.

અહીંથી હડપ્પન મુદ્રાઓ, હથિયારો, મણકા વગેરે સાથે છીપની એક ગોળાકાર રીંગ મળી છે. જેમાં બાર ઊભા કાપા કરવામાં આવ્યા છે. વિદ્વાનો તેને નેવિગેશન કંપાસ (હોકાપેટા) માને છે. અહીં એક પણ મંદિર મળી આવ્યું નથી. જેથી વિચારી શકાય છે કે શું આ લોકો નિરાકાર બ્રહ્મના ઉપાસક હતા કે નિર્ગુણ ભક્તિમાં વિશ્વાસ રાખતા. કદાચ સૂર્ય પૂજામાં શ્રદ્ધા ધરાવતા હશે. નગરની બહાર કબ્રસ્તાન મળી આવ્યું છે. જેમાં પણ કબરો છે. જેમાં (૧) ઉત્તર દક્ષિણમાં, (૨) પૂર્વ પશ્ચિમ દિશાની અને (૩) ઇશાન નૈઋત્ય દિશાની મળી છે. જેથી એવું અનુમાન કરવામાં આવ્યું છે કે અહીં પંચરંગી (કોસ્મોપોલિટન) માનવજાતિ વસવાટ કરતી હશે. કબરોમાંથી તારા કે હાડકાંના અવશેષો કે શબ મળતા નથી પણ વાસણો અને બીજી વસ્તુઓ મળી છે. વિદ્વાનો માને છે કે અંતિમક્રિયા અગ્નિદાહથી થતી હશે અને અવશિષ્ટ રાખને તેઓ દાટતા હશે અને તેના ઉપર કબર બનાવતા હશે.

આફ્રિકાના જંગલમાં જેમ વૈજ્ઞાનિકોએ આદિ માનવનાં પગલાં શોધી કાઢ્યા છે, તેમ શ્રી બીસ્ટે ધોળાવીરામાં હડપ્પન માનવીના પગલાના નિશાન પણ શોધી કાઢ્યા છે. સુમેરિયન ઇતિહાસમાં સિંધુના મુખ પર એક મહાબંદર હોવાનો ઉલ્લેખ છે. કદાચ તે મહાબંદર ધોળાવીરા હોવાની શક્યતા પણ છે. કચ્છમાં સૌપ્રથમ થયેલા આ સિંધુ અવશેષો તથા સિંધુ સંસ્કૃતિ ખીણ આપણને સૂચવે છે કે :

''નાટક'' સામયિકના અંક એપ્રિલ-જૂન ૨૦૧૧ના ''ધોળાવીરા'' અંગે એક રીપોર્ટ શ્રી નારણ બારૈયાએ પ્રકાશિત કરેલ છે. જે અક્ષરસઃ નીચે પ્રમાણે છે :

''ધોળાવીરામાં વિશ્વનું સૌથી પ્રાચીન થિયેટર હોવાની ભાવના''ના વિષયને લઇને રવિશંકર રાવલ કલા ભવન ખાતે તા. ૩ અને ૪ ફેબ્રુઆરી, ૨૦૧૧ દરમિયાન ગુજરાત સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને થિયેટર એન્ડ મીડિયા સેન્ટર, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ બે દિવસના સેમિનારમાં વિદ્વાનો અને સંશોધકો કેટલાક મહત્ત્વના પુરાવાઓને લઇને એવા તારણ પર આવ્યા કે, વિશ્વનું સૌથી મોટું થિયેટર ભારત પાસે છે અને એ પણ ગુજરાતના કચ્છ પ્રદેશમાં આવેલ ધોળાવીરા ખાતે છે. ઇતિહાસવિદ્ પ્રોફેસર ખાચરે તો સીધું ને સટ કહી દીધું હતું કે ધોળાવીરા 'સ્ટેડિયમ' કહેવાતા સ્થળ પાસે જે મહોરો મળી આવી છે, એ વાત જ વિના વિવાદે એ પ્રસ્થાપિત કરે છે કે અહીં રંગ પ્રસ્તુતિઓ હોવી જોઈએ.

'ફ્યુચરીસ્ટીક મેટ્રોપોલિસ' કહેવાતા ધોળાવીરામાં નાટ્ય મંચની સંભાવનાઓને લઇને યોજાયેલ આ સેમિનારમાં જણાઈ આવ્યું છે કે જગતનું સૌથી જૂનું થિયેટર ગ્રીસમાં નહીં, ભારતમાં છે. ધોળાવીરા સાઇટ પર ઉત્ખનન દરમિયાન મળી આવેલો ૨૮૩ X ૪૫ મીટરનો વિશાળ પટ હમણાં સુધી સંશોધકો અને ઉત્ખનનકારો દ્વારા 'સ્ટેડિયમ' ટાઈટલથી ઓળખાતો હતો. તેની આસપાસના પરિદૃશ્ય અને આકાર-સ્થિતિ-સુવિધા વગેરેના કારણે તેનું 'સ્ટેડિયમ' નામકરણ થયું હતું. પરંતુ જાણીતા આર્કિયોલોજિસ્ટ રવિન્દ્રસિંહ ભીસ્ટ અને ગુજરાત આર્કિયોલોજી વિભાગના નિર્દેશક યદુવરસિંહ રાવતના સંશોધનના પગલે થિયેટર એન્ડ મીડિયા સેન્ટરનાં હસમુખ બારાડીની એક સંશોધન યાત્રા દરમિયાન એ સંભાવનાઓ તેમની નજરમાં આવી હતી કે આ 'સ્ટેડિયમ' અચૂક થિયેટર તરીકે પણ ઉપયોગમાં લેવાતું હોઈ શકે. 'સ્ટેડિયમ'ના સરાઉન્ડિંગ્સનો અભ્યાસ કરીને તેઓ આ પ્રકારના સંભાવનાલક્ષી તારણ પર આવ્યા હતા. આ સંભાવનાલક્ષી તારણ, બહુજન અભિપ્રાયલક્ષી તારણ બની શકે કે તે અંગેની શક્યતાઓને તપાસવા માટે, સંગીત નાટક અકાદમી અને થિયેટર એન્ડ મીડિયા સેન્ટરના ગુજરાતના પ્રયત્નોથી આ બે દિવસના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

સંગીત નાટક અકાદમીના ડિરેક્ટર પ્રદીપ આઝાદ તથા આર્કિયોલોજી વિભાગ નિર્દેશક યદુવરસિંહ રાવત અને થિયેટર મીડિયા સેન્ટરના નિર્દેશક હસમુખ બારાડીની રાહબરી હેઠળ

યોજાયેલ આ સેમિનારમાં ઇતિહાસવિદ્ પ્રાધ્યાપક પ્રદ્યુમન ખાચરે જણાવ્યું હતું કે – ‘સ્ટેડિયમ’ કહેવાતી જગ્યાની આસપાસમાંથી વિવિધ પ્રકારના નાટકમાં વપરાતા મહોરાઓ તથા સાજ-સજ્જા માટેની જ્વેલરી મળી આવી છે. એ જ બતાવે છે કે ભારત પાસે ધોળાવીરાના રૂપમાં જગતનું સૌથી જૂનું થિયેટર છે.’’

આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા આસિસ્ટન્ટ ડાયરેક્ટર મુનીન્દ્ર જોશીએ પોતાના પ્રેઝન્ટેશનમાં જણાવ્યું હતું : ‘‘હાઈ પોડિયમ’’ની આસપાસ મોતી વગેરે જેવી મળી આવેલી જ્વેલરી પણ આ સ્થળને રંગમંચ સાબિત કરવામાં મદદરૂપ થાય છે. રાજેન્દ્ર નાણાવટીના મતે આ ‘સ્ટેડિયમ’ એક મલ્ટી પર્પઝ ગ્રાઉન્ડ હતું અને અહીં થતી અનેક રજૂઆતોમાં નાટક હતું એમ વિવિધ વસ્તુ - બાબતોના આધારે કહી શકાય તેમ છે. ઇતિહાસ - પુરાતત્ત્વવિદ્ આર.જી. હજરનીશે આ સ્થળને સૌથી જૂનું, પ્રાગૈતિહાસિક સમયનું થિયેટર ગણાવીને તેના સમર્થનમાં અનેક વિઝ્યુઅલ અને ટેક્સ્ચ્યુઅલ પુરાવા પણ રજૂ કરીને પોતાની રજૂઆતને તર્કપૂર્ણ બનાવી હતી.

સંસ્કૃત - ગ્રીકના પોતાના અભ્યાસને લઇને કાલિંદી પરીખે પોતાની રજૂઆતમાં નૃત્ય કરતી નારીની પ્રતિમા વગેરેને આધારરૂપ ગણાવી આ સ્થળની રંગમંચીય સંભાવનાઓને તાકી રહી હતી. મણિલાલ પ્રજાપતિ, ભગવાનદાસ પટેલ, હસુ યાજ્ઞિક, ડી. અંબાલાલ પ્રજાપતિ, શાંતિકુમાર પંડ્યા, વિનોદ અધ્વર્યુ, કપીલદેવ શુક્લ વગેરે વિદ્વાનો - અભ્યાસીઓ - સંશોધકોએ પોતપોતાના તર્ક રજૂ કરીને ઉપરોક્ત સમર્થન આપ્યું હતું.

જાણીતા આર્કિયોલોજિસ્ટ રવીન્દ્ર ભીસ્ટના વીડિયો ઇન્ટરવ્યૂમાં તેઓએ કહ્યું હતું કે, ધોળાવીરા ઉત્ખનન દરમિયાન મિડલ ટાઉન અને રાજગઢ પાસે મળી આવેલ સ્ટેડિયમમાં આવેલ ‘હાઈ પોડિયમ’ જગતનું સૌથી જૂનું નાટ્યમંચ છે.

થિયેટર એન્ડ મીડિયા સેન્ટર નિર્મિત ડોક્યુમેન્ટરી ફિલ્મ ‘એન્શન્ટ ઇન્ડિયન થિયેટર’ (પ્રાચીન ભારતીય રંગભૂમિ) રજૂ થઈ હતી. જેમાં માત્ર ધોળાવીરા જ નહીં, ભારતની અન્ય અનેક સ્થળોએ આવેલી પ્રાગૈતિહાસિક રંગભૂમિનો અભ્યાસપૂર્ણ નજારો જોવા મળ્યો હતો. તેમણે પણ ધોળાવીરાની ચર્ચિત જગ્યાને વિશ્વની સૌથી જૂની, અર્થાત્ અત્યાર સુધીમાં સાબિત થતી સૌથી જૂની રંગભૂમિ તરીકે માન્ય કરી હતી.

● **ધોળાવીરા સેમિનારનો રીવ્યુ “આજકલ” :**

આ સેમિનારમાં પુરાતત્ત્વવિદો, સંસ્કૃત વિદ્વાનો, નાટ્યકારો, ઇતિહાસકારોએ ભાગ લીધો હતો. સેમિનારની શરૂઆત હસમુખ બારાડી દ્વારા દસ્તાવેજી ફિલ્મથી કરાઈ હતી. આ પ્રસંગે ધોળાવીરાના ખોદકામના મુખ્ય પુરાતત્ત્વવિદ શ્રી ભીસ્ટનો ઇન્ટરવ્યુ પણ બતાવાયો હતો. ગુજરાત પુરાતત્ત્વના નિયામક વાય. એસ. રાવતે ધોળાવીરાના ખોદકામ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ધોળાવીરાનો જે લાંબો પટ સ્ટેડિયમ તરીકે ઓળખાય છે તે ખરેખર વિશ્વની પ્રાચીનતમ રંગભૂમિ છે. ગ્રીક અને રોમનની રંગભૂમિ કરતાં પણ પ્રાચીન ધોળાવીરાની રંગભૂમિ ઉપરાંત ગિરનારની બૌધ્ધ ગુફાઓ, ભાવનગરની તળાજા ટેકરી, રાજુલા પાસેના શાણા ડુંગર પાસેની ગુફાઓ હકીકતે ગુફા થિયેટર અને આદિવાસી સંસ્કૃતિઓના મુક્તાકાશી (ઑપન એર) થિયેટર પ્રાચીન હોવા અંગે ચર્ચા થઈ હતી. ઇતિહાસવિદોએ આ વાત અંગે પુરાવા રજૂ કર્યા હતા. આમ, વિશ્વની પ્રાચીન રંગભૂમિનો વારસો ગુજરાત પાસે હોવા અંગેની દિશામાં સ્પષ્ટતા થવા માંડી છે. આ સ્ટેડિયમનો ઉપયોગ અનેક પ્રકારની નાટ્ય પ્રસ્તુતિ, સંગીત નૃત્યના કાર્યક્રમો, મેળા, ઉત્સવો, વેપાર વાણિજ્યના કેન્દ્ર તરીકે વિપુલ પ્રમાણમાં થતો હોવાનું મનાય છે.

અત્યાર સુધી મનાતું હતું કે ગ્રીક, રોમન રંગભૂમિ સૌથી પ્રાચીન છે. પણ ભારતીય સંસ્કૃતિમાં નૃત્ય નાટ્ય અને અભિનયની ઉચ્ચ પ્રણાલી હડપ્પા સંસ્કૃતિમાં જોવા મળે છે. તેને અનુલક્ષીને અહીં વિશ્વની પ્રાચીનતમ રંગભૂમિઓ પણ છે. જે ગુજરાત, કચ્છ તેમજ સિંધુ સંસ્કૃતિ માટે યશ અને ગૌરવનો વિષય છે.

‘પાણીને બચાવો - પાણી તમને બચાવશે’ – એવા સાંપ્રતકાલીન સૂત્રનું અનુમોદન આ સંસ્કૃતિ કરે છે. વરસાદી પાણીનો યોગ્ય સંગ્રહ કરી, જળ સંપત્તિનો સદુપયોગ કરી, વૃક્ષો પૂજ્ય છે એવો બોધ પણ મળે છે.

આપણે વિશાળ ભારતની પરિકલ્પનાની ગંગોત્રી સિંધુ સંસ્કૃતિના કાળમાં જોઈ શકાય છે. ઉત્તરમાં મોંહે-જો-દડો અને પૂર્વમાં હડપ્પન (પંજાબ)થી દક્ષિણમાં મહારાષ્ટ્રના ડાઇમાબાદ સુધી અને ધોળાવીરા (કચ્છ)થી છેક મધ્ય પ્રદેશ અને લોથલ સુધી વિસ્તરેલી એકસરખી લિપિવાળી, એક સરખા સ્થાપત્યવાળી, સમાંતર મ્યુનિસિપલ કાયદા કાનૂન વાળી, સમાન વજનમાં અને માપ લેવાના સાધનોવાળી એક મહાન સંસ્કૃતિ એક ભારતની ઝલક આપણા માનસપટ પર પ્રતિબિંબ કરે છે. એ સંસ્કૃતિ આજે પણ જીવંત છે. ભારતીય જનજીવનમાં મૂર્તિમંત બનીને રહેલી છે. સ્વસ્તિક, નાગપૂજા, માતૃ પૂજા, ગમે તે દૃષ્ટિ અને બિંદુથી જુઓ, હજી પણ સિંધુ સંસ્કૃતિ ભારતમાં જીવંત રહેલી જોવા મળે છે.

***સંદર્ભ ગ્રંથો :*** *(૧) સિંધુનું વહેતું નીર ● ડૉ. જેઠો લાલવાણી - ૨૦૦૩ (૨) નાટક સંપાદક શ્રી હસમુખ બારાડી એપ્રિલ-જૂન ૨૦૧૧ (૩) આજકલ (કચ્છ) તા. ૫-૨-૨૦૧૧નો અંક*

***૩૭, આદિત્ય બંગ્લોઝ, આવાસ પાર્ક, પ્રેમ પ્રકાશ આશ્રમ,***
***નોબલનગર પાસે, કુબેરનગર, અમદાવાદ-૩૮૨ ૩૩૦.***
***મો. ૯૮૭૯૫ ૬૩૩૧૨***

# વિશ્વની સૌથી પ્રાચીન સેલોર ધોળાવીરામાં!



સંજય પી. ઠાકર

*સેલોર-વાવના મૂળના સૌપ્રથમવાર સાફ પુરાવા સિંધુ ખીણની સભ્યતાની પુરાતત્ત્વિય સાઈટ ધોળાવીરામાંથી મળી આવ્યા છે, જેને ઈ.સ. પૂર્વે ૨૫૦૦માં ત્યજી દેવાઈ છે. જે સ્નાન પૂલ, પાણી તરફ દોરી જતા પગથિયા અને એક માળખામાં કેટલાક ધાર્મિક મહત્ત્વ ધરાવતા આંકડા એકબીજાને જોડે છે!*

૧૮મી ડિસેમ્બર, ૨૦૨૦ના દિવસે, વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવેશની શક્યતા ચકાસવા યુનેસ્કોની ઉચ્ચ સ્તરીય સમિતિ જાતતપાસ માટે ધોળાવીરા પહોંચી હતી. આ ઉચ્ચ સ્તરીય ટીમે પોતાનો અભ્યાસ અને અવલોકન અહેવાલ સુપ્રત કર્યા પછી ૨૭મી જુલાઈ, ૨૦૨૧ના દિવસે બેનમૂન ધોળાવીરા વિશ્વની ધરોહર બની. યુનેસ્કોની વૈશ્વિક વિરાસત સૂચિમાં સામેલ થનાર ધોળાવીરા, ભારતની ૪૦મી સાઈટ બન્યાનું કચ્છી - ગુજરાતીઓએ અનુભવ્યું. ભારતની સિંધુ ખીણ સંસ્કૃતિની એ પ્રથમ વસાહત બની રહી છે, જેને આ મહત્ત્વનો દરજ્જો હાંસલ થયો છે. આ ઓળખ-સ્થાન પ્રાપ્ત થવાથી ધોળાવીરા પુરાતત્ત્વ નકશામાં દુનિયાભરમાં અવ્વલ સ્થાન હાંસલ કરશે. સાથે પૂર્વ કચ્છના ખડીર વિસ્તારનો પ્રવાસન ઉદ્યોગ સોળે કળાએ ખીલી ઊઠશે. વર્લ્ડ હેરિટેજ સાઈટમાં ધોળાવીરાને માન્યતા મળવાથી કચ્છી - ગુજરાતી પ્રજા હર્ષ અને રોમાંચની લાગણી અનુભવે એ સ્વાભાવિક છે. અત્યાર સુધી ધોળાવીરાની યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ તેના ટેન્ટેટીવ લિસ્ટમાં સામેલ હતી. જેની ઔપચારીક જાહેરાત થવાની સાથે ધોળાવીરા વસાહત ગુજરાતની ચોથી વૈશ્વિક ધરોહર બની છે. અહીં નોંધનીય છે કે, આ અગાઉ ગુજરાતમાં ચાંપાનેર અને પાવાગઢ આર્કિયોલોજિકલ પાર્ક (પંચમહાલ), રાણીની વાવ (પાટણ) અને ઐતિહાસિક અમદાવાદ શહેરને આવું સ્થાન મળ્યું છે. તાજેતરમાં ૨૮ જાન્યુઆરી, ૨૦૨૩ના ધોળાવીરા ફેસ્ટીવલ અંતર્ગત સૂરોનો અનોખો મેળો યોજાયો હતો એ પણ નોંધનીય છે.

ઓક્ટોબર ૨૦૧૪ના પ્રારંભે એક સમાચારે પુરાતત્ત્વવિદોને, ઇતિહાસજ્ઞોને અને ખાસ તો કચ્છીઓને રોમાંચિત કરી મૂક્યા હતા. ૯મી ઓક્ટોબર, ૨૦૧૪ના ‘કચ્છમિત્ર’માં જ્યારે સૌપ્રથમ સમાચાર ચમક્યા હતા ત્યારે મથાળું અપાયું હતું : ‘ધોળાવીરામાં ‘રાણીની વાવ!’ વિશ્વની સૌથી જૂની, પાંચ હજાર વર્ષ પુરાતન વાવ (સેલોર) કચ્છના ખડીર વિસ્તારમાં આવેલી પુરાતત્ત્વ સાઈટ ધોળાવીરા (તા. ભચાઉ) ખાતેથી મળી આવી હતી. આ એક વિરલ સોધ હતી તો કચ્છી - ગુજરાતીઓને હર્ષાન્વિત કરી મૂકે એવી બાબત હતી! સિંધુ ખીણ સંસ્કૃતિ (હડપ્પીય યુગ)ના સૌથી મોટા શહેરો પૈકીના એક એવા ધોળાવીરામાં આ પ્રાચીન સેલોર મળી આવતાં ગુજરાત અને ભારતના શિલ્પ - સ્થાપત્યની તવારીખમાં એક નવું ગૌરવશાળી પ્રકરણ ઉમેરાયું હતું. કેટલાક અભ્યાસુઓ ધોળાવીરાનો અર્થ આ રીતે કરે છે : ધોળા એટલે સફેદ અને વીરા એટલે કૂવો!

આ પુરાતન વાવ વિશે પુરાતત્ત્વવિદોએ જણાવ્યું હતું કે, પાંચ હજાર વર્ષ પ્રાચીન આ વાવ મોંહે-જો-ડેરો (હાલના પાકિસ્તાન)ના અનુપમ સ્નાનાગર કરતાં ત્રણ ગણી મોટી છે અને અહીં અત્યાર સુધી દેશમાં શોધાયેલા જળાશયોમાં સૌથી મોટું, ભવ્ય અને શ્રેષ્ઠ સુસજ્જ પ્રાચીન જળાશય શોધાયું છે. ભારતના પુરાતત્ત્વિય સર્વેક્ષણ અને આઈ.આઈ.ટી. - ગાંધીનગરના પુરાતત્ત્વવિદોએ શોધના ઘણા પાસાંઓનો અભ્યાસ કરવાની યોજના બનાવી હતી. જેમાં પાણીના પ્રવાહની પેટર્ન, પ્રાચીન જળ સંરક્ષણના પ્રયત્નો અને તે સમયે માળા તથા અર્ધ-કિંમતી પથ્થરોના ઉત્પાદનના પુરાવાઓનો સમાવેશ થાય છે. હકીકતમાં અહીં મળી આવેલું નવું પૂર્વીય જળાશય ૭૩.૪ મીટર (૨૪૦ ફૂટ) લાંબુ, ૨૯.૩ મીટર (૯૬ ફૂટ) પહોળું અને ૧૦ મીટર (૩૨.૮ ફૂટ) ઊંડું, મોંહે-જો-ડેરોના ૧૯૨૬માં મળી આવેલા મશહૂર અવશેષ ‘ગ્રેટ બાથ’ કરતાં તે ઘણું મોટું છે. ગ્રેટ બાથ ૧૨ મીટર (૩૯.૩ ફૂટ) લાંબુ, ૭ મીટર (૨૨.૯ ફૂટ) પહોળું અને ૨.૪ મીટર (૭.૮ ફૂટ) ઊંડું મળી આવ્યું છે. કેટલાક અભ્યાસુઓએ એવું પણ નોંધ્યું છે કે, ધોળાવીરા ખાતેની આ શોધ એ એક કૂવો છે, વાવ તરીકે તેને લાયક ન ગણવી જોઈએ. તેને જળાશય કહેવું ઠીક રહેશે. અહીં એક વાત અસ્વીકાર્ય બની

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૮૩ ઉપર)

# રાપર તાલુકાના સાનગઢ નજીક પાંડવકાળની જગ્યા : ધૂળકુટ



ડૉ. મિહિર એમ. વોરા

રાપર ગામના શ્રી મહાદેવ બારડના જણાવ્યા અનુસાર રાપર તાલુકાના સાનગઢ નજીક આવેલ ઐતિહાસિક જગ્યા ધૂળકુટ આવેલી છે. ગેડીથી ૧૧ કિ.મી., સાનગઢથી ૫ કિ.મી., ઉમિયાથી ૭ કિ.મી., ફતેહગઢથી ૮ કિ.મી. દૂર આ જગ્યા આવેલી છે.

ધૂળકુટ જગ્યા એ પાંડવકાળ સાથે જોડાયેલી છે. આ જગ્યામાં એવું કહેવાય છે કે પાંડવો તેમના શસ્ત્રો અહિંયા રાખતા હતા. ધૂળકુટ જગ્યામાં રવેચી માતાજીનું મંદિર આવેલું છે. એમ કહેવાય છે કે રા' દેશળજીએ આ મંદિર બંધાવેલું હતું. ધરતીકંપ પહેલાં સુધી અહિંયાથી કોઈ એક માણસ જતા અને આખા વર્ષનું ઘી માતાજી માટે લઈ આવતા હતા, જે રાજમાંથી આવતું હતું. આ મંદિરના પાયા દસ ફૂટ ઊંડા હતા અને પથ્થરની જોડે સીસું રેડીને મજબૂત બાંધકામ કરેલું હતું. જે વર્ષો જતાં ધરતીકંપમાં મંદિર પડી ગયું અને તે જ જગ્યામાં નવું મંદિર બનાવ્યું છે અને બાજુમાં માતાજીનું જૂનું સ્થાનક પણ આવેલું છે. જેમાં આપણે પ્રથમ વખત જોતા માં રવેચીના દર્શન થાય છે. જ્યારે તમે બીજી વખત જુઓ, તો મા આશાપુરા માતાજીના દર્શન થાય છે. આવી અલૌકિક માતાજીની મૂર્તિ છે!

ધૂળકુટમાં એમ કહેવાય છે કે પાંડવો જ્યારે વાગડમાં અજ્ઞાત વાસમાં તેરમું વર્ષ હતા ત્યારે બાજુમાં ગેડી ખાતે રહેતા હતા. ગેડીનું નામ ધૃતપદી નગરી કહેવાય છે. જ્યારે પાંડવો ત્યાંથી આવ્યા અને અહિંયા રહેતા હતા. અહિંયા પાંડવોએ ધૂળનો ટેકરો કર્યો હતો, જે હાલમાં મોજૂદ છે. જે આપ જોઈ શકો છો. આ ટેકરા ઉપરથી આસપાસમાં ૧૦ કિ.મી.માં બધું જોઈ શકાય છે. આ ટેકરા ઉપર યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક કર્યો હોવાનું કહેવાય છે અને પછી અહિંયા પાંડવોનો અજ્ઞાત વાસ પૂરો થતાં અહિંયાથી તેઓ હસ્તિનાપુર જાય છે! આ જગ્યામાં એમ પણ કહેવાય છે કે કૃષ્ણ ભગવાન પણ આવેલા હતા. આ જગ્યાનો મહિમા અપરંપાર છે. આ જગ્યામાં હાલમાં મકવાણા રાજપુત પરિવાર સંચાલન કરે છે. તેમના કુળદેવી છે. અહિંયા મંદિરની બાજુમાં જમીનમાં એક શિલાલેખ ખોડેલો જોવા મળે છે. જેમાં પણ મકવાણા લખેલું જોવા મળે છે.

ઉમિયા, ભીમાસર, ભુટકિયા, પલાંસવા, હમીરપર, કીડિયાનગર, ગેડી વગેરે ૧૫૦ જેટલા મકવાણા રાજપુત પરિવારના અહીં કુળદેવી છે. મકવાણામાં પેટા શાખામાં લોડાણી, ધીગાણી જેવી અનેક શાખાના રાજપુતો આવીને પૂજે છે અને જગ્યાનો વિકાસ પણ બહુ જ સરસ કર્યો છે. તેમજ અહિંયા ખાનાજી રાજપુત ઉમૈયા જેઓ આ જગ્યાની સારસંભાળ અને સંચાલન કરે છે.

ધૂળકુટ ખાતે આવેલ રેતીનો મોટો ઢગલો છે, જે કહેવાય છે કે ભીમ એ રેતીને ભેગી કરી હાથેથી ઢગલો કરેલો. જે આજે પણ મોજૂદ છે. જેને ખોદી પણ નથી શકાતો કે તે ઢગલામાં કંઈ કરી નથી શકાતું. આસ્થા સાથે જોડાયેલ વાત છે. આસ્થાથી મોટું કાંઈ નથી. એટલે આ ટેકરાની બાજુમાં મંદિર બનાવ્યું. ત્યારે ત્યાંથી એક મોટી કાંકરી મળી છે. જેને ભીમની કાંકરી તરીકે ઓળખવામાં આવે છે. હાલમાં મોજૂદ છે. તેમજ બાજુમાં કાળભૈરવ પણ બેઠા છે. તેમનું પણ મંદિર છે. એમ કહેવાય છે કે જ્યારે આ મંદિર બનાવ્યું ત્યારે ભુવાજીને પવન આવ્યો અને કહ્યું કે હું ધૂળમાં દબાયેલો છું, મને પણ બહાર કાઢો. ત્યારે જે નિશાન આપ્યું એ પ્રમાણે ખોદતા ત્યાંથી કાળ ભૈરવની મૂર્તિનો પાળિયો નીકળ્યો. જે આજે જેમ હતો એમ જ મોજૂદ છે. મંદિરમાં જાઓ એટલે મંદિરમાં કાળ ભૈરવની મૂર્તિ ઊંડાણમાં નીચે છે. જેમ ખોદતા નીકળ્યા તેમજ ઊંડે એ જ સ્થિતિમાં હાલમાં છે.

ધૂળકુટ જગ્યાની આસપાસ તમને જૂના મંદિરના અવશેષો જોવા મળે છે. મોટા વિશાળ પથ્થરો જોવા મળે છે તેમજ મંદિરમાં કોતરણીવાળા ભાગો વેરવિખેર પણ જોવા મળે છે. અહિંયાથી થોડે દૂર ખેતરમાં એક વિશાળ વાવ અથવા તો ચોપાટ હોય એવું લાગે છે. આજે પણ એ ખેતરમાં એટલી જગ્યા મૂકેલી છે અને વર્ષોના વર્ષો બાપદાદાથી કહેતા આવે છે કે આ જગ્યામાં ક્યારેય ખોદવું નહીં. જે આજે પણ એ ભાગમાં પથ્થરો ખોડેલા જોવા મળે છે અને એ પથ્થરોમાં વર્ષો બાદ આજે કાણા કાણા પડી ગયા છે.

ધૂળકુટ જગ્યા વિશે તપાસ કરવામાં આવે અને વ્યવસ્થિત રીતે જાણકારો દ્વારા મુલાકાત લઈને અભ્યાસ કરવામાં આવે તો ઘણું બધું અને ઘણી બધી માહિતી અને આવી દુર્લભ જગ્યાઓ બહાર આવે તેમ છે. અહિંયા જેમ ચોપાટ હોય છે એવી રીતે

પથ્થરો ખોડેલા જોવા મળે છે. એટલે કાં તો ચતુષ્કોણ વાવ હોય જેમ ચોબારીમાં છે એવી, અથવા તો ચોપાટ પણ હોઈ શકે છે. બધા જ આ જગ્યાને ચોપાટ તરીકે ઓળખે છે. જે ત્યાં રૂબરૂમાં સ્પષ્ટ નજરે જોઈ શકાય છે. એટલે આ બાબતમાં જો સંશોધન થાય તો આ જગ્યામાં ઘણું બધું ઐતિહાસિક છે.

ધૂળકુટ જગ્યા વિશેની માહિતી લોકો સુધી પહોંચે અને લોકો જાણે અને જગ્યા પણ પ્રસિદ્ધ થાય. જો કે જગ્યા તો પ્રસિદ્ધ છે જ પણ ખાસ પાંડવકાળ વિશે જેને બહુ જ રસ છે તેવા લોકો સુધી માહિતી પહોંચે અને એ બાબતના સંશોધકોને આ જગ્યામાંથી સચોટ અને ઘણી બધી માહિતી ઉપલબ્ધ થાય તેમ છે. આ વાવ છે કે ચોપાટ, એ બાબતે અમે ડૉ. પી. એસ. ઠક્કર સાહેબ ઈસરોના નિવૃત્ત વૈજ્ઞાનિક – તેમની પાસેથી સેટેલાઇટના માધ્યમથી પણ તસવીર અને તપાસ કરાવી. તેમણે પણ કહ્યું કે અહિયા ચતુષ્કોણ પ્રકાર છે અને દેખાય છે એવું જણાવ્યું હતું. તેઓ હાલ સરસ્વતી નદી પર સંશોધન કરી રહ્યા છે!

ધૂળકુટ મંદિરની પાછળની બાજુ એક ઝારાના વૃક્ષ નીચે પાળિયો આવેલો છે. જે જમીન બાજુ નમેલો છે અને પાળિયામાં ચિત્ર સ્પષ્ટ જોતાં એવું લાગે છે કે કોઈ શૂરવીર પાયદળ એટલે કે યુધ્ધમાં ચાલીને જે લડતા, તેમનો હોય તેવું લાગે છે. પાળિયામાં એક હાથમાં તલવાર છે, એક હાથમાં ઢાલ છે અને કેડે ભેટ વાળેલી છે અને ભેટમાં પણ જામૈયો હોય એવું લાગે છે અને લખાણ છે પણ નીચે જમીનમાં છે. એટલે સચોટ માહિતી મળતી નથી.

ધૂળકુટ મંદિર ખાતે દર વર્ષની જેમ આ વખતે પણ માતાજીની જગ્યામાં સાત અલગ અલગ ગામના મકવાણા પરિવારના રાજપુતો અને એક પૂજારી બાવાજીએ માતાજીની વાડીની સ્થાપના કરેલ છે. નોરતા હોવાથી અને આ જગ્યામાં હાલ ચારેબાજુ દીવાલનું કામ ચાલુ છે. એક વિશાળ સામે ઓરડો બનાવ્યો છે અને દરરોજ એક ટાઈમ બધા જ માતાજીના સેવકો જમે છે, વન ભોજન કરે છે પછી છેક બીજા દિવસે જમે છે. માતાજીના ગોઠિયા એટલે સેવકો ગોઠિયા જેઓ માતાજીની સેવા કરે છે. જગ્યામાં આવતા લોકોની સેવા કરે છે અને જમાડે છે, ચા-પાણી પાય છે અને બાકીના સમયમાં જગ્યામાં કામ કરે છે. દીવાલનું કામ ચાલુ છે તેમાં પરિશ્રમ કરે છે.

ધૂળકુટથી ઉમિયા બાજુ પણ વચ્ચે સાયણા માતાજી બેઠા છે. ત્યાં પણ આસપાસમાં જૂના અવશેષો જોવા મળે છે. જ્યાં પહેલા એક નેશ હશે અથવા ગામ હોવું જોઈએ. આસપાસના ખેતરોમાં અવશેષો જોવા મળે છે. રાખોડાવારી જમીન જોવા મળે છે. રાખોડા એટલે કે જમીનમાં સેલી રાખનું પ્રમાણ વધારે હોય અને જમીનમાં માટીના વાસણોના ટુકડા જોવા મળતા હોય તેને કહે છે. તેમજ બાજુમાં આવેલ સાનગઢ ગામ પેલા સોનગઢ ગામ હતું જ્યાં ચારણો રહેતા હતા. જે ગામ પણ ખૂબ જ પૌરાણિક ગામ છે.

ધૂળકુટ જગ્યાનો પ્રભાવ પણ એવો છે કે તમને ત્યાંથી જવાનું મન જ ના થાય. અલૌકિક શાંતિ જોવા મળે છે.

*સંદર્ભ : મહાદેવ બારડ - વાગડ, લેખક : કચ્છમિત્ર*

***“પરમેશ્વરી”, પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## વિશ્વની સૌથી પ્રાચીન સેલોર ધોળાવીરામાં!

**(અનુસંધાન : પાના નં. – ૧૮૧ ઉપરથી ચાલુ)**

છે કે, ધોળાવીરામાં મોંહે-જો-ડેરો કરતાં મોટું સુશોભિત જળાશય છે અને તેમાં સેલોર છે. અહીં ઉલ્લેખનીય છે કે, ધોળાવીરા તેના નગર આયોજન, પકાવેલી ઇંટોના મકાનો, વિસ્તૃત ડ્રેનેજ સિસ્ટમ, જળસંગ્રહ અને પાણી પુરવઠા પ્રણાલીઓ અને મોટા બિનરહેણાંક મકાનોના સમૂહ માટે જાણીતું છે. વિવિધ સર્વેક્ષણ તરીકે સ્થળ વિશ્લેષણ કર્યા પછી અહીં વધુ જળાશય અને સેલોર મળી આવવાની સંભાવના પુરાતત્ત્વવિદોએ વ્યક્ત કરેલી છે. થ્રી-ડી લેસર સ્કેનર, રીમોટ સેન્સિંગ ટેકનોલોજી અને ગ્રાઉન્ડ - પેનીટ્રેટીંગ રડાર સિસ્ટમ દ્વારા સેલોર બાંધવાની હડપ્પીયોની અદ્યતન હાઇડ્રોલીક એન્જિનિયરીંગ શોધવાનો પણ નિષ્ણાતો પ્રયાસ કરી રહ્યા છે. વળી સેલોરમાં પાણી કઈ રીતે જતું અને જળસંગ્રહની પાછળ શો ઈરાદો હતો તે પણ અભ્યાસનો વિષય બન્યો છે.

ધોળાવીરા સેલોર આપણને કાંસ્યકાળમાં મૂકી દે છે. તે ધોળાવીરાના પૂર્વીય જળાશયની સપાટી પર આવેલી છે. સિંધુ સભ્યતાના ખજાના પૈકીનું આ અણમોલ ઘરેણું છે. અહીંની સાઇટમાં વિશાળ તળાવ અને એક પ્રાચીન દરિયાકાંઠો દફન થઈ ગયો છે. પુરાતત્ત્વવિદોએ સાઇટમાં છુપાયેલા વિવિધ ટાંકા, સ્ટોનવેર, સરસ રીતે સજ્જ ઇંટ બ્લોક્સ, સેનિટેશન ચેમ્બર અને કિંમતી પથ્થરો પણ શોધી કાઢ્યા છે.

સેલોર-વાવના મૂળના સૌપ્રથમવાર સાફ પુરાવા સિંધુ ખીણની સભ્યતાના પુરાતત્ત્વિય સાઇટ ધોળાવીરામાંથી મળી આવ્યા છે. જેને ઇ.સ. પૂર્વે ૨૫૦૦માં ત્યજી દેવાઈ છે, જે સ્નાન પૂલ, પાણી તરફ દોરી જતા પગથિયા અને એક માળખામાં કેટલાક ધાર્મિક મહત્ત્વ ધરાવતા આંકડા એકબીજાને જોડે છે. ૨૦૧૪માં આ સેલોરના સમાચાર પ્રગટ થયા બાદ આ વાવ માટીથી ઢંકાયેલી જોવા મળી હતી. કચ્છના જાણીતા પુરાતત્ત્વવિદ્ ડૉ. પુલીનભાઈ વસા ધોળાવીરામાં સેલોર મળી આવવાની બાબતને હજુ વધુ ચકાસવાની વાત કરવા સાથે આ શોધની પુષ્ટિ કરતા નથી.

***‘ખિંકાર’, પ્લોટ ૧૮૯-૧૯૦, આઈયા નગર, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩***

# કચ્છના પ્રવાસનનો ઊગતો સૂરજ : ધોળાવીરા



દીપક માંકડ

'લેડીઝ એન્ડ જેન્ટલમેન' એકવીસમી સદીના અત્યાધુનિક વર્તમાનકાળમાંથી થોડો સમય બહાર આવીને પંચસહસ્રાબ્દિ (પાંચ હજાર વર્ષ)નાં જમાનામાં થોડો સમય રહેવાનું છે... નર-નારીઓ પથ્થરના ઘરેણા પહેરે છે, વનસ્પતિની છાલના વસ્ત્રો પહેરાય છે. આ યુગ છે સિંધુ સંસ્કૃતિનો. આપણે હડપ્પન નગર ધોળાવીરા આવી પહોંચ્યા છીએ. આ છે મહાપ્રાસાદ. અહીં રાજાનો દરબાર ભરાતો. આ છે ક્રિડાંગણ. અહીં મલાખડા અને બીજી રમતના દાવપેચ થતા અને બંને તરફની પગથારમાં બેસીને પ્રજા તેનો આનંદ લેતી. આ છે અદ્‌ભુત જળસંગ્રહ વ્યવસ્થા. અહીં સ્નાનાગાર છે... આ ચોક નજીક બજાર ભરાતી હશે... આ કૂવો...!

ધોળાવીરાના હડપ્પન નગરમાં બસમાં બેસીને ફરતા પર્યટકોને ગાઇડ ઉપર મુજબ સમજાવતો હોય એ દિવસોની કલ્પના દોઢ-બે દાયકા પહેલાં વધુ પડતી લાગત, પણ હવે એ સંભવ જણાય છે. દુનિયાની બેનમૂન હડપ્પન વસાહતોમાં ગણના પામતાં ધોળાવીરાને વૈશ્વિક ધરોહર તરીકે યુનેસ્કોની માન્યતા મળી ચૂકી છે. જેમની માવજત હેઠળ આ સાઇટ ધીરે ધીરે દેશ - દુનિયામાં જાણીતી થઈ રહી છે. આર્કિયોલોજી સર્વે ઓફ ઇન્ડિયાના મુખ્ય નિયામક ડૉ. રવિન્દ્રસિંઘ એસ. બીસ્ટે વર્ષો પૂર્વે વિશ્વાસભેર કહ્યું હતું કે, 'ઐસા હો સકતા હૈ. એક દિન ઐસા જરૂર હોગા.' એ દિન હવે આવવામાં છે કેમકે, ધ્રુડુલી - સાંતલપુર રણ રસ્તાના ભાગરૂપે ખાવડાના કાઢવાંઢથી ધોળાવીરાનો માર્ગ પણ તૈયાર થઈ ચૂક્યો છે. એના પહેલા એક સમયે ભુજથી અઢીસો કિ.મી.ના અંતરે આવેલું ધોળાવીરા ૧૩૦ કિલોમીટરે આવી ગયું છે. આ ચમત્કારથી ધોળાવીરાના ભાગ્ય પલટાની શરૂઆત થઈ ચૂકી છે.

કચ્છના મોટા રણમાં ક્યાંક કાદવિયા જમીન, ક્યાંક લહેરાતા પાણી અને ક્યાંક નમકાચ્છાદિત શ્વેતભૂમિથી ઘેરાયેલ ખડીર મહાલ આજકાલ ભારે ચર્ચામાં છે. પાંચ હજાર વર્ષ જૂના સિંધુ સંસ્કૃતિના ભવ્ય અવશેષો સાચવીને બેઠેલા ધોળાવીરાનો ભાગ્યોદય એટલો કહી શકાય કે તાજેતરમાં જી-૨૦ અંતર્ગત દેશ-વિદેશના પ્રતિનિધિઓ ધોળાવીરાની મુલાકાત લઇને મંત્રમુગ્ધ થઈ ગયા હતા. વર્લ્ડ હેરિટેજ સાઇટ જાહેર થવાની વર્ષોથી થતી વાતો પછી નક્કર અમલનું ટાણું આવી ગયું છે. સ્થાનિક નિવાસી કહે છે કે, પ્રવાસન વિકાસની પાકી સંભાવના હોવાથી બિલ્ડરો, લેન્ડ ડેવલોપર્સ કામે લાગી ગયા છે. યુનોની માન્યતા મળે ઉપરાંત ધ્રુડુલી-સાંતલપુરવાળો રણ રસ્તો બનતાં પ્રવાસીઓના ધાડાં ઊમટવા લાગશે.

ધોળાવીરા સાથે એક નામ વણાઈ ગયું છે. એ છે આર્કિયોલોજી ઓફ ઇન્ડિયાના પૂર્વ વડા આર. એસ. બીસ્ટ. બીસ્ટ ઉપરાંત શ્રી રાવત સહિત સેંકડો સાથીદારોએ નિર્જન અને દુર્ગમ ઇલાકામાં રાત-દિવસ મહેનત કરીને સિંધુ સંસ્કૃતિના અદ્‌ભુત અવશેષો સાથે પૂર્વ કચ્છના પ્રવાસન વિકાસની કૂંચી ખોળી કાઢી છે. ધોળાવીરા અને શ્રી બીસ્ટનો નાતો અમીટ છે. તેની યાદો રોમાંચક છે. થોડું ફ્લેશબેકમાં જઈએ તો આ લખનાર સાથે પોતાનાં સંસ્મરણો તાજા કરતા બીસ્ટસાહેબ કહે છે : ૧૯૮૫ના અરસામાં પહેલીવાર ધોળાવીરા પહોંચ્યા... કોટડા ટીંબા પર ચડીને ચોમેર નજર નાંખી. અનુભવી આંખોએ જેની પરિકલ્પના કરી, એ બધું જ ઉત્ખનન દરમિયાન ધરતીમાંથી બહાર આવ્યું. આનંદની વાત તો એ છે કે પેરીસ ખાતે મળેલી આંતરરાષ્ટ્રીય પરિષદમાં તેમણે ધોળાવીરામાં શું હોવાની સંભાવના છે તે વિશે બે પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતા. એ આગળનાં વર્ષોમાં અદલ સાચા ઠર્યા.

શ્રી બીસ્ટ કહે છે, એ દિવસોમાં ત્યાં કોઈ સગવડ નહીં. દિવસે શાળામાં ભણતર ચાલે, રાતે અમારું રેનબસેરા... ક્યારેક પોસ્ટ ઓફિસમાં રહી પડવાનું... એ બધું સાર્થક ઠર્યાનો આનંદ છે. વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકેની માન્યતા પછી થનારો વિકાસ અસીમ હશે.

સિંધુ સંસ્કૃતિના હડપ્પીય લોકોની વેપાર - વાણિજ્ય અને વ્યવહાર કુશળતા, સુનિયોજિત નગર રચના, કળા પ્રત્યે અભિરૂચિ હાલના કચ્છીઓને અદલોઅદલ મળતી આવે છે. કચ્છને વિશ્વના પુરાતત્ત્વ નકશામાં મહત્ત્વનું સ્થાન અપાવનારા ધોળાવીરા અને ત્યાંની હડપ્પન સંસ્કૃતિ વિશે ઇતિહાસ તેમજ પુરાતત્ત્વવિદો ઘણું ઘણું લખી ચૂક્યા છે.

કચ્છ આમ તો પુરાતત્ત્વની પ્રયોગશાળા કહેવાય છે. ભૌગોલિક રીતે એકલા અટુલા અને અર્થતંત્રની દૃષ્ટિએ પછાત

એવા આ વિસ્તારમાંથી અશ્મિભૂત અવશેષો, પ્રાચીન અને અર્વાચીન યુગના અનેક નમૂના મળ્યા છે. હડપ્પીય સંશોધનને સંબંધ છે ત્યાં સુધી આ સંસ્કૃતિના અભ્યાસ માટે ઘણા સ્થળોએ ઉત્ખનન કરવામાં આવ્યું છે. તેમાં ધોળાવીરા એકમાત્ર શહેરી વસાહત હોય એમ લાગે છે. જ્યારે નવીનાળ, નેત્રા, પાબુમઠ, દેશલપુર (ગુંતલી), નાની રાયણ અને શિકારપુર ખાતેની વસાહોત ગ્રામ્ય વસાહત જણાઈ છે.

અહીંથી પ્રાપ્ત થયેલા નમૂના - અવશેષો જોઈને ઉત્ખનન અધિક્ષકો દંગ રહી ગયા છે. તેમનો કામ કરવાનો ઉત્સાહ એકધારો જળવાઈ રહે તેવી ચીજવસ્તુઓ ધોળાવીરા વસાહતમાંથી પ્રાપ્ત થતી રહી છે. હડપ્પીયો ખૂબ હોંશિયાર વ્યાપારી અને સાહસિક દરિયાખેડુ હતા અને શિસ્તબદ્ધ, સુનિયોજિત જીવન જીવવામાં માનતા હતા. નગર રચના પરથી ફલિત થાય છે, અહીં વસાહત ત્રણ ભાગમાં વિભાજિત છે. વચ્ચે ઊંચા લંબચોરસ ઓટલા ઉપર રાજા કે પ્રશાસકનો મહેલ, જેને સિટાડેલ તરીકે ઓળખવામાં આવે છે. વચ્ચે મધ્ય વસાહત અને છેલ્લે નાગરિકો માટે નિમ્ન શહેર. મધ્ય વસાહતમાં નગરના ભદ્રિક વર્ગનો વસવાટ હશે. દરેક વસાહત વચ્ચે મોટી ઊંચી દીવાલ છે. નગરનો વિકાસ પણ એકદમ આયોજનબદ્ધ થયેલો જોઈ શકાય છે. કચ્છી હડપ્પીયો નગર સ્થાપત્યમાં વધુ કાલ્પનિક અને દૂરંદેશીવાળા જણાય છે. માર્ગો પર માળવાળા મકાનોની બાંધણી છે અને ખૂબીની વાત એ છે કે માર્ગોને અકબંધ રાખીને મકાનો બાંધવામાં આવ્યા છે.

દરબારગઢ (સિટાડેલ)નું ઉત્તરી નાકું ખૂબ જ ભવ્ય છે. તેના દરવાજાની સામી બાજુ 'ચોરો' છે. ગઢના સ્તંભો સુશોભિત છે. દરવાજાની બંને બાજુ દ્વારપાળો માટે લીસા પથ્થરના ગોળ અને શંકુ આકારના બે પથ્થરોને જોડીને એકદમ કાટખૂણેદાર પથ્થરની કુંભ ઉપર મૂકવામાં આવેલી ત્રણ થાંભલાવાળી ઓરડીઓ છે. મહેલના ચારે દરવાજા કોતરણીવાળા છે. આ પ્રકારનું સ્થાપત્ય બીજે ક્યાંય જોવા મળ્યું નથી.

જળાશય અને જળ વ્યવસ્થા અદ્‌ભુત બાંધકામનો બીજો ઉત્કૃષ્ટ નમૂનો છે. કચ્છમાં અત્યારના જેવું જ હવામાન ત્યારે પણ રહેતું હશે. તેથી જ વરસાદના પાણીના એક એક ટીપાને સંગ્રહિત કરી લેવાની સિસ્ટમ વિકસાવવામાં આવી છે. વળી, દૂરની નદી તેમજ ઝરણામાંથી પાણી લઈ આવવાની વ્યવસ્થા અહીં દેખાય છે. મહેલમાંના પાણીના મોટા ટાંકામાં ગરનાળા દ્વારા નદીનું પાણી ઠાલવવામાં આવતું હશે અને વરસાદી પાણી ભેગું થઈ તળાવમાં ભરાય તેવી રચના પણ છે. રાજ્ય પરિવારના કે ભદ્રવર્ગના શોખીનો માટે નહાવાનું મોટું જળાશય છે. જેમાં પથ્થરમાંથી કોતરેલાં પગથિયાં અકબંધ શોધી કઢાયા છે. સિટાડેલની બાજુમાં મોટું મેદાન છે અને એવું માની શકાય કે તે જમાનામાં તેનો ઉપયોગ ક્રિડાંગણ તરીકે થતો હશે અને રમત-ગમતની સ્પર્ધાઓ યોજાતી હશે. કારણકે મેદાનની એક તરફ મહેલમાં બેઠેલી વ્યક્તિઓ અને બીજી તરફ નગરજનો બેસીને મેદાનમાં થતી પ્રવૃત્તિ જોઈ શકે તે જાતનું આયોજન છે. અહીં ગટર વ્યવસ્થા પણ અત્યંત સુંદર છે અને મહેલની ફરતે તેમજ નગર આસપાસની મજબૂત સંરક્ષણ વ્યવસ્થા બીજે ક્યાંય જોવા મળતી નથી.

પુરાતત્ત્વવિદ્દોએ એક નવી વાત નોંધી છે કે, અહીંના મકાનો ઘણે અંશે ખડીરમાં આજે પણ જોવા મળતા મકાનો જેવા છે. અહીંથી મળેલી હડપ્પીય મુદ્રાઓ, હથિયારો, મણકાની સાથે સોનાનાં આભૂષણો ખડીરની સ્ત્રીઓ પહેરે છે, તેવા ઘરેણાને મળતા આવે છે. આ વિષય પર વધુ સંશોધન ચાલી રહ્યું છે.

ઈતિહાસ રસિકો સિંધુ લિપિના અક્ષરોવાળા મળી આવેલા વિશાળ બોર્ડની સંજ્ઞાઓ ઉકેલાય તેનો પણ ઈન્તજાર કરી રહ્યા છે.

જેનું નામ, તેનો નાશ. માનવ સભ્યતાની ૫૫ પેઢી અહીં જીવન જીવ્યા પછી અંતિમ તબક્કામાં નગર આયોજન તૂટી રહ્યાના પુરાવા અહીંથી મળ્યા છે. સામાન્ય રીતે જોવા મળતા સુનિયોજિત માર્ગ-મકાનોથી વિરુદ્ધ નિમ્ન નગરમાં છેલ્લે છેલ્લે મકાનોની બાંધણીમાં વ્યવસ્થિતતા જળવાઈ નથી અને રસ્તાની વચ્ચેનો મકાનનો એક ભાગ કાઢીને 'દબાણ' થયું હોવાનું જોવા મળે છે. આ જગ્યાનું મહત્ત્વ કાળક્રમે અસ્ત થયું રહ્યું હશે ને આખું નગર માટીના ટીંબામાં ફેરવાઈ ગયું હશે એમ ધોળાવીરામાં લાંબો સમય વિતાવનારા આર્કિયોલોજી વિભાગના અધિકારી શ્રી રાવત કહે છે.

પુરાતત્ત્વ અધિકારીઓ કહે છે કે, એ જમાનામાં સંપર્ક વ્યવસ્થા વિકસી નહોતી. સૂકું હવામાન, સતત દુકાળનો ભોગ બનતો દુર્ગમ પ્રદેશ, પાણીની અછત જેવા કારણોસર આ સંસ્કૃતિ નાશ પામી હશે.

આજે પથ્થરની જીર્ણશિર્ણ દીવાલો જોવા આવતા પર્યટકો, ઈતિહાસવિદો કે સંશોધકો ખંડેર જોઈને તાજ્જુબી પામે છે. સંવેદનશીલ માનવી ખંડેર વચ્ચે આંખો મિંચીને બે ઘડી વિચારશે તો અહેસાસ થશે, સુખી માનવ જીવનથી ધબકતાં એક નગરનો. પ્રવાસન ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી રહેલા કચ્છમાં અત્યાર સુધી ધોરડો - સફેદ રણ ચમકતું રહ્યું છે, વિખ્યાત થયું છે. આવનારો સમય ધોળાવીરાનો - ખડીરનો હશે.

*મુખ્યતંત્રી – "કચ્છમિત્ર"*
*ભુજ, કચ્છ.*

*મૌન એ શાણપણની શરૂઆત છે.*
*બીજું પગથિયું છે – ધ્યાનથી સાંભળવું તે.*

# વૈશ્વિક ધરોહર ધોળાવીરાની જી-૨૦ દેશના પ્રતિનિધિઓએ મુલાકાત લીધી નગર આયોજનથી પ્રભાવિત થયા



ડૉ. મિહિર એમ. વોરા

તાજેતરમાં કચ્છ ખાતે સફેદ રણ ધોરડોમાં પ્રથમ પર્યટન કાર્યકારી સમૂહ બેઠકમાં ભાગ લેવા માટે જી-૨૦ સભ્ય દેશો, આમંત્રિત દેશો તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના વરિષ્ઠ પ્રતિનિધિઓ તેમજ સહભાગીઓ આવ્યા છે. આજરોજ બેઠકના ત્રીજા દિવસે પ્રતિનિધિઓ અને સહભાગીઓએ કચ્છના ખડીર બેટ સ્થિત પાંચ હજાર વર્ષ જૂની સભ્યતાના મહાનગર ધોળાવીરાની મુલાકાત લીધી હતી. અપર ટાઉન, મિડલ ટાઉન અને લોઅર ટાઉન વગેરે જોઈને ડેલિગેટ્સ રોમાંચિત થયા હતા.

જેમાં કેવી રીતે ધોળાવીરા મહાનગરનો વિકાસ થયો અને નગર નિયોજન સાથે ધોળાવીરા માનવ સભ્યતાના એક ઉત્તમ ઉદાહરણ તરીકે ઊપસી આવ્યું તેના વિશે જાણીને ડેલિગેટ્સ પ્રભાવિત થયા હતા. આ મુલાકાત દરમિયાન હડપ્પીય સંસ્કૃતિ, રહેણીકરણી, મહાનગરમાં પાણી સંગ્રહની અદ્‌ભુત વ્યવસ્થા તેમજ સુરક્ષિત દીવાલો વિશે વિગતવાર માહિતી ડેલિગેટ્સને અપાઈ હતી. પ્રાચીન મણકા બનાવવાની ફેક્ટરી, સુઆયોજિત સ્ટેપ વેલ, અપર ટાઉન, મિડલ ટાઉન તેમજ લોઅર ટાઉન વગેરે જોઈને ડેલિગેટ્સ રોમાંચિત થયા હતા. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયાએ ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ યાદીમાં સમાવવા યુનેસ્કોના વર્લ્ડ હેરિટેજ સેન્ટરને નોમિનેશન માટે ડોઝિયર સૌપ્રથમ ૨૦૧૮માં મોકલ્યું હતું. સાથે ગુજરાત સરકારે સાઇટનો વિકાસ કરવા સમિતિઓ બનાવી હતી. પછી સતત તેના સમાવેશ માટે રજુઆતો થતી રહી અને આખરે ૨૦૨૧માં ધોળાવીરાને વિશ્વની ધરોહરની યાદીમાં સ્થાન મળ્યું છે.

દેશ, દુનિયા અને કચ્છ યુનિવર્સિટીના એક સંશોધકનું સંશોધન માટે આ પ્રિય શહેર છે. ભુજથી લગભગ ૨૦૦ કિ.મી. ઉત્તરમાં ખડીર બેટ આવેલો છે. આ જ બેટ પર ધોળાવીરા ગામ વસ્યું છે. સ્થાનિક લોકો ધોળાવીરાને કોટડો કે કોટડા ટીંબા તરીકે ઓળખે છે. મૂળ તો આ સ્થળ ધોળાવીરા ગામની નજીક આવેલું હોવાને કારણે તેનું નામ ધોળાવીરા પડી ગયું છે. ૧૯૬૭-૬૮ના અરસામાં ભારતીય પુરાતત્ત્વવિદ જગતપતિ જોશીએ આ સ્થળની મુલાકાત લઈ પ્રથમ વખત તેની માહિતી જાહેર કરી હતી. મોંહે-જો-દડો અને હડપ્પામાં કાચી પાકી ઈંટો દ્વારા બાંધકામ કરવામાં આવેલું છે. જયારે ધોળાવીરામાં લગભગ ચોરસ અને લંબચોરસ પથ્થરોથી બાંધકામ થયું છે અને પથ્થરો થોડેક છેટે બાજુમાં ખાણોમાંથી કાઢેલા છે. ધોળાવીરામાં નગરની ચારેબાજુ દીવાલ આવેલી છે. ૪૭ હેક્ટર (૧૨૦ એકર), ચતુર્થાંશ શહેર, બે મોસમી સ્ટ્રીમ્સ, ઉત્તરમાં માનસાર અને દક્ષિણમાં મનહાર વચ્ચે આવેલું છે. આ સાઈટ સી ૨૬૫૦ બી.સી. સુધી ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે આશરે ૨૧૦૦ બી.સી. પછી ધીમે ધીમે ઉપયોગ ઘટતા, ટૂંકમાં તે સ્થળ છોડી દેવામાં આવ્યું હતું અને ત્યારબાદ ૧૫૫૦ બી.સી. સુધી ફરીથી ઉપયોગમાં લેવામાં આવ્યું હતું. ધોળાવીરા નગર મુખ્ય ત્રણ ભાગમાં વહેંચાયેલું છે : (૧) રાજાનો / શાસક અધિકારીનો રાજમહેલ કે જે ઊંચાઈવાળી જગ્યા પર છે. તેની ચારેબાજુથી મજબૂત કિલ્લાબંદી કરવામાં આવી હતી. આ કિલ્લામાં ચાર દરવાજા હતા. (૨) અન્ય અધિકારીઓનાં આવાસ કે જેના ફરતે પણ રક્ષણાત્મક દીવાલ હતી અને બેથી પાંચ ઓરડાવાળા મકાન હતા. (૩) સામાન્ય નગરજનોના આવાસ હાથે ઘડેલી ઈંટોના બનાવેલા હતા. આ નગરમાં મોતી બનાવવાનું મોટું કારખાનું મળી આવ્યું છે. અહીંથી પ્રાપ્ત થયેલા અવશેષોમાં તાંબુ ગાળવાની ભઠ્ઠીઓ મળી આવી હતી. આજે અહીં પ્રવાસીઓ માટે રહેવા જમવા ઉતારાની સગવડો નથી, રસ્તા પણ નથી અને જે તે લોકો આરામથી અહીં કોઈ પણ રેતી સંશોધનના નામે કિંમતી કચ્છી ખડકો, પથ્થરો અને વિવિધ પુરાતત્ત્વ ચીજો લઈને જાય છે. એટલે કે કોઈ રખેવાળી નથી, જે એક ચિંતા કરાવે છે. સરકારે આ બાબતે ખાસ વિચારવું જોઈએ તેવો તમામ કચ્છીઓનો મત છે. કચ્છના કોઈપણ સામાન્ય ગામ જેવું જ ભાસતું આ ગામ એક અસામાન્ય ઇતિહાસ ધરબીને બેઠું છે. ગામથી એકાદ કિલોમીટર દૂર ઉત્તર તરફ જઈએ તો 'કોટડા ટીંબા' વિસ્તાર આવે છે. બસ, આ જ વિસ્તાર ગામને અસામાન્ય બનાવે છે. અહીં જ પાંચ હજાર વર્ષ પહેલાં એ સમયની આધુનિક સંસ્કૃતિનું નગર ધોળાવીરા ધમધમતું હતું. આઈ.આઈ.ટી. ગાંધીનગર અને 'આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા' દ્વારા હાલમાં જ કરાયેલા એક સંશોધનમાં જાણવા મળ્યું હતું કે આ 'પુરાતત્ત્વિય શહેર'માં પાંચ હજાર વર્ષ પહેલાં પાણીનું અદ્‌ભુત વ્યવસ્થાપન કરાયું હતું. અહીં સંશોધકો વડે ગ્રાઉન્ડ પેનિટ્રેટીંગ રડાર (જી.પી.આર.) દ્વારા જમીન સ્કેન કરવામાં આવી. આ જ સ્કેનિંગ થકી જાણવા મળ્યું કે એ સમયે

પણ શહેરમાં ડેમ, નહેર, જળાશયો, વાવ, કૂવા જેવી જડબેસલાક અને અફલાતુન વ્યવસ્થા ઊભી કરાઈ હતી. સિંધુ ખીણની સંસ્કૃતિ 'મોડર્ન ટાઉન પ્લાનિંગ' માટે જાણીતી હતી. આ સંસ્કૃતિનાં શહેરો, એમના મકાનો, સ્થાપત્યો, જાહેર સ્થળો, ગટર વ્યવસ્થા માટે આજે પણ આદર્શ માનવામાં આવે છે. વજન નિયમન, માપ, સિરેમિક, કળા અને કૌશલ્યોમાં સિંધુ ખીણની સંસ્કૃતિએ ભારે મહારત હાંસલ કરી લીધી હતી. રણમાં વસેલું હોવા છતાં ધોળાવીરા સિંધુ સંસ્કૃતિનું મહાનગર હતું અને અત્યંત સમૃદ્ધ હતું. રણને કારણે ઊભી થયેલી પાણીની અછતને પહોંચી વળવા એ સમયે સિંધુ ખીણની સંસ્કૃતિનું ઈજનેરી કસબ કામે લગાડવામાં આવ્યું હતું. ડેક્કન કોલેજ ઓફ આર્કિયોલોજીના વાઇસ ચાન્સેલર પ્રો. વસંત શિંદે આ અંગે, સિંધુ ખીણની સંસ્કૃતિના લોકોએ કચ્છના રણમાં એ સમયનું આધુનિક શહેર વસાવ્યું હતું. તેઓ ઉમેરે છે, એ લોકો માટે ધોળાવીરાનું વેપારી મહત્ત્વ હતું કારણકે ધોળાવીરા એક આંતરરાષ્ટ્રીય બંદરની ગરજ સારતું હતું. પ્રોફેસરના મતે ધોળાવીરા વસાવતા પહેલાં ત્યાં સર્વે કરાયો હતો. ધોળાવીરાનું ભૌગોલિક સ્થાન એને વેપારી બંદર તરીકે વિકસાવી શકે એમ હતું. જોકે, મુશ્કેલી એ હતી કે એ સ્થળની ચારેય તરફ રણ આવેલું હતું. જો કે, સિંધુ ખીણના લોકોએ આ મુશ્કેલીઓનો ઉકેલ પણ શોધી લીધો હતો. ધોળાવીરાની બંને તરફ મનસર અને મનહર નામની મોસમી નદીઓ આવેલી છે. ચોમાસા દરમિયાન જ આ નદીઓમાં પાણી રહે છે. એટલે એ લોકોએ આ જ પાણીને શહેરમાં વાળવાનો ઉપાય કર્યો. તેમણે બંને નદીઓ પર અલગ અલગ સ્થળોએ ચેકડેમ બનાવ્યા અને ચોમાસામાં જ્યારે જ્યારે તેમાં પાણી કે પૂર આવ્યું એ તમામ પાણી એમણે શહેરમાં વાળી લીધું.

આ પાણીના સંગ્રહ માટે શહેરમાં ભૂગર્ભ ટાંકીઓ બનાવાઈ અને અન્ડરગ્રાઉન્ડ વોટર ટનલ થકી તેમણે આ ત્રણેય ટાંકીઓને જોડી દીધી. અને એ રીતે તેમણે પાણીની સમસ્યાને દૂર કરી લીધી. આવી રીતે સિંધુ ખીણના લોકો રણમાં પણ સમૃદ્ધિ તાણી લાવ્યા. જો આ 'હડપ્પન ટેકનિક'નો ઉપયોગ કરવામાં આવે તો કચ્છના રણને હરિયાળું બનાવી શકાય તેમ છે. આજથી લગભગ પાંચેક વર્ષ હજાર પહેલાં વિશ્વમાં ત્રણ મુખ્ય સંસ્કૃતિઓ અસ્તિત્વ ધરાવતી હતી. નાઈલ નદીના કિનારે પ્રાચીન મિસરની સંસ્કૃતિએ આલીશાન નગરો અને ભવનો બનાવ્યા હતા. પશ્ચિમ અને મધ્ય-પૂર્વ એશિયામાં ટાઇગ્રીસ-યુફ્રેટીસ નદીના કિનારે મેસોપોટેમિયાની સંસ્કૃતિ વિકસી હતી. એ જ વખતે સિંધુ નદીના કિનારે પણ એક સંસ્કૃતિ વિકસી. જેને એ સમયની સૌથી આધુનિક અને શહેરી સંસ્કૃતિ ગણવામાં આવી. હાલના ભારતના પશ્ચિમમાં અને પાકિસ્તાનના પૂર્વમાં સિંધુ નદીના કિનારે વિકસેલી હોવાના કારણે તેને સિંધુ ખીણની સંસ્કૃતિ તરીકે પણ ઓળખવામાં આવી. પાકિસ્તાનમાં આવેલું હડપ્પા આ સંસ્કૃતિનું મહત્ત્વનું કેન્દ્ર હોવાને કારણે તે 'હડપ્પન સંસ્કૃતિ' તરીકે પણ જાણીતું છે. સિંધુ ખીણની આ સંસ્કૃતિના મૂળ ઉત્તરમાં છેક અફઘાનિસ્તાન સુધી અને દક્ષિણમાં છેક ગુજરાત સુધી વિસ્તર્યા હતા. હડપ્પા, ગનેરીવાલા, મોંહે-જો-દડો, ધોળાવીરા, કાળીબંગળ, રાખીગઢી, રુપર અને લોથલ એ આ સંસ્કૃતિનાં મહત્ત્વના શહેરો હતાં.

કચ્છમાં આવેલું ધોળાવીરા અને અમદાવાદ નજીક આવેલું લોથલ ગુજરાતમાં આવેલી સિંધુ ખીણની સંસ્કૃતિની પુરાતત્ત્વિય સાઇટ્સ છે. આ સંસ્કૃતિ ભારતીય સંસ્કૃતિનો પાયો ગણાય છે. ભારતનું આજનું જીવન એ જ સંસ્કૃતિના પાયા પર રચાયેલું છે. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા સિંધુ ખીણની સંસ્કૃતિનો સમયગાળો ઈ.સ. પૂર્વે ૧૫૦૦થી ઈ.સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ સુધીનો ગણે છે. જો કે કેટલાક સંશોધકો સિંધુ ખીણની સંસ્કૃતિને આથી પણ વધુ પ્રાચીન ગણાવે છે. 'ઇન્ડસ વેલી સિવિલાઈઝેશન' નામના પુસ્તકના લેખક ડૉ. સમર કંદુના મતે ૬ હજાર વર્ષ પહેલાં આ સંસ્કૃતિની શરૂઆત થઈ હતી. 'રાખીગઢી અને અન્ય સાઇટ્સ પર હાલમાં જ થયેલા ઉત્ખનન દરમિયાન એવા સંકેતો મળ્યા હતા કે સિંધુ ખીણની સંસ્કૃતિ ઓછામાં ઓછી સાડા પાંચ હજાર વર્ષ પ્રાચીન છે. અત્યંત આધુનિક અને રસપ્રદ સિંધુ ખીણની સંસ્કૃતિનું પતન કઈ રીતે થયું એ અંગે પણ મતમતાંતર પ્રવર્તે છે. એક મત એવો છે કે આર્યોના ભારતમાં આગમને સિંધુ ખીણની સંસ્કૃતિનો નાશ કર્યો હતો. જો કે, પ્રોફેસર શિંદે જણાવે છે કે, જળવાયુ પરિવર્તનને કારણે આ સંસ્કૃતિનું પતન થયું હતું. એ વખતે માત્ર દક્ષિણ એશિયામાં જ નહીં, પણ વિશ્વ આખામાં જળવાયુ પરિવર્તન અનુભવાયું હતું. મિસર અને મેસોપોટેમિયાની સંસ્કૃતિના વળતા પાણી પણ આ જ કારણે થયા હતા. સિંધુ ખીણની સંસ્કૃતિના બેકગ્રાઉન્ડ પર બનેલી 'મોંહે-જો-દડો' ફિલ્મમાં આ સંસ્કૃતિના વિનાશનું કારણ જળને ગણાવાયું છે. 'નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઓશનોગ્રાફી' આ સંસ્કૃતિનું પતન પાણીને કારણે થયું હોવાના સંકેત આપે છે. ઇન્સ્ટિટ્યૂટના સંશોધનમાં એવા સંકેતો મળ્યા છે કે કચ્છના દરિયાકાંઠે આવેલી ભયાનક ત્સુનામીએ ધોળાવીરાનો ભોગ લઈ લીધો હશે. આમ, આવા ઐતિહાસિક શહેરોનો જો યોગ્ય વિકાસ થઇ યોગ્ય દેખરેખ થાય તો જરૂર ધોળાવીરા એક ઐતિહાસિક શહેર જોવા જાણવા અને માણવાલાયક છે. સાચે જ, 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા.'

*__સંદર્ભ :__ ધોળાવીરા ઉપર સંશોધન કરનાર વિવિધ વૈજ્ઞાનિકો - લેખકોના વિવિધ અખબારી લેખ, સ્થાનિક સમાચાર પત્રો અને વીકિપીડિયા.*

**"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,**
**વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.**
**મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫**

# કેન્દ્રીય બજેટ ૨૦૨૩-૨૪



પી. કે. લહેરી

અગાઉ ૨૮મી કે ૨૯મી ફેબ્રુઆરી અને હવે ૧લી ફેબ્રુઆરીએ રજૂ થતા બજેટની સૌ ચાતક નજરે રાહ જુએ છે. બજેટની જાહેરાતો જોવા-સાંભળવાની ઉત્કંઠા અજોડ છે. બજેટ દ્વારા કોને કેટલો ફાયદો થશે તે જાણવાની ઇચ્છા હવે વિશેષ પ્રબળ બની છે. ભારતના બંધારણની દૃષ્ટિએ જોઈએ તો બજેટ એ સરકાર - સંસદમાં રજૂ થતો નાણાંકીય ખરડો (બીલ) છે, જેમાં આગામી નાણાંકીય વર્ષ દરમિયાન સરકારની સંભવિત આવક અને અંદાજિત ખર્ચની વિગતો, કરવેરામાં ફેરફાર અને નવી યોજનાઓની જાહેરાતનો સમાવેશ થાય છે. હવે તો બજેટ પ્રવચનમાં બજેટની વ્યાખ્યામાં ન સમાવી શકાય તેવા અનેક મુદ્દાઓ પરત્વે જાહેરાત કરવામાં આવે છે. દા.ત. બેંકોની કામગીરી, ધિરાણ નીતિ, સરકારની ચીલાચાલુ કામગીરી વગેરેને પણ બજેટની રજૂઆતમાં સમાવી લેવામાં આવે છે. સારું બજેટ કેવું હોવું જોઈએ તે પ્રશ્ન છે. સારા બજેટ માટે સર્વસંમત કે સર્વગ્રાહી માપદંડો નક્કી કરવા મુશ્કેલ બાબત છે.

સરકાર અને તે પણ ૧૪૨ કરોડની વસતી ધરાવતા દેશમાં વહીવટી કે વિકાસ માટે જે પડકારોનો સામનો કરવાનો છે તે જોતાં બધા રાજી રહે તેવા નિર્ણયો કરવાનું શક્ય નથી. આ સંદર્ભમાં આપણે આગામી નાણાંકીય વર્ષના બજેટનું મૂલ્યાંકન કરીશું.

બજેટ દ્વારા સરકાર પોતાની નીતિ ભવિષ્ય માટેનાં આયોજન અને સામાન્ય લોકોને થનાર લાભો અંગે વિસ્તૃત નિવેદન કરે છે. આ વર્ષનું બજેટ આઝાદીના ૭૫ વર્ષ પૂરા થયા બાદનું પ્રથમ બજેટ છે. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૪૭ – આઝાદીના શતાબ્દિ વર્ષ સુધીના ૨૫ વર્ષને અમૃતકાળની ઉપમા આપી છે. ભારતને મહાસત્તા બનાવવા માટે જરૂરી તમામ કામો ઝડપથી પૂરાં કરવાનાં છે. આ બજેટ મુખ્ય સાત ક્ષેત્રોને અગ્રતા આપે છે. આ સાત મુદ્દાઓને બજેટ પ્રવચનમાં સપ્તર્ષિ તરીકે વર્ણવ્યા છે. આ સાત મુદ્દાઓ છે : (૧) સર્વસમાવિષ્ટ વિકાસ, (૨) છેવાડાના પ્રદેશ સુધી વિકાસ, (૩) આંતરમાળખાકીય સુવિધાઓ અને મૂડીરોકાણને પ્રોત્સાહન, (૪) દેશની ક્ષમતા અને સજ્જતાનો પૂર્ણ વિકાસ, (૫) હરિત (પર્યાવરણ સુરક્ષા સાથે) વિકાસ, (૬) યુવા પેઢીની શક્તિનો ઉચિત ઉપયોગ અને (૭) નાણાંકીય ક્ષેત્રનો વિકાસ. ભારત સરકારે તેના ૨૦૨૩-૨૪ના બજેટમાં આ સાતેય ક્ષેત્રો માટે જે જોગવાઈઓ કરી છે તેમાં મૂડીરોકાણ ક્ષેત્રે – આંતરમાળખાકીય સુવિધાઓ વધારવા માટે રૂા. ૧૦ લાખ કરોડની જોગવાઈ કરી છે. રસ્તા અને રેલવેને આધુનિક બનાવવા અને વિશ્વકક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સરકારની નેમ છે. રેલવે માટે ફાળવવામાં આવેલ રૂા. ૨.૪ લાખ કરોડની રકમ વિક્રમજનક છે. વર્ષોથી રેલવેના આધુનિકીકરણમાં નાણાંનો અભાવ હતો તે દૂર થતાં આપણે ટૂંક સમયમાં પરિવહન ક્ષેત્રે ક્રાંતિકારી ફેરફારો જોઈ શકીશું. નેશનલ હાઈવે, સૌર ઊર્જા, મધ્યમવર્ગને રાહત સાથેના આવાસો અને શહેરી વિકાસનાં અનેક કામો પૂરાં કરવા માટેની જોગવાઈઓ આવકાર્ય છે.

ગરીબોને અને મધ્યમવર્ગને રાહત આપવાની યોજનાઓમાં જનધનની યોજના, કિસાન સન્માન યોજના (જે હેઠળ વર્ષે ગરીબ કિસાનને રૂા. ૬૦૦૦ સીધા તેના ખાતામાં મળે છે), મહિલાઓનાં સખી મંડળો, પોસ્ટ ઓફિસમાં સારા વ્યાજે રોકાણ, વરિષ્ઠ નાગરિકોને ફિક્સ ડિપોઝિટમાં ખાસ યોજના હેઠળ રૂા. ૩૦ લાખનું રોકાણ કરવાની સુવિધા, આવકવેરામાં રૂા. સાત લાખની વાર્ષિક આવક ધરાવનાર આવકવેરો ભરવામાંથી મુક્ત રહી શકે તેવી વ્યવસ્થા, ડિજિટલ ઉપકરણો સસ્તાં થાય તે માટે કરમાં ઘટાડો, ગરીબ પરિવારોને નિઃશુલ્ક અનાજ અને મનરેગા યોજના હેઠળ રોજગારી જેવી યોજનાઓ દ્વારા બજેટમાં વંચિતો માટે ખાસ કાળજી કરવામાં આવી છે. આયુષ્માન યોજના હેઠળ મહત્તમ સારવાર ખર્ચમાં રૂા. પાંચ લાખની મર્યાદા વધારીને રૂા. દસ લાખની થવાથી અનેક પરિવારો ગંભીર માંદગી / અકસ્માત પ્રસંગે સામાજિક સુરક્ષાનો અનુભવ કરશે. એકલવ્ય શાળા દ્વારા આદિજાતિ વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ૩૮,૦૦૦ જેટલા શિક્ષકોની નિમણૂંકો તેમજ કૌશલ નિર્માણ કાર્યક્રમો દ્વારા રોજગારી અને સ્વરોજગારીમાં વૃદ્ધિ કરવામાં આવતાં પછાત વર્ગ અને વિસ્તારોમાં કારકિર્દી ઘડતરના અવસરો ઉપલબ્ધ થશે.

ભારત સરકારે ચીન અને પાકિસ્તાનના શત્રુતાભર્યા વલણને ધ્યાનમાં રાખીને સંરક્ષણ ખર્ચમાં જરૂરી વધારો કર્યો છે. ખાસ કરીને ઈશાન સરહદે રસ્તા, સુરંગો, એરપોર્ટ વગેરેના બાંધકામને અગ્રતા આપવામાં આવી છે. સેનાની ત્રણે પાંખો અત્યાધુનિક શસ્ત્રોથી સજ્જ રહે તેવાં શસ્ત્રો અને સામાનના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનવાનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. લઘુ ઉદ્યોગો

રોજગારીના સર્જનમાં અને નિકાસમાં નોંધપાત્ર પ્રદાન કરે છે. તેમને અને કૃષિક્ષેત્રને સમયસર અને પૂરતું ધિરાણ મળે તે માટે જરૂરી જોગવાઈઓ કરવામાં આવી છે. ભારતને આત્મનિર્ભર બનાવવા માટે સ્ટાર્ટઅપ, પેટન્ટ રજિસ્ટ્રેશન, ટેકનોલોજી તેમજ સંશોધનની આગવી ભૂમિકા છે. આ સઘળી બાબતોને પ્રોત્સાહન આપવા માટે બજેટમાં સરકારે તેની પ્રતિબદ્ધતાને દોહરાવી છે.

કોરોનાકાળના દુઃખદ અનુભવો બાદ આરોગ્ય ક્ષેત્રને સુદૃઢ કરી મેડિકલ શિક્ષણ દ્વારા વધારાના ડૉક્ટરો તૈયાર કરી આરોગ્ય ક્ષેત્રે ભવિષ્યના પડકારોને પહોંચી વળવા માટે બજેટમાં વધારાના ભંડોળ માટે પ્રાવધાન કરવામાં આવ્યું છે. આઝાદીના અમૃતકાળમાં આરોગ્ય, પોષણ, સારવાર અને સુખાકારી માટે હજી ઘણું કરવાનું બાકી છે. વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટ દ્વારા સરકારે આ દિશામાં પહેલ કરી છે. ભારતમાં જ નહીં, પણ દુનિયાના સંખ્યાબંધ દેશોમાં આપણી સ્વદેશી વેક્સિનોએ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. શિક્ષણ અને આરોગ્ય સૌને સુલભ બને તે જરૂરી છે. કેન્દ્ર અને રાજ્યોએ સાથે મળીને આ બંને ક્ષેત્રોમાં જરૂરી પરિવર્તનો કરવા સહિયારો પુરૂષાર્થ કરવો જોઈએ.

છેલ્લાં થોડાં વર્ષથી બજેટની નાણાંકીય અને મહેસૂલી ખાધ ચિંતાજનક સ્તરે છે. વર્ષ ૨૦૧૭-૧૮માં નાણાંકીય ખાધ રૂા. ૫.૯૧ લાખ કરોડ હતી. વર્ષ ૨૦૧૮-૧૯માં તે વધીને રૂા. ૬.૪૯ લાખ કરોડ થઈ. વર્ષ ૨૦૧૯-૨૦માં (કોરોના પહેલાનું વર્ષ) ખાધ રૂા. ૯.૩૪ લાખ કરોડ થઈ. વર્ષ ૨૦૨૦-૨૧માં (કોરોનાનું વર્ષ) રૂા. ૧૮.૧૮ લાખ કરોડ થઈ. વર્ષ ૨૦૨૧-૨૨માં રૂા. ૧૫.૮૭ લાખ કરોડની ખાધ નોંધાઈ હતી. ચાલુ વર્ષે (૨૦૨૨-૨૩) આ ખાધ રૂા. ૧૬.૬૧ લાખ કરોડ અંદાજવામાં આવી છે. છેલ્લા છ વર્ષમાં એકંદરે રૂા. ૪૦.૪૦ લાખ કરોડની ખાધ મુખ્યત્વે સરકારે દેવું કરીને ભરપાઈ કરી છે. **તેના કારણે આજે સરકારની ૧૦૦ રૂપિયાની આવકમાંથી ૨૦ રૂપિયા તો માત્ર વ્યાજની ચૂકવણીમાં જાય છે.** વર્ષ ૨૦૧૬માં ભારતનું દેવું કુલ ઘરેલુ ઉત્પાદનના ૬૮.૮ ટકા જેટલું હતું, જે વર્ષ ૨૦૨૨માં વધીને ૮૫.૩ ટકા જેટલું થયું છે. આપણા નાણાં મંત્રાલય માટે ક્રમશઃ દેવું ઓછું કરી કુલ ઘરેલુ ઉત્પાદનના પચાસ ટકા આસપાસ રહે તે માટે ચોક્કસ અને અસરકારક વ્યૂહરચના આવશ્યક છે. સરકારે આવક વધારવાનાં પગલાંઓ સાથે સાથે જાહેર જનતાના પરસેવાનો દરેક રૂપિયો પૂરતી કાળજી કરીને, કરકસરયુક્ત રીતે વપરાય તેવી ચુસ્ત વ્યવસ્થા કરવાનો સમય પાકી ગયો છે. પાડોશી દેશો શ્રીલંકા અને પાકિસ્તાનની વિદેશી દેવાના મુદ્દે નાદારીની સ્થિતિ આપણે ત્યાં થવાની સંભાવના નથી. અમેરિકામાં જાહેર દેવા અને બેંક દેવાની પરિસ્થિતિ કથળતાં ૨૦૦૮માં જેવી કટોકટી સર્જાઈ તેવી આપણે ત્યાં ન સર્જાય તે માટે સર્વગ્રાહી યોજના ઘડવામાં વિલંબ ન થવો જોઈએ.

**વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ રૂા. ૪૫ લાખ કરોડનું છે.** આ જંગી બજેટનું મૂલ્યાંકન કરવું દુષ્કર છે. ભારત સરકારની આવકમાં સૌથી મોટો હિસ્સો ઉધાર લીધેલી લોનની રકમનો છે. ૩૪ ટકા જેટલી આવક હકીકતમાં નાણાંકીય ખાધ (રૂા. ૧૭.૮૬ લાખ કરોડ) પૂરવા માટે ઉધાર લીધેલી રકમ છે. કેન્દ્ર સરકારની આવકમાં જી.એસ.ટી.નો હિસ્સો ૧૭ ટકા, કોર્પોરેટ ટેક્સનો હિસ્સો ૧૫ ટકા, આવકવેરાનો હિસ્સો ૧૫ ટકા છે. કેન્દ્રીય એક્સાઇઝનો ભાગ ૭ ટકા અને કસ્ટમ ડ્યુટી ચાર ટકા સાથે કરની કુલ આવકનો હિસ્સો ૫૮ ટકા છે. જો આ હિસ્સો ૭૫ ટકા સુધી પહોંચે તો જ ઉધાર રકમની ટકાવારીમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે તેમ છે.

વૈશ્વિક મંદીના પડકારો, સુરક્ષાની ચિંતા, કોરોના બાદ વધેલી ગરીબી, બેરોજગારી, મોંઘવારી અને મુસીબતો વચ્ચે નાણામંત્રીએ સંતુલન જાળવવા, સૌને થોડો થોડો લાભ આપવા, વંચિતોને ગરીબીમાંથી મુક્તિ માટે સર્વગ્રાહી વિચારણા કરી જે કદમ ઉઠાવ્યાં છે તેનાથી આગામી નાણાંકીય વર્ષ દેશની આર્થિક ઉન્નતિ અને જનસામાન્યની સુખાકારી માટે નિર્ણાયક નીવડશે તેવી શ્રદ્ધા અસ્થાને નથી. મુળભૂત રીતે ચિંતાનો પ્રશ્ન એ છે કે સરકાર માટે પછેડી જેટલી સોડ તાણવાને બદલે 'આમદની અઠ્ઠની (આઠ આના) ખર્ચા રૂપિયા' જેવી સ્થિતિમાંથી કેમ બહાર આવવું તે છે. નાણાંકીય ખાધ વિનાનો વિકાસ, આંતરમાળખાકીય સુવિધાઓનો વ્યાપ અને ગુણવત્તા સુધારવાની જરૂરિયાત, ગરીબોને આર્થિક - સામાજિક સુરક્ષા, દેશનું સંરક્ષણ અને વિદેશી વેપારની ખાધ નિવારવાના પડકારો કોઈને પણ મૂંઝવે તેવા છે. વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષનું બજેટ સ્પષ્ટ વિચારો અને ચોક્કસ લક્ષ્યો સાથે નાણાં ફાળવે છે ત્યારે આપણે ઉજ્જવળ ભવિષ્યની આશા રાખી શકીએ. ■

## હાઈકુ

### વિશ્વ હાઈકુ દિન

*અશ્રુ વહે છે*
*ભીંજાય લાગણી*
*રોમે રોમ માં.*

*ઓચિંતા આવે*
*હરખ શોક આંચકા*
*અનેક રૂપે.*

### વિશ્વ પુસ્તક દિન

*પુસ્તક પ્રેમ*
*ને વંચાય લાગણી*
*જીવન મહીં.*

*પ્રેમ કિતાબ*
*જીવન મહીં રહે*
*પુસ્તક રૂપે.*

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ*

# કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ



હંસરાજ કંસારા

- **સમાજની ષષ્ઠી પૂર્તિ :**

અમદાવાદના શ્રી કચ્છી જૈન સેવા સમાજે એની ઉજજવળ કારકિર્દીના ૬૦ વર્ષ પૂરા કર્યા. આ નિમિત્તે સમાજનું મુખપત્ર 'મંગલ મંદિર' વિશેષાંક પ્રકાશિત કરવાનું છે. આ વિશેષાંકમાં સ્વાભાવિક રીતે જ સમાજની ગતિ-પ્રગતિનું સરવૈયું હશે. એની સમાજલક્ષી અને સાર્વજનિક પ્રવૃત્તિઓના ઉદ્દેશ, વ્યાપ અને પરિમાપની વિગતો હશે. તદુપરાંત, આ વિશેષાંક માટે કચ્છના અનુસંધાને, કોઈ પણ વિષય પર લેખો આમંત્રિત કરવામાં આવ્યા છે.

- **સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ :**

આ સમાજની સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ એમના અમદાવાદમાં વસતા પરિવારો પૂરતો સીમિત નથી. કચ્છ કેન્દ્રિત 'આપત્તિ રાહત' સેવાઓ ઉપરાંત બીજી અનેક સાર્વજનિક વિકાસલક્ષી પ્રવૃત્તિઓ માટે એનું વિપુલ પ્રદાન રહ્યું છે. એમાંની એક પેટા સંસ્થાગત પ્રવૃત્તિની આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે.

- **કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ :**

કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પ્રેરીત અને પ્રાયોજીત આ સંસ્થા, અમદાવાદ સ્થિત 'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ' છે. કચ્છના સર્વતોમુખી વિકાસ હેતુ કચ્છ તેમજ અન્યત્ર કાર્યશીલ સ્વયંસેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓને વેગ મળે તે હેતુથી કાયમી ધોરણે આવશ્યક સહયોગ આપી શકાય તે માટે આ સંસ્થાનું ગઠન થયું છે. એના યોગદાનની થોડી વિગતો અત્રે પ્રસ્તુત છે.

- **સ્થાપના :**

આ સંસ્થાની સ્થાપના ઇ.સ. ૨૦૦૪માં મુંબઈ મધ્યે આયોજિત એક સેમિનાર દરમિયાન થઇ. એનો મુખ્ય ઉદ્દેશ કચ્છના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક વિકાસ પ્રક્રિયા સાથે સંકળાયેલી સ્વયંસેવી સંસ્થાઓ, ઔદ્યોગિક અને વ્યવસાયીક એકમો, પ્રશાસનીક વ્યવસ્થાપકો, વિવિધ વિષયોના તજજ્ઞો અને લાભાન્વિત લોક સમૂહોના પ્રતિનિધિઓ આદિ વચ્ચે આવશ્યક સંવાદી વાતાવરણનો – સ્વાભાવિક પ્રક્રિયાને વેગ આપવાનો છે.

- **સંસ્થાના સભ્યો, સલાહકારો :**

કચ્છના ઔદ્યોગિક અને સામાજિક વિકાસ કાર્યો સાથે કચ્છ તેમજ અન્ય સ્થળોએ વર્ષોનો અનુભવ ધરાવતી ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તેમજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ આદિ સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ વિવિધ વિષયોના તજજ્ઞો આદિ આ સંસ્થાના સભ્યો છે. સ્થાપના સમયે, સલાહકારોમાં કચ્છમાં સાર્વજનિક ક્ષેત્રે પ્રભાવશાળી પ્રતિનિધિઓ, જેમાં ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા, ધીરુભાઈ શાહ તેમજ પૂર્વ સાંસદ સ્વ. નવીનભાઈ શાસ્ત્રી અને પુષ્પદાનભાઈ ગઢવી તેમજ મુંબઈ સ્થિત કચ્છી શ્રેષ્ઠીઓ – સ્વ. દામજીભાઈ એન્કરવાલા, નેણશીભાઈ શાહ, ચંદ્રકાંતભાઈ ગોગરી ઉપરાંત કચ્છના લોકપ્રિય અખબાર 'કચ્છમિત્ર'ના તત્સમયે તંત્રી શ્રી કીર્તિ ખત્રી આદિ હતા.

- **સંસ્થાના વહીવટદારો :**

આ સંસ્થાના સ્થાપક પ્રમુખ શ્રી ચંદ્રકાંત દેઢિયા, તત્સમયે, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખપદે હતા. મંત્રીપદે શ્રી પ્રતાપભાઈ દંડ તત્સમયે જૈન સમાજના અગ્રણી કાર્યકર હતા, જેઓ સંસ્થાની સ્થાપનાથી લઈને હાલે જ્યારે તેઓ જૈન સમાજના પ્રમુખ છે, ત્યારે, એ જ પદે કાર્યરત છે. ખજાનચી તરીકે શ્રી કે.ડી. શાહ પણ જૈન સમાજના જ અગ્રણી કાર્યકર છે. આ પેટા સંસ્થાની સ્થાપનાથી લઈને હાલ સુધી એના પ્રગતિશીલ કાર્યાન્વનમાં, પ્રેરક બળ શ્રી અશોક મહેતા છે. છેલ્લા બાર વર્ષથી તેઓશ્રી આ સંસ્થાના પ્રમુખ છે. તદુપરાંત તેઓશ્રી જૈન સમાજના સામાયિક 'મંગલ મંદિર'ના તંત્રી તેમજ અમદાવાદ સ્થિત 'શ્રી કચ્છી સમાજ'ના પ્રમુખ તથા તેના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના તંત્રી છે. સંસ્થાનો બધો જ વહીવટી કારોબાર અમદાવાદનું શ્રી કચ્છી જૈન સેવા સમાજ સંભાળે છે. કચ્છના સર્વાંગી ઈતિહાસ ગ્રંથ ભાગ-૨, પૃષ્ઠ ૨૭૪ પર આ સંસ્થાના તત્સમયના સભ્યો આદિની વિગતો પ્રસ્તુત છે.

- **પ્રવૃત્તિઓનો પ્રારંભ :**

સન ૨૦૦૪માં મુંબઈ મધ્યે સેમિનારમાં આ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્ષેત્રનું વિચારબીજ રોપાયું. કચ્છમાં ભૂકંપ પશ્ચાત ઔદ્યોગિક વિકાસ પ્રક્રિયા તેમજ કચ્છમાં નર્મદા જળ વિતરણ વિકાસ વ્યવસ્થા સંબંધી સમસ્યાઓને પ્રાથમિકતા આપવા વિશે ચર્ચા થઈ. એના અનુસંધાને આ બંને વિષયો પર કાઉન્સિલ કાર્યરત થઈ. સન ૨૦૦૫માં ઔદ્યોગિક વિકાસ અંગે

સર્વપ્રથમ સેમિનારનું આયોજન થયું.

● **ઔદ્યોગિક સેમિનાર :**

આ સેમિનારમાં કચ્છમાં કાર્યરત ઔદ્યોગિક અને વ્યવસાયીક એકમો અને આર્થિક - સામાજિક સંસ્થાના પ્રતિનિધિઓએ ભાગ લીધો. ઉદ્યોગોના સમુચિત વિકાસ હેતુ પ્રોત્સાહક પરિબળો ઉપરાંત ઉદ્યોગોને નડતી પ્રશાસનિક તેમજ અન્ય ભૌતિક સમસ્યાઓ અને એના સમાધાન અંગે વ્યવહારુ સૂચનો થયા.

● **સુવેનિયર**

આ સેમિનારમાં ઔદ્યોગિક તેમજ વ્યવસાયીક એકમો તથા અન્ય સંબંધિત સંસ્થાઓને ઉપયોગી માહિતી પ્રસ્તુત કરતા સુવેનિયરનું વ્યાપક વિતરણ થયું. આ સુવેનિયરમાં ઔદ્યોગિક વિકાસ સંદર્ભે, પચાસથી વધુ અભ્યાસ લેખો પ્રકાશિત થયા. તદુપરાંત ભૌગોલિક, સામાજિક, આર્થિક સ્થિતિનું સર્વેક્ષણ અને સંદર્ભ માહિતીનો પણ આ સુવેનિયરમાં સમાવેશ હતો.

● **ઉદ્યોગ વિશેષાંક**

ત્યારબાદ આ પેટા સંસ્થાના સક્રિય સહયોગથી સમાજના મુખપત્ર 'મંગલ મંદિર'નો ઉદ્યોગ વિશેષાંક પ્રકાશિત થયો. આ વિશેષાંકમાં કચ્છમાં સ્થપાયેલા ઉદ્યોગોના વરિષ્ઠો, પ્રશાસનીક વ્યવસ્થાપકો તેમજ ઉદ્યોગોને લગતા વિવિધ વિષયોના તજજ્ઞોના રસપ્રદ માહિતીસભર વાર્તાલાપો તેમજ અભ્યાસ લેખો પ્રકાશિત થયા. આમ, કચ્છના ઉદ્યોગ જગતને જાગૃત કરવાના સર્વતોમુખી પ્રયાસોમાં કાઉન્સિલે પણ એનું થોડું યોગદાન આપ્યું હતું.

● **કચ્છમાં નર્મદા જળ વિતરણ :**

આ સંદર્ભે કાઉન્સિલના પ્રમુખ શ્રી અશોક મહેતાના કચ્છના સર્વાંગી ઈતિહાસમાં પ્રકાશિત લેખ મુજબ કાઉન્સિલ ૨૦૦૬થી આ પ્રશ્ને સક્રિય થઇ. નર્મદા કેનાલનાં કાર્યાન્વન સતત દૃષ્ટિગત લઇ તે સંદર્ભે નર્મદા નિગમ અને કચ્છના રાજકીય નેતૃત્વ સાથે સતત સંવાદ જાળવી, આ કાર્યને આગળ વધારવામાં આવશ્યક યોગદાન આપ્યું. કાઉન્સિલના પ્રમુખશ્રી અશોક મહેતાએ સમયાંતરે જન જાગૃતિ હેતુ અવલોકનો કચ્છ તેમજ અમદાવાદથી પ્રકાશિત દૈનિક અખબારોમાં લેખો આપ્યા. તદુપરાંત શ્રી અશોક મહેતાના કચ્છને વધારાના પાણી પૂરતી માત્રામાં ફાળવવાના ઔચિત્ય ઉજાગર કરતા લેખો દૈનિક અખબારોમાં પ્રકાશિત થયા.

● **કચ્છનો સર્વાંગી ઇતિહાસ**

કચ્છની પ્રજા, વિશેષતઃ કચ્છના બૌધ્ધિકો અને ઈતિહાસ રસજ્ઞોને કાઉન્સિલનું એક અણમોલ કાલજયી નજરાણું એટલે કચ્છનો સર્વાંગી ઈતિહાસ. કાઉન્સિલે, એની ૧ ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ અમદાવાદ ખાતે મળેલી બેઠકમાં કચ્છના ઈતિહાસ લેખન માટે પ્રયાસ કરવાનો નિર્ણય કર્યો. એના અનુસંધાને ૮ માર્ચ, ૨૦૦૯ના રોજ ભુજ મધ્યે ચાણક્ય એકેડેમિમાં એક ગોષ્ઠિનું આયોજન થયું. કચ્છના અગ્રણી ઈતિહાસવિદો, વિવિધ વિષયના તજજ્ઞો તેમજ ઈતિહાસ રસજ્ઞોએ આ ગોષ્ઠિમાં ભાગ લીધો. એમણે સર્વાનુમતે કાઉન્સિલના પ્રસ્તાવને આવકાર્યો. કચ્છ યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ ડૉ. કાંતિ ગોરના અધ્યક્ષપદે કાર્યવાહક સમિતિનું ગઠન થયું. કચ્છના ગણમાન્ય વરિષ્ઠ ઈતિહાસવિદ શ્રી ઉમિયાશંકર અજાણી, ગુજરાત ઈતિહાસ પરિષદના માનદ્ મંત્રી શ્રી નરેશ અંતાણી, વરિષ્ઠ લેખક - ચિંતક અને કેળવણીકાર શ્રી હરેશ ધોળકિયા અને હંસરાજ કંસારા આ સમિતિના સદસ્ય રહ્યા.

● **પ્રસ્તાવિત ઇતિહાસ :**

આ કાર્યવાહક સમિતિએ, પ્રસ્તાવિત ઈતિહાસ આલેખનનો ઉદ્દેશ, આવરી લેવાના વિષયો, સમયખંડ, માર્ગદર્શન, મૂલ્યાંકન અને સંપાદન ક્રિયા તેમજ આલેખનના માપદંડો આદિ બાબતો સમાવતી બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરી. જે ૧૯ એપ્રિલ અને ૩૧ મે ૨૦૦૯ના રોજ મળેલી મીટિંગો દરમિયાન ફાઈનલ થઇ.

● **સમિતિઓનું ગઠન :**

ત્યારબાદ ૨૬ જુલાઈ ૨૦૦૯ના રોજ, ઈતિહાસ વિદો, વિવિધ વિષયના નિષ્ણાતો અને લેખન સહયોગ પ્રદાન કરનારા વિદ્વાનોની સંયુક્ત બેઠક મળી. આ બેઠકમાં લેખન-વાંચન (peer-review), મૂલ્યાંકન, પરામર્શન, પુનર્લેખન આદિ બાબતો નક્કી થઈ. તદુપરાંત પરામર્શ, સંપાદન અને સમન્વય સમિતિઓ અને તેમનાં કાર્યક્ષેત્ર નક્કી થયા. શ્રી કીર્તિ ખત્રીના અધ્યક્ષપદે છ સદસ્યોની એક વિશેષ સમિતિ પણ નક્કી થઈ. આ સમિતિ દ્વારા પ્રત્યેક લેખક સાથે વ્યક્તિગત સ્તરે પુનઃ લેખન માર્ગદર્શનની વ્યવસ્થા થઈ. આ પ્રક્રિયા બાદ, પરામર્શ સમિતિ મારફત ફાઈનલ થયેલા લેખો સંપાદન સમિતિ દ્વારા પ્રકાશન માટેની પ્રક્રિયા પૂરી કરે તેમ નક્કી થયું. **અંતે ઇ.સ. ૨૦૦૯માં આરંભ થયેલા ઇતિહાસ આલેખનનું કાર્ય, ઇ.સ. ૨૦૧૨ના પૂર્વાર્ધ દરમિયાન સંપન્ન થયું.**

● **ગ્રંથ સ્વરૂપ**

કુલ ૭૦૦ પૃષ્ઠોના આ ગ્રંથના બે ભાગ છે. પ્રથમ ભાગમાં ભૌગોલિક અને રાજકીય તેમજ દ્વિતીય ભાગમાં સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક વિષયો આવરી લેવામાં આવ્યા છે.

● **અવલોકન**

આ ગ્રંથના પ્રકાશન પૂર્વે, ગુજરાતના બે લબ્ધપ્રતિષ્ઠ ગણમાન્ય વરિષ્ઠ ઈતિહાસ વિદોને અવલોકન હેતુ પ્રસ્તુત કર્યા હતા. એમના અભિપ્રાયના થોડા અંશ અત્રે ઉલ્લેખિત છે :

*"...ગ્રંથના બંને ભાગ હું વિસ્તૃત રીતે જોઈ ગયો છું.*

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૨૪ ઉપર)

વ્યક્તિ વિશેષ

# 'મહાજન'નું બિરૂદ સાચું ઠેરવતી જૈન સમાજની ગૌરવગાથા



ડૉ. કાંતિ ગોર 'કારણ'

ભારત અનેક જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓમાં વહેંચાયેલો દેશ છે. આ જ્ઞાતિઓ ક્યારે શરૂ થઈ એ કહેવું મુશ્કેલ છે. પણ એટલું તો ચોક્કસ કહી શકાય કે મોટેભાગે આ જ્ઞાતિઓ એકબીજાને ઉપયોગી થઈ રહી છે. એમની વચ્ચે વિરોધાભાસી સંબંધ નથી, સહકારનો સંબંધ છે. ભલે એ જ્ઞાતિઓએ પોતાનું સંકલન વધારવા જુદા જુદા સમાજની રચના કરી હોય પણ બધા જ સમાજ અંતે તો લોકકલ્યાણ માટે રચાયેલા હોય છે.

વેદકાલીન સમયમાં આપણને જ્ઞાતિઓ જોવા મળતી નથી. એ સમયમાં એક વર્ગ એવો હતો જે સંરક્ષણનું કામ કરતો. શરૂઆતમાં વિકરાળ પ્રાણીઓથી બચાવવા માટે જરૂર પડી હશે પણ જેમ જેમ માણસની વસતી વધતી ગઈ તેમ સમસ્યાઓ પણ વધતી ગઈ. શરૂઆતના તબક્કે તો વિશાળ જમીન પર માણસ ઠીક લાગે તેમ રહેતો હતો. માલિકી હક્કના પ્રશ્નો જ ન હતા. પણ ધીમે ધીમે વસતી વધવાથી જમીન પર રહેનારની માલિકી અને જમીનની સીમારેખા અંકાવા લાગી. 'આ મારો વિસ્તાર, આ તારો વિસ્તાર...' એમ થવા માંડ્યું. સમસ્યાઓ વધી તેમ નિયમ અને કાયદાઓ રચાયા. સ્વાર્થ વધ્યો. 'આ મારો વિસ્તાર. એમાં બીજા કોઈ પ્રવેશી ન શકે.' આવા અનેક પ્રશ્નો સર્જાવા લાગ્યા. તેથી સંરક્ષણની જરૂરિયાત વધી. લડાયક યોદ્ધાઓ, સત્તાધીશો રાજાઓ તરીકે ઓળખાવા લાગ્યા અને ક્ષત્રિય સમાજ આગળ આવ્યો.

જીવન સંકુલ બનતું ગયું તેમ શિક્ષણનું પ્રમાણ વધવા લાગ્યું. હવે દરેક બાળકને માત્ર પોતાનું પરંપરાગત મા-બાપ પાસે મળતું વ્યવસાયીક શિક્ષણ નહીં પણ બીજું પણ શીખવું પડે એવી સ્થિતિ સર્જાઈ. તેથી વિચારક, મંત્રદ્રષ્ટાઓ, વિદ્વાન લોકોનું પ્રમાણ વધ્યું. એ બધા શરૂઆતમાં ઋષિ તરીકે અને બ્રહ્મને જાણનાર બ્રાહ્મણ તરીકે સ્થાપિત થવા લાગ્યા. જરૂરિયાતો વધવા લાગી. લોકો લોકો વચ્ચે આદાન-પ્રદાન વધ્યું. શરૂઆતમાં તો એવું રહ્યું હશે કે પોતાની પાસે વધારે વસ્તુઓ હોય અને ખરાબ થાય એના કરતાં બીજાને આપી દેવી સારી. પણ ધીમે ધીમે વિનિમય વ્યવસ્થા શરૂ થઇ. કોઈ વસ્તુ બીજાને આપીએ તો એની પાસેની વસ્તુ એ આપનારને આપે એવો વ્યવહાર શરૂ થયો. પછી તો વસ્તુની કિંમત અંકાવા લાગી અને આગળ જતાં વ્યવહાર વધ્યો અને વ્યાપાર વાણિજ્યની શરૂઆત થઇ અને આ કામ કરનાર વિશિષ્ટ વર્ગ પેદા થયો. જેને વાણિજ્ય, વેપારનું કામ કરનાર વ્યાપારીઓ તરીકે કે વણિક તરીકે ઓળખાવાની શરૂઆત થઈ. તેજ રીતે ખેતી કરનાર એક વર્ગ કૃષક તરીકે જાણીતો થયો.

તો જુદા જુદા કામ કરનાર, નાનું મોટું કામ કરનાર અને બીજાને ઉપયોગી થનાર એક વર્ગ પેદા થયો જે ચોથા વર્ણ તરીકે ક્ષુદ્ર વર્ણ તરીકે જાણીતો થયો.

પછી તો જરૂરિયાત પ્રમાણે માણસો પોતાના વ્યવસાય કે પ્રવૃત્તિ પ્રમાણે મુખ્ય જ્ઞાતિઓમાં વિભાજિત થતા ગયા. આ વર્ણ વ્યવસ્થા શરૂ થઇ. આ વર્ણ વ્યવસ્થા શરૂઆતમાં જન્મજાત ન હતી. કોઈપણ વ્યક્તિ કોઈ પણ કામ કરી શકે એવી વ્યવસ્થા હતી. તેથી શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે તેમ 'ચાતુર્વણં મયા સૃષ્ટં ગુણકર્મવિભાગશઃ' એ રીતે પોતાની આવડત અને કાર્યના હિસાબે વર્ણવ્યવસ્થા ઊભી થઈ. જુદા જુદા સમાજ રચાયા. લોકોની વસતી વધી. લોકો દૂર દૂરના વિસ્તારમાં રહેવા લાગ્યા. પણ જ્ઞાતિ અને એમના મૂળ નિવાસ સાથેનો સંબંધ ચાલુ રહ્યો. જ્ઞાતિઓ પણ પેટા જ્ઞાતિઓમાં વિભાજિત થઇ, રક્ષણ કરનારો વર્ગ સત્તાધીશ પણ બન્યો અને પરંપરાગત રીતે એક જ કુળમાંથી ઉત્પન્ન થતી જ્ઞાતિઓ વિસ્તરવા લાગી. ક્ષત્રિયોમાં સૂર્યવંશ ચંદ્રવંશ જેવી અનેક વંશ જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓમાં થયું. વધતા જતા વ્યવહારો જટીલ બન્યા. માણસે સંકુચિતતા છોડવી પડે અને ઉત્તમ જીવન જીવવું પડે એવી પરિસ્થિતિ સર્જાઈ. અનેક નવી વિચારધારાઓ શરૂ થઈ. અનેક સંતો અને મહાપુરુષોએ લોકોને યોગ્ય માર્ગે દોરવાનું શરૂ કર્યું. માણસને માર્ગદર્શન આપતી ધર્મ નામની સંસ્થા શરૂ થઈ અને આ ચારે વર્ણની વિવિધ જ્ઞાતિઓ જુદા જુદા ધર્મમાં વહેંચાવા લાગી. જુદા જુદા ધર્મમાં પણ જુદા જુદા વર્ગ, જુદા સમાજ અને જુદી જુદી જ્ઞાતિઓ સમાવિષ્ટ થઈ. દરેક ધર્મના કેટલાક બાહ્ય લક્ષણો અને આચાર, પૂજા વિધિ, પોતાના ઈષ્ટ દેવોની પૂજા વગેરેની શરૂઆત થઇ અને એ લક્ષણોને આધારે કઈ વ્યક્તિ કયા ધર્મને અનુસરે છે એ પણ નિશ્ચિત થવા લાગ્યું. આવા પરિવર્તન થતાં અને ધર્મ, વર્ણ અને આ જ્ઞાતિઓ વિકસતી રહી. પણ આવા પરિવર્તન

થતાં હજારો વર્ષો લાગે છે. આ ઘટના સદીઓ પસાર થયા પછી આજની સ્થિતિએ પહોંચી છે. દરેક ધર્મની શરૂઆત ક્યારે થઇ, કોણે કરી, એને લગતા અનેક પુસ્તકો ઉપલબ્ધ છે. આ વાતો તો લેખની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરવા પૂરતી ટૂંકમાં લખી છે.

આજે એક એવા સમાજની વાત કરવી છે જે પોતે જે ધર્મને અનુસરે છે, એ ધર્મના નામે ઓળખાય છે અને એ સમાજ પણ એ જ નામે ઓળખાય છે. એ સમાજ એટલે જૈન સમાજ. આ જૈન સમાજ ભારત અને ભારત બહાર પણ વિસ્તરેલો છે અને જરૂરિયાત પ્રમાણે પોતપોતાના વિસ્તારથી ઓળખાય છે. આ વિસ્તારથી ઓળખાવા પાછળનું કારણ એક જ કે બહુ જલ્દી એકબીજાનો સંપર્ક થઇ શકે. એ જે તે વિસ્તારનો સમાજ પણ અંતે તો સમગ્ર ભારત અને ભારત બહાર વસતા જૈન સમાજનો એક અંશ છે. ઉદાહરણ તરીકે 'કચ્છી જૈન સમાજ' એટલે જૈન સમાજનો જે તે વિસ્તાર પ્રમાણેનો વિભાગ. 'કચ્છી જૈન સમાજ - અમદાવાદ' એટલે જેમના મૂળિયા મૂળભુત રીતે કચ્છમાં હોય પણ વિવિધ કારણોથી એ બધા અમદાવાદમાં રહેતા હોય તો એ અમદાવાદનો કચ્છી જૈન સમાજ.

મજાની વાત એ છે કે આવા સમાજ પોતાના વિસ્તારને ભૂલતા નથી. તેથી એમના દરેક કાર્યોમાંથી એમનું મૂળ વતન કચ્છ બાકાત રહેતું નથી. એટલે કે અમદાવાદમાં ચાલતી એમની પ્રવૃત્તિઓ સ્વાભાવિક રીતે કચ્છ સુધી વિકસતી હોય અને વળી પાછા એ બધા લોકો જ્યાં રહેતા હોય ત્યાં પોતાના મૂળ વતનનો ઉલ્લેખ ગૌરવ સાથે કરે. કોઈ એક વ્યક્તિ પોતે અમદાવાદમાં રહેતી હોય તો પોતાના કચ્છના મૂળ ગામને ભૂલે નહીં. પ્રસંગોપાત એ કચ્છમાં આવે, પોતાના મૂળ ગામડામાં આવે, ધાર્મિક ઉત્સવોમાં ભાગ લે. સાથે સાથે પોતાના જે તે ગામ કે વિસ્તાર માટે પોતે વધુને વધુ સક્રિય રહીને ઉપયોગી થવાની કોશિશ કરે. આ એક ઉત્તમ પરંપરા જોવા મળે છે. જેના વિશે અલગ લેખ લખી શકાય. **આ લેખનો ઉદ્દેશ તો માત્ર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યો અને તેની સ્થાપનાથી આજ સુધીની પ્રવૃત્તિઓ પર એક અછડતી નજર નાંખવાનો છે.**

'શ્રી કચ્છી જૈન સેવા સમાજ' નામની આ સંસ્થાનું નામ જ દર્શાવે છે કે આ સંસ્થા મૂળભૂત રીતે કચ્છમાંથી આવેલા અને અમદાવાદમાં રહેતા જૈન લોકો સાથે સંબંધિત છે અને જૈન સમાજ સાથે જોડાયેલી છે. ઉપરાંત જૈન સમાજનું એ સંગઠન છે અને એનો હેતુ સેવાનો છે.

કોઈપણ સંસ્થાની શરૂઆત કરવી હોય ત્યારે એના અગ્રજો કેટલાક વિશેષ ઉદ્દેશ સાથે સમજણપૂર્વકની વ્યવસ્થા કરતા હોય છે. આવી સંસ્થા વર્તમાન પરિસ્થિતિ અનુસાર અને જરૂરિયાત પ્રમાણે પોતાનું બંધારણ ધરાવતી હોય, પોતાની પ્રવૃત્તિઓનું કાર્યક્ષેત્ર નક્કી કર્યું હોય અને એ સંસ્થાએ કાર્ય કરવા માટે કોઈ જગ્યા, કોઈ ઓફિસ કાર્યાલય પણ નિયત કર્યું હોય. આ સંસ્થાની શરૂઆત જૈન સમાજના એક વિભાગ **'કચ્છી વીસા ઓશવાળ જૈન મિત્ર મંડળ' તરીકે ૧૯૬૩ના એપ્રિલ માસની ૧૪ તારીખે સ્થપાઈ.** સ્વાભાવિક રીતે જ એ સમયના એના ઉત્સાહી કાર્યકરોને લાગ્યું હોય કે આપણા સમાજના મૈત્રીભાવથી કામ કરી શકે એવા લોકોના સંગઠનની જરૂર છે પણ આગળ વધતાં વીસા ઓસવાળ જૈન ઉપરાંત અન્ય જૈનો પણ એમાં સક્રિય થવા લાગ્યા. અમદાવાદ વિસ્તરતું ગયું તેમ એની પ્રવૃત્તિઓ વધવા લાગી. **પરિણામે સાતેક વર્ષ પછી આ મિત્ર મંડળ વધારે વિસ્તર્યું અને એ કચ્છી જૈન સમાજમાં રૂપાંતર પામ્યું.** આવું સંગઠન શરૂ થાય ત્યારે પોતાના વિચારો વ્યક્ત કરવા માટે સામૂહિક સૂચનાઓ આપવા માટે કોઈ માધ્યમની જરૂર પડે. એ માધ્યમ વર્તમાન પત્ર રૂપે હોય, સામાયિક રૂપે હોય કે અન્ય કોઈ સ્વરૂપે હોય. તો **આ સંસ્થાએ ૧૯૭૫માં સંસ્થાનું માસિક મુખપત્ર "પ્રેરણા" શરૂ કર્યું.** પ્રેરણાનો ઉદ્દેશ તો એના નામ પ્રમામે સમાજના બધા સભ્યોને સાથે રાખીને વિવિધ પ્રવૃત્તિઓ કરવા માટે પ્રેરણા આપવાનું હોય પણ શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓ વધવા લાગી, કાર્યક્ષેત્ર વધ્યું. પ્રેરણાએ હવે નક્કર કાર્યોનું સ્વરૂપ લીધું. સમાજની પ્રવૃત્તિઓ વધવા લાગી. એ પ્રવૃત્તિઓ મંગલમય, કલ્યાણમય બની એટલે એવું લાગ્યું કે પ્રેરણા તો ખૂબ મળે છે પણ આપણા કલ્યાણકારી કાર્યોનો વિસ્તૃત અહેવાલ મળતો રહે અને પ્રવૃત્તિઓ વિસ્તરતી રહે તે માટે આ પ્રેરણાને વધારે વિસ્તૃત સ્વરૂપ આપવું જોઈએ. એટલે **૧૯૭૭માં આ મુખપત્રનું નામકરણ "મંગલ મંદિર" કરવામાં આવ્યું.** આ 'મંગલ મંદિર'માં માત્ર જૈનો જ લખે અને પોતાના વિચારો વ્યક્ત કરે. તે ઉપરાંત જૈનેતર અન્ય વિચારકોને પણ એમાં સ્થાન અપાય એ જરૂરી લાગ્યું. તેથી 'મંગલ મંદિર'માં માત્ર જૈન સમાજ નહીં તે ઉપરાંત પણ કચ્છના અને ગુજરાતના અન્ય વિસ્તારોનાં જૈનેતર સર્જકો પણ લખતા રહ્યા છે અને આ 'મંગલ મંદિર'ના જુદા જુદા વિશેષાંકો પણ બહાર પડ્યા છે, જે સાચવવા જેવા પણ બન્યા છે. આ 'મંગલ મંદિર'ને લીધે મારા જેવા અનેકને કચ્છી જૈન સમાજની પ્રવૃત્તિઓથી વાકેફ બનવાનું પણ થાય છે. આ સમાજે માત્ર પોતાના સમાજ પૂરતી પ્રવૃત્તિઓ કરીને અને એક સામાયિક બહાર પાડીને સંતોષ નથી માન્યો.

પ્રવૃત્તિ આગળ વધી એટલે ફરી પાછો એક નવો ફેરફાર આવ્યો. વધુને વધુ લોકો આ કચ્છી જૈન સમાજમાં ભળવા લાગ્યા. અમદાવાદ પણ ખૂબ વિસ્તરતું ગયું. ત્યારે ૧૯૮૪માં એવી જરૂરિયાતો ઊભી થઈ કે **આ સંસ્થાનું નામ 'શ્રી કચ્છી**

**જૈન સેવા સમાજ - અમદાવાદ' કરવામાં આવ્યું.** માત્ર જૈનોની નહીં અન્યોને માટે પણ પ્રવૃત્તિઓ વધારવા માટે **૧૯૮૯માં અમદાવાદના ગીતા મંદિર વિસ્તારમાં એક અતિથિ ભવનની શરૂઆત કરવામાં આવી.** વિસ્તાર વધતો જતો હોવાથી અને પ્રવૃત્તિઓ પણ વધતી જતી હોવાથી **૧૯૯૭માં પાલડી ખાતે શ્રી કચ્છી જૈન ભવન વિવિધલક્ષી સંકુલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.** ત્યાં મેડિકલ સેન્ટર સાથે સાંસ્કૃતિક કેન્દ્ર તથા અતિથિ ભવનની શરૂઆત કરવામાં આવી.

ત્યારબાદ તો આ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓ વધતી જ ગઈ છે. **૨૦૦૨માં શાહીબાગ મુકામે કચ્છી વિશ્રામ ગૃહની શરૂઆત કરવામાં આવી.** એ વિસ્તારમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલ અને અન્ય હોસ્પિટલો આવેલી હોવાથી અને કચ્છમાંથી પણ અનેક લોકો સારવાર અર્થે અમદાવાદ આવતા હોવાથી ત્યાં આવતા લોકો માટે રહેવા જમવાની વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી.

**હવે સમાજના ચિંતકોનું ધ્યાન બાળ વિકાસ અને કેળવણી તથા વ્યક્તિત્વ વિકાસ પર ગયું.** સમાજને એવું લાગ્યું કે નાનકડા બાળકને પૂરતી તક મળે, એની શક્તિઓ અને વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય તો તે પોતાની સર્વ શક્તિઓનો ઉપયોગ કરનાર એક કાબેલ વ્યક્તિ બને. જે સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં ઉપયોગી થાય એ દૃષ્ટિએ **વિવિધ કૌશલ્યોના વિકાસ માટેના કેન્દ્રનો પણ પ્રારંભ થયો છે.**

સંસ્થાને ૬૦ વર્ષ પૂરા થયા છે. વ્યક્તિ હોય તો ૬૦ વર્ષે થાકે અને નિવૃત્તિ લે પણ સંસ્થા તો વધુ સમર્થ બને. એ રીતે આ જૈન સમાજની અમદાવાદની સંસ્થા વધુ શક્તિશાળી બની છે, એનું કાર્યક્ષેત્ર વધ્યું છે.

અગાઉ પણ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ જેવી પેટા સંસ્થાઓ દ્વારા જૈન અગ્રણીઓએ કચ્છના સર્વાંગી ઈતિહાસનું જોરદાર પુસ્તક રચવા જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરી છે.

વ્યક્તિગત રીતે જૈન સમાજના લોકો કચ્છના પોતપોતાના વિસ્તારોમાં જે સેવા કાર્ય કરે છે તેના પર તો એક અભ્યાસપૂર્ણ પ્રકલ્પ થઇ શકે. કચ્છની સંસ્કૃતિ, કચ્છનો ઈતિહાસ, કચ્છના સમાજજીવન પર જૈન સમાજનો વિશિષ્ટ પ્રભાવ રહ્યો છે અને જૈન સમાજને 'મહાજન'નું બિરૂદ કંઇ અમસ્તું નથી મળ્યું. આ સમાજની ઘણી સેવાકીય પ્રવૃત્તિઓના સાક્ષી બનવાની તક મને મળી છે. એ યાદ કરીને ૬૦ વર્ષ પૂરા કરતી આ સંસ્થાને અભિનંદન આપીને અમદાવાદ અને અન્ય વિસ્તારો તથા કચ્છમાં પણ સેવાકીય પ્રવૃત્તિઓમાં તેમનું યોગદાન વધતું રહે અને આ સમાજ યશસ્વી બને એવી શુભેચ્છાઓ.

*પ્રથમ કુલપતિ, કચ્છ યુનિવર્સિટી*

## કોડાયની કલ્પલતા : સદાગમ સંસ્થા અને પ્રવૃત્તિ

**(અનુસંધાન : પાના નં. – ૧૯૬ ઉપરથી ચાલુ)**

તેમણે ટ્રસ્ટીઓ સાથે મીટિંગ કરી. પ્રથમ તબક્કામાં જિન મંદિર અને જ્ઞાન ભંડારના પુનઃ નિર્માણનો નિર્ણય કર્યો. છેવટે એ કાર્ય પૂરું થયું. હવે પછીના ચરણમાં અવઠંભશાળાનું આધુનિક સમય અનુસાર પુનઃ નિર્માણ કરવાની કલ્પના છે. જેમાં અભ્યાસ અને સંશોધન કેન્દ્ર, એક સભાખંડ અને અભ્યાસુઓ માટે નિવાસ અને અન્ય વ્યવસ્થાઓ ઉપલબ્ધ હોય. આમ આધુનિક સમય અનુસાર નવ્યરૂપે એ સક્રિય બને એ દૃષ્ટિ છે.

ગત તા. ૨૩મી ફેબ્રુઆરીના રોજ નવનિર્મિત શિખરબંધ જ્ઞાન ભંડારનાં ઉદ્‌ઘાટન બાદ આચાર્યશ્રી કલાપ્રભસૂરિશ્વરજી મહારાજ સાહેબે ઉદ્‌બોધન કરતાં કચ્છમાં આવા નાના મોટા ૨૫ ભંડારો છે એવો ઉલ્લેખ કરી કોડાયના જ્ઞાન ભંડારનું મહત્ત્વ સમજાવ્યું હતું. હસ્તપ્રતોની પ્રાચીન લિપિને ઉકેલતાં શીખવું, તેનું વાંચન કરવું અને પછી સંપાદનની આખી પ્રક્રિયાને સમજવા કાર્યશાળા યોજવાની પણ વાત કરી હેમરાજભાઈએ આ પ્રવૃત્તિ અને સંસ્થા માટે ૧૭ વર્ષ સુધી આપેલા ભોગનાં સુફળની અનુમોદના કરતાં જ્ઞાનભંડાર અને આ પ્રવૃત્તિને પ્રવાસનમાં સમાવવાનું પણ સૂચન કર્યું હતું. અંતમાં તેમણે સમાજ સક્ષમ છે, દૃષ્ટિ છે ત્યારે બધા સંપ્રદાયોએ સાથે મળી, પૂરક બની, ભવિષ્યને ઉજ્જવળ બનાવવા અનુરોધ કર્યો.

મહોપાધ્યાય ભુવનચંદ્રજી મહારાજ સાહેબે જ્ઞાનની ઉપાસનાનાં ચારિત્ર અને જ્ઞાન એ બે પાસાંની ચર્ચા કરતાં સદાગમ પ્રવૃત્તિ સાથે એનો અનુબંધ સ્પષ્ટ કર્યો હતો. પર્ણ ફૂટે એ ઝાડના જીવંત હોવાની સાબિતી છે તેમ સદાગમ પ્રવૃત્તિ પણ ચૈતન્યમય છે એની આજે પ્રતીતિ થાય છે એવું સ્પષ્ટ કરી, ભગવાનની વાણી જેમાં સચવાયેલી છે એ પ્રાચીન હસ્તપ્રતોની મહત્તા સ્પષ્ટ કરતાં સદાગમનાં કાર્યને અવતારકૃત્ય ગણાવ્યું હતું.

આ પ્રસંગે અન્ય મહારાજ સાહેબોએ પણ ઉપસ્થિત રહી આશિષ પાઠવ્યા હતા.

જાણીતા ફિલ્મોલોજિસ્ટ અને લેખક અમૃત ગંગરે કોડાયના વ્યક્તિ વિશેષો રાવજી રવજી લાલન, વિશ્વ બેંકના પ્રવીણ વીસરીયા વગેરેને યાદ કરી તેને કોસ્મોપોલીસ અને એક ક્રાંતિ ગણાવ્યું હતું. જ્ઞાનભંડાર વ્યાપક બને, એનો વિસ્તાર થાય એના પર ભાર મૂક્યો હતો. તેમણે વૈશ્વિક ચિંતકો અને અભ્યાસુઓને કોડાય નિમંત્રી, પરિસંવાદ અને સંમેલનો માટે પણ સૂચન કર્યું, જેથી વૈશ્વિક સ્તરે કોડાયની એક વિશિષ્ટ ઓળખ ઊભી થાય.

વિનોબાજી કહે છે તેમ 'તારે તે તીર્થ.' એ અર્થમાં આધુનિક સમયમાં આવાં સ્થાનો મૂલ્યવાન તીર્થોત્તમ બની રહે છે. ■

# કોડાયની કલ્પલતા : સદાગમ સંસ્થા અને પ્રવૃત્તિ

નિરૂપમ છાયા

'નહિ જ્ઞાનેન સદૃશમ પવિત્રમિહ ।' (ગીતા ૪/૩૮)નો આ શ્લોક જ્ઞાનની પ્રતિષ્ઠા કરે છે. એક અન્ય સૂત્ર 'જ્ઞાનામૃત ભોજનમ' જ્ઞાનને આહાર ગણાવે છે. દુર્લભ માનવ જીવનની સાર્થકતા માટે આત્મદર્શન, આત્માનુભૂતિને જ જ્ઞાન કહ્યું છે. સમય સમય પર અને સ્થાનો પર જ્ઞાનપ્રાપ્તિ માટે મનુષ્યને અવતારરૂપો અને જ્ઞાની મનીષિઓ જાગૃત કરતા રહે છે. અંગ્રેજી શાસન હેઠળ દેશ ગુલામીની શૃંખલામાં જકડાતો ગયો ત્યારે કચ્છમાં પણ એ સ્થિતિ હતી. વળી દેશના બીજા કેટલાક ભાગોની સરખામણીએ શિક્ષણનો અભાવ પણ ખરો. જીવનને પ્રકાશિત કરતાં જ્ઞાનકિરણો પહોંચ્યા નહોતા. અંધશ્રદ્ધા, વહેમો અને કુરિવાજો ઘર કરી ગયા હતા.

કચ્છના એક ખૂણામાં, માંડવી તાલુકાના કોડાય ગામમાં જાગૃતિની મશાલે અનેકોને જ્ઞાનપંથે દોર્યા. આ ગામમાં જન્મેલા તીવ્ર મેધાવી અને વિચારક હેમરાજભાઈ શાહે સત્યશોધનની તીવ્ર ઝંખનાથી યુવાનીના પ્રારંભે જ ધર્મ અંગે ગંભીર ચિંતન કરવા માંડેલું. પ્રથમથી જ તેમને ધર્મમાં રૂચિ અને જ્ઞાન માટે ઊંડો અનુરાગ હતા. તેઓ કચ્છ, સૌરાષ્ટ્ર - ગુજરાતમાં જતા ત્યારે યતિઓ, મુનિઓ તેમજ પંડિતો પાસેથી સંસ્કૃત, પ્રાકૃત ઉપરાંત આગમો (શાસ્ત્રો)ના ઊંડા અભ્યાસથી તેમને આત્મજ્ઞાન, આત્મદર્શન મેળવવાની ભાવના જાગી. તેમની આસપાસ આવા જ વિચારો ધરાવતા ૧૦-૧૨ મિત્રો એકત્ર થયા. ધર્મસુધારણા ફક્ત વાતોથી નહીં પણ આચરણથી થાય એ તથ્ય સમજી, સૌએ સંયમની દીક્ષા ગ્રહણનો સંકલ્પ કર્યો. એક યતિજી લક્ષ્મીસાગરજી પાસે હૃદય ખોલતાં તેમણે હર્ષચંદ્રસૂરિજી પાસે જવા કહ્યું. પણ ક્રાંતિપંથી આ યુવાનોને ખબર હતી કે પરિવાર તરફથી કોઈ સહકાર મળવાનો નથી. પહેલી નિષ્ફળતા પછી છેવટે પાંચ મિત્રો ગુપ્ત રીતે માંડવીથી વહાણમાં બેસી જામનગર અને ત્યાંથી પાલીતાણા પહોંચી ગયા. પણ તેમનાં માતા-પિતાને ખબર પડતાં કચ્છ રાજ્ય દ્વારા પાલીતાણા દરબારની મદદ મેળવી, ત્રણ નવદીક્ષિતોને સાધુ વેશમાં જ બાંધીને ગાડામાં કચ્છ લાવ્યા. પણ તોયે ઢીલા ન પડતાં કચ્છના મહારાવ પાસે લઈ ગયા. તેમનાથીયે માન્યા નહીં એટલે જેલમાં પુરાવ્યા. અહીં જંતુઓના ડંખથી શરીર સુઝી ગયું પણ હેમરાજભાઈ ટસના મસ ન થયા. એટલે જેમ કરવું હોય તેમ કરવા દેવાની છૂટ આપી. હેમરાજભાઈ દીક્ષા માટે તત્પર થયા. પણ આ વખતે ગુરૂએ અકળ કારણોસર દીક્ષા ન આપતાં અભ્યાસ માટે બંગાળના મુર્શિદાબાદમાં મોકલી આપ્યા. ત્યાં અને પછી અન્ય સ્થળોએ સંસ્કૃત પ્રાકૃત ભાષા તેમજ શાસ્ત્રોનું અધ્યયન કરીને કોડાય પરત આવ્યા અને એ જ્ઞાન ફક્ત પોતા પૂરતું જ સીમિત ન રાખ્યું. જગતના જીવોની અજ્ઞાનતા, જડતા, અંધશ્રદ્ધા, દંભ અને બાહ્યાડંબરથી તેઓ સમસમી ઉઠ્યા હતા. તેમના અંતરમાં પ્રગટેલી અગ્નિ જ્વાળામાંથી માનવતાના શાંત દીપની જ્યોતિ પ્રગટી. બહુજન હિતાય, બહુજન સુખાયની ભાવના રાખી, સ્વથી સર્વના કલ્યાણનો પુરુષાર્થ પણ આદર્યો. પોતે જાગ્યા, અન્યને પણ જગાડ્યા. સત્યનિષ્ઠા, સાદાઈ, પવિત્રતા સભર આ વ્યક્તિએ જ્ઞાનને સેવાભાવથી ભીંજવી, શાંતિ સુધાનાં અમૃત વહેંચી, અન્યોને પણ એ માટે દિશા ચિંધી. તેમણે કોડાયમાં એકાગ્ર રીતે આત્મચિંતન અને સાધનાના પથિકને આગળ વધવા માટે બધી જ વ્યવસ્થા ઊભી કરી. અક્ષરજ્ઞાન, સંસ્કૃત શિક્ષણ સાથે ૩૬ વર્ષની ઉંમરે સદાગમ પ્રવૃત્તિ અને સંસ્થાનો આજથી ૧૫૦ વર્ષ પહેલાં પ્રારંભ કર્યો. પારસમણિ સમા માનવ અવતારને પથ્થર સમજી ફેંકી ન દેવાય. કાગડા કૂતરાની જેમ પેટ ભરવા જેવી ક્ષુલ્લક બાબતોમાં એને વેડફવાને બદલે આત્મલક્ષ્મીની મૂલ્યવાન સંપત્તિ માટે દરેકે પુરુષાર્થ કરવો જોઈએ. આવા ચિંતન, મનનમાંથી હેમરાજભાઈને 'સદાગમ' પ્રવૃત્તિ અને સંસ્થાનો વિચાર આવ્યો. સદ્ અને આગમ મળીને બનતાં શબ્દનો અર્થ થાય, સત્યના દર્શન મળે એવી ઈશ્વરની, ધર્મશાસ્ત્રની વાણીના અભ્યાસની પ્રવૃત્તિ. આજથી લગભગ ૧૫૦ વર્ષ પહેલાનાં સમયમાં આ એક નવીન અને ક્રાંતિકારી અભિગમ હતો. શાંત પવિત્ર વાતાવરણમાં સંસ્કાર અને જ્ઞાનપીપાસુઓ એક જગ્યાએ મળે, શાસ્ત્રાભ્યાસ કરે, ઉચ્ચ વિચારો કેળવે, જીવનવિકાસ સાધે, અધ્યયન કરે, ચર્ચા કરે, આત્મદૃષ્ટિ ખીલવે, એવી વ્યવસ્થા, સંસ્થા કે પ્રવૃત્તિ આખા ગુજરાતમાં નહોતી. તેમણે પોતાના પરમ મિત્ર દેવજીભાઈ, હંસરાજભાઈ અને મિત્ર માલશીભાઈ ભોજરાજ પાસે આ વિચાર મૂકતાં તેમણે સહકારની તત્પરતા દર્શાવી. હેમરાજભાઈનું અંતર પુલકિત થઈ ઊઠ્યું. ચારેય મિત્રોએ કલ્પનાની યોજનાને સાકાર

રૂપ આપવા ઇ.સ. ૧૮૭૧ના જેઠ સુદ ૪ (મે) માસમાં એક ખરડો (આધુનિક મેનેજમેન્ટની ભાષામાં Mission Statement) તૈયાર કર્યો, "જે હર કોઈ આત્માર્થી પુરુષ નિરપેક્ષી યોગ્ય જીવન હોય તે અત્રે આવીને શાળામાં બેસીને એકાંત આત્મસાધન કરે, જ્ઞાન શીખવાનો ઉદ્યમ કરે તેને નિકેવલ ઉદરભરણનું અવઠંભ કર્યું તેની પ્રતિપાલના... કરે." પોતાનો વિચાર હોવાથી એના ક્રિયાન્વયન માટે જરૂરી ખર્ચને પહોંચી વળવા ચારેય મિત્રોએ મળીને પોતપોતાની શક્તિ અનુસાર પહેલ કરી. કુલ્લે ૬૪૫૦ કોરી જેટલું ભંડોળ આપ્યું. કોઈપણ પ્રવૃત્તિ માટે ભંડોળ એકત્ર કરવાનો એક આદર્શ જાણે કે તેમણે પૂરો પાડ્યો છે.

નિર્ણયને મૂર્તરૂપ આપવા એક પછી એક કાર્યો હાથ પર લેવાતા ગયા. સંવત ૧૯૨૮ (ઇ.સ. ૧૮૭૨)માં અવઠંભ શાળાનો પ્રારંભ કરવામાં આવ્યો. મૂળ સંસ્કૃત ભાષાના શબ્દ અવસ્તંભ એટલે કે આધાર, આશ્રય. એનું આ પ્રાકૃત રૂપ છે. વ્યક્તિ નિશ્ચિત બનીને આત્મજ્ઞાનમાં રત રહી શકે એવી વ્યવસ્થા સાથેનું સ્થાન એવો અર્થ થાય. બીજે જ વર્ષે તરત સંવત ૧૯૨૯માં જિનાલયની સ્થાપના થઇ. તેમાં ખાવડા ડુંગરમાંથી શોધીને કોડાય લવાયેલા વિશાળકાય વિશિષ્ટ પથ્થરમાંથી કંડારેલી ૩ાા હાથની કંચનવર્ણી કાયાવાળી ભવ્ય કલાત્મક મૂર્તિ સ્થાપિત કરવામાં આવી. સંવત ૧૯૩૦ (ઇ.સ. ૧૮૭૪)માં પ્રવૃત્તિના પ્રારંભ સાથે એવું પણ નક્કી થયું કે શાસ્ત્ર શીખવી શકે એવા પંડિત સાથી એક મોટી પાઠશાળા સ્થાપવી. એ માટે વિવિધ સ્થળોએથી અને વિદ્વાનો પાસેથી તાડપત્રના ગ્રંથરત્નો મેળવી સંવત ૧૯૩૨ (ઇ.સ. ૧૮૭૬)માં સમૃદ્ધ અને ઉપયોગી જ્ઞાનભંડાર તૈયાર કર્યો. વળી જે પુસ્તકો જીર્ણ થઈ જાય એનો ઉધ્ધાર કરવાનું પણ નક્કી કર્યું. સંવત ૧૯૪૧ (ઇ.સ. ૧૮૮૫) પછી તો પાંજરાપોળ પ્રવૃત્તિ પણ શરૂ થઇ. વિવેકાનંદજીએ કહ્યું છે તેમ ઉદાસીનતા, વિરોધમાંથી પસાર થયા પછી જ કોઈપણ કાર્યનો સ્વીકાર થાય છે. રૂઢીચુસ્ત સમાજમાં સદાગમની પ્રવૃત્તિઓનો વિરોધ થવા લાગ્યો. સંસ્થાના વિસ્તૃત પરિચયાત્મક પુસ્તકના લેખક ભક્તકવિ શિવજી દેવસિંહ મઢડાવાળાએ કચ્છમાં રહીને સદાગમમાં ભણેલા એક વિદ્વાન પાસે સંસ્કૃતનો અભ્યાસ કર્યો. તેમની અને અન્ય લોકોની વાતો સાંભળી તેમને સદાગમ સંસ્થા અને કોડાયનું આકર્ષણ થયું. ત્યાં જવા મંજૂરી માંગતો પત્ર પિતાજીને લખ્યો. ઉત્તરમાં પિતાજીએ સ્પષ્ટ જણાવ્યું, 'કોડાય જશો નહીં.' પણ પછી તો તેઓ ગયા. ત્યાં તેમને આનંદનો અનુભવ થયો. સંસ્થામાં નિવાસ, ભોજન અને અભ્યાસની સુંદર વ્યવસ્થાને કારણે સુગમતા થતાં તેમણે આનંદનો અનુભવ કર્યો.

અક્ષરજ્ઞાન, એ સમયની સામાજિક સ્થિતિમાં સ્ત્રી સશક્તિકરણ વગેરેની દિશામાં પણ સદાગમનું મહત્ત્વનું યોગદાન રહ્યું. અનેક સ્ત્રીઓએ અહીં રહી સાધના કરી પોતાનું જીવન સાર્થક કર્યું. નાની ઉંમરે વૈધવ્ય પામતી સ્ત્રીઓને શિક્ષણ આપીને પગભર કરવા વિશેષ કામ થયું. આઝાદી માટેના આંદોલનો અને ખાદી વગેરે અન્ય રાષ્ટ્રીય વિકાસની પ્રવૃત્તિઓમાં પણ સદાગમ સંસ્થા અગ્રેસર રહી. ત્રણ બહેનો પાનબાઈ, જીવીબાઈ તથા માંકબાઈ તો અમદાવાદ મહાસભાના અધિવેશનમાં ગયા. પછી સ્વદેશી અને સ્વતંત્રતાના કાર્યમાં ઝંપલાવી અનેકોને પ્રેરિત કર્યા. પાનબહેનને તો કચ્છનાં સરોજીની નાયડુનું બિરૂદ મળ્યું છે.

'આત્મનો મોક્ષાર્થમ જગદહિતાય ચ'નાં સૂત્ર સાથે પ્રવૃત્ત આ સંસ્થા થકી કોડાયને 'કચ્છની કાશી' તરીકેની ઓળખ મળી. થોડો સમય મંદ પડેલી સંસ્થા તેના ૧૫૦મા વર્ષે ફરી નવ્યરૂપે ચૈતન્યમય થઈ રહી છે એનો આનંદ છે.

ઇ.સ. ૧૮૭૧થી નિવાસ સ્થાન વગેરે બાદ ઇ.સ. ૧૮૭૪માં સદાગમ સંસ્થા શરૂ થઇ. તેમાં સાધના, અભ્યાસ, સામાજિક અને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓથી ૧૯૦૨ સુધીમાં તો એ ધમધમવા માંડી. લગભગ ૧૯૬૦ પછી સમયનાં પરિવર્તનો અને આધુનિકતાને કારણે વ્યવસ્થાઓ, કાર્ય પદ્ધતિઓનાં સ્વરૂપ બદલાયા. સંસ્કૃત વિષયમાં ઓછો થતો રસ અને બદલાયેલા પ્રવાહે લોકોની જીવનપદ્ધતિ અને વિચારશૈલીમાં પરિવર્તન આણ્યું. ઇ.સ. ૧૯૭૦ સુધીમાં તો સદાગમ સંસ્થા અને પ્રવૃત્તિ સુષુપ્ત જ થઇ ગયા. તેજસ્વી વિચાર અને કાર્યની મંદ મંદ ચેતના સુષુપ્ત અવસ્થામાં પણ ધબકતી રહે છે. સમય આવતાં એ ફરી પોતાની ઓજસ્વિતાથી સમાજને પ્રભાવિત કરે છે. સદાગમ પ્રવૃત્તિ વિશે પણ એવું જ બન્યું.

હેમરાજભાઈના ભાઈ હંસરાજભાઈના પૌત્ર માંડવીના પ્રખ્યાત શ્રેષ્ઠી કલ્યાણજી ધનજીના નાના પ્રો. રવજીભાઈ સંસ્કૃત-પ્રાકૃતના જ્ઞાતા હતા. તેમણે સિદ્ધાંત કૌમુદીમાંથી સરળ રીતે સંસ્કૃત શીખી શકાય એ માટે પાંચ પુસ્તિકાઓ ગુજરાતી ભાષામાં તૈયાર કરી હતી. તેમની સ્મરણશક્તિ અજબ હતી. શ્રીમદ્ રાજચંદ્ર સાથે પણ તેમનો પત્ર વ્યવહાર થતો. શ્રીમદ્ તેમને ઘણો આદર આપતા. આત્મસ્તુતિ અંગે ચર્ચા કરતાં એક પત્રમાં લખે છે, 'આપની શક્તિ અદ્‌ભુત છે. હું આપને માટે આનંદ પામું છું.' પત્રના એક વાક્ય 'આપ કાશીક્ષેત્ર તરફ સરસ્વતી સાધ્ય કરવા પધારનાર છો. આમ વાંચીને અત્યાનંદમાં હું કુશળ થયો છું.' આના પરથી ધારી શકાય કે રવજીભાઈ અભ્યાસ માટે કાશી ગયા હશે.

રવજીભાઈની ચોથી પેઢીના, ફિલ્મ સંશોધન અને તેનાં વિવિધ આયોજનો સાથે સંકળાયેલા સુભાષ છેડાને 'કોડાયની કલ્પલતા' પુસ્તક વાંચીને સદાગમને લગભગ ૧૫૦ વર્ષ થાય છે તે ખબર પડતાં સંસ્થા માટે કશુંક વિચારવું જોઈએ એવું લાગ્યું.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૯૪ ઉપર)**

# કંઢોરા :

## એક અંકમાં ઘર અને બે અંકમાં વસતી ધરાવતું એક પરિવારનું નિર્વ્યસની - સ્વનિર્ભર અનોખું ગામ

જગદીશચંદ્ર છાયા

તા. ૧૫મી મે એટલે 'વિશ્વ પરિવાર દિન.' અનેક ગામ શહેરોમાં મોટા સંયુક્ત પરિવારો વસે છે. એની નોંધ પણ લેવાય છે. પણ... અહીં એવો પરિવાર મેં શોધ્યો છે જે ખુદ એક ગામ ચે! જી હા, ગામમાં મોટો પરિવાર નહીં, એક પરિવારનું જ ગામ! કચ્છનાં લખપત તાલુકાનું એક અંકમાં ઘર, બે અંકમાં વસતી ધરાવતું ત્રિઅક્ષરી ગામ કંઢોરા. અંકો અક્ષરો જ નહીં, એ ગામની અનેક ખાસિયતો છે.

કચ્છના કેટલાક ગામડાં ઉજ્જડ બની રહ્યા છે ત્યારે લખપત તાલુકાનું કંઢોરા ગામ જરા હટકે છે.

હાલ કચ્છમાં ૮૬૬ ગામ અને ૮ શહેર છે ત્યારે ભૂતકાળમાં નજર કરતાં જાણીને આશ્ચર્ય થશે કે રાજાશાહી વખતે કચ્છની ૧૪૪૦ (ચોડો ચાળી) ગામો પર સત્તા હતી. કચ્છ ઈતિહાસ પરિષદના પ્રમુખ શ્રી સાવજસિંહભાઈ વખતસિંહજી જાડેજા (વિંઝાણ - કચ્છ) એ જૂના ચોપડાઓ પરની નોંધો પરથી જામશ્રી હમીરજી પરિવારનાં ૨૩૧ ગામોની વિગતો તારવીને જહેમતપૂર્વક સંકલિત લેખ તૈયાર કર્યો છે. એ મુજબ મહારાઓશ્રી કચ્છાધિપતિ હતા. એમની વિશાળ સત્તા હેઠળ ૧૪૪૦ ગામો હતા. સંખ્યા પરથી એને કચ્છના 'ચોડો ચાળી' ગામ કહેવાતા. (કચ્છના રાજવી જામશ્રી હમીરજી વિક્રમ સંવત ૧૫૬૨નાં વીરગતિ પામ્યા. એમની છતેડી અબડાસા તાલુકાના બારા તેરા ગામ વચ્ચે આવેલ સુખપર ગામના સીમાડામાં આવેલી છે.) લાખિયારવીરાના રાજવી પરિવારની રાજસત્તા કચ્છ, બનાસકાંઠા, હળવદ અને મોરબી સુધી વિસ્તરેલી હતી. કચ્છ પાસે એટલી 'વિશાળ' સત્તા હતી. હાલમાં ૮૮૬ ગામ અને ૮ શહેરો છે.

અખબારી અહેવાલ મુજબ રાપર, અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકાનાં કેટલાક ગામો ઉજ્જડ બની રહ્યા હોવાનો નિર્દેશ છે. સ્થળાંતર થકી શહેરીકરણની સમસ્યા ઊભી થઈ છે ત્યારે લખપત તાલુકાનું કંઢોરા ગામ 'ખારા સમુદ્રમાં મીઠી વીરડી' જેવું છે. કચ્છીમાં જેને કંઢો કહેવાય છે એ જ ગુજરાતીમાં કાંટો. કચ્છની પોતીકી પ્યારી કાંટાળી આડેધડ ઉગવાની ટેવ ધરાવતી વનસ્પતિનો આ ગામનાં નામ પર પ્રભાવ છે. સૌરાષ્ટ્રમાં એક ગામનું નામ છે 'કંટાળા.' અરે! કોઈને પોતાનાં ગામથી ક્યારેય કંટાળો આવે જ નહીં. બલકે વહાલું લાગે. ત્યાં પણ કાંટાળી વનસ્પતિ પ્રભાવિત નામ જણાય છે. જે ગામનું નામ 'કાંટા' પરથી પડ્યું હોય એ તો કાંટા વચ્ચે ગુલાબ ખીલે એમ સંકટો સામે ટકી જ શકે એ કંઢોરા. સંકટો વચ્ચે સુખ અને સંતોષ તો ગુલાબ પાસેથી શીખવા મળે છે. જ્યારે આ જાડેજા પરિવારે અહીં વસવાટ શરૂ કર્યો ત્યારે 'ખાલી હાથે' આવ્યા હતા પણ 'મથે વિધિ ચાધર, જિત વિઠા તિત પાધર' એ ન્યાયે સૌના સહિયારા સખત પરિશ્રમ દ્વારા પરસેવો પાડીને ઝઝુમ્યા તો આજે ગામ ટકી રહ્યું છે ને બે પાંદડે થયું છે. જ્યારે કચ્છનાં અનેક ગામો ઉજ્જડ નિર્જન થઈ રહ્યાં છે. ગામડાંમાથી લોકો શહેરોમાં સ્થળાંતરીત થઈ રહ્યાં છે ત્યારે આ ગામ કંટકો સંકટો વચ્ચે અડિખમ ટક્યું છે. કંઢોરા ગામ નાનું પણ એનો સંદેશ મોટો છે. ગામનું નામ ત્રણ અક્ષરનું પણ ત્યાં ઘર એક અંકમાં (નવ) અને વસતી ભલે બે અંકમાં સીમિત છે પણ શ્રદ્ધા ભક્તિ અસીમ છે.

### ● નવ ઘર : નવ ડેલી

નવ ઘર પરથી નવ ડેલીવાળું બીજું એક ગામ યાદ આવ્યું 'ધ્રાફા.' નવ દુર્ગા માતાજી પૈકી હર એક માતાજીના જ્યાં બેસણા છે એવા એક માત્ર જસાણી જાડેજાનાં ગામ ધ્રાફામાં નવ ડેલી છે અને ત્યાં એક એક કરી કુલ નવ તાલુકદારશ્રીનાં ઘરે નવ દુર્ગા માતાજી પૈકી એક એક માતાજીની ઐતિહાસિક સ્થાપના થયેલી છે અને વર્ષોથી દર વર્ષના નવલા નોરતામાં હર એક ડેલીમાં નવ દુર્ગા માતાજીની વિધિવત સ્થાપના થાય છે અને આઠમના રોજ અલગ અલગ એમ નવ ડેલીમાં એકી સાથે હોમ હવન થાય છે. ધ્રાફાથી જગદીશસિંહજી જાડેજાએ આ જાણકારી આપી છે. તેઓ જણાવે છે કે નવ ડેલીમાંની એક એમની ડેલીમાં એમનાં ઘરે બ્રહ્મચારીણી માતાજીની સ્થાપના છે. નવે નવ માતાજીની સ્થાપના માત્ર ધ્રાફા ગામમાં થયેલી છે. નવ ઘર સાથે નવ ડેલીની આ વિગત પણ રસપ્રદ છે. તો પછી નવગ્રહોની અહીં કૃપાદૃષ્ટિ જ હોય.

### ● નિર્વ્યસની સ્વનિર્ભર ગામ

કંઢોરા ગામ નિર્વ્યસની છે. તેથી લગ્ન પ્રસંગોમાં પણ દારૂને દૂર જ રાખે છે. ગામ ખેતી પર સ્વનિર્ભર છે. અહીં કોઈ નોકરી કરતું નથી. નોકરી માટે કોઈ અરજી પણ નથી કરતું. ગામમાં જે ઉપજ થાય છે એમાં સંતોષ માને છે. ગામ સંતોષી હોઈ, સુખી છે. અર્થાત્ ગામે પોતાની ગરીબી દૂર કરી દીધી છે. એટલું જ નહીં, બેકારીને ગામમાં પ્રવેશબંધી છે. ગામમાં સંપ સલાહ છે તેથી ગામની એક પણ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી. ગામના અગ્રણીઓ જાદેજા દાનુભા વેલુભા, ભગુભા દેશરજી, દેવુભા માધુભા, રાણુભા જશુભા, રૂપુભા હાજુભાની સર્વમાન્ય સમિતિની વરણી કરવામાં આવી છે. ગામના બધા કામમાં - આયોજનોમાં એમનું માર્ગદર્શન મળે છે. સાથે એ સમિતિએ લીધેલા નિર્ણયો સૌ માટે શિરોમાન્ય રહે છે. આ છે અનોખા ગામનું અનોખું 'પંચ પરમેશ્વર.' આ

હકીકત પ્રેરણાદાયી છે.

● **નિશાળની માંગણી**

કંઢોરા ગામ કોટડા મઢ જૂથ ગ્રામ પંચાયત હસ્તક આવે છે. ગામનાં નામનાં બબ્બે બોર્ડ પાસપાસે છે 'કંઢોરા' અને 'કંટોરા.' પણ એસ.ટી. બસની સુવિધા નથી. ગામમાં નિશાળનું મકાનની વ્યવસ્થા આપવા છતાં શિક્ષકની ફાળવણી ન થતાં નાનાં બાળકોને કોટડા મઢ જવાની ફરજ પડે છે. મોટી દીકરીઓ આગળ ભણી શકતી નથી. ગામની એ મુખ્ય સમસ્યા છે. શાળામાં શિક્ષકની નિમણૂંક કરી, પ્રા. શિક્ષણ સુવિધા તાત્કાલિક મળવી જોઈએ એવી એમની રજૂઆત છે. સૌને ફરજિયાત પ્રા. શિક્ષણનો બંધારણીય અધિકાર છે. કોટડા મઢથી કંઢોરા સુધીનો રસ્તો ઉબડખાબડ છે. ત્યાં પાકી સડકની જરૂર છે. ગામનો બધો વ્યવહાર કોટડા સાથે હોઈ, આ સુવિધા પ્રાથમિક જરૂરત છે.

● **કચ્છનું પંદરમું હાટકેશ મંદિર કંઢોરામાં મળ્યું!**

નાગર વિહોણું સાવ નાનું ગામ જ્યાં હાટકેશ દાદા બિરાજે છે. મહા શિવરાત્રી પહેલાં ગત તા. પંદરમી ફેબ્રુઆરીનાં નાગર જ્ઞાતિને એક સરપ્રાઇઝ ગીફ્ટ મળી. એ દિને કચ્છના એ પંદરમાં હાટકેશ્વર મંદિર વિશે જાણકારી મળી. આમ તો, કચ્છમાં અગાઉ દસ હાટકેશ્વર મંદિરની જાણકારી હતી. પછી વધુ ચાર મંદિરોની વિગતો મળી હતી. એ પૈકી છેલ્લે રામપુર તુણાનું મંદિર મળતાં કચ્છમાં ચૌદ મંદિરોની જાણકારી ક્રમશઃ પ્રગટ કરતો રહ્યો છું. હવે લખપત તાલુકાનાં કંઢોરા જેવા કચ્છના એક ખૂણામાં આવેલા ખોબા જેવડા નાનકડા ગામમાં પણ હાટકેશદાદાની ધજા ફરકે છે એ જાણીને હૈયું ગદગદિત થઈ ગયું. અમદાવાદ પાસે બોરું નામનાં નાનકડાં ગામે પણ હાટકેશ મંદિર છે. આવા ખૂણે ખાંચરેથી સૌનું રખોપું કરતાં મહાદેવનાં ધામોને ખોળીએ, સંશોધનની નવી દિશા ખોલીએ.

● **કાંટા ન લાગે કંકર**

ગામની સુખાકારી માટે લોકો હાટકેશ દાદાની કૃપાનું કારણ દર્શાવે છે. આ હકીકત ગામ લોકોની દાદા પ્રત્યેની અખૂટ શ્રદ્ધાનાં દર્શન કરાવે છે. નાગર વિહોણા આ ગામે હાટકેશ દાદા, માતાજી, ગોગા દાદા પ્રત્યે અસીમ ભક્તિનું સામ્રાજ્ય છે.

મારો ભોળોનાથ તો કંઢોરાના કંઢા (કાંટા) વચ્ચે ય હોય ને અમરનાથમાં બરફમાં પણ બેઠો હોય. એને નદી, ડુંગર, સ્મશાન, મેદાન, સાગર, જંગલ... બધે જ ફાવે એવો અનુકૂળ મહાદેવ. 'કાંટા ન લાગે કંકર એ જ તો શંકર!' ભૂત સાથે એની પાકી ભાઈબંધી. પાછો 'આસુતોષ' કહેવાય એટલે તરત પ્રસન્ન થઇ જાય. એના શણગાર વિશે લખવાની જરૂર ખરી? મહાદેવ તો ગમે ત્યાં બિરાજે પણ ગામ લોકોને મારો પ્રશ્ન એ હતો કે અહીં – જ્યાં કોઈ નાગરનું ઘર નથી, ભૂતકાળમાં પણ ન હતું – છતાં અહીં 'હાટકેશ્વર' સ્વરૂપે શા માટે?

ગામના અગ્રણી શ્રી ગનુભા જાડેજાએ રસપ્રદ જવાબ આપ્યો : 'મહાદેવનું મંદિર બનાવવું હતું તો એનું નામકરણ પણ શાસ્ત્રોક્ત રીતે થવું જોઈએ એ વિચારે માતાના મઢના મૂળજી મહારાજ પાસે પૂછાવ્યું તો એમણે મંદિરની કન્યા રાશિ જોઈને એ મુજબ નામ આપ્યું હાટકેશ્વર.' અને મારા જેવા સંશોધક માટે એ બન્યું કચ્છનું પંદરમું હાટકેશ મંદિર. ૨૦૦૫માં નિર્મિત આ મંદિર તો માતાના મઢ જેવાં સુવિખ્યાત યાત્રાધામની તદ્દન નજીક હોવા છતાં અજાણ હતું.

માતાના મઢનાં મંદિર સાથે દેવચંદ વાણિયાનું નામ બોલાય છે તેમ કંઢોરામાં હાટકેશ મંદિરના નિર્માણમાં પણ રવિલાલભાઈ શાહ (જૈન પરિવાર) નિમિત્ત બન્યો છે. કંઢોરામાં નૂતન હાટકેશ મંદિર ગત મહાશિવરાત્રિએ ત્રિ-દિવસીય પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો. નાના ગામમાં 'જય હાટકેશ'નો બુલંદ નાદ ગૂંજી ઉઠ્યો. ત્યારે ગામલોકોને હાટકેશદાદા પર પૂરો ભરોસો હોવાની પ્રતીતિ થઈ હતી. હવે ૨૦૩૦માં હાટકેશ મંદિરનો રજત મહોત્સવ પણ આ જ રીતે ધામધૂમથી ઉજવવા સૂચન છે. ગામના અગ્રણીઓ જાડેજા દાનુભા વેલુભા, ભગુભા દેશરજી, દેવુભા માધુભા, રાણુભા જશુભા, રૂપુભા હાજુભાનાં માર્ગદર્શન આયોજિત આ મહોત્સવને સફળ બનાવવા જાડેજા ગનુભા દેવુભા, જુવાનસિંહ, જીતુભા, મહેન્દ્રસિંહ અને એમની ટીમએ જહેમત ઉઠાવી હતી. માતાના મઢથી ધીરજલાલભાઈ રવિલાલ શાહ, અરવિંદભાઈ શાહનો સહયોગ સાંપડ્યો હતો.

આ પ્રસંગે દાતાઓ, સહયોગીઓ સાથે ભુજથી આવેલા હાટકેશ સેવા મંડળના સભ્યો અને ગાંધીનગર પાસેનાં સરઢવ હાટકેશ મંદિરના પૂર્વ પૂજારી રમેશભાઈ જોશી, ભુવનેશભાઈ વોરા, જશુભાઈએ ખાસ હાજરી આપી હતી.

● **ગામ લોકો જ મંદિરના પૂજારી**

મંદિરોમાં કાયમી પૂજારી ન હોઈ, ગામ લોકો જાતે જ દરેક કુટુંબના એક એક સપ્તાહના વારા રાખી, સેવા પૂજા કરે છે એ બાબત પણ જરા હટકે ગણાય.

● **એક સૂચન**

કચ્છ બહાર જતાં કે આવતાં જ્ઞાતિજનોએ માર્ગમાં આવતા ભચાઉ હાટકેશ મંદિરે દર્શન કરવા જવું જોઈએ એવું સૂચન કર્યું હતું. એ જ રીતે અહીં પણ સૂચન કરવું ગમશે કે માતાના મઢ જેવાં સુવિખ્યાત યાત્રાધામની સાવ પડખે ફક્ત દસેક કિ.મી.ના અંતરે આવેલાં હાટકશ દાદાનાં આ નૂતન મંદિરની જાણ થતાં હવે યાત્રિકોએ માતાના મઢ સાથે દાદાના આસ્થાધામનાં દર્શનનો લાભ લેવા અનુરોધ છે.

મારા ધર્મપત્ની્.સૌ. મોહિનીને હાટકેશદાદા પર અખૂટ શ્રદ્ધા હતી. એ દરરોજ કહેતી કે, 'હે હાટકેશદાદા, સૌનું કલ્યાણ કરજો.' એ પોતાના માટે કશું માંગતી નહીં. એની પ્રેરણાથી 'કચ્છ હાટકેશ મંદિરો' વિશે મંદિરોના ફોટા સહિત પુસ્તિકા પ્રગટ કરવાની મહેચ્છા છે. આ પંદરમું હાટકેશ મંદિર પણ સમાવી શકીશ.

*"મોજ", પ્લોટ ૧ થી ૬ ક્યુ, ધ્રુવ્યાંશી રેસિડેન્સી, જયનગર,*
*મહાવીરનગર નાકા પાસે, હનુમાનજી મંદિર સામે,*
*કોલેજ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૯૩ ૪૧૪૯૩*

# કચ્છનાં નૂતન તીર્થધામો

## છેલ્લા સાંઇઠ વર્ષમાં નિર્માણ પામેલાં દર્શનીય સ્થાનોની ઝાંખી



ભરત'કુમાર' પ્રા. ઠાકર

કચ્છ એ રણ, દરિયો અને ડુંગર... એમ ત્રણેય પ્રાકૃતિક ખાસિયતો ધરાવતો એક વિશિષ્ટ પ્રદેશ છે. (આ ત્રણેય વિશેષતાઓ એકસાથે વરી હોય એવા દુનિયામાં જૂજ દાખલા છે.) ત્યારે કચ્છ ઈતિહાસકાળથી જ પર્યટન સંબંધી પણ એટલો જ સમૃદ્ધ ખજાનો ધરાવે છે. પણ અહીં આપણે તેની વાત એક નિશ્ચિત ટાઈમ-સ્લોટ (સમયખંડ) પૂરતી કરવી છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની હીરક જયંતી (ષષ્ઠી પૂર્તિ)ના સાંઇઠ વર્ષના સમયગાળા (૧૯૬૩-૨૦૨૩)ને ધ્યાને લઇને તે દરમિયાન કચ્છમાં નવા સર્જાયેલા કેટલાક મહત્ત્વના (માત્ર ધાર્મિક) તીર્થધામોનો અત્રે સંક્ષિપ્ત પરિચય કરાવ્યો છે. લેખમાં જે તે સ્થળોની ગોઠવણી તેના સ્થાપના-પ્રતિષ્ઠા વર્ષના ચડતા ક્રમે કરી છે.

### લીલાશાહ આશ્રમ : આદિપુર

દેશના વિભાજન વખતે વિસ્થાપિત સિંધી સમાજને પુનઃ સ્થાપિત કરવા ભારતભરમાં ભ્રમણ કરનાર મહાન સિંધી સંત સ્વામી લીલાશાહ મહારાજ (૧૮૮૦-૧૯૭૩)ની સ્મૃતિ સાચવતો આશ્રમ અને એમનું સમાધિ મંદિર આદિપુર નજીક આવેલ છે. ૧૯૬૩માં સ્વામીજીએ અત્રે આશ્રમની સ્થાપના કરેલી. બ્રહ્મલીન થયા બાદ અત્રે એમનું સુંદર સમાધિ-મંદિર, સ્મૃતિ મંદિર, પાલખી સ્થાનક, ધર્મશાળા વગેરે રચાયા છે. લોકોમાં આ સ્થળ 'લીલાશાહ કુટિયા' તરીકે વિશેષ જાણીતું છે.

અખિલ ભારત સિંધી બ્રહ્મક્ષત્રી પંચાયત દ્વારા નિર્મિત સમાધિ અને સ્મૃતિ મંદિરો ૧૯૭૫માં દાદા જશન વાસવાણી દ્વારા ખુલ્લા મૂકાયા છે. મહારાજ જ્યાં કુટિર બનાવીને રહ્યા હતા ત્યાં આજે એમનું ઊંચા મિનારાવાળું સ્મૃતિ-મંદિર રચાયું છે. જેમાં સંતના સુંદર રંગીન ચિત્રો અને એમની વપરાશી વસ્તુઓ દર્શનાર્થે મૂકાઈ છે. અંતર : આદિપુર ૨, ગાંધીધામ ૯ અને ભુજ ૫૫ કિલોમીટર.

### અયપ્પા મંદિર : ગાંધીધામ

કચ્છમાં દક્ષિણ ભારતીય સમુદાયનાં જે ત્રણ મંદિરો આવેલાં છે તેમાં ગાંધીધામ - ભુજના 'અયપ્પા મંદિર'નો પણ સમાવેશ થાય છે, જે કચ્છમાં વસતા કેરળ રાજ્યના મલયાલી લોકોના શ્રદ્ધાકેન્દ્રો છે. ભગવાન અયપ્પા 'હરિ-હર સુત' મનાય છે. મોહિની રૂપ વિષ્ણુ (હરિ) અને શિવ (હર)ની શક્તિથી તેઓ અવતર્યા હતા. એમનું મૂળ અને સુપ્રસિદ્ધ મંદિર કેરળમાં શબરીમાલા ટેકરી પર આવેલું છે.

ગાંધીધામ - કંડલા સંકુલમાં વસતી મલયાલી પ્રજા દ્વારા ૧૯૭૯માં ગાંધીધામ (સેક્ટર-૧) ખાતે 'સ્વામી શરણમ્ અયપ્પા'ના મંદિરનું નિર્માણ કરાયું છે. ૧૯૯૨માં કલાત્મક ગોપુરમ/કૃષ્ણમંદિર, ૧૯૯૪માં હનુમાન મંદિર તથા ૨૦૦૫માં કાર્તિકેય-નાગદેવતા-નવગ્રહનાં ઉપમંદિરોની પ્રતિષ્ઠા થઇ છે. ગાંધીધામ પછી ૧૯૯૮માં જિલ્લા મથક ભુજ ખાતે પણ (આનંદ કોલોની સામે) ભગવાન અયપ્પાનું નૂતન મંદિર રચાયું છે. અંતર : ગાંધીધઆમ તળ શહેર ૩ અને ભુજ ૫૮ કિલોમીટર.

### વર્ધમાન સ્વામી જિનાલય : વાંકી (તા. મુંદ્રા)

ભૂખી નદીના બે કાંઠે વસેલા જોડિયા ગામ વાંકી-પત્રી પૈકીના વાંકી મધ્યે વસહીતીર્થ અને બૌંત્તેર જિનાલય પછી કચ્છનું ત્રીજું જૈન મહાતીર્થ આવેલું છે, જે આચાર્ય વિજયકલાપૂર્ણ સૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી સ્થપાયું છે. અગિયાર એકરના વિશાળ સંકુલમાં નિર્મિત ૨૫૧ ફૂટ લાંબા, ૧૬૫ ફૂટ પહોળા અને ૮૫ ફૂટ ઊંચા અહીંના વર્ધમાન સ્વામી જિનાલય (૧૯૮૯)ની શિલ્પકળા સોમનાથ મંદિરની અને સૂક્ષ્મ કલા કોતરણી આબુના દેરાંની યાદ અપાવે એવી ઉત્કૃષ્ટ છે. વર્ષગાંઠ : વૈશાખ વદ-૬. અંતર : મુંદ્રા ૨૧, ભદ્રેશ્વર ૩૦, ભુજ ૪૨, ગાંધીધામ ૬૫ કિ.મી.

### કચ્છના ગાયત્રી શક્તિપીઠો

ગાયત્રી પરિવારના પ્રણેતા રામ શર્મા આચાર્ય (૧૯૧૧-૧૯૯૦) દ્વારા સંચાલિત યુગ નિર્માણ યોજનાના સુચારુ સંચાલન અર્થે ૧૯૭૮-૭૯થી દેશભરમાં ગાયત્રી શક્તિપીઠો સ્થાપવાની શરૂઆત થઈ. તેના પ્રારંભ કાળે ગુરુદેવ શક્તિપીઠનો સંકલ્પ લેવડાવતા. કચ્છમાં પ્રથમ ગાંધીધામ શક્તિપીઠનો સંકલ્પ લેવાયો હતો; પરંતુ જિલ્લામાં સૌપ્રથમ શક્તિપીઠ ૧૯૮૧માં અંજારમાં તૈયાર થયું. કચ્છમાં ગાયત્રી પરિવારની પ્રવૃત્તિઓના આદ્ય પ્રવર્તક લાભશંકરભાઈ દવેએ કોઈ સંકલ્પથી નહીં, પણ ગુરુ-

આજ્ઞા માનીને તેનું નિર્માણ કરાવ્યું હતું અને તેની પ્રતિષ્ઠા ગુરુદેવે જાતે કરી હતી.

તે પછી ૧૯૮૩માં ભુજ-માંડવી, ૧૯૮૪માં ગાંધીધામ-માધાપર, ૧૯૮૫માં નલિયા, ૧૯૮૯માં મુંદ્રા અને ૧૯૯૮માં ભચાઉ ખાતે પણ ગાયત્રીધામોની સ્થાપના થઈ છે. તેમાં ચાર શક્તિપીઠો (અંજાર, ભુજ, ગાંધીધામ, માધાપર); બે પ્રજ્ઞાપીઠો (માંડવી, નલિયા) તથા બે મંદિરો (મુંદ્રા, ભચાઉ)નો સમાવેશ થાય છે.

## રામ દરબાર : ભુજ

ભુજના મહાદેવ નાકા બહાર શહેરના હૃદયસમા હમીરસર તળાવના રમણીય પરિસરમાં અનેક ધાર્મિક - ઐતિહાસિક દર્શનીય સ્થાનો આવેલાં છે. તેમાં રાજાશાહી વખતમાં સત્યનારાયણ મંદિર પાસે 'બેન્ડ સ્ટેન્ડ' પણ હતું. તેમાં નિર્મિત રામ દરબારમાં છેલ્લા ત્રણ દાયકા ઉપરાંતથી 'અખંડ રામધૂન'નું સંકીર્તન ગુંજી રહ્યું છે.

આ જગ્યાએ ૧૯૮૪થી મૌનીબાબા સંપૂર્ણાનંદજી પ્રેરીત ચોવીસ કલાક અહર્નિશ અખંડ રામધૂન શરૂ કરાઈ છે, જેનો મંગલ પ્રારંભ વિખ્યાત ભજનસમ્રાટ નારાયણ સ્વામીના કંઠેથી થયો હતો. ત્યારથી હજારો રામભક્તો આ સ્થાને પોતાનું સમયદાન આપી 'શ્રી રામ જય રામ... જય જય રામ...'ની ધૂનને (ભૂકંપ ૨૦૦૧ના વિક્ષેપ સિવાય) સતત વહેતી રાખી છે. ૨૦૦૨માં નવનિર્માણના પગલે આ સંકુલ નવા વાઘા સાથે પ્રતિષ્ઠિત થયું છે. અંતર : અંજાર ૪૬, મુંદ્રા ૫૨, માંડવી ૫૮ અને ગાંધીધામ ૬૦ કિ.મી.

## બાલાજી મંદિર : કંડલા

ગાંધીધામ-કંડલા સંકુલના દક્ષિણ ભારતીય શૈલીનાં બે મંદિરો પૈકી બીજું નવા કંડલામાં આવેલું 'બાલાજી મંદિર' અહીં વસતા આંધ્રપ્રદેશ રાજ્યના તેલુગુ લોકોનું શ્રદ્ધા કેન્દ્ર છે. ભગવાન વેંકટેશ્વર બાલાજી તરીકે પણ ઓળખાયા છે. એમનું મૂળ અને સુપ્રસિદ્ધ મંદિર આંધ્ર પ્રદેશમાં તિરુમાલાની સાત ટેકરીઓ (સપ્તગિરિ) પર આવેલું છે. કચ્છમાં પ્રભુ બાલાજી જાણે તિરુમાલા પરથી ઉતરી કંડલાના દરિયા કિનારે 'સાગર વેંકટેશ્વરા' સ્વરૂપે સાકૃત થયા છે.

મહાબંદર નવા કંડલાના સમુદ્રતટે દક્ષિણ ભારતના મંદિરની પ્રતિકૃતિ જેવા 'વેંકટેશ્વર દેવસ્થાનમ્ બાલાજી મંદિર'ની ૧૯૯૦માં પ્રતિષ્ઠા થઇ છે. સંપૂર્ણ મંદિર સૂક્ષ્મ અને રંગીન શિલ્પકામથી કંડારાયેલું છે. ૧૯૯૬માં અત્રે હનુમાન / નવગ્રહ સ્થાપન તથા ૨૦૦૩માં 'કલ્યાણ મંડપમ્નું ઉદ્‌ઘાટન થયું છે. કંડલા ઉપરાંત કચ્છના અન્ય બંદરીય શહેરો માંડવી (સાંજીપડી રોડ) અને ઐતિહાસિક શહેર અંજાર (ભરેશ્વર રોડ) ખાતે પણ બાલાજીનાં નાનાં મંદિરો આવેલાં છે. અંતર : ગાંધીધામ ૧૨, અંજાર ૨૬ અને ભુજ ૭૨ કિલોમીટર.

## અંબેધામ : ગોધરા (તા. માંડવી)

માંડવી તાલુકાના આ ગામે ૧૯૯૨માં 'અંબેધામ' નામે ભગવતી અંબાજીનું આધુનિક અને કલાત્મક નૂતન દેવીમંદિરનું નિર્માણ થયું છે. 'સર્વ સંપ્રદાય સદ્‌ભાવ'ને અનુરૂપ અહીં વિવિધ દેવ-દેવીઓનું પણ સ્થાપન કરાયું છે. તેમાં ગણેશ-હનુમાનનાં પ્રણાલિકાગત મંદિરો ઉપરાંત પદ્માવતી, સંતોષી, સરસ્વતી, ગાયત્રી, રામ-લક્ષ્મણ-જાનકી, રાધે-કૃષ્ણ, શિવ-શક્તિ, લક્ષ્મી-નારાયણના પણ દર્શન કરવા મળે છે.

તે પછી અંબેધામ પરિવાર ૨૦૦૧માં અતિથિગૃહ / દવાખાનું, ૨૦૦૪માં પ્રેરણાધામ, ૨૦૦૬માં વૈષ્ણોદેવી શક્તિધામ અને ૨૦૦૭માં અન્નપૂર્ણા અન્નક્ષેત્ર ખુલ્લાં મૂકાયાં છે. 'પ્રેરણાધામ' સર્વ ધર્મ સમભાવની ભાવના સાકાર કરતું અને જૈન-જૈનેતરોના ધાર્મિક વૃત્તાંતની ચિત્રમય પેનલો દર્શાવતું સ્થાન છે. જ્યારે 'શક્તિધામ'માં કટરા (જમ્મુ) સ્થિત વૈષ્ણોદેવીની હૂબહૂ પ્રતીતિ કરાવતી પ્રાકૃતિક પ્રતિકૃતિ મૂકવામાં આવી છે. આમ, ગોધરા ગામે અંબેધામ-પ્રેરણાધામ-શક્તિધામનો ત્રિવેણી સંગમ રચાયો છે. અંતર : માંડવી ૧૬ અને ભુજ ૫૫ કિલોમીટર.

## ઝુલેલાલ મંદિર : ગાંધીધામ

ભારતભરમાં વસતા સિંધી સમાજમાં મહત્ત્વનું સ્થાન ધરાવતા અને ગાંધીધામમાં વોર્ડ ૧૨-બી (જૂની શિવ ટોકીઝ પાછળ) આવેલા ઝુલેલાલ મંદિરની પ્રતિષ્ઠા ૧૯૯૨માં થઈ છે. જેમાં ઝુલેલાલ ઉપરાંત હનુમાન-ગણેશ, સંતો લીલાશાહ - ટેંઉરામની પ્રતિમાઓનું સ્થાપન થયું છે. તો, ૧૯૯૯માં કેન્દ્રીય ગૃહમંત્રી લાલકૃષ્ણ અડવાણીના હસ્તે રૂપેરી છત્ર અને રજત દ્વારનું પણ ઉદ્‌ઘાટન થયું.

૨૦૦૦થી અત્રે 'નેત્ર ચિકિત્સા કેન્દ્ર'નો પ્રારંભ થતાં ધાર્મિક સાથે માનવસેવાની પ્રવૃત્તિઓ પણ ઉમેરાઈ છે. સાધુસંતો માટે 'રામરોટી કેન્દ્ર' પણ ચાલે છે. આ આધુનિક મંદિર સિવાય ઝુલેલાલના અન્ય ત્રણ મંદિરો પૈકી એક ગાંધીધામમાં (ટીસીએક્સ-સાઉથ વિસ્તાર) અને બે મંદિરો આદિપુરમાં (સત્તરવાળી અને નવવાળી) પણ આવેલાં છે. ઉપરાંત, ઝુલેલાલ (ઉડેરોલાલ)નું એક પુરાણું મંદિર ગુવર (તા. લખપત) ગામ પાસે આવેલું છે, જે ભાવિકોમાં 'હમનખુડી' તરીકે જાણીતું છે. અંતર : આદિપુર ૭, અંજાર ૧૪ અને ભુજ ૬૦ કિલોમીટર.

## રામમંદિર : વાંઢાય (તા. ભુજ)

ભુજ તાલુકામાં દેશલપર પાસેનું નાનકડું 'વાંઢાય' ગામ

સંતોની તપોભૂમિ મનાય છે. તે 'કચ્છનું હરિદ્વાર' અને ત્રિવેણી તીર્થધામ બન્યું છે. ઈશ્વરરામજી આશ્રમ (૧૯૦૭) અને ઉમિયામાતા મંદિર (૧૯૪૪) પછી ૧૯૯૩માં અત્રે શિલ્પ-સ્થાપત્યના બેનમૂન ઉદાહરણ સમું ભગવાન રામચંદ્રજીના નૂતન મંદિરનું સર્જન થયું છે, જે કચ્છનું સૌથી મોટું અને ભવ્ય રામમંદિર છે.

સંત વાલદાસજી મહારાજની પ્રેરણાથી 'ઈશ્વરસાગર તળાવ'ના સુરમ્ય તટે ૧૦૫ ફૂટ લાંબા, ૬૫ ફૂટ પહોળા અને ૬૫ ફૂટ ઊંચા રામમંદિરનું નિર્માણ થયું છે, જેના પાંચ પ્રવેશદ્વારો ધરાવતો રંગમંડપ, ભવ્ય ગુંબજ અને સૂક્ષ્મ નકશીકામ હર કોઈને મુગ્ધ કરે છે. ૯૦૦ ચોરસ ફૂટના રંગમંડપ ઉપર અગિયારસો નાના કુંભોની ડિઝાઈન રચવામાં આવી છે. ૧૪૪ ચોરસ ફૂટના ગર્ભગૃહમાં રામ-સીતા-લક્ષ્મણની છ ફૂટની પૂર્ણ કદની મૂર્તિઓના દર્શન થાય છે. ૨૦૦૦માં અત્રે વાલદાસજી મહારાજની પ્રતિમા પણ સ્થાપિત કરાઈ છે. અંતર : દેશલપર ૨ અને ભુજ ૨૬ કિલોમીટર.

## શિવપારસ ધામ : ભુજ

ભુજ શહેરની આસપાસ થોડે દૂર આવેલાં કેટલાંક ધાર્મિક - ઐતિહાસિક સ્થાનોમાં એક રળીયામણા ધાર્મિક પર્યટન સ્થળ 'શિવપારસ ધામ'નો પણ સમાવેશ થાય છે. અહીં એક જ પરિસરમાં જોડાજોડ આવેલ શિવમંદિર અને જિન મંદિરમાં તીર્થમંડન પારસનાથ અને ભીડભંજન ભોલેનાથ, જિનેશ્વર અને હરેશ્વર, મહાવીર અને મહાદેવ, તીર્થંકર અને શિવશંકર એકસાથે બિરાજે છે! તેની પ્રતિષ્ઠા ૧૯૯૪માં થયેલી છે.

ભુજ-માંડવી રોડ પર નીલકંઠ મહાદેવ મંદિર પાસે અને સુખપર ગામની પાછલી બાજુ આ અનોખું ધર્મસંકુલ આવેલું છે. એક સ્થળે શિવાલય અને જિનાલયની ધાર્મિક સંવાદિતા સર્જવા સાથે આ બંને મંદિરોના માપ, ડીઝાઈન, દેખાવ હૂબહૂ એકસરખા રાખવામાં આવ્યા છે. શિવ મંદિરમાં 'પારેશ્વર મહાદેવ'ના બેસણા છે, જ્યારે જિન મંદિરમાં 'ઉપસર્ગહરં પાર્શ્વનાથ'ની મૂર્તિ સોહે છે. (પારસનાથ પ્રભુનાં ૧૦૪ નામો છે તેમાં આ નામની મૂર્તિ કચ્છમાં ક્યાંય નથી.) અંતર : સુખપર ૨, ભુજ ૭ અને માંડવી ૫૧ કિલોમીટર.

## બૌંત્તેર જિનાલય : તલવાણા (તા. માંડવી)

ભુજ-માંડવી રોડ પર કોડાય ચાર રસ્તા પાસે 'ગુણનગર'ના ૮૦ એકરના વિશાળ સંકુલમાં અચલગચ્છાધિપતિ ગુણસાગર સૂરીશ્વરજી (૧૯૧૩-૧૯૮૯) પ્રેરીત 'શેત્રુંજ્યાવતાર આદિશ્વર બૌંત્તેર જિનાલય મહાતીર્થ'નું નિર્માણ થયું છે, જેની ૧૯૮૨માં ખનનવિધિ, ૧૯૮૩માં શિલાન્યાસ, ૧૯૮૭માં રાષ્ટ્રપતિ ઝૈલસિંહના હસ્તે ઉદ્‌ઘાટન અને ૧૯૯૬માં પ્રાણ પ્રતિષ્ઠા ઉજવાઈ હતી.

વિશાળતાની દૃષ્ટિએ ભારતભરમાં બેનમૂન અને શિલ્પ-સ્થાપત્યના બેજોડ નમૂના સમાન આ જિનાલયના નિર્માણમાં રાણકપુરની બાંધણી, દેલવાડાનું શિલ્પ અને તારંગાની ઉત્તુંગતાનો સંગમ રચાયો છે. મધ્યમાં ૧૧૧ ફૂટ ઊંચું શિખર ધરાવતું મુખ્ય જિનાલય અને તેની ફરતે અષ્ટકોણાકારે ૭૨ જિન પ્રતિમાઓનાં દેરાસરો બંધાયા છે.

અહીં મૂળનાયક તરીકે જિન ચોવીસીના આદિ (એટલે કે પ્રથમ) તીર્થંકર આદિનાથ - આદિશ્વર (ઉર્ફે ઋષભદેવ)ની ૭૩ ઇંચ ઊંચી પ્રતિમા પ્રતિષ્ઠિત કરાઈ છે. ભારતનાં જૈન તીર્થોમાં અપૂર્વ ભાત પાડતા આ તીર્થમાં તેના સ્વપ્નદૃષ્ટા ગુણસાગરજીનું સુંદર 'ગુરુ મંદિર' પણ બનાવાયું છે. અંતર : માંડવી ૮ અને ભુજ ૫૦ કિલોમીટર.

## રામકૃષ્ણ સેવાભવન : ભુજ

ભુજમાં જે વિવિધ આધ્યાત્મિક સંગઠનોનાં સ્થાનો આવેલા છે તેમાં રામકૃષ્ણ મિશનના ધ્યેયને સમર્પિત સેવા ભવનનો નવતર ઉમેરો થયો છે. શહેરના સંસ્કારનગર વિસ્તારમાં રામકૃષ્ણ યુવક મંડળ દ્વારા ૧૯૯૯માં તેનું નિર્માણ થયું ત્યારે પ્રથમ ચરણે પ્રાર્થના / ધ્યાન ખંડો તૈયાર થયા હતા. જ્યારે ૨૦૦૦માં સંન્યાસી નિવાસાલય, ચિકિત્સાલય, પુસ્તકાલય, કાર્યાલયનું ઉદ્‌ઘાટન થયું હતું.

શારીરિક-માનસિક-આધ્યાત્મિક એમ મનુષ્યના ત્રિવિધ વિકાસને મિશન મહત્ત્વ આપે છે. તેને મુખ્ય આધાર બનાવી મંડળે પણ અહીંના સેવા ભવનમાં જે તે ક્ષેત્રની પ્રવૃત્તિઓ વિકસાવી છે. રામકૃષ્ણ મિશનનું સ્થાયી કેન્દ્ર ભુજને મળે એવી જરૂરી લગભગ તમામ સુવિધાઓ અહીં પ્રાપ્ય છે. ૨૦૦૩માં આદિપુર ખાતે પણ રામકૃષ્ણ સેવા કેન્દ્ર દ્વારા પ્રાર્થના મંદિર તૈયાર થયું છે. અંતર : અંજાર ૪૬, મુંદ્રા ૫૨, માંડવી ૫૮ અને ગાંધીધામ ૬૦ કિલોમીટર.

## ભુજનાં નૂતન જિનાલયો

વર્ધમાન આણંદજીની પેઢી, આરાધના ભવન જૈન સંઘ (ભુજ) દ્વારા ઉમેદનગરમાં ૨૦૦૪માં 'વાસુપૂજ્ય જિનાલય'નું નિર્માણ થયું છે. તો, કચ્છી વિસા-દશા ઓસવાળ જૈન સમાજોના સંયુક્ત સહયોગથી તથા ભુજ કચ્છી વિસા ઓસવાળ જૈન સંઘ દ્વારા વિજયનગર અને નવનીતનગર ખાતે ૨૦૦૬માં 'સુવ્રતસ્વામી જિનાલયો'નું નિર્માણ કરાયું છે. તેમાં વિજયનગરનું દેરાસર કચ્છનું પ્રથમ દેવવિમાન સમું 'રથ આકારનું જિનાલય' છે!

ભુજને કર્મભૂમિ બનાવનાર વાગડના ધર્મપ્રેમીઓએ ૨૦૦૦માં કચ્છમિત્ર ભવન પાછળ નૂતન 'સંભવનાથ જિનાલય'નું નિર્માણ કરેલું. પરંતુ ૨૦૦૧ના ભૂકંપમાં તે ભારે ક્ષતિગ્રસ્ત થતાં આરાધના ભવન જૈન સંઘ (ભુજ) દ્વારા તેનું નવેસરથી પુનઃનિર્માણ કરાતાં ૨૦૦૭માં તેની પુનઃ પ્રતિષ્ઠા થઈ છે. ભુજ શહેરનું તે 'ત્રણ ગભારાયુક્ત પ્રથમ જિનાલય' બન્યું છે. અંતર : અંજાર ૪૬, મુંદ્રા ૫૨, માંડવી ૫૮ અને ગાંધીધામ ૬૦ કિલોમીટર.

## પાર્શ્વવલ્લભ ઇન્દ્રધામ : સાંયરા (તા. નખત્રાણા)

વસહી તીર્થ, વાંકી તીર્થ, અબડાસા પંચતીર્થી અને બૌંત્તેર જિનાલય પછી કચ્છનાં જૈન તીર્થધામોની શૃંખલામાં વધુ એક નામ 'પાર્શ્વવલ્લભ ઇન્દ્રધામ'નું ઉમેરાયું છે, જેની ૨૦૦૭માં પ્રતિષ્ઠા થઇ છે. તેમાં જિલ્લામાં પ્રથમ એવી શંખેશ્વર પાર્શ્વનાથની રત્ન-પાષાણમાંથી બનેલી ૫૧ ઇંચની પ્રતિમા બિરાજિત છે. ઉપરાંત, સમગ્ર ભારતમાં ધરણેન્દ્ર (શેષનાગ)ના આસન પર મરગજ રત્નથી બનેલી ૫૧ ઇંચની પ્રતિમા પણ ક્યાંય નથી!

જૈન તીર્થોના નિર્માણ માટે સાધુ ભગવંતો પ્રેરણા અને પુરુષાર્થ કરતા હોય છે; પણ આ તીર્થનું સ્વપ્ન સાધ્વી ભગવંતે સાકાર કર્યું છે એ તેની વિશેષતા છે. ભુજ - નખત્રાણા રોડ પર યક્ષ બૌંત્તેરા સ્થાનક પાસે ૧૪ એકર ભૂમિના ૩૦ હજાર ચોરસ ફૂટ વિસ્તારમાં જિનાલયનું નિર્માણ થયું છે. પશ્ચિમ કચ્છ અને માકપટ વિસ્તારનું તે એક મોટું જૈન યાત્રાસ્થળ બન્યું છે. ધાર્મિક ઉપરાંત જીવદયા, આરોગ્ય અને શિક્ષણનું પણ તે ધામ બનશે. વર્ષગાંઠ : વૈશાખ સુદ-૧૦. અંતર : નખત્રાણા ૧૨, ભુજ ૩૮, ગાંધીધામ ૯૮ કિ.મી.

## મોટા સ્વામિનારાયણ મંદિર : ભુજ

સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રવર્તક ભગવાન સ્વામિનારાયણે ૧૮૦૪માં ભુજ નગરે પગલા પાડ્યાં હતાં. તેની સ્મૃતિમાં પાળેશ્વર ચોકમાં સ્થાપિત મોટા અને જૂના ત્રિશિખરી મંદિર (૧૮૨૩)ની પ્રતિષ્ઠા ખુદ સ્વામિનારાયણ ભગવાને કરેલી. ધરતીકંપમાં આ પ્રસાદીમંદિર ક્ષતિગ્રસ્ત થતાં નવું ભવ્ય મંદિર (૨૦૧૦) કોલેજ રોડ પર સ્વામિનારાયણ વિદ્યાલય - વિદ્યાર્થી ભવનના વિશાળ પરિસરમાં નિર્માણ પામ્યું છે. જેમાં નરનારાયણ, હરિકૃષ્ણ મહારાજ, રાધાકૃષ્ણ, ઘનશ્યામ મહારાજ પ્રતિષ્ઠિત છે. અહીં ભગવાનની પ્રસાદી રૂપ પવિત્ર વસ્તુઓનું ધાર્મિક સંગ્રહાલય દર્શનીય છે. અન્નકૂટ, હિંડોળા, સ્વામિનારાયણ જયંતી, તુલસી વિવાહ જેવા તહેવારો પર આ વિરાટ મંદિર સમગ્ર ભુજ પર છવાઈ જાય છે. સ્વામિનારાયણ ભગવાનની ૨૦૦મી જયંતીની યાદગીરીમાં ભુજમાં એકતા સોસાયટી પાસે નિર્મિત 'દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિર' (૧૯૯૨) પણ દર્શનીય છે. બંનેનો પાટોત્સવ : વૈશાખ સુદ-૫. અંતર : અંજાર ૪૬, મુંદ્રા ૫૨, માંડવી ૫૮ અને ગાંધીધામ ૬૦ કિ.મી.

## લક્ષ્મીનારાયણ સંસ્કારધામ : દેશલપર (તા. ભુજ)

વાંઢાયની તપોભૂમિ વિસ્તારમાં ધર્મસ્થાનોની શૃંખલામાં એક વધુ મણકારૂપ દેશલપુર નજીક નિર્મિત 'લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન અને સંસ્કારધામ' (૨૦૧૧)નો ઉમેરો થયો છે. અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ દ્વારા અહીં ભગવાન લક્ષ્મીનારાયણનું કલાત્મક મંદિર નિર્માણ કરાયું છે. કચ્છ કડવા પાટીદાર સમાજના ૧૪૪ ગામોનાં ૨૨૨ લક્ષ્મીનારાયણ મંદિરો સાથે સીધું જોડાણ ધરાવતું આ કેન્દ્રીય સ્થાન છે. અહીં ચાર વેદોની પણ પ્રતિષ્ઠા કરાઈ છે. ૪૦ એકરના પરિસરમાં પ્રથમ વિભાગ ધાર્મિક - આધ્યાત્મિક બાબતો માટે અને બીજો વિભાગ શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે છે. પાટોત્સવ : વૈશાખી પૂર્ણિમા. અંતર : દેશલપર ૨, ભુજ/નખત્રાણા ૨૫, ગાંધીધામ ૮૫ કિલોમીટર.

## ગોવર્ધન પર્વત : સતાપર (તા. અંજાર)

સતાપર પાસે સચ્ચિદાનંદ મંદિર (અંજાર) અને તેના મહંત ત્રિકમદાસજી મહારાજના પ્રયાસોથી સંપ્રદાયની વાડીના બે એકર વિસ્તારમાં વૃંદાવન જેવું આબેહુબ ધાર્મિક સ્થળ (૨૦૧૬) નિર્માણ પામ્યું છે. ગોવર્ધન પર્વત અને તેની ટોચે રાધાકૃષ્ણ મંદિર તથા તળેટીમાં સંપ્રદાયના ગુરુ મહારાજોની દેરીઓ સહિતનો પરિક્રમા પથ, યમુનાજી સરોવર, પંદર કુંડો, સંત કુટિર, સપ્તર્ષિ ઝૂંપડી... આમ સમગ્ર પરિસર દર્શનીય છે. દર વર્ષે એપ્રિલમાં ઉજવાતા 'ગોવર્ધન મહોત્સવ' પ્રસંગે ગ્રંથકથા, મહંતશ્રીની વર્ષગાંઠ અને સદ્‌ગુરુ મિલનના કાર્યક્રમો યોજાય છે. બૃહદ્ અંજારના ધર્મસ્થળોમાં આ સંકુલે અનોખું સ્થાન મેળવી લીધું છે. પાટોત્સવ : વૈશાખ સુદ-૪. અંતર : અંજાર ૬, ગાંધીધામ ૨૦, ભુજ ૫૦ કિ.મી.

## ખેતાબાપા ધામ : વિથોણ (તા. નખત્રાણા)

ચાર સૈકા પહેલાં થઈ ગયેલા ગૌરક્ષક અને સમાજસેવી સંત ખેતાબાપાની સ્મૃતિમાં સ્થાપિત સંસ્થાન - શાંતિધામ પશ્ચિમ કચ્છ આવતા યાત્રિકો અને પર્યટકો માટે હવે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. અહીં ખેતાબાપા દર્શનગૃહ (સમાધિ મંદિર), શિવાલય, સંત સરોવર, બાલવાટીકા, લક્ષ્મણઝુલા, બાગબગીચા, શિવપ્રતિમા સાથેનું સમુદ્ર મંથન પરિસર વગેરે મુખ્ય આકર્ષણો છે. વિવિધ દેવદવીઓ - સંતો ભક્તોની પ્રતિમાઓ પણ દર્શનીય છે. સમગ્ર સંકુલ વૃક્ષો, લોન અને પુષ્પોથી મહેકે છે. અષાઢી બીજે ગામના વડીલો પર વહુઆરુઓ દ્વારા થતો જળાભિષેક (જલઝીલણી) કાર્યક્રમ કચ્છમાં અનોખો છે. ઉત્સવ : અષાઢ સુદ-૨. અંતર : નખત્રાણા ૧૦, ભુજ ૫૦, ગાંધીધામ ૧૧૦ કિ.મી.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૦૪ ઉપર)

# શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા

## માન્યામાં ન આવે તેવી શાળા



સંકલન : ચૌલા કુરૂવા

***ગુજરાતની એક પાઠશાળા એવી જ્યાં વાલીઓ પાસેથી ફી લેવાને બદલે સામેથી અપાય છે...***
***૧૨૫ વર્ષમાં ૨૮૫૦ છાત્રો અભ્યાસ કરી ચૂક્યા...***

અત્યારે બાળકોના શિક્ષણ માટે વાલીઓને ખાનગી શાળાઓમાં હજારો રૂપિયાની ફી આપવી પડે છે. ત્યારે દેશની એક પાઠશાળા એવી પણ છે કે જ્યાં વાલીઓ પાસેથી ફી નથી લેવાતી, પણ સામેથી અપાય છે. અહીં ૬ વર્ષ સુધીના અભ્યાસકાળમાં વિદ્યાર્થીના અભ્યાસ અને રહેવા-જમવાની તમામ સુવિધા નિઃશુલ્ક આપવામાં આવે છે. આ સાથે જ ફી લેવાના બદલે અભ્યાસ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને તેમની યોગ્યતા પ્રમાણે સામેથી રૂા. ૬ લાખ સુધીની સન્માન નિધિ આપી પ્રોત્સાહિત કરાય છે.

આ સંસ્થા એટલે મહેસાણામાં આવેલી ૧૨૫ વર્ષ જૂની શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા.

***તો આવો જાણીએ, આ પાઠશાળા વિશે વિસ્તારથી...***

૧૮૯૭માં પ્રથમ જૈન સંસ્કૃત શાળાની સ્થાપના કરાઈ.

મહેસાણા શહેરમાં તોરણવાડીથી સુભાષ ચોક વચ્ચે રોડની સાઈડમાં ૨૮ ઓક્ટોબર ૧૮૯૭માં મહેસાણાના ધર્મવીર વેણીચંદભાઈ સૂરચંદભાઈ દોશીએ શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાની શરૂઆત કરી હતી. એ સમયે મણિલાલ ગોકળદાસભાઈએ પાઠશાળા બનાવવા ત્રણ માળની ઈમારત બનાવી ભેટ આપી હતી અને યોગનિષ્ઠ શ્રી બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજા આ પાઠશાળાના પ્રથમ વિદ્યાર્થી હતા.

અત્યારે ૩૫ જેટલા વિદ્યાર્થીઓ જ્ઞાન મેળવી રહ્યા છે.

૧૨૫ વર્ષમાં ૨૮૫૦ છાત્રો અભ્યાસ કરી ચૂક્યા છે.

આ જૈન પાઠશાળાને ૧૨૫ વર્ષ પૂરા થયા છે. ૧૮૯૭માં શાળા શરૂ કરાઈ ત્યારે માત્ર ૯ વિદ્યાર્થીઓ હતા. ૧૨૫ વર્ષમાં ૨૮૫૦ વિદ્યાર્થીઓ અહીંથી જ્ઞાન મેળવી ચૂક્યા છે. જે પૈકી ૨૨૦ લોકોએ સર્વ વિરતિ સંયમ જીવન સ્વીકાર્યું છે અને દીક્ષા લઇ ચૂકેલા ૩૬ શ્રમણ ભગવંતો આચાર્ય પદ પર બિરાજમાન થયા છે. આ પાઠશાળામાંથી જ્ઞાન મેળવી ચૂકેલા વિદ્યાર્થીઓ આજે ગુજરાત ઉપરાંત તામિલનાડુ, કર્ણાટક, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં સ્થાયી છે.

વિદ્યાર્થીઓને ભણતરની સાથે સંગીતનું પણ જ્ઞાન અપાય છે. ૧૧થી ૨૨ વર્ષના કુલ ૩૫ વિદ્યાર્થીઓ હાલ જ્ઞાન મેળવે છે.

આ જૈન સંસ્કૃત શાળામાં રાજસ્થાન, તામિલનાડુ, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રથી વિદ્યાર્થીઓ જ્ઞાન મેળવવા આવે છે. હાલમાં ૩૫ વિદ્યાર્થીઓને ૩ શિક્ષકો જ્ઞાન આપી રહ્યા છે. આ જૈન પાઠશાળામાં ૧૧થી ૨૨ વર્ષના વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવતા હોય છે. આ જૈન સંસ્કૃત પાઠશાળામાં નિઃશુલ્ક અભ્યાસ કરાવવામાં આવે છે તેમજ દરેક વિદ્યાર્થીના ઘરે દર મહિને ૫ હજાર રૂપિયા આપવામાં આવે છે. જો કોઇ વિદ્યાર્થી આ પાઠશાળામાં ૪ વર્ષ સળંગ અભ્યાસ કરે તો તેના પરિવારને ૧ લાખ, ૫ વર્ષ અભ્યાસ કરે તો તેના પરિવારને ૨ લાખ અને ૬ વર્ષથી વધુ અભ્યાસ કરે તો તેના પરિવારને ૩ લાખનો ચેક આપી સન્માનિત કરવામાં આવે છે.

ફોન, ટી.વી., ફ્રીજ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો પર પ્રતિબંધ..

આ શાળામાં આવતા વિદ્યાર્થી પોતાના ઘરેથી ફોન લાવી શકે છે પરંતુ ફોન પંડિતજી જોડે જમા કરાવી દેવામાં આવે છે. શાળામાં વિદ્યાર્થીઓ ટી.વી. કે કોઈ ઈલેક્ટ્રોનિક ઉપકરણનો ઉપયોગ કરી શકતા નથી તેમજ માટલાનું પાણી પીવે છે. અહીં શુદ્ધ દેશી ભોજન આપવામાં આવે છે. જે સ્ટીલની થાળીમાં નહીં પણ કાંસાની થાળી-વાટકીમાં આપવામાં આવે છે. તેમજ રાત્રી દરમિયાન શાળામાંથી મળેલા તકિયા ગોદડાની પથારી કરી ફ્લોર પર જ સૂવે છે.

આ પાઠશાળા મહેસાણાના તોરણવાડીથી સુભાષ ચોક વચ્ચે આવેલી છે. ★ સવારે ૫ થી રાત્રે ૧૦.૩૦ વાગ્યા સુધી અલગ અલગ પ્રવૃત્તિઓ...

પાઠશાળાના નીતિ નિયમ પ્રમાણે વિદ્યાર્થીઓ સવારે ૫ કલાકે ઉઠી દિનચર્યા શરૂ કરે છે. ત્યારબાદ ૬ કલાકે અભ્યાસ, ૭.૩૦ કલાકે ધાર્મિક અભ્યાસ જ્ઞાન, સ્મૃતિ સરસ્વતી પ્રાર્થના,

જિનાલય દર્શન, નવકારશી એટલે કે નાસ્તો, પ્રાર્થના પૂજા અને ૧૦થી ૧૧ કલાક સુધી સંસ્કૃત અભ્યાસ કરે છે. ત્યારબાદ ૧૨થી ૨ ભોજન અને આરામ કરે છે. જેમાં ન્યુઝ પેપર વાંચન અને વિદ્યાર્થીઓ પોતાની ગમતી પ્રવૃત્તિઓ કરી શકે છે. ત્યારબાદ ૨ થી ૫.૩૦ તત્ત્વજ્ઞાનના ધાર્મિક ક્લાસ, સાંજે ૬ કલાકે ભોજન અને ત્યારબાદ રમતગમત, સાંજે ૮ થી ૧૦ કોમ્પ્યુટર, અંગ્રેજી અને સંગીત ક્લાસ બાદ રાત્રે ૧૦.૩૦ કલાકે વિદ્યાર્થીઓ સૂવે છે.

જે શાળામાં વિદ્યાર્થી રહ્યા એ જ શાળામાં ૨૫ વર્ષથી આચાર્ય પદ મેળવ્યું...

જૈન સંસ્કૃત પાઠશાળાના આચાર્ય પ્રકાશભાઈ ઘોડાએ વાતચીતમાં જણાવ્યું હતું કે, હું અહિયા ૯ વર્ષ અભ્યાસ કરી ચૂક્યો છું અને હવે આજ શાળામાં છેલ્લા ૨૫ વર્ષથી મારી ફરજ નિભાવી રહ્યો છું. મારા હાથ નીચે ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ચૂક્યા છે. તેમજ અમારી આ શાળામાં જ્ઞાન મેળવ્યા બાદ કેટલાક વિદ્યાર્થીઓ લેખક, વક્તા, સંચાલકો, વિદ્વાન બની ચૂક્યા છે. આજે પણ અહીં આવા જ્ઞાન આપવાનું કાર્ય ચાલુ છે. શાળામાં ૧૨ હજારથી વધુ જૈન પુસ્તકો છે. અહિયા અભ્યાસ કરતા છાત્રોને અન્ય શાળામાં ધોરણ ૧૦-૧૨ કે કોલેજની પરીક્ષા આપી ડિગ્રી લેવી હોય તો પણ છૂટ આપવામાં આવે છે. ત્યારબાદ વિદ્યાર્થી છ વર્ષ અહિંયા અભ્યાસ પૂર્ણ કરી દે. ત્યારબાદ ગ્રામ્ય લેવલે જૈન સમાજની આવી પાઠશાળાઓમાં ૪ કે ૫ કલાક અભ્યાસ કરાવે તો તેમાં પણ તેઓને સારું એવું વેતન આપવામાં આવે છે. જેથી એ પોતાની આજીવિકા મેળવી શકે છે અને અહીં જ્ઞાન મેળવેલા વિદ્યાર્થીઓ વિવિધ સ્થળે જૈન સાધુ-સાધ્વીજીને સંસ્કૃતનો અભ્યાસ કરાવે છે.

આદિત્ય જૈન નામના વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, હું પાલનપુરથી અહિંયા અભ્યાસ કરવા આવ્યો છું. પાલનપુરમાં ધોરણ ૮ સુધી અભ્યાસ કર્યો છે. અહિયા આવીને મેં અભ્યાસ શરૂ કર્યો છે. અહિયા સારું જ્ઞાન મળે છે. નિર્માણ ઘોડા નામના વિદ્યાર્થીએ જણાવ્યું કે, હું મુંબઈમાં ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરી અહિયા ભણવા આવ્યો છું. અહિયા હું બે વર્ષથી અભ્યાસ કરું છું. જૈન સિદ્ધાંત, કર્મ સાહિત્ય, સંસ્કૃત, પ્રાકૃત, ન્યાય વ્યાકરણનો અહીં અભ્યાસ કરવામાં આવે છે. ભવિષ્યમાં કોઈ સમસ્યા ન આવે એ માટે અંગ્રેજી, એકાઉન્ટ, સંગીતનું પણ જ્ઞાન આપવામાં આવે છે. શાળામાં વ્યવહારીક જ્ઞાન આપવામાં આવે છે, તો અહિયા આધ્યાત્મિક જ્ઞાન આપવામાં આવે છે. ■

## કચ્છના નૂતન તીર્થધામો

(અનુસંધાન : પાના નં.– ૨૦૨ ઉપરથી ચાલુ)

### અન્ય ઉલ્લેખનીય સ્થાનો

સ્થળ સંકોચના કારણે બધાં સ્થળોનું વિવરણ આપવું શક્ય ન હોવાથી અન્ય કેટલાક નૂતન ધાર્મિક સ્થાનોનો અત્રે નામોલ્લેખ આપ્યો છે. ૧૯૬૩માં મામૈદેવ સ્થાન – ચંદુઆ ડુંગર (લાખોંદ, તા. ભુજ), ૧૯૬૬માં યોગેશ્વર મંદિર / તત્ત્વભાવના (નલિયા, તા. અબડાસા), ૧૯૭૨માં કપિલમુનિ આશ્રમ (આદિપુર, તા. ગાંધીધામ), ૧૯૭૬માં અંબાજી મંદિર (ગઢશીશા, તા. માંડવી), ૧૯૭૮માં સોનલધામ (ઝરપરા, તા. મુંદ્રા), ૧૯૮૪માં કલ્યાણ પાર્શ્વનાથ જિનાલય (રતાડિયા, તા. મુંદ્રા), ૧૯૯૦માં મોમાયમાતા-નૂતન મંદિર (મોમાયમોરા, તા. રાપર), ૧૯૯૨માં સ્વામિનારાયણ દ્વિશતાબ્દિ સ્મૃતિ મંદિર (ભુજ), ૧૯૯૩માં ગીતા મંદિર (માંડવી), ૧૯૯૯માં અત્રિ-અનસૂયા સ્મૃતિ મંદિર (જીયાપર, તા. નખત્રાણા), ૨૦૦૦માં મહાવીર સ્વામી જિનાલય (અંજાર), ૨૦૦૦માં વાલરાધામ (મુરચબાણ, તા. લખપત), ૨૦૧૪માં શિવમસ્તુ જૈન તીર્થ (શિરવા, તા. માંડવી), ૨૦૧૬માં દાદા ભગવાન ત્રિમંદિરો (અંજાર-ભુજ), ઓધવરામધામ (જખૌ, તા. અબડાસા).

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## ઘણી...

નાદાન આંગળી સ્પર્શે નચાવે ઘણી
હૈયાને કહેણે હાથ મચાવે ઘણી.

ઈશારાની ભાષા પડે જો અનુકૂળ
મૂક શબ્દોની આપ લે કરાવે ઘણી.

મદમાતી સુગંધે ઓઢણી લહેરાય
ઉગતી યૌવની રાસ રમાડે ઘણી.

મેંફીલે જોયાં એ કાજલઘેરાં નેણ
મચલતી રાત પડખાં ઘસાવે ઘણી.

સ્પંદનોને તાળું મારી રાખ્યાં સાચવી
'મન'મીઠી યાદો ચાવી ખોલાવે ઘણી.

*મનીષા અજય વીરા 'મન' – બોરીવલી, મુંબઈ*

*પવન એનો એ જ હોય છતાં*
*એક વહાણ પૂર્વ દિશામાં ગતિ કરે છે,*
*જ્યારે બીજું પશ્ચિમમાં.*
*ગતિની દિશા માટે સઢ જવાબદાર છે, પવન નહીં.*
*એ જ રીતે જીવનરૂપી વહાણને મંઝિલે પહોંચાડવા માટે*
*દૃઢ આત્મબળ જવાબદાર છે, બાહ્ય પરિબળો નહીં.*

# સ્ત્રી



શ્રીમતી ફાલ્ગુની હિરેન

સ્ત્રીઓ સમાજની વાસ્તવિક શિલ્પી છે.

પ્રાચીન સમયથી ભારતીય સમાજમાં નારીનું સન્માન થતું રહ્યું છે. શાસ્ત્રોમાં પણ નારી શક્તિ પૂજનીય હોવાનું વર્ણવેલું છે. મનુસ્મૃતિમાં કહેવાયું છે :

*યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે*
*તત્ર રમન્તે દેવતાઃ*

અર્થાત્ જ્યાં નારીની પૂજા થાય છે (નારીનું સન્માન થાય છે) ત્યાં દેવતાઓ નિવાસ કરે છે. વૈદિકકાળમાં ભારતમાં સ્ત્રીઓ સન્માનનીય અને પુરુષ સમોવડી લેખાતી. સમાજમાં કે સંન્યાસમાં, રણ ભૂમિમાં કે રાજકારણમાં – દરેક ક્ષેત્રમાં સ્ત્રીની કાબેલિયતને માન અપાતું. પરંતુ સમયાંતરે પરિસ્થિતિ બદલાઈ. મધ્યકાળમાં તો મહિલાઓની સ્થિતિ દયનીય બની ગઈ. પુરુષ પ્રધાન માનસિકતાના મૂળિયા ઊંડે સુધી ઘર કરી ગયા. પરિણામે વૈદિકકાળમાં ઉચ્ચ સ્થાન અને માન મેળવતી નારી માટે વર્તમાન સમયમાં સ્ત્રી સશક્તિકરણ માટે અવાજ બુલંદ કરવો પડે તેવી આવશ્યક્તા ઊભી થઈ. આ પરિસ્થિતિ માત્ર ભારતમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં જોવા મળી.

ખ્યાત કવિ મૈથિલીશરણ ગુપ્ત દ્વારા રચાયેલ પંક્તિઓમાં સ્ત્રીની દયની દશાની વ્યથાઓ ટપકે છે.

*अबला जीवन हाय तुम्हारी यही कहानी*
*आँचल में है दूध और आँखो में पानी ।*

નારીઓની ક્ષમતાઓ પર જામેલી ધૂળ ખંખેરી, તેની શક્તિઓને ઢંઢોળી, ઘર - પરિવાર, સમાજ કે રાષ્ટ્રના વિકાસમાં તેને સહભાગી બનાવવાના ઘણા છૂટાછવાયા દૃષ્ટાંતો ભારતની સ્વાતંત્ર્ય સંગ્રામ ચળવળ દરમિયાન નજરે પડતા હતા. પાશ્ચાત્ય દેશોમાં સ્ત્રી સ્વાતંત્ર્યનો બળવાખોર વાયરો ફૂંકાયો. સારી-માઠી ઘટનાઓ ઘટતી ગઈ અને તેના સારા-નરસા પરિણામો મળવા લાગ્યા. એ દરમિયાન સંયુક્ત રાષ્ટ્રસંઘે ૧૯૭૫ની ૮મી માર્ચને 'મહિલા દિવસ' તરીકે ઉજવવાનું જાહેર કર્યું. સ્ત્રીઓ શારીરિક, માનસિક, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, રાજનૈતિક કે આધ્યાત્મિક સ્તરે સ્વાયત્ત બનીને સ્વતંત્ર નિર્ણયો લેવા હક્કદાર બને એ ઉદ્દેશ્ય હતો. પરંતુ વર્ષમાં માત્ર એક દિવસ મહિલાનું માન કરવાથી, નારી શક્તિના સૂત્રોચ્ચાર કરવાથી કે સ્ત્રી સશક્તિકરણના બણગા ફૂંકતા સ્લોગન, સંદેશાઓ ફોરવર્ડ કરવાથી એ ઉદ્દેશ્ય બર આવી જશે? વિશ્વની વાત છોડો, આપણે માત્ર ભારતની વાત કરીએ.

વર્તમાન સમય દેશની નારીઓ માટેનો શ્રેષ્ઠ સમય કહી શકાય. દેશની દીકરીઓ ઘરનો ઉંબરો ઓળંગીને અવકાશ સુધી પહોંચી ગઈ છે. દેશના સર્વોચ્ચ નાગરિકનું સ્થાન - રાષ્ટ્રપતિનું સ્થાન એક દલિત મહિલા દ્રૌપદી મૂર્મુ સંભાળી રહ્યા છે. દેશના પહેલા સ્ત્રી સંરક્ષણ મંત્રી તરીકે અને હાલ નાણાંમંત્રી તરીકે નિર્મલા સીતારમન સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યા છે. દેશના લશ્કરી લડાકુ વિમાનોના પાઈલોટ તરીકે તથા સશસ્ત્ર દળોમાં પણ બહાદુર સ્ત્રી સૈનિકો તૈનાત છે. રમતગમત ક્ષેત્રે મહિલા ક્રિકેટરની ટીમ હોય કે વ્યક્તિગત દેખાવની વાત હોય – પી.ટી. ઉષા, મેરીકોમ, પી.વી. સિંધુ, સાક્ષી મલિક, ફોગાટ બહેનો, મિથાલી રાજ, દીપા કર્માકર, દૂતી ચંદ, ઝુલન ગોસ્વામિ, જ્વાલા ગટ્ટા, સાનિયા મિર્ઝા, લવલીના બોરગોહેન, સાનિયા નહેવાલ... અગણિત નામો ઝળક્યા છે. ઉદ્યોગ જગતમાં પણ વ્યવસાયી મહિલાઓએ દેશ-વિદેશમાં નામ રોશન કર્યું છે જેવા કે ડૉ. કિરણ મજમુદાર શૉ (બાયોકોમ), નૈના લાલ કિડવાઈ (HSBC), વિનીતા બાલી (બ્રિટાનિયા), શિખા શર્મા (Axis), ઈન્દુ જૈન (કોલમેન એન્ડ કું.), ઇંદ્રા નૂઈ (પેપ્સીકો), અરૂંધતી ભટ્ટાચાર્ય (SBI). મનોરંજન જગતમાં એકતા કપૂર, મીરા નાયર, ઝોયા અખ્તર, મેઘના ગુલઝાર, તનુજા ચંદ્રા, નંદીતા દાસ, કિરન રાવ જેવી વ્યક્તિઓ, ફિલ્મ મેકર, સ્ક્રીન રાઈટર કે નિર્માતા - દિગ્દર્શક તરીકે સફળ થયેલી છે. સિને જગતના રૂપેરી પરદે તો અસંખ્ય અભિનેત્રીઓ દર્શકોની રોલ મોડેલ્સ બની છે. સૌંદર્ય સ્પર્ધાઓમાં પણ ભારતીય સુંદરીઓનો દબદબો રહ્યો છે.

સ્ત્રી સમાજ સુધારકોમાં તો સ્વાતંત્ર્ય પૂર્વના સાવિત્રીબાઈ ફૂલેથી માંડીને ઈલાબેન ભટ્ટ (સેવા), સુધા મૂર્તિ (ઈન્ફોસિસના સ્થાપક, શિક્ષણવિદ્) કે મિત્તલ પટેલ (વિચરતા સમુદાય સમર્થન મંચ) જેવા યુવા નામ લઈ શકાય જેમણે સમાજમાં હકારાત્મક બદલાવ આણ્યો છે.

સમાજના દરેકે દરેક ક્ષેત્રમાં ભારતીય મહિલાઓએ

નોંધપાત્ર યોગદાન આપ્યું છે અને પ્રેરણાદાયી બન્યા છે. પરંતુ આગળ કહ્યું તેમ આકાશને આંબતી સફળ નારીઓની સિદ્ધિઓની સાથે જ દેશમાં મહિલા પીડનના હલબલાવી નાખે એવા બનાવો પણ છાશવારે છાપે ચડે છે. હાથરસ, ઉન્નાવ, બદાયૂં, શક્તિ મિલ કે નિર્ભયા કેસ જેવી ઘટના કાળજુ કંપાવી દે છે. દીકરીને દૂધ પીતી કરવી, દહેજ માટે વહુને સળગાવવી, ખોટી ઈજ્જત બચાવવાના નામે 'ઑનર કિલીંગ' કરવું કે પછી અંધશ્રદ્ધાના નામે દીકરીને ડામ દેવા કે બલિ ચડાવવા જેવી ઘટનાઓ દેશની ગતિ - પ્રગતિ અંગે પ્રશ્નાર્થ ઊભા કરે છે. સમાજમાં પણ આસપાસ નજર કરીએ તો ક્યારેક સ્ત્રીના વાજબી અવાજને દાબી દેવાના કે પછી 'તને ખબર ન પડે, આમાં માથું નહીં માર' કહીને તેની ક્ષમતા અને ઉત્સાહને ડામી દેવાના પ્રસંગો જોવા મળે ત્યારે દુ:ખ થાય છે.

જો ઘરે ઘરે બદલાવ આવે તો સમાજમાં, શહેરમાં, રાજ્યમાં, રાષ્ટ્રમાં અને તે થકી વિશ્વમાં પરિસ્થિતિ બદલાય. દીકરીઓને શિક્ષિત કરી, તેના હક્કો, ફરજો પ્રતિ જાગ્રત કરાય, સાથે સાથે દીકરાઓને સમાનતા, સહિષ્ણુતા, સ્વતંત્રતા અને સંવેદનાની સાચી સમજણ અપાય તે અનિવાર્ય છે.

કહેવાય છે ને કે 'એક આદર્શ માતા સો શિક્ષકોની ગરજ સારે.' માતાઓ, દીકરીઓ, બહેનો, સમસ્ત સ્ત્રી સમાજને સન્માનની નજરે જોવાય, મૂલવાય, પૂજાય એવી સ્થિતિ ઈચ્છનીય છે.

***વો સુબહા કભી તો આયેગી...***
***એ આશા સાથે***
***સૌને મહિલા દિવસ-૨૦૨૩ની શુભેચ્છા.***

## સાત્ત્વિક પાન

**(અનુસંધાન : પાના નં. – ૨૦૭ ઉપરથી ચાલુ)**

હું કાથા પાવડરમાં શિયાળાની ઋતુ અનુસાર કેસર, બરાસ (ઈજમેઠના ફૂલ), જેઠીમધ, તજ અને લવિંગના પાવડરનું મિશ્રણ કરું છું. જે શરદી, ઉધરસ, એલર્જી સામે રક્ષણ આપે છે.

ઉનાળામાં કાથાના ચૂર્ણમાં ઠંડક આપતાં પદાર્થો વાપરું છું. જેવા કે જેઠીમધ, ઈલાયચી, તજ ઉપરાંત કેસર વગેરેનું મિશ્રણ.

કેસરમાં કામવર્ધક તત્ત્વ આવે.

કાથામાં જણાવેલ સામગ્રી ઉમેરતાં એવા પાનનો સ્વાદ અને ખુશ્બુ અલૌકિક હોય છે.

શુધ્ધ બરાસ (ઈજમેઠના ફૂલ) જૈન ઉપકરણની દુકાનમાંથી મળશે. પ્લી. કપૂર ના વાપરતા. બરાસની તાસીર ગરમ. માટે એક કે બે સળી જેટલો જ એટલે કે મગના એક દાણા જેટલી જ માત્રામાં લેવું.

**૪. ગુલકંદ**

એસિડિટી માટે અક્સીર છે. અરવલ્લી હલ્દીઘાટીમાં કારતકથી ચૈત્ર મહિના દરમિયાન થતા ગુલાબી રંગના ગુલાબની પાંદડી અને ખડી સાકરમાંથી બનેલ ગુલકંદ હું ઓર્ડર આપી બનાવડાવીને મંગાવું છું.

ગુલકંદ ઘરે પણ બનાવી શકાય.

**૫. વરિયાળી**

લીલી, સુગંધી, રેસાદાર, લખનવી વરિયળી જે આંતરડાં સાફ રાખે છે, પાચકરસો ઉત્તેજિત કરે છે અને એસિડિટી મટાડે છે. ઉપરાંત કેલ્શિયમનો સારો સ્રોત.

**૬. લીલું નારિયેળ**

શ્રીફળ – જેને દેવો પણ આરોગે. દરેક રીતે શ્રી અર્થાત્ શુભ. લીલાં નારિયેળનું છીણ. સારા પ્રકારનાં કોલેસ્ટેરોલથી ભરપૂર. સૂકા નારિયેળનું છીણ પણ વાપરી શકાય.

**૭. લવલી કે ચમનબહાર**

બીલીના રસમાંથી બનેલ પાવડર. જેનો પાનના ગલ્લે તૈયાર ડબ્બો મળે છે. ચપટી પાનમાં નાખવાથી પાન બજાર જેવો સ્વાદિષ્ટ બનશે.

તમારે એક વખત પાનનો ડબ્બો તૈયાર કરવાની મહેનત થશે. ઉપરની સામગ્રી પાનના ગલ્લે અથવા પાન બજારમાંથી મળી જશે.

આપણા વડીલોની આદર્શ ખાન-પાનની રીત અને ભારતીય સંસ્કૃતિને ફરી જીવંત રાખવાના પ્રયાસમાં તમે પણ જોડાઈ જાઓ. મને આશા અને વિશ્વાસ છે કે આટલા બધા લાભ હોય તો તમે પણ મારી જેમ નિયમિત પાન ખાતા થઈ જશો. એનો સ્વાદ, મજા, આનંદ તમે પણ માણશો અને તમારા આપ્તજનોને પણ પ્રેમથી પાન ખવડાવશો.

તમને પાન ખાવાના ફાયદા કે લાભ થાય તો મને પણ જરૂરથી જણાવશો. જેથી મારા જ્ઞાનમાં હજુ વધારો થાય્ ને મારો આનંદ બેવડાય.

એ જ પાનની રસિક...

સૌનું ખૂબ ભલુ થાઓ, મંગળ થાઓ...

***ક્રોધ એ એક એવી શક્તિ છે***
***કે જે એના સંગ્રાહકને ખતમ કરીને જ રહે છે.***

# સાત્ત્વિક પાન

અનામિકા ગાલા

હું દિવસમાં બે વખત જમ્યા પછી પાન ખાઉં અને મજા માણું. મને એમ થાય કે જે સ્વાદ, મજા અને લાભ હું માણું છું, એ મારા મિત્રો પણ માણે.

જ્યારે શરૂઆતમાં હું પાન ખાતી'તી ત્યારે વિચાર આવે કે આપણા વડીલો જમ્યા બાદ પાન કેમ ખાતા હતાં અને પાન ખાવાનું આપણે કેમ બંધ કરી દીધું?

આપ સર્વેને મારી નમ્ર વિનંતી છે કે નીચેનું લખાણ ધીરજથી વાંચજો અને પાન ખાવાના ચાલુ કરજો. જેને જેને પાન ખવડાવવા ઇચ્છો તે દરેક નાના-મોટાને આ લખાણ વાંચી સંભળાવજો અથવા સમજાવજો.

મેં પાન ખાવાની જ્યારે શરૂઆત કરી ત્યારે મને પાનના સ્વાદનો આનંદ આવતો હતો. સમય જતાં તે પાનની અંદર વપરાયેલી સામગ્રીનો લાભ પણ મળવા લાગ્યો અને મારો આનંદ બેવડાતો ગયો. દરમિયાન જ્યારે હું જમું અને મારી સાથે જે પણ જમનાર હોય તે દરેકને પાન ખવડાવું. મેં જોયું, દરેકને પાન ખાવું સારું લાગે છે અને તેમનો આનંદ મારા આનંદમાં વધારો કરતો.

જ્યારે જ્યારે મને તક મળે હું દરેક રસિકજનને પ્રોત્સાહન આપું અને જમ્યા બાદ નિયમિત પાન ખાવાનું ચાલુ કરો એવો આગ્રહ કરું. ત્યારે એક વાતની અડચણ મારા ધ્યાનમાં આવી કે પાન બનાવવાની સામગ્રી હાથવગી ન હોય એટલે ઘરે પાન બનાવીને ખાઈ નથી શકાતું.

એટલે મને થયું કે ચાલો તમને પ્રોત્સાહન મળે તે માટે હું તમને લખાણ દ્વારા સમજાવવાનો એક નાનો પ્રયાસ કરું. મને ખબર છે કે મારો આ પ્રયાસ તો ફક્ત એક વખતનો છે. પછી પાન ખાવાનું ચાલુ રાખવું હશે તો તે માટે તમારે જ ઇચ્છા શક્તિ પ્રબળ રાખવી પડશે. એ માટે તમારે નિયમિત પાન ખાવું પડશે.

સામાન્ય સમજણમાં પાનના ગલ્લે જવું એક દૂષણ ગણાય. માટે પાન ખાવાનું ગંદા વ્યસન તરીકે પંકાઈ ગયું. બાળકોને પણ આ દૂષણથી દૂર રાખીએ.

એનાથી વિપરીત હું પાના ખાવાનું કહું છું!

આપણે પાનના ગલ્લે નથી જવું પણ ઘરે પાન બનાવીને ખાવું - ખવડાવવું છે.

સાત્ત્વિક પાનના લાભ અને એને બનાવવા માટે શું કરવું?

**૧. પાન અર્થાત્ તાંબુલ**

જેમાં ઈશ્વરે ભરપૂર માત્રામાં ક્ષાર, રેસા, પાચકરસ ઉત્પન્ન કરતા રસાયણો આપ્યા છે. જે તમારા ભોજનને પચાવવામાં મદદ કરે છે. તમારા આંતરડા, હોજરીને સાફ રાખે છે. તમારી રોગ પ્રતિકારક શક્તિને વધારે છે.

પાનના અલગ અલગ પ્રકાર આવે છે : બનારસી, મઘઈ, કલકત્તી. સામાન્ય રીતે પાન જેટલું ઘેરું લીલું એટલું એમાં એન્ટી ઓક્સિડન્ટ તત્ત્વ વધારે. કલકત્તી પાનમાં મીઠું અને કડવું એમ બે પ્રકાર આવે છું. હું કલકત્તી મીઠું પાન લઉં છું.

નોંધ : જોઈતી સંખ્યામાં પાન લાવી ભીના કપડામાં વિંટાળીને ફ્રીઝમાં રાખવા. જ્યારે જોઈએત્યારે પાનને ધોઈ, ઉપરથી ડીંટું અને નીચેથી ચાંચ કાઢી લેવા.

**૨. ચૂનો :**

કુદરતી કેલ્શિયમ શરીરના હાડકાંને મજબૂત બનાવે છે. ચૂનો ખાવો એ મોટી ઉંમરે સાંધા અને નબળા હાડકાંની સમસ્યાનું નિવારણ હશે એવું મારું માનવું છે. સાંધાઓને પણ કેલ્શિયમની જરૂર હોય છે જે ચૂનામાંથી મળી શકે છે. રોગ પ્રતિકારક શક્તિ વધારે છે.

સામાન્ય રીતે સીધો ચૂનો ખાઈએ તો જીભમાં કે મોઢામાં ચાંદા પડી જાય. એટલે પાણીમાં લીંબુનો રસ ભેળવી, એમાં ચૂનો એક રાત પલાળી રાખું. બીજા દિવસે એ પાણી કાઢી નાખું. આવું ત્રણ વખત કરું. જેથી ચૂનાની તીવ્રતા મંદ પડી જાય. તૈયાર થયેલ ચૂનામાં કેલ્શિયમ + વિટામિન-સી મળે અને નુકસાન ન કરે. વાહ!!

**૩. કાથો**

પાચક રસોને ઉત્તેજિત કરે છે. કુદરતી રીતે પ્રાપ્ત ખનીજ તત્ત્વો, શરીરને જરૂરી એવા આયર્ન, મેંગેનીઝ, ફોસ્ફરસ, કોબાલ્ટ જેવાં તત્ત્વો કે જે વૃક્ષની છાલમાંથી મળે. આ છાલનો પાવડર એટલે કાથો.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૦૬ ઉપર)

# ભારતના સર્વાંગી વિકાસ માટે મહત્ત્વપૂર્ણ યુવા શક્તિ



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

દેશના વિકાસાર્થે તેની યુવા વસતી અત્યંત મહત્ત્વપૂર્ણ સંપત્તિ છે. ભારત વિશ્વમાં સૌથી વિશેષ યુવા વસતી ધરાવતો દેસ છે. **દેશની કુલ વસતીમાંથી ૨૭.૨ ટકા વસતી ૧૫થી ૨૯ વર્ષના જૂથના વયજૂથની છે.** ઋગ્વેદની રૂચા મુજબ, “વધુ સારા વિશ્વના નિર્માણ માટે યુવાનો જ માર્ગ મોકળો કરે છે.”

આજે ભારતમાં વસતી વિષચક્ર લાંભાશોમાં કુલ વસતીમાંથી ૮૦ કરોડ ૬૭ ટકા લોકો ૧૫-૬૪ વર્ષની કામકાજની ઉંમર ધરાવે છે. ઇ.સ. ૨૦૨૦થી ઇ.સ. ૨૦૫૦ ભારતનો સુવર્ણકાળ બની રહેશે. દેશના કાર્યદળમાં બે કરોડ લોકો ઉમેરાઇ રહ્યા છે. દુનિયાભરમાં ભારત ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટ અપ ઇકો સિસ્ટમ છે. વિશ્વમાં દર ૧૦ યુનિકોર્નમાં એક ભારતીય છે.

ઇ.સ. ૨૦૧૪માં ભારત માત્ર ચાર યુનિકોર્ન ધરાવતો દેશ હતો. ઇ.સ. ૨૦૨૨માં ૧૦૦ યુનિકોર્નની સુવિધા ધરાવે છે. ૨૦૧૪માં ભારતે વૈશ્વિક સ્તરે ૪૦૦૦ પેટન્ટ ફાઈલ કરેલ જ્યારે ૨૦૨૨માં તે ૧૫,૦૦૦ થઈ ગઇ છે. ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સમાં પણ ભારત ૨૦૧૫માં ૮૧મા સ્થાને હતુ, જે ૨૦૨૨માં ૪૦મા સ્થાને રહ્યું.

ભારતમાં ૫૬ ઔદ્યોગિક ક્ષેત્રોમાં અનેક વિવિધતા સાથે ૬૫૬ જિલ્લાઓમાં ૭૭૦૦૦ સ્ટાર્ટઅપ ફેલાયેલા છે. જેમાં આઇ.ટી. સેવા, જીવન વિજ્ઞાન, શિક્ષણ, આરોગ્ય સેવા, વ્યવસાયીક સેવા, કૃષિ, ખાદ્ય પદાર્થો સમાવિષ્ટ છે. ઇ.સ. ૨૦૧૪માં ભારત ૨ ટ્રીલિયન ડોલરની અર્થવ્યવસ્થા ધરાવતું હતું. આજે ૩ ટ્રીલિયન ડોલરની અર્થવ્યવસ્થા સાથે વિશ્વમાં પાંચમા ક્રમે છે. ઇ.સ. ૨૦૩૦-૩૧ સુધીમાં વિશ્વની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા તરફ ગતિશીલ છે.

યુવાનોના સશક્તિકરણ માટે ભારત સરકારે અનેક નૂતન યોજનાઓ વિકસાવી છે. જેમાં જ્ઞાન, પ્રવીણતા, બજાર કેન્દ્રિત કૌશલ્યો મુખ્ય છે. આ ઉપરાંત કૌશલ્ય ભારત મિશન, ડિજિટલ ઇન્ડિયા, મુદ્રા યોજના, પી.એમ. કૌશલ વિકાસ, IIT, ITM અને III જેવી વિશ્વ કક્ષાની શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે.

શિક્ષણ નીતિમાં પ્રારંભિક તબક્કાની બાળપણની સંભાળ, માતૃભાષામાં શિક્ષણ, પરીક્ષાઓમાં સુધારણા, શિક્ષકોને તાલીમ આદિ પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. તબીબી શિક્ષણ પ્રણાલીમાં અનેક નવીનીકરણની જોગવાઈઓ થઈ રહી છે.

**ઇ.સ. ૨૦૧૪માં દેશમાં ૩૮૭ મેડિકલ કોલેજો હતી, જે આંકડો વધીને ઇ.સ. ૨૦૨૨માં ૬૦૦નો થયો છે. જે ૫૦%થી વધુ વૃદ્ધિ દર્શાવે છે.** તબીબી ક્ષેત્રે સરકારે અખિલ ભારતીય તબીબી વિજ્ઞાન સંસ્થા AIMS સ્થાપી છે. ઉપરાંત ૮ ઓગસ્ટ ૨૦૧૯માં રાષ્ટ્રીય તબીબી પંચ અધિનિયમ અમલી બન્યો છે. તબીબી શિક્ષણમાં પારદર્શિતા માટે NMC રાષ્ટ્રીય તબીબી પંચ નિમાયું છે. આદિવાસી વિસ્તારોમાં એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓ સ્થપાયેલી છે. જેમાં વિશાળ નેટવર્કને સ્થાન મળ્યું છે. **ઓક્ટોબર ૨૦૨૨ સુધી દેશમાં યુનિવર્સિટીઓની સંખ્યા ૧૦૪૩ થઈ ગઈ છે.** ભારત પ્રાચીનકાળથી જ્ઞાનનું કેન્દ્ર રહ્યું છે. યુવાનોની આકાંક્ષાઓ પૂર્ણ કરવા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ NEP નો પ્રારંભ કરાયો છે.

૨૦૧૯માં ફીટ ઇન્ડિયા ચળવળનો પ્રારંભ થયો. જે યુવાનોને તંદુરસ્ત રાખવા માટેની માનસિકતાને ફરી સજીવન કરી શકાય. ઉપરાંત ખેલો ઇન્ડિયા કાર્યક્રમ દ્વારા સંસ્કૃતિને પુનરુત્કર્ષ કરાઈ રહી છે. જ્યોતિ યોજના અને સૌભાગ્ય યોજનાથી પ્રત્યેક ઘરોમાં વિદ્યુત જોડાણ મળશે. રસોઈ ઘરોને ધુમાડામુક્ત કરતી રાંધણગેસની જોગવાઈ કરતી ઉજ્જવલા યોજના અમલી બની છે.

ભારતનું ભાવિ આપણા યુવાનોના હાથમાં સુરક્ષિત છે.

*“સહજાનંદ”, ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## નવનીત મેડિકલ સેન્ટર - પાલડી

*નવનીત મેડિકલ સેન્ટર - પાલડી ખાતે નેફ્રોલોજી વિભાગની નવી ઓ.પી.ડી. સેવા શરૂ કરવામાં આવેલ છે.*

*નેફ્રોલોજિસ્ટ ડૉ. ઋત્વિન શાહ દર સોમવારે સવારમાં ૯.૦૦થી ૧૦.૦૦ દરમિયાન મળી શકશે.*

*જરૂરિયાતવાળા લોકોને આ સેવાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.*

# જીવનશૈલી આવનારા દાયકામાં

**(Lifestyle for Next Decade)**



ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

જીવનશૈલી એટલે વ્યક્તિની, કુટુંબની અને/અથવા સમાજની વ્યક્તિગત તથા સામાજિક વર્તણૂંક તથા જીવવાની પદ્ધતિ.

આપણી જીવનશૈલી ઘણા બધા વ્યક્તિગત, કૌટુંબિક તથા સામાજિક પરિબળો પર આધાર રાખે છે. આ પરિબળોમાં પરિવર્તન આવે તો આપણી જીવનશૈલી બદલાય છે.

જીવનશૈલી એટલે કે Lifestyle શબ્દ ઓસ્ટ્રીયન સાયકોલોજિસ્ટ આલ્ફ્રેડ એલ્ડરે સંવત ૧૯૨૯માં આપ્યો હતો.

હાલે આપણે ૨૧મી સદીના ત્રીજા દાયકાના પ્રથમ અડધા હિસ્સામાં જીવી રહ્યા છીએ. આ અઢી દાયકામાં સૌ કોઈ જીવનશૈલીમાં નોંધપાત્ર પરિવર્તન અનુભવી રહ્યા છીએ. તેમાં પણ ૨૦૨૦થી કોરોના સમય બાદ દરેક ક્ષેત્રે ઝડપી પરિવર્તન થઈ રહ્યા છે. વ્યક્તિગત ક્ષેત્રે, કૌટુંબિક ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન થયા છે અને હજી પણ થઈ રહ્યા છે. આ પરિવર્તનની અસર પ્રત્યેક વ્યક્તિ પર થોડે ઘણે કે વધારે અંશે થઈ રહી છે.

તેવી જ રીતે અન્ય ક્ષેત્રો જેવા કે સ્વાસ્થ્ય ક્ષેત્ર, ધંધાકીય તથા વ્યવસાયીક ક્ષેત્ર, સંદેશ સંચાર ક્ષેત્ર, વાહન વ્યવહાર ક્ષેત્ર વગેરે ક્ષેત્રોમાં અતિ ઝડપથી પરિવર્તન થઈ રહ્યા છે. એમાં પણ ડિજિટલ ક્ષેત્રની તો વાત જ શું કરવી. ડિજિટલ ક્ષેત્રમાં થઈ રહેલા ઝડપી ફેરફારોની અસર દરેકની જીવનશૈલી પર ખૂબ જ થઈ રહી છે.

## પરિસ્થિતિ-૧

અમારા એક નજદીકના મિત્રનો કિસ્સો જાણવા, વિચારવા તથા સમજવા લાયક છે.

ત્રણેક વર્ષ પહેલાં આ ૬૪ વર્ષના મિત્રનું જીવન રાબેતા મુજબ સારી રીતે શાંતિથી પસાર થતું હતું. મોટો દીકરો C.A. છે અને વ્યવસ્થિત પ્રેક્ટીસ કરે છે. નાનો દીકરો M.B.A. છે અને મોટી કંપનીમાં સારા હોદ્દા પર છે. બંનેના લગ્ન થઈ ગયા છે.

બે-એક વર્ષ પહેલાં મોટો દીકરો છૂટો થઈ બાજુની બિલ્ડિંગમાં અલગથી રહેવા ગયો. એકાદ વર્ષ પહેલાં નાના દીકરાને બીજા શહેરમાં સારી નોકરી મળી. એટલે અલગ એ શહેરમાં રહેવા ગયો. બંને પતિ-પત્ની સિનિયર સિટીઝન સારી રીતે રહેતા હતા.

ત્રણેક મહિના પહેલા ઓચિંતા અચાનક પત્નીનું અવસાન થયું. ૩૪ વર્ષના લગ્નજીવન બાદ અચાનક પત્નીનો વિયોગ તથા એકલવાયું જીવન જીવવાનું શું પુરુષ માટે શક્ય છે? વાચક મિત્રો તમે આ પરિસ્થિતિમાં કેવી રીતે સામનો કરશો? કઈ જીવનશૈલી અપનાવવી?

## પરિસ્થિતિ-૨

પતિ-પત્ની સારી રીતે જીવન જીવતા હતા. કુટુંબીજનો તથા મિત્રો કહેતા, આ એક સુખી કપલ-યુગલ છે. પતિનો ધંધો સારો ચાલતો હતો. પૈસેટકે સુખી કુટુંબ હતું. એકનો એક દીકરો ભણીને પરદેશ સ્થાયી થયો હતો. અહીંથી લગ્ન કરીને ગયો હતો. એક બાળક પણ હતું.

અચાનક એક કાર અકસ્માતમાં પતિનું મૃત્યુ થયું. ધંધાની તથા નાણાંકીય બાબત પત્નીને કોઈપણ ખબર ન હતી. વિલ પણ બનાવેલું ન હતું. દીકરો પોતાની જોબ-નોકરી તથા પરદેશ છોડી મુંબઈ રહેવા તૈયાર ન હતો.

નાણાંકીય બાબતો, કાયદાકીય બાબતો (પતિની જગ્યાએ પોતાનું નામ રજિસ્ટર કરવું વગેરે) તથા પતિનો વિયોગ, એકલવાયું જીવન જીવવું વગેરે પરિસ્થિતિનો સામનો કરવા શું વ્યક્તિ સક્ષમ છે? નાણાંકીય તથા અન્ય કૌટુંબિક બાબતની જાણકારી જીવનસાથી પાસે હોય તો સ્ટ્રેસ ઓછું થઈ શકે?

## પરિસ્થિતિ-૩

૪૧ વર્ષના મહેન્દ્રને (નામ બદલ્યું છે) રાત્રે ૧.૩૦ વાગે છાતીમાં દુઃખાવો ઉપડ્યો. ગભરામણ થવા લાગી. પરસેવે રેબઝેબ થઈ ગયો. બેચેની લાગવા માંડી. પત્ની એકદમથી ગભરાઈ ગઈ. પડોશીને ઉઠાડી પરિસ્થિતિ સમજાવી.

પડોશીએ ડોક્ટરને ફોન કર્યો. હોસ્પિટલમાં દાખલ કરવાની સલાહ મળી. પડોશી પાસે એમ્બ્યુલન્સ માટેના ઈમરજન્સી નંબર હતા. સમયસર હોસ્પિટલમાં સારવાર થઈ. જેથી મહેન્દ્રની

તબિયતમાં સુધારો થયો. થોડા દિવસમાં હોસ્પિટલમાંથી રજા મળી.

પડોશી પાસે ઈમરજન્સી ટેલિફોન નંબર ન હોત તો શું થાત?

આજના સમયમાં આવી અનેક પરિસ્થિતિનો વ્યક્તિએ સામનો કરવો પડે છે. વ્યક્તિની ઉંમર આમાં આવતી નથી. શું આપણે બધા એવા પ્રકારની જીવનશૈલી જીવીએ છીએ કે આવી પરિસ્થિતિનો યોગ્ય પ્રકારે સામનો કરી શકીએ?

## પરિવર્તન

અલગ અલગ ક્ષેત્રોમાં છેલ્લા ચારેક દાયકાથી પરિવર્તનો આવ્યા છે. અમુક ક્ષેત્રોમાં આ પરિવર્તનો ખૂબ જ ઝડપથી આવ્યા છે. આ પરિવર્તનોની આપણી જીવનશૈલી પર ઊંડી અસર થયેલ છે. યોગ્ય અને સારી જીવનશૈલી માટે આ પરિવર્તનો યોગ્ય છે કે અયોગ્ય, સારા છે કે ખરાબ એવો અભિપ્રાય બાંધવાને બદલે આ પરિવર્તનો હકીકત છે. જેનો મનથી સ્વીકાર કરવો અગત્યું છે તથા એ પ્રમાણે આપણી જીવનશૈલીમાં યોગ્ય પરિવર્તનો કરશું તો આપણે સુખેથી રહી શકશું.

નીચે મહત્ત્વના પરિવર્તનોનું વર્ણન કર્યું છે.

**૧. સરેરાશ આયુષ્ય (Life Expectancy)**

વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organization – WHO)ના આંકડાઓ પ્રમાણે ભારતમાં સરેરાશ વય આયુષ્ય (Life Expectancy)વધી છે. ૧૯૪૭માં જ્યારે ભારત સ્વતંત્ર થયું ત્યારે સરેરાશ વય આયુ ૩૨ વર્ષની હતી જે વધીને ૨૦૨૨માં ૭૦ વર્ષની થઈ છે.

સ્વાસ્થ્ય ક્ષેત્રે (Health Sector) આ એક મોટી સિધ્ધિ છે. બીજી બાજુ ૬૦થી વધુ વર્ષના સિનિયર સિટીઝનની સંખ્યા વધતી જાય છે. જેમ ઉંમર વધશે તેમ ઉંમરને લગતા રોગોનું પ્રમાણ પણ વધે છે. સમાજમાં ૭૦ વર્ષથી વધારે વડીલોની સંખ્યા વધે છે. આપણે ઘણા બધા વડીલોને જાણીએ છીએ જેમની ઉંમર ૭૦+ છે. પરંતુ એની સાથે રોગો પણ વધ્યા છે.

(૧) ડાયાબિટીસ, કેન્સર, હૃદયના રોગો, મુત્રપિંડ - કિડનીના રોગો, હાડકાં તથા સાંધાના રોગો, કંપવા (Parkinsonism), લકવો, ડિમેન્સિયા (Alzheimer Disease), અકસ્માતને લગતા રોગો વગેરે વધ્યા છે. (૨) આ રોગોની સારવારનો ખર્ચ વધ્યો છે. આધુનિક દવાઓનો ખર્ચ વધ્યો છે. (૩) દર્દીની જીવનશૈલી પર નકારાત્મક અસર વધી છે. (૪) દેખભાળ કરનાર પરિવારજન (Care givers) તથા કુટુંબ પર પણ નકારાત્મક અસરો વર્તાય છે.

**૨. કૌટુંબિક તથા સમાજ વ્યવસ્થાનું કેન્દ્ર**

આ ક્ષેત્રમાં ધરમૂળથી ફેરફારો થયા છે. જેની આપણી જીવનશૈલી પર ઊંડી અસર થઈ છે.

આપણા વડીલો તથા પૂર્વજોએ સૈકાઓ પહેલા કૌટુંબિક તથા સામાજિક વ્યવસ્થા બનાવી હતી. આ સમાજ વ્યવસ્થામાં (૧) કુટુંબ તથા સમાજને પ્રાધાન્ય આપવામાં આવતું હતું. (૨) વ્યક્તિને પ્રાધાન્ય કુટુંબ / સમાજ પછી મળતું હતું. (૩) કુટુંબ / સમાજ માટે વ્યક્તિગત લાભ જતા કરવાનું શીખવાડવામાં આવતું હતું.

આજની ૨૧મી સદીમાં આ વ્યવસ્થામાં ફેરફાર થયો છે. (૧) વ્યક્તિ પોતાના માટે વિચાર પહેલા કરે છે, વ્યક્તિ પોતાને પ્રાધાન્ય આપે છે. (૨) કુટુંબ / સમાજને આ પછી પ્રાધાન્ય અપાય છે. (૩) વ્યક્તિ પોતાની વ્યક્તિગત ઉન્નતિ પ્રગતિ માટે કુટુંબ / સમાજનું નુકસાન થતું હોય તો પણ.

વિભક્ત કુટુંબ શહેરોમાં વધતા જાય છે. પતિ-પત્ની તથા એક બાળક. જો વિપરીત સંજોગો આવે, ત્રણમાંથી એકને હોસ્પિટલમાં દાખલ કરવો પડે તો કુટુંબનું શું?

નબળા કે અપંગ ભાઈ-બહેનો સંયુક્ત કુટુંબમાં સચવાઈ જતા હતા. આજે એમનું શું?

૭૦ વર્ષ પહેલા સરેરાશ આપણે પાંચ ભાઈ-બહેનો હતા. બાળકો કેમ મોટા થઈ જતા એ માતા-પિતાને ખબર પણ ન પડતી. પાંચ ભાઈ-બહેનોમાંથી બે ભાઈ-બહેન, એક બાળક પર આપણે આવ્યા. આજે તો યુગલને એક પણ બાળક જોઈતું નથી. કાકા, મામા, ફુઆ, માસી વગેરે સંબંધોનું શું?

**માર્ચ-૨૦૨૨ મહિનાના 'મંગલ મંદિર'ના તંત્રી લેખમાં શ્રી અશોક મહેતાએ એક અન્ય પરિસ્થિતિનું વર્ણન કર્યું છે, જે ઊંડો વિચાર માંગી લે છે.**

આ ઉપરાંત રોજિંદા જીવનમાં ઉપયોગી એવી (૩) ડિજિટલ ટેકનોલોજી (કમ્પ્યુટર જ્ઞાન, ઇ-મેઇલ, નેટ બેન્કિંગ વગેરેનો વપરાશ), (૪) મોબાઇલ ફોન વિશેનું જ્ઞાન, (૫) સોશિયલ મીડિયા વિશેનું જ્ઞાન (૬) વાહન વ્યવહારના સાધનો માટે બુકિંગ કરાવવાનું (એર, રેલવે બુકિંગ, શહેરોમાં ઓલા - ઉબેર વગેરેનું બુકિંગ તથા વપરાશ) વગેરેનું જ્ઞાન મેળવવું જરૂરી છે. એમાં પણ ખાસ કરીને સિનિયર સિટીઝનોએ.

આ ૨૧મી સદી — જે ટેકનોલોજી સદી કહેવાય છે એમાં શાંતિથી જીવવા માટે જીવનશૈલીમાં કયા અને કેવા ફેરફારો કરવા જોઈએ એ માટેની ચર્ચા આવતા અંકમાં કરીશું.

***<u>તા.ક.</u> : 'મંગલ મંદિર'ના આ 'ષષ્ઠીપૂર્તિ વિશેષાંક' અંકમાં ૨૧મી સદીના ત્રીજા દાયકામાં 'આધુનિક જીવનશૈલી' વિશે ચર્ચા શરૂ કરીએ, વાચકોના મંતવ્યો જાણીએ તથા એક યોગ્ય જીવનશૈલીનું નિર્માણ કરીએ.*** **(ક્રમશઃ)**

# ડોલી : કચ્છી વાણી રાણીજી!



જયંતી જોષી 'શબાબ'

*"કચ્છી વાણી રાણીજી*
*આઉં ડોલી શણગારીયાં."*

*– દુલેરાય કારાણીજી*

*"સિલોકજા સવાલખ ડીંધલ લડીવ્યા લાલ*
*ધૂલા ધિલવારા ભલા મિડે કિત ભજીવ્યા?*
*કચ્છીભાષા ચેંતી આઉં નિપટ નોંધારી લગાં,*
*કચ્છીયેંજે અંતરજા ડીયા કુરો ઉજી વ્યા?*

*– પ્રતાપરાય ત્રિવેદી*

આપણી મીઠડી માતૃભાષા કચ્છીના પ્રતિનિધિ કવિઓના આ ભાવ, જેમ આજના અનેક સર્જકોનાં મનમાં વસે છે, તેમ સમગ્ર ભારતમાં ઠેકઠેકાણે વસેલા પ્રત્યેક કચ્છીને એવું થાય છે કે મારી માતૃભાષા કઈ રીતે વિશ્વની શ્રેષ્ઠ ભાષા બની શકે? કઈ રીતે એને રાજકીય માન્યતા મળે અને તે રાષ્ટ્રના વિકાસની સાથે સાથે માનવતાની અમૂલ મિરાત બની રહે?

આપણી આ અમૃતમયી ભાષાના વિકાસની ખૂટતી કડીઓ અને તેને દેશના બંધારણ પ્રમાણેની માન્યતા મળે એ દિશામાં કેટલાક મુદ્દાઓ આપની સમક્ષ મૂકવાનો ઉપક્રમ છે.

૧. ભાષાની પ્રાચીનતા બાબતે અભ્યાસુ સર્જક અને વિદ્વાનો જેવા કે દુલેરાય કારાણીજી, શિવાજીભાઈ બારોટ, ડૉ. ગોવર્ધન શર્મા અને ડૉ. ભાવના મહેતા તથા અન્યોમાં મતમતાંતર છે. આ અનિર્ણાયક પરિસ્થિતિ દૂર કરવા આપણી પાસે હાજર હોય એવી ગદ્ય - પદ્યના નમૂના ભાષા વિજ્ઞાનની એરણ પર કસી જોવા જોઈએ. ઉચ્ચારણોનું આધુનિક ભાષા વિજ્ઞાનના આધારે તલસ્પર્શી અધ્યયન તથા એ દિશાના વિદ્વાનોમાં એકવાક્યતા આ સમસ્યાનું નિવારણ આપી શકે. ડૉ. શાંતિભાઈ આચાર્ય, ડૉ. સતીષ રોહડા, ડૉ. મહેન્દ્ર દોશી તથા સદ્ય પ્રકાશિત પુસ્તક 'કચ્છી ભાષાનું બંધારણ'ના લેખક ભરતકુમાર મોહનલાલ છાયાના તારણોને આધારે નિવેડો કરી શકાય.

૨. આપણી ભાષાની પ્રકૃતિ લાઘવની રહી છે. એટલે ભાષાનો વિગતવાર ઈતિહાસ મળવો મુશ્કેલ છે. છતાં જેટલા પણ પ્રાપ્ત હોય એટલા અને સાંપ્રત સમયના સાહિત્યસર્જનના નમૂના અધ્યયન માટે સત્વરે હાથ ધરવા જોઈએ.

૩. ભાષાની નોખનોખી બોલીઓને ભાષા વિજ્ઞાનને હવાલે ચકાસીને માનકીકરણ કરવાથી સર્વમાન્ય ભાષા બની શકે. આ દિશામાં કામ કરનારાઓના નામ આપણે જાણી ચૂક્યા છીએ પરંતુ કોઈ નિર્ણાયક તબક્કે આપણે નથી પહોંચી શક્યા. તેને પરિણામે જે અરાજકતા વ્યાપે છે તે આપણી ભાષાની માન્યતા આડે આવી શકે છે.

૪. આપણી ભાષામાં સમયે-સમયે કચ્છી શબ્દોની શબ્દાવલી તેમજ નાના-નાના કોશ મળતા રહ્યા છે. વિગતે ઉલ્લેખ, સ્થળ સંકોચને કારણે, થઈ શકે તેમ નથી. પરંતુ સાંપ્રત સમયમાં જે લોકો આ દિશામાં કામ કરતા હોય એવા બધા, જેમ કે શ્રી લાલજી મેવાડા 'સ્વપ્ન', ડૉ. વિશન નાગડા, ડૉ. કાંતિ ગોર 'કારણ', ભરતકુમાર મોહનલાલ છાયા, ઉમિયાશંકર અજાણીજી વગેરે સાહિત્યકારોની સાથે સાથે ભાષા વિજ્ઞાનના જાણકારોને બેસાડી 'કચ્છ વિદ્યા સર્વકોશ' તૈયાર થાય એ આજના વખતની માંગ છે.

અન્ય ભાષાના જાણકારો પણ આપણી પાસે આજે ઉપલબ્ધ છે ત્યારે કચ્છીમાંથી ગુજરાતી ઉપરાંત હિંદી, અંગ્રેજી કે મરાઠી વગેરે ભાષાના શબ્દકોશ યથાશીઘ્ર સાંપડે એ ખૂબ જ જરૂરી છે કે જેથી અન્ય ભારતીય ભાષાઓ સાથે સાહિત્ય લેવડ-દેવડનું કામ સુપેરે કરી શકાય.

૫. સમર્થ કચ્છી શ્રેષ્ઠીઓ દ્વારા કે પછી રાજ્ય સરકારના સથવારે અનુવાદનો એક અલાયદો ઉપક્રમ ઊભો કરી કચ્છી સાહિત્યનું અન્ય ભાષાઓમાં રૂપાંતર અને અન્ય ભાષાના સાહિત્યનું કચ્છીમાં રૂપાંતરની પ્રક્રિયા મોટેપાયે તથા ત્વરીત હાથ ધરવી ઘટે.

૬. પત્રકારીતા, પ્રવાસ વર્ણન, નવલકથા લેખન, નાટ્ય લેખન વગેરેની સાથે સાથે કચ્છની કલાઓ જેવી કે ચિત્રકલા, વાઢાકામ, ચાંદીકામ, જહાજ નિર્માણ વગેરે વગેરેને આવરી લઈને શ્રેષ્ઠ સર્જન બહાર આવે તે માટે પ્રોત્સાહન મળવું બાકી છે.

૭. અંતમાં રાજકીય માન્યતાની વાત કરીએ તો તે એક જટીલ પ્રક્રિયા છે અને જ્યાં સુધી સાહિત્યકારો કે સર્જકોને કે તેમના સર્જનને પ્રજાનો પ્રબળ ટેકો ન મળે ત્યાં સુધી એવી

માન્યતા મળવી આકાશકુસુમવત્ લાગે છે. સાહિત્યકારોમાં પણ પરસ્પર ભાઈચારો, સદ્ભાવ અને 'સંગચ્છધ્વમ્‌નો ભાવ જાગે તથા પ્રત્યેક કચ્છી જ્યાં જ્યાં બેઠો હોય ત્યાં ત્યાંથી કચ્છીના વિકાસને માટે પોતાની મતિ અને શક્તિ પ્રમાણે યોગદાન આપવા તત્પર રહે તો જ તે ધ્યેય પામી શકશે.

બીજા રાજ્ય જ્યારે પોતાની ભાષા હિંદી, મરાઠી કે અન્ય ભાષાઓમાં વકીલ અને તબીબ તૈયાર કરવાની વેંતમાં છે ત્યારે આપણે આપણી ભાષાની સજ્જતા કે સરકારી માન્યતાના મામલે પ્રમાદ છોડી આગળ વધવું રહ્યું. માતૃભાષામાં આપણે બાળકોને શિક્ષણ મળે તેવા પ્રયાસો સરકારી સહભાગીતા સાથે કરવા રહ્યા. ભાષા પ્રત્યે લાગણીસભર ઉદ્‌ગારો કરવા એ આજે સમારંભોમાં ફેશન જેવું લાગે છે. અનુદાન જરૂર આવશ્યક છે પરંતુ સાહિત્યનું પરિશીલન એટલે કે વાંચન, મનન પણ નહીં ભળે તો સાહિત્યકારો લખશે કોના માટે? સમયે સમયે નવસર્જનને અવકાશ મળે, એનું મૂલ્યાંકન થતું રહે એ જરૂરી છે. અમને લાગે છે કે આટલું કરીશું તો બંધારણીય માન્યતાની દિશા પણ જરૂર ખૂલશે. કારણકે...

*"ખુદી કો કર બુલંદ ઈતના*
*કી હર તકદીર સે પહલે*
*ખુદા બંદેસે ખુદ પૂછે,*
*બતા તેરી રજા ક્યા હૈ?"*

## નિશાકુમારી

**(અનુસંધાન : પાના નં. – ૨૧૪ ઉપરથી ચાલુ)**

એવરેસ્ટ આરોહણ ખૂબ પરિશ્રમ, સાહસિકતા, ધૈર્ય માંગી લે છે અને તેની સાથે આ ખૂબ ખર્ચાળ વ્યાયામ છે. મધ્યમવર્ગી પરિવારની આ યુવતી એવરેસ્ટ આરોહણના કપરા ચઢાણ માટે સંકલ્પ કર્યો છે પરંતુ તેને સાકાર કરવા માટે સમાજ અને સંસ્થાઓ આર્થિક પીઠબળ પૂરું પાડે તેવી અપેક્ષા પણ નિશાકુમારી રાખે છે.

શું આપ પણ પર્વતારોહણ માટે તૈયાર છો ને? મને આપના જવાબની 'મેઘ વર્ષા', ૧૪, સપ્તગીરી સોસાયટી વિભાગ ૩, સાંઇ મંદિર અને બગીચાની પાછળ, વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા ૩૯૦ ૦૧૧. મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮ અથવા ઇ-મેઇલ : maunjoshi@gmail.com કે maun_66@yahoo.co.in પર રાહ જોઇશ હોં...

- **સંવેદના :**
  *હૈયે હામ હોય તો ક્યારેય નિષ્ફળતા મળતી નથી.*

## ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન - મુંબઈના પ્રમુખ વિજ્ઞેશ ભેદાની કથા

**(અનુસંધાન : પાના નં. – ૨૨૧ ઉપરથી ચાલુ)**

વિજ્ઞેશને એક્ટીંગનો પણ જબરો શોખ છે. વર્ષો પહેલા મેં ભુજપુર માટે નાટક "અસત્ય મેવ જયતે" નામનું પોલીટીકલ સ્ટાયર બનાવેલું. એ જમાનામાં તેજાબી ચાબખા મારતું નાટક ભજવવા ડેરીંગ જોઈએ. પણ અમારી આખી ટોળકીએ એ પરાક્રમ કરેલું! એના બે-ત્રણ શો પણ થયેલા. વિજ્ઞેશ ઉપરાંત સુધીર પણ એ નાટકમાં હતો.

વિજ્ઞેશે આવી તો બહુ બધી સામાજિક પ્રવૃત્તિઓ કરી છે. સમય બદલાયો અને આજના યુવાનો સમાજથી વિમુખ થયા. યુવાનોને સમાજથી કનેક્ટ કરવા સાવ અલગ પ્રકારના પર્સનાલિટી કેમ્પ યોજવાનો આઈડિયા એના મનમાં આવ્યો એટલે સ્થાનકવાસી મહાજન દ્વારા આ કેમ્પ કરી જબરા પરિણામો મેળવ્યા.

મહાજન દ્વારા સ્વમાન લગ્નનો અલગ જ પ્રકારનો આઈડિયા એના મનમાં આવ્યો. જેમાં સમયની માંગને ધ્યાનમાં રાખી બંને પક્ષના સાતસો મહેમાનોની મોટી સંખ્યા રાખી નવો આયામ આપ્યો. એટલું જ નહીં, બંને પક્ષનું સ્વમાન જાળવવા સ્ટેજ પરથી ભાષણ, હારતોરાની મનાઈ ફરમાવી. સમાજને આ આઈડિયા ગમી ગયો અને માત્ર એક જ વર્ષમાં કરોડો રૂપિયાનો વેડફાટ બચાવવા આ પ્રગતિશીલ યુવાને કાર્ય કર્યું.

ગોરેગામ ક.વી.ઓ. પ્રગતિ મંડળના પ્રમુખ તરીકે વિજ્ઞેશ અને સાંતાક્રુઝ ક.વી.ઓ. જૈન મહાજનના પ્રમુખ તરીકે સુધીરે નેત્રદીપક કાર્ય કર્યું છે.

સ્વપ્નશીલ વિજ્ઞેશનું પીઠબળ છે એની વાઈફ પારૂલ. પારૂલ પોતે એક અદ્ભુત અભિનેત્રી છે. સેવા સમાજના મારા નાટકો 'એક હતો માણસ' તથા 'એનું નામ ઝરણા દીવાન'માં અફલાતુન અભિનય કરેલો. ત્યારબાદ એકતા કપૂરની સિરીયલમાં અભિનયની વ્યવસાયીક શરૂઆત કરી, પણ વિજ્ઞેશને મોકળું મેદાન આપવા પોતાની કારકિર્દી સમેટી, ગૃહસ્થ જીવનમાં પરોવાઈ ગઈ. જેમ વિજ્ઞેશ ભણવા મુંબઈ આવ્યો તેમ એનો દીકરો ભણવા મુંબઈથી કેનેડા ગયો અને જાણે સમયનું બીજું ચક્ર પૂરું થયું.

સ્થાનકવાસી મહાજનને દોઢસો વર્ષ પૂરા થયા ત્યારે દોઢસો વર્ષનો ઈતિહાસ ડિજિટલ નાટક રૂપે સ્ટેજ પર રજૂ કરવાનું કામ મને સોંપ્યું. ઈતિહાસ ગોતી કાઢવો સહેલો નો'તો કારણકે એ જમાનામાં ગૂગલ, ઈન્ટરનેટ કે વીડિયોગ્રાફી નહોતી. એટલે તથ્યો શોધવા વિજ્ઞેશ મચી પડ્યો. ત્યારે વિજ્ઞેશનો સથવારો મને અને સાથીદાર તેજસ, કવન સાવલા માટે ઉજાણી બની ગયો!!

*૧૦૧૧, વીર મહલ સોસાયટી, ભારત માતા સિનેમાની સામે,*
*ડો. બી.એ. રોડ, લાલબાગ, મુંબઈ-૪૦૦ ૦૧૨.*
*મો. ૯૭૫૭૪ ૦૫૮૭૨*



# કચ્છડો તો દિલડામાં

ડૉ. ચંદ્રકાંત ત્રિવેદી

મને કોઈ પૂછે કે ઈશાઅલ્હાની મહેરની અનુભૂતિ તમને ક્યારે પણ થઈ છે? તે વખતે મારો એક જ સાવ સાચુકલો સાક્ષીભાવે જવાબ હોય છે : 'હા, મારી જન્મભૂમિ કચ્છડાએ તેનાથી ખોવાઈ ગયેલા તેના આ ગોધડીના લાલને તેના બધા ગુના માફ કરી પુનઃ પોતાના હૂંફાળા ખોળામાં ઝુલાવતો કરી દીધો.'

ઈ.સ. ૧૯૫૦માં મારા બારમા વર્ષે મેં કચ્છને કાયમ માટે છોડી દીધું ત્યારે મારા શિક્ષક સુલેમાન સાહેબને પગે લાગવા ગયેલો ત્યારે મારા પર વહાલપ વરસાવી કચ્છની મોંઘેરી ધરોહર સાચવવા માટે સંસ્કારપાઠ આપતા છેલ્લી ભલામણ કરતા ગળગળા બની મને કહેલું, 'દિકરા, આપણો કચ્છડો કોઈ ચોપડી કે નકશામાં માત્ર ભણવા માટે નથી. પરંતુ તેના ચહેરા પર એકપણ કરચલી ન પડે તેનું જતન કરવા તેને દિલડામાં ઝુલાવતા જવાનો છે.'

સમયની ભીડમાં હું તેના ચહેરાને ભૂલતો ગયો. ત્યારે મને ક્યાંથી ખબર હોય કે તેની માટીમાં આળોટતાં કે તેનું પાણી પીતાં પીતાં તેણે મારા આભલામાં વાવેલી હરિયાલી રણ બની મને પથરીલી બનાવતી જાય છે. તેથી જ સ્તો કાળચક્રનાં પ્રચંડ ભૂકંપ વચ્ચે મારી જનમભોમને હસાવવા ત્યાંનું ખિસકોલું પણ ખુદાના ઘરે શું જવાબ દઈશ તેવી તેની પ્રત્યે આસ્થાને કારણે ઠેકડા ભરી ભરી તેને રમૂજ કરાવતું હતું. ત્યારે સંકટકાળમાં પણ મારું ત્યાં કોણ? મારે તેની સાથે હવે શું લેવાદેવા? નકારાત્મક મારા માનસને કારણે તેનો સાદ હું અવગણતો જતો હોઈશને?

લંડન ખાતેના મારા સરકારી શૈક્ષણિક પ્રોજેક્ટનાં કામ વચ્ચે હું ગંભીર રૂપથી માંદગીમાં પટકાયેલો. પ્રોફેસરનો મારો મિજાજ ઘડીભરમાં પીગળી ગયો, જ્યારે બાળક બની મારી માનાં હુંફાળા ખોળામાં લપાઈ ગયો ત્યારે મને પહેલી વખત અહેસાસ થયો કે અસંખ્ય કરચલીઓવાળા ચહેરાવાળી મારી મા મારા ચહેરા પર એક પણ ડાઘ ન પડે તે માટે મારા ઉપર કેટલી બધી મમતા વરસાવે છે. મારા ઉપર હાથ ફેરવતી બોલેલી, 'કેવું લાગે છે?' ભીની આંખે હું બોલેલો, 'મા, તારો હેતાળ સ્પર્શ તો મને ત્રિલોકી રાજ કરતાં પણ અધિક સુખ આપે છે. તું તો કંચનજંઘાની ગંગોત્રી છો મારી મા!' 'દીકરા, મારાથી સવાઈ તો આપણી જનમભોમ કચ્છ છે. તારા બાળપણની જેમ તેની માટીમાં, પહાડોમાં, ખુલ્લી હવામાં રમતું રમ. તે તને ટનાટન કરી દેશે.' 'પણ મા, મેં તેના માટે કશું પણ ક્યાં કર્યું છે?' પોતાના સાડલાના છેડાથી મારી આંખમાં વહેતાં પશ્ચાતાપના આંસુ લૂછતાં લૂછતાં પૂરા કચ્છડાને ભરીભરીને પીતાં ગદ્‌ગદ્ કંઠે તે બોલેલી, 'દીકરા, માભોમની માટીના મૂલને છાબડાથી તોળાતા હશે? તું તેનો દુનિયાના મેળામાં ખોવાયેલો લાલ છો. એટલે તને જોઈ જોઈ ગાંડીઘેલી બની જશે.' કેટલું બધું કચ્છને પુનઃ મારા હૈયામાં ઝૂલાવવા માટે કુદરતી બનતું જતું મારી માનું મારા પર વરસતું વાત્સલ્ય હતું. અજમેર-ગાંધીધામ એક્સપ્રેસમાં વર્ષોના વહાણા પછી બેસતાં જ મારા ખાલીખમપણામાં પોતાનાપણાની પ્રતીતિ મારો કચ્છડો કરાવી મને નવજીવન આપતો જતો હતો તે સ્વાભાવિક હતું. કારણકે,

*'મેલેમેં ભટકે હોતે તો કોઈ ઘર પહુંચા જાતા,*
*હમ ઘરમેં ભટકે હૈં, કૈસે ઠોર ઠિકાને આયેંગે.'*

પોતાની ચેતનાથી મારા કચ્છડાએ મને તેના હૈયામાં મન મૂકી ઝુલાવ્યો. પુનઃ મારી સાથે આત્માની તેણે ઉદારભાવે દોસ્તી બાંધી દીધી. તેથી જ સ્તો વળતી ગાડીમાં બેઠાબેઠા હું ભરીભરીને કચ્છના સીમાડાને પીતો હતો. તેની સરહદના છેલ્લા ઝાડવાંને જોઈ અલવિદા કહેતાં મેં મારો હાથ તેના તરફ લહેરાવેલો. મરક મરક હસતી તેની લહેરખી પેલા સુલેમાન સાહેબની જેમ મને સંસ્કારપાઠ પુનઃ આપતી હતી કે, 'મારા ગાંડાઘેલા કચ્છી માડુ, આપણી માભોમ કચ્છડાને સ્વપ્નામાં પણ ક્યારેય અલવિદા કરાતી હશે? મારી આંખ છલાછલ થઈ ત્યારે મને સમજાયું કે, મારા કચ્છડાને આ ઝાડ કે પેલું ખિસકોલું પણ તેના તરફ કૃતજ્ઞતા વ્યક્ત કરવા તમન્નાથી પોતાનાં હૈયામાં ગેલ કરાવતું હોય તે જુસ્સો જ કુદરતી પ્રચંડ આફતમાં ભોંયભેગા પોતાના પ્યારા વતન કચ્છડાને ઘડીના છઠ્ઠા ભાગમાં તેને અડીખમ કરી પૂરા મલક સામે તેના મસ્તક પર ગૌરવનો તાજ પહેરાવતો જતો હશે ને!

મને હવે એકલવાયું લાગતું નથી, પાનખરની બીક લાગતી નથી. પેલા કૈલાસ કરતાં પણ મારા આત્માને શાંતિ મળતી જાય છે. મારામાં અહોઅહો કચ્છડાના ભાવસ્પંદનો જાગતા જાય છે, કારણકે મેં તેના વિશાળ બિલ્ડિંગ કે તેની ભૌતિકીને સ્પર્શ કરવા કરતાં તેની માટીમાં પુનઃ રમી જવાનો સંકલ્પ કર્યો છે.

કચ્છડાનું મારા હૈયામાં થયેલું ભાવનાત્મક પુનઃ જોડાણ મારા ઉપર વરસેલી પરમાત્માની કૃપા - આશિષ છે કારણકે, મને હવે હાશકારો થતો રહે છે કે, મારા મૃત્યુ વખતે તેના ચહેરા ઉપરની એકાદ કરચલીને પણ જુવાનડી ન બનાવવા માટે મને વસવસો નહીં રહે.

*રીજનલ કોલેજ, કોટડા, તેજા ચોક, અજમેર (રાજસ્થાન)*

# ચાલુ વર્ષે માઉન્ટ એવરેસ્ટ સર કરવાની ખેવના રાખતી નિશાકુમારી



મનીષ જોષી 'મૌન'

***પૂર્વ સૈનિક પરિવારની પુત્રીની પર્વતારોણ માટેની પ્રતિબધ્ધતા***
***લક્ષ્ય નક્કી હોય તો પછી વિઘ્નો આવે તો પણ તે પાર કરવા જ જોઈએ, સફળતા મળશે જ.***



**નિશાકુમારી**



વડોદરાના આજવા રોડ પર આવેલી સિગ્મા ઈન્સ્ટિટ્યૂટ નજીકની એક સોસાયટીમાં રહેતા ઍરફોર્સના પૂર્વ સૈનિક સ્વ. દીવાનચંદ ગૌતમના પત્ની સોનાદેવી પોતાની સ્કૂલે જતી દીકરી નિશાકુમારીને હિંમત નહીં હારવા શીખ આપતા હોય છે. તેને કારણે સ્કૂલ લાઈફમાં નિશાકુમારી હાર્ડ કહેવાય તેવી પર્વતારોહણની જિંદગી જીવવાનું નક્કી કરે છે. મોટાભાઈ રજનીશ ગૌતમ અને નાનાભાઈ ચેતન ગૌતમ તેને પ્રેરીત કરે છે. તેની વચ્ચે નિશાકુમારી વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાંથી માસ્ટરીની ઈન્સ્ટિટ્યૂટ મેથેમેટીક્સ પૂર્ણ કરે છે. તે જ વખતે યુનિવર્સિટીની ટેકનોલોજી ફેકલ્ટીમાં 'પરામર્શ' ઈવેન્ટ યોજાય છે.

આ ઈવેન્ટમાં નિશાકુમારીને નીલેશભાઈ નામના પર્વતારોહકની મુલાકાત થાય છે અને નિશાકુમારી રૂપી પાણીને ઢળવા માટે ઢાળ મળી ગયો. અર્થાત્ પર્વતારોહણ માટે કયા કયા ગુણ હોવા જોઈએ? કયા કોર્સ કરવા જોઈએ? તેની માહિતી મળતા સ્વામી વિવેકાનંદના "ઉઠો જાગો અને ધ્યેય સિદ્ધિ માટે મથતા રહો" વાક્ય મુજબ નિશાકુમારી પ્રયત્નશીલ બની પર્વતારોહક બનવા માટે.

જરૂરી તમામ કોર્સ તે પૂર્વે સ્કૂલ લાઈફમાં ધર્મશાળામાં ટ્રેકિંગ કર્યું હતું. હવે એમ.એસ. યુનિવર્સિટીમાંથી નૈનીતાલના ચાઇના પીઠને પણ સર કરવાની તક મળી ગઈ.

'બેટી પઢાઓ'નો સંદેશો આપતી નિશા કુમારીએ એ પછી બરફ પર સરકવા માટે સ્કીઈંગનું પ્રશિક્ષણ પણ લીધું. લાંબા પાટિયાની પાવડી પગમાં પહેરીને બે હાથમાં બે સોટીઓની મદદથી બરફમાં સરકવાની આ રમતથી આરોહણ સમયે સ્થિરતા અને સમતુલા જાળવવાનું કૌશલ્ય સતેજ બને છે તેમ નિશાકુમારી માને છે.

નિશા કુમારીએ સાઈકલિંગ, દોડ અને પર્વતારોહણ જેવા સાહસના ક્ષેત્રમાં કારકિર્દી કંડારી રહી છે.

નિશાકુમારીના જીવનનું લક્ષ્ય વિશ્વના સૌથી ઊંચા એવરેસ્ટ પર્વતને સર કરવાનું છે અને આ ધ્યેયને સિધ્ધ કરવા એ વર્ષના ઘણા મહિના બરફથી છવાયેલા વિસ્તારોમાં સાઈકલિંગ, દોડ અને વિવિધ શિખરોના આરોહણ દ્વારા શરીરને એવરેસ્ટ આરોહણ માટેના પડકારોને અનુકૂળ બનાવવા કરવાની કવાયત સતત કરી રહી છે.

આ દિશાના પ્રયાસરૂપે તેણે તાજેતરમાં બરફથી છવાયેલા મનાલીમાં આઈસ સ્કીઈંગનું ઉપયોગી પ્રશિક્ષણ અટલ બિહારી વાજપેયી પર્વતારોહણ અને સંલગ્ન રમત સંસ્થાનમાં લીધું છે. આ ૧૫ દિવસના કોર્સથી તેનો આત્મવિશ્વાસ વધ્યો છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.– ૨૧૨ ઉપર)**

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૨૬

### શ્રી શંખલપુર તીર્થ (શ્રી શાંતિનાથ ભગવાન)



ઉત્તર ગુજરાતના બેચરાજી સ્ટેશનથી ૧ માઇલ દૂર આવેલા શંખલપુર ગામમાં ત્રણ શિખરવાળું ભોંયરાબંધી વિશાળ મંદિર આવેલું છે. મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની પ્રભાવશાળી પ્રતિમા અહીં બિરાજમાન છે. અહીં મૂળ ગભારો, ભોંયરું અને ભમતિના ૨૫ ગોખલાઓમાં પણ મૂર્તિઓ બિરાજમાન છે. મૂળ તો લક્ષ્મણ નામના રાજાએ પોતાના નામ પરથી વસાવેલા આ ગામનું નામ સલખણપુર હતું. એમાંથી એનું નામ શંખલપુર બની ગયું. ચૌદથી સત્તર સૈકા સુધી આ ગામમાં શ્રાવકોની વસતી ઘણી મોટી હતી અને જૈનોની જાહોજલાલી હતી. કવિશ્રી ગુણવિજયજીએ વિ.સં. ૧૬૮૭માં રચેલા કોચરવ્યવહારી રાસમાં એવી હકીકત મળે છે કે શ્રેષ્ઠી કોચરે શ્રી સુમતિસાધુસૂરિ (જન્મ : વિ.સં. ૧૪૯૪ અને સ્વર્ગવાસ : વિ.સં. ૧૫૫૧)નું વ્યાખ્યાન સાંભળ્યું. સૂરિજીએ ઉપદેશમાં અહિંસા વિશે કહ્યું ત્યારે કોચર શ્રેષ્ઠીએ બહુચરાજી પાસે થતી હિંસાની વાત કરી. એ સમયે ગુરુજીએ સાજણસિંહ નામના ખંભાતના સંઘના પ્રતિષ્ઠિત આગેવાનને આ અંગે કંઈક કરવા કહ્યું. સાજણસિંહે પોતાના પ્રભાવનો ઉપયોગ કરીને સુલતાન પાસેથી ફરમાન મેળવ્યું. એણે કોચરને બાર ગામનો અધિકારી બનાવ્યો. અધિકાર મળતાની સાથે જ બારે ગામમાં અમારીપડહ વગડાવ્યો અને એ દિવસથી બહુચરાજી વગેરે ગામોમાં થતી જીવહિંસા બંધ થઈ. ચૌદમા સૈકામાં માંડવગઢના મંત્રી પેથડકુમારે અહીં એક જિનમંદિર બનાવ્યું હતું. અહીંના ભોંયરાઓમાંથી ઘણી જિન પ્રતિમાઓ મળતાં એ પ્રાચીન મંદિરોનો પુરાવો આપે છે. વિ.સં. ૧૮૭૬માં નૂતન મંદિરનું નિર્માણ થયેલું છે અને વિ.સં. ૧૯૦૫માં એની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

## તીર્થ દર્શન-૨૭

### શ્રી તારંગા તીર્થ (શ્રી અજિતનાથ ભગવાન)


Shri Ajitnath Bhagvan, Taranga, Gujarat.

રમણીય કુદરત, ઉત્કૃષ્ટ શિલ્પ સમૃદ્ધિ અને અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે તારંગા તીર્થ આવેલું છે. આ તીર્થનું મુખ્ય મંદિર ૧૫૦ ફૂટ લાંબુ, ૧૦૦ ફૂટ પહોળું અને ૧૪૨ ફૂટ ઊંચું છે. મંદિરની રચના મહામેરુ પ્રાસાદની છે. આ મંદિરમાં બીજા તીર્થંકર શ્રી અજિતનાથ ભગવાનની ૨.૭૫ મીટર ઊંચી, શ્વેત વર્ણની પદમાસનસ્થ પ્રભાવશાલી પ્રતિમા આવેલી છે. આથી આ મંદિર અજિતપ્રાસાદ કે અજિતનાથ વિહાર તરીકે ઓળખાય છે. ભારતના કોઈ પણ ડુંગર પર તારંગા તીર્થ જેટલું ઊંચું મંદિર જોવા મળશે નહીં. એ જમાનામાં આવું ભવ્ય અને ઉત્કૃષ્ટ બાંધણીવાળું દેરાસર આટલા દૂર અને વિકટ સ્થળે રચવામાં કેટલો બધો પરિશ્રમ કર્યો હશે, તેવો વિચાર સહજ જ થાય.

જૈનોના પાંચ મુખ્ય તીર્થોમાંનું એક મહાતીર્થ તારંગા છે. વિક્રમની પહેલી શતાબ્દીમાં જૈનધર્મી મહારાજ વત્સરાજે અહીં સિદ્ધાયિકા દેવીનું મંદિર બંધાવ્યું. એ પછી વિ.સં. ૧૨૨૧માં મહારાજા કુમારપાળે સ્થાપત્યકલાથી પરિપૂર્ણ એવું આ વિશાળ મંદિર બંધાવ્યું. વિ.સં. ૧૨૮૪ના ફાગણ વદ બીજે મહામાત્ય વસ્તુપાળ - તેજપાળે શ્રી વિજયસેનસૂરિજીના હસ્તે આ જિનાલયના બે ગોખલામાં શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવ્યાનો ઉલ્લેખ મળે છે. વિ.સં. ૧૪૭૯માં ઈડર નિવાસી શ્રી ગોવિંદ શ્રેષ્ઠી દ્વારા આ.શ્રી સોમસુંદરસૂરિજીના હસ્તે તેમજ વિ.સં. ૧૬૪૨માં આ.શ્રી વિજયસેનસૂરિજીના હાથે પ્રતિષ્ઠા કરાવ્યાના ઉલ્લેખો મળે છે. આ મંદિરના વિશાળ પ્રાંગણમાં કુંથુનાથ ભગવાનનું મંદિર, સહસ્રકૂટ મંદિર, નંદીશ્વર દ્વીપ, ચૌમુખજી ભગવાન વગેરે તથા મંદિરની બહાર કોટિશિલા, મોક્ષબારી વગેરે દર્શનીય છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

# અલ્ઝાઇમર / ડિમેન્શિયા



વસંત 'કચ્છ કેસરી' – મુંબઈ

અલ્ઝાઈમરની બીમારીમાં વ્યક્તિ પોતાની સ્મરણ શક્તિ ગુમાવી દે છે. સામાન્ય રીતે વૃદ્ધ વડીલોમાં આ રોગનું પ્રમાણ આજકાલ વધારે જોવા મળે છે. થોડી શરૂઆત થાય ત્યારે નાની નાની વાતો ભૂલાઈ જાય, જે સમય વીતતા વિસ્મૃતિ વધતી જાય. પોતાની નિત્યની પ્રવૃત્તિઓ પણ ભૂલી જવાય. આપ્તજનોની ઓળખાણ ના રહે, કપડાં પહેરવાનો ખ્યાલ ન રહે, બહારના રસ્તા ભૂલી જાય. એક જ વાત વારંવાર કહેતા રહે, સ્વભાવ જીદ્દી થઈ જાય વગેરે બદલાવ જીવનમાં આવી જાય!

પહેલાના જમાનામાં આ બીમારીનું પ્રમાણ નહિંવત્ હતું. હાલ છેલ્લા ચાલીસેક વર્ષોમાં આવા અલ્ઝાઈમરના દર્દીઓ ઘણા કુટુંબોમાં જોવા મળે છે. ૬૦ વર્ષની વય વટાવી ચૂકેલા ઘણા વડીલો પોતાની રોજિંદી જીવનશૈલીની ઘણી વાતો, ક્રિયાઓ કે વ્યવહારોમાં અનાયાસે ભૂલ કરતા જોવા મળે છે. આ દર્દની સારવાર કે અટકાવવાની કોઈ પણ અક્સીર ઔષધ હજી શોધાઇ નથી.

આવા અલ્ઝાઈમરના દર્દીઓના કુટુંબીઓ સાથે ચર્ચા કરતા હું, મારા મતે એક નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે આપણા વડીલોના જીવનમાં ખૂબ મોટું પરિવર્તન આવ્યું છે. અગાઉના સમયમાં વડીલો એમના જીવનમાં અંત સમય સુધી કાર્યરત રહેતા. શરીરથી થાકેલા વડીલો પણ માનસિક રીતે પ્રવૃત્ત રહેતા હતા. ખેતીવાડી કે દુકાનદારી જેવા કામમાં શારીરિક રીતે વ્યસ્ત રહેતા. શરીર શિથિલ થતાં, ત્યારે પરિવારમાં પુત્રો વ્યવસાય સંભાળી લેતા. ત્યારબાદ માનસિક રીતે સલાહ સૂચન, સામાજિક તથા ધાર્મિક સંસ્થાનોમાં સ્વૈચ્છિક સેવામાં પોતાને પરોવી દેતા. વડીલો નવરા પડતા જ ન હતા. તેથી પથારીમાં પડીને મૃત્યુની રાહ જોતા નહીં. દુનિયામાંથી વિદાય પણ મિનિટોમાં થઈ જતાં!

આજે સંપૂર્ણ જીવનશૈલી બદલાઈ ગઈ છે. જેમ કે કુટુંબો વિભક્ત થયા, યુવાનો અન્ય નવા વ્યવસાયોમાં ગોઠવાતા ગયા, વડીલો એકલા પડી ગયા, સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓના રૂપ અને સ્થાન બદલાયા. તેથી એમને અનુકૂળતા ના રહી. જુદા જુદા લતાઓમાં રહેઠાણને લીધે એમના સમવયસ્કો સાથે છેટું પડવા લાગ્યું. વિચારોમાં પેઢીઓનું અંતર પડવા માંડ્યું વગેરે જેવા અનેક કારણોને લઇને વૃદ્ધો મનથી નિષ્ક્રિય થતા ગયા. આ નિષ્ક્રિય મનમાં ધીરે ધીરે વિચારવાની શક્તિ ઘટતી ગઈ, અકળામણ વધી. તેથી વિસ્મૃતિ વધતી ગઈ. જે વધીને અલ્ઝાઈમર જેવી બીમારીનું રૂપ લઈ લીધું. શક્ય છે કે અન્ય કારણો જેવા કે કૌટુંબિક અશાંતિ, આર્થિક પરાવલંબન, અધૂરી ઈચ્છાઓ તથા સામાજિક પ્રવૃત્તિઓથી બહિષ્કાર વગેરે પણ આ બીમારી માટે જવાબદાર હોય!

આવી માનસિક બીમારીની પરિસ્થિતિથી વડીલોને બચાવવાનો એક માત્ર ઉપાય એ જ જણાય છે કે આજનો યુવાવર્ગ તેમજ નજીકના કુટુંબીઓ આજના વડીલોને વાંચન, સંગીત, મિત્રોની સંગત, પર્યટન, યાત્રા વગેરેમાં પરોવી રાખવા સગવડ કરે, એમને ગમતી કોઈ અન્ય પ્રવૃત્તિ કરવા છૂટ આપે. ટુંકમાં વડીલોને સ્વતંત્ર રીતે એમનું શેષ જીવન બંધનમુક્ત જીવવાની અનુકૂળતા કરી આપે. એમનું મન પ્રફુલ્લિત રહેશે તો અલ્ઝાઈમર ક્યારેય નજીક નહીં આવે એ ચોક્કસ! મિત્રોની સંગત, આ ઉંમરે અત્યંત આનંદ અને જીવવાનો ઉત્સાહ પ્રદાન કરે છે. વીતેલા સમયના ખારા મીઠા પ્રસંગો, અનુભવો વગેરેની મિત્રો સાથે આપ-લે કરવાથી મગજને કસરત મળે અને હંમેશાં ક્રિયાશીલ રહે!

વડીલ બંધુઓ! ખુશ રહો, મન આનંદિત રહે તેવી પ્રવૃત્તિઓ કરો, વાંચો, લખો, શરીર સાથ આપે તો પર્યટન કરો, ધાર્મિક સત્સંગ કરો, મિત્રોને ફોન કરો. શોખ પૂરા કરો, મોબાઈલ વાપરો, સંગીત માણો, ગમે તે કરો પણ મલકાતા રહો, વિચારશીલ રહો!! મૃત્યુ આવવાનું હશે ત્યારે આવશે એની ચિંતા શા માટે? મોજ કરો...

**મો. ૮૪૫૧૦ ૯૮૬૭૮**

## એક જ વાર પસાર થવાનું છે

***ભાગદોડભરી આ દુનિયામાંથી મારે એક જ વાર પસાર થવાનું છે ત્યારે,***

ક્યાંક કોઇના આંસુ લૂછી શકું,
ક્યાંક કોઇ સ્મિત વેરી શકું,
ક્યાંક કોઈનું દર્દ પી શકું,
કોઈની સામે લંબાવું હમદર્દીનો હાથ.
કરી લઉં આ બધું આ બનતી ત્વરાએ
ફરી કદી આ રસ્તે આવવાનું ન યે થાય.

વ્યક્તિ વિશેષ

# પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહના "કચ્છી મિત્ર"ની કથા



વસંત ઉમરશી મારૂ

ગામ ભુજપુરના મંગલભા ભેદાનો રંગૂનમાં ચોખાનો જબરદસ્ત વેપાર હતો. એમના પત્ની કંકુબા અને પરિવાર ભુજપુરમાં રહેતા હતા. બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું અને અચાનક ધમધોકાર ચાલતી ચોખાની બે મિલો મૂકી, મંગલભા પહેરેલ કપડે પહેલી સ્ટીમર પકડી ભારત આવવા રવાના થયા.

સ્ટીમરનું પહેલું સ્ટોપ હતું મદ્રાસ અને હતપ્રભ મંગલભા મદ્રાસમાં ઉતરી ગયા. એક લાકડાની વખારમાં નોકરીએ લાગ્યા. થોડા સમયમાં ભુજપુરથી પોતાના પરિવારને પણ મદ્રાસ બોલાવી લીધા.

ભુજપુર જેવા ગામમાંથી મદ્રાસ જેવા મોટા શહેરમાં આવી એમની દીકરી લીલા ભેદા ભણતરમાં એક પછી એક સિદ્ધિના સોપાન સર કરવા લાગી. આ ઘટનાના થોડા વર્ષ પહેલાં ૧૮૩૭માં કોડાય ગામમાં મોંઘીબાનાં કુખે પ્રવીણનો જન્મ થયો. પિતા મેઘજીબાપા મુંબઈની એક સાકરની પેઢીમાં કેશિયર તરીકે કામ કરતા હતા.

પ્રવીણ નાનો હતો ત્યારે કોડાય ગામમાં ભરાતા મહાદેવના મેળામાં મહાલવા જતો. મોંઘીબા પ્રવીણને મેળામાં છ પૈસા વાપરવા આપતા. આ છ પૈસા કેવી રીતે વાપરવા એનું બજેટીંગ દિવસો સુધી એના મનમાં ચાલતું. એ બજેટીંગની પ્રોસેસમાં ને પ્રોસેસમાં વર્લ્ડ ક્લાસ ઈકોનોમિસ્ટ બનવાના બીજ રોપાયા. એ પ્રવીણ વીસરિયા આગળ જતાં અમેરિકામાં રહી ઈકોનોમિક્સમાં પી.એચ.ડી. કરી બની ગયા ડૉક્ટર પ્રવીણ વિસરીયા!

કચ્છના ગામડાંઓમાં જન્મેલા પ્રવીણભા અને લીલાબેન સમય જતાં ઈકોનોમિસ્ટ અને સોશિયોલોજી (ડેમોગ્રાફી - વસતીશાસ્ત્રી) બની ભારતના વિકાસમાં અદ્‌ભુત ફાળો આપવાનું નસીબ લઈને જન્મ્યા હતા. એટલું જ નહીં, બંને વિશ્વવિખ્યાત બની ગયા.

ખાંડની પેઢીમાં કેશિયર તરીકે કામ કરતા મેઘજીબાપાના પુત્ર પ્રવીણ કોડાયની શાળામાં ભણી મુંબઈ આવ્યા. સર્વોદય કેન્દ્ર - મહાવીર વિદ્યાલય ઈત્યાદિમાં રહી એલ્ફિસ્ટન કોલેજમાં બી.એ. વિથ ઈકોનોમિક્સ કર્યું. મુંબઇ યુનિવર્સિટીમાં એમ.એ. કરી અમેરિકાની પ્રિસ્ટન યુનિવર્સિટીમાં ઈકોનોમિક્સ જેવા અઘરા વિષયમાં સંશોધન કરી પી.એચ.ડી. કરી ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરી.

અતિ તેજસ્વી ડૉ. પ્રવીણભાઈ ધારત તો અમેરિકામાં લાખો ડોલરની નોકરી મેળવી શકત. પણ આ કચ્છી માડુએ પોતાના દેશ ભારત આવી પોતાની ટેલેન્ટનો ઉપયોગ કરી ભારતના વિકાસમાં યોગદાન આપવાનું સ્વપ્ન જોયું હતું.

એટલે છવ્વીસ વર્ષની નાની ઉંમરમાં પી.એચ.ડી. કરી ભારત પાછા આવ્યા અને મુંબઈ યુનિવર્સિટીમાં સીધા રીડર તરીકે જોડાયા અને દસ વર્ષ સુધી પ્રોફેસર ડૉ. પ્રવીણ વિસરીયાએ પોતાના જ્ઞાનની વહેંચણી ઈકોનોમિક્સના વિદ્યાર્થીઓને કરી, ભારતના અર્થશાસ્ત્રીઓ તૈયાર કર્યા.

બીજી બાજુ મંગલભા ભેદા પહેરેલ કપડે રંગૂન છોડી, મદ્રાસમાં લાકડાની મિલમાં કામ કરતા કરતા પોતાના બાળકોને સારું શિક્ષણ મળે તે માટે સંઘર્ષ કરતા રહ્યા. એક સમય હતો જયારે મંગલભાના શ્રીમંત પિતા હંસરાજ બાપાના કુટુંબીજનોએ છેક જામનગરમાં ભેદા ધર્મશાળા બાંધી હાલાર વિસ્તારમાં આવન જાવન કરતા કચ્છના યાત્રિકો માટે સગવડ ઊભી કરી હતી.

તો હંસરાજભાએ એ સમયની અલ્ટ્રા મોડર્ન લાઈબ્રેરી ભુજપુરમાં બનાવી. જેનું આજે પણ જ્ઞાનપીપાસુ લાભ લે છે. એમના પૌત્ર પ્રફુલ ભેદાએ કેમિસ્ટ્રીમાં એમ.એસ.સી. કર્યું છે. પ્રફુલભાઈએ દક્ષિણ ભારતના ચાર રાજ્યોના વિવિધ શહેરોમાં વસતા કચ્છી ઓસવાળ કુટુંબોને કલ્યાણજી સૈયા સાથે મળી સંગઠિત કરી વિકાસના અદ્‌ભુત કાર્યો કર્યા છે.

સૌથી મોટી દીકરી લીલાએ મદ્રાસની ગુજરાતી સ્કૂલમાં ભણી મદ્રાસ યુનિવર્સિટીમાં બી.એ.ની ડિગ્રી મેળવી ત્યારે યુનિવર્સિટીમાં ટોપર હતા. ત્યાં જ એમના લગ્ન પ્રો. ડૉ. પ્રવીણભાઈ સાથે થતાં મુંબઈ આવ્યા અને મુંબઈમાં એમ.એ. કર્યું.

થોડા સમય પછી અચાનક એક વર્ષ માટે પ્રવીણભાઈને અમેરિકાની એક યુનિવર્સિટીમાં ભણાવવા જવાનું થતું લીલાબેન પણ સાથે અમેરિકા ગયા. લીલાબેન ત્યાં ડેમોગ્રાફી (સોશિયોલાજી) વિષયમાં પી.એચ.ડી. થયા. આમ બંને મેધાવી પતિ-પત્ની ડૉક્ટરેટ કરી ભારતના અર્થશાસ્ત્ર અને ડેમોગ્રાફી (વસતી શાસ્ત્ર)માં બહુમૂલ્ય યોગદાન આપવાનું શરૂ કર્યું.

આમ તો ડેમોગ્રાફી (વસતી શાસ્ત્ર) અને ઈકોનોમિક્સ (અર્થશાસ્ત્ર) એ અઘરા અને અટપટા વિષય છે. સામાન્ય માનવીઓને કદાચ આ વિષયમાં રસ પડે નહીં. પણ આ વિષયના

એક્સપર્ટ ડેટા (આંકડા) ભેગા કરે, એનું એનાલિસીસ કરે અને તર્કબદ્ધ રીતે છણાવટ કરી એ આંકડાઓમાંથી સિધ્ધ થતી બાબતો પર ઊંડાણમાં લખે. આ લખાણનો ઉપયોગ પ્લાનિંગ કમિશન કે બીજી ગવર્નમેન્ટ એજન્સીઓ કરે.

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા એજ્યુકેશન, હેલ્થ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઇત્યાદિ અનેક વિભાગોની યોજનાઓ કે સ્કીમ જાહેર થાય એના પાયામાં અર્થશાસ્ત્રીઓ કે સમાજશાસ્ત્રીઓએ તારવેલા તથ્યો (એનાલિસીસ)ના આધારે ઘડાય છે.

પ્રો.ડૉ. પ્રવીણ વિસરીયા અને ડૉ. લીલા વિસરીયાએ પોતાના મનગમતા ક્ષેત્રમાં હરણફાળ ભરી. શરૂઆતમાં પ્રવીણભાઈએ દસ વર્ષ સુધી મુંબઈ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર ભણાવ્યું. પ્લાનિંગ કમિશનના વાઇસ ચેરમેન ડૉ. લાકડાવાળાના એ લાડકા! તો એમ.એ. થયા પછી લીલા વિસરીયાએ પ્રોફેસર દાતાવાળા સાથે ઇકોનોમિક્સના રીસર્ચ પ્રોજેક્ટમાં કામ કર્યું.

આ કચ્છી દંપતીની ખ્યાતિ અર્થશાસ્ત્ર સર્કિટમાં ફેલાવા લાગી. ત્યાં પ્રવીણભાઈને વર્લ્ડબેંકમાં જોડાવાનું આમંત્રણ મળ્યું. બંને જણા અમેરિકા ગયા. **એ સમયે એક કચ્છી માડુ વર્લ્ડ બેંકમાં ડાયરેક્ટ સિનિયર ઇકોનોમિક્સ તરીકે જોડાય એ નાનીસૂની વાત નહોતી. લીલાબેન ત્યાં યુ.એન.ના ઇસ્ટ એશિયા રીજનના કન્સલ્ટન્ટ તરીકે જોડાયા.**

બેંગકોકમાં પ્રથમ બાળક સુજાતાનો જન્મ થયો. પ્રવીણભાઈને વર્લ્ડબેંકના ઉપક્રમે એશિયાના દેશો થાઈલેન્ડ, મલેશિયા, ઇન્ડોનેશિયા, ફિલીપાઇન્સ, સિંગાપુર ઇત્યાદિમાં અવારનવાર જવું પડતું.

તે સમયે વર્લ્ડ બેંકમાં મોન્ટેકસિંઘ અહલુવાલિયા હતા. સાતેક વર્ષ સુધી એશિયન કન્ટ્રીઝ માટે વર્લ્ડબેંક તરફથી પ્રવીણભાઈએ અદ્ભુત કાર્ય કર્યું. પણ મનમાં સતત વતનની યાદો જોડાયેલી હતી. એટલે એક દિવસ પ્રવીણભાઈએ વર્લ્ડ બેંકને અલવિદા કહી પોતાના વતનના રાજ્ય (અમદાવાદ)માં પાછા આવ્યા.

ડૉ. પ્રવીણ વિસરીયા અને ડૉ. લીલા વિસરીયાની વિશેષતા એ હતી કે ઇન્સ્ટિટ્યૂટ્સ એમને સામેથી શોધતી રહેતી. પોતાને ત્યાં કામ કરવા ઑફર આપતી રહેતી. **એટલે આ દંપતી એક સાથે અમદાવાદની સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટમાં અને પછી ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડેવલોપમેન્ટ રીસર્ચમાં પ્રવીણભાઈ ડાયરેક્ટર તરીકે જોડાયા.**

અનેક વિષયો પર અથાક સંશોધન કરી ભારતના અર્થશાસ્ત્રને નવી નવી થિયરીઓથી તરબતર કરી દીધું.

**એ જ રીતે લીલાબેને ડેમોગ્રાફર તરીકે અનેક તારવણીઓ કરી, અવનવા વિષયો પર સંશોધન કરી થિયરીઓ વિકસાવી.**

આ કચ્છી દંપતીએ તારવેલી થિયરીઓને ગવર્નમેન્ટની અનેક સ્કીમ અને યોજનાઓમાં વાપરવામાં આવી છે અને હજુ પણ વપરાય છે.

ભારતના પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ પણ અર્થશાસ્ત્રી છે. તેમને ડૉ. પ્રવીણભાઈની શક્તિની જાણ હતી. **આ ટેલેન્ટેડ અર્થશાસ્ત્રીને અમદાવાદથી દિલ્હી બોલાવી સીધા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇકોનોમિક્સ ગ્રોથના ડાયરેક્ટર પદે બેસાડી દીધા.** ડૉ. મનમોહનસિંગ એના ચેરમેન હતા. ઘણા વર્ષો સુધી એમણે સાથે કામ કર્યું. દિલ્હીમાં એમની સાથે માત્ર પ્રોફેશનલ નહીં પણ અંગત સંબંધ પણ બંધાયા. એકબીજાના ઘરે આવવા -જવાનો વહેવાર હતો. ફેમિલી ફ્રેન્ડ હતા.

પ્લાનિંગ કમિશન (પંચવર્ષીય યોજના)થી લઇ વર્લ્ડબેંકમાં, દેના બેંકના ડાયરેક્ટરથી લઇ તેજસ્વી અર્થશાસ્ત્રી તરીકે ઘણું મોટું ગજું કાઢ્યું. દિલ્હીમાં હતા ત્યાં જ અચાનક માંદા પડતા મુંબઈ આવ્યા અને ટૂંકી માંદગીમાં આ જગતમાંથી વિદાય લીધી.

પ્રવીણભાઈની વિદાયનો આઘાત લીલાબેનને પચાવવો અઘરો હતો. એટલે પોતાના કાર્યોમાં વધુને વધુ ખૂંપી ગયા. આ કચ્છી દંપતીએ અર્થશાસ્ત્ર અને ડેમોગ્રાફીના ઉચ્ચ સ્તરના ઘણા પુસ્તકો લખ્યા હતા. અભ્યાસુ અને વિદ્યાર્થીઓને ઉપયોગી આ પુસ્તકોએ ઇનોકોમિક સર્કીટમાં લોકપ્રિયતા મેળવી છે. બંનેના કેટલાક પુસ્તક આજે પણ એમેઝોન પર વેચાઈ રહ્યા છે.

આ પ્રતિભાશાળી દંપતીના સંતાનો પણ ખૂબ જ પ્રતિભાશાળી છે. દીકરી સુજાતા કોલંબિયા યુનિવર્સિટીમાં અર્થસાસ્ત્રમાં પી.એચ.ડી. કરી અત્યારે હોંગકોંગ યુનિવર્સિટીમાં પ્રોફેસર છે. તો જમાઈ અનીરબન બિઝનેસ મેનેજમેન્ટમાં પી.એચ.ડી. થયા છે. દીકરો અભિજીત ડેમોગ્રાફીમાં અમેરિકામાં પી.એચ.ડી. કરી આજે નેશનલ યુનિવર્સિટી ઓફ સિંગાપુરમાં કામ કરે છે. પુત્રવધૂ કૃતિ પણ સોશિયોલોજીમાં પી.એચ.ડી. થઇ સિંગાપુરમાં કાર્યરત છે.

**આમ, કચ્છની કાશી કહેવાતા કોડાય ગામના વિસરીયા કુટુંબના તમામ સભ્યો અમેરિકામાં પી.એચ.ડી. થયા એવી ઘટના ભારતમાં ક્યાંય થઈ નથી!**

ડૉ. લીલા વિસરીયા જેવી પ્રતિભાશાળી વ્યક્તિત્વ આજીવન પ્રવૃત્તિ માટે સર્જાયા હોય એમ નિવૃત્તિ બાદ કચ્છ મહિલા વિકાસ સંગઠનના પ્રેસિડેન્ટ હતા. આ સંસ્થા કચ્છના ભીમાસર ગામમાંથી કમ્યુનિટી રેડિયો ચલાવે છે. “હેલો સખી” ટેલિફોન લાઇન દ્વારા દારૂડિયા કે મારપીટ કરતા પતિની ફરિયાદ કરતી મહિલાઓના પ્રશ્નોના નિરાકરણ કરે છે. ભરતકામ ઇત્યાદિની ટ્રેનિંગ આપી સંસ્થા કચ્છની સ્ત્રીઓને પગભર કરવા મદદ કરે છે.

ડૉ. લીલાબેન મુંબઈની ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સમાં આજે સક્રિય ભૂમિકા ભજવે છે. લીલાબેન અમદાવાદમાં રહે છે. આવા મેધાવી કુટુંબને વંદન. ■

વ્યક્તિ વિશેષ

# ૭૬ વર્ષના 'યુવાન' શાંતિલાલભાઈ ડુંગરશી મારૂની કથા...



વસંત ઉમરશી મારૂ

ડેપા ગામમાં ખેતરમાં મજુરી દ્વારા દસ વર્ષના દીકરા શાંતિની બે આનાની કમાણી પર હરખાઈ ઉઠતી માતાને ક્યાં ખબર હતી કે રોજ બે આનાની મજુરી કમાવી લાવતો દીકરો શાંતિ એક દિવસ કરોડો કમાવી લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવશે.

દસ વર્ષના શાંતિભાઈ મુંબઈ આવી માહિમ ખાતે પોતાના ફોઈ પાસે આવી નોકરી કરવા લાગ્યા. પછી શાંતિભાઈએ દાદર સ્ટેશનની બહાર ફેરિયા તરીકે ઉભા રહી લોકોની ફાઉન્ટન પેનમાં શાહી ભરી આપવાનું કામ શરૂ કર્યું. માત્ર એક પૈસામાં બે શાહી ભરી આપે. પણ ચહેરા પર કારોબાર શરૂ કરવાનો સંતોષ હતો.

પછી ફૂટપાથ પર લોટરી વેચવા લાગ્યા. પિતા ડુંગરશીભાઈ પણ એમાં જોડાયા. લોટરી વેચવી એટલે લોકોને સ્વપ્નો વેચવાનો વ્યવસાય. અચાનક કોઈને લોટરી લાગે તો જીવન પલટાઈ જાય. એમ કરતા કરતા એમણે દાદરમાં બસ્સો ફૂટનું પતરાવાળું ઘર ખરીદી મા મુરીબાઈ તથા ભાઈ-બહેનોને મુંબઈ બોલાવી લીધા.

પછી રાનડે રોડ પર ફૂટપાથ પર સાડીનો પથારો કરી સાડીઓ વેચવાનું શરૂ કર્યું. દુકાનમાં મળતી સાડીઓ જેવી જ સાડી સસ્તા ભાવે મળતી જોઈ ઘરાકી જામવા લાગી. દાદરના સેવાભાવી મગનભાઈ ધરોડના માર્ગદર્શનમાં પોપટલાલ બિલ્ડિંગમાં રૂપિયા છ હજારની માતબર રકમમાં ઘર લીધું.

અને ગામ ટોડાના નિર્મળાબેન સાથે એમના લગ્ન લેવાયા. નિર્મળાબેન સામાન્ય ગૃહિણી નો'તા પણ પતિના ખભેખભા મિલાવી સાડીના વ્યવસાયમાં ઝંપલાવ્યું. એમના શુકનવંતા પગલાં સાથે શાંતિભાઈનું નસીબ પલટાયું.

શાંતિભાઈ પાસે કલર, ડિઝાઈન અને ફેશનની આર્ટિસ્ટીક સેન્સ હતી. પરિણામે બહુ ચીવટપૂર્વક લાવેલો માલ વેચાઈ જતો અને એમાંથી એમને એક બીજું સાહસ કરવાનું સુઝ્યું. દાદર ડીસિલ્વા સ્કૂલના મેદાનમાં બે મિત્રો સાથે મળી સેલ લગાવ્યું. સેલને મળેલા પ્રતિસાદથી ઉત્સાહિત થઈ રાજકોટ, વડોદરા, અમદાવાદ ઈત્યાદિમાં કપડાના સેલથી દેકારો બોલાવી દીધો.

આ આખી જર્ની દરમિયાન બે મહા માનવોને કારણે એઓ સમાજસેવાના ફિલ્ડમાં આવ્યા. એમાંના એક હતા કચ્છી સમાજના સ્વપ્નદૃષ્ટા **પૂજ્ય ખીમજી માડણ ભુજપુરિયા.** બીજા હતા **મગનભાઈ ચાંપશી ધરોડ.** દાદર જેવા પ્રાઈમ એરિયામાં મુંબઈ સુધરાઈએ મગનબાપાના નામે ચોક બનાવ્યો છે એજ એમની વિરાટતા બતાવે છે. જે કચ્છીઓ માટે ગર્વની વાત છે. આ બંને ઉપરાંત **કરશન લધુ નીસર**ને કારણે શાંતિભાઈ ધીરે ધીરે સમાજસેવામાં પ્રવેશ્યા.

સમાજસેવાની સાથે સાથે વ્યવસાયનો વ્યાપ વધવા લાગ્યો. દાદર વેસ્ટ સ્ટેશનની સામે સુવિધા નામની પ્રખ્યાત દુકાન શરૂ કરી. ભાઈઓ પણ ધંધામાં જોડાઈ ગયા હોવાથી સુવિધાનો વ્યાપ વધવા લાગ્યો. દાદર સ્ટેશનની બહાર ફાઉન્ટન પેનમાં ત્રણ પૈસામાં ઈન્ક ભરવાનું કામ કરતા **શાંતિભાઈ આજે સુવિધા નામની દસ હજાર ફૂટની મસમોટી દુકાનના માલીક બની ગયા છે!! સાથે બિલ્ડર તરીકે પણ નામ કમાવ્યું છે.**

આ માત્ર નસીબની વાત નથી પણ એમાં છે એમની સખત મહેનત, બુદ્ધિ, ચતુરાઈ અને સાહસ કરવાની હિંમત ભળેલી છે. સફળતાની હરણફાળ ભરી અને સાથે સાથે સમાજસેવામાં નોંધનીય કાર્ય કર્યું.

નોકરી ધંધાની શોધમાં આવતા માનવ મહેરામણથી દાદર ઉભરાય. બહારગામથી ઈલાજ માટે આવતા લોકો, કે ગરીબ અને ફૂટપાથ પર જીવન વિતાવતા ભિખારીઓના દેવદૂત બનવાનું જાણે શાંતિભાઈના નસીબમાં હતું. એટલે જ આજથી છેક **ત્રીસ વર્ષ પહેલા શાંતિભાઈએ દાદરના પ્લાઝા સિનેમા પાસે ખીચડીઘર શરૂ કર્યું.**

એ સમયે સમાજ માટે ખીચડી ઘરનો કન્સેપ્ટ સાવ નવો હતો. એનું ઉદ્ઘાટન શ્રી મનોહર જોશી (લોકસભાના સ્પીકર તેમજ મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી) જેવા મોટા નેતાએ કર્યું. આ ત્રીસ વર્ષમાં અટક્યા વગર નિયમિત ખીચડી ઉપરાંત સીરો અને કેળા ખવડાવી લાખો લોકોની જઠરાગ્નિ શાંત કરવા સેવાભાવી કાર્યકરો મચી પડ્યા. આખું આયોજન બહુ મહેનત માંગી લેતું હતું.

એકલા રહેતા વડીલો કે સંતાનોથી તરછોડાયેલા વડીલોની દારુણ અને કરુણ પરિસ્થિતિ જોઈ શાંતિભાઈનું હૃદય કરુણાથી ભરાઈ જતું. **પરિણામે આવા અશક્ત, નિરાધાર, તરછોડાયેલા વૃદ્ધ વડીલોની જીવનસંધ્યા સુધારવા માટે તળોજા ખાતે "મુરીબા ડુંગરશી મારૂ"ના નામે વૃદ્ધાશ્રમ શરૂ કર્યું.**

વૃદ્ધોની જેમ અપંગો માટે પણ શાંતિભાઈએ બહુ ઉમદા

કાર્ય કર્યું છે. શારીરિક ખોડ ધરાવતા દિવ્યાંગોમાંથી ઘણા દિવ્યાંગોના ઑપરેશન કરી એમની તકલીફો ઓછી કરી શકાય. પણ ગરીબ દિવ્યાંગોનો હાથ કોણ ઝાલે?

**એટલે ઉદયપુર (રાજસ્થાન)માં નારાયણ સેવા સંસ્થાનના ઉપક્રમે "મુરીબાઈ ડુંગરશી મારૂ" હોસ્પિટલ શરૂ કરવા શાંતિભાઈએ કમર કસી અને આજે આ હોસ્પિટલ અસંખ્ય દિવ્યાંગોના આંસુ લૂછે છે.** ત્યારે ઉપર મુરીમા પોતાના પુત્ર શાંતિભાઈ પર હરખઘેલા થઇ ઓવારણાં લેતા હશે...

એમ તો પિતા ડુંગરશીબાપા પણ પુત્રની ઉદારતા જોઈ પરલોકમાં હરખાતા હશે કેમકે **શાંતિભાઈએ દહિંસર નવનીત હોસ્પિટલમાં જનરલ વોર્ડથી લઇ મદ્રાસ શંકર નેત્રાલય સુધી અનેક જગ્યાએ માતબર દાન આપી પિતૃ તર્પણ કર્યું છે** (દાનની યાદી લાંબી છે.)

સામાજિક સંસ્થાઓમાં જોડાઈ એમણે જબ્બર કાર્ય કર્યું છે. સમાજમાં ટોપ પર આવતી સંસ્થા સ્થાનકવાસી મહાજનમાં એમણે જીવનના કિંમતી ચોવીસ વર્ષ સુધી યોગદાન આપ્યું. **છ છ વર્ષ સુધી સ્થાનકવાસી મહાજનના પ્રમુખ અને છ-છ વર્ષ સુધી ઉપપ્રમુખ રહ્યા.**

સ્થાનકવાસી મહાજનના પ્રમુખ હતા ત્યારે એમનું એક બહુ ઉમદા કાર્ય હજી પણ લોકો યાદ કરે છે. એ સમયે ખબર પત્રિકા ઘરે ઘરે જઈ મહારાજ દ્વારા વિતરણ કરતા. પણ પત્રિકાનું વિતરણ કરનાર ભાઈઓની અનિયમિતતાથી લોકો ત્રાસ્યા હતા. **છેવટે બંને મહાજને પત્રિકા વિતરણની ગોઠવણ છાપાના ફેરિયાઓ દ્વારા કરી, વિતરણને નિયમિત કરી, સમાજનું દિલ જીતી લીધું. આખી વ્યવસ્થા ગોઠવવામાં શાંતિભાઈએ ચાવીરૂપ ભૂમિકા ભજવી.**

**ડેપા યુવક મંડળની સ્થાપના કરી ગામવાસીઓ માટે ભાયંદરમાં રહેઠાણ યોજના સફળતાપૂર્વક પાર પાડી.** એ જમાનામાં મુંબઈમાં રહેઠાણ યોજના વિચારવી એ પણ ઘણું એડવાન્સ હતું. પણ શાંતિભાઈની કુંડળીમાં દૂરંદેશીપણાનો બહુ મોટો યોગ હતો!

**"કચ્છી જૈન ફાઉન્ડેશન" દ્વારા સમાજના ઘર વગરના બે હજાર કુટુંબોને ડોંબીવલી નાલાસોપારા ઇત્યાદિ વિસ્તારમાં ઘર આપવામાં આવ્યા છે.** આજની તારીખમાં એ એક ઘરની કિંમત વીસ લાખ રૂપિયા ગણાય. એ હિસાબે બે હજાર ઘરની કિંમત આજની તારીખે ચાર હજાર કરોડ રૂપિયા થાય!! વિચાર કરો, મુંબઈના કયા સમાજે આજે આટલો મોટો પ્રોજેક્ટ કર્યો છે? કચ્છી જૈન ફાઉન્ડેશને આવું મસમોટું કામ કરી જાણે રેકોર્ડ કર્યો છે! આ સંસ્થામાં શાંતિભાઈ મારૂ સક્રિય યોગદાન આપી સમાજનું ઋણ ફેડવી રહ્યા છે.

**"શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ - દાદર"માં શાંતિભાઈ તેંત્રીસ વર્ષથી ટ્રસ્ટી તરીકે સંકળાયેલા છે. એમાંય એકવીસ વર્ષથી તો ચેરમેન તરીકેની જવાબદારી સંભાળી સંસ્થાની પ્રગતિમાં અપ્રતિમ ફાળો આપ્યો છે.** આમ તો આપણા સમાજમાં આ સંસ્થા "ક.લ. નીસર હોલ"ના હુલામણા નામથી ઓળખાય છ કારણ ત્યાં યોજાતી પ્રાર્થના સભા / સાદડી!

ધાર્મિક હેતુ સાથે પંચોતેર વર્ષ પહેલાં શરૂ થયેલ સંસ્થામાં સ્વ. શ્રી કરશન લધુ નીસરે સામાજિક પ્રવૃત્તિઓ શરૂ કરી અને શાંતિભાઈ અને એમના સાથીદારોએ એનો મોટાપાયે વ્યાપ વધાર્યો. સંઘના પ્રમુખ રામજીભાઈ ગાલા, મેનેજિંગ ટ્રસ્ટી અનિલભાઈ ધરોડ અને અન્ય કમિટેડ કાર્યકર્તાઓનો સાથ મેળવી ચેરમેન શાંતિભાઈએ સંસ્થાને મુંબઈમાં જૈન અને અજૈનોના દિલમાં સાખ જમાવી છે.

શાંતિભાઈ ભલે માત્ર સાત ધોરણ ભણ્યા છે પણ એમની દૃષ્ટિ ખૂબ લાંબી છે. એટલે જ આ વરસે શાંતિભાઈએ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, મરાઠી ટાઈમ્સ, લોકસત્તા, મુંબઈ સમાચાર ઈત્યાદિ મોટા અને મોંઘા અખબારોમાં શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ - દાદરની ફૂલ પેજની જાહેરાતો આપી હતી!

કચ્છી સંસ્થાની ફૂલ પેજની જાહેરાતો મરાઠી કે અંગ્રેજી પેપરમાં આવે એ નાનીસૂની વાત નથી. પરિણામે સંસ્થા દ્વારા દિવાળી પ્રસંગે માત્ર પાંચ સાત દિવસમાં ત્રણ કરોડ રૂપિયાની વ્યાજબી ભાવે મીઠાઈ ફરસાણનું વિતરણ કરી સમગ્ર મુંબઈમાં છાકો પાડી દીધો. જો કે વ્યાજબી ભાવે મીઠાઈ ફરસાણનું વિતરણ બારે માસ ચાલતું રહે છે.

**એમ તો આ સંસ્થાનું દૈવી કાર્ય એટલે "નવનીત હેલ્થ સેન્ટર!" રોજના બારસો પેશન્ટ્સ અહીં ઉપચાર કરાવવા આવે છે. ઓ.પી.ડી.માં માત્ર દસ રૂપિયામાં દવા અને સ્પેશિયાલિસ્ટ ડોક્ટર સેવાના માત્ર દોઢસો રૂપિયા ચાર્જ કરે છે.**

આટલા ઓછા પૈસામાં વર્ષે દહાડે અંદાજે સાડા ત્રણ લાખ લોકો 'નવનીત હેલ્થ સેન્ટર'નો લાભ લે છે અને એક કચ્છી સંસ્થા દ્વારા મુંબઈના લોકોના ઈલાજમાં લાખો રૂપિયા બચે છે.

સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ, ધાર્મિક પાઠશાળા, પર્યુષણ વ્યાખ્યાનમાળા, નોટબુક વિતરણથી લઈ માત્ર મહિનાના છસ્સો રૂપિયામાં સાધર્મિકોને ટિફીન સેવા જેવી કેટકેટલાય કાર્યો દ્વારા કાર્યકર્તાઓ સંસ્થાના જનસેવાનો દીપને ઝળહળતો રાખ્યો છે અને આ કાર્યોના સૂત્રધાર શાંતિભાઈ ૭૬ વર્ષની ઉંમરે યુવાનોની જેમ સતત કાર્ય કરી રહ્યા છે.

**શાંતિભાઇના આ ગુણને કારણે દાદર વર્ધમાન સ્થાકનવાસી જૈન સંઘની અલ્ટ્રામોડર્ન હોસ્પિટલ નિર્માણનું સ્વપ્ન પૂરું થવા જઈ રહ્યું છે.** હોસ્પિટલનું ભૂમિપૂજન જલ્દી થઈ જાય એ માટે કાર્યકર્તાઓ મચી પડ્યા છે. સમાજની હોસ્પિટલ માટે પુરુષાર્થ કરતા શાંતિભાઈને જોઈ સ્વર્ગમાં કરશનબાપા અને મગનબાપા હરખાતા હશે.

*(પૂરક માહિતી માટે ધીરજભાઈ છેડા તથા લીના મારૂનો આભાર.)*

વ્યક્તિ વિશેષ

# ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન - મુંબઈના પ્રમુખ વિજ્ઞેશ ભેદાની કથા



વસંત ઉમરશી મારૂ

બરાબર આજથી એકાવન વર્ષ પહેલા કચ્છના ભુજપુર ગામમાં બે એવી ઘટના બનેલી કે એના તાર એકાવન વર્ષ પછી ૨૦૨૧માં મુંબઈમાં જોડાયા અને સમય કેવી અજબ કરામત કરે છે એ જોઈ આશ્ચર્યચકિત થઈ જવાય છે!

એકાવન વર્ષ પહેલા, કારતક મહિનામાં ભુજપુર ગામમાં ઉત્સાહનું વાતાવરણ હતું. અચલગચ્છાધિપતિશ્રી આચાર્યશ્રી ગુણસાગરસૂરી નવાવાસના સોળ વર્ષના કિશોર સાવલા, રાયણ ગામના ચૌદ વર્ષના કિશોર અને એમના નાના ભાઈ સાત વર્ષના વીરેન્દ્રને દીક્ષા પ્રદાન કરવાના હતા.

ભુજપુર ગામમાં દીક્ષા માટે માનવ મહેરામણ ઉભરાયું હતું. સર્વત્ર આનંદ છવાયો હતો. ત્યાં ભુજપુરના ઉમાબેન શિવજી ભેદાના ઘરમાં માતમ છવાઈ ગયો. અમદાવાદમાં હાર્ટ એટેકથી નાની વયે શિવજીભાના અવસાનના સમાચાર ભુજપુર પહોંચ્યા અને પતિના અવસાનની વાત જાણી ઉમાબેન દુઃખથી હતપ્રભ થઈ રડવા લાગ્યા.

બાઈ શું કામ રડે છે એ છએક વર્ષના વિજ્ઞેશ અને ચારેક વર્ષના સુધીરને સમજાતું નો'તું. બંને માસુમ બચ્ચાઓ પિતાને મળવા ઝંખતા હતા પણ એમને ક્યાં ખબર હતી કે પિતા ક્યારે પાછા નહીં આવે. દીક્ષા પ્રસંગે આખા ગામમાં અરેરાટી ફેલાઈ ગઈ. ઉમાબાનો આર્થિક સંઘર્ષ શરૂ થયો. પિતાની યાદમાં અવારનવાર બાને રડતી જોઈ બંને બચ્ચાઓ પણ રડી પડતા. સમય જતા આર્થિક અભાવમાં ઉમાબાએ બંને દીકરાઓને આગળનું ભણવા માટુંગા બોર્ડિંગમાં દાખલ કર્યા.

આચાર્ય ગુણસાગરસૂરીજી પાસે ભુજપુરમાં એક સાથે દીક્ષા લેનાર ત્રણે બાળ સાધુઓએ એટલો પ્રચંડ પુરુષાર્થ કર્યો કે સમય જતા આચાર્યની પદવી મેળવી આચાર્ય કલાપ્રભસાગરસૂરીજી, આચાર્ય કવિન્દ્રસાગરસૂરીજી તરીકે જૈન સમાજમાં ડંકો વગાડ્યો, તો બીજી બાજુ વિજ્ઞેશ અને સુધીરે પણ પ્રચંડ પુરુષાર્થ કરી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ડિગ્રી મેળવી.

યોગાનુયોગે બરાબર એકાવન વર્ષ પછી તજ્ઞો ભુજપુરથી મુંબઈમાં ગોઠવાય છે અને આચાર્ય કલાપ્રભસાગરસૂરીજી સાહેબને ગચ્છાધિપતિની પદવી અને વિજ્ઞેશ ભેદા સ્થાનકવાસી મહાજનના પ્રમુખપદે આવે છે.

બાળપણમાં પિતાની છત્રછાયા ગુમાવી, સંઘર્ષ કરતી માતાના સ્વપ્ન પૂરા કરવા વિજ્ઞેશ અને સુધીરે જબરો પુરુષાર્થ કર્યો છે. વિજ્ઞેશના દાદા લખમશીબાપા શ્રીમંત માણસ. કચ્છના રાજા રા'બાવાના દરબારમાં એમનું કાયમી આસન રહેતું.

રાજા રા'બાવાએ કચ્છ માટે ખૂટતું અનાજ બહારથી મંગાવવા એકહથ્થુ પરવાનગી (મોનોપોલી) લખમશીબાપાને આપેલી. એમના ચાર ચાર વહાણ દરિયો ખેડી માલ લાવતા. એ જમાનામાં પણ એમની પાસે મોટર ગાડી હતી. પણ નાની વયે લખમશીબાપાનું અવસાન થતા વ્યવસાય છીન્નભિન્ન થઈ ગયો અને આર્થિક સંકટ આવ્યું. ત્યારબાદ એમના પુત્ર શિવજીભાનું અવસાન થતાં વિજ્ઞેશ અને સુધીરને ઉમાબાએ ભારે હૃદયે ભણવા મુંબઈ મોકલ્યા.

મહેનત અને ટેલેન્ટથી બંને ભાઈઓ સી.એ. થઈ આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી પણ ભણતરના સમયમાં વિજ્ઞેશનો ખરો વિકાસ થયો. પહેલા માટુંગા બોર્ડિંગ, પછી મહાવીર વિદ્યાલય અને સી.એ.નું ભણવા સર્વોદય કેન્દ્રમાં દાખલ થયો.

સર્વોદય કેન્દ્રમાં પ્રથમ વર્ષે જ એના લીડરશીપના ગુણ બહાર આવ્યા. કશુંક નવું જ વિચારવાની એની ખૂબીને કારણે સર્વોદય કેન્દ્રમાં ફક્ત વિદ્યાર્થીઓ માટે અલગ રસોડું શરૂ કરાવ્યું. સર્વોદય કેન્દ્રના મેનેજિંગ ટ્રસ્ટી કેશવજીભાઈ ગોગરીની સહાયથી અસામાજિક તત્ત્વોને હાંકી કાઢી સ્ટુડન્ટ્સને રાહત આપી. શરૂઆતના સમયમાં સેવા સમાજની બુક બેંકમાં જોડાઈ પોતાની કાબેલિયતતાનો પરિચય આપ્યો.

વિજ્ઞેશ બહુમુખી પ્રતિભાનો માલીક છે! સી.એ.નું ભણતા ભણતા કવિતા લખતો, પગદંડીમાં લેખો લખતો, અવારનવાર ક્રિકેટ પણ રમી લેતો. નવું વિચારવાની આદતને કારણે એના સાથીદારો પાસે પાંત્રીસેક વર્ષ પહેલાં કચ્છી સમાજની એકાંકી નાટ્ય સ્પર્ધા રાખી. એ પણ એશિયાના સૌથી મોટા સન્મુખાનંદ હોલમાં!

સ્પર્ધા હાઉસફૂલ હતી. સન્મુખાનંદ હોલની બધી ટિકિટો વેચાઈ ગઈ હતી. આયોજનમાં એના સાથીદાર હતા એ સમયે બોનીના હુલામણા નામે ઓળખાતા નીલેશ દામજી ગાલા, નવા મહાજનના જાણીતા કાર્યકર જીજ્ઞેશ દેઢિયા તથા હું.

વિજ્ઞેશે કચ્છી સમાજની પ્રથમ બ્યુટી કોન્ટેસ્ટનું આયોજન પણ સન્મુખાનંદ હોલમાં કરેલું. મને યાદ છે ત્યાં સુધી એમાં વૈભવી વશનજી હરશી ગાલા વિજેતા થયેલી, જે હવે અમેરિકા સેટલ છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૧૨ ઉપર)

# કરાંચીમાં બ્રિટીશરોને હંફાવનાર કચ્છી સપૂત : દેવજી જોશી



નરેશ અંતાણી

*આઝાદીની લડત સમયે કરાંચીમાં એક કાળી રાત્રે શહેરની કોર્ટ પર બ્રિટીશ ધ્વજ ફરકી રહ્યો હતો. તેને ઉતારવા શહેરના માર્ગો પરથી એક યુવાન કોર્ટની રાંગ પાસે આવ્યો અને સંત્રીઓની નજર છૂપાવી સડેડાટ કોર્ટના ગુંબજ પર ચડી ગયો અને ખૂબ જ વેગથી બ્રિટીશ ધ્વજ ઉતારી અને હિંદુસ્તાનનો ધ્વજ લહેરાવી દીધો. આ યુવાન એટલે કચ્છના દેવજી જોશી (કાકુ મહારાજ). આઝાદીની લડત દરમિયાન તેમની સાથે અતિ ક્રૂર વ્યવહાર કરાયો અને બે બે વાર છ મહિનાની જેલની સજા કરાઈ.*

કચ્છના કેટલાય એવા પાત્રો છે, કે જેમણે કચ્છ બહાર જઇને પણ પોતાનું હીર પ્રકાશી ઈતિહાસમાં પોતાનું નામ અંકિત કરી સાથે સાથે કચ્છનું નામ ઉજાળ્યું હોય. આવા જ એક પાત્રની આજે વાત કરવાની છે. પણ જરા જુદા આરંભથી.

વાત વર્ષ ૧૯૩૦ના વર્ષની છે કે જ્યારે હિંદુસ્તાનની આઝાદી માટેની ચળવળ જોરમાં હતી. એ સમયે કરાંચીમાં એક કાળી રાત્રે શહેરના ન્યાયાધીશની કોર્ટ પર બ્રિટીશ ધ્વજ ફરકી રહ્યો હતો. ત્યારે કરાંચીના માર્ગો પરથી એક યુવાન કોર્ટની રાંગ પાસે આવ્યો અને રાંગ સાથે ઘસડાતો ઘસડાતો કોર્ટના મેદાનમાં આવ્યો અને સંત્રીઓની નજર છૂપાવી સડેડાટ કોર્ટના ગુંબજ પર ચડી ગયો અને ખૂબ જ વેગથી બ્રિટીશ ધ્વજ ઉતારી અને હિંદુસ્તાનનો ધ્વજ ફરકાવી દીધો.

બીજા દિવસે કરાંચીમાં હાહાકાર મચી ગયો. બ્રિટીશ અમલદારોમાં ફફડાટ વ્યાપી ગયો કે કયા માથા ફરેલે લોખંડી પહેરા વચ્ચે આ કૃત્ય કર્યું? તેનો પત્તો મળતો ન હતો.

આવું સનસાનટીભર્યું કામ કરનાર એક કચ્છી સપૂત હતો અને તેનું નામ દેવજી નાનજી જોશી હતું. તેમનું હુલામણું નામ કાકુ મહારાજ હતું. કરાંચીમાં પણ તે આ જ નામે જાણીતા હતા. આઝાદી પછી ભાગલા સમયે તે વતન કચ્છમાં આવી ગયા અને માંડવીમાં સ્થાયી થયા. માંડવીમાં પણ તે કાકુ મહારાજના નામે જ જાણીતા હતા.

હાલે માંડવી તથા અમદાવાદ વસતા તેમના પુત્રો મધુભાઈ જોશી તથા કિશોરભાઈ જોશીએ ગૌરવ સાથે પોતાના પિતાની વીરતાની વાતો રજૂ કરી.

દેવજી જોશી કાકુ મહારાજનો જન્મ ૯મી જૂન, ૧૯૧૨ના દિવસે નારાયણ સરોવરમાં થયો હતો. કચ્છમાં જીવન નિર્વાહ મુશ્કેલ બનતાં કાકુ મહારાજના માતા તેને લઈને કરાંચી સ્થાયી થયા. ત્યાં તેમનું પણ અવસાન થતાં કાકુ મહારાજ તદ્દન એકલા થઇ ગયા. એકલા અટુલા કાકુ મહારાજે સગા સંબંધીઓના સહારે જીવન નૈયા ગબડાવવા માંડી. નાની મોટી છૂટક નોકરીઓ કરી પોતાનું જીવન ચલાવતા હતા.

આ જ દિવસોમાં કરાંચીમાં પણ દેશની આઝાદી માટેની લડત જોર પકડી રહી હતી. કરાંચીના એ સમયના લોક નેતાઓ આક. કે. સિંધવા, નારાણદાસ આણંદજી, ડૉ. ગિડવાણી, સ્વામી કૃષ્ણાનંદજી તથા જયરામ દોલતદાસ વગેરે આ લડતના નેતાઓ હતા. એ સમયે વહેલી સવારે કરાંચીની શેરીઓમાં પ્રભાતફેરી નીકળતી અને તેમાં દેશદાઝના શૌર્ય ગીતોથી શેરી ગાજતી રહેતી. આ ગીતો તથા લડતની અસર કાકુ મહારાજ પર પણ પડી અને એક દિવસ બ્રિટીશ સરકારે સિંધના તમામ નેતાઓની ધરપકડ કરી લીધી અને બીજા દિવસે તેમને કોર્ટમાં રજૂ કરતી વખતે કરાંચીમાં લોકજુવાળ ભભૂકી ઉઠ્યો અને લોકો રસ્તામાં આવી ગયા. આથી આ લોક જુવાળને નાથવા પોલીસે લાઠીચાર્જ કર્યો, ટીયરગેસ છોડ્યા અને છેવટે ગોળીબાર કર્યો અને તેમાં બે યુવાન શહીદ થઈ ગયા. આ દૃશ્ય જોઈ કાકુ મહારાજના રોમેરોમમાં ખુન્નસ વ્યાપી ગયું અને જુલ્મી શાસકો સામેના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમણે પણ ઝંપલાવી દીધું.

કરાંચીમાં આગળ વધતી આઝાદી માટેની લડત માટે બ્રિટીશ સરકારને હંફાવી શકે તેવા તરવરીયા યુવાનોની જરૂર પડવા લાગી અને કાકુ મહારાજની શિસ્તબદ્ધતા અને જુસ્સાથી પ્રભાવિત તે સમયના નેતાઓની નજર કાકુ મહારાજ પર પડી અને કપરું કાર્ય કાકુ મહારાજને સોંપવામાં આવ્યું. આગળ ઉપર નોંધ્યું છે એ પ્રમાણે કરાંચીની સિટી કોર્ટ પર ચડી બ્રિટીશ ધ્વજ ઉતારી અને ભારતીય રાષ્ટ્રધ્વજ લહેરાવવાનું કપરું કામ ખૂબ જ

ચપળતાથી કાકુ મહારાજે પૂર્ણ કર્યું.

આ પછી ૧૯૩૦માં દાંડીકૂચ અને મીઠાના સત્યાગ્રહ વખતે પણ કરાંચી શહેરની કોર્ટમાં મીઠુ વેચવાનો સત્યાગ્રહ નક્કી કરાયો તેમાં પણ કાકુ મહારાજ હોંશે જોડાયા. ઢોલીઓના શુરાતન ચડાવતા ઢોલ અને એવા જ દેશપ્રેમના ગીતો લલકારતું એક વિશાળ સરઘસ કરાંચીની શેરીઓમાંથી થઈને કોર્ટ તરફ આગળ વધતું હતું. જેની આગેવાની અન્ય નેતાઓની સાથે કાકુ મહારાજે લીધી હતી. કાકુ મહારાજ કોર્ટમાં મીઠું વેચવા આગળ વધે એ પહેલાં જ કોર્ટના દરવાજે જ અટકાવવામાં આવ્યા. આમ છતાં, તેમણે મીઠું વેચવાનો આગ્રહ રાખતાં પોલીસે તેમની ધરપકડ કરી લીધી. જેલમાં જ મેજિસ્ટ્રેટે કેસ ચલાવી તેમને છ માસની સજા કરી. એ દરમિયાન ગોળમેજી પરિષદ વખતે દેશની જેલમાં રહેલા પોતાના તમામ સાથીઓને છોડી મૂકવામાં આવે તો જ પોતે ગોળમેજી પરિષદમાં હાજરી આપશે એવી રજૂઆત ગાંધીજીએ કરતાં તેમની શરત મુજબ અન્યોની સાથે કાકુ મહારાજનો પણ છુટકારો થયો.

ગોળમેજી પરિષદ દરમિયાન પણ સત્યાગ્રહ ચાલુ રાખવાના ગાંધીજીના આદેશ મુજબ કરાંચીમાં પણ લડત જારી રહી હતી. એ સમયે કરાંચીમાં લડતમાં ક્રિશ્ચિયન અને પારસીઓની પણ સારી એવી સંખ્યા હોઈ એમનામાં જુસ્સો કાયમ રાખવા હિંદી અને અંગ્રેજી મિશ્ર ગીતોની રચના કરવામાં આવી હતી અને કાકુ મહારાજ આ ગીતો જુસ્સાભેર સભાઓમાં અને શેરીઓમાં ફરીને લલકારતા.

દરમિયાન ગોળમેજી પરિષદની વાટાઘાટો નિષ્ફળ થતાં લોકોના જુસ્સામાં ઓર વધારો થયો. ગાંધીજી સહિત અનેક નેતાઓને જેલમાં નાખી દેવામાં આવ્યા અને તેના વિરોધમાં દેશના અન્ય શહેરોની માફક કરાંચીમાં પણ સભા-સરઘસ યોજાયા, લોકોનો વિરોધ ભભૂકી ઉઠ્યો. આ વિરોધના જુસ્સાને જાળવી રાખવા કાકુ મહારાજે જલિયાંવાલા બાગની દારુણ ઘટનાને રજૂ કરતું ગીત લલકાર્યું. આ ગીતથી સભામાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ. લોકોને ઉશ્કેરાટ વધી ગયો. તેને ખાળવા પોલીસ આવી અને કાકુ મહારાજને પકડી લઈ ગઈ અને કેસ ચલાવવામાં આવ્યો અને તેમને ફરી છ મહિનાની સજા ફરમાવવામાં આવી.

એ સમયે હિંદુસ્તાનના ગવર્નર જનરલ તરીકે લોર્ડ વિલિંગ્ડન હતા. એમણે દેશના સ્વાતંત્ર્ય સંગ્રામનું લોકોમાં વ્યાપેલું ખમીર તોડવા સખતાઈથી દમનનો કોરડો વિંઝવાનું શરૂ કર્યું અને જેલમાં અને જેલની બહાર રહેલા નેતાઓ સાથે ક્રૂર વર્તન કરવા પોલીસોને છૂટો દોર આપી દેવામાં આવ્યો. કરાંચી જેલમાં રહેતા કાકુ મહારાજ તથા અન્યો સાથે પણ આવું વર્તન કરાતા કાકુ મહારાજે તેનો સખત વિરોધ કરતાં જેલ અધિક્ષક કુપરે કાકુ મહારાજને તેમના એ વર્તન બદલ લેખિતમાં માફી માંગવા જણાવ્યું. કાકુ મહારાજે તેનો ઇન્કાર કરતાં તેમની સાથે એવી સખતાઈ કરવામાં આવી કે તેનાથી અન્ય સૈનિકોનું નૈતિક બળ જ તૂટી પડે.

બીજી વખત જેલમાં રહેલા કાકુ મહારાજની સાથે જેલ અધિક્ષક કૂપરે એટલો અમાનવીય વ્યવહાર કર્યો કે અન્ય સ્વાતંત્ર્ય સેનાનીઓનું મનોબળ તૂટી પડે.

કાકુ મહારાજને સિંધ હૈદ્રાબાદની નારા તરીકે જાણીતી એ સમયની કૂખ્યાત જેલ 'સિંધ કન્વીનર જેલ'માં કોલી આપવામાં આવ્યા અને ત્યાં તેમના પગમાં સાત રતલની લોખંડી બેડીઓ પહેરાવવામાં આવી. આ જેલમાં ખૂંખાર ડાકુઓ, લૂંટારુઓ, ખૂનીઓ અને ભયંકર અપરાધની સજા કાપી રહેલા પિશાચી કેદીઓને રાખવામાં આવતા હતા. આ જેલ એક વખતે સિંધના મીર રાજવીઓના ઘોડાના તબેલા તરીકે ઉપયોગમાં લેવામાં આવતી. પાછળથી તેને જેલમાં તબદિલ કરવામાં આવી હતી. જેલમાં તેમની પાસે સખત મહેનતનું કામ કરાવવામાં આવતું. જેલ અધિક્ષક કૂપરને એમ હતું કે, આવી યાતના અસહ્ય બનતાં કાકુ મહારાજ માફી માંગી લેશે. પણ કાકુ મહારાજે જેલનો ત્રાસ સહન કર્યો પણ માફી તો ન જ માંગી!

આ સજા પૂર્ણ કરી જેલની બહાર આવતાં જ કાકુ મહારાજ પર કરાંચીના મેજિસ્ટ્રેટે મનાઇ હુકમની બજવણી કરી. આ મનાઈ હુકમમાં તેમના પર કોઈ પણ પ્રકારની રાષ્ટ્રીય ચળવળ પર ભાગ લેવા, સભા સરઘસમાં જવા કે સભાને સંબોધવા પર પાબંદી લગાવી દેવામાં આવી! આ ઉપરાંત સત્તાધીશોની પરવાનગી વગર કરાંચી છોડવાની પણ મનાઇ ફરમાવવામાં આવી. પણ કાકુ મહારાજે આ નોટીસનો ધરાર ભંગ કર્યો. કરાંચી શહેરમાં સભા યોજી અને આ સભામાં જ તેમની ફરી ધરપકડ કરવામાં આવી અને ફરી મેજિસ્ટ્રેટે છ માસની આકરી સજા ફટકારી. આ જેલવાસ પણ તેમણે ખુમારીપૂર્વક પૂર્ણ કર્યો!

ત્રીજીવારના કારાવાસમાં પણ કાકુ મહારાજને સખત મહેનતનું કામ કરવું પડ્યું. દરરોજ અડધો મણ ઘઉં ચક્કીમાં પીસી લોટ કાઢવો પડતો!

૧૯૪૨ની હિંદ છોડો ચળવળ દરમિયાન પણ અનેક વખત કરાંચીની શેરીઓમાં સભા અને સરઘસમાં ભાગ લેતા. ગોળીબાર તથા ટીયર ગેસનો સામનો કરતા. આ દરમિયાન પણ તેમની ધરપકડ કરવામાં આવી અને ફરી એક વર્ષની સજા કરવામાં આવી હતી.

કિશોરાવસ્થાના સમયથી બાલસહજ કુતુહલતાથી પ્રભાત ફેરીમાં જોડાનારા કાકુ મહારાજ સિંધ અને કરાંચી કોંગ્રેસના એક અનિવાર્ય નેતા બની ગયા હતા.

૧૯૪૭માં આઝાદી મળી એ સમયે એમની આંખમાં હર્ષના આંસુ હતા તો બીજી આંખમાં દેશના ભાગલાનું દુઃખ. આઝાદી પછી

છ વર્ષ તેઓ કરાંચીમાં રહ્યા. આ દરમિયાન પણ અનેક જનસેવાના કાર્યો તથા પાકિસ્તાન સરકાર અને દેશ છોડી રહેલા લોકો વચ્ચે માધ્યમ બની રહ્યા અને અનેક લોકોને સલામત રીતે ભારત મોકલવાની કાર્યવાહી કરવામાં પણ તેમનું મહત્ત્વનું યોગદાન રહ્યું.

કાકુ મહારાજ ભાગલાની કામગીરી ચાલતી હતી એ સમયે કરાંચીમાં કાનજી જાદવજીની કંપનીમાં નોકરી કરતા હતા. આ કંપની કરાંચી અને મુંબઈ વચ્ચે સ્ટીમર તથા વિમાની સેવા ચલાવતી હતી. એ સમયે કેટલાય કરાંચીવાસીઓ પાકિસ્તાન છોડી ભારત આવવા મથતા હતા. રોજ હજારો લોકો ભારત આવવા કાકુ મહારાજના ઘર પાસે કતારોમાં ઊભા રહી ટિકિટ મેળવવા કાલાવાલા કરતા. આ સમયે કાકુ મહારાજે વિચાર્યું, આ પણ ભારતની એક સેવા છે. આથી તેમણે દિવસ-રાત ટિકિટ આપવાનું ચાલુ રાખી હજારો લોકોને ભારત પહોંચાડવાની કપરી કામગીરી કરી. કરાંચીમાં કિયામારી બંદર પર લોકોની ભારે ભીડ રહેતી. સ્ટીમરની મર્યાદાની બહારના મુસાફરો ભરીને જોખમ ખેડીને પણ તેમણે આ કામગીરી ચાલુ રાખી હતી. કેટલાયને વિના ટિકિટે પણ સ્ટીમરમાં બેસાડી દીધા હતા.

છઠ્ઠી જાન્યુઆરી ૧૯૪૮ના કરાંચી શહેરમાં કોમી હુલ્લડ ફાટી નીકળ્યા હતા ત્યારે પણ કેટલાય લોકો ઘર છોડી કરાંચીના સ્વામિનારાયણ મંદિરમાં ચાલતા હિજરતી કેમ્પમાં આશરો લેવા આવ્યા હતા. તે હિજરતી લોકોની સેવા કરવાનું કામ કાકુ મહારાજે માથા પર લીધું હતું. એ સમયે અનેક સમસ્યાઓમાં સપડાયેલા લોકોની આર્થિક સહિત અનેક પ્રકારની મદદ કાકુ મહારાજે કરી હતી. જેની વિગતો છે પણ સ્થળ સંકોચને કારણે તેની વિગતો અહીં નોંધી નથી. તેનો એક જ દાખલો નોંધીએ તો કરાંચીના એક ઘડિયાળીએ કરાંચીમાં હુલ્લડ સમયે એકસો પચાસ કિંમતી ઘડિયાળ ભરેલી થેલી કાકુ મહારાજને સાચવવા આપી હતી. એ દરમિયાન તેમને ભારત આવવાની સગવડ થઈ જતાં તે થેલી ભૂલી ગયા! આ થેલી કાકુ મહારાજનો પરિવાર એ ઘટના પછી એક વર્ષે ભારત આવ્યો ત્યારે તેને શોધીને પરત કરી હતી.

ભાગલા પછી અંદાજે દસ લાખ લોકોને ભારત પહોંચાડવાની કામગીરી કરી હતી. અનેક લોકોને સહાય આપવાની તથા તેમની સમસ્યાઓને હલ કરવાની કામગીરી કરી હતી. તેમની આ કામગીરીથી ચોંકી ઉઠેલી પાકિસ્તાન સરકારે તેમને માત્ર ચાર દિવસમાં કરાંચી છોડી જવા ફરમાન કર્યું. આથી કરાંચીમાં રહેવું સંભવ ન લાગતાં ૧૯૫૩ના વર્ષમાં કાકુ મહારાજના પરિવારે કરાંચી છોડી વતન કચ્છ પરત આવ્યા અને માંડવીમાં સ્થાયી થયા.

માંડવી આવીને પણ જાહેર જીવનની પ્રવૃત્તિઓ કરવાનું શરૂ કર્યું હતું અને માંડવી કોંગ્રેસના મંત્રી, નગર પાલિકાના કાઉન્સિલર પણ બન્યા હતા. **૧૯૭૨માં ભારતની આઝાદીની રજત જયંતીની ઉજવણી સમયે કાકુ મહારાજની સ્વાતંત્ર્ય સેનાની તરીકેની કામગીરીની કદર કરી તેમનું ખાસ સન્માન કરી તે સમયના વડાપ્રધાન ઇંદીરા ગાંધીના હાથે તામ્રપત્ર એનાયત કરાયું હતું અને તેમને સ્વાતંત્ર્ય સેનાની તરીકેનું પેન્શન પણ મંજૂર કરવામાં આવ્યું હતું.** હૃદયરોગની બીમારીને કારણે આ સ્વાતંત્ર્ય સેનાનીનું મુંબઈ ખાતં ૧૫મી મે, ૧૯૮૦ના અવસાન થયું હતું.

આમ, આઝાદીના અનોખા આશિક અને સ્વાતંત્ર્ય સેનાનીએ કચ્છ બહાર રહીને પણ એક નવો ઇતિહાસ રચી કચ્છને પણ ગૌરવ અપાવ્યું હતું.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, ભુજ - માધાપર રીંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૨૨૦.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

---

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ

**(અનુસંધાન : પાના નં. – ૧૯૧ ઉપરથી ચાલુ)**

*લેખકોએ ઘણી મહેનત કરી છે. કચ્છનો સર્વાંગી ઇતિહાસ પ્રથમ વખત પ્રગટ થયો છે, એ ગૌરવપ્રદ સિધ્ધિ છે..."*

**ડૉ. મુગટલાલ બાવીશી**

**તા. ૩૦-૩-૨૦૧૨**

*"...આ ગ્રંથનું શિર્ષક 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' ભૂલભરેલું છે કારણકે તેમાં ૨૧મા સૈકાની છેક ૨૦૧૦ સુધીના પ્રવાહોની વાત છે. માટે નીચે મુજબ સૂચન છે, તે નવા શિર્ષક વિશે વિચારી જોશો "કચ્છ જ્ઞાનકોશ" (Encyclopaedia) અથવા કચ્છ જ્ઞાન સંહિતા – ઇતિહાસ, ભાષા, સાહિત્ય, અર્થતંત્ર, રાજકારણ, લોકસાહિત્ય, રજવાડી વારસો, લોકજીવન અને નગરો તથા બંદરો વિષયક છણાવટ કરતો બૃહદ્ ગ્રંથ.*

**– ડૉ. મકરંદ મહેતા**

★

કાઉન્સિલના ૨૦૦૫ના સેમિનાર માટેના 'સુવેનિયર' સંબંધી કાર્ય અને ત્યારબાદ આ સંસ્થાના સભ્ય તરીકે વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો રહેતાં, મને જે વ્યક્તિગત અનુભવો થયા તેની સ્મૃતિ આધારીત આ લેખ છે. છેલ્લા સાતેક વર્ષથી હું દિલ્હી હોતાં, કાઉન્સિલના સંપર્કમાં નથી. તેથી ૨૦૧૨ પછીની પ્રવૃત્તિઓની મને પૂરતી જાણ નથી. પરંતુ કાઉન્સિલે, એના ઉદ્દેશ મુજબ ઉદ્યોગો અને નર્મદા જળ વિતરણ ઉપરાંત અન્ય કચ્છ કેન્દ્રિત સેવાઓ, ખાસ કરીને વૃક્ષ-ઉછેર, પશુ રક્ષા, શિક્ષણ આદિ ક્ષેત્રે કાર્યરત સ્થાનિક સંસ્થાઓને સહયોગ આપે છે. મને વિશ્વાસ છે કે કાઉન્સિલ કચ્છના સર્વતોમુખી વિકાસ કાર્યોમાં યથાવત સહયોગ પ્રદાન કરતી રહેશે. ■

"મંગલ મંદિર"

એપ્રિલ-૨૦૨૩ • વિશેષાંક

# સંપુટ-૩

# નિયમિત વિભાગો

# સમાજ સમાચાર

# જ્ઞાન – વિજ્ઞાન

● સંકલન : રસીક ખીમજી મહેતા ●

## સેલ્યુલોઇડ પ્લાસ્ટીકનો શોધક : જોહન વેઝલી હયાટ

વિશ્વમાં ઉદ્યોગ ક્ષેત્રમાં પ્લાસ્ટીકનો મહત્ત્વનો ફાળો છે. રોજિંદા વપરાશની સાથે ઉપરાંત ઉદ્યોગોમાં વપરાતી સાધન સામગ્રી બનાવવામાં પ્લાસ્ટીકનો વ્યાપક ઉપયોગ થાય છે. પ્લાસ્ટીકે લાકડા અને ધાતુનું સ્થાન લઈ લીધું છે. ફર્નિચરથી માંડીને રમકડાં સુધીની વસ્તુઓ વિવિધ પ્રકારના પ્લાસ્ટીકમાંથી બને છે. **સેલ્યુલોઇડ પ્લાસ્ટીક સખત અને ટકાઉ હોય છે. તેમાંથી ફર્નીચર, રમતગમતનાં સાધનો ઉપરાંત અનેક ગૃહ ઉપયોગી વસ્તુઓ ચીજો બને છે. તેની શોધ જોહન વેઝલી હયાટે કરી હતી.** મહાન વૈજ્ઞાનિક હયાટે બોલ બેરીંગ, પાણી ગાળવાનું સાધન, હયટ ફિલ્ટર વગેરે મળી ૨૦૦ જેટલી શોધો કરી હતી.

જોહન વેઝલીનો જન્મ ૨૮ નવેમ્બર, ૧૮૩૭માં ન્યુયોર્કના સ્ટારકી ખાતે થયો હતો. તે ઝાઝું ભણ્યો ન હતો. માત્ર ૧૫ વર્ષની ઉંમરે તેણે ઈલિનોયની એક રમકડાં બનાવતી કંપનીમાં કામ શરૂ કર્યું હતું. આ કંપનીનું મુખ્ય કામ શતરંજના બોર્ડ અને તેના પ્યાદા બનાવવાનું હતું. તે સમયે શતરંજના પ્યાદા હાથીદાંતના બનતા. **હયાટે હાથીદાંતના બદલે સસ્તો અને સખત પદાર્થ બનાવવાનો વિચાર કરી સેલ્યુલોઝની શોધ કરી.**

ઈંગ્લેન્ડના એલેકઝાન્ડર પર્કિન્સે શોધેલા નરમ પ્લાસ્ટીક પર સંશોધનો કરીને તેણે સખત સેલ્યુલોઈડ શોધી કાઢ્યું. જે ગરમી મળતાં પીગળે અને યોગ્ય ઘાટ આપ્યા પછી ઠરીને સખત થઈ જાય. સેલ્યુલોઈડ પ્લાસ્ટીકમાંથી રમતગમત માટે દડા તેમજ શતરંજના મહોરાં બનાવવાનું સરળ બન્યું.

ઈ.સ. ૧૮૬૯માં તેણે પોતે બનાવેલા પદાર્થને સેલ્યુલોઈડ નામ આપ્યું. જે આજે પણ પ્રચલિત છે. સેલ્યુલોઇડની શોધ પછી તેણે તેના ઉત્પાદન માટે કંપની સ્થાપી. સેલ્યુલોઈડમાંથી કાંસકા, સંગીત અને રમતગમતનાં સાધનો અને હાથીદાંતમાંથી બનતી તમામ ચીજો બનવા લાગી.

**હયાટને તેની આ શોધ બદલ ઇ.સ. ૧૯૧૪માં પર્કિન મેડલ એનાયત થયો હતો.** ઈ.સ. ૧૯૨૦માં ૧૦ મે ના દિવસે તેનું અવસાન થયું હતું.

## પ્રકાશ પેદા કરતા આગિયા જીવડાં

સજીવ સૃષ્ટિમાં ખોરાક અને રક્ષણ મેળવવા જાત જાતની અજાયબીભરી યુક્તિઓ જોવા મળે છે. જીવજંતુઓમાં શારીરિક શક્તિ ઓછી હોય છતાંય પોતાની જાતનું રક્ષણ કરી શકે અને ખોરાક મેળવી શકે તેવી વિવિધ શક્તિઓ હોય છે. આગિયા જીવડાં તેમાંના એક છે. રાત્રિના અંધકારમાં વાતાવરણમાં પ્રકાશ વેરતા ઝબકતા નાનકડા સૂક્ષ્મ બલ્બ ઉડતા હોય તેવું દૃશ્ય ઘણાએ જોયું હશે. આગિયા જીવડાંની પૂંછડી પર પ્રકાશ પેદા કરતી અદ્ભુત ગ્રંથિ હોય છે. આ ગ્રંથિ દર પાંચ સેકન્ડે નિયમિત લબુક ઝબુક થઈ પ્રકાશ વેરે છે. જંતુ જગતમાં લગભગ ૨૦૦ જાતના આગિયા જીવડાં જોવા મળે છે. સામાન્ય માખી જેવી શરીર રચના ધરાવતા આ જીવડાંની પૂંછડીમાં લ્યુસિફેરીન નામનું દ્રવ્ય હોય છે. આ દ્રવ્ય આગિયાના શરીરમાં પેદા થાય છે. રાત્રિના અંધકારમાં તેને આના કારણે પ્રકાશ મળી રહે છે. કેટલાક આગિયા પીળા, લીલા કે લાલ રંગના પ્રકાશ પેદા કરે છે.

## પ્રાચીન કાળથી ઉપયોગી અને પાલતું પ્રાણી : ઘોડો

પાલતુ પ્રાણીઓમાં સૌથી શક્તિશાળી અને ઝડપી પ્રાણી ઘોડો પ્રાચીન કાળથી માણસનો વફાદાર મિત્ર બન્યો છે. ઘોડેસવારી એ એક કૌશલ્ય અને શોખ તરીકે વિકસી છે. વિશ્વભરમાં ઘોડાની અનેક જાત જોવા મળે છે. ઘોડો જાણીતો પ્રાણી છે. તેની અમુક વિશેષતાઓ પણ જાણવા જેવી છે.

★ ઘોડાનું બચ્ચું જનમ્યા પછી બે-ત્રણ કલાકમાં જ ઉભું થઈ ચાલવા લાગે છે.

★ ઘોડાના શરીરમાં ૨૦૫ હાડકાં હોય છે.

★ ઘોડા ઉભા ઉભા પણ ઊંઘી શકે છે.

★ ઘોડા સામાન્ય રીતે ૪૦થી ૪૫ કિ.મી.ની ઝડપે દોડી શકે છે. કેટલાક પાલતુ ઘોડા ૭૦થી ૭૫ કિ.મી.ની ઝડપે દોડતા હોવાનું પણ નોંધાયું છે.

★ સસ્તન પ્રાણીમાં ઘોડાની આંખ સૌથી મોટી હોય છે.

★ ઘોડાની બંને આંખો માથાની બંને તરફ હોય છે. તે ૩૬૦ ડિગ્રીના ખૂણે વિસ્તારને જોઈ શકે છે.

★ ઘોડાના દાંત ઘણા મોટા હોય છે. તેના મગજ કરતાં દાંત અને જડબું મોટા હોય છે.

★ વિશ્વનો સૌથી ઊંચો ઘોડો લગભગ ૮૫'' ઈંચ ઊંચો હતો.

★ ૧૭મી સદીથી ઘોડાનો સૈન્ય અને પોલીસ દળમાં ઉપયોગ થાય છે.

## મીણબત્તીની જ્યોતનું વિજ્ઞાન

વીજળીના બલ્બની શોધ પહેલા રાત્રે પ્રકાશ મેળવવાનું મુખ્ય સાધન મીણબત્તી હતી. મીણબત્તીની પ્રકાશ આપતી જ્યોતનું અનોખું વિજ્ઞાન છે. **ગરમીથી મીણ પીગળે અને દીવેટ મારફત ઊંચે ચઢી સળગે અને જ્યોત બને.** મીણ બળે છતાંય કેટલુંક મીણ રેલાઇને ફરીથી જામતું જાય.

મીણબત્તીમાં પીગળેલું મીણ વધુ ગરમી મળતાં વરાળ બને છે. મીણની આ વરાળ અન્ય ગેસની જેમ જ સળગે છે. તે ઓક્સિજન સાથે પ્રક્રિયા કરી કાર્બન ડાયોક્સાઇડ છૂટો પાડે છે. આ ગરમીને થર્મલ એનર્જી કહે છે. રસાયણમાં સંગ્રહ થયેલી ઉર્જા આપણે મેળવીએ છીએ. મીણબત્તીનું મીણ પીગળીને સળગે ત્યારે ઓક્સિજનનો પૂરો ઉપયોગ થતો નથી અને તેમાં હવા પણ ભળે છે. ધીમે ધીમે સળગતા મીણના સૂક્ષ્મ કાર્બન કણો ફેલાય છે. આ કાર્બન કણો ગરમીને કારણે પીળો પ્રકાશિત રંગ ધારણ કરે છે. જે આપણને પીળી જ્યોત સ્વરૂપે દેખાય છે અને પ્રકાશ આપે છે. **આમ મીણબત્તીની જ્યોત મીણ નહીં પણ કાર્બનના પ્રકાશિત કણોની બનેલી છે.** ફાનસ, કેરોસીન કે તેલના દીવા પણ આ રીતે ધીમે ધીમે દહન થઈને પ્રકાશ આપે છે. પ્રકાશ, એ થર્મલ રેડિએશન છે.

## ધ્રુવ પ્રદેશનું સફેદ રીંછ

માંસાહારી પ્રાણીમાં સૌથી મોટું પ્રાણી ધ્રુવ પ્રદેશનું સફેદ રીંછ છે. ધ્રુવ પ્રદેશના ઠંડા વાતાવરણમાં જીવતા રહેવા માટે કુદરતે તેના શરીર પર ૧૦ સેન્ટીમીટર જાડું ચરબીનું પડ આપ્યું છે. **આ રીંછ ૬૫૦ કિ.ગ્રા. વજનનું હોય છે. ઊભું થાય ત્યારે તે ૧૧ ફૂટ ઊંચું હોય છે. ધ્રુવ પ્રદેશના ઠંડા દરિયાના પાણીમાં તરતી હિમશિલાઓ પર તે રહે છે.** સફેદ રીંછ તરવામાં કુશળ હોય છે. ઘટ્ટ વાળ હોય છે એટલે બરફ પર સહેલાઈથી દોડી શકે છે. જરૂર પડે ત્યારે તે ૨૫ કિ.મી.ની ઝડપે દોડી શકે છે. આ રીંછ મોટી માછલીઓનો શિકાર કરે છે.

ઠંડા પ્રદેશમાં જીવતા રહેવા કુદરતે સફેદ રીંછમાં ઘણી કરામતો ગોઠવી છે. શરીરની ગરમી બહાર નીકળી ન જાય તે માટે તેના કાન સાવ નાના રાખ્યા છે. એટલે તે ઓછું સાંભળી શકે છે. બદલામાં તેનું નાક વધુ શક્તિશાળી બનાવ્યું છે. ઘણે દૂરથી તે માંસની ગંધ મેળવી લે છે. તેની રૂંવાટી સફેદ હોય છે. પરંતુ ચામડી કાળી હોય છે. એટલે તે ગરમીનું શોષણ કરે છે. નવાઈની વાત એ છે કે તેના પાતળા સફેદ વાળ પોલા હોય છે અને તે દ્વારા સૂર્ય પ્રકાશની ગરમી તેના શરીરમાં પહોંચે છે. સફેદ રીંછની રૂંવાટી મુલાયમ અને સુંદર હોય છે. શિકારીઓ તેની ચામડી માટે તેનો શિકાર કરે છે.

## જંતુઓમાં સૌથી ઝેરી : વીંછી

છ પગ અને વાંકી પૂંછડી ધરાવતા વીંછી નજરે પડે તો ગભરામણ થાય તેવા જંતુ છે. વિશ્વમાં લગભગ ૧૭૦૦ જાતના વીંછી જોવા મળે છે. તમામ પ્રકારના વીંછી ઝેરી ડંખવાળા હોય છે. તે નવ મિલિમીટરથી માંડી ૨૩ સેન્ટીમીટર સુધીની લંબાઈના જોવા મળે છે.

વીંછી ઠંડા લોહીનું જંતુ છે. ૨૦થી ૩૫ ડિગ્રી સરેરાશ તાપમાનવાળા પ્રદેશોમાં તે વધુ જોવા મળે છે. વીંછીનું શરીર સખત કવચથી રક્ષિત હોય તેના કવચમાં ફ્લ્યુરોસન્ટ હોવાથી તે ચમકતા દેખાય છે. વીંછીના પગ અને પૂંછડી પર સૂક્ષ્મ વાળ હોય છે. તે શક્તિશાળી સેન્સરનું કામ કરે છે. તેના વાળને પણ કંઈક સ્પર્શ થાય તો તે તરત જ ડંખ મારે છે. તેની પૂંછડી ચારે દિશામાં ફેરવી શકે છે અને તેના છેડે અણિદાર ડંખ હોય છે. વીંછીનું ઝેર ઉંદર જેવા નાના પ્રાણીઓને તરત જ મારી નાંખે છે. વીંછીને છ પગ અને આગળના બે પગ અંકોડા જેવા હોય છે. જેનો તે શિકારને પકડવા ઉપયોગ કરે છે. વીંછી ઉંદર, ગરોળી જેવા જંતુઓ ખાય છે. તે એક વખત ભરપૂર ખાઈ લે પછી ઘણા મહિના ખોરાક વિના ચલાવી શકે છે. વીંછી શરીર પરનું કવચ સમયાંતરે બદલે છે. જીવનભરમાં લગભગ આઠ વખત કવચ ખરી તે નવું આવે છે. વીંછી સાથે સંકળાયેલી અનેક દંતકથાઓ પણ પ્રચલિત છે. નક્ષત્ર અને રાશિમાં પણ વીંછીને સ્થાન મળેલ છે.

## પ્રાચીન ટેક્નોલોજીની અદ્ભુત ઘડિયાળ : પ્રાગ ઓર્લોજ

વહાણવટાના વિકાસ સાથે તેને ઉપયોગી અનેક સાધનો પણ વિકસ્યા. ૧૫મી સદીમાં વિવિધ પ્રકારના ભૌમિતિક સાધનો ઉપરાંત ઘડિયાળો પણ બનતી. આ બધી વસ્તુઓ ચોક્સાઈપૂર્વક કામ તો કરે જ પણ દેખાવમાં સુંદર અને કલાત્મક બનતી. **ઇ.સ. ૧૪૧૦માં બનેલી પ્રાગ ઓર્લોજ ઘડિયાળ ટેક્નોલોજીનો ઉત્તમ નમૂનો છે.** ઝેકના પાટનગર પ્રાગ ખાતે આ ઘડિયાળ આવેલી છે અને વિશ્વપ્રસિદ્ધ છે. પ્રાગ ઓર્લેજને એસ્ટ્રોનોમિકલ ક્લોક પણ કહે છે. તે સમય ઉપરાંત રાશિ ભ્રમણ, સૂર્ય ચંદ્રની સ્થિતિ તેમજ ઘણી ખગોળીય માહિતી દર્શાવે છે. વિશાળ કદની આ ઘડિયાળ સુંદર અને કલાત્મક છે. તેની આસપાસ દેવી - દેવતાની મૂર્તિઓ છે.

પ્રાગ ઓર્લોજના ભૂરા રંગના વિશાળ ડાયલમાં ફરતા સૂર્ય, ચંદ્ર અને રાશિઓનાં પ્રતીકો અને સોનેરી રંગના રોમન આંકડા છે. આ ઘડિયાળ ૨૪ કલાકનો સમય બતાવે છે. ઇ.સ. ૧૮૭૦માં ઘડિયાળ હેઠળ કેલેન્ડર પણ ઉમેરવામાં આવેલું.

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### દેશમાં ફેલાઈ રહ્યો છે કોવિડ જેવો ફ્લુ લક્ષણો પણ કોરોના જેવા જ...

**છેલ્લા બે મહિનાથી રાજધાની દિલ્હી સહિત ભારતના ઘણા ભાગોમાં ઇન્ફ્લુએન્ઝાના કેસ વધી રહ્યા છે**

ICMR ના રીપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ઇન્ફ્લુએન્ઝા વાઇરસનો એક સબ-ટાઈપ એચ૩એનર (H3N2) છેલ્લા બે-ત્રણ મહિનાથી ફેલાઈ રહ્યો છે. દેશના ઘણા ભાગોમાં લોકોમાં સમાન સ્ટ્રેનના લક્ષણો જોવા મળ્યા છે. નિષ્ણાતોનું કહેવું છે કે, અન્ય સબ-ટાઈપ કરતાં આ વેરિયન્ટને કારણે લોકોને હોસ્પિટલમાં વધુ દાખલ કરવામાં આવે છે.

વેદાંતા હોસ્પિટલના ઇન્ટરનલ મેડિસિન વિભાગના સિનિયર ડિરેક્ટર સુશીલા કટારીયાએ જણાવ્યું હતું કે આ દર્દીઓ ઇન્ફ્લુએન્ઝા એ વાઇરસના H3N2 સ્ટ્રેઇનથી સંક્રમિત છે. ફ્લુના દર્દીને ૨-૩ દિવસ સુધી સખત તાવ આવે છે. દર્દીમાં સતત બે અઠવાડિયા સુધી ખાંસી આવવા ઉપરાંત શરીરમાં દુઃખાવો, માથાનો દુઃખાવો, ગળામાં બળતરા થવી – આ ફ્લુના સામાન્ય લક્ષણોમાં ગણવામાં આવે છે.

પ્રાઇમસ સ્લીપ એન્ડ ક્રિટીકલ કેર મેડિસિન વિભાગના વડા એસ.કે. છાબરાએ ન્યુઝ એજન્સી IAN ને જણાવ્યું હતું કે, વાઇરલ ફીવરની સાથે દર્દીઓને શરદી, ખાંસી અને બ્રોન્કાઇટીસ જેવી ફેફસાંની ગંભીર સમસ્યાઓ જોવા મળી રહી છે. સાથે જ છાતીમાં દુઃખાવો અને વાઇરલ ઇન્ફેક્શનના કેસ પણ જોવા મળી રહ્યા છે.

ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રીસર્ચ (ICMR) એ જણાવ્યું : ઇન્ફ્લુએન્ઝા હોય તો શું કરવું.... • ફેસ માસ્ક પહેરો અને ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળો. • તમારા હાથને નિયમિતપણે પાણી અને સાબુથી ધોઈ લો. • નાક અને મોઢાને અડવાનું ટાળો. • ઉધરસ કે છીંકતી વખતે તમારા નાક અને મોં ને સારી રીતે ઢાંકો. • તમારી જાતને હાઇડ્રેટેડ રાખો. • તાવ આવે તો પેરાસિટામોલ લો.

ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) એ લોકોને શરદી, તાવ અને ઉબકા આવે ત્યારે વિચાર્યા વિના એન્ટીબાયોટીક્સ ન લેવાની સલાહ આપી છે. એસોસિએશને ડોક્ટરોને દર્દીઓનાં લક્ષણો જોયા પછી જ સારવાર આપવા અને એન્ટીબાયોટીક્સ પ્રિસ્ક્રાઈબ ન કરવા જણાવ્યું છે.

એસોસિએશને કહ્યું કે અમે કોરોના દરમિયાન એઝિથ્રોમાયસીન અને આઈવરમેક્ટીનનો વધુ પડતો ઉપયોગ જોયો છે. વધુ એન્ટીબાયોટીક્સ લેવાથી લોકોના શરીરમાં પ્રતિકાર પેદા થયો છે. એટલે એન્ટીબાયોટીક્સ પ્રિસ્ક્રાઈબ કરતા પહેલાં એ જોવું પડે છે કે ઇન્ફેક્શન બેક્ટેરીયલ છે.

WHO એ દાવો કર્યો, નેક્સ્ટ વેરિયન્ટ વધારે ચેપી હશે. હજુ આ મહામારીનો અંત આવ્યો નથી.

*(તા. ૦૬-૦૩-૨૦૨૩)*

### અમિતાભ બચ્ચન શૂટિંગ દરમિયાન ઘાયલ

**હૈદ્રાબાદમાં પ્રોજેક્ટ K નું શૂટિંગ ચાલી રહ્યું હતું. પાંસળીમાં ઇજા થઇ. અમિતાભે કહ્યું : શ્વાસ લેવામાં પણ મુશ્કેલી પડી રહી છે**

અમિતાભ બચ્ચન હૈદ્રાબાદમાં શૂટિંગ દરમિયાન ઘાયલ થયા છે. આ બાબતે તેમણે પોતાના બ્લોગ પર આ માહિતી આપી હતી. અમિતાભ હાલ મુંબઈમાં પોતાના ઘરે આરામ કરી રહ્યા છે. તેઓ પ્રભાસની ફિલ્મ "પ્રોજેક્ટ K"નું શૂટિંગ કરી રહ્યા હતા. એક એક્શન સીન દરમિયાન તેમને પાંસળીઓમાં ઇજા થઈ છે. હૈદ્રાબાદમાં ચેક-અપ બાદ તેમને મુંબઈ મોકલવામાં આવ્યા હતા.

અમિતાભ બચ્ચને પોતાના બ્લોગમાં લખ્યું : પાંસળીમાં ઇજા થઈ છે. શૂટિંગ રદ કરવામાં આવ્યું છે. પાટો બાંધવામાં આવ્યો છે અને સારવાર કરવામાં આવી રહી છે. એનાથી ઘણી પીડા થઈ રહી છે. શરીરને આમ-તેમ કરવામાં પણ મુશ્કેલી થઈ રહી છે. શ્વાસ લેવામાં પણ તકલીફ થાય છે. મને આ દુઃખાવા માટે કેટલીક દવાઓ આપવામાં આવી છે. મને સાજા થવા માટે થોડા અઠવાડિયાનો આરામ લાગશે.

અમિતાભે લખ્યું : હું જલસામાં ફેન્સને મળી શકીશ નહીં. સિવાય બીજું બધું બરાબર છે. *(તા. ૦૬-૦૩-૨૦૨૩)*

## ગુજરાતમાં હોળી ટાણે જ વરસાદ! અમદાવાદમાં ભારે પવન સાથે વરસાદ

ગુજરાતમાં આજે હોળી પ્રગટાવવાના સમય પહેલાં જ અલગ અલગ શહેરોમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસતાં હોળીના આયોજનના રંગમાં ભંગ પડ્યો હતો. આજે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. કેટલાક જિલ્લાઓમાં કરા અને ભારે પવન સાથે વરસાદ વરસતાં અષાઢ મહિના જેવો માહોલ જોવા મળ્યો હતો. માવઠાને કારણે કેરી અને રવિ પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

અમદાવાદમાં હોલીકા દહનના એક કલાક પહેલાં જ વાતાવરણમાં પલટો આવ્યો હતો. અચાનક જ ભારે પવન ફૂંકાવાનો શરૂ થયો હતો. ઠંડા પવન સાથે ધૂળની ડમરીઓ ઉડી હતી, જેના કારણે કેટલીક જગ્યાએ તો હોલીકા દહન માટેની તૈયારી પર પાણી ફરી ગયું હતું.

હોળી પ્રગટાવવાને માંડ બે કલાક જેટલો સમય રહ્યો હતો ત્યાં જ વડોદરા શહેરના હવામાનમાં અચાનક પલટો આવ્યો હતો. સાંજે જોરદાર પવન ફૂંકાતા વાહનચાલકો અને રાહદારીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો. એક તરફ ખરા ઉનાળાની શરૂઆત થઈ રહી છે ત્યારે જ રાજ્યમાં સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં પણ હવામાન પલટાયું છે. જેને કારણે ઘઉં, ચણા અને કેરીના પાકને નુકસાન થવાની ભીતિ વર્તાઈ રહી છે.

*(તા. ૦૬-૦૩-૨૦૨૩)*

## અંબાલાલ પટેલની આગાહી : હોળીની જ્વાળાની દિશા જોઈને હવામાન નિષ્ણાતે આગાહી કરી : આ વર્ષે ચોમાસામાં ભારે પવન સાથે વાવાઝોડું આવશે

સનાતન ધર્મમાં હોળીના તહેવારનું વિશેષ ધાર્મિક મહત્ત્વ છે. હોળી પ્રગટાવી તેની જ્વાળાની દિશાના આધારે વડવાઓ આગામી વર્ષ કેવું રહેશે તેનું અનુમાન કરતા આવ્યા છે. ત્યારે ગાંધીનગરથી હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે હોળીની જ્વાળાની દિશા જોઈને આગાઈ કરી છે કે આ વર્ષે વાવાઝોડા સાથે ચોમાસાની શરૂઆત થશે. વાવાઝોડા સાથે ચોમાસામાં વરસાદ આવવાને કારણે વરસાદની વચ્ચે બ્રેક લાગશે.

આ વર્ષે હોળીનો પવન વાયવ્ય તરફનો હોવાથી વરસાદ સાથે વાવાઝોડું આવી શકે છે. બંગાળની ખાડી, અરબ સાગરમાં ચક્રવાતનું પ્રમાણ વધવાનું છે. એકંદરે વર્ષ સારું રહેશે. હોળીના દિવસે વાયવ્ય તરફનો પવન હોવાને કારણે મુહૂર્તની દૃષ્ટિએ આ નિશાની સારી નથી.

અંબાલાલ પટેલે કહ્યું છે કે ભારે પવન અને વાવાઝોડાને કારણે ચોમાસામાં ખેડૂતો પર અસર પડી શકે છે, જેની અસર અન્ય લોકો પર પણ થાય છે.

*(તા. ૦૬-૦૩-૨૦૨૩)*

## અંબાજી પ્રસાદનો વિવાદ

અંબાજી મંદિરે મોહનથાળ પ્રસાદ બંધ કરી દેતાં ભારે વિવાદ છેડાયો છે. ડિસેમ્બર મહિનાથી મોહનથાળ બંધ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી હતી. ડિસેમ્બરમાં ચીકીનું ટેન્ડર બહાર પાડ્યું હતું અને જાન્યુઆરીમાં કલોલની કંપનીને આ ટેન્ડર ફાળવવામાં આવ્યું હતું. પહેલો ઓર્ડર ૨૭ ફેબ્રુઆરીએ ૬૦ હજાર ચીકીનો અપાયો હતો. ચીકીનો ઓર્ડર મળ્યો છે એ નંદિની ગૃહ ઉદ્યોગના રજનીભાઈ પટેલે વાતચીતમાં કહ્યું હતું કે હું અને મારો પરિવાર મા અંબાના મોટા ભક્ત છીએ. મારી અને મારા પરિવારની લાગણી છે કે મોહનથાળનો પ્રસાદ તો બંધ ન થવો જોઈએ. ચીકીના કોન્ટ્રાક્ટ વિશે તેમણે કહ્યું હતું કે વર્ષે ૧.૧૭ કરોડનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે.

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે અંબાજી મંદિરમાં મોહનથાળ પ્રસાદના મામલાને ચાર દિવસ થઈ ચૂક્યા છે, ત્યારે હજી મોહનથાળના પ્રસાદના મામલાનો અંત આવ્યો નથી. વિવિધ સંસ્થાનો, આગેવાનો અને પાર્ટીઓ દ્વારા અંબાજી મંદિર તેમજ કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યા છે. સાથે સાથે ગુજરાત અને દેશભરના ભક્તોની પણ પ્રબળ માંગ છે કે અંબાજી મંદિરમાં ફરીથી મોહનથાળનો મહાપ્રસાદ ચાલુ થાય. પરંપરાગત વર્ષોથી ચાલતી આવતી અંબાજી મંદિરની ઓળખ અને રાજભોગ એવો મોહનથાળનો મહાપ્રસાદ બંધ કરીને ચીકીના પ્રસાદનું વેચાણ કરાતાં સમગ્ર મામલો વિવાદમાં આવેલ છે.

કલેક્ટર આનંદ પટેલે જણાવ્યું હતું કે, 'જરૂરી નથી કે નિર્ણય અહીંથી જ લેવાય. મને સાંભળો. બે-ત્રણ મુદ્દાઓ ક્લિયર કરી દઉં. રાજભોગની પરંપરામાં કોઈ જ બદલાવ નથી આવ્યો. મંદિરના ગર્ભગૃહ સાથે મંદિરનો વહીવટી સ્ટાફ કોઈ ચંચુપાત કરતો નથી.'

*(તા. ૦૬-૦૩-૨૦૨૩)*

## ઓસ્ટ્રેલિયાના PM અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ આવશે. એન્થોની અલ્બેનીઝ ગાંધી આશ્રમ જશે

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર - ગાવસ્કર ટ્રોફી ટેસ્ટ

સિરીઝની છેલ્લી મેચ ૯ માર્ચથી અમદાવાદના મોટેરા ખાતેના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. ટેસ્ટ સિરીઝની આ અંતિમ મેચમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રથાન એન્થોની અલ્બેનીઝ પણ હાજર રહેવાના છે. આજે બંને દેશોના વડાપ્રધાન અમદાવાદ આવી પહોંચશે. સાંજે ૪ વાગે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એરપોર્ટ પર આવશે. ત્યાંથી તેઓ સીધા ગાંધી આશ્રમે જશે. જ્યાં તેઓ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અને આશ્રમની મુલાકાત લેશે.

આ મેચના પહેલા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝ સાથે હાજર રહેશે અને પહેલા દિવસના લંચબ્રેક સુધીની રમત નિહાળશે.

*(તા. ૦૮-૦૩-૨૦૨૩)*

## હોળી પર જાપાનની યુવતી સાથે છેડતી બળજબરીથી રંગ લગાવ્યો. મારા પર ઇંડા પણ ફોડ્યા. દિલ્હી પોલીસે એમ્બેસીને પત્ર લખ્યો

રાજધાની દિલ્હીમાં હોળીના તહેવાર પર વિદેશી યુવતી સાથે છેડતી અને ગેરવર્તન કરવામાં આવ્યું હોવાનો એક વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં છોકરાઓનું એક ગ્રુપ જાપાનની યુવતી સાથે બળજબરીથી હોળી રમતું જોવા મળે છે. એટલું જ નહીં, આ છોકરાઓ યુવતીના માથા પર ઈંડા પણ ફોડી રહ્યા હતા. આ દરમિયાન યુવતી પરેશાન દેખાઈ રહી છે. કેટલાક મીડિયા રીપોર્ટસમાં આ વીડિયો દિલ્હીના પહાડગંજનો જણાવવામાં આવી રહ્યો છે. જો કે હજુ સુધી તેનું લોકેશન વેરીફિકેશન થયું નથી.

જ્યારે આ કેસમાં પોલીસે જાપાનની એમ્બેસીને એક પત્ર લખ્યો છે. જેમાં આરોપી છોકરાઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવાનું કહેવામાં આવ્યું છે. દિલ્હી પોલીસે કહ્યું કે આ મામલે હજુ સુધી કોઈ ફરિયાદ નોંધાઈ નથી. પોલીસ તેની તપાસ કરી રહી છે.

બીજી તરફ મહિલા આયોગના અધ્યક્ષ સ્વાતિ માલીવાલે દિલ્હી પોલીસને નોટીસ મોકલીને આ મામલે આરોપીઓ વિરૂધ્ધ કેસ નોંધવાની માંગ કરી છે.

*(તા. ૧૦-૦૩-૨૦૨૩)*

## સાહિત્યકાર ધીરુબહેન પટેલનું નિધન

ગુજરાતી સાહિત્યના પ્રથમ હરોળના સર્જક ધીરુબહેન પટેલે આજે આપણી વચ્ચેથી વિદાય લીધી છે. લાંબુ આયુષ્ય ભોગવ્યું અને માતબર સર્જન કર્યું. આખરી શ્વાસ સુધી એમનામાં લખવાની તમન્ના અકબંધ રહી.

ધીરુબહેનનો વડોદરાના ધર્મજમાં તારીખ ૨૯મી મે, ૧૯૨૬ના રોજ જન્મ થયો હતો. માતા ગંગાબહેન સંસ્કૃત અને અંગ્રેજીના પણ પતિના રંગે અભ્યાસી બન્યા. સત્યાગ્રહ ચળવળમાં પણ ગંગાબહેને ભાગ લીધો હતો. લેખિકા પણ હતા ગંગાબહેન. ધીરુબહેનના પિતા અંગ્રેજી અને ગુજરાતી પત્રકારત્વના ક્ષેત્રે સક્રિય હતા.

માતા અને પિતાનો શબ્દવારસો ધીરુબહેનમાં ઉતરી આવ્યો. એમણે વર્ષ ૧૯૪૫માં અંગ્રેજી વિષય સાથે બી.એ. અને વર્ષ ૧૯૪૮માં એમ.એ.ની ડિગ્રી મેળવી.

વર્ષ ૨૦૦૩-૨૦૦૪ દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે પણ હતા.

ગુજરાતી સાહિત્ય જગતમાં ધીરુબહેનના પ્રદાનને ધ્યાનમાં લેતા વર્ષ ૧૯૮૦નો રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી તેમને ૧૯૮૧માં મુન્શી સુવર્ણ ચંદ્રક અને ૨૦૦૨માં સાહિત્ય ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયા હતા. ૧૯૯૬માં તેમને નંદશંકર સુવર્ણ ચંદ્રક અને દર્શક પુરસ્કાર મળ્યા હતા.

તેમની નવલકથા 'આગન્તુક' માટે ૨૦૦૧માં તેમને સાહિત્ય અકાદમીનો ગુજરાતી ભાષા માટેનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

*(તા. ૧૦-૦૩-૨૦૨૩)*

## અમેરિકા, ઇંગ્લેન્ડ, જાપાનમાં વધ્યો ચાઇલ્ડ ફ્રી ટ્રેન્ડ : જાણો ભારત પર તેની શું અસર પડી શકે છે

દરેક વ્યક્તિ પોતાની રીતે જીવનની સ્વતંત્રતા વિશે વિચારે છે. આવા કેટલાક કપલ છે જેમને બાળકો પેદા નથી કરવા ન તો એડોપ્ટ કરવા છે. છેલ્લા ઘણા વર્ષોમાં ચાઇલ્ડ ફ્રી અને નો કિડ્સ લાઇફનો ટ્રેન્ડ પણ વધ્યો છે. જેની અસર ભારતમાં પણ થઈ છે.

એનો મતલબ એ છે કે કોઈપણ દંપતી બાળક ઇચ્છતું નથી. તે માતા બન્યા વિના ખુશ છે. એવું નથી કે ચાઇલ્ડ ફ્રી શબ્દ આજના આધુનિક યુગના લોકો અપનાવી રહ્યા છે. પરંતુ ૧૫૦૦ની સાલથી જ તેની શરૂઆત થઈ છે. વર્ષ ૧૯૦૦ સુધીમાં આ વિચાર ખૂબ વધી ગયો હતો. આવી સ્થિતિમાં જન્મ નિયંત્રણ, ગર્ભપાત, છુટાછેડા જેવી બાબતોનો જન્મ થયો. ધીમે ધીમે મહિલાઓએ દબાયેલા અવાજમાં નહીં પણ ખુલ્લેઆમ વિરોધ કરવાનું શરૂ કર્યું. જો કે આના પછી ઘણા આંદોલનો પણ થયા.

પ્યૂ રીસર્ચ સેન્ટરના ૨૦૨૧માં આવેલા એક રીપોર્ટ મુજબ, અમેરાકમાંથી દર પાંચમાંથી એક કપલને બાળક જોઈતું નથી. આ રીસર્ચ મુજબ, ૧૮થી ૪૯ વયના ૪૪ ટકા લોકો એવા છે જેઓ બાળકો નથી ઇચ્છતા. ઇંગ્લેન્ડ અને વેલ્સમાં ૩૫થી ૪૪ વર્ષના લોકોમાં ૫૦ ટકા લોકો પણ આવું જ માને છે.

ચોંકાવનારી વાત એ છે કે સંયુક્ત કુટુંબ અને પિતૃત્વને

પ્રોત્સાહન આપતું ભારત પણ આ ટ્રેન્ડનો ભાગ બન્યું છે. ચાઈલ્ડ ફ્રી લાઈફનું પહેલું કારણ ફ્રી લાઈફ છે. તેમના ભવિષ્ય માટે રોકાણ કરવું, એ જૂની બાબતો થઈ ગઈ છે. નવા કપલ્સ હવે કરિયર અને પેશન્સને આગળ રાખીને જીવન પોતાના પ્રમાણે જીવવા માંગે છે. તેમના મતે જીવનમાં બાળકો આવવાથી તેમના સપના અને લાઈફ સ્ટાઈલ પર અસર પડી શકે છે. આ માટે તેઓ પેરેન્ટહુડથી દૂર રહેવા માંગે છે.

બીજું કારણ દુનિયાની હાલની પરિસ્થિતિ છે. આબોહવા પરિવર્તનથી લઈને પરમાણું યુધ્ધના ભય સુધી, વિશ્વ સતત બદલાઈ રહ્યું છે. પ્રદૂષણ, નબળી જીવનશૈલી અને કેટલાક રોગોના કારણે નીચા પ્રજનન દર એટલે કે બાળકો પેદા કરવાની ક્ષમતા ઘટી રહી છે. જેમાં છેલ્લા ૭૦ વર્ષમાં વિશ્વમાં જન્મેલાં બાળકોની સંખ્યામાં ૫૦ ટકાનો ઘટાડો થયો છે. ભારતમાં છેલ્લાં ૫૦ વર્ષોમાં પ્રજનન દર ૫.૨થી ઘટીને ૨.૧ પર આવી ગયો છે.

મોંઘવારી તેનું ત્રીજું સૌથી મોટું કારણ છે. વિશ્વની સૌથી મોટી ઈકોનોમી ચીન અને જાપાનમાં લોકો બાળક પેદા નથી કરવા માંગતા.

*(તા. ૧૦-૦૩-૨૦૨૩)*

## અલ્હાબાદ હાઈકોર્ટમાં આવેલી મસ્જિદ 3 મહિનામાં હટાવવા આદેશ..

સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટનો નિર્ણય માન્ય રાખ્યો. કોર્ટે કહ્યું, 'નવી જમીન માટે યુ.પી. સરકાર સમક્ષ પક્ષ રજૂઆત કરો.'

*(તા. ૧૨-૦૩-૨૦૨૩)*

## એર ઇન્ડિયાની ફ્લાઇટમાં અમેરિકન યાત્રીએ સિગારેટ પીધી

જ્યારે ક્રૂ મેમ્બર્સે તેને રોક્યો તો તેણે બૂમો પાડવાનું શરૂ કર્યું. ફ્લાઇટનો દરવાજો ખોલવાનો પણ પ્રયાસ કર્યો હતો. આ પછી ક્રૂ મેમ્બરોએ તેના હાથ-પગ બાંધી નાખ્યા.

પ્લેનમાં ધૂમ્રપાન કરનાર વ્યક્તિની ધરપકડ કરી શકાય છે.

*(તા. ૧૨-૦૩-૨૦૨૩)*

## કરણી સેનાના સંસ્થાપક લોકેન્દ્રસિંહ કાલવીનું નિધન

શ્રી રાજપૂત કરણી સેનાના સંસ્થાપક અને સામાજિક કાર્યકર લોકેન્દ્રસિંહ કાલવીનું સોમવારે મોડી રાત્રે રાજસ્થાનની એસ.એમ.એસ. હોસ્પિટલમાં નિધન થયું હતું. ડોક્ટરોના જણાવ્યા મુજબ કાલવી ઘણા સમયથી બીમાર હતા. જૂન ૨૦૨૨માં બ્રેઇન સ્ટ્રોક આવ્યા બાદ તેમને અહીં દાખલ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન, ગઈકાલે રાત્રે તેમને હૃદયરોગનો હુમલો આવ્યો અને તેઓને બચાવી શકાયા નહીં.

લોકેન્દ્રસિંહ કાલવીની કરણી સેના અનેક સામાજિક મુદ્દાઓ પર વિરોધના કારણે દેશભરમાં ચર્ચામાં રહી છે.

કરણી સેનાએ ઘણી વખત રાજપૂત સમાજ પર આધારિત ફિલ્મો, સિરિયલોનો ઉગ્ર વિરોધ કર્યો હતો. કાલવીના નેતૃત્વમાં ૨૦૦૮માં ફિલ્મ નિર્માતા આશુતોષ ગોવારીકરની ફિલ્મ 'જોધા અકબર'ની રીલીઝનો સમગ્ર રાજસ્થાનમાં વિરોધ કરવામાં આવ્યો હતો. એ જ રીતે, એકતા કપૂરની સીરીયલ જોધા અકબરનો વિરોધ કરતા જયપુરમાં લીટરેચર ફેસ્ટીવલમાં ભારે હોબાળો થયો હતો. ૨૦૧૮માં કરણી સેનાએ ફિલ્મ પદ્માવતની રીલીઝનો વિરોધકર્યો હતો. વિરોધમાં કાલવીએ જણાવ્યું હતું કે ફિલ્મમાં રાજપૂત કુળની ગરિમા વિરૂધ્ધ બતાવવામાં આવ્યું છે.

લોકેન્દ્રસિંહ કાલવીએ ભારતમાં જાતિ આધારીત અનામતનો સખત વિરોધ કર્યો હતો. આ સંદર્ભે, વર્ષ ૨૦૦૬માં કાલવીએ શ્રી રાજપૂત કરણી સેનાની સ્થાપના કરી હતી. તેમણે ભારતમાં જાતિ આધારિત અનામત પ્રથાનો વિરોધ કરીને એક નવા વિવાદને પણ જન્મ આપ્યો.

*(તા. ૧૨-૦૩-૨૦૨૩)*

# વિદેશના સમાચાર

## ૫૨ હજારથી વધુના મોત ૯૦ અબજ ડોલરથી વધુનું નુકસાન

**ચારેબાજુ કાટમાળ. ૧૫ લાખથી વધુ લોકો બેઘર. દટાયેલા લોકોની ચીસો... તુર્કી-સીરીયા સહિત વિશ્વની પ્રાચીન વિરાસતો ભૂકંપને કારણે ખંડેર બની**

**હજારો ઇમારતો ધરાશાયી કરનારો ભૂકંપ વિશ્વભરમાં એક કરતાં વધુ વર્ષોમાં સૌથી ભયંકર હતો**

સીરીયાનું એલેપ્પો શહેર જગતના ગણ્યાગાંઠ્યા સૌથી જૂના શહેરો પૈકીનું એક છે. આ દેશે પણ અનેક રાજાઓના રાજ્યોમાં ચડતી-પડતી જોઈ છે. તુર્કીની જેમ જ સીરીયા પણ નીઓલિથિક પીરીયડનું મહત્ત્વનું કેન્દ્ર હતું. એના પેટાળમાં સેંકડો વર્ષ શીતનિંદ્રામાં પોઢ્યા છે.

ચડતી-પડતીનો લાંબો ઈતિહાસ ધરાવતા આ બંને દેશોએ બરાબર એક મહિના પહેલા વધુ એક વખત કુદરતનું રૌદ્ર રૂપ જોયું. ૭.૮ની તીવ્રતાથી ત્રાટકેલા મહાવિનાશક ભૂકંપથી ભારે તબાહી સર્જાઈ. **૫૨,૭૦૦ કરતાં વધુ લોકોના મૃત્યુ થયા. ૧.૩૦ લાખ લોકો ઇજાગ્રસ્ત બન્યા. ૧૫ લાખ લોકો ઘરવિહોણા થયા.**

**તુર્કી અને સીરીયાને ૯૦ અબજ ડોલરનું નુકશાન થયું.** આર્થિક નુકશાનીની દૃષ્ટિએ આ ચોથો સૌથી ખતરનાક ભૂકંપ છે.

આ ભૂકંર આર્થિક - સામાજિક રીતે તુર્કી - સીરીયા માટે જેટલો નુકશાનકારક સાબિત થયો એટલો સાંસ્કૃતિક રીતે પણ ઘાતક બન્યો. બંને દેશોની કેટલીય ઐતિહાસિક ઇમારતોને આ ધરતીકંપે મોટી ક્ષતિ પહોંચાડી.

બંને દેશોનાં જે બાંધકામો એક સમયે ઐતિહાસિક વિરાસત ગણાતા હતા, એ આજે ખંડેર બની ગયા છે. સદીઓ જૂના પ્રાચીન શહેરો, ઇમારતો આજે કાટમાળમાં તબદિલ થયા છે. તુર્કીના પ્રાચીન વિસ્તાર હતાયમાં આવેલું અંતાક્ય શહેર ૭૦ ટકા નેસ્તનાબૂદ થઈ ગયું છે. તુર્કી અને સીરીયામાં ત્રણ પ્રાચીન શહેરોએ સૌથી વધુ વિનાશ જોયો : અંતાક્યા, સાનલિઉર્ફા અને એલેપ્પો.

અંતાક્યા શહેરનો ઇતિહાસ ઘણો રોચક છે. એક સમયે રોમન સમ્રાટો સમશીતોષ્ણ મહાનગરોમાં શિયાળો વિતાવતા હતા એ શહેરો આજે નષ્ટ થઈ ગયા. અંતાક્યા શહેરમાં ભૂકંપનો ઇતિહાસ પણ લાંબો છે. ચાર વિનાશકારી ભૂકંપ પછી આ શહેરે અનેક પરિવર્તનો જોયા છે. યહુદી, ખ્રિસ્તી, મુસ્લિમ સમુદાયોએ પ્રાચીનકાળથી લઈને અત્યાર સુધી અંતાક્યામાં વસવાટ કર્યો છે. કથા તો એવી પણ મળે છે કે અંતાક્યા એ સ્થળ છે જ્યાં ઇશુને પહેલીવાર ખ્રિસ્તી કહેવામાં આવ્યા હતા.

ઐતિહાસિક વિરાસતો ધરાવતા બાંધકામો કાટમાળમાં તબદિલ.

અંતાક્યાનું જગવિખ્યાત સેન્ટ પોલ ચર્ચ અને હબીબી નિકાર્ક મસ્જિદ જેવા બાંધકામો પડી ભાંગ્યા છે. મસ્જિદનું ગુંબજ આખું જમીનદોસ્ત થઈ ગયું. ૭મી સદીની આ ઇમારત તુર્કીની સૌથી જૂની ઇમારતો પૈકી એક માનવામાં આવે છે. જે ભૂકંપના કારણે કાટમાળમાં ફેરવાઈ ગઈ.

૭મી સદીની સૌથી જૂની ઇમારતમાં ગણાતી હમીબી નિકાર્ક મસ્જિદ ભૂકંપમાં જમીનદોસ્ત થઈ.

તુર્કીના ગઝિયાટેપમાં પણ ભારે વિનાશ વેરાયો છે. ગઝિયાટેપ કિલ્લો આ કુદરતી હોનારતમાં સંપૂર્ણપણે નાશ પામ્યો છે. ૨૦૦૦ વર્ષ જૂનો આ ઐતિહાસિક કિલ્લો રોમનોએ બાંધ્યો હતો. ૧૨ પીલ્લરથી શોભતો આ કિલ્લો હવે માત્ર તસવીરોમાં જ જોઈ શકાશે. બીબીસી ના અહેવાલ અનુસાર, રોમન સામ્રાજ્ય દરમિયાન બાંધવામાં આવેલો કિલ્લો હવે ખંડેર હાલતમાં છે અને તેની ઘણી દીવાલો તૂટીને શેરીઓમાં ટુકડા રૂપે વેરાઈ ગઈ છે. તુર્કીની સરકારી સમાચાર એજન્સી અનાદોલુએ જણાવ્યું હતું કે, 'પ્રાચીન કાટમાળ રસ્તા પર વિખેરાઈ ગયો હતો.' બીજી ત્રીજી સદીમાં રોમનોએ આ પ્રખ્યાત કિલ્લાનું નિર્માણ કર્યું હતું. કિલ્લાને જોવા માટે વર્ષે અસંખ્ય પ્રવાસીઓ આવતા હતા.

તુર્કીની જેમ સીરીયાની કેટલીક પ્રાચીન ઇમારતો પણ જમીનદોસ્ત થઈ. ઉત્તરમાં આવેલા એલેપ્પોમાં પ્રખ્યાત કિલ્લા સહિત અનેક પુરાતત્ત્વિય સ્થળો કાટમાળમાં ફેરવાઈ ગયા. યુનેસ્કોએ પ્રાચીન કિલ્લા અને ઐતિહાસિક સદીઓ જૂની બજારો માટે એલેપ્પો શહેરને અદ્વિતીય ગણાવ્યું હતું.

*(તા. ૧૦-૦૩-૨૦૨૩)*

---

## યુ.એસ. અર્થતંત્ર વધી રહેલા દબાણ સામે ઝઝૂમી રહ્યું છે. અબજોપતિઓ પાસેથી બાઈડન ૨૫% ટેક્સ વસૂલશે. કેપીટલ ગેઇન ટેક્સ બમણો કરશે.

રાષ્ટ્રપતિ જો બાઇડેન સુપર રીચ એટલે કે અબજોપતિઓ, ધનિક રોકાણકારો તેમજ કોર્પોરેશન પર કરમાં વધારાની નવી સીરીઝ રજૂ કરવા જઈ રહ્યા છે. સંસદમાં બાઈડેન ટૂંકમાં બજેટ પ્રસ્તાવ જાહેર કરશે. તેમાં અબજપતિઓ પર ૨૫% લઘુત્તમ ટેક્સ લગાવવાની યોજના છે. સાથે જ બાઈડેનની યોજના રોકાણ માટે કેપીટલ ગેઈન ટેક્સ ૨૦%થી વધારીને ૩૯.૬% કરવાની છે. તેનાથી કોર્પોરેટ્સ, ધનિક અમેરિકનો પાસેથી વધુ કરની વસુલાત થશે.

આ પ્રસ્તાવ ખાસ કરીને બાઈડેનના મલ્ટી ટ્રીલિયન ડોલર બિલ્ડ બેક બેટર ઇકોનોમિક પેકેજનું પ્રતિનિધિત્વ કરે છે. બાઈડેનનું કહેવું છે કે તેમની યોજનાથી ૧૦ વર્ષમાં અંદાજે ૩ ટ્રીલિયન ડોલરની ખોટની ભરપાઈ કરાશે. આ યોજના અમેરિકાના ખૂબ જ નાના વર્ગને અસર કરશે. પરંતુ, તેના પસાર થવાની સંભાવના ઓછી છે, ખાસ કરીને જ્યારે રીપબ્લિકન પ્રતિનિધિઓ ગૃહને નિયંત્રિત કરે છે. કોર્પોરેટ કરનો દર ૨૧%થી વધારીને ૨૮% કરાશે.

*(તા. ૧૦-૦૩-૨૦૨૩)*

---

## પેરિસના રસ્તાઓ પર ૫૬૦૦ ટન કચરો ભેગો થયો. નિવૃત્તિની ઉંમર વધતા સફાઈ કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા. એક અઠવાડિયાથી કચરો નથી ઉપાડ્યો.

ફ્રાન્સમાં સફાઈ કર્મચારી હડતાળ ઉપર છે. તેના કારણે પેરિસ સહિત અનેક શહેરોમાં ઠેર ઠેર કચરાના ઢગલા દેખાઈ રહ્યા છે. 'ફ્રાન્સ ૨૪'ના અહેવાલ મુજબ, પાટનગર પેરિસના રસ્તાઓ પર એક અઠવાડિયામાં અંદાજે ૫૬૦૦ ટન કચરો જમા થઈ ગયો છે. હકીકતમાં, ફ્રાન્સમાં નવી પેન્શન યોજના હેઠળ નિવૃત્તિની ઉંમર વધારવામાં આવી રહી છે. લોકો છેલ્લા ૨ મહિનાથી તેના વિરૂધ્ધ પ્રદર્શન કરી રહ્યા છે. પ્રદર્શનોમાં સફાઈ કર્મચારીઓ પણ સામેલ છે.

**નિવૃત્તિની ઉંમરને ૬૨ વર્ષથી ૬૪ કરતાં ૧ બીલ ૧૧ માર્ચના રોજ સીનેટ (ફ્રાન્સની સંસદનું ઉપલું ગૃહ)માં પાસ**

**થયું હતું.** હવે ૧૬ માર્ચના રોજ એક જોઈન્ટ કમિટી તેને રીવ્યુ કરશે. જો કમિટી આ બીલને મંજૂરી આપે છે તો સંસદના બંને ગૃહમાં અંતિમ મતદાન થશે.

એક સફાઈ કર્મચારીએ જણાવ્યું હતું કે, કચરો ઉપાડનારાઓની નિવૃત્તિની ઉંમર ૫૭ વર્ષ છે. જ્યારે સીવર સાફ કરનારાઓની નિવૃત્તિની ઉંમર ૫૨ વર્ષ છે. જો નવી પેન્શન યોજના લાગુ થઈ ગઈ, તો તેમને વધુ બે વર્ષ કામ કરવું પડશે. તેની અસર તેમના જીવન પર પડશે કારણકે તેઓ દિવસના ચારથી પાંચ કલાક સીવરની અંદર રહે છે. સફાઈ દરમિયાન અનેક પ્રકારના ગેસ નીકળે છે. સફાઈ કર્મચારી સીધી રીતે ગેસના સંપર્કમાં રહે છે. જેનાથી તેમના બીમાર પડવાની શક્યતા વધી જાય છે.

**ફ્રાન્સની ઈન્ટીરિયર મિનિસ્ટ્રી મુજબ, ફ્રાન્સના ૨૦૦ શહેરોમાં ૧૧ લાખ ૨૦ હજાર લોકો રસ્તા પર પ્રદર્શન કરી રહ્યા છે. ૮૦ હજાર લોકો તો ફક્ત પેરિસમાં જ પ્રદર્શન કરી રહ્યા છે.**

મોટાભાગના યુરોપના દેશોએ નિવૃત્તિની ઉંમર વધારી દીધી છે.

*(તા. ૧૪-૦૩-૨૦૨૩)*

## ભારતમાં અમેરિકન રાજદૂત બન્યા એરિક ગાર્સેટી
## યુ.એસ. સેનેટે લગાવી મહોર. બે વર્ષથી આ પદ ખાલી હતું.
## એરિક ગાર્સેટી C40 સિટીઝના ચેરમેન પણ છે.
## તે વિશ્વના ૯૭ સૌથી મોટા શહેરોનું નેટવર્ક છે.

અમેરિકાના લોસ એન્જેલસના પૂર્વ મેયર એરિક ગાર્સેટી ભારતમાં અમેરિકાના નવા રાજદૂત બન્યા છે. અમેરિકાના સેનેટે (સંસદનું અપર હાઉસ) તેમના નામ પર મહોર લગાવી દીધી છે. ખરેખરમાં, ભારતમાં અમેરિકાના રાજદૂતનું પદ છેલ્લા બે વર્ષથી ખાલી હતું. આવું પહેલી વખત બન્યું છે કે જ્યારે આ પદ આટલા લાંબા સમયથી ખાલી રહ્યું હોય.

આ પહેલા કેનેથ જસ્ટર ભારતમાં યુ.એસ.ના છેલ્લા રાજદૂત હતા. જેમને યુ.એસ. સરકારે જાન્યુઆરી ૨૦૨૧માં પાછા બોલાવ્યા હતા. તે પછી અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને ગાર્સેટીને નોમિનેટ કર્યા હતા.

*(તા. ૧૬-૦૩-૨૦૨૩)*

## ઇમરાનના ઘર પર બુલડોઝર ફર્યું
## ઇસ્લામાબાદ કોર્ટની બહાર પોલીસ પર પથ્થરમારો.
## જજે કહ્યું : આવી સ્થિતિમાં સુનાવણી શક્ય નથી.

પાકિસ્તાનના પૂર્વ પીએમ ઇમરાન ખાન તોશાખાના કેસમાં શનિવારે ઇસ્લામાબાદ કોર્ટમાં હાજર થયા. આ દરમિયાન તેમના સમર્થકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. સ્થિતિને જોતા જજે કહ્યું કે આવા માહોલમાં કેસની સુનાવણી શક્ય નથી. આ પછી જજે ઇમરાનની હાજરીની નોંધ કરીને પરત જવાની મંજૂરી આપી હતી. હવે રવિવારે સુપ્રીમ કોર્ટમાં તેમના કેસની સુનાવણી થશે.

અહીં શનિવારે સવારે ઇમરાન ખાન ઇસ્લામાબાદ જવા રવાના થયા બાદ પોલીસે તેમના જમાન પાર્કના ઘરે દરોડા પાડ્યા હતા. પોલીસે બુલડોઝર વડે ગેટ તોડીને ઇમરાનના ઘરમાં પ્રવેશ કર્યો હતો. લગભગ અઢી કલાક સુધી ઘરની તલાશી લીધા બાદ પોલીસ પરત આવી હતી.

ઇસ્લામાબાદ જતા પહેલાં શનિવારે સવારે રોઈટર્સને આપેલા ઇન્ટરવ્યૂમાં પૂર્વ વડાપ્રધાને તેમની ધરપકડની આશંકા વ્યક્ત કરી હતી. ઇમરાન કહ્યું હતું – જો મારી ધરપકડ થાય તો PTIને સંભાળવા માટે મેં એક કમિટી બનાવી દીધી છે. જોકે, ખાને કમિટીમાં સામેલ લોકો વિશે કોઈ માહિતી આપી નથી.

ઇમરાન ખાન વિરૂધ્ધ અત્યાર સુધીમાં કુલ ૮૦ કેસ નોંધાયા છે. ખાન પર તોશાખાનામાં જમા ભેટના સસ્તામાં ખરીદી કરવાનો અને વધુ કિંમતે વેચવાનો આરોપ છે. આ અંગે પાકિસ્તાનના ચૂંટણી પંચે તેમને ૫ વર્ષ માટે અયોગ્ય જાહેર કર્યા છે. તેમનું સંસદ સભ્યપદ પણ રદ કરવામાં આવ્યું છે.

*(તા. ૧૯-૦૩-૨૦૨૩)*

## ટાઈમ મેગેઝીનનાં ૫૦ શ્રેષ્ઠ સ્થળોની યાદીમાં
## ભારતના લદ્દાખ અને મયૂરભંજ પણ સામેલ
## સહેલાણીઓને રોમાંચક અનુભવ આપતા સ્થળોની યાદી જાહેર

ટાઈમ મેગેઝિને ૨૦૨૩માં દુનિયાના ૫૦ શ્રેષ્ઠ સ્થળોની યાદી જાહેર કરી છે તેમાં ભારતના લદ્દાખ અને ઓડિશાના મયૂરભંજ પણ સામેલ છે. ૨૦૨૩માં દુનિયાભરમાં ટ્રાવેલ અને ટુરિઝમ ઇન્ડસ્ટ્રી ઝડપી ગતિએ વધી રહી છે. તેને કારણે આ યાદી મહત્ત્વપૂર્ણ છે. યાદીમાં સહેલાણીઓને સૌથી રોમાંચક અનુભવ આપતાં ૫૦ મહત્ત્વપૂર્ણ સ્થળ છે. મેગેઝિને મયૂરભંજને પ્રાચીન મંદિરો તેમજ દુર્લભ વાઘોનું સ્થળ ગણાવ્યું છે.

સાથે જ મયૂરભંજ છાઉનો પણ ઉલ્લેખ કરાયો છે. યુનેસ્કોની હેરિટેજ યાદીમાં સામેલ છાઉ નૃત્ય ઉત્સવ મહામારીને કારણે મોટા અંતર બાદ આ વર્ષે એપ્રિલમાં મોટા પાયે યોજાશે. તદુપરાંત લદ્દાખના હનલે ગામ વિશે જણાવાયું છે કે મોડા તો મોડા પરંતુ દેશનું પહેલુ ડાર્ક સ્કાય રીઝર્વ અથવા નાઈટ સેન્ચ્યુરી તૈયાર છે. યાદીમાં વિયેના, બુડાપેસ્ટ, બાર્સેલોના, ઈજિપ્ત અને ગીઝા પણ સામેલ છે.

*(તા. ૧૯-૦૩-૨૦૨૩)*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## માનવ જ્યોત – ભુજ
## મધ્યપ્રદેશનો ગૂમ યુવાન દોઢ વર્ષે ઘરે પહોંચ્યો

મધ્ય પ્રદેશના જલદર જિલ્લાનાં બાંધી ગામનો યુવાન રાજમાડી ચંદ્રેશ પટેલ (ઉં.વ. ૨૮) દોઢ વર્ષ પહેલા ગૂમ થયો હતો. પરિવારજનોએ તેની સતત શોધ ચલાવી હતી. પણ તેનો અતો-પતો ન મળતાં પરિવાર નિરાશા સાથે ખૂબ દુઃખી થયો હતો. અનેક રાજ્યોના શહેરોમાં તે સતત રખડતો - ભટકતો રહ્યો હતો અને આખરે તે ભુજ પહોંચી પગે ચાલી નખત્રાણા સુધી પહોંચ્યો હતો.

નખત્રાણાનાં હરેશભાઈ વાઘેલા તથા કાંતિભાઈ પટેલને મળી આવતાં તેમણે તેને જમવાની વ્યવસ્થા કરી આપી. તેની સારી સેવા કરી. માનવ જ્યોતના પ્રબોધ મુનવર નખત્રાણાથી આ માનસિક દિવ્યાંગને ભુજ લઇ આવેલ.

માનવ જ્યોત સંસ્થા - ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા - કચ્છ મધ્યે રાખી ભુજના માનસિક આરોગ્યની હોસ્પિટલેથી તેને સારવાર મળતાં તે જલ્દી સ્વસ્થ બન્યો હતો.

આશ્રમનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્માએ મધ્યપ્રદેશ પોલીસનો સંપર્ક કરી પોલીસની મદદ લઇ તેનું ઘર શોધી કાઢ્યું હતું. તેનો ભાઈ ચંદ્રમાડી તેને લેવા ભુજ આવી પહોંચ્યો હતો. આમ દોઢ વર્ષ પછી બંને ભાઈઓનું મિલન થતાં બંનેની આંખો અશ્રુભીની બની હતી.

માનવતાના આ કાર્યમાં આનંદ રાયસોની, દીપેશ શાહ, રફીક બાવા, શંભુભાઈ જોષી, કનૈયાલાલ અબોટી, મધુભાઈ ત્રિપાઠી સહભાગી બન્યા હતા.

## કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થા - ભુજ

★ સંસ્થા દ્વારા કવિ નર્મદની પુણ્યતિથિ અને કચ્છી સાહિત્યકાર દુલેરાય કારાણીની જયંતીની ઉજવણી કરતા સાહિત્ય સેવાના સંસ્મરણો સાથે બેઠક દિલીપ આચાર્યના પ્રમુખ સ્થાને કાવ્ય પઠન સાથે વિવિધ વિષયની સાહિત્ય ગોષ્ઠિ યોજવામાં આવેલ હતી. આ પ્રસંગે કવિ નર્મદની પુણ્યતિથિ પ્રસંગે ચંદ્રકાંત ધલ એ તેમની રચનાનું પઠન કરેલ. પછી કવિ કારાણીજીની રચના સાથે સંસ્મરણો સાહિત્ય સેવાને પ્રેમજી માંગલિયા, તુલસીદાસ બોરા, દિવ્યકાંત છાયા, દિલીપ આચાર્ય, રશ્મિકાંત છાયા વગેરેએ રજૂ કરેલ હતા. જ્યારે વિનોદ સલાટ, નેણશી મીઠિયાએ લાગણી વ્યક્ત કરતા શુભેચ્છા સહ શ્રદ્ધાંજલી આપી હતી. પ્રારંભમાં ખુશ્બુ સરવૈયાને મુંબઈની સંસ્થા બાલ રક્ષક પ્રતિષ્ઠાન તરફથી ઍવોર્ડ મળેલ તે બદલ અભિવાદન સહ કામના સહ અભિનંદન પાઠવવામાં આવેલ હતા.

★ સંસ્થાના વર્ષ ૨૦૨૩-૨૦૨૫ (બે વર્ષ) માટે હોદ્દેદારોની વરણી થતાં પ્રમુખ દિલીપ આચાર્ય, ઉપપ્રમુખ તુલસીદાસ બોરા, દિવ્યકાંત છાયા; મંત્રી પ્રેમજી માંગલિયા; સહમંત્રી આરતીબેન રાઠોડ, વિનોદ ગોર; ખજાનચી વિનોદ સલાટની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

★ કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થાના ઉપક્રમે કાવ્ય પઠન, સાહિત્ય ગોષ્ઠિ સાથેનો કાર્યક્રમ દિલીપ આચાર્ય 'દિલકશ'ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ. તેમાં હોદ્દેદારો, સભ્યો અને નવોદિત બાળકો વગેરે ઉપસ્થિત રહેલ.

## સિનિયર સિટીઝન ક્લબ - ભુજ

સિનિયર સિટીઝન ક્લબ, જયનગર - મહાવીર નગર અને માનવ જ્યોત સંસ્થાના ઉપક્રમે સર્વ જ્ઞાતિ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ડૉ. નિનાદ ગોર બી.પી., બ્લડ સુગર, કોલેસ્ટેરોલ વગેરે રોગોનું નિદાન કરવા આવેલ. જેમાં ૭૦ લોકોએ લાભ લીધેલ હતો. સંસ્થા પ્રમુખ ભાણુભા જાડેજા, કનૈયાલાલ અબોટી, પ્રબોધ મુનવર, દિલીપ આચાર્ય, જગદીશ છાયા સહિત હાજર રહ્યા હતા.

## પુસ્તક વિમોચન

અદાણી હોલ ખાતે 'પુણ્યશ્લોક' પુસ્તક (લે. પૂર્વી ગોસ્વામી)ના પુસ્તકનો વિમોચનનો કાર્યક્રમ મદનકુમાર અંજારીયા 'ખ્વાબ'ના અધ્યક્ષ સ્થાને અને ડૉ. વંદનાબેન વગેરેના અતિથિ પદે યોજાયો હતો. જેમાં વિવિધ પ્રવૃત્તિમાં સેવા આપનાર નારી સહિતનું સન્માન કરવામાં આવેલ હતું તેમજ ઉપસ્થિત આમંત્રિત તરફથી શ્રી પૂર્વીબેનનું સન્માન વિવિધ આગેવાનો વિ. તરફથી કરવામાં આવેલ હતું.

## કલમના કસબી

કલમના કસબી સંસ્થાના ઉપક્રમે પુસ્તક "હેત પ્રેત" લે. હેતલ પટેલ 'નિદાનંદી'નો વિમોચનનો કાર્યક્રમ અમદાવાદ ખાતે યોજવામાં આવેલ હતો. જેમાં સુપ્રસિદ્ધ કવિ કૃષ્ણકાંત દવે અધ્યક્ષ

સ્થાને, મીતાબેન ઝવેરી અને ભુજના લેખક દિલીપ આચાર્ય 'દિલકશ' અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંચાલન વંદના વાણીએ, આભાર દર્શન આરતી અઢીયાએ કરેલ. જ્યારે જીજ્ઞા કપૂરીયા, આરતી રામાણી, મનીષ વોરાએ કાર્યક્રમ સફળ કરવા જહેમત ઉઠાવેલ હતી. કોકીલા ગડા, રમણલાલ જાદવ, જયશ્રી પટેલ વગેરે સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

## વડોદરામાં કચ્છી ગૂર્જર જૈન સમાજ દ્વારા ભવન નિર્માણનો સંકલ્પ

વડોદરાના શ્રી કચ્છી ગૂર્જર જૈન જ્ઞાતિ સમાજના ગયા મહિને યોજાયેલા અનિયતકાલીક સ્નેહ સંમેલનમાં નિઝામપુરા વિસ્તારમાં કચ્છી ગૂર્જર જૈન ભવન નિર્માણનો સંકલ્પ લેવાયો હતો.

સમાજના પ્રમુખ શ્રી જયેશભાઈ (જે.આર.ડી.) શાહના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા સમાજના પૂર્વ પ્રમુખ, **દાતા શ્રેષ્ઠી અને બિલ્ડર શ્રી સંજયભાઈ છોટાલાલ લાલચંદ શાહ (ધીવાળા)એ પોતાના નિર્માણાધીન પ્રોજેક્ટમાં આ માટે પ્લોટ આપવા દરખાસ્ત કરી હતી અને સૌએ એ વધાવી લીધી હતી.** વડોદરાના શ્રી અચલગચ્છ જૈન સંઘના પ્રમુખ શ્રી જયેશભાઈ નાગડાએ અચલગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજીના અત્રે આગામી પંચમાસિક ચાતુર્માસ દરમિયાન દર્શન, વ્યાખ્યાન અને આરાધનાનો લાભ લેવા સકળ શ્રી સંઘને નિમંત્રણ આપ્યું હતું. બંને મહાનુભાવોનું સંઘ દ્વારા બહુમાન કરાયું હતું.

સ્નેહ મિલનમાં ઉપસ્થિત સભ્યોમાંથી વર્ષગાંઠ અને દાંપત્ય જીવનની સાલગીરી તેમજ નવયુગલને સ્મૃતિ ભેટોથી સન્માનિત કરાયા હતા. જ્યારે સમાજની બે મહિલાઓ શ્રીમતી શિલ્પા જેઆરડી શાહને તેમના પુસ્તક "જેઆરડી શાહ – એન ઈન્સ્પિરેશન" માટે અને શ્રીમતી સુષ્મા કમલેશ શાહને તેમના 'મારી વાર્તા નવલિકાસંગ્રહ' માટે સંઘ બહુમાન કરાયું હતું. સ્મૃતિ ભેટોના દાતાનો શ્રી જીતેશભાઈ પ્રભુલાલ નાનાલાલ શાહે લાભ લીધો હતો.

**સમાજના તરવરીયા કાર્યકર શ્રી વિમલ મધુકર મહેતાએ એ જ દિવસે ૪૯મી વખત રક્તદાન કરતાં વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું.**

સ્નેહ મિલનમાં પ્રતિભા નિદર્શન ઉપરાંત દાંપત્ય જીવનની નોકઝોકના જાહેર અભિનયનો પણ કાર્યક્રમ યોજાયો હતો. આમાં સર્વશ્રી જેઆરડી, સુનીલ શાહ, સુનીલ સંઘવી, તુષાર કોઠારી દંપતીઓએ પરસ્પર નોકઝોકના અજવાળા પાથર્યા હતા. નાના ભૂલકા દ્વૈતે પણ નવકાર મહામંત્રનું ગીત ગાયું હતું. કુ. ધ્વનિ શાહે નવકાર સ્તુતિ દ્વારા પ્રારંભ કરાવ્યો હતો. શ્રી સુનીલ સંઘવીએ સંચાલન કર્યું હતું. સમૂહ ભોજનનું પણ આયોજન કરાયું હતું.

## ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડ મધ્યે કુંડા-ચકલીઘરનું નિઃશુલ્ક વિતરણ કરાયું

માનવ જ્યોત સંસ્થા ભુજ અને શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા - કચ્છ દ્વારા વિશ્વ ચકલી દિવસની ઉજવણી ભુજ કાર્યાલય સ્થળે કરવામાં આવી હતી. છેલ્લા ૩ દિવસથી લોક જાગૃતિરૂપે કુંડા - ચકલીઘરોની સતત ડિમાન્ડ રહી હતી. લોકો સામેથી ચાલીને કુંડા - ચકલીઘર લેવા પહોંચ્યા હતા.

શણગારેલા વાહન સાથે ભુજનાં જ્યુબિલી ગ્રાઉન્ડ મધ્યે સાઉન્ડ સિસ્ટમના સથવારે રાહદારીઓ - વાહનચાલકો તથા જાગૃત નાગરિકોને કુંડા તથા ચકલીઘર નિઃશુલ્ક વિતરણ કરાયા હતા. વિશ્વ ચકલી દિવસનું મહત્ત્વ સમજાવવામાં આવેલ.

સંસ્થાના અધ્યક્ષ શ્રી પ્રબોધ મુનવરનાં જણાવ્યા મુજબ ચકલીઓનું અસ્તિત્વ જોખમાતું જાય છે. વર્તમાન યુગમાં આધુનિક ખાતરો, જંતુનાશક દવાઓ, વધતું જતું પ્રદૂષણ, નવી રહેણી કરણી, ઉંચા મોબાઈલ ટાવરો, નળિયાનાં બદલે છત વગેરે કારણોસર પક્ષીઓની જાતિઓ લુપ્ત થવાના આરે છે.

શ્રી પૃથ્વીરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, આપણી સાથે ઘરમાં રહેતું રળીયામણું પક્ષી ચકલી આપણાથી અલગ પડી ગયું. આપણે આપણી વ્યવસ્થા કરી લીધી પણ નાનકડા પક્ષીની વ્યવસ્થા કરવાનું ભૂલી ગયા. પરિણામે ચકલીઓનો કલરવ અને અવાજ ઓછો થતો ગયો.

માનવ જ્યોત દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં ચકલીઘરો - કુંડાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. વૃક્ષો ઉપર ચકલીઘરો લટકાવાયા હતા. શાળાઓ, મંદિરો, કોલેજોમાં ચકલીઘરો પહોંચાડાયા હતા. ગામડાં અને શહેરોમાં અનેક સંસ્થાઓએ માનવ જ્યોત સાથે જોડાઈ વિતરણ કાર્યમાં સહકાર આપ્યો હતો.

કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે, આભાર દર્શન શંભુભાઈ જોષીએ કરેલ. પૃથ્વીરાજસિંહ જાડેજા, શંભુભાઈ જોષી, સહદેવસિંહ જાડેજા, રફીક બાવા, મુળજીભાઈ ઠક્કર, આનંદ રાયસોની, દીપેશ શાહ, દીપેશ ભાટિયા, અક્ષય મોતા, પ્રતાપ ઠક્કર, જયેશ લોડાયાએ વિતરણ વ્યવસ્થા સંભાળી હતી.

## માટુંગાનો સ્વમાન લગ્ન – અતિ સુંદર આયોજન

તા. ૨૦-૨-૨૦૨૩ના શ્રી માટુંગા ક.મૂ.શ્વે. જૈન સંઘની નારાણજી શામજી વાડીમા નં. ૩૨૩માં સ્વમાન લગ્ન મોટા

રતાડિયાના શિલા રમણિક ગોસરની સુપુત્રી **અપેક્ષા** અને દેવપુરનાં શ્રીમતી ભારતી અનિલ મોતાના સુપુત્ર **જેકીન**નો.

આપણા ઘરઘરના જાણીતા વરંડીવાળા ઉત્તમરામ મહારાજનાં વંશજ સચીન ભૂદેવ મુખેથી જૈન વિધિ અને આશિર્વાદથી વરરાજાને વહુરાણી બારણે પધાર્યા ને પોંખણા - ખારેકથી વિધિ શરૂ થઈ ને બંને જણ કુમકુમ પગલા માંડતા ચોરીમાં આવતા સૌ નાચતા - કૂદતા હરખથી વધાવતા સ્ટેજ પર આવ્યા.

સ્ટેજ રાજુભાઈ ડેકોર્ટર્સ એ મોઘલ દરબારમાં શોભે તેવું મયુરાસન જેવું સિંહાસન ગોઠવી રાખેલ, તેના ઉપર આસન ગ્રહણ કરેલ. આજુબાજુ અણવરો ને માતા-પિતા, સ્નેહીઓ માટે સોફા, નીચે પહેલી હરોળમાં બંને સોફા ગોઠવીને ફૂલોની સજાવટ, લાઈટથી મન જીતી લીધા. ખુરશીઓની હારમાળાથી હોલ ભરાવા લાગ્યો.

મેરાઉના કોકીલકંઠી ભાવનાબેન સાજીંદા સાથે ગણેશ વંદનાથી રમઝટ જમાવી દીધી. જેમ જેમ વિધિ થતી, તે પ્રમામે ગીતોથી દિલ ડોલાવી દીધા. કંકુ છાંટીને લખી રે કંકોતરી, માંહે લખજો જેકીનભાઈનું નામ જેવા ગીતોથી લગ્નમંડપ ગાજી ઉઠ્યું.

ચોરી શરૂ થતાં નવકાર મંત્રથી શરૂઆત કરી, લગ્ન વિધિ પૂર્ણ કરવામાં આવી.

સચીન ગોર મહારાજે હસ્ત મેળાપ, મિંઢોળ, વરમાળા, છેડાછેડી, દેવોને પૂજન, ખીરવધાઈ, હવન, સિંદુર, ધર્મ - અર્થ - કામને મોક્ષનું કાર્ય બંનેને સમજાવેલ.

તુંબડીના કુણાલ કેટરર્સવાળા કુણાલ તથા ચાંપશી દેઢિયાએ ભાવતા ભોજન પીરસીને દંગ કરી દીધા.

ભોજાયનાં દિલીપ પાસડે વીડિયો અને ફોટોગ્રાફીથી કોઈ કસર ન રાખી, તમામ વિધિના દશ્યો કચકડામાં મઢી લીધા.

છેલ્લે વિદાયમાં ઢોલીડાના વાજે લાડી ચાલો આપને ઘેર રે... અમે અમારા ઘરે જઈએ... પછી સૌ વહુરાણીને મસ્તકે હાથ રાખી, પગે લાગી ઓવારણાં લઈ સુખી રહેજે બેટા... ના આશિર્વાદ આપ્યા ને બંને ગાડીમાં ગોઠવાઈ ગયા.

આ સ્વમાન લગ્નોમાં કંકોત્રી, લગ્નવિધિનાં દ્રવ્યો, ઉપકરણો, ગોર મહારાજ, કેટરર્સ, ડેકોરેટર્સ, ગાયક વૃંદ વિ. ની વ્યવસ્થાની કોઈ ચિંતા નહીં. જેથી સમાજનો પૈસો બચે. આવા આયોજનો ક.વી.ઓ. સ્થાનક ચીંચપોકલી, કુર્લા, બોરીવલી, ડોંબીવલી, નાલાસોપારાને ક.વી.ઓ. સેવા સમાજ ચીંચબંદર ને માટુંગા થતા રહે છે. જે માટે સૌ આયોજકોને લાખો અભિનંદન અને પ્રભુ તેને શુખ-શાંતિ-સમૃદ્ધિ, સંપત્તિ ને દીર્ઘ આયુ આપે તે જ પ્રાર્થના. સદા મંગલમની ભાવના.

*હીરાલાલ વી. ઊનડોઠવાલા - ચેમ્બુર, મુંબઈ.*
*મો. ૯૮૬૯૬ ૭૭૭૮૯*

## આંજો કાગર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બોપલ ખાતેના મેડિકલ સેન્ટર તરફથી મને જે સેવા મળેલી છે તેના માટે હું તમારા તમામ સ્ટાફ સભ્યો, ડૉક્ટર, કાઉન્ટર ક્લાર્ક અને તમામ – જે સ્મિત સાથે સેવા આપી રહ્યા છે એ તમામનો હું આભાર માનું છું.

*નીતાબેન આનંદજીવાલા*
*મો. ૮૮૪૯૩૯૩૭૬૫*

★

આજ રોજ મારું શરીરનું હાલનું કામકાજ તથા અંગોની તપાસ માટે બોપલ મેડિકલ સેન્ટર ખાતે સવારમાં આવ્યો. ચેક-અપનું પેકેજ-૫ નોંધાવ્યું ત્યારથી દરેક તબક્કે દરેક વ્યક્તિ - સ્ટાફ, માનનીય ડૉક્ટર્સ ગણ, સમગ્ર ટીમના દ્વારા ખૂબ સારો સહકાર - માર્ગદર્શન, સલાહ, મદદ ઘર કુટુંબની જેમ મળી છે. સૌ સારા છે ને સૌનું સારું કરતા રહે એવી શુભેચ્છા.

*યોગેશ વી. મણિયાર, M.Sc., B.Ed.*
*(નિવૃત્ત બાયોલોજી ટીચર)*
*મો. ૯૭૨૩૧૫૦૮૫૨*

★

અમો આજ રોજ તા. ૧૬-૩-૨૦૨૩ના રોજ આપના સમાજ દ્વારા ચાલતા નવનીત મેડિકલ સેન્ટર - બોપલ ખાતે ચેક-અપ માટે આવેલ. ત્યારે આપના દ્વારા જે રીપોર્ટ કરવામાં આવેલ છે, તે ખૂબ જ સંતોષકારક તેમજ ખૂબ જ ચોક્સાઈપૂર્વક કરવામાં આવેલ છે. જે સેવા અમોને સંતોષકારક લાગી છે. જે બદલ આ પ્રમાણપત્ર લખી આપવામાં આવે છે.

*એસ.આર.પી. જૂથ - ૨૦ વિરમગામ*
*PSI – R.D. Sadushan 79*
*મો. ૯૨૬૫૭ ૨૬૭૦૩*

## પ્રભુનો આભાર

*મારે ચઢવા પડેલાં કપરાં ચઢાણો માટે,*
*મને લાગેલી દરેક ઠોકરો માટે,*
*મારે વહાવવા પડેલા પ્રસ્વેદ માટે,*
*સારવાં પડેલાં અશ્રુ માટે,*
*આપત્તિઓની આંધી માટે,*
*ધગધગતા લાવા જેવી લાગણીહીનતા માટે*
*હું તમારો આભાર માનું છું, પ્રભુ!*

## NanoNine® શબ્દ રમત-૧૯૩

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ૪ | | ૫ | | ૬ | ૭ | |
| | | ૮ | ૯ | | | | ૧૦ | ૧૧ | | | ૧૨ |
| ૧૩ | ૧૪ | | ૧૫ | ૧૬ | | ૧૭ | | | | ૧૮ | |
| | ૧૯ | | | | ૨૦ | | | | ૨૧ | | |
| ૨૨ | | | ૨૩ | | | | | ૨૪ | | ૨૫ | |
| | | ૨૬ | | ૨૭ | | | ૨૮ | | | ૨૯ | ૩૦ |
| ૩૧ | ૩૨ | | ૩૩ | | | ૩૪ | | | | | |
| | ૩૫ | ૩૬ | | | ૩૭ | | | | | ૩૮ | |
| ૩૯ | | | | ૪૦ | | ૪૧ | ૪૨ | | ૪૩ | | |
| ૪૪ | ૪૫ | | ૪૬ | | ૪૭ | | | ૪૮ | | ૪૯ | ૫૦ |
| ૫૧ | | ૫૨ | | ૫૩ | | | | ૫૪ | ૫૫ | | |
| | ૫૬ | | | ૫૭ | | | | | ૫૮ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૦૪-૨૦૨૩ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. આકાશમાં ઉડે તે વાહન (૩)
૩. સાથે વસવું તે સંબંધ (૪)
૬. ન દેખાય એવી બારીક ફાંટ (૨)
૮. ગરીબ, રંક (૨)
૧૦. રૂવાબદાર, દેદીપ્યમાન (૫)
૧૩. મોટું, મહાન (૨)
૧૫. પરોણો, અતિથિ (૪)
૧૮. પરુ (૨)
૧૯. જગત, દુનિયા (૨)
૨૦. સુંદર નાકવાળું (૩)
૨૨. અંધારું (૨)
૨૪. વગર પૈસે (૩)
૨૬. મત આપવો તે (૪)
૨૮. ગમ, દુઃખ (૨)
૨૯. કવિતા રચનાર (૨)
૩૧. તપસ્યા (૨)
૩૩. હોઠ, લપ, જલ્દી (૨)
૩૪. નવરાશ (૪)
૩૫. દેજ, પરણતી વેળા કન્યાને અપાતો દાયજો (૩)
૩૮. શોક, દુઃખ, સમજ (૨)
૪૦. હેતુ, આશય (૪)
૪૩. પશુ, ચોપગું પ્રાણી (૨)
૪૪. લજ્જા, શરમ (૨)
૪૭. સાથે મળી થતી વિચારણા (૪)
૪૯. ક્યારેક (૨)
૫૧. મોટો સમુદ્ર (૫)
૫૪. કીર્તિ (૨)
૫૬. પત્રની શરૂઆતમાં લખાતો શબ્દ (૨)
૫૭. વરસાદ પડવો તે (૪)
૫૮. મશ્કરી (૩)

### ઊભી ચાવીઓ

૧. વિરામવું તે, અંત (૩)
૨. સરિતા (૨)
૪. હવાના દબાણ વગેરે અંગે સ્થિતિનું માપ (૪)
૫. શિક્ષા, દંડ (૨)
૬. દૂધની મલાઈ (૨)
૭. સમારવું તે (૩)
૯. 'મન' શબ્દ આડો થઈ ગયેલ છે (૨)
૧૧. દુનિયા, જહાન (૨)
૧૨. ભાગ્ય (૩)
૧૪. પચવું તે (૩)
૧૭. મીઠું, લવણ (૩)
૨૧. ડર, ગુસ્સો (૨)
૨૨. એકદમ, ઝટ (૩)
૨૩. પંજાબની એક નદી (૪)
૨૪. મુરાદ, ધારણા (૪)
૨૫. અનુકૂળ પ્રસંગ, લાગ (૨)
૨૭. દાબવું તે, દબાણ (૨)
૨૮. અવાજ (૨)
૩૦. થાક ખાવો તે, વિશ્રાંતિ (૩)
૩૨. પગ, દરજ્જો (૨)
૩૬. વહાલ, પ્રેમ (૨)
૩૭. રડાકૂટ, શોક (૩)
૩૮. ડૂબેલું, મગ્ન, લીન (૩)
૩૯. નમસ્કારનો એક પ્રકાર (૩)
૪૧. રસમાં તરબોળ હોય તેમ (૪)
૪૨. બળ, જોર (૨)
૪૫. મોટું વહાણ (૩)
૪૬. વ્યાધિ (૨)
૪૮. એક તેજાનો (૨)
૫૦. દીપ, દીવો (૩)
૫૨. મેઘધનુષ્યના રંગ કેટલા? (૨)
૫૩. અવાજ (૨)
૫૫. સરખું, સમાન (૨)

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ષષ્ઠી પૂર્તિ વરસ ઊજવવા જઈ રહ્યું છે. વર્ષ ૨૦૨૩માં શબ્દ રમત અને સુડોકુની વધારેમાં વધારે પ્રતિયોગિતામાં ભાગ લેનારને વરસના અંતે સ્પેશિયલ લક્કી ડ્રૉ કરી સ્પેશિયલ ઈનામોથી નવાજવામાં આવશે.**

## NanoNine® શબ્દ રમત-૧૯૨નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ના | જ | ની | ન | | સ | ગ | ડ | | પો | શ | |
| ગ | તિ | | મા | | ફ | | હા | ક | લ | | જ |
| પં | | મ | જ | બૂ | ર | | પ | ટ | | મા | ન |
| ચ | મ | ન | | મ | | ર | ણ | કા | ર | | ક |
| મી | | હૂ | ક | | કા | મ | | | | કા | |
| | રા | સ | | | રી | ત | ભા | ત | | ર | સ |
| જ | મા | | પ | રા | ગ | | ર | મ | ત | વા | ત |
| | ય | કૃ | ત | | ર | જ | ત | | ગ | | લ |
| પ | ણ | | રા | વ | | જ | | | ર | મૂ | જ |
| ડો | | કા | જી | | ક | મા | ન | | | | |
| શ | ર | દ | | વા | મ | ન | | અ | સ | હા | ય |
| ણ | | વ | ન | | ળ | | ર | મી | | ર | ત્ન |

*ફેબ્રુઆરી-૨૦૨૩ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૧૯૧ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. ચંદ્રા શાહ – અમદાવાદ
૩. સ્મિતા શાહ – અમદાવાદ
૪. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૫. દમયંતી દંડ – અમદાવાદ
૬. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૭. ભૂપેન્દ્ર બાબરીયા – અમદાવાદ
૮. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૯. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૧૦. પ્રભા શેઠિયા – વલસાડ
૧૧. હસમુખ દેઢિયા – અડાલજ
૧૨. શાંતિલાલ રતનશી શાહ – અમદાવાદ
૧૩. કંચનબેન વાડીલાલ મોરબીયા– ભુજ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

ભૂપેન્દ્ર બાબરીયા – અમદાવાદ

## હશે...

શ્વાસે શ્વાસે પથ્થરોમાં સીતા ધબકતી હશે,
ત્યારે રામ નામનો સેતુ દરિયે રચાયો હશે.

નજરોને અધવચ્ચે રોકી લીધી ભરસભામાં,
કૃષ્ણ બનીને સખીની લાજ બચાવી હશે.

સંસાર-સાગર કડવો ઝેર જેવું જાણ્યું,
વિષનો પ્યાલો ત્યારે મીરાંને અમૃત લાગ્યું હશે.

મોતને રીશ્વત આપી હશે થાકીને નક્કી,
જિંદગી ભીષ્મની ખુમારીથી કેવી થાકી હશે.

તરવરે 'નેહ' નિતરતો ચહેરો શબરીની સામે,
એથી જ તો એંઠા બોર રામને મીઠા લાગ્યા હશે.

*– નેહા શાહ 'નેહ'*

## પરિપક્વતા એટલે....

- ક્રોધ ઉપર કાબૂ. કોઈપણ પ્રકારની તોડફોડ અથવા હિંસા વિના મતભેદ દૂર કરવાની ક્ષમતા.
- લાંબા ગાળાના ફાયદા માટે વર્તમાનનો ક્ષણિક આનંદ જતો કરવાની ધૈર્યભરી સમજદારી.
- સાતત્ય, વિરોધી વાતાવરણ વચ્ચે પણ અવિરત કાર્યરત રહીને લક્ષ્ય સુધી પહોંચવાની ક્ષમતા.
- વિખવાદ, હતાશા, પ્રતિકૂળતા અથવા પરાજ્યનો – ફરિયાદ કર્યા વિના સામનો કરવાની તાકાત.
- દઢ નિર્ણયશક્તિ અને લીધેલો નિર્ણય પાળવાની સજ્જતા.
- વિનમ્રતા – 'હું ખોટો છું' તેમ કહેવાની તૈયારી અને 'મેં તને કહ્યું હતું ને!' એમ ક્યારે ન કહેવું તેની સમજ.
- વિશ્વસનિયતા, શ્રદ્ધેયતા, કટોકટીની ક્ષણે અડીખમ ઊભા રહેવાની અડગતા.
- પોતાની જાત સાથે સંવાદિતા સાધીને જીવવાની કલા.

*જીવનની નૌકા શ્રદ્ધાના હલેસાંથી જ પાર પડે છે.*
*આત્મામાં શ્રદ્ધા, પરમાત્મામાં શ્રદ્ધા, વ્યક્તિમાં શ્રદ્ધા, સમષ્ટિમાં શ્રદ્ધા, સર્જનમાં શ્રદ્ધા,*
*સર્જકમાં શ્રદ્ધા, ભૂત - વર્તમાન - ભવિષ્યમાં શ્રદ્ધા.*
*શ્રદ્ધા વિનાનું જીવન અસહ્ય છે.*

## NanoNine® Sudoku

**ફેબ્રુઆરી-૨૦૨૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૪૯ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. પ્રભા શેઠિયા – વલસાડ
૨. સ્મિતા શાહ – અમદાવાદ
૩. ચંદ્રા શાહ – અમદાવાદ
૪. જય ગોગરી – અમદાવાદ
૫. ભાવના ગોગરી – અમદાવાદ
૬. ભાવના અજય – અમદાવાદ
૭. જ્યોતિ ગડા – અમદાવાદ
૮. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૯. હીરવા પટવા – અમદાવાદ
૧૦. કલ્પના પાલાણી – અમદાવાદ
૧૧. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૧૨. ભૂપેન્દ્ર બાબરીયા – અમદાવાદ
૧૩. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૪. ધ્રુવ ગાલા – અમદાવાદ
૧૫. જસ્મીના ગાલા – અમદાવાદ
૧૬. રમેશ દેઢિયા – અમદાવાદ
૧૭. દિનેશ વોરા – અમદાવાદ
૧૮. હેમલતા દેઢિયા – અડાલજ
૧૯. કામિની શેઠ – અમદાવાદ
૨૦. પ્રતાપ ચૌહાણ – અમદાવાદ
૨૧. શાંતિલાલ રતનશી શાહ – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

હીરવા પટવા – અમદાવાદ

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૫૧અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૦૪-૨૦૨૩ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૫૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 3 | | | | | 9 | | |
| 2 | | 9 | | | 8 | | 6 | |
| | | 7 | | 9 | 2 | 8 | 4 | |
| | 2 | | | 4 | 5 | 6 | | 1 |
| 1 | | | | 6 | | | | 9 |
| 9 | | 3 | 2 | 1 | | | 8 | |
| | 9 | 2 | 7 | 5 | | 4 | | |
| | 7 | | 3 | | | 2 | | 6 |
| | | 1 | | | | | 7 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 9 | 3 | 5 | 2 | | | 8 |
| 5 | 3 | | | | | | 9 | 6 |
| | 8 | 2 | 1 | 9 | | | | |
| | 2 | | 9 | | 4 | 3 | | |
| 8 | | | | | | | | 2 |
| | | 3 | 2 | | 5 | | 1 | |
| | | | | 4 | 7 | 8 | 3 | |
| 7 | 1 | | | | | | 5 | 9 |
| 3 | | | 6 | 1 | 9 | 4 | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | | 1 | | 8 | | 4 |
| | | 2 | | | | | 9 | 7 |
| | 4 | | 2 | 7 | 5 | | | 1 |
| | | 4 | 7 | | 8 | | | 6 |
| | 3 | | | 2 | | | 8 | |
| 7 | | | 5 | | 6 | 2 | | |
| 2 | | | 1 | 5 | 4 | | 7 | |
| 4 | 9 | | | | | 1 | | |
| 1 | | 7 | | 8 | | | | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 2 | 3 | | | 8 | | 7 | 5 |
| | 1 | | | 6 | 9 | | | |
| 8 | 5 | | 7 | 3 | | 1 | | |
| 3 | | 7 | | | | 6 | | |
| | | | 9 | 5 | 7 | | | |
| | | 8 | | | | 7 | | 1 |
| | | 6 | | 9 | 5 | | 4 | 7 |
| | | | 3 | 8 | | | 1 | |
| 9 | 3 | | 1 | | | 2 | 8 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૫૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 9 | 3 | 7 | 4 | 1 | 6 | 8 | 5 |
| 6 | 4 | 1 | 5 | 8 | 9 | 7 | 2 | 3 |
| 7 | 8 | 5 | 3 | 6 | 2 | 9 | 4 | 1 |
| 5 | 2 | 7 | 1 | 9 | 6 | 4 | 3 | 8 |
| 4 | 6 | 8 | 2 | 5 | 3 | 1 | 9 | 7 |
| 3 | 1 | 9 | 4 | 7 | 8 | 2 | 5 | 6 |
| 8 | 7 | 4 | 9 | 1 | 5 | 3 | 6 | 2 |
| 1 | 5 | 2 | 6 | 3 | 4 | 8 | 7 | 9 |
| 9 | 3 | 6 | 8 | 2 | 7 | 5 | 1 | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 3 | 1 | 4 | 6 | 9 | 2 | 7 | 5 |
| 4 | 9 | 7 | 2 | 5 | 8 | 1 | 6 | 3 |
| 5 | 2 | 6 | 3 | 1 | 7 | 9 | 8 | 4 |
| 7 | 6 | 3 | 1 | 2 | 4 | 5 | 9 | 8 |
| 2 | 1 | 8 | 9 | 3 | 5 | 7 | 4 | 6 |
| 9 | 5 | 4 | 7 | 8 | 6 | 3 | 2 | 1 |
| 6 | 8 | 9 | 5 | 7 | 1 | 4 | 3 | 2 |
| 3 | 4 | 5 | 6 | 9 | 2 | 8 | 1 | 7 |
| 1 | 7 | 2 | 8 | 4 | 3 | 6 | 5 | 9 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 9 | 8 | 6 | 1 | 7 | 4 | 2 | 5 |
| 4 | 5 | 2 | 9 | 8 | 3 | 6 | 1 | 7 |
| 7 | 1 | 6 | 5 | 4 | 2 | 8 | 9 | 3 |
| 2 | 6 | 1 | 7 | 5 | 4 | 9 | 3 | 8 |
| 9 | 4 | 5 | 8 | 3 | 1 | 7 | 6 | 2 |
| 8 | 3 | 7 | 2 | 9 | 6 | 5 | 4 | 1 |
| 5 | 8 | 4 | 3 | 2 | 9 | 1 | 7 | 6 |
| 6 | 2 | 9 | 1 | 7 | 5 | 3 | 8 | 4 |
| 1 | 7 | 3 | 4 | 6 | 8 | 2 | 5 | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 9 | 1 | 3 | 8 | 7 | 2 | 4 | 5 |
| 2 | 5 | 8 | 4 | 6 | 1 | 9 | 7 | 3 |
| 7 | 3 | 4 | 9 | 5 | 2 | 1 | 6 | 8 |
| 3 | 6 | 5 | 7 | 2 | 8 | 4 | 9 | 1 |
| 8 | 1 | 9 | 5 | 4 | 6 | 3 | 2 | 7 |
| 4 | 7 | 2 | 1 | 9 | 3 | 5 | 8 | 6 |
| 5 | 2 | 7 | 8 | 3 | 9 | 6 | 1 | 4 |
| 9 | 8 | 3 | 6 | 1 | 4 | 7 | 5 | 2 |
| 1 | 4 | 6 | 2 | 7 | 5 | 8 | 3 | 9 |

Nano 9 kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE
Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

**• સંકલન : હિરેન કે. શાહ / રજનીકાંત પારેખ / ડૉ. હિતેન્દ્ર શાહ / કે.ડી. શાહ •**

**રવિવાર, તા. ૧૯-૨-૨૦૨૩**

- મનોજ નથવાણી દિગ્દર્શિત અને ગૌરીશંકર નિર્મિત "પાંજો મુલક" જે પ્રથમવાર કચ્છી ભાષામાં ઉતારેલ પિક્ચરનો પ્રીમિયર શો શ્રી કચ્છી જૈન ભવન પર ઉજવાઈ ગયો કે જેમાં ૧૭૫થી વધારે શ્રી ક.જૈ.સે.સ.ના પરિવારના સભ્યોએ ઉપસ્થિત રહી આ શો નિહાળેલ હતો.

**સોમવાર, તા. ૨૦-૨-૨૦૨૩**

- ચાંગોદર મેડિકલ સેન્ટરની સાઈટ પર ડૉ. હિતેન્દ્ર શાહ તથા આર્કિટેક્ટ શ્રી સ્નેહલભાઈએ, મિસ્ત્રી કામવાળા, ઈલેક્ટ્રીશિયન, કલર કામવાળા, એલ્યુ. સેક્શન કામવાળા અને પ્લમ્બર વગેરે સાથે મીટિંગ કરી દરેકના પ્રોબ્લેમનું નિરાકરણ લાવ્યા અને આગળના કામની વિગતો સમજાવી.

**મંગળવાર, તા. ૨૧-૨-૨૦૨૩**

- જે.પી. ગ્રુપવાળા શ્રી જયેશભાઈ પ્રાગજી શાહને આજરોજ તેમના ૬૦મા વર્ષના પ્રવેશ પ્રસંગે તેમના પરિવાર તરફથી આંબલી ખાતેના ફ્લાવર બેન્કવેટમાં એક પાર્ટી રાખવામાં આવેલ હતી. તેમને મળેલ શુભેચ્છાના પ્રતિસાદ રૂપે તેમણે સહુનો આભાર માનતા જણાવેલ કે મારે હજુ જીવનમાં એક ખ્વાહિશ બાકી રહી ગયેલ છે અને તે છે એક હોસ્પિટલ ઊભી કરવાની. તેઓશ્રીની આ જાહેરાતને લોકોએ ઉમળકાભેર વધાવી લીધેલ હતી.
- ડૉ. હિતેન્દ્ર શાહે એલ્યુમિનિયમનું કામ કરનારાઓને સેક્શનમાં બ્રઝર અને સ્વિચ કેવી રીતે મૂકવા તે સમજાવ્યું. એક્સ-રે રૂમના દરવાજામાં લેડ શીટ ફીટ કરવાની વિગતો મિસ્ત્રીને સમજાવી. આર્કિટેક્ટ શ્રી સ્નેહલભાઈ સાથે વાત કરી એક્સ-રે રૂમમાં CR રૂમના ટેબલની ડિઝાઈન ફાઈનલ કરી.

**બુધવાર, તા. ૨૨-૨-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અમદાવાદ સ્થિત પરિવારોના વિવિધ પ્રકારના સર્વે કરવા અગાઉ શ્રીમતી લીલાબેન વીસરિયાએ ૧૦ પાનાનું એક ફોર્મ બનાવી આપેલ હતું કે જેમાં જરૂરી સુધારા વધારા કરેલ હતા. આજે એ ફોર્મ પર ચર્ચા વિચારણા કરી, તેને ફાઈનલ સ્વરૂપ આપવામાં આવેલ હતું. આ સમયે લીલાબેન વીસરિયા, પ્રતાપભાઈ દંડ, અશોકભાઈ મહેતા તથા હિરેન કે. શાહ ઉપસ્થિત રહેલ હતા.
- લેબોરેટરી ઈક્વિપમેન્ટ, ડેન્ટલ ઈક્વિપમેન્ટ, એક્સ-રે મશીન, સોનોગ્રાફી, સર્જિકલ ઈન્સ્ટુમેન્ટ, કોમ્પ્યુટર્સ વગેરે જે આઈટમોના ઓર્ડર અપાઈ ચૂક્યા હતા તે પાર્ટીઓને મોડામાં મોડા તા. ૨૭/૨૮ ફેબ્રુઆરી સુધી આ સાધનોની ડિલીવરી કરી લેવા ડૉ. હિતેન્દ્રભાઈએ ફોનથી જણાવ્યું.

**ગુરૂવાર, તા. ૨૩-૨-૨૦૨૩**

- આજ રોજ ભવન પર શ્રી હિરેન કે. શાહ, શ્રી પ્રદીપ મહેતા તથા શ્રી રાજેન્દ્ર દોશી એકત્રિત થયેલ હતા અને પ્રથમ માળના હોલની મેઈન દિવાલ પર મ્યુરલ ડ્રોઈંગ જેવું કામ કરાવવા મ્યુરલ આર્ટીસ્ટ શ્રીમતી રૂપલ શુક્લા તથા પેઈન્ટીંગ આર્ટીસ્ટ સંગીતા વિશાલ ગડા સાથે આ બાબતે ફોન પર ચર્ચા કરેલ હતી.
- આજ રોજ ભવન પર મેરેજ બ્યુરો કમિટીની એક મીટિંગ મળેલ હતી. વીણાબેન સંઘવી, ગિરીશભાઈ દેઢિયા, નીતાબેન સંઘવી, પારૂલબેન કુબડિયા, ચેતનભાઈ ધરોડ, સંજયભાઈ સંઘવી, વંદનાબેન ગડા તતા વર્ષાબેન શાહ ઉપસ્થિત રહેલ હતા. આવતી તા. ૧૬-૪-૨૦૨૩ના રોજ મોટી ઉંમરના અપરીણિત તથા ફરીથી મેરેજવાળા ઉમેદવારો માટે એક પરિચય મિલનનો કાર્યક્રમ યોજવા અંગે ચર્ચા વિચારણા કરી, ફાઈનલ નિર્ણય લેવામાં આવેલ હતો.
- મુંબઈ અતિથિ ભવનના અનુસંધાને પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, અશોક મહેતા, શાંતિલાલ મુળજી સાવલા તથા હિરેન કે. શાહ વચ્ચે ચર્ચા થઇ. ચર્ચાના અંતે બધાએ સાથે મુંબઈ જઈ શ્રી શશાંકભાઈ શાહ તથા શ્રી દીપકભાઈ ભેદા સાથે સંયુક્ત મીટિંગ રાખવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

**શુક્રવાર, તા. ૨૪-૨-૨૦૨૩**

- ક.વી.ઓ. સમાજ - ભુજના માનદ્ મંત્રી શ્રી નરેશભાઈ શાહે શ્રી રજનીકાંત પારેખ સાથે ભવન પર રૂબરૂમાં અનેકવિધ બાબતે ચર્ચા કરી. **(૧) શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના ષષ્ઠીપૂર્તિ કાર્યક્રમોમાંથી એક કાર્યક્રમ ભુજ ખાતે રાખવા ચર્ચા વિચારણા કરવામાં આવી. (૨) શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ દ્વારા એપ્રિલ-૨૦૨૩માં યોજવામાં આવનારા વર્કશોપમાં કચ્છના વિદ્યાર્થીઓ પણ ભાગ લે તેવી ચર્ચા કરવામાં આવી.** (૩) દર મહિને તેઓ ભુજ સમાજના સમાચાર મોકલી આપે અને તેના માટે 'મંગલ મંદિર'માં બે પાના ફાળવવા તેની પણ વિચારણા કરવામાં આવી.
- આજ રોજ રજનીકાંત પારેખ, દક્ષાબેન રામાવત તથા

કિશોરભાઈ ઠક્કરે સાણંદ ખાતેના આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધેલ હતી અને ત્યાં ડૉ. વાઘેલાને રૂબરૂ મળેલ હતા. ચાંગોદરના મેડિકલ સેન્ટરના સોનોગ્રાફી મશીનના સર્ટિફિકેટ માટે ડૉ. વાઘેલાની ચાંગોદર મેડિકલ સેન્ટરની તા. ૧-૩-૨૦૨૩ના સવારમાં ૧૦ વાગ્યાની મુલાકાત લઈ ઈન્સ્પેક્શન કરાવવાનું નક્કી કરેલ હતું. ત્યાંથી તેઓએ ચાંગોદર મેડિકલ સેન્ટરની મુલાકાત લઇ અમદાવાદ પરત પધારેલ હતા.

**શનિવાર, તા. ૨૫-૨-૨૦૨૩**

- ડૉ. હિતેન્દ્ર શાહે ઈન્સ્ટોલ કરેલ લેબોરેટરના ફર્નીચરમાં જરૂરી સુધારા સૂચવીને યોગ્ય કરાવ્યા તથા કાઉન્ટર પર પથ્થરો બેસાડવાની વિગતો સમજાવી.

**રવિવાર, તા. ૨૬-૨-૨૦૨૩**

- આજ રોજ નવનીત મેડિકલ સેન્ટર - બોપલ ખાતે આઈ તથા જનરલ મેડિસીનના કેમ્પ યોજવામાં આવેલ હતા. આઈ વિભાગમાં ૩૬ દર્દીઓએ તથા જનરલ મેડિસીન વિભાગમાં ૧૯ દર્દીઓએ લાભ લીધેલ હતો.

**સોમવાર, તા. ૨૭-૨-૨૦૨૩**

- વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે મંગલ મંદિરમાં જાહેરાત આપનારા મહાનુભાવોને તેમની જાહેરાતની મેટર મોકલી આપવા પત્રો લખ્યા અને વોટ્સએપ પણ કર્યા.
- એપ્રિલ-૨૦૨૩ના મંગલ મંદિરના વિશેષાંક માટે લેખકશ્રીઓને તેમના લેખો લખીને મોકલી આપવા પત્રો લખ્યા.
- એપ્રિલ-૨૦૨૩ના મંગલ મંદિરના ષષ્ઠીપૂર્તિ વિશેષાંક માટે શુભેચ્છા સંદેશ મંગાવવા વિવિધ ક્ષેત્રની વ્યક્તિઓને પત્રો લખવામાં આવ્યા.
- ડૉ. હિતેન્દ્ર શાહે ચાંગોદર મેડિકલ સેન્ટરની મુલાકાત લઈ નીચે મુજબના કામો કરાવ્યા : (૧) કામ કરતી દરેક એજન્સીઓને જરૂરી સૂચના આપી. (૨) ડેન્ટલ ચેર તથા તેને લગતા સાધનો તથા પાલડી ભવન પર ડિલીવર થયેલ સુધાનોને ચાંગોદર સાઈટ પર લાવવા જરૂરી સૂચનાઓ આપી. (૩) જરૂરી સ્ટેશનરીનું લીસ્ટ બનાવી, તેને તૈયાર કરાવવા મુદ્રા પ્રિન્ટર્સને ફોન કરીને જણાવ્યું. (૪) સ્ટેશનરી, ડસ્ટ બીન, ચાદર વગેરેનું લીસ્ટ બનાવી તે ચાંગોદર સાઈટ પર મોકલી આપવા કિન્નરીબેનને જણાવ્યું.

**મંગળવાર, તા. ૨૮-૨-૨૦૨૩**

- માર્ચ-૨૦૨૩ના મંગલ મંદિરની PDF ફાઈલ આવી ગયેથી વોટ્સએપ દ્વારા તે અનેક સભ્યોને મોકલી આપવામાં આવી.
- અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના શ્રી અમિત ઠક્કર તથા શ્રી જીજ્ઞેશ જોશી આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા અને તેઓએ શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી હિરેન કે. શાહ સાથે મીટિંગ કરેલ હતી. તેઓએ ગીતા મંદિર પર ચાલી રહેલા સ્કીલ ડેવલપમેન્ટના વર્ગોની મુદત વધારી તે પ્રમાણે એમ.ઓ.યુ.માં સહીઓ કરેલ હતી. એ જ રીતે બોપલ ખાતે નવનીત દ્વારા અપાયેલ જગ્યામાં આવતા વર્ષથી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ચાલુ કરવા એમ.ઓ.યુ. પર સહીઓ કરેલ હતી.
- ડૉ. હિતેન્દ્ર શાહે લેબોરેટરીના સાધનોના ઈન્સ્ટોલેશન માટે લેબ ટેકનિશિયનને બોલાવી લેબોરેટરીનું સેટ અપ ફાઈનલ કરાવ્યું. મુદ્રા પ્રિન્ટર્સને ત્યાંથી આવેલ સ્ટેશનરી પેપર્સનું પ્રૂફ રીડિંગ કરી તે કાગળીયા મુદ્રા પ્રિન્ટર્સને મોકલી આપ્યા.

**બુધવાર, તા. ૧-૩-૨૦૨૩**

- આજ રોજ ચાંગોદર મેડિકલ સેન્ટરની સાણંદ આરોગ્ય સેન્ટરના ડૉ. કૌશિકે મુલાકાત લીધેલ ત્યારે શ્રી રજનીકાંત પારેખ ઉપસ્થિત રહેલ હતા. ડૉ. કૌશિકે માંગેલ દરેક પેપર્સ તથા દસ્તાવેજ વગેરે શ્રી રજનીભાઈએ તેઓને સુપ્રત કરેલ હતા. ડૉ. કૌશિકને જરૂરી બધા પેપર્સ પ્રાપ્ત થઈ ગયેલ હોવાથી હવે પછી તેઓ ફાઈનલ રીપોર્ટ તરતમાં આગળ મોકલી આપશે અને કદાચ આવતા એકાદ અઠવાડિયામાં આપણને જરૂરી પરમિશન સાણંદ આરોગ્ય કેન્દ્ર તરફથી મળી જશે તેવું તેમણે જણાવેલ હતું.
- આજે ચાંગોદર મેડિકલ સેન્ટરની સાઈટ પર ડૉ. હિતેન્દ્ર શાહે એક્સ-રે મશીનની ડિલીવરી લઈ તેને યોગ્ય રીતે ઈન્સ્ટોલ કરાવ્યું. કલર સેટીંગ રૂમમાં ખુરશી, ટેબલ, પડદા, એક્ઝામિનેશન ટેબલ, ચેક-અપના સાધનો ગોઠવડાવ્યા અને કલર સેટીંગ રૂમ તૈયાર કરાવડાવ્યો.

**ગુરૂવાર, તા. ૨-૩-૨૦૨૩**

- પરમકૃપા ચેરીટેબલ ફાઉન્ડેશનના શ્રી જયેશભાઈ મજમુદાર દ્વારા આજ રોજ ચાંગોદર મેડિકલ સેન્ટર ખાતે કથા રાખવામાં આવેલ હતી કે જેમાં શ્રી જયેશભાઈના પરિવારના સભ્યો, ચાંગોદર ખાતેની વિવિધ ઈન્ડસ્ટ્રીઝના સભ્યો તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના લગભગ ૨૫ જેટલા સભ્યો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા. અંદાજિત ૧૦૦ વ્યક્તિના આ કાર્યક્રમમાં ચાંગોદર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ શ્રી રાજુભાઈ શાહ, હર્ષા એન્જિનિયર્સના શ્રી હરીશભાઈ રંગવાલા વગેરે પણ ઉપસ્થિત રહેલ હતા. કથા પૂર્ણ થયા બાદ સાંજના નાસ્તાની મિજબાની માણી સૌ છૂટા પડ્યા હતા. લગભગ પૂર્ણતાના આરે પહોંચેલ આ સેન્ટરના દરેક વિભાગની મુલાકાતીઓએ મુલાકાત લીધેલ હતી.
- આજ રોજ ચાંગોદર મેડિકલ સેન્ટરમાં પરમકૃપા ટ્રસ્ટ તરફથી

સાંજના ભાગે કથાનો કાર્યક્રમ રાખેલ હોવાથી સવારમાં સાઈટ પર જઈ, બધી વસ્તુઓ વ્યવસ્થિત મૂકાવી, જરૂરી સાફ સફાઈ કરાવડાવી. પૂજા દરમિયાન આવેલ મહેમાનો દરેક વિભાગની મુલાકાત લે ત્યારે તેઓને જે તે વિભાગની વિગતો કઈ રીતે સમજાવવી તે બાબત ચર્ચા કરી.

**શુક્રવાર, તા. ૩-૩-૨૦૨૩**

- ચાંગોદર મેડિકલ સેન્ટરમાં (૧) હવે પછી સેવા આપનાર ડૉક્ટરો સાથે ચર્ચા કરી, તેઓના ટાઈમ-ટેબલ બનાવ્યા. (૨) એક્સ-રે માટે CR સિસ્ટમનો ફોટો અપ કરી તેને તાત્કાલિક ઈન્સ્ટોલ કરાવવા જણાવ્યું. (૩) હજુ સુધી કોઈ અન્ય સાથે લેબ ટેકનિશિયન તરીકેનું ફાઈનલ થયેલ ન હોવાથી અકીલાબેનને બોલાવી તેઓને ટેમ્પરરી આ ડ્યુટી જોઈન્ટ કરવા જણાવ્યું. (૪) ફ્રી કેમ્પ માટે પેમ્ફલેટની મેટર તૈયાર કરી, તે પ્રિન્ટ કરાવવા મુદ્રા કોમ્પ્યુટર પર તે મોકલી આપી.

**શનિવાર, તા. ૪-૩-૨૦૨૩**

- આજ રોજ શ્રી અશોક મહેતા તથા શ્રી રજનીકાંત પારેખ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતા અને ષષ્ઠીપૂર્તિ વર્ષ તથા ચાંગોદર મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન વિશે ચર્ચાઓ કરેલ હતી. ચાંગોદર મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન માટે વિવિધ સમિતિઓની આવતી કારોબારી સમિતિમાં રચના કરવા અંગે પણ વિચારણા કરવામાં આવેલ હતી.

**સોમવાર, તા. ૬-૩-૨૦૨૩**

- ડૉ. હિતેન્દ્ર શાહ દુબઈ હોવાથી આજે ત્યાંથી ચાંગોદર મેડિકલ સેન્ટરના સંપર્કમાં રહ્યા. ડિસ્ટ્રીબ્યુશન માટે જરૂરી પેમ્ફલેટ્સનું પ્રૂફ આવતાં, તેનું પ્રૂફ રીડિંગ કરી ૨૦,૦૦૦ કોપીનો ઓર્ડર આપ્યો. આ પેમ્ફલેટ્સ સરખેજ, ચાંગોદર, મોરૈયા અને બાવળામાં ડિસ્ટ્રીબ્યુટ થાય તેની ગોઠવણ કરી. દરેક સ્ટાફ મેમ્બરના કામનું રીવ્યુ કર્યું.
- ક્રેડિટ સોસાયટીની મીટિંગ પાલડી ભવન પર સવારના મળી હતી. શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી નલીનભાઈ મોમાયા અને શ્રી નરેન્દ્રભાઈ કોઠારી હાજર હતા. લોન માટે આવેલી અરજીઓની ચકાસણી કરી મંજૂર કરવામાં આવી હતી. સોસાયટીનો કારોબાર હાલ શ્રી કિશોરભાઈ ઠક્કર સંભાળતા હતા. તા. ૧-૪-૨૦૨૩થી શ્રી નરેન્દ્ર કોઠારી અને શ્રી દેવેશ દંડ સંભાળશે અને અન્ય એકાઉન્ટીંગ શ્રી પારસ મિસ્ત્રી સંભાળશે.

**મંગળવાર, તા. ૭-૩-૨૦૨૩**

- આજ રોજ ધર્મ જાગૃતિ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી અજયભાઈ દોશી સાથે શ્રી રજનીકાંત પારેખે કેન્સર પીડિત સામાન્ય ઘરના દર્દીઓને ઘેર બેઠા દવા પહોંચતી કરવાની યોજના વિશે ચર્ચા કરેલ હતી.
- શ્રી કચ્છી જૈન ભવન પર ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા અને શ્રી પ્રતાપભાઈ દંડ મળેલ હતા અને ઍડવોકેટ શ્રી વાઘેલાએ બનાવેલ એગ્રીમેન્ટના મંજૂર ન કરી શકાય તેવા મુદ્દાઓની નોંધ કરી લીધેલ હતી.
- શ્રી કે.ડી. શાહ, શ્રી વિમેશ શાહ અને શ્રીમતી ખુશ્બુબેન HRD એ મીટિંગ કરી હતી. મીટિંગમાં હાઉસ કિપીંગના એક મહિનાના કામનું રીવ્યુ કર્યું હતું. જ્યાં જ્યાં કમી દેખાઈ, ત્યાં સુધારવાના ઈન્સ્ટ્રક્શન આપવામાં આવ્યા. સ્ટાફના ટાઈમિંગ / યુનિફોર્મ વગેરે અંગે ચર્ચા કરવામાં આવી હતી. નવા સ્ટાફની રીક્રુટમેન્ટ અંગે ચર્ચા કરવામાં આવી હતી.
- શ્રી કે.ડી. શાહ અને શ્રી રમણિકભાઈ ગોસરે શાહીબાગ વિશ્રામ ગૃહની મુલાકાત લીધેલ હતી. ત્યાં પહેલા માળે પેશન્ટોને મળ્યા હતા અને એમની સગવડતા અંગે પૂછપરછ કરી હતી. ડાયાલિસિસ સેન્ટરમાં સ્ટાફ અને પેશન્ટો સાથે ચર્ચાઓ કરી. કેન્ટીન અને ત્રણે ફ્લોરના રૂમોની સફાઈ અંગે મેનેજર સાથે ચર્ચા કરી હતી.

**ગુરૂવાર, તા. ૯-૩-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારોના ઘેર ઘેર દવા વિતરણના મુદ્દે ચર્ચા કરવા આજ રોજ ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી અશ્વિન સાવલા, શ્રી લક્ષ્મીચંદ વીરા, શ્રી કમલેશભાઈ મનુભાઈ શાહ અને કેમિસ્ટ એસોસિએશનના સેક્રેટરી શ્રી આસુતોષભાઈ એકત્રિત થયેલ હતા. નેમિ મેડિકલ બધું મળીને ૧૫ ટકા જેવું ડિસ્કાઉન્ટ આપે છે જ્યારે એસ.એમ.જે. વાળાએ ૨૨ ટકા ડિસ્કાઉન્ટની ઑફર કરેલ છે તે વિશે ચર્ચાનો મુખ્ય મુદ્દો હતો. સેક્રેટરી શ્રી આસુતોષભાઈએ બંને પાર્ટી માટે સારો અભિપ્રાય આપેલ હતો.
- ચાંગોદર મેડિકલ સેન્ટર ખાતે સોનોગ્રાફી વિભાગ શરૂ કરવા માટે The P.C. અને PNDT વિભાગ તરફથી જરૂરી રજિસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ કરી સર્ટીફિકેટ મેળવી લેવામાં આવ્યું.

**શુક્રવાર, તા. ૧૦-૩-૨૦૨૩**

- ચાંગોદર સેન્ટર પર બાકી રહેતા જરૂરી સાધનોનું લીસ્ટ બનાવી, તેના ઓર્ડર આપવાની વ્યવસ્થા કરવામાં આવી.
- આજે હિસાબી સમિતિની મીટિંગ પાલડી ભવનમાં મળી હતી. શ્રી દેવેન છેડા, શ્રી કે.ડી. શાહ, શ્રી વિમેશભાઈ શાહ, શ્રી દેવેશ દંડ, સી.એ. શ્રી મિતુલ ઠક્કર, સી.એ. શ્રીમતી આયેશા શાહ અને મેનેજર શ્રી કિશોર ઠક્કર હાજર હતા. મીટિંગમાં જી.એસ.ટી. અને ટી.ડી.એસ. અંગે ચર્ચા થઈ. હાલમાં જી.એસ.ટી.નું કામ બીરેનભાઈ શાહ સંભાળે છે અને રીટર્ન

ફાઈલનું કામ સી.એ. મનનભાઈ વકીલ કરે છે. બીરેનભાઈનું કામ હાલની વ્યવસ્થાથી જ થઈ જશે. જેથી તા. ૧-૪-૨૦૨૩થી એમની સેવાઓની જરૂર નહીં પડે. HRD ના શ્રીમતી ખુશ્બુબેન શાહના હાજરી પત્રક અને પગારના ટેલીમાં લીન્ક કરવા અંગે શ્રી પ્રદીપ મહેતા અને હિસાબી સમિતિ સાથે ચર્ચા થઈ હતી. મેડિકલ અને ડાયાલિસિસ સેન્ટરોના સોફ્ટવેર અંગે ચર્ચાઓ થઈ હતી.

**શનિવાર, તા. ૧૧-૩-૨૦૨૩**

- **શ્રી રજનીકાંત પારેખે તા. ૯-૩-૨૦૨૩ના રોજ શ્રી વિક્રમભાઈ કાંતિલાલ શાહ સાથે પાલડીના મેડિસીન વિભાગ માટે રૂબરૂમાં ચર્ચા કરેલ હતી અને તેના અનુસંધાને આજ રોજ તેમના તરફથી રૂા. ૫.૦૦ લાખનો ચેક પ્રાપ્ત થયેલ હતો.**

**રવિવાર, તા. ૧૨-૩-૨૦૨૩**

- આજ રોજ શ્રી ક.જૈ.સે.સ.ની કારોબારી સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં ૧૫ જેટલા સભ્યો ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં : (૧) આવાસ યોજનામાં જરૂરી કામો કરાવવાનું, (૨) ચાંગોદર મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન માટે જુદી જુદી સમિતિઓની રચના કરવાનું, (૩) કેન્ટીન માટે સમિતિની રચના કરવાનું અને (૪) વિવિધ સમિતિ તરફથી આવેલ ખર્ચની દરખાસ્તને મંજૂર કરવાના કાર્યો કરવામાં આવેલ હતા.
- આજ રોજ ભવન પર શ્રી હિરેન શાહ, શ્રી પ્રદીપ મહેતા, શ્રી દેવેન છેડા, શ્રી દેવેશ દંડ, ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા તથા ડૉ. નીરવ ઠક્કર મળેલ હતા. આ મીટિંગમાં નીચે મુજબ ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. (૧) એપ્રિલ-૨૦૨૩થી શરૂ થતા વર્ષ માટેના કાર્યક્રમો બનાવી તેની એક સાથે ચર્ચા કરવી. (૨) ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા તથા ડૉ. નીરવ ઠક્કરની અનઉપસ્થિતિમાં પ્રવૃત્તિઓને કઈ રીતે ઓપ આપવો તેની વિચારણા કરવામાં આવી હતી. (૩) વ્યવસ્થિત રીતે પબ્લિસિટી કરવી.

**સોમવાર, તા. ૧૩-૩-૨૦૨૩**

- આજ રોજ શ્રી દેવેન છેડા તથા શ્રી હિરેન કે. શાહ MICAની વિઝીટ પર ગયેલ હતા. MICAના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ જે પ્રોજેક્ટ કરેલ હતા તેનું વિવરણ અને તેના Feed backના અનુસંધાને આ મીટિંગનું આયોજન કરવામાં આવેલ હતું. શ્રી ક.જૈ.સે.સ.ની બ્રાન્ડ બિલ્ડિંગ માટે MICAના ૪ વિદ્યાર્થીઓએ આપણી સાથે રહીને જે પ્રોજેક્ટ તૈયાર કરેલ હતો તેની વિગતોની ચર્ચા કરી. આ રીપોર્ટ મુજબના સૂચનોનો જો અમલ કરવામાં આવે તો શ્રી ક.જૈ.સે.સ.ની બ્રાન્ડ ઈમેજ સારી એવી વધી શકે તેવું તારવણ કાઢવામાં આવ્યું હતું. આ માટે શ્રી ક.જૈ.સે.સ.ના પ્રતિનિધિઓએ MICAનો આભાર માનેલ હતો અને આવતા વર્ષે આ પ્રકારના પ્રોજેક્ટ કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

**મંગળવાર, તા. ૧૪-૩-૨૦૨૩**

- આજ રોજ મેરેજ બ્યુરો સમિતિની એક મીટિંગ ભવન પર મળેલ હતી. તા. ૧૬-૪-૨૦૨૩ના રોજ યોજવામાં આવેલ સંમેલનના આયોજનો વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.
- આજ રોજ ષષ્ઠીપૂર્તિ સમિતિની એક મીટિંગ ભવન પર મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી હિરેન કે. શાહ તથા શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ મળેલ હતા. ષષ્ઠીપૂર્તિ વર્ષના સંપૂર્ણ કાર્યક્રમો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. વર્ષ દરમિયાનના મુખ્ય કાર્યક્રમોમાં ચાંગોદર મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન તથા બોપલ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ઉદ્‌ઘાટન અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.
- શ્રી હિરેન કે. શાહ, શ્રી દેવેન છેડા, શ્રી પ્રદીપ મહેતા, શ્રી દેવેશ દંડ તથા ડૉ. નીરવ ઠક્કર ભવન પર એકત્રિત થયેલ હતા અને વિદ્યાર્થીઓના તથા વાલીઓના શિક્ષણ પ્રત્યેના સળગતા પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. ડૉ. નીરવ ઠક્કર કે જેઓ એ.જી. સ્કૂલના પ્રિન્સિપાલ છે, કે જેમના અનુભવો પ્રમાણે ધોરણ ૮ થી ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓના તથા તેમના પેરેન્ટ્સના મુંઝવતા પ્રશ્નો કયા કયા છે અને તેના નિવારણ માટે શું કરવું જોઈએ કે જેથી આ વિદ્યાર્થીઓ અને તેના વાલીઓની મૂંઝવણ દૂર થઈ શકે તે માટે છણાવટ કરવામાં આવેલ હતી અને તે વિષયે જરૂરી પ્રચાર - પ્રસાર કઈ રીતે કરી શકાય તેની વિગતો આવતી મીટિંગમાં નક્કી કરવાનું વિચારવામાં આવેલ હતું.

**બુધવાર, તા. ૧૫-૩-૨૦૨૩**

- મુંબઈ અતિથિ ભવન અંગે શ્રી શશાંક શાહ તથા શ્રી દીપકભાઈ ભેદા સાથે જે મીટિંગ તા. ૧૮-૩-૨૦૨૩ના રોજ યોજાવાની છે તે અંગે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિરેન શાહ તથા શ્રી અશોકભાઈ મહેતાએ ચર્ચા કરેલ હતી.

**શુક્રવાર, તા. ૧૭-૩-૨૦૨૩**

- મુંબઈ અતિથિ ભવન અંગેની મીટિંગ એટેન્ડ કરવા આજરોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિરેન કે. શાહ તથા શ્રી અશોકભાઈ મહેતા બપોરના અમદાવાદથી નીકળી રાત્રે મુંબઈ પહોંચી ગયા. શ્રી પારસ બાબરીયા તથા શ્રી વિજય બાબરીયા સાથે પણ વાતો ચાલતી રહી.

**શનિવાર, તા. ૧૮-૩-૨૦૨૩**

- મુંબઈ અતિથિ ભવનના અનુસંધાને બપોરના ૨.૩૦ વાગે ઍડવોકેટ શ્રી શશાંક શાહ સાથે તેમને ત્યાં મીટિંગ યોજાઈ.

શ્રી શશાંકભાઈ શાહ, શ્રી દીપકભાઈ ભેદા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા (આજે જ અમદાવાદથી આવ્યા), શ્રી હિરેન શાહ તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા.

શ્રી શશાંકભાઈ શાહે વર્ષ ૨૦૦૭થી છેલ્લે વર્ષ ૨૦૨૩ સુધી શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદે પૂનમ ડેવલપર્સ સાથે જે સહૃદયતાપૂર્વક વર્તન કર્યું તેની નોંધા બતાવીને દરેકને તેની વિગત સમજાવી.

શ્રી દીપકભાઈ ભેદાએ હાલની મકાનની પરિસ્થિતિ અને પૂનમ ડેવલપર્સ પૂર્ણપણે મકાનનું બાંધકામ પૂર્ણ કઈ રીતે કરી શકે તેના મુદ્દાઓ આ મીટિંગમાં રજૂ કર્યા.

ત્યારબાદ નીચે મુજબ નિર્ણયો લેવાયા : (૧) તા. ૨૮-૩ની હાઈકોર્ટની તારીખમાં શ્રી શશાંકભાઈ શાહ તેમના પ્લાન મુજબ આગળ કાર્યવાહી કરે. (૨) પૂનમ ડેવલપર્સના શ્રી પારસ બાબરીયા તથા શ્રી વિજય બાબરીયા સાથે શ્રી દીપકભાઈ ભેદા આજકાલમાં જ એક મીટિંગ રૂબરૂમાં કરીને આ પ્રશ્નનો યોગ્ય નિકાલ લાવવા ચર્ચાઓ કરશે. (૩) વાગડ બે ચોવીસી સમાજના કેટલાક આગેવાનો સાથે શ્રી દીપકભાઈ ભેદા ગુરૂવાર, તા. ૨૩-૩ના એક મીટિંગ યોજી, મધ્યસ્થી તરીકે શું ભાગ ભજવી શકાય તેની ચર્ચા કરે.

ત્યારબાદ આ મીટિંગ પૂર્ણ થયેલ હતી. શ્રી શાંતિભાઈ સાવલા તરતમાં અમદાવાદ જવા રવાના થયેલ હતા.

- ચાંગોદર મેડિકલ સેન્ટરનું તા. ૭-૪-૨૦૨૩ના રોજ ઉદ્ઘાટન કરવા શ્રી પંકજભાઈ પટેલ ઉપસ્થિત નહીં રહી શકે તેવા સમાચાર શ્રી રાજુભાઈ શાહે આપ્યા. પરિણામ સ્વરૂપે શ્રી રાજુભાઈ શાહ ઉદ્ઘાટન કરે તેવું નક્કી કરવામાં આવ્યું. શ્રી હરીશભાઈ રંગવાલા તથા ડૉ. ધીરેન શાહ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે તેવું નક્કી કરવામાં આવ્યું. વિગતવાર આયોજન અંગે મંગળવાર, તા. ૨૧-૩-૨૦૨૩ના રોજ શ્રી જયેશભાઈ મજમુદાર સાથે કચ્છી જૈન ભવન પર મીટિંગ કરવી તેવું નક્કી કરવામાં આવ્યું.
- તા. ૭-૪-૨૦૨૩ના રોજ ચાંગોદર મેડિકલ સેન્ટરના ઉદ્ઘાટનના સમાચાર શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના દરેક પરિવારને ત્યાં વોટ્સએપ દ્વારા મોકલી આપવામાં આવ્યા.

**મંગળવાર, તા. ૨૧-૩-૨૦૨૩**

- આજ રોજ શ્રી જયેશ મજમુદાર, શ્રી સપન મજમુદાર, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલ સાવલા, શ્રી હિરેન કે. શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી વિશાલ મહેન્દ્ર શાહ ચાંગોદર ખાતે તા. ૭-૪-૨૦૨૩ના રોજ ઉદ્ઘાટનના કાર્યક્રમના આયોજન માટે મળ્યા હતા. આ મીટિંગમાં ચાંગોદર ખાતે મુખ્ય ઉદ્ઘાટક, મુખ્ય મહેમાન, અતિથિ વિશેષ, દાતાશ્રીઓના બહુમાન વગેરે વિષયો ઉપર ચર્ચા વિચારણા કરી અંતિમ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત કેટરર્સ અને ભોજન અંગેની વ્યવસ્થા અંગે નક્કી કરવામાં આવ્યું હતું. શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્યો ત્યાં મોટા પ્રમાણમાં હાજરી આપી શકે તે માટે બસની સુવિધાઓ અંગે ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત સ્ટેજ, વોલન્ટિયર, સન્માન પત્ર, મોમેન્ટો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.
- આજે રાત્રે ૮ કલાકે કારોબારી સમિતિની મીટિંગ બોલાવવામાં આવી હતી. જેમાં પંદર સભ્યો હાજર રહ્યા હતા. આજની બેઠકમાં ચાંગોદર ખાતે મેડિકલ સેન્ટરના ઉદ્ઘાટન માટે સ્ટેજ સમિતિ, ભોજન સમિતિ, વોલન્ટિયર સમિતિ, વ્યવસ્થા સમિતિ વગેરેના કાર્ય ઉપર ચર્ચા વિચારણા કરી તેમને જુદા જુદા કામની જવાબદારી સોંપવામાં આવી હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજના વધુમાં વધુ સભ્યો કાર્યક્રમમાં ભાગ લે તે માટે વિવિધ સ્થળેથી એ.સી. બસની વ્યવસ્થા કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

ગત કારોબારી સમિતિની મીટિંગમાં કેન્ટીન સમિતિમાં રહી ગયેલ બે નામોની દરખાસ્ત કન્વીનરશ્રીએ મૂકતાં, કેન્ટીન સમિતિમાં નીચેના બે નામોનો ઉમેરો કરવામાં આવેલ હતો : (૧) શ્રી સંદીપ અશોકકુમાર મહેતા, (૨) શ્રી રોહિત શાંતિલાલ સંઘવી. આમ હવે કેન્ટીન સમિતિ નીચે મુજબની રહે છે : (૧) શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી કન્વીનર, (૨) શ્રી સંદીપ અશોકકુમાર મહેતા, (૩) શ્રી રોહિત શાંતિલાલ સંઘવી, (૪) શ્રી કે.ડી. શાહ, (૫) શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, (૬) શ્રી નીતિન ધનજી ગાલા. ■

## કેન્સરના દર્દીઓ માટે કરુણાલય

*સાધારણ વ્યક્તિઓ કે જે કેન્સરના દર્દીઓ છે તેમને મુંબઈના એક ટ્રસ્ટના સહયોગથી કેન્સર માટે જરૂરી દવા ફ્રી માં મળી શકશે. તો આવી વ્યક્તિઓએ 'ધર્મ જાગૃતિ'ના ટ્રસ્ટી શ્રી અજયભાઈ દોશી (મો. ૯૩૨૭૦ ૭૮૭૭૮) અથવા સમાજના માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)નો સંપર્ક કરવા વિનંતી છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## રવિવાર, તા. ૧૨-૩-૨૦૨૩ના રોજ મળેલ કારોબારી સમિતિની મીટિંગનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારી સમિતિની એક મીટિંગ રવિવાર,તા. ૧૨-૩-૨૦૨૩ના રોજ યોજાઈ ગઈ. આ મીટિંગમાં નીચે પ્રમાણેની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

૧. નવનીત આવાસના રહેવાસીઓ તરફથી ટોરેન્ટ પાવરમાં ભરવામાં આવેલ વધારાની ડિપોઝીટના રી-ઈમ્બર્સ માટેનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

૨. ચાંગોદર મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન માટે જરૂરી મંડપ સમિતિ, ભોજન સમિતિ, વોલન્ટિયર સમિતિ અને ટ્રાન્સપોર્ટેશન સમિતિના કન્વીનરશ્રીઓની વરણી કરવામાં આવી હતી.

૩. ચાંગોદર મેડિકલ સેન્ટરમાં મૂકવામાં આવેલ સીસીટીવી કેમેરા અને કોમ્પ્યુટરના ખર્ચને મંજૂરી આપવામાં આવેલ હતી.

૪. કેન્ટીન સમિતિના મેમ્બરોના નામ નક્કી કરવામાં આવ્યા હતા.

૫. વયસ્ક સમિતિ તરફથી એક દિવસીય પિકનીકના કાર્યક્રમના ખર્ચને મંજૂર કરવામાં આવેલ હતા.

આ ઉપરાંત પ્રમુખશ્રીની મંજૂરીથી વિવિધ વિષયો પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## મંગળવાર, તા. ૨૧-૩-૨૦૨૩ના રોજ મળેલ કારોબારી સમિતિની મીટિંગનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારી સમિતિની એક મીટિંગ મંગળવાર,તા. ૨૧-૩-૨૦૨૩ના રોજ રાતના ૮ વાગે મળેલ હતી. જેમાં પંદર સભ્યો હાજર હતા.

આ મીટિંગમાં ચાંગોદર મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન માટે ચર્ચા કરવામાં આવી હતી. આ ચર્ચામાં (૧) મંડપ સમિતિ, (૨) ભોજન સમિતિ, (૩) વોલન્ટિયર સમિતિ, (૪) વ્યવસ્થાપક સમિતિને જુદી જુદી કામગીરી સોંપવામાં આવી હતી. મંડપ સમિતિના અને ભોજન સમિતિના કન્વીનરશ્રીઓને શ્રી જયેશભાઈ મજમુદાર સાથે રહીને કાર્યવાહી કરવાનું જણાવવામાં આવ્યું હતું. શ્રી હિરેન કે. શાહનું સૂચન હતું કે, આપણા સમાજના વધુમાં વધુ સભ્યો આ ઉદ્‌ઘાટનના કાર્યક્રમમાં હાજરી આપે તે માટે એ.સી. બસની વ્યવસ્થા ઉપરાંત સમાજના સભ્યોને તે અંગે માહિતગાર કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. બસમાં આવનાર વ્યક્તિઓના બસના પાર્કિંગ માટે યોગ્ય વ્યવસ્થા કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

કેન્ટીન સમિતિ તરફથી આવેલ પત્રમાં કેન્ટીન સમિતિમાં શ્રી સંદીપ અશોકકુમાર મહેતા અને શ્રી રોહિત શાંતિલાલ સંઘવીનો સમાવેશ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

**કારોબારી હેઠળની સમિતિ – કેન્ટીન સમિતિ**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી | – કન્વીનર |
| ૨. | શ્રી સંદીપ અશોકકુમાર મહેતા | – સભ્ય |
| ૩. | શ્રી રોહિત શાંતિલાલ સંઘવી | – સભ્ય |
| ૪. | શ્રી કે.ડી. શાહ | – સભ્ય |
| ૫. | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | – સભ્ય |
| ૬. | શ્રી નીતિન ધનજી ગાલા | – સભ્ય |

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# મેરેજ બ્યુરો સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મેરેજ બ્યુરો સમિતિ તરફથી રવિવાર, તા. ૧૬-૪-૨૦૨૩ના રોજ જીવનસાથી સંમેલન યોજેલ છે. જેમાં ૧૯૭૨થી ૧૯૮૫ની સાલના ફ્રેશર્સ દીકરાઓ તથા ૧૯૭૬થી ૧૯૮૯ની સાલની ફ્રેશર્સ દીકરીઓ તેમજ રી-મેરેજ (ઉંમરનો બાધ નથી)ના ઉમેદવારો ભાગ લઈ શકશે.

અમદાવાદ તેમજ બહારગહામ વસતા લગ્નોત્સુક સમસ્ત જૈન દીકરા-દીકરીઓ સાથે તેઓના વાલીઓ આ જીવનસાથી સંમેલનમાં ભાગ લઈ શકશે.

- **રજિસ્ટ્રેશન ચાર્જ**

*દીકરા માટે : રૂા. ૨૦૦/-*
*દીકરી માટે : રૂા. ૧૦૦/-*
*એક વાલી દીઠ : રૂા. ૧૦૦/-*

- **સ્થળ :**

***શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન સ્કૂલ સામે, પાલડી, અમદાવાદ.***

- **વધુ વિગત માટે સંપર્ક :**

***વીણાબેન સંઘવી : મો. ૮૦૦૦૭ ૩૯૬૯૮***
***ગિરીશ દેઢિયા : મો. ૯૩૨૦૩ ૧૬૮૬૮***
***ચેતન ધરોડ : મો. ૯૪૨૬૫ ૨૯૩૪૧***

***વીણાબેન સંઘવી***
***કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ***

# ગૃહ ઉદ્યોગ સમિતિ

## તા. ૧૬-૩-૨૦૨૩ના રોજની મીટિંગનો અહેવાલ

તા. ૧૬-૩-૨૦૨૩ના રોજ ગૃહ ઉદ્યોગ સમિતિ, નવનીત આવાસ સમિતિ અને નવનીત આવાસ ભવન સમિતિની એક જોઈન્ટ મીટિંગ રાતના ૮ વાગે નવનીત આવાસ ઉપર રાખવામાં આવેલ હતી. જેમાં અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરમાંથી શ્રી જીજ્ઞેશભાઈ જોશી, શ્રીમતી સેજલબેન શાહ, શ્રી હર્ષિલભાઈ સાતા હાજર રહ્યા હતા. ગૃહ ઉદ્યોગ સમિતિમાંથી સંદીપ મહેતા, કવિતાબેન સતરા, ભાવનાબેન દેઢિયા, કુમારભાઈ મસાલીયા હાજર રહ્યા હતા. નવનીત આવાસ સમિતિમાંથી શ્રી ગિરીશભાઈ હીરજી દેઢિયા હાજર રહ્યા હતા અને નવનીત આવાસ ભવન સમિતિમાંથી શ્રી દિનેશભાઈ મહેતા, શ્રી મૌનીશભાઈ, શ્રી અરવિંદભાઈ, શ્રી મનીષભાઈ, શ્રીમતી ડિમ્પલબેન, શ્રી રમેશભાઈ, શ્રી અભયભાઈ સતરા વગેરે હાજર રહ્યા હતા.

જેમાં શ્રી જીજ્ઞેશભાઈ જોશીએ સ્કીલ ડેવલપમેન્ટના કોર્સમાં આપણા ગીતા મંદિર ખાતેના સેન્ટરમાં સૌને જોડાવા અને આજુબાજુના લોકોને પણ જોડવા માટેની વાત સમજાવી હતી. ચર્ચાને અંતે સૌના મતે પહેલાં એક સ્કીલ ફેર યોજવો, જેમાં સૌને બોલાવી સમજાવી અને કયા કોર્સમાં તેઓ આવી શકે તેવું નક્કી કરી તેમના નામ લખવા તેવું નક્કી કરેલ હતું. તેના માટે તા. ૧-૪-૨૦૨૩ અને તા. ૨-૪-૨૦૨૩ના સાંજે ૬ વાગ્યા પછી નવનીત આવાસ ભવન ખાતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર આયોજિત સ્કીલ ફેર યોજવું તેવું નક્કી કરેલ છે. તે મુજબ તે માટે તે બાબતે બેનર બનાવી અલગ અલગ જગ્યાએ લગાવી, લોકો તેમાં હાજર રહે તે બાબતે યોગ્ય કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. ત્યારબાદ અન્ય ચર્ચા કરીને સૌ છૂટા પડેલ હતા.

આ મીટિંગ શ્રી મનીષભાઈ દેઢિયા અને શ્રીમતી ડિમ્પલબેન દેઢિયાના ઘરે યોજવામાં આવેલ હતી. તેઓએ સારી આગતા સ્વાગતા કરેલ હતી.

## તા. ૨૨-૩-૨૦૨૩ના રોજની મીટિંગનો અહેવાલ

તા. ૨૨-૩-૨૦૨૩ના રોજ સાંજના ૭.૩૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન ઉપર ગૃહ ઉદ્યોગ સમિતિની એક મીટિંગ યોજવામાં આવેલ હતી. જેમાં સંદીપ મહેતા, જયંતીભાઈ નીસર, કવિતાબેન સતરા, ભાવનાબેન દેઢિયા, નંદીતાબેન શાહ અને કૃપાલીબેન રાંભિયા હાજર રહ્યા હતા. જેમાં નીચે મુજબની ચર્ચા કરવામાં આવેલ હતી.

૧. અગાઉના 'મંગલ મંદિર'માં ગૃહ ઉદ્યોગ માટેની માહિતી આપ્યા બાદ સભ્યો તરફથી જે ઓર્ડર આવેલ હતા તે બાબતે ચર્ચા કરી હતી અને તેઓને જે તે વસ્તુ ટાઈમસર મળે તે બાબતે આયોજન કરવાનું નક્કી કરેલ હતું. અને અગાઉ મંગલ મંદિરમાં આપેલ માહિતી હવેના બીજા અંકમાં આપવા માટે નક્કી કરવામાં આવેલ હતું.

૨. મેક્ષનર વેલનેસ કંપનીમાંથી જે પ્રોડક્ટ તા. ૨૨-૩-૨૦૨૩ના શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ, તેને જોઈ, ચેક કરી તેની માહિતી મંગલ મંદિરમાં આપવાનું નક્કી કરવામાં આવેલ હતું. મેક્ષનર વેલનેસ કંપનીવાળા શ્રીમતી શ્વેતાબેન ગૌસ્વામી તરફથી કહેવામાં આવેલ કે તેઓ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોને તેમની આ બધી પ્રોડક્ટ્સ MRPથી ૫૦% ઓછા ભાવથી આપશે તે બાબતે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

૩. નવનીત આવાસમાં મૂકેલ સિલાઈ મશીન અને કોમ્પ્યુટર્સનો પણ યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તે બાબતે ચર્ચા કરી કવિતાબેન, ભાવનાબેનને તે માટેની જવાબદારી સોંપવામાં આવેલ હતી.

૪. ત્યારબાદ કેન્ટીનમાં જમીને સૌ છૂટા પડેલ હતા.

***કન્વીનર, ગૃહ ઉદ્યોગ સમિતિ***

## વયસ્ક સમિતિ

### આગામી કાર્યક્રમ

તા. ૧૫-૪-૨૦૨૩ને શનિવારના રોજ સાંજે ૪ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક કાર્યક્રમ રાખવામાં આવેલ છે. કાર્યક્રમ બાદ સાથે ભોજન લઈશું.

આપના પાસ પાલડી ભવન ખાતેથી શ્રી અમરીશભાઈ સંઘવી (મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨) પાસેથી મેળવી લેશો.

*દિલીપ દંડ*
*કન્વીનર, વયસ્ક સમિતિ*

## મહિલા ઉત્કર્ષ સમિતિ

એપ્રિલ-૨૦૨૩થી માર્ચ-૨૦૨૪ – વર્ષ દરમિયાન સમિતિએ નક્કી કરેલ કાર્યક્રમોની સૂચિ

૧. ગર્ભ સંસ્કાર જાગૃતિ કાર્યક્રમ : 2nd Week Apr.-23
૨. યોગ જાગૃતિ કાર્યક્રમ : 3nd Week June-23
૩. સ્ત્રીઓને લગતી કાયદાકીય જાણકારી વિશેનો કાર્યક્રમ : 3rd Week of August-2023
૪. કેન્સર જાગૃતિ રજિસ્ટ્રેશન કેમ્પ : End of Sept. (સમાજના સ્વામિવાત્સલ્યના કાર્યક્રમ દરમિયાન)
૫. રાસ ગરબા કાર્યક્રમ : End of Oct.-23
૬. પૌષ્ટિક વાનગીઓનું ડેમોન્સ્ટ્રેશન : કમૂરતા દરમિયાન
૭. તંદુરસ્તી જાગૃતિ કાર્યક્રમ : March-2024

*સુલુબેન શાહ*
*કન્વીનર, મહિલા ઉત્કર્ષ સમિતિ*

## નવનીત મેડિકલ સેન્ટર – બોપલ

તા. ૨૬-૨-૨૦૨૩ના રોજ નવનીત મેડિકલ સેન્ટર - બોપલ ખાતે બે કેમ્પ આયોજિત કરવામાં આવેલ હતા.

૧. આંખની તપાસણીનો કેમ્પ
૨. જનરલ મેડિસીન માટેનો કેમ્પ.

આઈ વિભાગમાં ૩૬ દર્દીઓએ જ્યારે જનરલ મેડિસીન વિભાગમાં ૧૬ દર્દીઓએ લાભ લીધેલ હતો.

*કન્વીનર, મેડિકલ સમિતિ - બોપલ*

## સમાજ દર્પણ

### સરનામા ફેરફાર

- **નીપેશ જયકુમાર શાહ**
  જે-૧૨૦૩, ક્લાઉડ-૯, નિયોજન નગર, વિનસ ગ્રાઉન્ડ, પુષ્પકુંજ સોસાયટી સામે, ઝાંસી કી પાની પુતળા પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૩૨૮૬ ૭૯૧૩૩
- **જયંતીલાલ કાનજી દેઢિયા**
  ૧૦૧, એમરલ્ડ રેસિડેન્સી-૩, કૃપા પેટ્રોલ પંપ સામે, જૂના શારદા મંદિર, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. મો. ૯૯૨૪૫ ૦૦૭૨૭
- **રવિન્દ્ર પ્રકાશ મીઠુભાઈ શાહ (સૈયા)**
  આઈ-૪૦૩, સારાંશ અર્થ, રાજ યશ રીવેન્ટાની સામે, જી.બી. શાહ કૉલેજ રોડ, ન્યુ વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. ૯૯૧૩૭ ૦૧૬૭૮
- **મેહુલ વિનોદકુમાર ભગવાનજી દોશી**
  એ-૩૦૨, ક્લાઉડ-૯, ૪-સેટેલાઈટ રોડ, પુનિત નગર વિભાગ-૩, નહેરુ નગર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૮૨૫૨ ૨૬૫૯૬, ૯૯૭૯૨ ૩૩૭૮૩

### સગાઈ

- **તા. ૧૪-૨-૨૦૨૩**
  ધારા વિજય કલ્યાણજી છેડા (રાયણ - અમદાવાદ)ની સગાઈ કિશન જગદીશભાઈ શાહ (અમદાવાદ) સાથે થયેલ છે.

## અવસાન નોંધ

- મંગળવાર, તા. ૧૪-૩-૨૦૨૩
  **બચુભાઈ (દામજી) હીરજી (પોપટલાલ) રાંભિયા** (અમદાવાદ - રામાણિયા)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- રવિવાર, તા. ૧૯-૩-૨૦૨૩
  **લહેરચંદ પુનશી મૈશેરી** (ઉં.વ. ૬૬) (અમદાવાદ - માંડવી)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- રવિવાર, તા. ૧૯-૩-૨૦૨૩
  **અ.સૌ. વિમળાબેન નાનજી મણશી રાંભિયા** (ઉં.વ. ૮૩) (ગાંધીનગર - ગોધરા)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- શુક્રવાર, તા. ૨૪-૩-૨૦૨૩
  **માતુશ્રી ઝમકુબેન રસિકલાલ ધરમશી** (ઉં.વ. ૯૧) (અમદાવાદ - મોટી ખાવડી)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદ્‌ગતશ્રીઓના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

રૂા. ૨૫,૦૦,૦૦૦/- એઆઈએ (AIA) એન્જિનિયરીંગ લિમિટેડ
રૂા. ૨૧,૦૦,૦૦૦/- હર્ષા એન્જિનિયર્સ ઈન્ટરનેશનલ લિ.
રૂા. ૧૧,૦૦,૦૦૦/- મુંજાલ રંગવાલા ચેરીટેબલ ટ્રસ્ટ
રૂા. ૭,૫૦,૦૦૦/- ઈન્ડોરામા ઈન્ડિયા પ્રા. લિ.
રૂા. ૫,૦૦,૦૦૦/- ફોટોક્રિના કેમિકલ્સ પ્રા.લી.
રૂા. ૫,૦૦,૦૦૦/- નારણભાઈ ખીમજીભાઈ પાગદાર
રૂા. ૫,૦૦,૦૦૦/- ખાનચંદાણી પરિવાર
રૂા. ૫,૦૦,૦૦૦/- એલીટ્સ (ELITS) કેમિકલ્સ
રૂા. ૨,૫૦,૦૦૦/- શ્રેણિક એન્ડ કું.
રૂા. ૨,૫૦,૦૦૦/- સમીપ કોમ્પોઝીટ પ્રા. લિ.

### ડાયાલિસિસ સેન્ટર - શાહીબાગ

રૂા. ૫,૮૦,૦૦૦/- આકાશ એક્સ્પ્લોરેશન સર્વિસીઝ લિમિટેડ હેમાંગ નવીનચંદ્ર હરિયા
રૂા. ૨૫,૦૦૦/- શ્રીમતી કાંતાબેન માણેકલાલ પટેલ
રૂા. ૨,૧૦૦/- ઉર્મિલાબેન મહેન્દ્રભાઈ વસા

### નવનીત મેડિકલ સેન્ટર અને પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર - પાલડી

રૂા. ૫,૦૦,૦૦૦/- સ્વ. સીતાબેન ડાહ્યાભાઈ ફડિયા ચેરીટેબલ ટ્રસ્ટ (મેડિસીન વિભાગ માટે)

### જલારામ અન્નક્ષેત્ર

રૂા. ૫૧,૦૦૦/- પ્રજ્ઞા ગૌતમ નાણાવટી
રૂા. ૫૦,૦૦૦/- કૈલાસબેન જયંતીલાલ ઠક્કર
રૂા. ૨,૧૦૦/- ઉર્મિલાબેન મહેન્દ્રભાઈ વસા
રૂા. ૫૦૦/- પ્રદીપભાઈ મતાણી - આદિપુર, કચ્છ

### વૈયાવચ્ચ ફંડ

રૂા. ૫,૦૦૦/- ઉમરશી જેઠાભાઈ કુરુવા
રૂા. ૨,૧૦૦/- ઉર્મિલાબેન મહેન્દ્રભાઈ વસા
રૂા. ૫૦૦/- શ્રી સાગર કેતન છેડા - મુંબઈ (સ્વ. કેતન હીરજી છેડાની પુણ્ય સ્મૃતિમાં)

### શૈક્ષણિક સહાય ફંડ

રૂા. ૩,૦૦૦/- ઉમરશી જેઠાભાઈ કુરુવા

### સાધર્મિક સહાય ફંડ

રૂા. ૩,૦૦૦/- ઉમરશી જેઠાભાઈ કુરુવા
રૂા. ૬૦૦/- શ્રી સાગર કેતન છેડા - મુંબઈ (સ્વ. કેતન હીરજી છેડાની પુણ્ય સ્મૃતિમાં)

### મેડિકલ રીલીફ યોજના

રૂા. ૧,૦૦૦/- શ્રી સાગર કેતન છેડા - મુંબઈ (સ્વ. કેતન હીરજી છેડાની પુણ્ય સ્મૃતિમાં)

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શુભેચ્છા સહ અભિનંદન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારની બે દીકરીઓ M.B.B.S. ની પરીક્ષામાં પ્રથમ પ્રયાસે, પ્રથમ વર્ગમાં પાસ થયેલ છે.



**સ્નેહ મેહુલ શાહ**
**(માતા : પાયલબેન)**
**(કચ્છ : ગામ નાંગલપુર, હાલ : અમદાવાદ)**



**દેવાશી મૂલચંદ મારૂ**
**(માતા : અલ્પાબેન)**
**(કચ્છ ગામ પુનડી, હાલ : અમદાવાદ)**

બંને દીકરીઓ પોતાના ક્ષેત્રમાં આગળ અભ્યાસ કરવા પ્રયત્નશીલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તેઓ ભણતર પૂરું કરી આપણા સમાજના લોકોની સેવા કરે એવી શુભેચ્છા પાઠવે છે.

## નવનીત મેડિકલ સેન્ટર - પાલડી

*નવનીત મેડિકલ સેન્ટર - પાલડી ખાતે નેફ્રોલોજી વિભાગની નવી ઓ.પી.ડી. સેવા શરૂ કરવામાં આવેલ છે.*

*નેફ્રોલોજિસ્ટ ડૉ. ઋત્વિન શાહ દર સોમવારે સવારમાં ૯.૦૦થી ૧૦.૦૦ દરમિયાન મળી શકશે.*

*જરૂરિયાતવાળા લોકોને આ સેવાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.*

# ગૂર્જર દ્વારા પ્રકાશિત અને પુરસ્કૃત કેટલાંક પુસ્તકો

## નવલકથા

| | | |
|---|---|---|
| કૃષ્ણાવતાર-1 (પુરસ્કૃત) | ક. મા. મુનશી | 600 |
| કૃષ્ણાવતાર-2, 3-4 (પુરસ્કૃત) | ક. મા. મુનશી | 580 |
| કૃષ્ણાવતાર-3, 5થી 7 (પુરસ્કૃત) | ક. મા. મુનશી | 570 |
| અકૂપાર (પુરસ્કૃત) | ધ્રુવ ભટ્ટ | 300 |
| તત્ત્વમસિ (પુરસ્કૃત) | ધ્રુવ ભટ્ટ | 200 |
| કર્ણલોક (પુરસ્કૃત) | ધ્રુવ ભટ્ટ | 150 |
| સમુદ્રાન્તિકે (પુરસ્કૃત) | ધ્રુવભટ્ટ | 150 |
| ભીતર પ્રગટ્યા દીવા (પુરસ્કૃત) | બકુલ દવે | 200 |
| સપ્ત માતૃકા (મહાભારતનાં સાત માતા પાત્રોની સંવેદનકથા) (પુરસ્કૃત) | ઇલા આરબ મહેતા | 260 |
| છાવણી (પુરસ્કૃત) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| એક ડાળ મીઠી (પુરસ્કૃત) | ધીરુબહેન પટેલ | 250 |
| રાજગઢી (પુરસ્કૃત) | રામચંદ્ર બ. પટેલ | 200 |
| મેરુયજ્ઞ (પુરસ્કૃત) | રામચંદ્ર બ. પટેલ | 90 |
| ફેસબૂકમાંના ચહેરા (પુરસ્કૃત) | મનીષા ગાલા | 300 |
| વારસદાર (પુરસ્કૃત) | મનીષા ગાલા | 300 |
| વડમામી (પુરસ્કૃત) | અમૃત કે. બારોટ | 125 |
| વાયા રાવલપિંડી (પુરસ્કૃત) | ગિરિમા ઘારેખાન | 230 |
| ઘર (પુરસ્કૃત) | કિશોરસિંહ સોલંકી | 150 |
| મૃત્યુની પાનખરમાં વસંત (પુરસ્કૃત) | ઉષા ચતુર્વેદી | 125 |
| ટ્રેન ટુ પાકિસ્તાન (અંગ્રેજી, પુરસ્કૃત) | ખુશવંતસિંહ, અનુ. જય મકવાણા | 350 |

## આત્મકથા અને જીવનચરિત્ર

| | | |
|---|---|---|
| અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ (મહાદેવભાઈ દેસાઈનું જીવનચરિત્ર) | નારાયણ દેસાઈ | 400 |
| અપંગનાં ઓજસ | કુમારપાળ દેસાઈ | 180 |
| હૈયે પગલાં તાજાં (પુરસ્કૃત) | મનસુખ સલ્લા | 170 |
| તુલસીક્યારાના દીવા (પુરસ્કૃત) | મનસુખ સલ્લા | 130 |
| બે સાહિત્યસખા (પુરસ્કૃત) | દક્ષિણકુમાર જોશી | 55 |
| જ્ઞાનવિજ્ઞાનના મહાન પાશ્ચાત્ય ચિંતકો (પુરસ્કૃત) | ભરત દવે | 400 |

## પ્રવાસ સાહિત્ય

| | | |
|---|---|---|
| દો કદમ હમ ભી ચલેં (પુરસ્કૃત) | મહેબૂબ દેસાઈ | 85 |
| અમેરિકા આવજે (પુરસ્કૃત) | ભગવતીકુમાર શર્મા | 200 |
| યુરોપમાં હરતાંફરતાં (પુરસ્કૃત) | પ્રતીક્ષા થાનકી | 180 |
| ઊર્મિઓના દેશમાં, વાદળના વેશમાં (પુરસ્કૃત) | રજની વ્યાસ | 30 |
| અંધારખંડની આરપાર (પુરસ્કૃત) | અરુણાબહેન ચોક્સી | 150 |
| ઉત્તરાખંડ (પુરસ્કૃત) | ચંદ્રશસહ ઠાકોર | 100 |
| ઇલાયઝા ટુ (પુરસ્કૃત) | ચંદ્રવદન મહેતા | 33 |
| પૃથ્વી-પ્રદક્ષિણા (પુરસ્કૃત) | સ્વામી સચ્ચિદાનંદ | 180 |
| યુરોપની અટારીએથી (પુરસ્કૃત) | સ્વામી સચ્ચિદાનંદ | 90 |




**ઘરથી ઘર સુધી**

**હિતેન આનંદપરા**

કિં. રૂ. 151

– વારસામાં મળેલું ઘર હોય કે પોતે બનાવેલું હોય : ઘરના ડ્રૉઇંગરૂમ, બેડરૂમ, ગેસ્ટરૂમ, માળિયું, ચિલ્ડ્રનરૂમનો પરિચય; ઘરવખરી અને ગૃહસુશોભનનો મહિમા; કન્યાવિદાય, પુત્રવધૂનું આગમન અને આતિથ્ય-સત્કાર દ્વારા ઘરનો વૈભવ ઘર વિશે અનેક, અઢળક, રસપ્રદ માહિતી પાને- પાને ઘર વિશેની શાયરી અને મલ્ટીકલર ચિત્રોની સજાવટ સહિત ભેટ આપવા જેવું પુસ્તક.

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660,
09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com
વેબસાઇટ : www.gspbooksmall.com




# COLLEGE OF DENTAL SCIENCES & RESEARCH CENTRE

**Recognized by Dental Council of India**
**Affiliated to Gujarat University**

Centre For Excellence in Teaching, Learning & Research

Oppp. Pleasuure Club, Near Bopal, Manipur,
Ta. Sanand, Ahmedabad, Gujarat.

Tel : +91 6355092242, +91 8758774700
Email : dental.lib@gmail.com

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

**શાંતિનાથ ડેકોરેટર્સ**
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

*With Best Compliments From*
**Sathwara Construction**
C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com

**INDOTEX PAINTS**
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

khadi
VEDA
Essence of Nature
HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE






મિત્રતા અને સંબંધ એવા લોકો સાથે રાખો
જેના માટે તમે શું છો કરતા તમે કેમ છો?
એ મહત્ત્વનું હોય....



'દુઃખ'ના દરવાજા પર 'સુખ'નું બોર્ડ,
એનું નામ 'સંસાર.'



સંબંધો ત્યારે નબળા પડે
જ્યારે એક-મેકને "પામવા" નીકળેલા
બે જણ એકબીજાને "માપવા" લાગે



મહેમાનગતિ દરેક જીવોની કરવાની
પરંતુ હેરાનગતિ કોઈનીયે નહીં કરવાની...

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

**1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
**850 +** શાખા
વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
**1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
**1500 +** જીપીએસ અભિમુખ ફ્લીટ
ISO **9001 : 2015** એક્રેડિટેશન
**3300 +** જોશીલા વ્યાવસાયિકો

V-TRANS
Driving Excellence

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

Other Divisions: V-Xpress | V-Logis


*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**